॥ श्री ॥

पंच प्रतिक्रमणादि सूत्र.

अर्थ सहित.

(छूटां शब्दोना अर्थ साथे.)

નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક અને લઘુસંગ્રહણી અર્થ સહિત તથા છૂટા શબ્દોના અર્થ અને છૂટા બોલો સાથે તથા પુન્યપ્રકાશનું સ્તવન, પ્રાતઃસ્મરણ, ભાવનાઓ, ચૈત્યવંદનો, સ્તવનો, નાટકના રાગનાં સ્તવનો, થોયો, સઝાયો, ગાવાનાં ગીતો, ગહુંળીઓ, હોરીયો, લાવણીઓ, જિન નવ અંગ પૂજાના દુહા, આરતિઓ અને મંગળદિવા વિગેરે ઘણી બાબતો સહિત.

સર્વે જૈનભાઇઓ અને બેહેનોના ઉપયોગ સારૂ,

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. મગનલાલ હઠીસંગ

જ્ઞાનપ્રકાશના માલેક.

અમદાવાદ.

સંવત ૧૯૬૮—સને ૧૯૧૧.

કિમ્મત રૂ ૧-૦-૦

અમદાવાદમાં.

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઇએ છાપ્યું.

આવૃત્તિ ૩ જી   પ્રત ૮૦૦

શ્રી પંચપ્રાતિક્રમણાદિ સૂત્ર.

(અર્થ સહિત.)

અનુંક્રમણિકા.

ભાગ ૧ લો.

અંક.	વિષય.	પૃષ્ટ.
૧	નવકાર...	૯
૨	પંચિંદિઅ...	૧૦
૩	ઇચ્છામિ ખમાસમણો	૧૦
૪	સુગુરૂને શાતા સુખપૃચ્છા	૧૧
૫	ઇરિયાવહિયા...	૧૧
૬	તસ્સઉત્તરી	૧૩
૭	અન્નત્થઉસસિએણં	૧૪
૮	લોગસ્સ...	૧૫
૯	સામાયિકનું પચ્ચખ્ખાણ	૧૮
૧૦	સામાયિક પારવાનું	૧૯
૧૧	મુહુપત્તિના પચાસ બોલ	૧૯
૧૨	અંગના પચીસ બોલ	૨૦
૧૩	સામાયકના બત્રીસ દોષ	૨૦
૧૪	જગચિંતામણી ચૈત્યવંદન...	૨૧
૧૫	જંકિંચિ...	૨૪
૧૬	નમુત્થુણં	૨૪
૧૭	જાવંતી ચેઇઆઇં...	૨૭

૧૮	જાવંત કેવિસાહુ	૨૭
૧૯	પરમેષ્ઠિ નમસ્કાર...	૨૮
૨૦	ઉપસર્ગહર સ્તવન...	૨૮
૨૧	જયવીઅરાય	૩૦
૨૨	અરિહંત ચેઇઆણં	૩૧
૨૩	કલ્લાણકંદં સ્તુતિ...	૩૨
૨૪	સ્નાતસ્યાની સ્તુતિ	૩૪
૨૫	સંસારદાવાની સ્તુતિ	૩૭
૨૬	પુક્ખરવરદી	૪૦
૨૭	સિદ્ધાણં બુદ્ધાણં...	૪૨
૨૮	વેયાવચ્ચગરાણં	૪૩
૨૯	દેવસિઅ પ્રતિક્રમણે ઠાઉં...	૪૪
૩૦	ઇચ્છામિ ઠામિ	૪૪
૩૧	અતિચારની આઠ ગાથા...	૪૬
૩૨	સુગુરૂ વાંદણાં	૪૯
૩૩	સાત લાખ	૫૨
૩૪	અઢાર પાપસ્થાનક	૫૩
૩૫	સવ્વસવિ દેવસિઅ	૫૩
૩૬	શ્રાવક વંદિતાસૂત્ર	૫૪
૩૭	અબ્ભુટ્ઠિઓ	૭૨
૩૮	આયરિય ઉવજ્ઝાએ	૭૩
૩૯	નમોસ્તુ વર્દ્ધમાનાય	૭૪
૪૦	વિશાલલોચન	૭૫
૪૧	સૂત્રદેવ ક્ષેત્રદેવ સ્તુતિ	૭૭
૪૨	ખિત્તદેવયાદિ સ્તુતિ	૭૭
૪૩	કમલદલ સ્તુતિ	૭૮

૪૪ ભુવણ દેવયાદિ સ્તુતિ ૭૮
૪૫ જ્ઞાનાદિ ગુણયુતાનાં ૭૮
૪૬ અઠ્ઠાઇજ્જેસુ મુનિવંદન ૭૯
૪૭ વરકનક... ... ... ૭૯
૪૮ લઘુશાંતિસ્તવ ૮૦
૪૯ ચઉક્કસાય ૮૭
૫૦ ભરહેસરની સઝાય ૮૮
૫૧ મન્હજિણાણંની સઝાય ૯૨
૫૨ તીર્થવંદના ૯૩
૫૩ સકલાર્હત ૯૪
૫૪ શ્રાવકપાક્ષિકાદિ વિસ્તારાતિચાર ૧૦૫
૫૫ અજિતશાંતિ સ્તવન ૧૧૭
૫૬ બૃહચ્છાંતિ સ્તવ... ... ... ૧૩૮
૫૭ પ્રભાતનાં પચ્ચખ્ખાણ. ... ... ૧૪૭ થી ૧૫૩
૧ નમુક્કાર સહિઅંનું ૧૪૭
૨ નમુક્કાર સહિઅં મુટ્ઠસહિઅંનું... ... ... ૧૪૮
૩ પોરિસિ સાઢ્ઢપોરિસિનું... ... ... ૧૪૮
૪ પુરિમઢ્ઢ અવઢ્ઢનું ૧૪૯
૫ વિગઇ નિવિગઇનું ૧૪૯
૬ બેસણા તથા એકાસણાનું ૧૫૦
૭ આયંબિલનું... ... ... ૧૫૧
૮ ચઉવિહાર ઉપવાસનું ૧૫૧
૯ તિવિહાર ઉપવાસનું ૧૫૨
૧૦ ચઉથ્થ છઠ્ઠભત્તાદિકનું ૧૫૨
૧૧ ગંઠસહિઅં આદિ અભિગ્રહોનું ૧૫૩
૧૨ ચૌદ નિયમ ધારનારને દેશાવગાસિકનું... ... ૧૫૩
૧૩ ચૌદ નિયમ ધારવાની ગાથા... ... ... ૧૫૩

૫૮ સાંજનાં પચ્ચખ્ખાણ. ... ... ૧૫૩ થી ૧૫૫
૧ પાણહારનું ૧૫૩
૨ ચઉવિહારનું ૧૫૪
૩ તિવિહારનું ૧૫૪
૪ દુવિહારનું ૧૫૪
૫ પચ્ચખ્ખાણના આગારની ગાથા ૧૫૪
૬ છ પ્રકારે પચ્ચખ્ખાણ શુદ્ધ થાય છે તે. ... ૧૫૫
૫૯ સામાયિક લેવાનો વિધિ... ... ... ૧૫૫
૬૦ સામાયિક પારવાનો વિધિ... ... ... ૧૫૬
૬૧ પડિલેહણ કરવાનો વિધિ... ... ... ૧૫૬
૬૨ દેવ વાંદવાનો વિધિ ૧૫૭
૬૩ પચ્ચખ્ખાણ પારવાનો વિધિ ૧૫૭
૬૪ દેવસિ પ્રતિક્રમણનો વિધિ ૧૫૮
૬૫ રાઇ પ્રતિક્રમણનો વિધિ ૧૬૦
૬૬ પખ્ખિ પ્રતિક્રમણનો વિધિ ૧૬૨
૬૭ ચઉમાસી પ્રતિક્રમણનો વિધિ ૧૬૪
૬૮ સંવચ્છરી પ્રતિક્રમણનો વિધિ ૧૬૪
૬૯ પોસહ લેવાનો વિધિ ૧૬૫

ભાગ ૨ જો.

૭૦ સંતિકરં ત્રીજું સ્મરણ (અર્થ સહિત) ૧૬૮
૭૧ તિજયપહુત ચોથું સ્મરણ (અર્થ સહિત)... ... ૧૭૧
૭૨ નમિઊણનામક પાંચમું સ્મરણ (અર્થ સહિત) ... ૧૭૪
૭૩ ભક્તામરસ્તોત્ર સાતમું સ્મરણ (અર્થ સહિત) ... ૧૮૦
૭૪ કલ્યાણમંદિરસ્તોત્ર આઠમું સ્મરણ (અર્થ સહિત) ૧૯૩
૭૫ જીવવિચાર મૂળ તથા અર્થ અને શબ્દાર્થ સહિત ... ૨૦૯
૭૬ નવતત્વ મૂળ તથા અર્થ અને શબ્દાર્થ સહિત ... ૨૩૨

૭૭ દંડક મૂળ, તથા અર્થ અને શબ્દાર્થ સહિત ... ૨૬૨
૭૮ લઘુસંગ્રહણી મૂળ, તથા અર્થ અને શબ્દાર્થ સહિત ૨૮૨
૭૯ જીવવિચારના છૂટા બોલ ૨૯૪
૮૦ નવતત્ત્વના છૂટા બોલ ૩૦૪
૮૧ શ્રાવક દીનકૃત્ય ૩૩૦
૮૨ માર્ગાનુસારીના ૩૫ બોલ... ... ... ૩૩૨

ભાગ ૩ જો.

૮૩ સ્તુતિઓ ૩૩૫
૮૪ ભાવનાઓ... ... ... ૩૩૭
૮૫ પ્રાત: સ્મરણ ... ... ૩૩૯ થી ૩૪૪
૧ પ્રભાત સમયે મંગળાચરણ ૩૩૯
૨ ગૌતમ ગુરૂની વિનતી... ... ... ૩૪૦
૩ સોલ સતીઓનો છંદ... ... ... ૩૪૦
૪ શ્રી અરિહંત સ્તુતિ ૩૪૧
૫ શ્રી ગૌતમસ્વામીનો લઘુ રાસ... ... ... ૩૪૧
૬ પ્રભાતીયાં ૫ ... ... ૩૪૨
૭ શ્રી સીમંદિરસ્વામીનું સ્તવન... ... ... ૩૪૪
૮૬ ચૈત્યવંદનો ૧૫ ... ... ૩૪૫ થી ૩૪૯
૮૭ ગ્રન્થ પ્રકાશનું સ્તવન. ૩૫૦
૮૮ શ્રી ઋષભદેવનું સ્તવન ૩૫૭
૮૯ શ્રી શાંતીનાથનું સ્તવન ૩૫૮
૯૦ શ્રી રિષભજિન સ્તવન ૩૫૮
૯૧ શ્રી મહાવીરસ્વામીનું સ્તવન ૩૫૯
૯૨ શ્રી પાર્શ્વનાથનું સ્તવન ૩૬૦
૯૩ શ્રી પંચતિર્થનું સ્તવન ૩૬૦
૯૪ શ્રી અનંતજિન સ્તવન ૩૬૧

૯૫	શ્રી પાર્શ્વનાથનું સ્તવન	૩૬૨
૯૬	શ્રી આદિનાથનું સ્તવન.	૩૬૨
૯૭	શ્રી વાસુપૂજ્યસ્વામીનું સ્તવન	૩૬૩
૯૮	શ્રી વીરજિન સ્તવન	૩૬૩
૯૯	શ્રી પજુષણનું સ્તવન	૩૬૪
૧૦૦	શ્રી સિદ્ધભગવાનનું સ્તવન	૩૬૫
૧૦૧	શ્રી બાહુજિનનું સ્તવન	૩૬૫
૧૦૨	શ્રી સીમંધિરસ્વામીનું સ્તવન	૩૬૫
૧૦૩	શ્રી સિદ્ધાચળનાં સ્તવનો ૩	૩૬૬ થી ૩૬૭
૧૦૪	શ્રી મહાવીરસ્વામિનાં સ્તવનો ૨	૩૬૮
૧૦૫	નાટકના રાગનાં સ્તવનો...	૩૬૯ થી ૩૭૩
૧૦૬	પરચુરણ ઢાળીયાં...	૩૭૩ થી ૩૭૪
૧૦૭	થોયો...	૩૭૫ થી ૩૭૯
૧૦૮	સઝાયો...	૩૭૯ થી ૩૮૧
૧૦૯	ગાવાનાં ગીતો.	૩૮૧ થી ૩૮૫
૧૧૦	મહાવીરસ્વામીનું પારણું...	૩૮૫
૧૧૧	ગહુળીઓ...	૩૮૭ થી ૩૯૨
૧૧૨	વસંત...	૩૯૨
૧૧૩	હોરીયો...	૩૯૩ થી ૩૯૪
૧૧૪	લાવણીઓ	૩૯૪ થી ૩૯૭
૧૧૫	જિન નવ અંગ પૂજાના દુહા	૩૯૮
૧૧૬	આરતિઓ...	...૩૯૮ થી ૩૯૯
૧૧૭	મંગળદીવો	૪૦૦
૧૧૮	મંગળચાર	૪૦૦
૧૧૯	ઓચ્છવ	૪૦૧

॥ ॐ श्री पार्श्वनाथाय नमः ॥

॥ अथ श्री ॥

॥ पंच प्रतिक्रमणादि सूत्र. ॥

(अर्थ सहित.)

ભાગ ૧ લો.

અથ નવકારમંત્ર.

નમો=નમસ્કાર થાઓ
અરિહંતાણં=અરિહંતોને
સિદ્ધાણં=સિદ્ધોને
આયરિઆણં=આચાર્યોને
ઉવજ્ઝાયાણં=ઉપાધ્યાયોને
લોએ=લોકને વિષે
સવ્વ=સર્વ
સાહૂણં=સાધુઓને
એસો=આ, એ
પંચ=પાંચ
નમુક્કારો=નમસ્કાર
પાવ=પાપ
પ્પણાસણો=નાશ કરનાર
મંગલાણં=માંગલિકોમાં
સવ્વેસિં=સર્વમાં
પઢમં=પેહેલું
હવઇ=છે, થાય છે

નમો અરિહંતાણં—અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ.

નમો સિદ્ધાણં—સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ.

નમો આયરિયાણં—આચાર્ય ભગવાનને નમસ્કાર થાઓ.

નમો ઉવજ્ઝાયાણં—ઉપાધ્યાયજીને નમસ્કાર થાઓ.

નમો લોએ સવ્વ સાહૂણં—લોકને વિષે (રહેલા) સર્વ સાધુઓને મારો નમસ્કાર થાઓ.

એસો પંચ નમુક્કારો—એ (ઉપર કહેલા) પાંચ નમસ્કાર.

સવ્વ પાવપ્પણાસણો—સર્વ પાપનો નાશ કરનાર છે.

મંગલાણં ચ સવ્વેસિં—સર્વ મંગલિકોને વિષે.

પઢમં હવઇ મંગલં—પેહેલું મંગલ છે.

અથ પંચિંદિઅ.

ઇંદિય=ઇંદ્રિયો*
સંવરણો=રોકનાર
તહ=તથા
નવ=નવ
વિહ=વિધ, પ્રકાર
બંભચેર=બ્રહ્મચર્ય, શિયળવ્રત
ગુત્તિ=ગુપ્તિ
ધરો=ધારણ કરનાર

ચઉ=ચાર
કસાય=[1]કષાય
મુક્કો=મુક્ત, મુકાણા.
ઇઅ=એ
અઠ્ઠારસ=અઢાર
ગુણેહિં=ગુણોએ (વડે)
સંજુત્તો=યુક્ત, સહિત
મહવ્વય=[2]મહાવ્રત
જુત્તો=યુક્ત, સહિત

આયાર=[3]આચાર
પાલણ=પાલવાને
સમત્થો=સમર્થ
સમિઓ=[4]સમિતિ
તિ=ત્રણ
ગુત્તો=[5]ગુપ્તિવાળો
છત્તીસ=છત્રીસ
ગુણો=ગુણવાળા
ગુરૂ=ગુરૂ
મજ્જ=મારા

પંચિંદિય સંવરણો—પાંચ ઇંદ્રિયો(ના વિકાર)ને રોકનાર

તહનવવિહ બંભચેર ગુત્તિ ધરો—તથા નવ પ્રકારની શિયલવ્રતની ગુપ્તિને ધારણ કરનાર.

ચઉવિહ કસાય મુક્કો—ચાર પ્રકારના કષાયથી છુટા.

ઇઅ અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો ॥ ૧ ॥—એ અઢાર ગુણે (કરીને) સહિત.

પંચ મહવ્વય જુત્તો—પાંચ મહાવ્રતે કરીને યુક્ત.

પંચ વિહાયાર પાલણ સમત્થો—પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ.

પંચ સમિઓ તિ ગુત્તો—પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા.

છત્તીસ ગુણો ગુરૂ મજ્જ ॥ ૨ ॥—એ છત્રીસ ગુણવાળા મ્હારા ગુરૂ છે.

* સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત. ૧ ક્રોધ, માન, માયા, લોભ. ૨ (૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ, (૩) અદત્તાદાન વિરમણ, (૪) મૈથુન વિરમણ, (૫) પરિગ્રહ વિરમણ. ૩ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વિર્યાચાર, ૪ ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્ત નિખેવણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ. ૫ મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ.

અથ ખમાસમણ.

ઇચ્છામિ=(હું) ઇચ્છુછું	વંદિઉં=વાંદવાને	નિસીહિઆએ=પાપરહિત શરીરવડે
ખમા=ક્ષમાવંત	જાવણિજ્જાએ=શક્તિ સહિત	મથ્થએણ=મસ્તકવડે
સમણો=સાધુ		વંદામિ=વાંદુ છું

ઇચ્છામિ ખમાસણો—ક્ષમાદિક ગુણે કરી સહિત એવા હે સાધુજી ! હું ઇચ્છું છું.

વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ—શક્તિસહિત, એવા પાપરહિત શરીરવડે વાંદવાને.

મથ્થએણ વંદામિ—મસ્તકવડે વાંદુ છું.

અથ સુગુરૂને સુખશાતા પૃચ્છા.

ઇચ્છકાર=ઇચ્છાએકરી (ઇચ્છા કરૂં છું)	શરીર=શરીર	નિર્વહોછોજી=નિભાવોછોજી
સુહ=સુખે	નિરાબાધ=રાગરહિતપણું	શાતા=સુખ
રાઇ=રાત્રિ	સંજમ=ચારિત્ર	ભાતપાણી=આહારપાણી
દેવસિ=દિવસ	જાત્રા=યાત્રા (સંજમરૂપ)	
તપ=તપ		

ઇચ્છકાર, સુહરાઇ, સુહદેવસિ—ઇચ્છાએ કરી સુખે રાત્રિ સુખે દિવસ.
સુખતપ, શરીર નિરાબાધ—સુખે કરીને તપમાં શરીરે રોગરહિતપણામાં.
સુખસંજમજાત્રા નિર્વહોછોજી—સુખે કરીને સંયમરૂપ યાત્રામાં પ્રવર્ત્તોછોજી.
સ્વામી શાતા છેજી, ભાત પાણીનો લાભ દેજોજી.

અથ ઇરિયાવહિયં.

ઇચ્છાકારેણ=ઇચ્છાએ કરી	સંદિસહ=આદેશઆપો	ઇરિયાવહિયં=રસ્તે ચાલતાં લાગેલા પાપથી
	ભગવન=હે ભગવંત	

પડિક્કમામિ=પ્રતિક્રમું છું પાછો વળું છું
ઇચ્છં=પ્રમાણ
ઇચ્છામિ=ઇચ્છું છું
પડિક્કમિઉં=પડિક્કમવાને છોડવાને
ઇરિયાવહિયાએ=માર્ગમાં ચાલતાં
વિરાહણાએ=વિરાધનાથી
ગમણાગમણે=જતાં આવતાં
પાણ=પ્રાણ, જીવ
ક્કમણે=ચાંપવે
બીય=બીજ
હરિય=લીલી વનસ્પતિ
ઓસા=ઠાર
ઉત્તિંગ=કીડીઆરૂં
પણગ=સેવાલ પાંચવર્ણની
દગ=પાણી
મટ્ટી=માટી
દગમટ્ટી=કાદવ
મક્કડા=કરોલીયા
સંતાણા=જાલ
સંકમણે=ચાંપ્યાથી
જે=જે
મે=મે
જીવા=જીવ
વિરાહિયા=વિરાધ્યા હોય
એગિંદિયા=એક ઇંદ્રિવાળા
બેઇંદિયા=બે ઇંદ્રિવાળા
તેઇંદિયા=ત્રણઇંદ્રિવાળા
ચઉરિંદિયા=ચારઇંદ્રિવાળા
પંચિંદિયા=પાંચ ઇંદ્રિવાળા
અભિહયા=સામાઆવતા હણ્યા હોય
વત્તિયા=ધુળવડે ઢાંકયા
લેસિયા=ભોંયસાથેઘસ્યા
સંઘાઇયા=શરીરે શરીર મેળવ્યાં
સંઘટ્ટિયા=પીડા કરી
પરિયાવિયા=દુઃખી કર્યા
કિલામિયા=થકવ્યા
ઉદ્દવિયા=ભય પમાડયા
ઠાણાઓ=એક ઠેકાણેથી
ઠાણં=બીજે ઠેકાણે
સંકામિયા=મુકયા
જીવિયાઓ=જીવિતથી, આવખાથી
વવરોવિયા=ચુકાવ્યા
તસ્સ=તેનું
મિચ્છામિ=મારે મિથ્યા
દુક્કડં=પાપ

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્—ઇચ્છાએ કરી હે ભગવંત ! આદેશ આપો.

ઇરિયાવહિયં પડિક્કમામિ—માર્ગમાં ચાલતાં જે પાપ થયું હોય તેથી પડિક્કમું છું (પાછો વળું છું) ત્યારે ગુરૂ કહે કે પડિક્કમહ.

ઇચ્છં ઇચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥—(શિષ્ય કહે) પ્રમાણ. પડિક્કમવાને ઇચ્છુ છું.

ઇરિયાવહિઆએ વિરાહણાએ ॥ ૨ ॥—રસ્તે ચાલતાં જે જીવની વિરાધના થઇ હોય તે.

ગમણાગમણે ॥ ૩ ॥—જતાં આવતાં.

પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે—(ત્રસજીવ) જીવ ચાંપવે, બીજ ચાંપવે, લીલી વનસ્પતિ ચાંપવે કરી.

ઓસા ઉત્તિંગ—ઠારનું પાણી તથા કીડીઆરૂં.

પણગ દગ—પાંચ વર્ણની સેવાલ, કાચું પાણી.

મટ્ટીમક્કડા સંતાણા સંકમણે ॥ ૪ ॥—માટી કરોળીઆની જાળ (એ સર્વે ચાંપવાથી).

જે મે જીવા વિરાહિયા ॥ ૫ ॥—જે કોઇ જીવો મેં વિરાધ્યા હોય.

એગિંદિયા—એક ઇંદ્રિવાળા એટલે પૃથ્વિ, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ.

બેઇંદિયા—બે ઇંદ્રિવાળા (શંખ, કીડા, અળસીયાં, પોરા વગેરે).

તેઇંદિયા—ત્રણ ઇંદ્રિવાળા (માકણ, જુ, કીડી, કંથુઆ વગેરે).

ચઉરિંદિયા—ચાર ઇંદ્રિવાળા (વીંછી, ભમરા, માખી વગેરે).

પંચિંદિયા ॥ ૬ ॥—પાંચ ઇંદ્રિવાળા (મનુષ્ય તિર્યંચ વગેરે).

અભિહયા—સામા આવતા હણ્યા હોય.

વત્તિયા—ધૂળે કરી ઢાંક્યા હોય.

લેસિયા—ભૂમિ સાથે અથવા ભીંત સાથે ઘસ્યા.

સંઘાઇયા—શરીરે શરીર મેળવ્યાં.

સંઘટ્ટિયા—પીડા કરી.

પરિયાવિયા—પરિતાપ ઉપજાવ્યો.

કિલામિયા—થકવીને મૂડદાલ કીધા.

ઉદ્દવિયા—ત્રાસ પમાડ્યા.

ઠાણાઓઠાણં સંકામિયા—એક ઠેકાણેથી બીજે ઠેકાણે મૂક્યા.

જીવિયાઓ વવરોવિયા—આવખાથકી ચુકાવ્યા (માર્યા).

તસ્સમિચ્છામિ દુક્કડં ॥ ૭ ॥—તે (મારાં પાપ) મિથ્યા થાઓ.

અથ તસ્સ ઉત્તરી.

ઉત્તરી=વિશેષે શુદ્ધ
કરણેણં=કરવે
પાયચ્છિત્ત=આલોયણનું તપ
વિસોહી=વિશેષે શુદ્ધ
વિસલ્લી=શલ્યરહિત

પાવાણં=પાપોનું	નિગ્ઘાયણ=ટાળવાને	ઠામિ=રહું છું
કમ્માણં=કર્મોનું	અટ્ઠાએ=અર્થે	કાઉસ્સગ્ગં=કાઉસ્સગ-મા

તસ્સ ઉત્તરી કરણેણં—તે પાપને વિશેષે શુદ્ધ કરવાને.

પાયચ્છિત્ત કરણેણં—તે પાપને છેદ કરવાને.

વિસોહી કરણેણં—આત્માને વધારે શોધવે કરીને.

વિસલ્લી કરણેણં—આત્માને માયા, નિયાણ અને મિથ્યાત્વ એ ત્રણ શલ્યરહિત કરવાને.

પાવાણં કમ્માણં—પાપોને તથા કર્મોને.

નિગ્ઘાયણ ટ્ઠાએ—ટાળવાને અર્થે.

ઠામિકાઉસ્સગ્ગં—કાઉસ્સગ્ગમાં રહું છું.

અન્નત્થ ઉસસિએણં.

અન્નત્થ=અન્યત્ર, બીજે ઠેકાણે	પિત્તમુચ્છાએ=પીતના ઉછાળાએ	કાઉસ્સગ્ગો=કાઉસ્સગ્ગ
		જાવ=જ્યાં સુધી
ઉસસિએણં=ઉંચા શ્વાસ વડે	સહુમેહિં=સુક્ષ્મ રીતે	અરિહંતાણં-અરિહંતોને
	અંગ=શરીર	ભગવંતાણં=ભગવંતોને
નીસસિએણં=નીચા શ્વાસ વડે	સંચાલેહિં=સંચારવડે	નમુક્કારેણં=નમસ્કારવડે
	ખેલ=કફ, થુંક	ન=ન
ખાસિએણં=ખાંસીવડે,	દિટ્ઠિ=દ્રષ્ટિ	પારેમિ=પારૂં
ઉધરસ વડે	એવં=એ પ્રકારે	તાવ=ત્યાંસુધી
છીએણં=છીંક વડે	એ:એહિં-ઇત્યાદિભેદને	કાયં=કાયાને
જંભાઇએણં=બગાસા વડે	આગારેહિં-આગારોવડે	ઠાણેણં=સ્થાનકવડે
	અભગ્ગો=અખંડિત	મોણેણં=મૌનવડે
ઉડ્ડુએણં=ઓડકાર વડે	અવિરાહિઓ=અવિરાધિત	ઝાણેણં=ધ્યાનવડે
વાયનિસગ્ગેણં=વાસરવા વડે		અપ્પાણં=મારી કાયાને
	હુજ્જ=હોજો	વોસિરામિ=વોસિરાવું છું, તજુ છું.
ભમલિએ=તમર આવે	મે=મારો	

અન્નત્થ—(નિચે જે આગારો કહેવાશે તે શિવાય) બીજે ઠેકાણે.
ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં—ઉંચો શ્વાસ લેવે, નીચો શ્વાસ મુકવે, ઉધરસવડે, છીંક આવે.
જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં—બગાસુ આવે, ઓડકાર આવે, વાસરવે કરીને.

ભમલિએ પિત્તમુચ્છાએ ॥ ૧ ॥—તમર આવે, પીતના ઉછાળે કરી.
સુહુમેહિં અંગસંચાલેહિં—સૂક્ષ્મરીતે શરીર હાલવે કરી.
સુહુમેહિં ખેલસંચાલેહિં—સૂક્ષ્મ રીતે કફ તથા થુંક ગળવે કરી.
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥ ૨ ॥—સૂક્ષ્મ રીતે દ્રષ્ટિ સંચારવે કરી.
એવમાઇએહિં આગારેહિં—એ પ્રકારે બીજા પણ આગારોવડે મારો કાઉસ્સગ્ગ.
અભગ્ગો અવિરાહિઓ—અખંડિત અને અવિરાવિત (સંપૂર્ણ).
હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥—મારો કાઉસ્સગ્ગ હોજો.
જાવ અરિહંતાણં ભગવંતાણં—જ્યાં સુધી અરિહંત ભગવંતને.
નમુક્કારેણં ન પારેમિ ॥ ૪ ॥—નમસ્કારવડે ન પારૂં.
તાવકાયં—ત્યાંસુધી કાયાને.
ઠાણેણં, મોણેણં, ઝાણેણં—સ્થાનકવડે મૌનવડે, અને ધ્યાનવડે.
અપ્પાણં વોસિરામિ—મારી કાયાને વોસિરાવું છું

અથ લોગસ્સ.

લોગસ્સ=લોકને	કિત્તઇસ્સં=સ્તુતિ કરીશ	વંદે=વાંદુ છું
ઉજ્જોઅગરે=ઉદ્યોત કરનાર	ચઉવીસંપિ=ચોવીશે પણ	સંભવં=સંભવનાથને
ધમ્મતિત્થયરે=ધર્મતીર્થના કરનાર	કેવલી=કેવળજ્ઞાની	અભિણંદણં=અભિનંદન સ્વામીને
જીણે=રાગ દ્વેષ જીતનાર	ઉસભ=ઋષભદેવને	સુમઇં=સુમતિનાથને
અરિહંતે=અરિહંતની	અજિઅં-અજિતનાથને	પઉમપ્પહં=પદ્મપ્રભુને
	ચ=વળી	સુપાસં=સુપાર્શ્વનાથને

જિણં=જિનેશ્વરને
ચંદપ્પહં=ચંદ્રપ્રભુને
વંદે=વાંદુ છું
સુવિહિં=સુવિધિનાથને
પુપ્ફદંતં=પુષ્પદંતને
સિઅલ=શીતલનાથને
સિજ્જંસ=શ્રેયાંસનાથને
વાસુપૂજ્જં=વાસુપૂજ્યને
વિમલં=વિમલનાથને
અણંતં=અનંતનાથને
ધમ્મં=ધર્મનાથને
સંતિં ચ=શાંતિનાથને
વંદામિ=વાંદુ છું
કુંથુ=કુંથુનાથને
અરં=અરનાથને
મલ્લિં=મલ્લિનાથને
મુણિસુવ્વયં=મુનિસુવ્રત સ્વામીને
નમિજિણં=નમિજિનને.
રિટ્ઠનેમિં=અરિષ્ટનેમિને (નેમનાથને)
પાસં=પાર્શ્વનાથને
તહ=તેમજ

વદ્ધમાણં=વર્ધમાનસ્વામીને (મહાવીરસ્વામીને)
એવં=એ પ્રકારે
મએ=મ્હારે જીવે
અભિથુઆ=સ્તવ્યા
વિહુય=ટાળ્યા
રય=રજ
મલા=મેલ
પહીણ=અતિશયે ક્ષય કર્યા છે
જર=જરા, ઘડપણ
મરણા=મરણ
જિણવરા=જિનવરો
તિત્થયરા=તીર્થંકરો
મે=મ્હારા ઉપર
પસિયંતુ=પ્રસન્ન થાઓ
કિત્તિય=સ્તવ્યા
વંદિય=વાંદ્યા
મહિયા=પૂજ્યા
જે=જે
એ=એ
ઉત્તમા=ઉત્તમ
સિદ્ધા=સિદ્ધ થયા

આરૂગ્ગ=રોગરહિતપણું
બોહિ=બોધીબીજ (સમકિત)
લાભં=લાભ
સમાહિ=સમાધિ (ચિત્તની સ્થિરતા)
વર=પ્રધાન, શ્રેષ્ઠ
ઉતમં=ઉત્તમ
ચંદેસુ=ચંદ્રથકી
નિમ્મલયરા=ઘણા નિર્મળ
આઇચ્ચેસુ=આદિત્યથી (સૂરજથી)
અહિયં=અધિક, વધારે
પયાસયરા=પ્રકાશ કરનાર
સાગર=સમુદ્ર
વર=પેઠે
ગંભીરા=ગંભીર
સિદ્ધા=સિદ્ધો
સિદ્ધિં=મુક્તિ
મમ=મને
દિસંતુ=આપો

લોગસ્સ ઉજ્જોઅગરે—લોકને વિષે ઉદ્યોત કરનાર (કેવળજ્ઞાનવડે અજવાળુ કરનાર).

ધમ્મતિત્થયરે જિણે—ધર્મ તીર્થના કરનાર અને રાગ દ્વેષ જીતનારા છે એવા

અરિહંતે કિત્તઇસ્સં—અરિહંતની હું સ્તુતિ કરીશ.

ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥—એ ચોવીસે કેવળજ્ઞાન પામેલા છે તેમને તથા બીજા પણ તીર્થંકરોને.

ઉસભમજિઅં ચ વંદે—ઋષભદેવ, તથા શ્રી અજિતનાથને વાંદુ છું.

સંભવમભિણંદણં ચ સુમઇં ચ—સંભવનાથ તથા અભિનંદનસ્વામી. તથા સુમતિનાથ પ્રત્યે. વળી.

પઉમપ્પહં સુપાસં—પદ્મપ્રભુ તથા સુપાર્શ્વનાથ પ્રત્યે.

જિણંચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥—રાગદ્વેષના જીતનાર એવા ચંદ્રપ્રભુને વાંદું છું.

સુવિહિંચ પુપ્ફદંતં—સુવિધિનાથ અથવા પુષ્પદંતને (એ બે નામ નવમાનાં છે).

સિઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ—શ્રી શીતલનાથ, શ્રેયાંસનાથ તથા વાસુપુજ્યસ્વામી પ્રત્યે. વળી

વિમલમણંતં ચ જિણં—વિમલનાથ તથા અનંતનાથ. જે કર્મશત્રુ જીતનાર છે.

ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥—ધર્મનાથ તથા શાંતિનાથને વાદું છું.

કુંથું અરં ચ મલ્લિં—કુંથુનાથ, અરનાથ તથા મલ્લિનાથને.

વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ—મુનિસુવ્રતસ્વામીને તથા નમિનાથને વાંદું છું.

વંદામિ રિટ્ઠનેમિં—અરિષ્ટનેમિને વાંદું છું.

પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥—પાર્શ્વનાથને તેમજ વર્દ્ધમાનસ્વામીને.

એવં મએ અભિથુઆ—એ પ્રકારે મ્હારે જીવે સ્તવ્યા.

વિહુય રયમલા પહીણ જર મરણા—(એ તીર્થંકરો કેવા છે? તો કે) જેમણે કર્મરૂપ રજ અને મેલ ટાળ્યા છે તથા જેણે ઘડપણ તથા મરણ ક્ષય કર્યાં છે એવા.

ચઉવીસંપિજિણવરા—ચોવીસે જિનવરો (તથા બીજા પણ જિનવરો).

તિત્થયરા મે પસિયંતુ ॥ ૫ ॥—તિર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.

કિત્તિય વંદિય મહિયા—સ્તવવા, વાંદવા અને પૂજવા યોગ્ય.

જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા—એવા જે લોકને વિશે ઉત્તમ સિદ્ધ થયા છે તે.

આરૂગ્ગ બોહિલાભં—જેથી રોગરહિત પણું (મોક્ષ) થાય એવા સમકિત (બોધીબીજ) નો લાભ થવાને.

સમાહિ વર મુત્તમં દિંતુ ॥ ૬ ॥—ઉત્તમ અને પ્રધાન એવી સમાધી (ચિત્તની સ્થિરતા) આપો.

ચંદેસુ નિમ્મલયરા—ચંદ્રથી વધારે નિર્મળ.

આઇચ્ચેસુ અહિયં પયાસયરા—સૂર્યથી વધારે પ્રકાશ કરનાર.

સાગર વર ગંભીરા—સમુદ્રની પેઠે ગંભીર.

સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ—એવા હે સિદ્ધો મને સિદ્ધિ આપો.

અથ કરેમિભંતે.

કરેમિ=કરૂં છું	કરૂં છું	મણેણં=મને કરી
ભંતે=હે ભગવંત	જાવ=જ્યાં સુધી	વાયાએ=વચને કરી
સામાઇયં=સામાયિક	નિયમં=નિયમને	કાયેણં=કાયાએ કરીને
સાવજ્જં=સાવદ્ય પાપવાળા	પજ્જુવાસામિ=સેવું	કારવેમિ=કરાવું
જોગં=યોગને, વેપારને	દુવિહં=બે પ્રકારે	નિંદામિ=નિંદુ છું
પચ્ચક્ખામિ=ત્યાગ	તિવિહેણં=ત્રણ પ્રકારે કરી	ગરિહામિ=ગુરૂની સાખે ગર્હું છું.

કરેમિભંતે સામાઇયં—હે ભગવંત સામાયિક કરૂં છું.

સાવજ્જં જોગં પચ્ચક્ખામિ—સાવદ્ય (પાપ સહિત) વેપારને ત્યાગ કરૂં છું (ક્યાં સુધી).

જાવ નિયમં પજ્જુવાસામિ—જ્યાં સુધી (સામાયક વ્રતના) નિયમને સેવું (ત્યાં સુધી).

દુવિહં તિવિહેણં—બે પ્રકારે (કરવા, કરાવવા રૂપ) ત્રણ પ્રકારે (તે).

મણેણં વાયાએ કાયેણં—મન, વચન અને કાયાએ કરી.

ન કરેમિ ન કારવેમિ—ન કરૂં તથા ન કરાવું.

તસ્સભંતે પડિક્કમામિ—તે (સાવદ્ય પાપને) હે ભગવંત! હું પડિક્કમું છું.

નિંદામિ, ગરિહામિ—નિંદુ છું, ગુરૂ સાખે ગર્હું છું. વળી

અપ્પાણં વોસિરામિ—તેથી મારી કાયાને વોસિરાવુંછું (તજુ છું).

અથ સામાઇય વયજુત્તો.

સામાઇય=સામાયક	જત્તિઆ=જેટલી	સાવઓ=શ્રાવક
મણો=મન	વારા=વાર	જમ્હા=જે માટે
હોઇ=હોય	સામાઇઅંમિ=સામાયકમાં	એએણ=એ, એણે
નિયમ=નિયમ	ઉ=તો	કારણેણં=કારણે કરીને
છિન્નઇ=છેદે	કએ=કર્યે	બહુસો=ઘણીવાર
અસુહં=અશુભ, માઠાં	ઇવ=પેઠે, સમાન	કુજ્જા=કરે, કરવું જોઇએ
કમ્મં=કર્મને		

સામાઇય વયજુત્તો—સામાયિકવ્રત યુક્ત.
જાવમણો હોઇ નિયમ સંજુત્તો—જ્યાં લગી મન નિયમેસહિત હોય (ત્યાં સુધી)
છિન્નઇ અસુહં કમ્મં—અશુભ કર્મને છેદે.
સામાઇઅ જત્તિઆવારા ॥ ૧ ॥—જેટલીવાર સામાયક કરે તેટલીવાર.
સામાઇયંમિઉકએ—(જે માટે) સામાયક કરતી વખત.
સમણોઇવ સાવઓ હવઇ જમ્હા—શ્રાવક સાધુની પેરે (સમાન) હોય.
એએણ કારણેણં—એ કારણે કરીને.
બહુસો સામાઇઅં કુજ્જા—ઘણીવાર સામાયક કરવાં જોઇએ.

સામાયક વિધિં લીધું, વિધિં પારિઉં, વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાયેં કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. દસ મનના, દસ વચનના, બાર કાયાના, એવં બત્રીસ દોષમાં જે કાંઇ દોષ લાગ્યો હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

મુહુપત્તિના પચીસ બોલ.

(૧) સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહુ. (૨) સમકિત મોહની, (૩) મિશ્રમોહની, (૪) મિથ્યાત્વમોહની પરિહરૂં. (૫) કામરાગ, (૬)

સ્નેહરાગ, (૭) દ્રષ્ટિરાગ પરિહરૂં. (૮) સુદેવ, (૯) સુગુરૂ, (૧૦) સુધર્મ આદરૂં. (૧૧) કુદેવ, (૧૨) કુગુરૂ, (૧૩) કુધર્મ પરિહરૂં. (૧૪) જ્ઞાન, (૧૫) દર્શન, (૧૬) ચારિત્ર આદરૂં. (૧૭) જ્ઞાન વિરાધના, (૧૮) દર્શન વિરાધના, (૧૯) ચારિત્ર વિરાધના પરિહરૂં. (૨૦) મન ગુપ્તિ, (૨૧) વચનગુપ્તિ, (૨૨) કાયગુપ્તિ આદરૂં. (૨૩) મનદંડ, (૨૪) વચનદંડ, (૨૫) કાયદંડ પરિહરૂં.

અંગના પચીસ બોલ.

(૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ પરિહરૂં. ડાબે હાથે પડિલેહવા. (૪) ભય, (૫) સોગ, (૬) દુગંછા પરિહરૂં. જમણે હાથે. (૭) કૃષ્ણલેશ્યા, (૮) નીલલેશ્યા, (૯) કાપોતલેશ્યા પરિહરૂં. માથા ઉપર. (૧૦) રસગારવ, (૧૧) રિદ્ધિગારવ, (૧૨) શાતાગારવ પરિહરૂં. મોઢે. (૧૩) માયાશલ્ય, (૧૪) નિયાણશલ્ય, (૧૫) મિથ્યાત્વશલ્ય પરિહરૂં. છાતીએ. (૧૬) ક્રોધ, (૧૭) માન પરિહરૂં. પુંઠ ડાબે ખભે. (૧૮) માયા, (૧૯) લોભ પરિહરૂં. પુંઠે જમણે ખભે. (૨૦) પૃથ્વિકાય, (૨૧) અપકાય, (૨૨) તેઉકાયની જયણા કરૂં. ડાબે પગે. (૨૩) વાઉકાય, (૨૪) વનસ્પતિકાય, (૨૫) ત્રસકાયની રક્ષા કરૂં. જમણે પગે.

ઉપર કહેલા પચાસ બોલ સાધુ તથા શ્રાવકને કહેવાના છે, અને ૩ લેશ્યા, ૩ શલ્ય, ૪ કષાય. એ દસ શિવાયના ૪૦ બોલ સાધ્વિ અને શ્રાવિકાએ કહેવા.

સામાયકના બત્રીશ દોષ.

મનના દસ દોષ.

(૧) વેરી દેખી રીસ કરે, (૨) અવિવેક ચિંતવે, (૩) અર્થ ન ચિંતવે, (૪) મનમાં ઉદ્વેગ ધરે, (૫) યશની વાંછા ધરે, (૬)

વિનય ન કરે, (૭) ભય ચિંતવે, (૮) વ્યાપાર ચિંતવે, (૯) ફળ-નો સંદેહ રાખે, (૧૦) નિયાણું કરે.

વચનના દસ દોષ.

(૧) કુવચન બોલે, (૨) હુંકારા કરે, (૩) પાપ આદેશ દીએ, (૪) લવારો કરે, (૫) કલહ કરે, (૬) આવો જાઓ કહે, (૭) ગાળ બોલે, (૮) બાળક રમાડે, (૯) વિકથા કરે, (૧૦) હાંસી કરે.

કાયાના બાર દોષ.

(૧) આસન ચપળ, (૨) ચાર દિશાએ જુએ, (૩) સાવદ્ય કામ કરે, (૪) આળસ મરડે, (૫) અવિનય બોલે, (૬) ઓઠું લઈ બેસે, (૭) મેલ ઉતારે, (૮) ખરજ ખણે, (૯) પગ ઉપર પગ ચડાવે, (૧૦) અંગ ઉઘાડું મુકે, (૧૧) અંગ ઢાંકે, (૧૨) ઉંઘે.

અથ જગચિંતામણી.

જગ=જગત
નાહ=નાથ
રખ્ખણ=રખવાલ
બંધવ=ભાઈ
સથ્થવાહ=સાર્થવાહ
વિઅખ્ખણ=વિચક્ષણ
અઠ્ઠાવય=અષ્ટાપદ
સંઠવિય=સ્થાપેલાં
રૂવ=રૂપ, પ્રતિમા
કમ્મઠ્ઠ=આઠ કર્મ
વિણાસણ=નાશ કરનાર
જયંતુ=જયવંતા વર્તો
અપ્પડિહય=હણાય નહીં તેવું
સાસણ=શાસન
સંઘયણિ=સંઘયણ
ઉક્કોસય=ઉત્કૃષ્ટ પદે
સત્તરિ=સીત્તેર
સય=સો
જીણવરાણ=જિનવરોના
વિહરંત=વિચરતા
લબ્ભઈ=લાભે, મળે, પામીએ
કોડિ=ક્રોડ
કેવલિ=કેવલજ્ઞાનીઓની
સહસ્સ=હજાર
ગમ્મઇ=જાણિયે
મુણિ=મુનિ
બિહું=બે
સમણહ=સાધુ
દુઅ=બે
થુણિજીઅ=સ્તવિએ
નિચ્ચ=નિત્ય
વિહાણિ=વહાણામાં
સામી=સ્વામી
રિસહ=ઋષભ
સત્તુંજી=શેત્રુંજય ઉપર
પહુ=પ્રભુ
નેમિ=નેમિનાથ
સચ્ચઉરી=સત્યપુરી
મંડણ=આભૂષણ

ભરૂઅચ્છહિં=ભરૂચનગરમાં	દિસિ=દિશાઓમાં	આસિઆઇં=બ્યાશી
	જીં=જે	ચેઇએ=ચૈત્યોને
મુહુરિ=મુહરિ (ગામ)	કેવિ=કોઇ પણ	પનરસ=પન્નર
દુહ=દુઃખ	તીઅ=અતીતકાળ	સયાઇં=સેંકડા
દુરિય=પાપ	અણાગય=અનાગત	બાયાલ=બેંતાલીસ
ખંડણ=નાશ કરનાર	સત્તાણવઇ=સત્તાણું	અડવન્ના=અઠાવન
અવર=બીજા	લખ્ખા=લાખ	અસિઇ=એંશી
વિદેહિં=મહાવિદેહમાં	છપ્પન્ન=છપ્પન	સાસય=શાશ્વતા
ચિહુ=ચારે	બત્તીસય=બત્રીસેં	પણમામિ=પ્રણમું છું

જગચિંતામણિ જગનાહ—જગતના જીવોના મનોવાંછિત પુરવા માટે ચિંતામણિરત્ન જેવા અને જગતના નાથ.

જગગુરૂ જગરખ્ખણ—જગતના ગુરૂ અને જગતના જીવોના રક્ષક.

જગબંધવ જગસથ્થવાહ—જગતના જંતુના મોહોટા વિવેકવંત ભાઈ અને મોક્ષાભિલાષી સાધુ પ્રમુખના સાર્થવાહ છે.

જગભાવ વિઅખ્ખણ—જગત એટલે ષડ દ્રવ્ય તથા જીવાદિક નવ પદાર્થોના રહસ્ય દર્શાવવાને વિષે વિચક્ષણ એટલે ડાહ્યા છે.

અઠ્ઠાવય સંઠવિય—અષ્ટાપદપર્વતની ઉપર ભરતેશ્વરે સંસ્થાપિત કર્યા છે.

રૂવકમ્મટ્ઠવિણાસણ- રૂપ એટલે બિંબ જેનાં. વળી જ્ઞાનાવરણાદિક આઠ કર્મોનો કીધો છે વિનાશ જેણે.

ચઉવિસંપિજિણવર—એવા ચોવીસે જિનવર નિશ્ચય.

જયંતુ અપ્પડિહયસાસણ ॥ ૧ ॥—વળી કોઇથી રોકાય નહીં એવું શાસન જયવંતુ વર્તો

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં—અસિ, મષી અને કૃષિરૂપ કર્મ જીહાં વર્તે છે, એટલે એ ત્રણથી આજીવિકા ચાલે છે, તેને કર્મભૂમિકા કહીએ. તે કર્મભૂમિના પંદર ક્ષેત્રને વિષે.

પઢમ સંઘયણિ—પ્રથમ સંઘયણ વજરૂષભનારાચ તેના ધણી એવા.

ઉક્કોસય સત્તરિસય—ઉત્કૃષ્ટપણે એકસો સીત્તેર.

જિણવરાણ વિહરંત લબ્ભઇ—તિર્થંકરદેવો વિચરતા લાભે.
નવકોડીહિં કેવલિણ—નવકોડિ કેવળજ્ઞાની મહારાજા.
કોડિસહસ્સ નવસાહુ ગમ્મઇ—નવહજાર કોડિ સાધુ જિનાગમથી જાણીએ.
સંપઇ જિણવર વીસમુણિ—સંપ્રતિ એટલે હાલમાં શ્રી સીમંધરસ્વામી
પ્રમુખ વીસ જિનવર વિચરતા પામીએ, અને મુનિ.
બિહુ કોડિહિં વરનાણ—બે કોડિ અને પ્રધાન કેવળજ્ઞાનના ધારનાર.
સમણહ કોડિ સહસ દુઅ—બે સહસ્ર કોડિ સાધુ વિચરે છે તે સર્વને.
થુણિજિઅ નિચ્ચ વિહાણિ—નિત્ય પ્રભાતે સ્તવીએ.
જયઉસામી જયઉસામી—જયવંતા વર્તો. સ્વામી જયવંતા વર્તો.
રિસહ સત્તુંજિ—સ્વામી રિષભદેવ શ્રી શત્રુંજયતીર્થ ઉપર.
ઉજ્જિંત પહુ નેમિજિણ—શ્રી ગિરનારજી ઉપર શ્રી નેમિજીન પ્રભુ.
જયઉ વીર સચ્ચઉરિ મંડણ—સત્યપુરી એટલે સાચોર નગર તેના
આભૂષણરૂપ શ્રી મહાવીરસ્વામી જયવંતા વર્તો.
ભરૂઅચ્છહિં મુણિસુવ્વય—શ્રી ભરુચ શહેરમાં શ્રી મુનિસુવ્રતસ્વામી.
મુહરિપાસ દુહદુરિઅ ખંડણ—મુહરિગામના નાયક શ્રી પાર્શ્વનાથ એ
જિનપંચક, દુઃખ અને દુરિતનો નાશ કરનાર છે.
અવરવિદેહિં તિત્થયરા—બીજા પાંચ મહાવિદેહને વિષે જે તિર્થંકરો છે.
ચિહુ દિસિવિદિસિ જિં કેવિ—ચાર દિશાઓ અને ચાર વિદિશાઓ
એટલે ખૂણાઓમાં જે કોઇ પણ.
તીઆણાગય સંપઇઅ—અતિત, અનાગત અને સંપ્રતિ એટલે વર્તમાન-
કાળ એ ત્રણ કાળ સંબંધી.
વંદુ જિણસવ્વેવિ ॥૩॥—સર્વ તિર્થંકરદેવને હું વાંદુ છું.
**સત્તાણવઇ સહસ્સા, લખ્ખ છપ્પન્ન અટ્ઠકોડિઓ, બત્તીસ બાસિ-
આઇં (પાઠાંતર બત્તીસય બાસિઆઇં,) તિઅલોએ ચેઇ-
એ વંદે**—આઠ ક્રોડ, છપ્પન્ન લાખ, સતાણું હજાર, બત્રીસેને બ્યાશી,
ત્રણ લોકને વિષે સર્વ જિનપ્રાસાદપ્રતે હું વાંદું છું.

પનરસ કોડિ સયાઇં—પંદરસે કોડ. અને
કોડિબાયાલ લખ્ખ અડવન્ના—બેતાલીસકોડ અઠ્ઠાવનલાખ.
છત્તીસ સહસ અસિઈ (પાઠાંતર) અસિઆઇં—છત્રીસહજાર ને એંશી.
સાસય બિંબાઇં પણમામિ ॥૫॥—શાશ્વતા જિનબિંબ છે, તે સર્વ પ્રત્યે પ્રણમું છું.

અથ જંકિંચિ.

જં=જે	સગ્ગે=સ્વર્ગમાં	બિંબાઇં=બિંબ,પ્રતિમા
કિંચિ=કોઈ	પાયાલિ=પાતાળમાં	તાઈં=તે
નામ=નામ	માણુસે=મનુષ્યમાં	સવ્વાઇં=સર્વે
તિત્થં=તિર્થ	જાઇં=જે	

જંકિંચિ નામ તિત્થં—જે કોઇ નામ તીર્થ હોય.
સગ્ગે પાયાલિ માણુસે લોએ—સ્વર્ગ, પાતાલ અને મનુષ્યલોકમાં.
જાઈં જિણ બિંબાઇં—જે કોઇ જિનેશ્વર ભગવાનની પ્રતિમા હોય.
તાઈં સવ્વાઇં વંદામિ—તે સર્વ પ્રત્યે હું નમસ્કાર કરૂં છું.

અથ નમુત્થુણં વા શક્રસ્તવ.

નમુત્થુણં=નમસ્કાર થાઓ	ઉત્તમાણં=ઉત્તમ (ને)	હિઆણું=હિત કરનારને
આઇગરાણં=આદિ યા શરૂઆતના કરનારને	સીહાણં =સીંહોને	પઇવાણં=દીવા (સમાન) ને
તિત્થયરાણં=તીર્થંકરોને	પુંડરિયાણં=પુંડરિક કમળ જેવાને	પજ્જોઅગરાણં=પ્રકાશ કરનારને
સયં=પોતે,પોતાની મેળે	ગંધહત્થીણં=ગંધ હસ્તી જેવાને	અભય=ભયરહિતપણું
સં=સમ્યક્ પ્રકારે	લોગ=લોક (માં)	દયાણં=આપનારને
બુદ્ધાણં=બોધ પામેલાને	નાહાણં=નાથોને, સ્વામીને	ચખ્ખુ=ચક્ષુ
પુરિસ=પુરૂષો (માં)		મગ્ગ=માર્ગ

શરણ=શરણુ, આશરો	વિયટ્ટ-નિવર્ત્યું છે	અરૂઅં-રોગરહિત
બોહિ=બોધિ, સમકિત	છઉમ-છદ્મસ્થપણું, કપટપણું	અણંતં-અનંત
ધમ્મ=ધર્મ	જિણાણં-જિતનારને	અક્ખયં-અક્ષય
દેસિયાણં=ઉપદેશ કરનારને	જાવયાણં-જિતાવનારને	અવ્વાબાહં=પીડારહિત
નાયગાણં-નાયકને	તિન્નાણં-તરેલાને	અપુણરાવિત્તિ=ફરીથી પાછું આવવું નથી
સારહીણં=સારથીને	તારયાણં-તારનારને	ગઈ-ગતિ
ચાઉરંત-ચારગતિનો અંત કરનાર	બુદ્ધાણં-બોધ પામેલાને	નામધેયં-નામવાળું
ચક્કવટ્ટીણં-ચક્રવર્તીને	બોહયાણં-બોધ કરાવનારને	સંપત્તાણં-પામેલાને
અપ્પડીહય-અપ્રતિહત ક્રોધથી હણાય નહીં તેવું	મુત્તાણં-મુકાએલાને	જીઅ-જીતેલાને
નાણ-જ્ઞાન	મોઅગાણં-મુકાવનારને	ભયાણં-ભયોને
દંસણ-દરશન	સવ્વનૂણં-સર્વજ્ઞોને	અઈઆ-ભૂતકાળે
ધરાણં-ધારણ કરનારને	દરિસિણં-દેખનારને	ણાગએ-અનાગત કાળે
	સિવં-ઉપદ્રવરહિત	ભવિસ્સંતિ-થશે
	અયલં-અચળ, સ્થિર	સંપઈઅ-સંપ્રતિ, હમણા
		વટ્ટમાણા-વર્ત્તતા

નમુત્થુણં—નમસ્કાર થાઓ, કોને ! તે કહે છે.

અરિહંતાણં ભગવંતાણં ॥૧॥—અરિહંતોને, ભગવંતોને.

આઇગરાણં તિત્થયરાણં—ધર્મની આદિના કરનારને, તીર્થંકર ભગવાનને.

સયંસંબુદ્ધાણં ॥૨॥—પોતે સમ્યક્ પ્રકારે બોધ પામેલા છે તેમને.

પુરિસુત્તમાણં—પુરૂષોને વિષે ઉત્તમ છે તેમને.

પુરિસસીહાણં—પુરૂષોને વિષે સિંહસમાન છે તેમને.

પુરિસવર પુંડરિઆણં—પુરૂષને વિષે ઉત્તમ પુંડરિક કમળ જેવાછે તેમને.

પુરિસવર ગંધહત્થીણં ॥૩॥—પુરૂષને વિષે ઉત્તમ ગંધ હસ્તી જેવાને.

લોગુત્તમાણં—લોકને વિષે ઉત્તમ છે તેમને.

લોગનાહાણં—લોકના નાથને.

લોગહિઆણં—લોકને હિત કરનાર છે તેમને.

લોગપઇવાણં—લોકને વિષે (જ્ઞાનરૂપી) દીવાસમાન છે તેમને.
લોગપજ્જો અગરાણં ॥૪॥—લોકને વિષે પ્રકાશ કરનારને.
અભયદયાણં—સર્વ જીવોને અભય આપનાર છે તેમને.
ચખ્ખુદયાણં—(સમ્યક્જ્ઞાનરૂપ) ચક્ષુના આપનારને.
મગ્ગદયાણં—(જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ) માર્ગ આપનારને.
સરણદયાણં—(કર્મરૂપ શત્રુની બીકથી) શરણ આપનારને.
બોહિદયાણં ॥૫॥—બોધીબીજ (સમકિત) આપનારને.
ધમ્મદયાણં—દેશવિરતિ અને સર્વવિરતીરૂપ ધર્મ આપનારને.
ધમ્મદેસિઆણં—ધર્મના ઉપદેશ કરનારને.
ધમ્મનાયગાણં ધમ્મસારહીણં—ધર્મના નાયકને, ધર્મના સારથીને.
ધમ્મવર ચાઉરંત ચક્કવટીણં ॥૬॥—ચાર ગતિનો અંત કરનાર ઉત્તમ ધર્મરૂપ ચક્ર ધરનારને.
અપ્પડિહયવરનાણ દંસણધરાણં—કોઇથી હણાય (રોકાય) નહીં એવું ઉત્તમ જ્ઞાન અને દર્શનના ધરનારને.
વિઅટ્ટછઉમાણં ॥૭॥—છદ્મસ્થપણાથી નિવર્ત્યા છે તેમને.
જિણાણં જાવયાણં—કર્મશત્રુ જીતેલાને તથા જીતાવનારને.
તિન્નાણં તારયાણં—સંસાર સમુદ્રથી તરેલાને તથા તારનારને.
બુદ્ધાણં બોહયાણં—પોતે બોધ પામેલા છે તેમને તથા ભવ્યજીવોને બોધ કરાવનાર છે તેમને.
મુત્તાણં મોઅગાણં ॥૮॥—કર્મથી મુકાએલાને તથા બીજાને મુકાવનારને.
સવ્વનૂણં સવ્વદરિસિણં—સર્વજ્ઞને તથા સર્વ દેખનારને.
શીવ—જે સર્વ ઉપદ્રવરહિતને.
મયલ મરૂઅ મણંત મખ્ખય—અચલ, રોગરહિત, અનંત, અક્ષય.
મવ્વાબાહ—સર્વ પ્રકારે પીડારહિત છે.
મપુણરાવિત્તિ—જ્યાંથી ફરીથી પાછું આવવું નથી.
સિદ્ધિગઇ નામધેયં—સિદ્ધ ગતિ છે નામ જેનું.
ઠાણં સંપત્તાણં—એવા સ્થાનકને પામ્યા છે (તથા).

નમો જિણાણં જિઅભયાણં ॥૭॥—જે ભયોને જીતેલા છે એવા જિનોને નમસ્કાર થાઓ.

જેઅ અઇઆ સિદ્ધા—જે ભૂતકાળને વિષે સિદ્ધ થયા.

જેઅ ભવિસ્સંતિણાગએકાલે—જે ભવિષ્યકાળને વિષે સિદ્ધ થશે.

સંપઇઅ વટ્ટમાણા—સંપ્રતિકાળને વિષે વર્તતા.

સવ્વેતિવિહેણ વંદામિ—તે સર્વને મન, વચન, અને કાયાએ કરી વાંદું છું.

અથ જાવંતિ ચેઇઆઇં.

જાવંતિ-જેટલા	અહે-અધો (લોકમાં)	ઇહ-અહીં
ચેઇઆઇં-ચૈત્ય, પ્રતિમા	તિરિઅ-તિર્છા, વચલા	સંતો-રહેલો, છતો
ઉડ્ઢે-ઉર્ધ્વ (લોકમાં)	લોએઅ-લોકને વિષે	તત્થ-ત્યાં
		સંતાઇં-છતી, રહેલી

જાવંતિ ચેઇઆઇં—જેટલી જિન પ્રતિમા.

ઉડ્ઢેઅ અહેઅ તિરિઅ લોએઅ- ઉર્ધ્વ (સ્વર્ગ) અધો (પાતાળ) અને તિર્છા (મનુષ્ય) લોકને વિષે છે.

સવ્વાઇં તાઇં વંદે—તે સર્વે પ્રત્યે હું વાંદું છું.

ઇહ સંતો તત્થ સંતાઇં—અહીં રહ્યો થકો ત્યાં રહેલી (જિનપ્રતિમાઓને).

અથ જાવંત કેવિસાહૂ.

જાવંત-જેટલા	મહાવિદેહેઅ=મહાવિદેહમાં	પણઓ-નમસ્કાર થાઓ
કેવિ-કોઇપણ	સવ્વેસિં-સર્વેને	તિદંડ-ત્રણદંડ
ભરહ=ભરત	તેસિં-તેમને	વિરયાણં-વિરામ પામેલા
એરવય-ઐરવ્રત		

જાવંત કેવિસાહુ—જેટલા કોઇપણ સાધુ.

ભરહેરવય મહાવિદેહેઅ—(પાંચ) ભરત, (પાંચ) ઐરવ્રત (પાંચ) મહાવિદેહક્ષેત્રને વિષે.

સવ્વેસિં તેસિં પણઓ—તે સર્વ પ્રત્યે મારો નમસ્કાર થાઓ.

તિવિહેણ તિદંડ વિરયાણં—(તે સાધુ કેવા છે? તો કે) ત્રણ પ્રકારે (મન, વચન, કાયાએ) કરી ત્રણ દંડથી (અશુભ, મન, વચન કાયા-ના) નિવર્ત્યા છે.

અથ નમસ્કાર.

નમોઽર્હત્—નમસ્કાર થાઓ અરિહંત ભગવાનને.
સિદ્ધાચાર્યો—(વળી) સિદ્ધ ભગવાનને, તથા આચાર્ય ભગવાનને.
પાધ્યાય સર્વ સાધુભ્યઃ—ઉપાધ્યાયોને, તથા સર્વ સાધુને.

અથ ઉપસર્ગહર સ્તવન.

ઉવસગ્ગ-ઉપસર્ગ, સંકટ
હરં-હરણ કરનાર
પાસં=પાર્શ્વયક્ષ
પાસં-પાર્શ્વનાથને
કમ્મ-કર્મના
ઘણ-સમૂહથી
મુક્કં-મુકાએલાને
વિસહર-વિષધર, સાપ
વિસ-વિષ, ઝેર.
નિન્નાસં-નાશકરનારને
મંગલ-દુઃખની નિવૃત્તિ
કલ્લાણ-સુખની વૃદ્ધિ
આવાસં-ઘર
ફુલિંગમંતં-ફૂલિંગ નામનો મંત્ર
કંઠે-કંઠને વિષે
ધારેઇ-ધારણ કરે
જો-જે
સયા-સદા
મણુઓ-મનુષ્ય
ગહ=ગ્રહ
રોગ-રોગ
મારી-મરકી
દુટ્ઠ-દુષ્ટ, નિર્દય
જરા-જવર, તાવ
જંતિ-પામે છે
ઉવસામં=શાંતિ, નાશ
ચિટ્ઠઉ-રહો
દૂરે-દૂરે
મંતો-મંત્ર
તુજ્જ-તને
પ્રણામો-પ્રણામ
વિ-પણ
બહુફલો-ઘણાફળવાળો
હોઇ-થાય છે
નર-પુરૂષ
તિરિએસુ-તિર્યંચને વિષે
જીવા-જીવો
પાવંતિ-પામે છે
ન-નહીં
દુઃખ-દુઃખ
દોગચ્ચં-માઠીગતિ, દરિદ્રતા
તુહ-તમારા
સમ્મત્તે-સમ્યકત્વને
લદ્ધે-પામે છતે
ચિંતામણિ-ચિંતામણિરત્ન
કપ્પપાયવ-કલ્પવૃક્ષ
અબ્ભહિએ=અધિક, વધારે
અવિગ્ઘેણં-વિઘ્નરહિત-પણે

અયરામરં-મોક્ષ (ને)	ભત્તિ-ભક્તિ	દેવ-હે દેવ ?
ઠાણું-સ્થાનકને	ભર-સમૂહ	દિજ્જ-આપો
સંથુઓ-સ્તવ્યો	નિબ્ભરેણ-પૂર્ણ ભરેલા	ભવેભવે-ભવોભવ
મહાયસ-હે મોટા યશ વાળા	હિઅએણ-હૈયાવડે	જીણચંદ-હે જિનચંદ્ર
	તા-તે કારણ માટે	

ઉવસગ્ગહરં પાસં—ઉપસર્ગનો હરનાર પાર્શ્વનામનો યક્ષ છે જેમને.

પાસં વંદામિ—એવા પાર્શ્વનાથને હું વાંદું છું.

કમ્મ ઘણ મુક્કં—કર્મના સમુહથી મુકાએલા છે.

વિસહર વિસ નિન્નાસં—(મિથ્યાત્વરૂપ) સાપના ઝેરનો નાશ કરનાર છે.

મંગલ કલ્લાણ આવાસં ॥૧॥—મંગળ અને કલ્યાણનું ઘર છે.

વિસહર ફુલિંગમંતં—વિસધર ફુલિંગ એ નામનો મંત્ર.

કંઠે ધારેઈ જો સયામણુઓ—જે માણુસ કંઠને વિષે સદા ધારણ કરે (યાદ કરે)

તસ્સગહ રોગમારી—તેના દુષ્ટ ગ્રહ, રોગ અને મરકી.

દુઠ્ઠ જરા જંતિ ઉવસામં ॥૨॥—દુષ્ટ તાવ ઉપશમ પામે છે.

ચિઠ્ઠઉ દૂરે મંતો—તે મંત્ર તો દૂર રહો.

તુજ્જપણામોવિ બહુફલો હોઈ ॥૨॥—પરંતુ તમને પ્રણામ કરવો તે પણ ઘણા ફળવાળો થાય છે.

નર તિરિએસુ વિ જીવા—મનુષ્ય અને તિર્યંચનેવિષે પણ જીવો.

પાવંતિ ન દુઃખ દોગચ્ચં ॥૩॥—દુઃખ અને દારિદ્ર ન પામે.

તુહસમ્મત્ત લદ્ધે—તમારૂં સમ્યકત્વદર્શન પામે છતે.

ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ—(તે સમ્યકત્વદર્શન કેવું છે તો કે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી અધિક છે.

પાવંતિ અવિગ્ઘેણં—વિઘ્નરહિતપણે પામે છે શું ?

જીવા અયરામરંઠાણું ॥ ॥—જીવો અજરામર (મોક્ષ) સ્થાનકને.

ઈઅ સંથુઓ મહાયસ—હે મહાયસ! એ પ્રકારે સ્તવ્યો.

ભત્તિબ્ભરનિબ્ભરેણ હિઅએણ—ભક્તિના સમુહે કરી પૂર્ણ ભરેલા હૃદયવડે.

તા દેવ દિજ્જ બોહિં—તે કારણ માટે હે દેવ સમકિત આપો.
ભવે ભવે પાસ જિણચંદ—હે પાર્શ્વજિનચંદ્ર જન્મો જન્મને વિષે.

અથ જયવીયરાય.

જય-જયવંતા વર્તો
વીયરાય-વીતરાગ
જગ-જગત્
હોઉ-હોજો
તુમં-મારે
મહ-તારા
પભાવઓ-પ્રભાવથી
ભયવં-હે ભગવાન્
ભવ-સંસારનો
નિવ્વેઓ-નિર્વેદ (ઉદાસિપણું)
મગ્ગાણુસારિઆ-માર્ગાનુંસારિપણું
ઇટ્ઠ-ઇષ્ટ (વાંછિત)
ફલ-ફળ
સિદ્ધિ-પ્રાપ્તિ
વિરૂદ્ધ-અવળું (ઉલટું)
ચ્ચાઓ-ત્યાગ
ગુરૂજણ-માતાપિતાદિ વડેરા
પૂઆ-પૂજા

પરત્થ-પરોપકાર(બીજાનો અર્થ)
કરણં-કરવું
સુહ-સારા
તવ્વયણ-તેમના વચન
સેવણા-સેવા
આભવં-મારે સંસાર હોય ત્યાં સુધી
અખંડા-અખંડ,હમેશાં
વારિજ્જઇ-વાર્યું છે
જઇવિ-જોપણ
નિયાણ-નિયાણાનું
બંધણં-બાંધવું
સમએ-સિદ્ધાંતને વિષે
તહ-તો
સેવા-ભક્તિ
તુમ્હ-તમારા
ચલણાણં-પગની, ચરણની
દુઃખ-દુઃખ

ખ્ખઓ-ક્ષય
કમ્મ-કર્મ (ના)
સમાહિ-સમાધિ
મરણં-મરણ
બોહિલાભો-બોધિબીજનો લાભ
સંપજ્જઉ-થાઓ
મહ-મારે
એઅં-એ (ચાર)
તુહ-તુમ
નાહ-નાથ
પણામ-પ્રણામ,નમસ્કાર
માંગલ્યં-માંગળિક
કારણં-કારણ
પ્રધાનં-મુખ્ય, ઉત્તમ
ધર્માણાં=ધર્મોમાં
જૈનં=જિનદેવનું
જયતિ=જયવંતુ વર્તેછે
શાસનં=શાસન

જયવીયરાય જગગુરૂ—હે શ્રી વીતરાગ! હે જગત્રય ગુરૂ જયવંતા વર્તો.

હોઉ મમં તુહપભાવઓ ભયવં—હે ભગવંત તમારા પ્રભાવથી મારે થાઓ.

ભવનિવ્વેઓ મગ્ગા—શું? ભવનિર્વેદપણું (ચારિત્ર) અને માર્ગાનુસારી પણું એટલે જૈનમાર્ગને અનુસારે ચાલવું તે.

ણુ સારિયા ઈઠ્ઠફલ સિદ્ધિ ॥ ૧ ॥—તથા વાંછિતફળની પ્રાપ્તિ.

લોગ વિરૂદ્ધ ચ્ચાઓ—તથા લોક વિરૂદ્ધનો ત્યાગ થાઓ.

ગુરૂજણ પૂઆપરથ્થકરણં ચ—વળી માતપિતા તથા સદ્ગુરૂ આદિ વડેરાની સેવા તથા પરોપકાર કરવો તે મારે થાઓ.

સુહગુરૂજોગો તવ્વય,—સારા ગુરૂનો મેળાપ,

ણસેવણા આભવમખંડા ॥ ૨ ॥—અને તેમના વચનની સેવા મારે આ ભવ (સંસાર) હોય ત્યાંસુધી અખંડ (હમેશાં થાઓ.)

વારિજ્જઈ જઇવિનિઆ,—વાર્યું છે જો કે,

બંધણં વીયરાય તુહ સમએ ॥—નિયાણાનું બાંધવું હે વીતરાગ! તમારા સિદ્ધાંતને વિષે.

તહવિ મમ હુજ્જ સેવા,—તોપણ મારે તમારી સેવા હોજો.

ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥—ભવોભવને વિષે તમારાચરણનીસેવા.

દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ—દુ:ખનો ક્ષય તથા કર્મનો ક્ષય.

સમાહિમરણં ચ બોહિલાભો અ—સમાધિમરણ વળી સમકિત બોધી બીજનો લાભ.

સંપજ્જઉ મહએઅં—મારે એ (ઉપર કહેલી બાબતો) થાઓ.

તુહનાહ પણામ કરણેણં—તુમ નાથ પ્રત્યે પ્રણામ કરવે કરીને.

સર્વ મંગલ માંગલ્યં—સર્વ મંગળમાં મંગળિક.

સર્વ કલ્યાણ કારણં—સર્વ કલ્યાણનું કારણ.

પ્રધાનં સર્વ ધર્માણાં—સર્વ ધર્મોમાં પ્રધાન (મુખ્ય).

જૈનં જયતિ શાસનં—એવું જૈનશાસન જયવંતુ વર્તે છે.

અથ અરિહંત ચેઇઆણં.

ચેઇઆણં=ચૈત્યોના (પ્રતિમાઓ)	**વંદણ=વાંદવાના**	**પૂઅણ=પૂજન**
	વત્તિઆએ= ને અર્થે	**સક્કાર=સત્કાર**

સમ્માણ=સન્માન
નિરૂવસગ્ગ=ઉપસર્ગ રહિત (મોક્ષ)
સદ્ધાએ=શ્રદ્ધાવડે
મેહાએ=બુદ્ધિવડે
ધીઇએ=ધીરજવડે
ધારણાએ=ધારણાવડે
અણુપ્પેહાએ=વારંવાર સંભારવાવડે
વઢ્ઢમાણિએ=વૃદ્ધિ પામતી

અરિહંત ચેઇઆણં—અરિહંતની પ્રતિમાઓને (વાંદવાને) અર્થે.
કરેમિ કાઉસ્સગ્ગં—કાઉસ્સગ્ગ કરૂં છું.
વંદણ વત્તિઆએ—વાંદવાને અર્થે.
પૂઅણ વત્તિઆએ—પૂજનના ફળને અર્થે.
સક્કાર વત્તિઆએ—સત્કારે કરી પૂજવાથી થતા ફળને અર્થે.
સમ્માણ વત્તિઆએ—સન્માને કરી પૂજવાથી થતા ફળને અર્થે.
બોહિલાભ વત્તિઆએ—બોધિબીજના લાભને અર્થે.
નિરૂવસગ્ગ વત્તિઆએ—મોક્ષને અર્થે.
સદ્ધાએ મેહાએ ધીઇએ—શ્રદ્ધાવડે, નિર્મળ બુદ્ધિવડે, ધીરજવડે.
ધારણાએ અણુપ્પેહાએ—ધારણાવડે, વારંવાર સંભારવાવડે.
વઢ્ઢમાણીએ ઠામિકાઉસ્સગ્ગં—(એ પાંચે બોલ) વૃદ્ધિ પામતે થકે કાઉસ્સગ્ગ કરૂં છું.

અથ કલ્લાણકંદની સ્તુતિ.

કંદં=મુળ
જીણંદં=જીનેંદ્રને
તઓ=તે પછી
મુણિંદં=મુનીયોનાઇંદ્રને
પયાસં=પ્રકાશકરનારને
સુગુણ=ઉત્તમ ગુણ
ઠાણં=સ્થાનકને
ભત્તિઇ=ભક્તિએ કરીને
સીરિ=શ્રી
વદ્ધમાણં=મહાવીરસ્વામીને
અપાર=પારવિનાનું
પત્તા=પામ્યાં
દિંતુ=આપો
સુઇ=સુખિ
સારં=સારને
વિંદ=વૃંદ, સમુહ
વંદા=વાંદવાયોગ્ય
વલ્લી=વેલોના
વિશાલ=મોટા
નિવ્વાણ=નિર્વાણ
જાણ=રથ
કપ્પં=જેવું
પણાસિય=નાશ કર્યા છે

અસેસં=સમસ્ત	કુંદ=મચકુંદનું ફુલ	કમલે=કમલને વિષે
કુવાઇ=કુવાદિ, પાખંડિ	ઇંદુ=ચંદ્ર	નિસન્ના=બેઠેલી
દપ્પં=દર્પ (અહંકાર)	ગો=ગાય	વાએસિરિ=વાગેશ્વરી
મયં=મત	ખ્ખીર=દુધ	પુથ્થય=પુસ્તક
બુહાણું=પંડિતોના	તુસાર=હિમ	વગ્ગ=વર્ગ, સમૂહ
નિચ્ચં=નિત્ય, હમેશાં	વન્ના=વર્ણવાળી	સુહાય=સુખને માટે
જગ=જગત્	સરોજ=કમલ	સા=તે
પ્પહાણું=પ્રધાન	હથ્થા=હાથવાળી	અમ્હ=અમને
		પસથ્થા=ઉત્તમ

કલ્લાણકંદં પઢમં જિણંદં—સુખની વૃદ્ધિનું મૂળ એવા પ્રથમ જિનેંદ્રને.

સંતિંતઓ નેમિજિણં મુણિંદં—અને શાંતિનાથ, તે પછી મુનિઓના ઇંદ્ર શ્રી નેમિજીનેશ્વરને.

પાસં પયાસં સુગુણિક્ક ઠાણં—વળી ત્રણભુવનને વિષે પ્રકાશના કરનાર પાર્શ્વનાથને અને સારા ગુણના એક સ્થાનક રૂપ.

ભત્તિઇવંદે સિરિવદ્ધમાણં ॥ ૧ ॥—શ્રી વર્દ્ધમાનસ્વામી પ્રત્યે ભક્તિએ કરીને વાંદુ છું.

અપાર સંસાર સમુદ્દપારં—જે પારવિનાના સંસારરૂપ સમુદ્રનાં પારને

પત્તાસિવં દિંતુ સુઇક્કસારં—પામેલા એવા, જિનેંદ્રો પવિત્ર વસ્તુઓના એક સારરૂપ મોક્ષને આપો.

સવ્વે જિણંદા સુરવિંદ વંદા—તે સર્વ જિનેંદ્રો દેવતાઓના જે સમુહ તેને વાંદવાયોગ્ય છે.

કલ્લાણ વલ્લીણ વિસાલ કંદા ॥ ૨ ॥—વળી કલ્યાણરૂપ વેલોના મોટા મૂળ છે.

નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં—મોક્ષ માર્ગને વિષે પહોંચાડવાને ઉત્તમ રથસમાન છે.

પણાસિયાસેસ કુવાઇ દપ્પં—વળી અતિશયપણે કરીને નાશ કર્યો છે સંપૂર્ણ પાખંડીયોનો અહંકાર જેમણે એવા.

મયં જિણાણું સરણું બુહાણું—જિનેશ્વર ભગવાનનો મત તે પંડિતોને આધારભૂત છે.

નમામિ નિચ્ચં તિજગપ્પહાણું ॥ ૩ ॥—તથા ત્રણ જગતને વિષે પ્રધાન છે એવા જિનમતને સદા નમસ્કાર કરૂં છું.

કુંદિંદુગોખ્ખીર તુસાર વન્ના—મચકુંદ જાતિનાં ફુલ, ચંદ્રમા, ગાયનું દૂધ અને બરફ તેના જેવો ઉજ્વલ વર્ણ છે જેનો.

સરોજહુથ્થા કમલે નિસન્ના—તથા હાથને વિષે કમળ ધારણ કરેલું છે, અને કમળને વિષે બેઠેલી એવી.

વાએસિરિ પુથ્થય વગ્ગહુથ્થા—વળી પુસ્તકોનો સમુહ જેના હાથને વિષે છે એવી વાધેશ્વરી દેવી.

સુહાયસા અમ્હ સયા પસથ્થા—તે અમને સદા સુખને માટે થાઓ.

અથ સ્નાતસ્યાની સ્તુતિ.

સ્નાતસ્ય=નવરાવેલા, (નાહેલા—ના)
અપ્રતિમસ્ય=નિરૂપમ
શિખરે=શીખર ઉપર
શચ્યા=ઇંદ્રાણીએ
વિભોઃ=પ્રભુના
શૈશવે=બાલપણમાં
રૂપ=રૂપ
આલોકન=જોવું
વિસ્મય=આશ્ચર્ય
આહૃત=ભોગવ્યો
રસ=રસ, પારો
ભ્રાંત્યા=ભ્રાંતિવડે
ભ્રમત્=ભમતી

ચક્ષુષા=આંખવડે
ઉન્મૃષ્ટ=લૂછ્યું
નયન=નેત્ર, આંખ
પ્રભા=કાંતિ
ધવલિતં=ધોળું કરેલું
ક્ષીર=ક્ષીરસમુદ્ર
ઉદક=પાણી
આશંકયા=આશંકાવડે
વકત્રં=મુખ
યસ્ય=જેનું
પુનઃપુનઃ=વારંવાર
હંસ=રાજહંસ
અંસ=પાંખ, ખભો
આહત-ઉડાડી
પદ્મ=કમલ

રેણુ=રજ
કપિશ=રાતું પીળું
અર્ણવ=સમુદ્ર
અંભો=જલ
ભૃતઃ=ભર્યા
કુંભૈ=કલશાએ, ઘડાએએ
અપ્સરસાં=અપ્સરાઓનાં
પયોધર=સ્તન
ભર=સમુહ
પ્ર=અતિ
સ્પર્દ્ધિભિ=સ્પર્ધા કરનાર

કાંચને=સોનાના
યેષાં=જેમનાં
મંદરરત્ન=મેરુ
શૈલ=પર્વત
જન્મ=જન્મ
અભિષેક=અભિષેક
કૃતઃ=કરેલો
તેષાં=તેમના
નતોઽહં=નમેલો હું
ક્રમાન્=ચરણ કમલોને
પ્રસૂતં=ઉત્પન્ન થયું
ગણધર=ગણધરે
રચિતં=રચ્યું, રચેલું
દ્વાદશ=બાર | દ્વાદશાંગી
અંગં=અંગસૂત્ર | દ્વાદશાંગી
ચિત્રં=આશ્ચર્યકારક
બહ્વર્થ=ઘણા અર્થવડે
યુક્તં=સહિત
વૃષભૈ=નાયકોએ, ધોરી
    ઓએ
ધારિતં=ધારણ કરેલું
બુદ્ધિમદ્ભિઃ=બુદ્ધિવા-
    નોએ

અગ્ર=મુખ્ય
દ્વારં=બારણું
ભૂતં=સમાન
ફલં=ફલ
જ્ઞેય=જાણવાયોગ્ય
ભાવ=ભાવ, પદાર્થ
પ્રદીપં=દીવાને
ભક્ત્યા=ભક્તિયે
નિત્યં=સદા, હમેશાં
પ્રપદ્યે=અંગિકાર કરૂંછું
શ્રુતં=સિદ્ધાંત
અહં=હું
અખિલં-સમસ્ત,આખું
નિષ્પંક=વાદરહિત
વ્યોમ=આકાશ
નીલ=શ્યામ
દ્યુતિ=કાંતિ
અલસ=મદથી ચકચૂર
દશં=આંખવાળા
બાલ=નાનો (બીજનો)
ચંદ્ર=ચંદ્ર, ચાંદો
આભ=કાંતિવાળા
દંષ્ટ્રં=દાઢોવાળા

મત્તં=મદોન્મત
ઘંટા=ઘંટ (ના)
રવેણ=શબ્દવડે
પ્રસૂત=પ્રસરતું
મદ=મદ (નું)
જલં=પાણી
પૂરયંતં=પૂરતો
સંમતાત્=સર્વ ઠેકાણે
આરૂઢો=ઉપર બેઠેલો
દિવ્ય=દિવ્ય
નાગં=હાથી (ઉપર)
વિચરતિ=વિચરેછે,
    ચાલેછે
ગગને=આકાશમાં
કામદઃ=ઇચ્છા અથવા
    મનોરથ આપનારા
કામરૂપી=સ્વેચ્છાચારી
યક્ષ=જક્ષ
સર્વાનુભૂતિ-સર્વાનુભૂતિ
દિશતુ=બતાવે, આપે
કાર્યેષુ=કાર્યોમાં

સ્નાતસ્યાપ્રતિમસ્ય મેરુશિખરે, શચ્યા વિભોઃ શૈશવે—નિરૂપમ એવા વીર ભગવાનના બાળકપણાને વિષે ઇંદ્રાણીએ મેરુશિખરને વિષે નવરાવ્યા એવા.

રૂપાલોકનવિસ્મયા હૃતરસ, ભ્રાંત્યા ભ્રમચ્ચક્ષુષા—રૂપનું જોવું તે થકી ઉત્પન્ન થયેલો જે આશ્ચર્ય તદ્રૂપ અનુભવતિ જે રસ તેની ભ્રાંતિએ ભમતી છે આંખ જેની એવી. (ઇંદ્રાણીવડે).

ઉન્મૃષ્ટં નયનપ્રભાધવલિતં, ક્ષીરોદકાશંકયા—ક્ષીરસાગરના જળની આશંકાએ કરી સાફ કર્યું એવું અને નેત્રની કાંતિએ કરી ઉજ્વળ એવું.

વક્ત્રં યસ્ય પુનઃ પુનઃ સ જયતિ, શ્રી વર્દ્ધમાનો જિનઃ ॥૧॥—જે પ્રભુનું મુખ છે એવા શ્રી વર્દ્ધમાનજિન તે વારંવાર જયવંતા વર્ત્તો. ॥ ૧ ॥

હંસાંસાહતપદ્મરેણુકપિશ, ક્ષીરાર્ણવાંભો ભૃતૈઃ—રાજહંસોની પાંખોથી ઉડેલી કમળની રજે કરી રાતું પીળું થયું એવું જે ક્ષીરસમુદ્રનું જળ તેવડે કરી ભરેલા એવા.

કુંભૈરપ્સરસાં પયોધરભર, પ્રસ્પર્દ્ધિભિઃ કાંચનૈઃ—અપચ્છરાઓના સ્તનના સમુહ સાથે અતિ સ્પર્ધાના કરનાર એવા કંચનના કળસોએ કરી.

યેષાં મંદરરત્નશૈલશિખરે, જન્માભિષેકઃ કૃતઃ—મેરૂપર્વતના શિખરના વિષે જે જિનોનો જન્માભિષેક કરેલો છે.

સર્વૈઃસર્વસુરાસુરેશ્વરગણૈ, સ્તેષાં નતોઽહંક્રમાન્ ॥ ૨ ॥—સર્વ સુર અને અસુર તેના સ્વામિ જે ઇંદ્ર તેના સમુહે કરી વંદિત છે તે સર્વ જિનોના ચરણ કમળ પ્રત્યે હું નમેલો છું ॥ ૨ ॥

અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં દ્વાદશાંગં વિશાલં—અરિહંતના મુખથી પ્રગટ થયેલું, ગણધરોએ રચેલું અને મોટું દ્વાદશાંગ રૂપ.

ચિત્રં બહ્વર્થયુક્તં મુનિગણ વૃષભૈ, ર્ધારિતં બુદ્ધિઃ મદ્ભિઃ—આશ્ચર્યકારી ઘણા અર્થોએ કરી સહિત એવું બુદ્ધિમાન સાધુઓના સમુદાયમાં પણ પ્રધાન મુનિઓએ ધારણ કર્યું એવું.

મોક્ષાગ્રદ્વારભૂતં, વ્રતચરણફલં, જ્ઞેયભાવપ્રદીપં—મોક્ષરૂપી જે ઘર તેના આગલા બારણાસમાન, તથા વ્રત અને ચારિત્રનું ફળ છે જેમાં એવું જાણવા જોગ ભાવ તેને વિષે દીવાસમાન એવું.

ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુતમહમખિલં, સર્વલોકૈકસારમ્ ॥ ૩ ॥—સમગ્ર એવું, સર્વ લોકને વિષે એક સારભૂત એવું સિદ્ધાંત તેને ભક્તિએ કરી નિરંતર હું અંગિકાર કરૂં છું.

નિષ્પંકવ્યોમનીલદ્યુતિમલસદૃશં, બાલચંદ્રાભદંષ્ટ્રં—વાદળે રહિત એવું આકાશ તેની કાંતિના સરખી શ્યામ છે કાંતિ જેની એવો, તથા મદ ઘુર્ણિત છે નેત્ર જેનાં તથા બાળચંદ્રમાની કાંતિના સરખી ડાઢયો છે જેની એવો.

મત્તં ઘંટારવેણ પ્રસૃતમદજલં, પૂરયંતં સમંતાત્—મદોન્મત્ત અને ઘંટાના શબ્દની સાથે પ્રસરતું એવું મદજળ તે પ્રત્યે સર્વ જગાએ પુરાવતો એવો.

આરૂઢો દિવ્યનાગં વિચરતિ ગગને, કામદઃ કામરૂપી—દિવ્યરૂપ જે હસ્તી તેની ઉપર બેઠેલો, સ્વેચ્છાચારી, મનોરથ દેનારો એવો, અને ગગનને વિષે વિચરે છે એવો.

યક્ષઃ સર્વાનુભૂતિર્દિશતુ મમ સદા સર્વ કાર્યેષુ સિદ્ધિમ્ ॥ ૪ ॥—સર્વાનુભૂતિ નામા યક્ષ, મને નિરંતર સમગ્ર કાર્યોને વિષે સિદ્ધિને આપો. ॥ ૪ ॥

અથ સંસારદાવા.

સંસાર=સંસાર	માયા=કપટ	માનવ=માણસ (ના)
દાવ=વન (નો)	રસા=પૃથિવ	ઈન=સ્વામી
અનલ=અગ્નિ	દારણ=ઉખેડવાને	ચૂલા=મુગટ
દાહ=તાપ	સીરં=હળ (સમાન)	વિલોલ=દેદીપ્યમાન
નીરં=પાણી	વીરં=મહાવીરને	આવલિ=શ્રેણી
સંમોહ=મોહ	ગિરિસાર=મેરૂપર્વત	માલિતાનિ=પૂજેલા
ધૂલી=રજ, (ધૂળ)	ધીરં=ધીર,અચળ	સંપૂરિત=પૂર્યા
હરણે=કાઢવામાં	ભાવ=ભાવ	અભિનત=નમેલા
સમીરં=વાયરો	અવનામ=નમઙું	લોક=લોક (ભક્તલોક)

સમીહિતાની=મનોવાંછિત	વેલં=વેલી	માલા=શ્રેણી
કામં=યથેચ્છપણે	ગુરૂ=મોટા	ઝંકાર=ગુંજાર
પદાનિ=પગ	ગમ=સરખા પાઠ	આરાવ=શબ્દ
બોધ=જ્ઞાન (વડે)	મણિ=રત્ન	અમલ=નિર્મલ
અગાધં=ગંભીર	સંકુલં=ભરેલું	દલ=પાંદડું
સુપદ=સુંદરપદ	દુર=છેદે	આગાર=ભુવન
પદવી=રચના	પારં=પાર	ભૂમી=જમીન
પૂર=સમૂહ	આગમ=સિદ્ધાંત	નિવાસે=નિવાસ(વસવું)
અભિરામં=મનોહર	જલનિધિં=સમુદ્ર	છાયા=કાંતિ
જીવ=જીવ (ની)	સાદરં=આદરસહિત	સંભાર=સમુહ
અહિંસા=દયા, રક્ષા	સાધુ=રૂડે પ્રકારે	કરે=હાથવાળી
અવિરલ=અંતરરહિત	સેવે=સેવું છું	તાર=દેદીપ્યમાન
લહરી=લહેર, તરંગ	આમૂલ=મૂલ સુધી	હાર=હાર
સંગમ=મળવે	આલોલ=ચપલ, ડોલતું	વાણી=જિનવાણી
અગાહ=અગાધ,અપાર	બહુલ=ઘણા	સંદોહ=સમૂહ
દેહં=શરીર	પરિમલ=સુગંધ	દેહ=દેહવાળી
ચૂલા=ચૂલિકા	આલીઢ=આસક્ત	વિરહ=વિયોગ, વિરહ
	લોલ=ચપલ	વરં=વરદાન
	અલિ=ભમરો	દેહિ=આપ

સંસારદાવાનલદાહનીરં—સંસારરૂપ વનનો અગ્નિ તેના તાપને ઓલવવાને પાણી સમાન.

સંમોહ ધૂલી હરણે સમીરં—મોહ એટલે અજ્ઞાનરૂપી જે રજ તેને હરણ કરવાને પવન સમાન.

માયારસા દારણસાર સીરં—વળી કપટરૂપી જે પૃથ્વિ તેને ઉખેડવાને ઘણા તીક્ષ્ણ હળ સમાન.

નમામિ વીરં ગિરિસાર ધીરં ॥ ૧ ॥—તથા જે મેરૂપર્વતની પેઠે ધીર છે એવા મહાવીરસ્વામી હું નમસ્કાર કરૂં છું.

ભાવાવનામ સુરદાનવ માનવેન—ભાવે કરીને નમ્યા એવા દેવતા દાનવ (ભવનપતિ તથા વ્યંતરદેવતા) અને મનુષ્યના જે સ્વામી.

ચૂલાવિલોલ કમલાવલિમાલિતાની—તેના મુકુટ ઉપર રહેલી એવી દેદીપ્યમાન કમલની જે શ્રેણીઓ તે વડે પૂજિત છે એવા.

સંપૂરિતાભિનત લોક સમીહિતાનિ—સમ્યક્ પ્રકારે પૂરણ કર્યાં છે નમનાર ભવ્યજીવોનાં મનોવાંછિત જેમણે એવા.

કામં નમામિજિનરાજ પદાનિતાનિ ॥૨॥ -તે પ્રસિદ્ધ જિનરાજના ચરણપ્રત્યે યથેચ્છપણે હું નમું છું.

બોધાગાધં સુપદપદવી નીરપૂરાભિરામં—જ્ઞાને કરીને ગંભીર એવો, વળી સુંદીર પદની રચના તે રૂપ પાણીના સમૂહે કરી શોભાયમાન એવો.

જીવાહિંસા વિરલલહરિ સંગમાગાહદેહં—જીવદયા રૂપ અંતરરહિત એવી લહેરોના સંગમવડે કરીને અપાર છે દેહ એટલે સ્વરૂપ જેનું એવો.

ચૂલાવેલં ગુરૂગમમણી સંકુલં દુરપારં—વળી સિદ્ધાંતોની ચૂલિકારૂપી વેલોવાળો તથા મોટા એવા સરખા પાઠ તે રૂપ રત્ને કરી ભરેલો. વળી જેનો કાંઠો અત્યંત દૂર છે એવો.

સારં વીરાગમ જલનિધિં સાદરં સાધુ સેવે ॥૩॥—એવો ઉત્તમ વીરભગવાનનો આગમરૂપી જે સમુદ્ર તેને આદરસહિત સમ્યક્પ્રકારે હું સેવું છું.

આમૂલાલોલ ધૂલીબહુલ પરિમલાલીઢ લોલાલિમાલા—મૂલ સુધી ચપલ એવું મકરંદ સુગંધના કણીયા તેના ઘણા સુગંધને વિષે આશક્ત એવા જે ચપળ ભમરાઓ તેની માલા.

ઝંકારારાવસારામલદલકમલાગાર ભૂમિનિવાસે—(શ્રેણી તેના) ગુંજારના શબ્દ તેણે કરીને જે પ્રધાન છે એવું વળી નિર્મળ એવાં પાંદડાં તેણે કરીને સહિત એવું, જે કમળ તેની ઉપર ઘર છે જેનું તેના મધ્યભાગની ભૂમિને વિષે વસવું છે જેનું એવી.

છાયા સંભાર સારે વરકમલકરે તારહારાભિરામે—કાંતિના સમૂહે કરીને પ્રધાન એવી, સુંદર કમળ છે જેના હાથને વિષે એવી, વળી દેદીપ્યમાન હારે કરીને સુંદર છે હૃદય જેનું તેણે કરીને સુંદર એવી.

વાણીસંદોહ દેહે ભવવિરહ વરં દેહિ મે દેવિસારં ॥૪॥—વળી દ્વાદશાંગીરૂપ વાણી તેનો સમુહ તેજ છે શરીર જેનું એવી દેવી મને સુંદર મોક્ષરૂપી વરદાન આપ.

અથ પુખ્ખરવર દીવઢ્ઢે.

પુખ્ખરવર=પુષ્કરવર	સીમા=મર્યાદાને	કરે=કરે
દીવઢ્ઢે=અરધા દ્વીપમાં	ધરસ્સ=ધારણ કરનારને	પમાયં=પ્રમાદને
ધાયઈ=ધાતકી	પપ્ફોડિય=અત્યંત તોડી નાંખી છે	સિદ્ધા=સિદ્ધ એવા
સંડેઅ=ખંડમાં	મોહજાલસ્સ=મોહજાલને	ભો=હે લોકો
જંબુદીવે=જંબુદ્વિપમાં	જાઈ=જન્મ, જાતિ	પયઓ=આદરવાળો
વિદેહે=મહાવિદેહક્ષેત્રમાં	સોગ=શોક	જિણમયે=જિનમતને
ધમ્માઈગરે=ધર્મની આદિના કરનારને	પણાસણસ્સ=નાશકરનારને	નંદી=સમૃદ્ધિ
નમંસામી=નમસ્કાર કરું છું	પુખ્ખલ=પુષ્કળ, ઘણું	દેવં=વૈમાનીકદેવને
તમ=અજ્ઞાન	વિસાલ=વિસાળ	નાગ=નાગદેવ
તિમિર=અંધકાર	આવહસ્સ=લાવનારને, કરનારને	સુવન્ન=જોતીષી દેવ
પડલ=સમૂહ	કો=કોણ	કિંન્નર=વ્યંતર દેવ
વિદ્ધંસણસ=નાશ કરનારને	દાનવ=દાનવ (પાતાળવાસી દેવ)	સ્સબ્ભૂય=સત્ય
સુરગણ=દેવસમૂહ	અચ્ચિઅસ્સ=પૂજેલા	લોગો=લોક
નરિંદ=ચક્રવતિ	લદ્ધુલબ્ભ=પામીને	જથ્થ=જ્યાં
મહિઅસ્સ=પૂજેલાને		પઇઠ્ઠિઓ=રહેલું
		જગમિણં=આ જગત
		તેલુક્ક=ત્રણ લોક
		મચ્ચ=મનુષ્ય
		અસુરં ભૂવનપતિ

વડ્ઢઉ=વૃદ્ધિ પામો	વિજયઓ=વિજયવંત	સુઅસ્સ=સિદ્ધાંતને
સાસઓ=શાસ્વત	ઉત્તરં=પ્રધાન	ભગવઓ=ભગવંત

પુખ્ખરવરદી વડ્ઢે—પુષ્કરવરનામા દ્વીપના અર્ધ ભાગમાં.

ધાયઈ સંડેઅ જંબુદીવેઅ—ધાતકીખંડમાં અને જંબુદ્વીપમાં.

ભરહેરવય વિદેહે—પાંચ ભરત, પાંચ ઐરવ્રત ને પાંચ મહાવિદેહમાં.

ધમ્માઈગરે નમંસામિ ॥ ૧ ॥—ધર્મની આદિના કરનાર (વિચરતા તિર્થંકર) ને હું નમસ્કાર કરૂં છું.

તમતિમિર પડલ વિદ્ધંં, સણુસ્સ—અજ્ઞાનરૂપી અંધકારના સમુહને નાશ કરનાર.

સુરગણ નરિંદ મહિઅસ્સ—દેવતાના સમૂહ તથા ચક્રવર્ત્તિએ પૂજ્યા એવા.

સીમાધરસ્સવંદે—મર્યાદામાં રાખનાર (સિદ્ધાંત)ને વાંદું છું.

પપ્ફોડીય મોહજાલસ્સ ॥ ૨ ॥—અત્યંતપણે તોડી નાંખી છે મોહરૂપી જાળ જેણે એવા સિદ્ધાંતને વાંદું છું.

જાઇજરામરણ સોગપણાસણુસ્સ—જન્મ, જરા, મરણ અને શોક તેનો અતિશયે કરી નાશ કરનારને.

કલ્લાણ પુખ્ખલ વિસાલ સુહાવહસ્સ—કલ્યાણનું કરનાર અને પુષ્કળ વીસ્તીર્ણ એવા મોક્ષ સંબંધી સુખના આપનાર.

કો દેવદાણુવ નરિંદ ગણચ્ચિઅસ્સ—કોણ ? દેવ, દાનવ અને રાજાઓના સમૂહ તેમણે પુજેલા એવા.

ધમ્મસ્સસાર મુવલબ્ભ કરે પમાયં—શુદ્ધ ધર્મ તેનો સાર પામીને કોણ પ્રમાદ કરે ?

સિદ્ધે ભો પયઓણમો જિણમયે—હે જ્ઞાનવંત લોકો ! સિદ્ધ એવા જિનમતને આદરસહિત થકો હું નમસ્કાર કરૂં છું.

નંદી સયા સંજમે—તે જિનમતના પ્રસાદથી સંજમને વિષે સદા સમૃદ્ધિ થાઓ.

દેવં નાગ સુવન્ન કિન્નર ગણ, સબ્ભુય ભાવચ્ચિએ—દેવ, નાગ, જ્યોતિષી અને વ્યંતરના સમૂહે સત્યભાવે કરી પૂજ્યો છે.

લોગો જત્થ પઇટ્ઠિઓ જગમિણં તેલુક્ક મચ્ચાસુરં—વળી જે જિનમતને વિષે ત્રિકાળ જ્ઞાન કહ્યું છે, તથા ત્રણ લોક એટલે મનુષ્ય, દેવતા, નારકી તે પ્રકારનું આ જગત તેને પ્રકાશ્યું છે.

ધમ્મો વડ્ઢઓ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ—એવો શ્રુતધર્મ તે વૃદ્ધિને પામો તે શાશ્વતો છે, વિશેષ જયવંત ધર્મનું પ્રધાનપણું થાય તેમ વૃદ્ધિને પામો.

સુઅસ્સ ભગવઓ—હે ભગવંત ! તે શ્રુત સિદ્ધાંતને આરાધવા ભણી.

કરેમિ કાઉસ્સગ્ગં—કાઉસ્સગ્ગ કરૂં છું.

અથ સિદ્ધાણં બુદ્ધાણં.

ગયાણં=ગએલાને, પામેલાને	ઇક્કો=એક	દિક્ખા=દિક્ષા
પરંપર=પરંપરાએ	વિ=પણ	નાણં=કેવળજ્ઞાન
લોઅ=લોક (ના)	વસહસ્સ=વૃષભ સરખાને	નિસીહિઆ=મોક્ષકલ્યાણક
અગ્ગં=અગ્રભાગને	વદ્ધમાણસ્સ=વર્દ્ધમાન સ્વામીને	જસ્સ=જેમનું
ઉવગયાણં=પામેલાને	સાગરાઓ=સમુદ્રથી	અરિટ્ઠનેમિં=અરિષ્ટનેમીને
દેવાણ=દેવતાઓને	તારેઇ=તારે છે	ચત્તારિ=ચાર
વિ=પણ	નરં=પુરૂષને	અટ્ઠ=આઠ
પંજલિ=હાથ જોડીને	વ=વળી	દો=બે
તં=તેને	નારિ=નારીને, સ્ત્રીને	પરમટ્ઠ=પરમાર્થે કરી
દેવદેવ=દેવતાના રાજા	ઉજ્જિંત=ગિરનાર	નિટ્ઠિઅટ્ઠા=સિદ્ધ થયા છે અર્થ જેમના
મહિયં=પૂજેલાને	સેલ=પર્વતના	દિસતું=આપો
સિરસા=માથાવડે	સિહરે=શિખર ઉપર	
મહાવીરં=મહાવીરસ્વામીને		

સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં—સિદ્ધને, બુદ્ધને, સંસારસમુદ્રથી પારગત થએલાને, અનુક્રમે મોક્ષ પહોંચેલાને.

લોઅગ્ગ મુવગયાણં, નમો સયા સવ્વ સિદ્ધાણં ॥ ૧ ॥—લોકના અગ્રભાગને પહોંચેલા એવા સર્વે સિદ્ધોને સદા નમસ્કાર થાઓ. ॥૧॥

જો દેવાણવિ દેવો—જે દેવોનો પણ દેવ છે.

જં દેવાપંજલી નમંસંતિ—જેને દેવો હાથ જોડીને નમે છે.

તં દેવ દેવમહિઅં—તે દેવતાનો દેવ એટલે ઇંદ્ર તેણે પુજ્યા છે તેવા.

સિરસા વંદે મહાવીરં ॥ ૨ ॥—મહાવીરસ્વામીને મસ્તકે કરીને નમસ્કાર કરૂં છું ॥ ૨ ॥

ઇક્કોવિ નમુક્કારો—એક પણ નમસ્કાર.

જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ—જીનવરમાં વૃષભ સરખા એટલે પ્રધાન એવા વર્દ્ધમાનસ્વામીને (કરવાથી.)

સંસાર સાગરાઓ, તારેઈ નરં વ નારિ વા ॥ ૩ ॥—સંસારસમુદ્રથી માણસ અથવા સ્રીને તારે ॥ ૩ ॥

ઉજ્જિંત સેલ સિહરે—ગીરનારપર્વતના શિખર ઉપર.

દિખ્ખા નાણં નિસીહિઆ જસ્સ—દિક્ષાકલ્યાણક, કેવળજ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણક એ ત્રણે જેમનાં થયાં છે.

તં ધમ્મ ચક્કવટ્ટિં—તે ધર્મ ચક્રવર્તિ.

અરિટ્ઠનેમિં નમંસામિ ॥ ૪ ॥—અરિષ્ટનેમિને હું નમસ્કાર કરૂં છું.

ચત્તારિ અટ્ઠ દસ દો, અ—ચાર, આઠ, દસ અને બે.

વંદિઆ જિણવરા ચઉવ્વીસં—ચોવીસ જીનવરને નમસ્કાર ઇન્દ્રાદિકે કરેલા છે.

પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા—પરમાર્થે કરી સિદ્ધ થયા છે અર્થ જેમના એવા.

સિદ્ધા સિદ્ધિં મમદિસંતુ ॥ ૫ ॥—સિદ્ધો મને સિદ્ધિ આપો.

અથ વેયાવચ્ચગરાણં.

વેઆવચ્ચ=વૈઆવચ્ચ	સંતિ=શાંતિ	સમાહિ=ચિત્તનીસમાધિ
ગરાણં=કરનારને	સમદિટ્ઠિ=સમતિકદૃષ્ટિ	

વેયાવચ્ચગરાણં, સંતિગરાણં—શ્રી જીનશાસનના વૈયાવચ્ચ એટલે સારસંભાળ કરનાર અને શાન્તિના કરનાર.

સમ્મદ્દિટ્ઠિસમાહિ ગરાણં—સમકિતદ્રષ્ટિ જીવોને સમાધિના કરનાર (દેવોને આશ્રીને.)

કરેમિ કાઉસ્સગ્ગં—હું કાઉસ્સગ્ગ કરૂં છું.

અથ દેવસિઅ પડિક્કમણે ઠાઉં

સવ્વસ્સ=સર્વને	દુબ્ભાસિઅ=માઠું બોલેલું	દુચ્ચિટ્ઠિઅ=માઠી ચેષ્ટા રૂપ
દુચ્ચિંતિઅ=માઠું ચિંતવેલું		ઈચ્છં=હું ઇચ્છું છું

સવ્વસ્સવિ, દેવસિઅ—સર્વે પણ દિવસ સંબંધી અતિચાર તે.

દુચ્ચિંતિઅ, દુબ્ભાસિય, દુચ્ચિટ્ઠિઅ, તસ્સ મિચ્છામિદુક્કડં—દુશ્ચિંતિત તે માઠું ચિંતવેલું તે થકી, વળી દુર્ભાષિત જે ઉપયોગરહિત ખોટું બોલવું તે થકી, વળી દુશ્ચેષ્ટિત એટલે ઉપયોગરહિત દુષ્ટ ચેષ્ટારૂપ પ્રવૃત્તિ કરવા થકી, જે અતિચાર લાગ્યો હોય, તે મારૂં પાપ મિથ્યા થાઓ.

અથ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં.

જો=જે	ઉમગ્ગો=અવળામાર્ગથી	અણ=નહીં
મે=મહારે જીવે	અકપ્પો=અવિધિથી કરેલું	ઇચ્છિયવ્વો=ઇચ્છવાયોગ્ય
દેવસિઓ=દિવસ બંધી	અકરણિજ્જો=નહીં કરવાયોગ્ય	અ=નહીં
અઇયારો=અતિચાર		સાવગ=શ્રાવક
કઓ=કર્યો	દુજ્ઝાઓ=દુર્ધ્યાન	પાઉગ્ગો=પ્રાયોગ્ય,ઉચિત
કાઇઓ=કાયા સંબંધી		નાણે=જ્ઞાનને વિષે
વાઇઓ=વચન સંબંધી	દુવિચિંતિઓ=માઠું કાર્ય વિચાર્યું	દંસણે=દર્શનને વિષે
માણસિઓ=મનસંબંધી		ચરિત્તાચરિત્તે=દેશવિરતિ ચારિત્રને વિષે
ઉસ્સુત્તો=ઉત્સૂત્ર સંબંધી	અણાયારો=અનાચાર	

સુએ=સૂત્રને વિષે	પંચણ્હં=પાંચ (ના)	બારસ=બાર
તિણ્હં=ત્રણ (નું)	અણુંવ્વયાણું=અણુવ્રતોનું	વિહસ્સ=પ્રકારના
ગુત્તિણું=ગુપ્તિઓના	ગુણવ્વયાણું=ગુણવ્રતોનું	ખંડિયં=ખંડયું
ચઉણ્હં=ચાર (ના, માં)	સિક્ખા=શિક્ષા	વિરાહિયં=વિરાધ્યું
કસાયાણું=કષાયોનો		

ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્—પોતાની ઇચ્છાએ કરીને આજ્ઞા કરો. હે ભગવંત !

દેવસિઅં આલોઉં—દિવસ સંબંધી જે અતિચાર તે પ્રત્યે આલોચું=પ્રકાશું

ઇચ્છં આલોએમિ—આ રીતે પ્રકાશું છું.

જોમે દેવસિઓ અઇયારો કઓ—જે મારે જીવે દિવસ સંબંધી અતિચાર કીધો હોય.

કાઇઓ વાઇઓ માણસિઓ—કાયા સંબંધી, વચન સંબંધી અને મન સંબંધી.

ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો—ઉત્સૂત્ર એટલે જિનાગમથી વિરૂદ્ધ બોલવાથી તથા ઉન્માર્ગથી અવિધિથી.

અકરણિજ્જો દુજ્જાઓ—અકરણીય=નહીં કરવા યોગ્ય એવો, જે કોઈ અતિચાર તથા દુર્ધ્યાન તે માઠા ધ્યાનનું ધ્યાવવું.

દુવિચિંતિઓ અણાયારો—દુષ્ટ કાર્યને મનમાં ચિંતવવું તે માટેજ અનાચાર=જે થકી વ્રતાદિકનો સર્વથા ભંગ થાય તે માટેજ.

અણિચ્છિઅવ્વો અસાવગ પાઉગ્ગો—જે ઇચ્છવાયોગ્ય નથી તે માટેજ શ્રાવકને ઉચિત નથી. એ રીતે સર્વ મન સંબંધી અતિચાર.

નાણે દંસણે ચરિત્તા ચરિત્તે—જ્ઞાનને વિષે, દર્શનને વિષે, કંઇક વિરતિરૂપ, કંઇક અવિરતિરૂપ, એવું જે દેશવિરતિરૂપ શ્રાવકનું ચારિત્ર તેને વિષે.

સુએસામાઇએ તિન્હં ગુત્તીણં—શ્રુતસિદ્ધાંતને વિષે, સામાયિકને વિષે, ત્રણ ગુપ્તિને વિષે.

ચઉન્હં કસાયાણં—ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર કષયો કરી.

પંચન્હ મણુવ્વયાણં—પાંચ અણુવ્રત માંહેથી.

તિન્હં ગુણવ્વયાણં, ચઉન્હં સિખ્ખા વયાણં—ત્રણ ગુણવ્રત માંહેથી તથા ચાર શિક્ષાવ્રત માંહેથી.

બારસવિહસ્સ સાવગધમ્મસ્સ—એ બાર પ્રકારના વ્રતરૂપ જે શ્રાવક-ધર્મ તે માંહેથી.

જં ખંડિઅં જં વિરાહિઅં—જે ખંડ્યું=દેશથકી ભાગ્યું, અને જે વિ-રાધ્યું=સર્વથકી ભાગ્યું હોય.

તસ્સ મિચ્છામિ દુક્કડં—તેનું પાપ મારે મિથ્યા થાઓ.

અથ અતિચારની આઠ ગાથા.

નાણંમિ=જ્ઞાનને વિષે
દંસણંમિ=દર્શનને વિષે
ચરણંમિ=ચારિત્રનેવિષે
તવંમિ=તપને વિષે
તહ=તેમજ
વીરિયંમિ=વીર્યને વિષે
આયરણં=આચરણ, વ્યાપાર
આયારો=આચાર
પંચહા=પાંચ પ્રકારે
ભણિઓ=કહ્યો
કાલે=કાલને વિષે
વિણએ=વિનયને વિષે
બહુમાણે=બહુમાને
ઉવહાણે=ઉપધાન
અનિન્હવણે=(ગુરુ)નહીં ઓળવવા

વંજણ=શુદ્ધ ઉચ્ચાર
અથ્થ=અર્થ
તદુભયે=તે બે
અટ્ઠવિહો=આઠ પ્રકારે
નિસ્સંકિઅ=શંકારહિત
નિક્કંખિઅ=વાંછારહિત
નિવ્વિતિગિચ્છા=ફલના સંદેહરહિત
અમૂઢદિટ્ઠીઅ=અમૂઢ-દ્રષ્ટિ
ઉવવૂહ=પ્રશંસા કરવી
થિરિકરણે=સ્થિર કરવું
વચ્છલ=ભક્તિભાવ, મૈત્રીભાવ
પ્પભાવણે=પ્રભાવના
પણિહાણ=પ્રણિધાન
જોગ=યોગ

પંચહિં=પાંચવડે
સમિઈહિં=સમિતિવડે
તિહિં=ત્રણવડે
ગુત્તીહિં=ગુપ્તિઓવડે
ચરિત્તાયારો=ચારિત્રાચાર
નાયવ્વો=જાણવો
બારસ=બાર
વિહંમિ=પ્રકારને વિષે
તવે=તપને વિષે
સભ્યંતર=અભ્યંતર સાથે
બાહિરે=બાહ્યને વિષે
કુસલ=તીર્થંકરોએ
દિટ્ઠે=પ્રકારનું
અગિલાઇ=દુગંચ્છાર-હિત

અણાજીવિ=આજીવિકા રહિત
સો=તે
તવાયારો=તપાચાર
અણસણં=અનશન
ઉણાયરિયા=ઉણોદરી
વિત્તી=વૃત્તી, આજીવિકા
સંખેવણં=સંક્ષેપ, સંકોચ
રસ=રસ
ચાઓ=ત્યાગ
કિલેસો=કલેશ, દમવું
સંલીણયા=સંલીનતા
બજ્જો=બાહ્ય
પાયચ્છિત્તં=પ્રાયશ્ચિત
વિણઓ=વિનય
સજ્ઝાઓ=સજ્ઝાય
ઝાણું=ધ્યાન
ઉસ્સગ્ગો=કાઉસ્સગ્ગ
અબ્ભિંતરઓ=અભ્યંતર
અણિગૂહિઅ=અણદાંકેલું
બલ=બલ
પડિક્કમઇ=ઉદ્યમ કરેછે
જહુત્તં=યથોક્ત
આઉત્તો=સાવધાન થકો
જુંજઇ=જોડે
જહાથામં=યથાશક્તિ

નાણંમિ દંસણંમિઅ—જ્ઞાનને વિષે, દર્શનને વિષે
ચરણંમિ, તવંમિ, તહયવીરિયંમિ—ચારિત્રને વિષે, વળી તપને વિષે, તેમજ વીર્યને વિષે.

આયરણં આયારો—જે આચરણ એટલે વ્યાપાર, તેને આચાર કહીએ.
ઇઅએસો પંચહા ભણિઓ ॥૧॥—એ પ્રકારે. એ પ્રત્યક્ષ પાંચ પ્રકારે આચાર તે શ્રી તીર્થંકરે કહ્યો છે. ॥ ૧ ॥
કાલે વિણએ બહુમાણે—કાલને વિષે, એટલે જે કાલે જે ભણવાનું હોય તેજ ભણવું તેને કાલ કહીએ. બીજું વિણએ કહેતાં જ્ઞાનીનો વિનય વંદનાદિક કરવું, જ્ઞાની તથા જ્ઞાનને વિષે બહુમાન કરવું.
ઉવહાણે તહય નિણ્હવણે—ઉપધાન વહેવું, તેમજ વિદ્યાગુરૂ તેને વિસારવા નહિ.
વંજણ અથ્થ તદુભએ—સુત્ર, અક્ષર શુદ્ધ ભણવો, અર્થ શુદ્ધ ભણવો, તે બે શુદ્ધ ભણવાં.
અઠ્ઠવિહોનાણમાયારો ॥ ૨ ॥—એ આઠ પ્રકારે જ્ઞાનાચાર જાણવો.
નિસ્સંકિઅ, નિક્કંખિઅ—નિઃશંકિત=વિતરાગના વચનમાં શંકા ન કરવી, નિઃકાંક્ષિત=જીનમતવિના બીજા મતની ઇચ્છા કરવી નહીં.
નિવ્વિત્તિગિચ્છા અમૂઢ દિઠ્ઠીઅ—નિર્વિતિગિચ્છા=સાધુ, સાધવીનાં મેલાં વસ્ત્ર દેખી દુર્ગંછા, નિંદા કરવી નહિ, અમૂઢદૃષ્ટિ=બીજા મતના લોકનો

ચમત્કાર દેખી એ મતમાં કાંઇક છે એમ વિચારવું નહીં, તથા જીનમતના નવતત્વમાં પ્રવીણ હોવું તે.

ઉવવૂહ થીરિકરણે—ઉપવૃહંક=સમકિતધારી ગુણવંતના અલ્પગુણની શ્રદ્ધાપુર્વક પ્રશંસા મોઢે પ્રકાશવી તે, સ્થિરિકાર=જીનમતથી પડતા પ્રાણીને સ્થિર કરનાર.

વચ્છલ્લ પ્પભાવણે, અટ્ઠ ॥ ૩ ॥—વચ્છલ=સાધર્મિકની વિશેષ ભક્તિ કરવી તથા સર્વ જીવોને વિષે મૈત્રીભાવ રાખે તે, પ્રભાવિક=બીજા ધર્મના લોક જીનધર્મની અનુમોદના કરે એવાં. કામ કરવાં. એ આઠ લક્ષણ દર્શનાચારનાં જાણવાં.

પણિહાણ જોગજુત્તો—પ્રાણિધાન=એકાગ્ર સાવધાનપણે કરી, મન વચન કાયાના યોગ સર્વ ચારિત્ર પાળવાને વિષે યુક્ત હોય એવો.

પંચહિં સમિઇહિંતિહિં ગુત્તીહિં—પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ તેણે કરી.

એસચરિત્તાયારો—એ ચારિત્રાચાર.

અટ્ઠવિહો હોઇ નાયવ્વો ॥ ૪ ॥—એ આઠ પ્રકારે છે તે જાણવું.

બારસવિહંમિવિ તવે—બાર વિધ તપને વિષે નિશ્ચે.

સબ્ભિંતર બાહિરે કુસલદિટ્ઠે—છ ભેદ અભ્યંતર અને છ ભેદ બાહ્યસહિત છે. વળી તિર્થંકરોએ પ્રકાસ્યું છે એવા તપને વિષે.

અગિલાઇ અણાજીવી—દુર્ગંછા ભાવરહિત છે, વળી અશનાદિક આજીવિકાએ કરી રહિત છે, એટલે હું જો તપ કરૂં તો પેટભરાઇ ચાલે એવી બુદ્ધિથી તપ ન કરવો.

નાયવ્વો સો તવાયારો ॥૫॥—તે તપ્પાચાર જાણવો.

અણસણ મૂણોયરિયા—અનશનતપ=ચાર આહારનો ત્યાગ થોડા કાળસુધી અથવા જાવજીવ સુધી કરવો તે, ઉનોદરિકા=વસ્ત્ર પાત્ર ઓછાં કરવાં અથવા ખપ હોય તે કરતાં પાંચ સાત કોળીઆ ઓછા જમવા તે.

વિત્તી સખેવણં રસચ્ચાઓ—વૃત્તિ સંક્ષેપ તપ=આજીવિકાનો સંક્ષેપ કરવો અને રસનો ત્યાગ કરવો.

કાયકિલેસોસંલી, ણયાય—કાયોત્સર્ગ કરવો=કાયાને દમવી, વિષયકષાયને

ઉદીરવા નહીં, અંગોપાંગ કુકડીની પેઠે સંવરી રાખવા, તેને સંલીનતા તપ કહીએ.

બજ્ઝો તવો હોઇ ॥ ૬ ॥—એ બાહ્યતપ છે.

પાયચ્છિત્તં વિણઓ—પ્રાયશ્ચિતતપ=અપરાધ કરેલો હોય તેની ગુરૂ પાસે આલોયણા લેવી તે. વિનયતપ=ગુરૂનો વિનય તથા ભક્તિ સાચવવી.

વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ—વૈયાવૃત્યતપ=ગુરૂને આહારાદિક લાવી આપવા, પગ ચાંપવા, વિગેરે વૈયાવચ્ચ કરવી તે. તેમજ વળી સઝાય=ભણવું. ઇત્યાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય.

ઝાણં ઉસ્સગ્ગો વિઅ—ધ્યાનતપ=શુભ ધ્યાનનું ધ્યાવવું, ઉત્સર્ગતપ=કર્મક્ષય અર્થે કાઉસ્સગ્ગ કરવો, નિશ્ચે.

અબ્ભિંતર ઓ તવો હોઇ ॥ ૭ ॥—એ ૭ પ્રકારે અભ્યંતરતપ છે.

અણિગૂહિઅ બલ વીરિઓ—અણઢાંકેલું પ્રગટ વીર્ય જેનું.

પડિક્કમઇ જો જહુત્તમાઉત્તો—જે યથોક્ત=શ્રી તિર્થંકર દેવે કહ્યું છે તેમ ખેદ નહીં પામતો ધર્મ વિષે સાવધાન થકો ઉદ્યમ કરે.

જુંજઇ અ જહા થામ—પોતાના બળના અનુસારે યથાશક્તિ પ્રમાણે જોડે એટલે લાગે, ધર્મકાર્યને વિષે.

નાયવ્વો વીરિઆયારો ॥ ૮ ॥—એ વીર્યાચાર જાણવો.

અથ ગુરૂ વાંદણાં પ્રારંભ.

અણુજાણહ=આજ્ઞા આપો
મિઉગ્ગહં=મિતઅવગ્રહ ૩॥ હાથ પ્રમાણ જગ્યા
નિસીહિ=નિષેધું છું
અહો=અધો, નીચી
કાયં=શરીર
સંફાસં=ફરસ, સંસ્પર્શ
ખમણિજ્જો=ખમજો
ભે=ભગવંત
કિલામો=કિલામણા, થાક
અપ્પ=અલ્પ, થોડા
કિલંતાણં=થાકેલાને, થોડા શ્રમવાળાને
બહુસુભેણ=બહુ શુભ વડે, ઘણે કુશલપણે
દિવસો=દિવસ
વઇક્કંતો=વીત્યો, ગયો
જત્તા=યાત્રા, (તપસંયમ નિયમરૂપ)
જવણિજ્જં-શરીર, (ઇંદ્રીયો અને મન)
ખામેમિ=ખમાવું છું, ખામું છું

દેવસિયં-દિવસસંબંધી
વઇક્કમ્મં=વ્યતિક્રમ
આવસિઆએ=અવશ્ય કર્તવ્યથી
ખમાસમણાણં=ક્ષમાશ્રમણોની (સંબંધી)
દેવસિઆએ=દિવસ સંબંધી
આસાયણાએ=આશાતનાએ કરીને
તિત્તીસ=તેત્રીસ
અન્નયરાએ=અનેરી
જંકિંચિ=જે કાંઈ
મિચ્છાએ=મિથ્યાભાવ (રૂપ આશાતના) વડે
મણ=મન (ની)
દુક્કડાએ=પાપરૂપ આશાતનાએ
વય=વચન (ની)
કાય=શરીર (ની)
કોહાએ=ક્રોધે કરી
માણાએ=માને કરી
માયાએ=માયાએ કરી
લોભાએ=લોભે કરી
કાલિઆએ=કાળ સંબંધી
મિચ્છોવયારાએ=મિથ્યા ઉપચારવડે, કુડ કપટવડે
સવ્વધમ્મ=સર્વ ધર્મ તે આઠ પ્રવચન માતારૂપ
અઇક્કમણાએ=ઓળંઘવારૂપ
જો=જે
મે=મેં, મારે જીવે
અઇઆરો=અતિચાર
કઓ=કર્યો

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં—હું ઇચ્છું છું. હે ક્ષમાદિક ગુણે કરી પ્રધાન ! વાંદવાને.

જાવણિજ્જાએ નિસીહિઆએ ॥ ૧ ॥—પાપ વ્યાપારરહિત શરીરની શક્તિવડે.

અણુજાણહ, મે મિઉગ્ગહં ॥ ૨ ॥—મિત્ત અવગ્રહ એટલે સાડાત્રણ હાથ પ્રમાણે ક્ષેત્ર તે માંહે પ્રવેશ કરવાની, મુજને આજ્ઞા આપો. એટલું શિષ્યનું વચન સાંભળી ગુરૂ કહે. (અણુજાણામિ કહેતાં) હું આજ્ઞા આપું છું. એ ગુરૂનું વચન.

નિસીહિ—પછી શિષ્ય નિસીહિ=ગુરૂ વંદણ શિવાય બીજી ક્રિયા નિષેધ એમ કહેતો થકો અવગ્રહમાં પેશીને બેશી સાધુ ડાબા ઢીંચણ ઉપર અને શ્રાવક ચવળા ઉપર મહોપત્તી મુકી બે હાથ કપાળે લગાડી ગુરૂના ચરણ પ્રતે સ્પર્શ કરવા આ રીતે કહે.

અહો, કાયં, કાય, સંફાસં—નીચુલી કાય એટલે પગ, તે પ્રતે મારી મસ્તકરૂપ કાયાએ કરી સ્પર્શ કરવાવડે.

ખમણિજ્જો, ભે, કિલામો—હે ભગવંત! કંઇ ખેદ ઉપજાવ્યો હોય તે ખમજો.

અપ્પ કિલંતાણં, બહુસુભેણભે, દિવસો વઇક્કંતો ॥ ૩ ॥—થોડો છે થાક જેને એવા તમને ઘણા શુભે કરીને (ક્ષેમકુશળે) આપ સાહેબનો દીવસ વીત્યો! (ગુરૂ કહે તહત્તિ=તેમજ.) ગુરૂનું વચન સાંભળી શિષ્ય કહે.

જત્તાભે ॥ ૪ ॥—હે કરૂણાસમુદ્ર! આપ સાહેબની તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાયરૂપ યાત્રા અવ્યાબાધપણે વર્તે છે? તે સાંભળી ગુરૂ કહે. (તુજ્જંવિવટ્ટએ) તને પણ વર્તે છે?

જવણિજ્જં ચ ભે, ॥ ૫ ॥—ઇંદ્રિય અને નોઇંદ્રિએ પીડિત નહીં એવું તમારૂં શરીર છે? ગુરૂ કહે. (એવં) એમજ છે.

ખામેમિ, ખમાસમણો,—હે ક્ષમાશ્રમણ ખમાવું છું.

દેવસિઅં વઇક્કમ્મં ॥ ૬ ॥—દિવસ સંબંધી અપરાધ. એ સાંભળી ગુરૂ કહે. (અહમવિ ખામેમિ) હું પણ (સારણ વારણાદિકમાં થએલો પ્રમાદ) ખમાવું છું. પછી શિષ્ય પગે જીનમુદ્રા અને હાથે યોગમુદ્રા સાચવતો ઉભો રહી નીચે પ્રમાણે કહે.

આવસિઆએ પડિક્કમામિ—અવસ્ય કર્તવ્ય જે ચરણસીત્તરી અને કરણસીત્તરીરૂપ પડિલેહણ પ્રમુખ કરતાં જે અતિચાર લાગ્યો હોય તેથી માઠું આચર્યું હોય તે થકી નિવર્તું છું.

ખમાસમણાણં, દેવસિઆએ, આસાયણાએ—હે ક્ષમાશ્રમણ! તમને દિવસ સંબંધીની આશાતના.

ત્તિત્તીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ—તેત્રીસ માંહેની અનેરી કોઇ આશાતનાએ કરીને જે કંઇ કુડું આલંબન લઇ મિથ્યાભાવ વર્તાવ્યો હોય તે કિંચિત્ મિથ્યાભાવરૂપ આશાતનાએ કરીને.

મણ દુક્કડાએ વય દુક્કડાએ,—મન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ, વચન સંબંધી પાપ એટલે અસભ્યવચને કરી થયેલી આશાતનાએ કરી.

કાય દુક્કડાએ—કાયાસંબધી પાપ તે રૂપ આશાતનાએ કરી.

કોહાએ, માણાએ, માયાએ, લોભાએ—ક્રોધે કરી, માને કરી, માયા એટલે કપટે કરી, અને લોભે કરી.

સવ્વકાલિઆએ સવ્વમિચ્છોવયારાએ—સર્વ કાળ સંબંધી અને સર્વ મિથ્યા ઉપચારરૂપ, કુડ કપટરૂપ આશાતનાએ કરીને.

સવ્વ ધમ્માઇક્કમણાએ આસાયણાએ—સર્વ ધર્મ તે આઠ પ્રવચનમાતારૂપ ધર્મની કરણીને ઓળંગવારૂપ આશાતનાએ કરીને.

જો, મે, અઇયારો, કઓ, તસ્સ ખમાસમણો—જે મેં અતિચાર કર્યો હોય, તે અતિચાર પ્રતે હે ક્ષમાશ્રમણ તમારી સમીપે.

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં, વોસિરામિ ॥૭॥—પ્રતિક્રમું છું, નિંદુ છું, ગુરૂની સાખે ગરહું છું=વિશેષે નિંદું છું. દુષ્ટ પાપિષ્ટ આત્માપ્રત્યે હું વોસિરાવું છું.

(અહીંઆં બીજીવારને વાંદણે આવસિઆએ એ પદ ન કહેવું.)

અથ સાત લાખ.

પૃથ્વિકાય=માટી પાષાણાદિકના જીવ
અપ્પકાય=પાણીનાજીવ
તેઉકાય=અગ્નિના જીવ
વાઉકાય-વાયરાના જીવ
પ્રત્યેક=એક શરીરમાં એક જીવવાળી
સાધારણ=એક શરીરમાં અનંત જીવવાળી
વનસ્પતિકાય=શાક,ભાજીપાલા વિગેરેના જીવ
યોનિ=ઉત્પત્તિસ્થાન
હણ્યો=માર્યો
હણાવ્યો=મરાવ્યો
અનુમોદ્યો=વખાણ્યો

સાત લાખ પૃથ્વિકાય, સાત લાખ અપ્પકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દસ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચૌરેંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચપંચેંદ્રિય, ચૌદ લાખ મનુષ્ય, એવંકારે (એ પ્રમાણે) **ચોરાશી લાખ જીવાયોનિ માંહે માહારે જીવે જે કોઇ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં** (મારતાં) **પ્રત્યે અનુમોદ્યો** (વખાણ્યો) **હોય, તે સર્વે મને, વચને, કાયાએ કરી તસ્સમિચ્છામિ દુક્કડં ॥ ઇતિ ॥** (એનો અર્થ સુગમ છે.)

અથ અઢાર પાપસ્થાન.

પ્રાણાતિપાત=જીવહિંસા
મૃષાવાદ=જૂઠું બોલવું
અદત્તાદાન=ચોરી
મૈથુન=વિષય સેવવો
પરિગ્રહ=ધન, ધાન્ય સંઘરવું
ક્રોધ=ગુસ્સો
માન=અહંકાર
માયા=કપટ
લોભ=તૃષ્ણા
રાગ=હેત
દ્વેષ=તિરસ્કાર
કલહ=કજીઓ
અભ્યાખ્યાન=આળચઢાવવું
પૈશુન્ય=ચાડી
રતિ=સુખ
અરતિ=દુઃખ
પર=પારકી
પરિવાદ=નિંદા
માયામૃષાવાદ=કપટ સાથે જૂઠ
મિથ્યાત્વ=દેવગુરૂધર્મની અશ્રદ્ધા
શલ્ય=સાલ

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દસમે રાગ, અગિયારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ અરતિ, સોલમે પરપરિવાદ, સત્તરમે માયા મૃષાવાદ, અઢારમે મિથ્યાત્વશલ્ય. એ અઢાર પાપસ્થાનક માંહે માહારે જીવે જે કોઇ પાપ સેવ્યું, હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય, તે સર્વે મને વચને, કાયાએ કરી તસ્સમિચ્છામિદુક્કડં ॥

અથ સવ્વસ્સવિ.

(આનો અર્થ પાછળ પાને ૪૪ મે આવી ગયો છે, ત્યાંથી જોઈ લેવો.)

અથ ઇચ્છામિ પડિક્કમિઉં.

(આનો અર્થ પાછળ પાને ૫ મે આવી ગયો છે, ત્યાંથી જોઈ લેવો.)

અથ શ્રાવક પડિક્કમણસૂત્ર.

અથવા

વંદિતાસૂત્ર.

ગાથા ૧ થી ૧૦ સુધી.

વંદિત્તુ=વાંદીને
સવ્વ=સર્વ
સિદ્ધે=સિદ્ધોને
ધમ્માયરિએ=ધર્માચાર્ય
અ=અને, વળી
અઇયારસ્સ=અતિચારને
સુહુમો=સુક્ષ્મ
બાયરો=બાદર, મોટા
નિંદે=નિંદુ છું
દુવિહે=બે પ્રકારના
પરિગ્ગહંમિ=પરિગ્રહને વિષે
સાવજ્જે=પાપસહિત, સાવદ્ય
બહુવિહેઅ=ઘણા પ્રકારના
આરંભે=આરંભને વિષે
કારાવરણે=કરાવવાથી
કરણે=કરવાથી
પડિક્કમે=પ્રતિક્રમું છું

દેસિઅં=દિવસ સંબંધી
બદ્ધં=બાંધ્યું હોય
ઇંદિએહિં=ઇંદ્રિયોવડે
ચઉહિં=ચાર (વડે)
કસાએહિં=કષાયોવડે
અપ્પસત્થેહિં=માઠા ભાવે કરીને
રાગેણ=રાગે કરીને
દોસેણ=દ્વેષે કરીને
આગમણે=આવતાં
નિગ્ગમણે=જતાં
ઠાણે=સ્થાનકે
ચંકમણે=ફરતાં
અણાભોગે=અનુપયોગે
અભિઓગે=આગ્રહથી
નિઓગે=આજ્ઞાથી
સંકા=શંકા
કંખ=કાંક્ષા, ઇચ્છા
વિગિચ્છા=ફલનો સંદેહ, દુગંછા

પસંસ=વખાણ, પ્રશંસ
સંથવો=સ્તુતિ
કુલિંગીસુ=મિથ્યાત્વીને વિષે
સમ્મતસ્સ=સમકિતના
છક્કાય=છ કાય
સમારંભે=આરંભનેવિષે
પયણે=રાંધવામાં
પયાવણે-રંધાવતાં
દોસા=દોષો
અત્તટ્ઠા=પોતાને અર્થે
પરટ્ઠા=પારકાને અર્થે
ઉભયટ્ઠા=બેને અર્થે
ચેવ=નિશ્ચે
થુલગ=મોટા
અણુવ્વયંમિ=અણુવ્રતને વિષે
પાણાઇવાય=પ્રાણાતિપાત
વિરઇઓ=વિરતિથી

આયરિઅં=આલંઘવું, આચર્યું	વહ=વધ	ભારે=ભારવડે
અપ્પસત્થે=માઠાભાવે	બંધ=બાંધવું	ભત્ત=ખોરાક
ઇત્થ=અહીંઆં	છવિ=શરીરનાં અંગ	પાણ=પાણી
પ્પસંગેણં=પ્રસંગવડે	ચ્છેએ=છેદવાથી	વુચ્છેએ=અંતરાય
	અઇ=અતિ, ઘણાં	વયસ્સ=યતના

વંદિત્તુ સવ્વસિદ્ધે—સર્વજ્ઞ એવા તિર્થંકર તેમને તથા સિદ્ધ ભગવાનને.

ધમ્માયરિએ અ સવ્વ સાહૂઅ—ધર્માચાર્ય તથા ઉપાધ્યાય તથા સર્વ સાધુમુનિરાજને વાંદીને નમસ્કાર કરીને.

ઇચ્છામિ પડિક્કમિઉં, સાવગ ધમ્માઇઆરસ્સ ॥૧॥—શ્રાવકધર્મને વિષે લાગેલા અતિચાર થકી નિવર્તવાને હું ઇચ્છું છું ॥ ૧ ॥

જો મે વયાઇઆરો, નાણે તહ દંસણે ચરિત્તે અ—જે મારે વ્રતોના અતિચાર જ્ઞાનને વિષે તથા દર્શનને વિષે તથા ચારિત્રને વિષે અને ચ શબ્દથકી તપાચાર તથા વીર્યાચારને વિષે.

સૂહુમો અ બાયરો વા, તંનિંદે તંચગરિહામિ ॥૨॥—સૂક્ષ્મ તથા બાદર કે પ્રગટ જાણવામાં આવે તેવો જે કોઇ અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું, તથા ગુરૂ સમક્ષ ગરહું છું, ॥ ૨ ॥

દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહે અ આરંભે—બે પ્રકારના પરિગ્રહ છે તેની ઉત્પત્તિનું કારણ સાવદ્ય=પાપસહિત એવો વળી બહુવિધ=અનેક પ્રકારના આરંભ તેને,

કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૩॥—પોતે કરવાથકી તથા બીજા પાસે કરાવવાથી તથા કરતાંને અનુમોદવાથકી જે અતિચાર લાગ્યો હોય તે દિવસ સંબંધી અતિચારપ્રત્યે હું પ્રતિક્રમું છું.

જંબદ્ધમિંદિએહિં, ચઉહિંકસાએહિં અપ્પસત્થેહિં—જે બાંધ્યું હોય, ઇંદ્રિઓવડે કરી, ચાર કષાયવડે કરી, તથા માઠા ભાવે કરી,

રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૪॥—રાગે કરી અથવા દ્વેષે કરી તેને નિંદુ છું તથા ગુરૂ સાખે ગર્હું છું. ॥ ૪ ॥

આગમણે નિગ્ગમણે,—આવવા જવામાં.
ઠાણે ચંકમણે અણાભોગે,—મિથ્યાત્વીને સ્થાનકે ઉભું રહેતાં, ત્યાં આમતેમ ફરતાં, અનુપયોગથકી.
અભિઓગે અ નિઓગે—રાજાના આદેશ તથા ઘણા લોકના આગ્રહથકી, વળી પરાધિન આજીવિકા ચલાવતાં (જેની ચાકરી કરીએ) તેની આજ્ઞાથકી મિથ્યાદૃષ્ટિ સંબંધી રથયાત્રા પ્રમુખ જોવાને અર્થે જે કરવું પડે તેથી જે અતિચાર લાગે તે.
પડિક્કમે દેસિઅં સવ્વં ॥ ૫ ॥—દિવસ સંબંધી સર્વને પ્રતિક્રમું છું. ॥૫॥
સંકા કંખ વિગિચ્છા—જીન વચનમાં શંકા=સંદેહ, પરમતવાળાનો થોડો ગુણ દેખી તે ઉપર કાંક્ષા=અભિલાષા ઉપજે, સાધુ સાધવીનાં વસ્ત્ર મેલાં દેખી દુર્ગંછા કરે.
પસંસ તહ સંથવો કુલિંગીસુ—કુલિંગી મિથ્યાત્વીને વિષે પ્રશંસા=વખાણ કરે તથા સંસત્વ પરિચય કરે.
સમ્મત્તસ્સ ઈઆરે સમકિતના પાંચ અતિચાર જાણવા તે આશ્રયીને જે
પડિક્કમે દેસિઅં સવ્વં ॥ ૬ ॥—દીવસ સંબંધી પાપ બાંધ્યું તે સર્વ પડિક્કમું છું, ॥ ૬ ॥
છક્કાય સમારંભે—પૃથ્વિકાયાદિક છકાય જીવોના આરંભમાં.
પયણે અ પયાવણે અ જે દોસા—પોતે રાંધતાં, બીજા પાસે રંધાવતાં, વળી રાંધતાને અનુમોદતાં જે દોષ.
અત્તટ્ઠાય પરટ્ઠા—પોતાને અર્થે અથવા પરને અર્થે.
ઉભયટ્ઠા ચેવ તં નિંદે ॥ ૭ ॥—તે બેઉને અર્થે કરવામાં જે દોષ લાગ્યો હોય તે નિશ્ચય હું નિંદુ છું. ॥ ૭ ॥
પંચન્હમણુવ્વયાણં—પાંચ *અણુવ્રત તેને વિષે.

---

* ૧ પ્રાણાતિપાતવિરમણ, ૨ મૃષાવાદવિરમણ, ૩ અદત્તાદાનવિરમણ, ૪ મૈથુનવિરમણ, ૫ પરિગ્રહ પરિમાણ.

ગુણવ્વયાણં ચ તિન્હમઈયારે—અને ત્રણ [1]ગુણવ્રતને વિષે અતિચાર લાગ્યા હોય.

સિખ્ખાણં ચ ચઉન્હં—ચાર [2]શિક્ષાવ્રતને વિષે વળી તપસંલેખણાદીને વિષે અતિચાર લાગ્યો હોય તે સર્વ.

પડિક્કમે દેસિયં સવ્વં ॥૮॥—દિવસ સંબંધી અતિચારને હું પડિક્કમું છું. ॥૮॥

પઢમે અણુવ્વયંમિ—પહેલા અણુવ્રતને વિષે.

થૂલગ પાણાઇવાય વિરઇઓ—સ્થુલ=મોટા બાદર ત્રસ જીવ સંબંધી પ્રાણનો અતિપાત=વિનાશ તેની વિરતિ=નિવૃત્તિ તે થકી.

આયરિઅમપ્પસત્થે—જે દોષ=માઠા ભાવ હુએ છતે આચાર્યો=સેવ્યો હોય.

ઇત્થપમાય પ્પસંગેણં ॥ ૯ ॥—આ વ્રતને વિષે પ્રમાદના પ્રસંગથી સેવ્યો હોય તે આગલી ગાથામાં પડિક્કમીશ.

વહ બંધ છવિચ્છેએ—વધ=મારવું, બંધ=દોરડાદિકે બાંધવું, છવિચ્છેદ=બળદાદિકના શરીરના અવયવને છેદવાં.

અઇભારે ભત્તપાણ વુચ્છેએ—ઘણો ભાર ભર્યો, ભાત પાણીનો અંતરાય કર્યો.

પઢમ વયસ્સ ઇઆરે—પહેલા વ્રતના અતિચાર મધ્યે જે અતિચાર.

પડિક્કમે દેસિઅં સવ્વં ॥ ૧૦ ॥—દિવસ સંબંધી લાગ્યો હોય તે સર્વ હું પડિક્કમું છું. ॥ ૧૦ ॥

ગાથા ૧૧ થી ૨૦ સુધી.

બીએ-બીજા (માં)	**રહસ્સ-છાનું**	**તઇએ-ત્રીજા (માં)**
પરિ-સમસ્ત પ્રકારે, અતિશય	**દારે-સ્ત્રી**	**પર-પારકું**
અલિય-જૂઠું	**મોસ-મૃષા, જૂઠો**	**દવ્વ-દ્રવ્ય, ધન**
વયણ-વચન	**ઉવએસે-ઉપદેશે**	**તેન-ચોરે**
સહસ્સા-અણવિચાર્યું	**કૂડ-જૂઠા**	**આહડ-ચોરી આણેલી**
	લેહે-લેખને વિષે	**પ્પઓગે-પ્રયોગે**

---

૧ દિગ્વિરમણ, ભોગોપભોગવિરમણ, અનર્થદંડવિરમણ. ૨ સામાયકવ્રત, દિશાવગાસિક, પોષધોપવાસ, અતિથિસંવિભાગ.

તપ્પડિરૂવ-તત્પ્રતિરૂવ, તેના જેવી
વિરૂદ્ધ-ઉલટું
ગમણે-આચરવામાં
તુલ-તોલ
માણે-માપ
ચઉત્થે-ચોથા (માં)
પરદાર-પરસ્ત્રી
અ-નહી
પરિગ્ગહિઆ-પરણેલી, રાખેલી
ઈત્તર-ઈત્વર, થોડા કાળને વાસ્તે રાખેલી
અણંગ-કામક્રીડા
વિવાહ-વિવાહ
તિવ્વ-તિવ્ર, આકરો
અણુરાગે-અનુરાગ, અભિલાષ
ઇત્તો-એ ઉપરાંત
પંચમંમિ-પાંચમામાં
અપ્પસત્થંમિ-માઠા (માં)
પરિમાણ-પરિમાણ
પરિચ્છેએ-ઓળંગવાથી
ધણ-ધન
ધન્ન-ધાન્ય
ખિત્ત-ખેતર
વત્થુ-ઘર, હાટ (વાસ્તુ)
રૂપ્પ-રૂપું
સુવન્ને-સોનું
કુવિઅ-હલકી ધાતુ
દુપ્પયે-બે પગવાળા
ચઉપ્પય-ચારપગવાળાં
ગમણસ્સ-જવાનાં
ઉ-તો
દિસાસુ-દિશાઓમાં
ઉડ્ઢં-ઉંચી
વુડ્ઢિ-વૃદ્ધિ, વધારો
સઇ-સ્મૃતિ, યાદિ
અંતરદ્ધા-માર્ગમાં
મજ્જંમિ-મદિરા દારૂ (માં)
મંસંમિ-માંસ (માં)
પુપ્ફે-ફુલમાં
ફલે-ફળમાં
ગંધ-સુગંધી પદાર્થ
મલ્લે-માલા
ઉવભોગ-ઉપભોગ
પરિભોગે-પરિભોગ

બીએ અણુવ્વયંમિ—બીજા અણુવ્રતને વિષે.

પરિથૂલગ અલિઅવયણ વિરઇઓ,—અતિશયે કરી મોટા અલિકવચન જે જુઠું તેની વિરતીથકી.

આયરિય મપ્પસત્થે—માઠા ભાવે જે કાંઇ આચર્યું હોય.

ઇત્થ પમાય પ્પસંગેણં ॥ ૧૧ ॥—આ વ્રતમાં પ્રમાદના પ્રસંગવડે જે દોષ લાગ્યો તે આગલી ગાથામાં પડિક્કમિશ.

સહસ્સા રહસ્સ દારે—સહસાત્કારે, એકાંતે સ્ત્રીની ગુપ્ત વાત બીજાને કહેવાથી.

મોસુવએસેઅ કૂડલેહેઅ—ખોટો ઉપદેશ અને જુઠાં ખત વિગેરે લેખથી.

બીઅ વયસ્સ ઇઆરે—બીજા વ્રતના અતિચાર વિષે જે કોઇ અતિચાર.

પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૧૨ ॥—લાગ્યો હોય તે દિવસ સંબંધી અતિચારને હું પડિક્કમું છું. ॥ ૧૨ ॥

તઇએ અણુવ્વયંમિ—ત્રીજા અણુવ્રતને વિષે.

થૂલગ પરદવ્વહરણવિરઇઓ—મોટી પારકા ધનની ચોરીની વિરતિથકી.

આયરિય મપ્પસત્થે—માઠા ભાવે આચરવાથી.

ઇત્થ પમાયપ્પસંગેણં ॥ ૧૩ ॥—પ્રમાદના પ્રસંગવડે આ વ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તે આવતી ગાથામાં પડિક્કમીશ.

તેના હડપ્પઓગે—ચોરની હરણ કરેલી વસ્તુ સોંઘી જાણી લેવાથી, ચોરને સહાય આપવાથી.

તપ્પડિરૂવે વિરૂદ્ધ ગમણેઅ—ખોટી વસ્તુને ખરીના જેવી કરી વેચવાથી, દાણચોરી પ્રમુખ રાજવિરૂદ્ધ આચરવું તેથી.

કૂડતુલ કૂડમાણે—ખોટું તોલ તથા ખોટું માપ રાખવાથી જે અતિચાર લાગ્યો હોય તે.

પડિક્કમે દેસિઅં સવ્વં ॥ ૧૪ ॥—સર્વ દિવસ સંબંધી અતિચારને પડિક્કમું છું. ॥ ૧૪ ॥

ચઉત્થે અણુવ્વયંમિ—ચોથા અણુવ્રતને વિષે.

નિચ્ચં પરદાર ગમણ વિરઇઓ—નિત્ય (હમેશાં) પરસ્ત્રીની સાથે ગમન એટલે કામભોગ ભોગવવાની વિરતીને.

આયરિઅ મપ્પસત્થે—અસુભ ભાવે કરી આચરવાથી.

ઇત્થ પમાય પ્પસંગેણ ॥ ૧૫ ॥—આ વ્રતમાં જે અતિચાર પ્રમાદના પ્રસંગથી લાગ્યો હોય તે આગલી ગાથામાં પડિક્કમીશ.

અપરિગ્ગહિઆ ઇત્તર—અપરિગ્રહીતા=બીજા કોઇએ નહિ ગ્રહણ કરેલી એટલે કુંવારી અથવા વિધવા તેની સાથે મૈથુન સેવવું તે, કોઇએ વસ્ત્રાદીકને સ્ત્રીને ઠેકાણે રાખેલી તેની સાથે મૈથુન સેવવું તે બીજું.

અણંગ વિવાહ તિવ્વ અણુરાગે—કામક્રીડા પરસ્ત્રીની સાથે હાંસી વીગેરે કરવું, પોતાનાં છોકરાં શિવાય પારકાના વિવાહ કરવા, કરાવવા, કામભોગને વિષે તિવ્ર અનુરાગ કરવો.

ચઉત્થ વયસ્સ ઇઆરે—ચોથાવ્રતના અતિચારને વિષે.

પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૧૬ ॥—દિવસ સંબંધી સર્વ અતિચારને પડિક્કમું છું. ॥ ૧૬ ॥

ઇત્તો અણુવ્વએ પંચમંમિ—એ ચોથું વ્રત કહ્યા બાદ પાંચમા અણુવ્રતને વિષે.

આયરિઅ મપ્પસત્થંમિ—અશુભભાવે કરી જે આચાર્યો હોય.

પરિમાણ પરિચ્છેએ—પરિગ્રહના પરિમાણનો પરિચ્છેદ કરેથી.

ઇત્થ પમાયપ્પસંગેણં ॥ ૧૭ ॥—આ વ્રતને વિષે પ્રમાદના પ્રસંગથી જે અતિચાર થયો હોય તે, આગલી ગાથામાં પડિક્કમીશ.

ધણધન્નખિત્તવત્થુ—ધન, ધાન્ય, ખેતર, વસ્તુ=ઘર હાટ વિગેરે.

રૂપ્પ સુવન્ને અ કુવિઅ પરિમાણે—રૂપુ, સોનું, અને કુપતિ=થાળ વિગેરેનું પરિમાણ નિયમ.

દુપએ ચઉપ્પયંમિ—બે પગવાળા=દાસ દાસી વીગેરે, ચાર પગવાળા=ઢોર વિગેરે પ્રમાણ ઉપરાંત રાખવાથી જે અતિચાર લાગ્યો હોય તે.

પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૧૮ ॥—સર્વ દિવસ સંબંધી અતિચારને હું પડિક્કમું છું. ॥ ૧૮ ॥

ગમણસ્સ ઉ પરિમાણે—જવાના પરિમાણને વિષે.

દિસાસુઉઢ્ઢંઅહે અ તિરિઅંચ—ઉંચે નીચે અને ત્રિછી દિશાઓમાં જવાના નિયમથી વધારે જવું.

વુઢ્ઢિસઇ અંતરદ્ધા—એક દીશી ઘટાડી, બીજી દીશી વધારવી તે ચોથો અતિચાર, મારગમાં યાદી જતી રહેવાથી નિયમથી વધારેલું એ પાંચમો અતિચાર તેમને.

પઢમંમિ ગુણવ્વએ નિંદે ॥ ૧૯ ॥—પ્રથમ ગુણવ્રતને વિષે હું નિંદું છું ॥ ૧૯ ॥

મજ્જંમિ અ મંસંમિઅ—મદીરા અને માંસ, વળી બીજા પણ અભક્ષ=નહિ ખાવાયોગ્ય પદાર્થ.

પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લે અ—ફુલ, ફળ અને ગંધ બરાસ વિગેરે અને ફુલાદિકની માળા ભોગવવાથી.

ઉવભોગ પરિભોગે—ઉપભોગ પરિભોગ નામે.

બીઅંમિ ગુણવ્વએનિંદે ॥ ૨૦॥—બીજા ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું. ॥ ૨૦ ॥

ગાથા ૨૧ થી ૩૦ સુધી.

સચ્ચિત્ત-સચીત્ત
પડિબદ્ધે-લાગેલી, વળગેલી
અપોલ-કાચી
દુપ્પોલિઅં-કાચુંપાકું
આહારે-ભક્ષણ
તુચ્છ-હલકી
ઓસહિ-ઔષધિ
ભક્ખણયા-ભક્ષણ
ઇંગાલિ-અંગારકર્મ
વણ-વનકર્મ
સાડી-શકટકર્મ
ભાડી-ભાડું ખાવું
ફોડી-જમીન ફોડવીતે
સુ-અત્યંત
વજ્જએ-છોડે
દંત-દાંત
લક્ખ=લાખ
રસ-રસ
કેસ=વાળ
વિસ-ઝેર
વિસયં-શબ્દાદિકનો વિષય
ખુ-નિશ્ચે
જંત-યંત્ર
પિલ્લણ-પીલવાનું
નિલંછણં-નિર્દયપણાનાં કામ
દવ-દવ, અગ્નિ
દાણં=આપવું
સર-સરોવર
દહ-ધરા, દ્રહ
તલાય-તલાવ
સોસં-શોષણ
અસઇ-અસતિ
પોસં-પોષણ
વજ્જિજ્જા-વર્જવું
સત્થ-શસ્ત્ર
અગ્ગિ-અગ્નિ
મૂસલ-સાંબેલું
જંતગ-યંત્ર (ઘંટી પ્રમુખ)
તણ-તરણાં
કટ્ઠે-કાષ્ટ
મંત-મંત્ર
મૂલ-મૂળ, જડીબુટ્ટી
ભેસજ્જે-ઓસડ
દિન્ને-દેવા થકી
દવાવિએ-અપાવિવામ
વા-અથવા
ન્હાણ-ન્હાવું, સ્નાન
ઉવટ્ટણ-પીઠીએમેલઉતારવો
વન્નગ-અલતો વગેરે
વિલેવણે-વિલેપન
સદ્દ-શબ્દ
વત્થ-વસ્ત્ર
આસણ-આસન
કંદપ્પે-કંદર્પ
કુક્કુઇએ-કુચેષ્ટ, ભાંડચેષ્ટા
મોહરિ-વાચાલપણું
અહિગરણ-ઘંટીપ્રમુખ અધિકરણ
ભોગ-ભોગની વસ્તુ
અઇરિત્તે-ખપથી વધારે
દંડંમિઅણટ્ઠાએ=અનર્થદંડને વિષે

દુપ્પણિહાણે-દુઃપ્રણિધાન, સાવદ્યવેપાર
અણવટ્ઠાણે-અનવસ્થાન સામાયક બરાબર ન વાપરવું
તહા-તથા
સઈ=સ્મૃતિ, યાદી
વિહૂણે-રહિત
વિતહે-ખોટું
આણવણે-અણાવવામાં
પેસવણે-મોકલવામાં
સદ્દે-શબ્દ કરવો
રૂવે-રૂપ દેખાડવું
પૂગ્ગલ-પુદ્ગલ
ઝખેવે-નાંખવું
દેસાવગાસિઅંમિ-દેશાવકાસિકમાં
સંથાર-શય્યા વિગેરે સંથારો
ઉચ્ચાર-ઝાડો પેસાબ પરઠવવો
વિહિ-વિધિ
ભોઅણ=ભોજન
આભોએ-ચિંતવવું
પોસહ-પોષધ
વિવરીએ-વિપરીતે
નિખ્ખિવણે-મૂકવું
પિહિણે-ઢાંકવું
વવએસ-વ્યપદેશ કરવો ફેરફાર બોલવું
મચ્છરે-મત્સર, ઈર્ષ્યા
અઈક્કમ-અતિક્રમ, ઓળંગવું
દાણે-દાનને વિષે

સચ્ચિતે પડિબદ્ધે—સર્વ સચ્ચિત્તનો ત્યાગ કરીને અથવા તેનું પરિમાણ કર્યું હોય તેથી પ્રમાદને લીધે વધારે સચ્ચિત વસ્તુનો આહાર કરવો તે પહેલો અતિચાર. પ્રતિબદ્ધ=સચ્ચિત્તની સાથે લાગેલી વસ્તુ, જેમકે ઝાડ ઉપરથી ગુંદર ઉખેડી ખાવો તથા ગોટલીસહિત કેરી, ઠળીઆસહિત રાયણ ખાવી તે સચ્ચિત પ્રતિબદ્ધ નામે બીજો અતિચાર તેને વિષે.

અપોલ દુપ્પોલિઅં ચ આહારે—રાંધ્યા વગર (સચિત મિશ્રિત કાચી વસ્તુ જેવી કે તરતનો દળેલો તથા અણુચાળેલો લોટ વગેરે) પદાર્થ અને કાચાપાકા ઓળા, પુંખ, પાપડી વિગેરે ખાવા એ ચોથો અતિચાર.

તુચ્છોસહિ ભખ્ખણયા—તુચ્છોષધિ ભક્ષણ=મગની કોમળ ફળી તથા બોર વિગેરે તુચ્છ વસ્તુ ખાવી તે પાંચમો અતિચાર. એ જેને સચ્ચિત વસ્તુ ખાવાનો નિયમ હોય તેને પાંચ અતિચાર સંભવે. તેમાંનો કોઇ અતિચાર લાગ્યો હોય તે.

પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૨૧ ॥—સર્વ દિવસ સંબંધી અતિચારને હું પડિક્કમું છું ॥ ૨૧ ॥

ઇંગાલી વણ સાડી—અંગારકર્મ=કુંભાર, ભાડભુંજા વિગેરેનું અગ્નિસંબંધી કામ તે, વનકર્મ=વનસ્પતિ વિગેરેનું ઉગાડવું તથા છેદવું ઇત્યાદિક, શકટકર્મ=ગાડાં વિગેરે વેચે વેચાવે તે.

ભાડી ફોડી સુવજ્જએ કમ્મં—ભાટીકકર્મ=ઘોડા, ઉંટ, ઘર વિગેરે ભાડે આપવા, સ્ફોટીકકર્મ=કુવા, વાવ, વિગેરે ખોદવા, ખોદાવવા એ પાંચ સામાન્યકર્મ તે પ્રતે શ્રાવક અત્યંતપણે વર્જે, ત્યાગ કરે.

વાણિજ્જંચેવયદં, ત લક્ખરસ કેસવિસવિસયં ॥ ૨૨ ॥—કુવાણીજ્ય=ખરાબ વેપાર વિષે કહે છે. જેવાકે દાંત, લાખ, (કસુંબો હરતાળ વગેરે), રસ (ગોળ, તેલ વિગેરે), કેસ તે ઘોડાચમરી વિગેરેનો વેપાર અને વિષ (અફીણ, સોમલ) તથા વિષયાદિક=શસ્ત્રાદિકનો, વિષય તે પાંચ કુવાણીજ્યને શ્રાવકે વર્જવા.

એવં ખુ જંતપિલ્લણ—એમ નિશ્ચે ઘંટી, વિગેરે યંત્રકર્મ, અને શેરડી, તલ, સરસવ પીલવાથી જે કર્મ લાગે તે યંત્રપીલણકર્મ કહીએ.

કમ્મં નિલ્લંછણં ચ દવદાણં—નાક, કાન, વીંધવા પ્રમુખ તથા બળદ પ્રમુખનાં નાક વીંધાવવાં તે વિગેરે નિલંછનકર્મ જાણવું અને ધર્મબુદ્ધિએ અથવા બીજા હેતુથી અગ્નિદાન કરવું તે દવદાન.

સર દહ તલાય સોસં—સરોવર, દ્રહ અને તળાવ વગેરેને શોષણ કરવું.

અસઇ પોસં ચ વજ્જિજ્જા ॥ ૨૩ ॥—અસતિ પોષણ=હીંસક જીવોનું તથા વ્યભિચારીસ્ત્રી વગેરેનું પોષણ કરવું, તે પાંચ કર્મને નિશ્ચે કરી શ્રાવકે વર્જવાં.

સત્થગ્ગિ મૂસલ જંતગ—શસ્ત્ર, અગ્નિ, મુશળ, યંત્ર તે ઘંટી પ્રમુખ.

તણ કટ્ઠેમંત મૂલ ભેસજ્જે—તૃણ=સાવરણી, ઇત્યાદિ, કાષ્ટ=લાકડી ઇત્યાદિ, મંત્ર=તે સાપ ખીલવા પ્રમુખના જાણવા, મૂલ=નાગદમણી પ્રમુખ જડીબુટ્ટી, ભૈષજ્ય=ગોળી, ચુરણ વિગેરે ઉપદ્રવકારી વસ્તુઓ જાણવી. ઇત્યાદિક વસ્તુ દાક્ષીણતા ટાળી બીજાને

દિન્નેદવાવિએવા—આપવાથકી, બીજા પાસે અપાવવાથકી (તથા આપનારને વખાણવાથી) જે અતિચાર લાગ્યા હોય.

પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૨૪ ॥—તે સર્વ દિવસ સંબંધી અતિચારને હું પડિક્કમું છું ॥ ૨૪ ॥

ન્હાણુ વટ્ટણુવન્નગ—સ્નાન=અજતનાએ નહાવાથી, ઉદ્વર્તન=પીઠી વિગેરે કરી શરીરનો મેલ ઉતારવો, વર્ણક=અળતો વિગેરે પદાર્થ.

વિલેવણે સદ્દ રૂવ રસ ગંધે—વિલેપન=કેસર વિગેરે ચોપડવું, શબ્દ=કૌતુકથી સાંભળવા, સ્ત્રી પ્રમુખનાં રૂપ જોવાં, ખાટા વિગેરે રસ, કપુર, કસ્તુરી વિગેરેના સારા ગંધ.

વત્થાસણ આભરણે—વસ્ત્ર, આસન=બેઠક, આભરણ=કુંડળ, કંકણ વિગેરે રાગથી જોવાં, તેથી જે અતિચાર લાગ્યા હોય તે.

પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૨૫ ॥—દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું ॥ ૨૫ ॥

કંદપ્પે કુક્કુઇએ—કંદર્પ=કામભોગની કથાનું કરવું તે, કૌકુચ્ય=કુચેષ્ટા. જેથી લોકોને હાંસી આવે તે.

મોહરિ અહિગરણ ભોગ અઇરિત્તે—મુખરીપણું=વાચાલપણે ઘણું બડબડવું, અધિકરણ=શસ્ત્ર, મુશળ વિગેરે સજ્જ કરી રાખવાં. ભોગ અતિરિક્ત=ભોગની વસ્તુ ખપ કરતાં વધારે રાખવી.

દંડંમિ અણટ્ઠાએ—અનર્થદંડ વિરમણ નામે.

તઇઅંમિ ગુણવએનિંદે ॥ ૨૬ ॥—ત્રીજા ગુણવ્રતને વિષે પૂર્વોક્ત જે અતિચાર લાગ્યો હોય તેને નિંદુ છું.

તિવિહે દુપ્પણિહાણે—ત્રણ પ્રકારે દુ:પ્રણિધાન=દુષ્ટ વ્યાપાર છે તેના અતિચાર એટલે મન, વચન અને કાયાના જાણવા.

અણવટ્ઠાણે તહા સઇવિહૂણે—અનવસ્થાન=અવિનયપણે તથા બે ઘડી કરતાં ઓછે વખતે સામાયક પારવું તે, તથા સ્મૃતિવિહીન=પ્રમાદથી સામાયક કીધું કે નહીં તેનો ઉપયોગ ન રહે તે પાંચમો અતિચાર. એ રીતે.

સામાઇઅ વિતહ કએ—સામાયક પ્રતે જુઠો કીધે થકે.

પઢમે સિખ્ખાવએ નિંદે ॥ ૨૭ ॥—પ્રથમ સામાયક નામે શિક્ષાવ્રતને

વિષે ઉપર કહેલા અતિચાર માંહેલો જે અતિચાર લાગ્યો હોય તે પ્રતે હું નિંદુ છું.

આણવણે પેસવણે—કંઇ ચીજ અણાવવાથી, દાસદાસી પ્રમુખને નીમેલી જગાથી બહાર મોકલવાથી.

સદ્દે રૂવે અ પુગ્ગલખ્ખેવે—ખુંખારાદિ શબ્દવડે પોતાપણું છતું જણાવવું તે શબ્દાનુપાતિ અતિચાર, રૂપ નજરે પડવાથી કોઇ માણુસની પાસે જવું તે રૂપાનુપાતિ અતિચાર, કાંકરો નાંખી પોતાપણું જણાવવું તે પુદ્ગલોક્ષેપ નામે અતિચાર. એ પાંચ અતિચારથી જે.

દેસાવગાસિઅંમિ, બીએ સિખ્ખાવએ નિંદે ॥ ૨૮ ॥—અતિચાર દેશાવકાસિક નામે બીજા શિક્ષાવ્રતને વિષે લાગ્યો હોય તે પ્રત્યે હું નિંદુ છું ॥ ૨૮ ॥

સંથારૂચ્ચારવિહી—સજજ્યા, વડીનીતિ અને લઘુનીતિના વિધિને વિષે.

પમાય તહ ચેવ ભોઅણાભોએ—પ્રમાદ કરવો તેના ચાર અતિચાર, તેમજ વળી પોસો લીધા પછી ભોજનની ચિંતા કરે તે.

પોસહ વિહિ વિવરીએ, તઇએ સિખ્ખાવએ નિંદે ॥ ૨૯ ॥—પોસાવિધિ વિપરીત કરે થકે ત્રીજા શિક્ષાવ્રતને વિષે જે કોઈ અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું ॥ ૨૯ ॥

સચ્ચિત્તે નિખ્ખિવણે—સાધુને દેવા જોગ જે ભોજન તેના ઉપર સચ્ચિત વસ્તુ મુકવાથી.

પિહિણે વવએસ મચ્છરે ચેવ—સચ્ચિત્ત પિહિણે=દેવા જોગ વસ્તુને સચ્ચિત વસ્તુથી ઢાંકવી, વ્યપદેશ=પોતાની વસ્તુને પારકી તથા પારકીને પોતાની કહેવી, મત્સર=કોપભાવે દાન આપવું, ચેવ=નિશ્ચે.

કાલાઇક્કમ દાણે—મુનિની ગોચરીનો વખત ઓળંગીને મુનિને તેડે, એવું જાણીને કે સાધુ વ્હોરશે પણ નહીં અને મારો નિયમપણ ભાગશે નહીં.

ચઉથ્થે સિખ્ખાવએ નિંદે ॥ ૩૦ ॥—ચોથા અતિથિ સંવિભાગ નામે શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદુ છું ॥ ૩૦ ॥

ગાથા ૩૧ થી ૪૦ સુધી.

સુહિએસુ-સુહિતઉપર, સુખીઆ ઉપર
દુહિએસુ-દુખીઆઉપર
જા-જે
અ-નહિ
સ્સં-પોતાનેછંદે, રૂડે પ્રકારે
જએસુ-વિચરતા
અસ્સંજએસુ-ગુરૂની આજ્ઞા પ્રમાણે વિચરતા, અસંજતિ
અણુકંપા-દયા
સાહુસ-સાધુને વિષે
સંવિભાગો-સંવિભાગ, વોહોરાવવું
ચરણ-ચરણસિત્તરી
કરણ-કરણસિત્તરી
જુત્તેસુ-સહિત,-વાળા
સંતે-છતે
ફાસુઅ-નિર્દોષ
જીવિઅ-જીવવામાં
મરણ-મરવામાં
આસંસ-વાંછા
મા-નહીં
મરણંતે-મરણના અંતે

કાઈઅસ્સ-કાયાસંબંધી
વાઈઅસ્સ-વચનસંબંધી
મણસા-મનવડે કરીને
માણસિઅસ્સ-મનસંબંધી
વય-વ્રત
ગારવેસુ-અહંકારનેવિષે
સન્ના-સંજ્ઞા
દંડેસુ-દંડને વિષે
ગુત્તિસુ-(ત્રણ) ગુપ્તિમાં
સમિઈસુ-(પાંચ)સમિતિમાં
હુ-તો, પણ
સમાયરઈ-સમાચારે,કરે
કિંચિ-થોડું
અપ્પો-અલ્પ, થોડું
સિ-તેને
બંધો-બંધ
જેણ-જેમાટે
નિદ્ધંધસં-નિર્દયપણે
કુણઈ-કરે
તંપિ-તે પણ
સપડિક્કમણં-પડિક્કમણસહિત

સપરિઆવં-પરિતાપસહિત,પશ્ચાતાપસહિત
સઉત્તરગુણં-ઉત્તરગુણસહિત
ખિપ્પં-ક્ષીપ્ર, ઉતાવળો
ઉવસામેઈ-ઉપશમભાવે ટાળે
વાહિ-વ્યાધિ
વ્વ-જેમ
સુસિક્ખિઓ-સારો શીખેલો
વિજ્જો-વૈદ્ય
કુટ્ઠગયં-કોઠામાં ગયેલું
વિસારયા-વિસારદ, જાણનાર
હણંતિ-હણેછે, દૂર કરે
મંતેહિં-મંત્રોએ કરીને
તો-ત્યારે
નિવ્વિસં-વિષરહિત
સમજ્જિઅં-મેળવેલું
આલોઅંતો=આલોવતો
નિંદતો=નિંદતો
સુ=સારો
કયપાવો=પાપ કરનારો
મણુસ્સો=માણસ
આલોઈઅ=આલોઇને

નિંદિઅ=નિંદીને	અઇરેગ=અતિરેક, ઘણો	ભર=ભાર
સગાસે=સમીપે, પાસે	લહુઓ=હુસવો	ભાર=બોજ
હોઇ=થાય	ઓહરિઅ=ઉતારીને	વહો=વહેનાર,લેઇજનાર

સુહિએસુઅ દુહિએસુઅ—સુખીયા ઉપર, રોગથી પીડાએલા દુખીયા ઉપર.

જા મે અસ્સંજએસુ અણુકંપા—જે પોતાની ઇચ્છાએ વિચરનારા નહીં, પણ ગુરૂની આજ્ઞાને વિષે વિચરનારા સુસાધુ, તેમને વિષે જે મારી અનુકંપા.

રાગેણ વ દોસેણ વ—રાગવડે અથવા દ્વેષભાવથી દાન દીધું હોય.

તંનિંદે તં ચ ગરિહામિ ॥ ૩૧ ॥—તેને હું નિંદુ છું અને ગુરૂ સાખે વધારે નિંદુ છું. એકત્રીશમી ગાથાનો બીજો અર્થ—વસ્ત્ર પાત્રાદિકે કરી સુખીયા અને રોગે કરી દુખીયા એવા અસંજતિ=વેશધારી પાસથ્થાદિક જીવહિંસાદિક કર્મ કરનારા એવાઓને, આતો મારા ગામના વાસી છે અથવા મારા ભાઇ છે, વિગેરે રાગે કરીને અથવા જીનશાસનના દ્વેષી છે, નિર્લજ છે, ઇત્યાદિક દ્વેષ ઉપન્યો, તોપણ ઘેર આવ્યા માટે દાન આપવું. ઇત્યાદિક ભાવે મારે જીવે જે દયા કીધી હોય તેને હું નિંદુ છું.

સાહુસુ સંવિભાગો—સાધુઓને વિષે સંવિભાગ.

ન કઓ તવ ચરણ કરણ જુત્તેસુ—ન કીધો હોય તપ, ચરણસિત્તરી અને કરણસિત્તરી કરી સહિત એવા સુસાધુને વિષે.

સંતે ફાસુઅદાણે—ફાસુદાન=નિર્દોષદાન છતે પણ ન આપ્યું હોય.

તં નિંદે તં ચ ગરિહામિ ॥ ૩૨ ॥—તેને હું નિંદુ છું, અને ગુરૂ સાખે વધારે નિંદુ છું.

ઇહલોએ પરલોએ—આ લોકને વિષે તથા પરલોકને વિષે.

જીવિઅ મરણે અ આસંસ પઓગે—જીવિત અને મરણને વિષે. વળી કામભોગને વિષે આસંસ પ્રયોગ=ઇચ્છાનો પ્રયોગ કરવો, તે રીતે.

પંચવિહો અઇઆરો—પાંચ પ્રકારના અતિચારમાંનો કોઇ પણ.

મા મજ્ઝ હુજ્જમરણંતે ॥ ૩૩ ॥—મરણાંતસુધી મને ન હોજો.

કાએણ કાઇઅસ્સ—કાયાવડે=કાઉસ્સગ્ગ ઇત્યાદિ કાયાના શુભ વ્યાપાર કરવાવડે, કાયા સંબંધી વધાદિક અતિચાર કરેલા તે.

પડિક્કમે વાઇઅસ્સ વાયાએ—હું પડિક્કમું છું, વાચિકસ્ય=વચન સંબંધી કરેલો અતિચાર તે મિચ્છામિ દુક્કડ એવા શુભ વચનને કરીને.

મણસા માણસિઅસ્સ—શુભ મને કરી મન સંબંધી અતિચારને.

સવ્વસ્સ વયાઇઆરસ્સ ॥ ૩૪ ॥—સર્વ વ્રતના અતિચારને ત્રિકરણ શુદ્ધે કરી હું પડિક્કમું છું. ॥ ૩૪ ॥

વંદણ વય સિક્ખાગારવેસુ—૨ વંદન=દેવવંદન તથા ગુરૂવંદન, વ્રત બાર, ૩ શિક્ષા, ૪ ગારવ=રિદ્ધિગારવ, રસગારવ તથા શાતાગારવ એ ત્રણ પ્રકારના અહંકારનું શેવન કરવાથી.

સન્ના કસાય દંડેસુ—આહાર, ભય, મૈથુન, પરિગ્રહ એ છ સંજ્ઞા, તથા ક્રોધ, માન, માયા, લોભ, તથા મન, વચન અને કાય એ ત્રણ દંડવડે.

ગુત્તીસુ અ સમિઇસુ અ—ત્રણ ગુપ્તિ તથા પાંચ સમિતિને વિષે.

જો અઇઆરો અ તં નિંદે ॥ ૩૫ ॥—જે અતિચાર લાગ્યો હોય તે હું નિંદું છું. ॥ ૩૫ ॥

સમ્મદિટ્ઠિ જીવો—સમ્યક્દ્રષ્ટિ જીવ.

જઇવિહુપાવ સમાયરઇ કિંચિ—જો થોડું પણ પાપ સમાચરે.

અપ્પો સિ હોઇ બંધો—તે શ્રાવકને થોડો કર્મનો બંધ હોય.

જેણ ન નિદ્ધંધસં કુણઇ ॥ ૩૬ ॥—જે કારણમાટે નિર્દયપણે પાપનો બંધ તે ન કરે, તેથી પાપ થોડું લાગે છે.

તંપિહુ સપડિક્કમણં—તેને પણ નિશ્ચે પ્રતિક્રમણ કરવે કરી.

સપ્પરિઆવં સઉત્તરગુણં ચ—પશ્ચાતાપસહિત વળી ઉત્તરગુણેસહિત એટલે ગુરૂએ દીધેલા પ્રાયશ્ચિતે યુક્ત.

ખિપ્પં ઉવ સામેઇ—ક્ષિપ્ર એટલે જલદીથી ઉપસમાવે છે.

વાહિ વ્વ સુસિક્ખિઅઓ વિજ્જો ॥ ૩૭ ॥—જેમ સારો શીખેલો વૈદ વ્યાધી એટલે રોગ જલદીથી કાઢે છે તેમ.

જહા વિસં કુટ્ઠગયં, મંત મૂલ વિસારયા ॥ વિજ્જાહણંતિ મંતેહિં, તો તં હવઇ નિવ્વિસં ॥ ૩૮ ॥—જેમ શરીરમાં વ્યાપેલું સર્પાદિકનું વિષ, મંત્ર મૂળના જાણ વૈદ્ય મંત્રોએ કરીને હણે છે (દુર કરે છે) તેવારે તે શરીર વિષરહિત થાય છે; તેમજ ગુરૂના વાક્યાનુસાર તદક્ષર શ્રવણથી લાભ થાય છે.

એવં અટ્ઠવિહં કમ્મં, રાગ દોસ સમજ્જિઅં—એ પ્રકારે આઠ પ્રકારનાં કર્મ રાગ દ્વેષે કરી ઉપજેલાં તે પ્રત્યે.

આલોઅંતો અ નિંદંતો—આળોવતો અને વળી સાચા મનથી નિંદતો થકો.

ખિપ્પં હણઇ સુસાવઓ ॥ ૩૯ ॥—જલદીથી ભલો શ્રાવક હણે છે.

કય પાવો વિ મણુસ્સો—પાપનો કરનાર એવો પણ માણસ.

આલોઇયનિંદિય ગુરૂ સગાસે—ગુરૂ પાસે આલોઇને તથા નિંદીને.

હોઇ અઇરેગ લહુઓ—અત્યંત પાપથકી હળવો થાય.

ઓહરિઅ ભરૂવ્વ ભારવહો ॥ ૪૦ ॥—જેમ ભારનો વેહેનાર એટલે વધતરૂ કરનાર ભારને ઉતારીને હલકો થાય તેમ ॥ ૪૦ ॥

ગાથા ૪૧ થી ૫૦ સુધી.

આવસ્સએણ=આવશ્યકે કરીને
એએણ=એણે કરીને
બહુરઓ-બહુરજવાળો ઘણા પાપવાળો
દુખ્ખાણં=દુખોની
અંતકિરિઅં=અંતક્રિયા, નાશક્રિયા
કાહી=કરશે
અચિરેણ=થોડા
કાલેણ=કાલે કરી

આલોઅણા=આલોચના, આલોચણ
ન=ન
ય=વળી
સંભરિઆ=સાંભરી
મૂળગુણ=મૂળગુણ
પન્નત્તસ-કહેલો,ભાખેલો
અબ્ભુટ્ઠિઓમિ=ઉઠયોછું
આરાહણાએ=આરાધવાને
વિરઓમિ=નિવર્ત્યો છું

પડિક્કંતો=પાપ થકી નિવર્ત્યો
ચિર=ઘણા કાલનાં
સંચિઅ=એકઠાં કરેલાં
પણાસણીઇ=નાશ કરનારી
સય=સે
સહસ્સ=હજાર
મહણીએ=મથનારી
વિણિગ્ગય=નીકળેલી
કહાઇં=કથાઓ

વોસંતુ=જાઓ	પરૂવણાએ=પ્રરૂપણાએ	કેણઇ=કોઈની સાથે
દિઅહા=દિવસો	ખામેમિ=ખમાવું છું.	ગરહિઅ=ગુરૂની સાખે નિંદીને
પડિસિદ્ધાણં=નિષેધ કરેલું	ખમતુ=ખમો	દુગંછિઅં=ઘણું ખોટું જાણ્યું
કિચ્ચાણં=કરવા જોગ	મે=મને	સમ્મં=સમયક્ પ્રકારે
અકરણે=નહીં કરવાથી	મિત્તી=મૈત્રીભાવે	
અસદ્દહણે=અશ્રદ્ધામાં	ભૂએસુ=પ્રાણીઓમાં	
	વેરં=વેરભાવ	

આવસ્સએણ એએણ—આવસ્યકે કરીને એટલે આભાવાવસ્યકે કરીને.

સાવઓ જઇવિબહુરહો હોઇ—શ્રાવક જો પણ ઘણો રજવાળો એટલે ઘણા પાપે સહિત હોય તોપણ.

દુખ્ખાણમંતકિરિઅં—શારીરિક તથા માનસિક દુઃખોની અંત લાવનારી ક્રિયા.

કાહી અચિરેણ કાલેણ ॥ ૪૧ ॥—થોડા કાળ માંહે કરશે.

આલોઅણા બહુ વિહા—આલોયણા ઘણા પ્રકારની છે.

નયસંભરિઆ પડિક્કમણ કાલે—તે પડિક્કમણ કરવાના વખતે ન સાંભરવા થકી.

મૂલગુણ ઉત્તરગુણે—મૂળગુણને વિષે તથા ઉત્તરગુણને વિષે જે અતિચાર લાગ્યો હોય

તં નિંદે તંચ ગરિહામિ ॥ ૪૨ ॥—તેને નિંદુ છું તથા ગરહૂ છું. ॥૪૨॥

(પછી ઉભો રહીને અથવા જમણો પગ નીચો બેસાડી નીચેની આઠ ગાથા બોલે.)

તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નતસ્સ—તે કેવળીભાષિત ધર્મની.

અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ—આરાધના માટે હું ઉઠયો છું.

વિરઓમી વિરાહણાએ—તે ધર્મની વિરાધના થકી હું નિવર્ત્યો છું.

તિવિહેણ પડિક્કંતો—મન, વચન, કાયાએ કરી પ્રતિક્રમતોથકો.

વંદામિ જિણચઉવ્વીસં ॥ ૪૩ ॥—ચોવીસજીનપ્રત્યે હું વાંદુછું.

જાવંતિ ચેઇઆઇં—જેટલી જીન પ્રતિમા.

ઉઠ્ઠેઅ અહેઅ તિરિઅ લોએ અ—ઉર્ધ્વ, અધો, અને તિર્ચ્છાંલોકમાં.
સવ્વાઇં તાઇં વંદે—તે સર્વ પ્રત્યે હું વાંદુ છું.
ઇહ સંતો તત્થ સંતાઇ ॥ ૪૪ ॥—અહીં રહ્યો થકો ત્યાં રહેલી જીન પ્રતિમાપ્રત્યે હું વાંદુ છું. ॥ ૪૪ ॥
જાવંત કેવિ સાહુ—જેટલા કોઇ પણ સાધુ.
ભરહેરવય મહાવિદેહે અ—પાંચ ભરત, પાંચ ઐરવ્રત તથા પાંચ મહાવિદેહક્ષેત્રમાં હોય.
સવ્વેસિં તેસિં પણઓ—તે સર્વ પ્રત્યે મારો નમસ્કાર હોજો.
તિવિહેણ તિદંડ વિરયાણં ॥ ૪૫ ॥—જે મન વચન કાયાએ કરી ત્રણ દંડથી વિરામ પામેલા છે તે સાધુઓ પ્રત્યે હું વાંદુ છું. ॥ ૪૫ ॥
ચિરસંચિયપાવપણાસણીઈ—ઘણા વખતનાં સંચેલાં પાપનો નાશ કરનારી.
ભવ સય સહસ્સ મહણીએ—સોહજાર ભવને હણનારી.
ચઉવીસ જિણ વિણિગ્ગય કહાઇં—ચોવીસ તિર્થંકરના મુખમાંથી નિકળેલી કથા કરવે કરીને.
વોલંતુ મે દિઅહા ॥ ૪૬ ॥—મારા દિવસો જાઓ.
મમ મંગલ મરિહંતા—મારે માંગલીક છે=એક અરિહંતદેવ.
સિદ્ધા સાહુ સુઅં ચ ધમ્મો અ—બીજા સિદ્ધ ભગવાન, વળી ત્રીજા સાધુ મુનિરાજ, ચોથો શ્રુત ધર્મ, વળી ચારિત્રાત્મક ધર્મ જે તે.
સમદ્દિઠ્ઠિ દેવા, દિંતુ સમાહિંચ બોહિંચ ॥ ૪૭ ॥—સમ્યક્દ્રષ્ટિદેવતા મને સમાધિ એટલે ચિત્તની સ્થિરતા, વળી બોધી એટલે જીનધર્મની પ્રાપ્તિ તે પરભવ આપો.
પડિસિદ્ધાણં કરણે—નિષેધવાયોગ્ય અશુભ કામ કરવાથી.
કિચ્ચાણ મકરણે પડિક્કમણં—કરવાયોગ્ય શુભ કાર્ય ન કરવાથી પ્રતિક્રમણ એટલે મિચ્છામિ દુક્કડં છે.
અસદ્દહણે અ તહા—તેમજ વળી અશ્રદ્ધાનને વિષે પણ.
વિવરીઅ પરૂવણાએ અ ॥ ૪૮ ॥—અને વળી વિપરીત પ્રરૂપણા વિષે પણ મિચ્છામિ દુક્કડં છે.

ખામેમિ સવ્વજીવે—સર્વ જીવને હું ખમાવું છું.
સવ્વે જીવા ખમંતુમે—સર્વે જીવ મારા અપરાધ પ્રત્યે ખમો.
મિત્તી મે સવ્વભૂએસુ—સર્વ જીવને વિષે મારે મિત્રીભાવ છે.
વેરં મજ્ઝં ન કેણઈ ॥ ૪૯ ॥—મારે કોઈ સાથે વેરભાવ નથી.
એવમહં આલોઇઅ—એ પ્રકારે હું આલોવીને.
નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં—આત્મસાખે નિંદીને, ગુરૂસાખે ગર્હિને, સમ્યક્પ્રકારે ખોટું જાણી.
તિવિહેણ પડિક્કંતો—ત્રણ પ્રકારે પડિક્કમતો એટલે પાછો હઠતો.
વંદામિ જિણે ચઉવ્વિસં ॥ ૫૦ ॥—ચોવીસજીન પ્રતે હું વાંદુ છું. ॥૫૦॥

અથ અબ્ભુઠ્ઠિઓહં ગુરૂ ખામણાં.

અબ્ભુઠ્ઠિઓમિ=હું ઉઠયો છું
અપ્પતિઅં=અપ્રીતિ ઉપજાવી
પરિપત્તિઅં=વિશેષ અપ્રીતિ ઉપજાવી
આલાવે=એકવાર બોલાવવે
સંલાવે=વારંવાર બોલાવવે
ઉચ્ચ=ઉંચા
સમ=સરખા
અંતરભાસાએ=વચ્ચે બોલતાં
ઉવરિભાસાએ=કહેલી વાત ફરીને વિશેષ પણ કહેવાથી
પરિહીણું=રહિત
સુહુમં=સૂક્ષ્મ
બાયરં=મોટું
તુબ્ભે=તમે
જાણહ=જાણો છો
યાણામિ=જાણું છું

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્—હે ભગવાન! ઇચ્છાએ કરી મને આદેશ આપો.
અબ્ભુઠ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં—હું ઉઠયો છું દિવસમાં કીધેલા અપરાધ પ્રતે ખમાવવાને (ત્યારે ગુરૂ કહે. ખામેહ=ખમાવ.)
ઇચ્છં ખામેમિ દેવસિઅં—એજ હું ઇચ્છું છું, હું ખામું છું. દિવસ સંબંધી અપરાધ પ્રતે.
જંકિંચિ અપત્તિઅં ભત્તે પાણે—જે કંઈ અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય, વળી વિશેષે અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય, ભોજનનેવિષે, પાણીને વિષે.

વિણએ વેઆવચ્ચે, આલાવે સંલાવે ઉચ્ચાસણે, સમાસણે—વિનયને વિષે, વૈયાવચ=ગુરૂ સેવાને વિષે. એકવાર બોલાવવાને વિષે, વારંવાર બોલાવવાને વિષે, ગુરૂથી ઉંચા આસને બેસવાને વિષે, ગુરૂની બરાબર આસન કરી બેસવાને વિષે.

અંતરભાસાએ ઉવરિભાસાએ જંકિંચિ, મજ્જવિણય, પરિહીણં સુહુમંવા, બાયરંવા—ગુરૂ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં, ગુરૂએ વાત કરી હોય તે ફરી પોતાની સ્ફુરતી દેખાડવાને વિશેષણે વાત કરવામાં જે કંઇ માહારે વિનયભક્તિરહિતપણું થયું હોય તે, નાનું કે મોટું થયું હોય તે સર્વે.

તુબ્ભે જાણહ અહં ન યાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥—તમે જાણોછો, હું નથી જાણતો તે અપ્રીતિપ્રમુખ અતિચારનું લાગેલું જે પાપ તે મારૂં મિથ્યા થાઓ. ॥ ૧ ॥

અથ આયરિએ ઉવજ્ઝાએ.

સીસે=શિષ્યને વિષે	પરિવાર	અહયંપિ=હું પણ
સાહમ્મિએ=સાધર્મિકને વિષે	સમણ=શ્રમણ, સાધુ	રાસિસ્સ=સમૂહને
કુલ=એક આચાર્યના શિષ્ય	સંઘસ્સ=સંઘને	ભાવઓ=ભાવથી
ગણે=ઘણા આચાર્યના	અંજલિ=બે હાથનું જોડવું	નિહિય=સ્થાપ્યું છે.
	સીસે=મસ્તકે	નિય=નિજ, પોતાનું
	ખમાવઇત્તા=ખમાવિને	ચિત્તો=ચિત્ત, મન

આયરિય ઉવજ્ઝાએ—આચાર્ય તથા ઉપાધ્યાયજી તેમને.

સીસે સાહમ્મિએ કુલ ગણે અ—શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણ (ગચ્છ) એ સર્વ પ્રત્યે.

જે મે કેઇ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ ॥ ૧ ॥—જે કોઇ પણ કષાય મારે જીવે કીધા હોય તે સર્વ વિવિધે કરી હું ખામું છું. ॥૧॥

સવ્વસ્સ સમણ સંઘસ્સ—સર્વ શ્રમણ સંઘરૂપ.

ભગવઓ અંજલિં કરિય સીસે—ભગવંતના મેં કીધેલા અપરાધપ્રત્યે બે હાથ જોડી મસ્તકે લગાડી.

સવ્વં ખમાવઈત્તા—સર્વ પ્રત્યે ખમાવીને.
ખમામિ સવ્વસ્સઅહયંપિ ॥ ૨ ॥—સર્વના અપરાધપ્રત્યે હું પણ ખમું છું.
સવ્વસ્સ જીવરાસિસ્સ—સર્વ જીવસમુહના કીધેલા અપરાધ.
ભાવઓ ધમ્મ નિહિય નિયચિત્તો—ભવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે એવો.
સવ્વં ખમાવઇત્તા—સર્વને ખમાવીને,
ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥ ૩ ॥—હું પણ સર્વપ્રત્યે ખમું છું. ॥૩॥

અથ નમોસ્તુ વર્દ્ધમાનાય.

ઇચ્છામો=અમે ઇચ્છિયે છીએ
અણુસટ્ઠિં=શિક્ષા
નમઃ=નમસ્કાર
અસ્તુ=હો
વર્દ્ધમાનાય=વીરસ્વામીને
સ્પર્દ્ધમાનાય=ઈર્ષ્યાકરનારને
તત્=તે (ની)
જય=જી1 (થી)
અવાપ્તમોક્ષાય=મોક્ષને પામેલાને
પરોક્ષાય=દૃષ્ટિથી દૂર
કુતીર્થિનાં=મિથ્યાદૃષ્ટિઓની=ને
યેષાં=જેમના

વિકચ=વિકસ્વર
અરવિંદ=કમલ
રાજ્યા=શ્રેણીવડે
જ્યાયઃ=વધારે સારૂં
ક્રમ=પગ
દધત્યા=ધારણ કરતી
સદૃશૈ=સરખાની સાથે
ઇતિ=એ પ્રકારે
સંગતં=મેલાપ
પ્રશસ્યં=વખાણવાલાયક
કથિતં=કહ્યું
સંતુ=થાઓ
શિવાય=મોક્ષને અર્થે
તે=તેઓ
તાપાર્દિત=તાપથી પીડાયેલા

જંતુ=પ્રાણીઓ
નિર્વૃત્તિ=સુખ
કરોતિ=કરે છે
યો=જે
જૈનમુખ=જીનનું મુખ
અંબુદ=મેઘ
ઉદ્ગતઃ=નીકળેલું
શુક્રમાસ=જેઠ મહીનો
ઉદ્ભવ=ઉપજેલા
વૃષ્ટિ=વરસાદ
સન્નિભો=સરખો
દધાતુ=કરો
તુષ્ટિં=સંતોષ
મયિ=મારે
વિસ્તરો=વિસ્તાર
ગિરાં=વાણીઓનો

ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં નમોર્હત્ ॥—સ્તુતિ કરવા ઇચ્છી છીએ, ક્ષમાશ્રમણ પ્રત્યે નમસ્કાર થાઓ.

નમોસ્તુ વર્દ્ધમાનાય—નમસ્કાર થાઓ વર્દ્ધમાનસ્વામી પ્રત્યે.

સ્પર્દ્ધમાનાય કર્મણા—જે કર્મની સાથે ઇર્ષા કરનાર છે, કર્મના વૈરી છે.

તજ્જયા વાપ્તમોક્ષાય—તે કર્મનો જય કરીને મોક્ષપ્રત્યે પામેલા એવા.

પરોક્ષાય કુતીર્થિનાં ॥ ૧ ॥—મિથ્યાદ્રષ્ટિજીવો દ્રષ્ટિથી દુર છે.

યેષાં વિકચારવિંદરાજ્યા—જેમની વિકસ્વર કમળની શ્રેણીએએ.

જ્યાયઃ ક્રમકમલાવલિં દધત્યા—વખાણવા જોગ ચરણકમળની હાર ધારણકરતી એવી.

સદ્દશૈરિતિ સંગત પ્રશસ્યં—સરખાની સાથે મળવું ઘણું તે વખાણવા યોગ્ય છે એવું, એટલે સરખા સાથે સરખા મળે તો શોભે.

કથિતં સંતુ શિવાય તે જિનેંદ્રાઃ ॥ ૨ ॥—એમ કહ્યું છે તે જિનેંદ્ર ભગવાન કલ્યાણને અર્થે થાઓ.

કષાયતાપાર્દ્દિતજંતુનિવૃતિં—કષાયરૂપ તાપથી પીડાએલા પ્રાણીઓને શાંતિ પ્રત્યે.

કરોતિ યો જૈન મુખાંબુદોદ્દગતઃ—જે કરે છે, જિનરાજના મુખરૂપ મેઘથી નિકળેલા.

સશુક્રમાસોદ્દભવવૃષ્ટિસંનિભો—ને જેઠ માસથી ઉત્પન્ન થએલી વૃષ્ટિના જેવો.

દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરાં ॥ ૩ ॥—વાણીઓનો વિસ્તાર મારે વિષે તુષ્ટિ કરો.

અથ વિશાલલોચન.

લોચન=આંખો	**દંત=દાંત (ના)**	**પ્રાતઃ-પ્રભાતે**
દલં=પત્ર	**અંશુ=કિરણ**	**પદ્મં=કમલ**
પ્ર=અત્યંત	**કેશર=કેસર, સુગંધના કણીઆ**	**પુનાતુ=પવિત્ર કરો**
ઉધત્=જલહલતું		**વઃ=તમને**

યેષાં=જેમના	અપિ=પણ	ગ્રસનં=ખાનાર
અભિષેક=અભિષેક	ગણયંતિ=ગણે છે	ઉદય=ઉગવું
કર્મ=કાર્ય	નૈવ=નહીંજ	અપૂર્વ=પહેલાં નહીં જે.એ ॥
કૃત્વા=કરીને	નાકં=સ્વર્ગને	
મત્તા=માતાથકા	શિવાય=મોક્ષને માટે	ચંદ્ર=ચંદ્રમા
હર્ષ=હરખ (ના)	નિર્મુક્તં=રહિત	ભાષિતં=કહેલો
ભરાત્=સમૂહથી	અમુક્ત=નહીં મૂકાયેલી	દિનાગમે=સવારમાં
સુખં=સુખે	પૂર્ણતં=પૂર્ણતા	નૌમિ=સ્તવું છું
સુરેંદ્રા=દેવેંદ્રા	કૃતર્ક=ખોટા વિચાર	બુધૈ:=પંડિતોએ
તૃણં=તરણું	રાહુ=રાહુગ્રહ	

વિશાલલોચનદલં—વિશાળ નેત્રરૂપ પત્ર છે જેમાં.

પ્રોદ્યદ્દંતાંશુકેસરં—વળી અત્યંત ઝળહળતા એવા દાંતના કિરણરૂપ કેસર સુગંધના કણીઆ છે જેને વિષે એવું.

પ્રાતર્વિર જિનેંદ્રસ્ય—પ્રભાત સમયે શ્રી વીરસ્વામીનું.

મુખ પદ્મં પુનાતુ વ: ॥ ૧ ॥—મુખરૂપી કમલ તેમને (ભવ્ય જીવોને) પવિત્ર કરો.

યેષામભિષેક કર્મ કૃત્વા—જેઓના અભિષેકનું કામ કરીને.

મત્તાહર્ષભરાત્ સુખં સુરેંદ્રા:—હરખના સમુહથી માતા એવા દેવતાઓના ઈંદ્ર.

તૃણમપિ ગણયંતિનૈવનાકં—સ્વર્ગના સુખને તૃણમાત્ર પણ ગણતા નથી.

પ્રાત: સંતુ સિવાય તે જિનેંદ્રા: ॥ ૨ ॥—પ્રભાતસમયે તે તિર્થંકરદેવો કલ્યાણને અર્થે થાઓ.

કલંકનિર્મુક્તમમુક્તપૂર્ણતં—કલંકરહિત એવું અને નથી મૂકાઇ પૂર્ણતા જેની એટલે સંપૂર્ણ.

કુતર્કરાહુ ગ્રસનં સદોદયં—કુતર્ક કરનારા એવા જે પરદર્શનીરૂપ રાહુ તેને ભક્ષણ કરનાર એવું તથા હમેશાં ઉદય છે એવું.

અપૂર્વચંદ્રજિનચંદ્રભાષિતં—અપૂર્વચંદ્ર જેવું જીનચંદ્ર સંબંધી ભાષિત જે આગમ.

દિનાગમે નૌમિ બુદ્ધૈર્નમસ્કૃતં ॥ ૩ ॥—પંડિત પુરૂષોએ નમસ્કાર કરેલા આગમપ્રતે પ્રભાતસમયે હું સ્તવું છું.

અથ શ્રુતદેવતા સ્તુતિ.

સુઅ=શ્રુત	નાણાવરણીય=જ્ઞાનાવરણીય	ખવેઉ=ખપાવો
દેવયાએ=દેવતાને અર્થે	સંઘાયં=સમૂહ	સયયં=નિરંતર
દેવયા=દેવતા	તેસિં=તેમનાં	સાયરે=સાગરમાં
ભગવઈ=ભગવતી		ભત્તિ=ભક્તિ

સુઅદેવયાએકરેમિ કાઉસ્સગ્ગં—શ્રુતદેવતાને અર્થે કાઉસ્સગ્ગ કરૂં છું.

સુઅદેવયાભગવઈ—શ્રુતદેવતા વળી ભગવતી.

નાણાવરણીયકમ્મ સંઘાયં—જ્ઞાનાવરણીકર્મના સમુહપ્રત્યે.

તેસિં ખવેઉ સયયં—તેઓનાં હમેશાં ક્ષય કરો.

જેસિંસુયસાયરે ભત્તી ॥ ૧ ॥—જેઓની શ્રુતસાગરને વિષે ભક્તિ છે.

અથ ક્ષેત્રદેવતા સ્તુતિ.

જીસે=જેના	સહિએહિં=સહિતએવાં	સા=તે
ખિત્તે=ક્ષેત્રમાં	સાહંતિ=સાધે છે	દેવી=દેવી
નાણેહિં=જ્ઞાને કરીને	મુખ્ખ=મોક્ષ	હરઉ=હરો
ચરણ=ચારિત્ર	મગ્ગં=માર્ગ	દુરિયાઇં=પાપોને

જીસ્સે ખિત્તેસાહૂ—જેના ક્ષેત્રને વિષે સાધુ મુનિરાજ.

દંસણનાણેહિં ચરણ સહિએહિં—દર્શન, જ્ઞાન, અને ચારિત્રસહિત.

સાહંતિમુખ્ખમગ્ગં—મોક્ષમારગને સાધે છે.

સા દેવી હરઉ દુરિયાઇં ॥ ૧ ॥—તે દેવી દુરિતપ્રત્યે હરો=દુર કરો.

અથ કમલદલ સ્તુતિ.

દલ=પાંખડી	મુખી=મ્હોંવાળી	ગૌરી==ગોરી
વિપુલ=વિશાલ	ગર્ભ=ગર્ભ	સ્થિતા=રહેલી
નયના=આંખવાળી	સમ=સરખી	ભગવતી=ભાગ્યશાળી
		દદાતુ=આપો

કમલદલવિપુલનયના—કમલની પાંખડીસમાન વિશાળ નેત્રવાળી.

કમલમુખી કમલગર્ભ સમગૌરી—કમલના જેવા મુખવાળી, કમલના ગર્ભની પેરે ગૌરવર્ણવાળી એવી.

કમલે સ્થિતા ભગવતી—કમલને વિષે રહેલી એવી ઠકુરાઇવાળી.

દદાતુ શ્રુતદેવતા સિદ્ધિં ॥ ૧ ॥—શ્રુત=સિદ્ધાંતની અધિષ્ઠાયિકા દેવી અમને સિદ્ધિ આપો.

અથ ભુવનદેવતાદિ સ્તુતિ.

યસ્યાઃ=જેણીના	આશ્રિત્ય=આશ્રયીને	ક્રિયા=ક્રિયા
ક્ષેત્રં=ક્ષેત્રને	સાધુભિઃ=સાધુઓએ	ભૂયાત્=હો
સં=સમ્યક્પ્રકારે	સાધ્યતે=સધાય છે	નઃ=અમને
		દાયિની=આપનારી

ભુવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં—ભુવનદેવતાને અર્થે કાઉસ્સગ્ગ કરૂંછું.

યસ્યાઃક્ષેત્રં સમાશ્રિત્ય—જે દેવીના ક્ષેત્રને અંગિકાર કરીને.

સાધુભિઃ સાધ્યતે ક્રિયાઃ—સાધુઓવડે તપ સંયમરૂપ ક્રિયા સધાય છે.

સા ક્ષેત્રદેવતા નિત્યં—તે ક્ષેત્રદેવી હમેશાં.

ભૂયાન્નઃ સુખદાયિની ॥ ૧ ॥—અમને સુખ આપનારી થાઓ.

અથ જ્ઞાનાદિ ગુણયુતાનાં

યુતાનાં=વાળાને	સંયમ=ચારિત્ર	વિદધાતુ=કરો
સ્વાધ્યાય=સજઝાય	રતાનાં=રાગી	ભુવન=ઘરની

જ્ઞાનાદિગુણયુતાનાં—જ્ઞાનાદિકગુણે સહિત એવા.

નિત્યંસ્વાધ્યાયસંયમરતાનાં—હમેશાં વાંચનાદિક સ્વાધ્યાય અને સંય-
મને વિષે આશક્ત એવા.

વિદધાતુભુવનદેવી, શિવંસદા સર્વ સાધુનાં ॥ ૧ ॥—સર્વ સાધુઓનું
ભુવનદેવી હમેશાં કલ્યાણ કરો.

અથ અડ્ઢાઈજ્જેસુ.

અડ્ઢાઈજ્જેસુ=અઢીમાં	રયહરણ=રજોહરણ	અખ્ખય=સંપૂર્ણ
દીવ=દ્વીપ	ગુચ્છ=ગુચ્છો	સિરસા=લલાટે, કપાળે કરી
સમુદ્દેસુ=સમુદ્રોમાં	પડિગ્ગહ=પાત્રુ	મણુસા=મનવડે કરીને
પનરસસુ=પંદર (માં)	ધારા=ધારણ કરનાર	
કમ્મભૂમિસુ-કર્મભૂમિમાં	સીલંગ=શાયળનાં અંગ	

અડ્ઢાઈજ્જેસુ દીવ સમુદ્દેસુ—અઢીદ્વીપ તથા સમુદ્રસંબંધી.

પનરસસુ કમ્મભૂમિસુ—પંદર કર્મભૂમિને વિષે.

જાવંત કેવિસાહુ—જેટલા કોઇ સાધુ.

રયહરણ ગુચ્છપડિગ્ગહધારા ॥ ૧ ॥—રજોહરણ=ઓઘો અને ગુચ્છો=પા-
ત્રની ઝોળી ઉપરનું લુગડું અને પાત્રાં ઇત્યાદિક ધર્મોપકરણ ધરનારા.

પંચમહવ્વયધારા—પાંચ મહાવ્રત ધરનારા.

અટ્ઠારસ સહસ્સ સીલંગધારા—અઢાર હજાર સીલના અંગના ધરનાર.

અખ્ખયાયારચરિત્તા—સંપુર્ણ આચારરૂપ ચારિત્રના ધરનાર.

તે સવ્વે સિરસા મણસા મથ્થએણ વંદામિ ॥ ૨ ॥—તે સર્વેને લ-
લાટે કરીને, મને કરીને, અને મસ્તકવડે હું નમસ્કાર કરૂં છું.

ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયાહં, સર્વસાધુહં.

અથ વરકનક.

કનક=સોનું	વિદ્રુમ=પરવાલાં	ઘન=મેઘ
સંખ=શંખ	મરકત=પાનાં	સન્નિભં=સરખું

વિગત મોહં=મોહથીરહિત
સપ્તતિશતં=એકસો સીતેર
જિનાનાં=જિનોનું
સવ્વ=સર્વ
અમર=દેવતા
પૂજીતં=પૂજાયેલું

વર કનક સંખ વિદ્રુમ—સુંદર સોનું, શંખ, પરવાળાં.

મરકતઘન સન્નિભં વિગતમોહં—લીલમ અને સજલ મેઘ તેના જેવા છે, એટલે પાંચ રંગ છે જેના અને મોહરહિત.

સપ્તતિશતં જિનાનાં—એકસોને સીતેર તિર્થંકરોને.

સવ્વામર પૂજિતવંદે ॥ ૧ ॥—સર્વ દેવતાઓએ પૂજેલા એવા તિર્થંકરદેવોને હું નમું છું. ॥ ૧ ॥

અથ લઘુશાંતિ.

ગાથા ૧ થી ૧૦ સુધી.

શાંતિં=શાંતિનાથને
શાંતિ=શાંતિ
નિશાંતં=ઘર
શાંતં=રાગદ્વેષરહિત
શાંત=શાંત પામેલા
અશિવં=ઉપદ્રવ
નમસ્કૃત્ય=નમસ્કાર કરીને
સ્તોતુ=સ્તુતિ કરનારા
નિમિત્તં=હેતુ
મંત્ર=મંત્રો (નાં)
પદૈઃ=પદોવડે
શાંતયે—શાંતિને (માટે)
સ્તૌમિ=સ્તુતિ કરું છું
ઍ=રક્ષણ કરવું,
ઈતિ=એ પ્રકારે
નિશ્ચિત=નિશ્ચય કરેલું
વચસે=વચનવાલા
નમો=નમસ્કાર
ભગવતે=ભગવાનને
અર્હતે=યોગ્યને
પૂજાં=પૂજાને
જીનાય=જીનને
જયવતે=જયવંતને
યશસ્વિને=જશવંતને
સ્વામિને=નાથને
દમિનાં=મુનિઓના
સકલ=સઘળા
અતિશેષક=અતિશય
સંપત્તિ=સંપદા
સમન્વિતાય=સહિત
શસ્યાય=પ્રશંસવાયોગ્ય
ત્રૈલોક્ય=ત્રણ લોકે
પૂજીતાય=પૂજેલા
દેવાય-દેવને
સસમૂહ=સમૂહસહિત
સ્વામિક=સ્વામિઓએ
સં=સમ્યક્પ્રકારે
નિર્જીતાય=નહીં જીતાયેલા
ભુવન=ત્રણ ભુવન
જન=લોક
પાલન=પાળવામાં
ઉદ્યતતમાય=ઘણા સાવધાન (ને)
સતતં=નિત્ય
તસ્મૈ=તેને
દુરિત=પાપ

ઓઘ=સમૂહ
નાશન=નાશ
કરાય=કરનારને
પ્ર=પ્રકર્ષે કરી
શમનાય=શમાવનાર
દુષ્ટ=દુષ્ટ
ગ્રહ=ગ્રહ
ભૂત=ભૂત
પિશાચ=રાક્ષસ
શાકિનીનાં=શાકણી-
ઓને
પ્રમથનાય=અત્યંત ના-
શ કરનાર, મટાડનાર
યસ્ય=જેનું
તિ=એ રીતે
નામમંત્ર=નામરૂપીમંત્ર
પ્રધાન=ઉત્તમ
વાક્ય=વચન
ઉપયોગ=યાદી
કૃત=કરેલો
તોષા=સંતોષ
વિજયા=વિજયાદેવી
હિત=સુખને
નુતા=સ્તવેલી

નમત=નમો
ભવતુ=થાઓ
નમઃ=નમસ્કાર
તે=તને
વિજયે=હે વિજયા
સુજયે=હે સુજયા
પર=મોટા
અપર=બીજા દેવોએ
અજી=તેનહીં જીતાય
એવી
અપરાજીતે=હે અપરા-
જીતા દેવી
જગત્યાં=જગતમાં
જયાવહે=હે જયાવહા
ભવતિ-હે તમે
સર્વસ્ય-સર્વને
અપિ=પણ
સંઘસ્ય=સંઘને
ભદ્ર=સુખ
પ્રદદે=હે દેનારી
સુ=સારી
તુષ્ટિ=શાંતિ
પુષ્ટિ=પુષ્ટિ
પ્રદે=દેનારી

જીયાઃ-તું જયવંતી હો
ભવ્યાનાં-ભવ્યોને
કૃત-કરી છે
સિદ્ધે-સિદ્ધિ જેણે
નિવૃતિ-ચિત્તનીસમાધી
નિર્વાણ-મોક્ષ
જનનિ-કરનારી
સત્વાનાં-ભવ્યજીવોને
અભય-નિર્ભયપણું
પ્રદાન=અતિશે દેવું
નિરતે-તત્પર
સ્વસ્તિ-કલ્યાણ
તુભ્યં-તને
ભક્તાનાં-ભક્તોને
જંતૂનાં-જીવોને
શુભાવહે-શુભ પમાડ-
નાર
નિત્યં-હમેશાં
ઉદ્યતે-સાવધાન
સમ્યગ્દ્રષ્ટિ-સમકિત
દ્રષ્ટિઓને
ધૃતિ-ધીરજ
રતિ-પ્રીતિ
પ્રદાનાય-આપવાને

શાંતિ શાંતિ નિશાંતં—શ્રી શાંતિનાથસ્વામી જે શાંતિના ઘર છે તેમને.
શાંતિં શાંતાશિવં નમસ્કૃત્ય—રાગદ્વેષરહિત છે અને શાંત પામ્યા છે અકલ્યાણકારક ઉપદ્રવો જે થકી એવા શ્રી શાંતિનાથ પ્રતે નમસ્કાર કરીને.

સ્તોતુઃ શાંતિનિમિત્તં—સ્તુતિ કરનારને શાંતિના હેતુ છે.
મંત્રપદૈઃ શાંતયેસ્તૌમિ ॥ ૧ ॥—મંત્રોના પદોએ એટલે અક્ષરગર્ભિત મંત્રવડે કરીને હું શાંતિને અર્થે સ્તુતિ કરૂં છું.

ૐમિતિ નિશ્ચિતવચસે—ૐ=રક્ષણ કરે છે અથવા પરમજ્યોતિ ઇતિ એટલે બે પ્રકારે નિશ્ચિત=નક્કી કર્યું છે. વચઃ=વાચકપદ જેમનું અથવા ૐ વચને કરી કહેવાયોગ્ય છે વાચકભાવ જેમને એવા શાંતિનાથ.
નમોનમો ભગવતેऽર્હતે પૂજાં—નમસ્કાર થાઓ, પુજાને યોગ્ય છે એવા ભગવાનને.

શાંતિજિનાય જયવતે—શ્રી શાંતિજિન જે જયયુક્ત છે તેમને.
યશસ્વિને સ્વામિને દમિનાં ॥ ૨ ॥—પ્રસિદ્ધ યશ છે જેમનો, વળી ઇંદ્રિયોને દમન કરનાર જે મુનિ મહારાજ તેમના નાથ છે તેમને.
સકલાતિશેષક મહા—સમસ્ત ચોત્રીસ અતિશયરૂપ મોટી.
સંપત્તિ સમન્વિતાય શસ્યાય—સંપદાએ કરીને સહિત તથા પ્રશંસવાયોગ્ય એવા.
ત્રૈલોકયપૂજિતાય ચ—વળી ત્રણલોકે (પૂજિત એવા).
નમોનમઃ શાંતિદેવાય ॥ ૩ ॥—શ્રી શાંતિનાથને નમસ્કાર થાઓ.
સર્વામર સસમૂહ—સમસ્ત દેવતાના સમૂહસહિત.
સ્વામિક સંપૂજિતાય નિર્જિતાય—સ્વામિ (જે ચોસઠ ઇંદ્રો) તેમણે સમ્યક્પ્રકારે પૂજિત છે એવા, વળી નથી જીત્યા દેવાદિકોએ.

ભુવનજન પાલનોદ્યત, તમાય—ત્રણભુવનના લોકોનાં પાલન કરવામાં અત્યંત સાવધાન એવા છે તે.

સતતં નમસ્તસ્મૈ ॥ ૪ ॥—શાંતિનાથ મહારાજને નિરંતર નમસ્કાર થાઓ.
સર્વદુરિતૌઘનાશન, કરાય સર્વાશિવપ્રશમનાય—સર્વ પાપના સમૂહનો નાશ કરનાર છે, વળી કેવા છે. સર્વ ઉપદ્રવ પ્રકર્ષે કરી સમાવનાર છે. વળી કેવા છે.

દુષ્ટગ્રહભૂતપિશાચ—આકરા ગ્રહ તથા ઝાડમાં રહેનાર ભુત રાક્ષસાદિકના.

શાકિનીનાં પ્રમથનાય ॥ ૫ ॥—તથા શાકિની એ સર્વના ઉપદ્રવને અતિશયે કરી નાશ કરનાર છે.

યસ્યેતિ નામ મંત્ર—એ શાંતિજિનનો એ રીતે નામમંત્ર કરીને.

પ્રધાનવાક્યોપયોગ કૃતતોષા—સર્વોત્તમ પવિત્ર વચનનો ઉપયોગ એટલે નામની યાદીએ કરી કર્યો છે ચિત્તને વિષે સંતોષ જેણે એવી.

વિજયા કુરૂતે જનહિત—વિજયાદેવી શાંતિનાથ મહારાજને યાદ કરનાર માણસનું હિત કરે છે.

મિતિ ચ નુતા નમત તં શાંતિ ॥ ૬ ॥—એ પ્રકારે વળી તે દેવી નમેલી છે. (શાંતિનાથને) હે ભવ્યજનો! તમે એ શાંતિનાથને પ્રણામ કરો.

ભવતુ નમસ્તે ભગવતિ—નમસ્કાર થાઓ હે ભગવતિ!

વિજયે સુજયે પરા પરૈરજિતે—હે વિજયા! હે સુજયા! તથા બીજા દેવોથી નથી જીતાએલી એવી હે અજીતા! તું.

અપરાજિતે જગત્યાં—કોઈ ઠેકાણે પરાજય ન પામેલી એવી હે અપરાજીતા! તું પૃથ્વિને વિષે.

જયતીતિ જયાવહે ભવતિ ॥ ૭ ॥—જયવંતી વર્તો, એમ સ્તુતિ કરે છે. તે જયાવહે=સ્તુતિ કરનાર ભક્તજનને જયનિ આવહન કરનાર થાય છે. એવી હે જયવહા દેવી! તથા હે ભગવતી! એ પ્રકારે ચાર દેવીઓ તમને નમસ્કાર થાઓ.

સર્વસ્યાપિ ચ સંઘસ્ય—ચતુર્વિધ એવા સર્વ સંઘને.

ભદ્રકલ્યાણ મંગલ પ્રદદે—સૌખ્ય, નિરૂપદ્રવપણું, માંગલિક, ઇત્યાદિકને અતિશયે કરી આપનારી એવી દેવી.

સાધુનાં ચ સદાશિવ—વળી મોક્ષના સાધનાર એવા મુનિઓને સર્વદા ઉપદ્રવરહિતપણું.

તુષ્ટિપુષ્ટિપ્રદેજીયાઃ ॥ ૮ ॥—શોભનચિત્તની શાંતિ, ધર્મની વૃદ્ધિ, તેને દેનારી એવી હે દેવી! તું જયવંતી હો.

ભવ્યાનાં કૃતસિદ્ધે—ભવ્યજીવોને કરી છે સિદ્ધિ જેણે એવી.

નિર્વૃતિ નિર્વાણજનનિ સત્ત્વાનાં—વળી પ્રાણીઓને ચિત્ત સમાધિ તથા મોક્ષ એટલે પરમાનંદને ઉત્પન્ન કરનારી એવી.

અભય પ્રદાન નિરતે—નિર્ભયપણું, ઉત્કૃષ્ટ રીતે દેવાને તત્પર એવી.

નમોસ્તુસ્વસ્તિપ્રદે તુભ્યં ॥ ૯ ॥—તથા કલ્યાણ પ્રકર્ષે કરીને દેનારી હે દેવી! તને નમસ્કાર હો.

ભક્તાનાં જંતૂનાં—પોતાના ભક્ત એવા જીવોને.

શુભાવહે નિત્યમુદ્યતે દેવિ—શુભ એટલે શ્રેયપણાને સર્વે પ્રકારે પમાડનારી એવી.

સમ્યગ્દ્રષ્ટિનાં ધૃતિ—સમ્યક્દ્રષ્ટિજીવને ધીરજ.

રતિ મતિ બુદ્ધિ પ્રદાનાય ॥ ૧૦ ॥—પ્રિતિ, ભવિષ્યકાળ જાણનારી મતિ, વર્તમાનકાળ વિષે જાણનારી બુદ્ધિ, પ્રકર્ષે આપવાને નિત્ય ઉદ્યમવંત એવી હે દેવી! તું છે.

ગાથા ૧૧ થી ૧૯ સુધી.

નિરતાનાં-રાગવંત	દુષ્ટ-માઠા	સુ=અતિશય
જગતિ-જગતમાં	ગ્રહ-ગ્રહ	શિવં=કલ્યાણું
જનતાનાં-જનસમુદાયોને	રાજ-રાજા	કુરૂ=કર
શ્રી-લક્ષ્મી	રણ-સંગ્રામ	સદેતિ=સદા એમ
સંપત્-ઋદ્ધિ	ભયતઃ-ભયથી	ગુણવતિ=ગુણવાળી
કીર્તિ-કીર્તિ	રિપુ-વેરી	સ્વસ્તિ=ક્ષેમ
યશ-જશ	ગણ-સમૂહ	ઈહ=અહીંઆં
વર્દ્ધનિ-વધારનાર	મારી-મરકી	યત્=જેના
વજયસ્વ-વિજયપામો	ચોર-ચોર	નામાક્ષર=નામાક્ષરમંત્ર
સલિલ-પાણી	શ્વાપદ-શીકારી પશુ	પુરસ્સરં=પૂર્વક
અનલ-અગ્નિ	આદિભ્યઃ-વગેરેથી	સંસ્તુતા=સ્તવેલી
વિષધર-સર્પ	અથ-હવે	નમતાં=નમતાને
	રક્ષ-રક્ષણ કર	નિમિત્તં=હેતુને

શાંતયે-શાંતિનાથને	યઃ=જે	માનદેવઃ-માનદેવ(નામ છે)
તસ્મૈ-તેને	એનં=એને	ઉપસર્ગા=કષ્ટો
પૂર્વ-પેહેલાંના	પઠતિ=ભણે છે	ક્ષયં=નાશને
સૂરિ-આચાર્ય	શૃણોતિ=સાંભળે છે	યાંતિ=પામે છે
વિદર્ભિતઃ=રચેલો	ભાવયતિ=ભાવે છે	ચ્છિદ્યંતે=છેદાય છે
સ્તવઃ=સ્તોત્ર	વા=અથવા	વિઘ્ન=અડચણ
શાંતેઃ=શાંતિનાથનો	યથાયોગમ્=યોગનેનહીં ઓલંઘીને	વલ્લયઃ=વેલીયો
આદિ=વગેરે		મનઃ=મન
ભય=બીક	હિ=નિશ્ચે	પ્રસન્નતાં=પ્રસન્નપણાને
વિનાશી=નાશ કરનાર	શાંતિ-શાંતિનું	એતિ=પામે છે
કરઃ=કરનારો	પદં=ઠેકાણું	પૂજ્યમાને=પૂજે છતે
ભક્તિમતાં=ભકતોને	યાયાત્=પામે	

જિનશાસન નિરતાનાં—જિનશાસનને વિષે રક્ત એવા.

શાંતિનતાનાં ચ જગતિજનતાનાં—અને શ્રી શાંતિનાથ પ્રત્યે નમસ્કાર કરનારા એવા, અને જગતને વિષે જનસમુદાયો છે તેમને.

શ્રી સંપત્કીર્ત્તિ યશો—લક્ષ્મી, રિદ્ધિ, વિસ્તાર, કીર્ત્તિ તે એક દીશા વ્યાપી અને યશ તે સર્વ દિશા વ્યાપી, તેની.

વર્દ્ધનિ જયદેવિવિજયસ્વ ॥ ૧૧ ॥—વધારનારી એવી હે જયા નામે દેવી ! તું જય પામ ॥ ૧૧ ॥

સલિલાનલ વિષ વિષધર—જળ, અગ્નિ, વિષ-ઝેર અને સાપ.

દુષ્ટગ્રહ રાજરોગ રણભયતઃ—ખરાબ ગ્રહ, એટલે અશુભ રાહુ, કેતુ, ઇત્યાદિ અને ખરાબ સ્વભાવના રાજા, રોગ, અને લડાઈના ભયથી.

રાક્ષસ રિપુગણમારી—રાક્ષસ, શત્રુના સમુહ, મરકીનો રોગ.

ચૌરેતિ શ્વાપદાદિભ્યઃ ॥ ૧૨ ॥—ચોર, સાપ, ઇતિના ભય અને મદોન્મત્ત હાથી ઈત્યાદિ જીવોના ભયથી.

અથરક્ષરક્ષસુશિવં—અથ=હવે, રક્ષણકર, રક્ષણકર, અને અતિશય નિરૂપદ્રવપણું તેને કર.

કુરૂકુરૂશાંતિં ચ કુરૂકુરૂ સદેતિ—વળી શાંતિને કર, અને નિરંતર એ પ્રમાણે કર.

તુષ્ટિં કુરૂકુરૂપુષ્ટિં—સંતોષપણાને કર, અને શરીરનું નિરોગીપણું કર.

કુરૂકુરૂ સ્વસ્તિં ચ કુરૂકુરૂત્વં ॥ ૧૩ ॥—સ્વસ્તિ એટલે કલ્યાણ કર. વળી એટલાં વાનાં તું કર.

ભગવતિ ગુણવતિ શિવશાંતિ—હે ભગવતી! એટલે ઐશ્વર્યાદિ ગુણવાળી, તથા હે ગુણવંતી! કલ્યાણ, શાંતિ.

તુષ્ટિ પુષ્ટિ સ્વસ્તિહ કુરૂકુરૂજનાનાં—તુષ્ટિ અને પુષ્ટિ તથા કલ્યાણ એટલાં વાનાં આ લોકને વિષે માણસોને કર.

ઓમિતિ નમો નમો હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ—જ્યોતિસ્વરૂપિણિ એવી હે દેવી! તમને નમસ્કાર થાઓ. (હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ એ મંત્રાક્ષર છે.)

યઃ ક્ષઃ હ્રીં ફુટ્ ફુટ્ સ્વાહા ॥ ૧૪ ॥—યઃ ક્ષઃ હ્રીં ફુટ્ ફુટ્ સ્વાહાના મંત્ર સ્વરૂપિણિ હે દેવી તમને નમસ્કાર થાઓ. એમાં ફુટ્ ફુટ્ એ શબ્દ વિઘ્ન નાશ કરનાર મંત્રાક્ષર છે, અને હ્રાં હ્રીં ઇત્યાદિ શાંતિનો મૂળ મંત્ર છે.

એવં યન્નામાક્ષર—એ પ્રમાણે જેના નામાક્ષર મંત્ર.

પુરસ્સરં સંસ્તુતા જયાદેવી—પુર્વક સ્તુતિ કરેલી એવી જયા નામા દેવી તે.

કુરૂતે શાંતિં નમતાં (પાઠાંતરે કુરૂતે શાંતિ નિમિત્તં)—શ્રી શાંતિનાથપ્રત્યે નમસ્કાર કરનારાઓને શાંતિપ્રત્યે કરે છે. (પાઠાંતરે શાંતિનો હેતુ તેને કરે છે.)

નમો નમઃ શાંતયે તસ્મૈ ॥ ૧૫ ॥—તે શાંતિનાથપ્રત્યે વારંવાર નમસ્કાર થાઓ ॥ ૧૫ ॥

ઇતિ પૂર્વ સૂરિ દર્શિત—એ પ્રમાણે પૂર્વાચાર્યે બતાવેલા એવા.

મંત્ર પદ વિદર્ભિત, સ્તવઃ શાંતેઃ—મંત્રપદ એટલે મંત્રાક્ષર બીજ, તેણે વિરચિત શ્રી શાંતિનાથજીનું સ્તવન જે તે.

સલિલાદિ ભય વિનાશિ—પાણી આદિક વા ભયનો નાશ કરનાર.

શાંત્યાદિકરશ્ચ ભક્તિમતામ્ ॥ ૧૬ ॥—અને ભક્તિમાન પુરૂષોને શાંતિ સુખ ઇત્યાદિ કરનારો થાઓ.

યશ્ચૈનં પઠતિ સદા—વળી જે માણુસ આ સ્તવનને ભણે છે.

શૃણોતિ ભાવયતિ વા યથાયોગં—યોગ ઠેકાણે રાખીને જે બીજા પસેથી સાંભળે છે અથવા મનમાં સ્મરણ કરે છે.

સહિ શાંતિ પદં યાયાત્—તે પુરૂષ નિશ્ચય શાંતિનું સ્થાનક તેને પામે.

સૂરિઃ શ્રી માનદેવશ્ચ ॥ ૧૭ ॥—શ્રી માનદેવસુરિ પણ શાંતિપદને પામે. એમાં કર્તાનું નામ સૂચવ્યું છે.

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ—ઉપસર્ગો ક્ષય પામે છે.

છિદ્યંતે વિઘ્ન વલ્લયઃ—વિઘ્નરૂપી વેલો તે પણ છેદાય છે.

મનઃ પ્રસન્નતામેતિ—મન પ્રસન્નતાપ્રતે પામે છે.

પૂજ્યમાને જીનેશ્વરે ॥ ૧૮ ॥—જિનેશ્વર ભગવાનને પુજે છતે ॥૧૮॥

સર્વ મંગલ માંગલ્યં—સર્વ માંગલ્યમાં માંગલિક એવું.

સર્વ કલ્યાણ કારણં—બધા કલ્યાણનું કારણ.

પ્રધાનં સર્વ ધર્માણાં—સર્વ ધર્મમાં મુખ્ય એવું,

જૈનં જયતિ શાસન ॥ ૧૯ ॥—જૈનશાસન જયવંતુ વર્તે છે ॥ ૧૯॥

અથ ચઉક્કસાય.

પડિમલ્લ=વેરી	ગય=હાથી	કંતિ-કાંતિ
ઉલ્લૂરણું=ઉછેદનાર	ગામિઉ=ગતિવાળા	કડપ્પ-સમૂહ
દુજ્જય=દુર્જય	જયઉ=ગતિવાળા	સિણિદ્ધઉ-સ્નિગ્ધ
મયણુ=મદન (ના)	પાસુ=પાર્શ્વનાથ	સોહઇ-શોભે છે
બાણુ=બાંણ	ભુવણુ-ભુવન	ફણિ-ફેણનું
મુસુમૂરણું=ભાગનાર	ત્તય-ત્રણ	મણિ-મણિ (રત્ન)
સરસ=સરવાલો	સામિઉ-સ્વામી	આલિદ્ધઉ-સહિત
પિઅંગુ=રાયણ	જસુ-જેના	નં-નિશ્ચે
વન્નુ=વર્ણ, રંગ	તણુ-શરીર	નવ-નવો

જલહર=મેઘ	લંછિઉ=સહિત	પાસુ=પાર્શ્વ
તડિત્=વિજલી	સો=તે	પયચ્છઉ=આપો
લય=લત્તા	જીણુ=જીન	વંછિઉ=વાંછિત

ચઉક્કસાય પડિમલ્લૂલ્લૂરણું—ચાર કષાયરૂપ જે વેરી તેના ઉચ્છેદનાર એટલે ટાળનાર.

દુજજય મયણ બાણ મુસુમૂરણું—દુઃખે જીતાય એવા કામદેવના બાણુના ભાગનાર છે.

સરસ પિઅંગુવન્નુ ગયગામિઉ—પાકી રાયણુના ઝાડના જેવા નીલા શરીરના રંગવાળા, વળી હાથીના જેવી ગતિવાળા.

જયઉ પાસુ ભુવણુત્તય સામિઉ ॥ ૧ ॥—ત્રણ ભુવનના સ્વામી શ્રી પાર્શ્વનાથ મહારાજ જયવંતા વર્તે છે ॥ ૧ ॥

જસુતણુકંતિ કડપ્પ સિણિદ્ધઉ—જેના શરીરની કાન્તિનો સમૂહ સ્નિગ્ધ છે

સોહઇ ફણિમણિકિરણાલિદ્ધઉ—નાગેંદ્રની મણિના કિરણે કરી વ્યાપ્ત શોભે છે.

નં નવ જલહર તડિલ્લય લંછિઉ—વિજળીની લતાએ કરીને સહિત જેમ નવો મેઘ શોભે છે, તેમ તે કાંન્તિસમુહે શોભે છે.

સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ ॥ ૨ ॥—તે પાર્શ્વનાથ મારા વંછિતપ્રત્યે આપો ॥ ૨ ॥

અથ ભરહેસરની સજઝાય.

ભરહેસર=ભરતેશ્વર	સિરિઓ—શ્રીયક, સરૈયા	થૂલિભદ્દો=સ્થુલિભદ્ર
બાહુબલી=બાહુબલ	અણિયાઉત્તો=અર્ણિકા પુત્ર	વયરરિસી=વજ્રઋષિ
અભયકુમારો=અભય કુમાર	અઇમુત્તો=અતિમુક્ત	નંદિસેણ=નંદિષેણ
ઢંઢણકુમારો=ઢંઢણ કુમાર	નાગદત્તો=નાગદત્ત	સીહગિરી=સિંહગિરિ
	મઅજ્જ=મેતાર્યમુનિ	કયવન્નો=કૃતવર્ણકુમાર
		પુંડરિઓ=પુંડરિકજી

કેસિ=કેશિકુમાર
હલ્લ=હલ્લયકુમાર
વિહલ્લ=વિહલ્લયકુમાર
સુદંસણ=સુદર્શનશેઠ
સાલ=સાલમુનિ
મહાસાલ=મહાસાલ મુની
સાલિભદ્દો=શાલિભદ્ર
ભદ્દો=ભદ્રબાહુસ્વામી
દસન્નભદ્દો=દશાર્ણભદ્ર
પ્રસન્નચંદ્દો=પ્રસન્નચંદ્ર રાજર્ષિ
જસભદ્દો=યશોભદ્રસૂરિ
જંબૂપહુ=જંબુપ્રભુ સ્વામી
વંકચૂલો=વંકચૂલ
ગયસુકુમાલો=ગજસુકુમાર
અવંતિસુકુમાલો=અવંતિસુકુમાર
ધન્નો=ધન્નાશા
ઇલાઈ=ઇલાચી
પુત્તો=પુત્ર
ચિલાઈ=ચિલાતી
બાહુમુણિ=યુગબાહુમુનિ
અજ્જ=આર્ય

ગિરિ=મહાગિરિ
રખ્ખિઅ=રક્ષિત
સુહથ્થા=સુહસ્તી
ઉદ્દાયગો=ઉદ્દાચીરાજા
મણગો=મનકપુત્ર
કાલયસૂરિ=કાલકાચાર્ય
સંબો=સાંબકુમાર
પજ્જુન્નો=પદ્યુમ્નકુમાર
મૂલદેવો=મૂલદેવરાજા
પભવો=પ્રભવસ્વામી
વિન્હુ=વિષ્ણુ
અદ્દ=આર્દ્ર
દઢપ્પહારી=દ્રઢપ્રહારી
સિજ્જંસ=શ્રેયાંસકુમાર
મેહ=મેઘ
એમાઈ=ઇત્યાદિ
મહા=મોટા
સત્તા=સતા
સુહં=શુભ, સુખ
ગણેહિં=સમૂહવડે
ગાહણે=ગ્રહણ કરવાથી
પાવપબંધા=પાપના સમૂહ
વિલય=વિનાશ
જંતિ=પામે છે
મણોરમા=મનોરમા
મયણરેહા=મદનરેખા

નમયા=નર્મદા
સીયા=સીતા
નંદા=નંદી
ભદ્દા=ભદ્રા
સુભદ્દા=સુભદ્રા
રાયમઈ=રાજેમતિ
રિસિદત્તા=ઋષિદત્તા
પઉમાવઇ=પદ્માવતી
અંજણા=અંજના
સિરીદેવી=શ્રીદેવી
જીટ્ઠ=જયેષ્ટા
સુજીટ્ઠ=સુજયેષ્ટા
મિગાવઈ=મૃગાવતી
પભાવઇ=પ્રભાવતી
ચિલ્લણા=ચેલણા
બંભી=બ્રાહ્મી
સુંદરી=સુંદરી
રૂપ્પિણી=રૂકિમણી
રેવઈ=રેવતી
સિવા=શિવા
દેવઈ=દેવકી
દોવાઈ=દ્રોપદી
કલાવઇ=કલાવતી
પુપ્ફચૂલા=પુષ્પચૂલા
ગોરી=ગૌરી
ગંધારી=ગાંધારી
લખ્ખમણા=લક્ષ્મણા
જંબુવઇ=જાંબુવતી

સચ્ચભામા=સત્યભામા	ભૂઅદિન્ના=ભૂતદિન્ના	અજજવિ=આજપણ
કન્હુ=શ્રીકૃષ્ણ	ભયણીઓ=બેનો	વજ્જઈ=વાજે છે
અટ્ઠ=આઠ [ઓ	ઇચ્ચાઇ=ઇત્યાદિ	જાસિં=જેમનો
મહિસીઓ=પટ્ટરાણી-	સઇઓ=સતીઓ	જસ=જશ (નું)
જક્ખા=જક્ષા	અકલંક=નિર્મળ	પડહો=ઢોલ
જક્ખદિન્ના=યક્ષદિન્ના	સીલ=શીયલ	તિહુઅણે=ત્રણ ભુવને
ભૂઆ=ભૂતા	કલિઆઓ=સહિત	સયલે=સકલ

ભરહેસર બાહુબલી—શ્રી ભરતેશ્વર તથા બાહુબળી.

અભયકુમારો અ ઢંઢણકુમારો—અભયકુમાર, વળી ઢંઢણકુમાર.

સિરિઓ અણિયાઉત્તો—શ્રી સ્થુળીભદ્રના નાનાભાઇ શ્રીયક, છઠ્ઠા અનિકાપુત્ર આચાર્ય.

અઇમુત્તો નાગદત્તો ॥ ૧ ॥—અતિમુક્તકુમાર, વળી નાગદત્ત.

મેઅજ્જ થૂલિભદ્દો—મેતારજમુનિ, શ્રી સ્થુલિભદ્રમુનિ.

વયરરિસી નંદિષેણ સીંહગિરી—વજ્રઋષિ એટલે વજ્રસ્વામી, નંદિષેણજી, શ્રી સીંહગિરિજી મહારાજ, જે વજ્રસ્વામીના ગુરૂ.

કયવન્નો અ સુકોસલ—કૃતવર્ણકુમાર, વળી સુકોશલમુનિ.

પુંડરિઓ કેસિ કરકંડુ ॥ ૨ ॥—શ્રી આદિનાથના પહેલા ગણધર પુંડરિકજી, કેશિકુમાર, કરકંડુ, પ્રત્યેકબુદ્ધમુનિ.

હલ્લ વિહલ્લ સુદંસણ—હલ્લકુમાર, વિહલ્લકુમાર એ બન્ને શ્રેણિકરાજાના પુત્ર, સુદર્શનશેઠ.

સાલ મહાસાલ સાલિભદ્દો અ—સાલમુનિ તથા માહાસાલમુનિ તથા શાલિભદ્ર પ્રસિદ્ધ ભોગી.

ભદ્દો દસન્નભદ્દો—ભદ્રબાહુસ્વામી તથા દશાર્ણભદ્ર

પસન્નચંદો અ જસભદ્દો ॥ ૩ ॥—પ્રસન્નચંદ્રરાજરિષિ શ્રી યશોભદ્રસૂરિ.

જંબૂપહુ વંકચૂલો—જંબુપભુસ્વામી, વંકચૂલ રાજકુમાર.

ગયસુકુમાલો અવંતિસુકુમાલો—ગજસુકુમાલ, અવંતિસુકુમાર.

ધન્નો ઈલાઈપુત્તો—ધનાશેઠ, વળી એલાચીપુત્ર.

ચિલાઈપુત્તો અ બાહુમુણિ ॥ ૪ ॥—ચિલાતીપુત્ર, વળી યુગબાહુમુનિ.
અજ્જગિરિ અજ્જરક્ખિઅ—આર્યમહાગિરિજી તથા આર્યરક્ષિતસૂરિ.
અજ્જસુહત્થી ઉદાયગો મણગો—આર્યસુહસ્તિ સૂરિ, ઉદાઈરાજા, વળી મનકપુત્ર.
કાલયસૂરિ સંબો—કાલિકાચાર્ય, શાંબકુમાર.
પજ્જુન્નો મૂલદેવો અ ॥ ૫ ॥—પ્રદ્યુમ્નકુમાર, મૂલદેવરાજા.
પભવો વિન્હુકુમારો—પ્રભવસ્વામીજી તથા વિષ્ણુકુમાર.
અદ્દકુમારો દઢપ્પહારી અ—આર્દ્રકુમાર, વળી દઢપ્રહારીચોર.
સિજ્જંસ કૂરગડુઅ—શ્રેયાંસકુમાર તથા કૂરગડુસાધુ.
સિજ્જંભવ મેહકુમારો અ ॥ ૬ ॥—શ્રીજંભવઆચાર્ય અને મેઘકુમાર.
એમાઈ મહા સત્તા—ઇત્યાદિક બીજા પણ મોટા પરાક્રમી પુરૂષો.
દિંતુ સુહં ગુણગણેહિં સંજુત્તા—જ્ઞાનાદિ ગુણોના સમુહે કરી સહિત એવા સુખ પ્રત્યે આપો.
જેસિં નામગ્ગહણે—જેમનાં નામ લેવાથી.
પાવપબંધા વિલય જંતિ ॥ ૭ ॥—પાપના બંધ તે વિનાશ પામે છે.
સુલસા ચંદનબાલા—સુલસા શ્રાવિકા તથા ચંદનબાળા.
મણોરમા મયણરેહા દમયંતી—મનોરમા, મદનરેખા, વળી દમયંતી.
નમયાસુંદરી સીયા—નર્મદાસુંદરી, સીતાસતિ.
નંદા ભદ્દા સુભદ્દા ય ॥ ૮ ॥—નંદા, ભદ્રાશેઠાણી તથા સુભદ્રા.
રાઈમઈ રિસિદત્તા—રાજીમતિ ને ઋષિદત્તા.
પઉમાવઈ અંજણા સિરીદેવી—પદ્માવતી, અંજનાસુંદરી, વળી શ્રીદેવી.
જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઈ—જ્યેષ્ટા, સુજ્યેષ્ટા, મૃગાવતી.
પભાવઈ ચિલ્લણા દેવી ॥ ૯ ॥—પ્રભાવતી, ચેલણારાણી એ પાંચે ચેડા રાજાની પુત્રીઓ જાણવી.
બંભી સુંદરી રૂપ્પિણિ—બ્રાહ્મી, સુંદરી, રૂકિમણી.
રેવઈ કુંતી સિવા જયંતી ય—રેવતિશ્રાવિકા, કુન્તી, સીતા અને જયન્તીશ્રાવિકા.

દેવઇ દોવઇ ધારિણી—દેવકી, દ્રૌપદી, ધારણી.
કલાવઇ પુપ્ફચૂલાય ॥ ૧૦ ॥—કલાવતી તથા પુષ્પચૂલા.
પઉમાવઇ ય ગોરી—પદ્માવતી, અને ગોરી.
ગંધારી લક્ખમણા સુસીમાય—ગંધારી, લક્ષમણા, સુસીમા.
જંબુવઇ સચ્ચભામા—જંબુવતી, સત્યભામા.
રૂપ્પિણી કન્હટ્ઠ મહિસીઓ ॥ ૧૧ ॥—રૂકિમણી, એ આઠ શ્રીકૃષ્ણની પટરાણીઓ છે.
જક્ખાય જક્ખદિન્ના—યક્ષા, યક્ષદિન્ના.
ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના ય—ભૂતા તથા વળી નિશ્ચે ભૂતદિન્ના.
સેણા વેણા રેણા—સેના, વેણા, રેણા એ સાત.
ભયણીઓ થૂલિભદ્દસ્સ ॥ ૧૨ ॥—શ્રી સ્થુલિભદ્રજીની બેનો જાણવી.
ઇચ્ચાઈ મહાસઇઓ—ઈત્યાદી મોટી સતીઓ.
જયંતિ અકલંક સીલકલિઆઓ—નિર્મળ શીળ ગુણે કરીને સહિત જયવંતી વર્તે છે.
અજ્જવિ વજ્જઈ જાસિં—વળી જેના આજ પણ વાગે છે.
જસ પડહો તિહુઅણે સયલે ॥ ૧૩ ॥—સકળ ત્રિભુવનને વિષે જશના ડંકા ॥ ૧૩ ॥

અથ મન્હજિણાણં સજઝાય.

મન્હજિણાણં આણં—જીનેશ્વર ભગવાનની આજ્ઞાને માનવી.
મિચ્છં પરિહરહ ધર સમ્મત્તં—મિથ્યાતનો ત્યાગ કરવો અને સમકિતને ધારણ કરવું.
છવ્વિહ આવસ્સયંમિ—૬ પ્રકારના આવસ્યકમાં.
ઉજ્જુત્તો હોઇ પઇ દિવસં ॥ ૧ ॥—પ્રતિ દિવસ ઉદ્યમવંત હોય.
પવ્વેસુ પોસહવયં—પર્વ દિવસને વિષે પૈષધવ્રત.
દાણં સીલં તવોઅ ભાવોઅ—દાન, શીયળ, તપ અને ભાવના.
સજ્ઝાય નમુક્કારો—સ્વાધ્યાય અને નમસ્કાર.

પરોવયારો અ જયણા અ ॥ ૨ ॥—પરોપકાર અને વળી જતના રાખે.
જિણપૂઆ જિણથૂણિણં—જીનેશ્વરની પૂજા અને જીનેશ્વર ભગવાનની સ્તુતિ.
ગુરૂ થુઅસાહમ્મિ આણવચ્છલં—ગુરૂની સ્તુતિ અને સાધર્મિઓનું વાત્સલ્ય.
વવહારસ્સય સુદ્ધિ—વ્યવહારની શુદ્ધિ.
રહજુત્તા તિથ્થજુત્તાય ॥ ૩ ॥—રથયાત્રા અને તીર્થયાત્રાસહિત.
ઉવસમ વિવેક સંવર—ઉપસમ, વિવેક, અને સંવર.
ભાસા સમિઇ છ જીવકરૂણાય—ભાષાસમિતિ અને છકાય જીવની રક્ષા.
ધમ્મિઅ જણ સંસગ્ગો—ધાર્મિક માણસનો સંસર્ગ.
કરણ દમો ચરિણ પરિણામો ॥ ૪ ॥—ઇંદ્રિયોનું દમવું અને ચારિત્રનો પરિણામ.
સંઘોવરિ બહુમાણો—શ્રી સંઘ ઉપર બહુ માન.
પુથ્થય લિહણં પભાવણા તિથ્થે—પુસ્તક લખાવવું અને તીર્થમાં પ્રભાવના કરવી.
સડ્ઢાણ કિચ્ચ મેઅં—શ્રાવક લોકોનાં આ કૃત્ય છે.
નિચ્ચં સુગુરૂ વએસેણં ॥ ૫ ॥—તે નિત્ય સુગુરૂના ઉપદેશથી જાણી લેવું.

તીર્થવંદન.

સકળ તીર્થ વંદૂ કરજોડ, જિનવર નામે મંગળ ક્રોડ; પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશ દિશ ॥ ૧ ॥ બીજે લાખ અઠ્ઠાવીસ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં; ચોથે સ્વર્ગે અડલખધાર, પાંચમે વંદુ લાખજ ચાર ॥ ૨ ॥ છઠ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીસ સહસ પ્રાસાદ; આઠમે સ્વર્ગે છ હજાર, નવ દસમે વંદુ શત ચાર ॥ ૩ ॥ અગીયાર બારમે ત્રણસેં સાર, નવ ગ્રૈવેયકે ત્રણસેં અઢાર; પાંચ અનુત્તર સર્વે મળી, લાખ ચોરાશી અધિકાં વળી ॥ ૪ ॥ સહસ સત્તાણું ત્રેવીસસાર, જિનવર ભુવનતણો અધિકાર; લાંબાં સો જોજન વિસ્તાર, પચાસ ઉંચાં બોહોતેર ધાર ॥ ૫ ॥ એકસોએંસી બિંબ પ્રમાણ, સભાસહિત એક

ચૈત્યે જાણું; સો ક્રોડ બાવનક્રોડ સંભાળ, લાખ ચોરાણું સહસ ચોંઆળ ॥ ૬ ॥ સાતસેં ઉપર સાઠ વિશાળ, સવી બિંબ પ્રણમું ત્રણ કાળ; સાતક્રોડને બહોતેર લાખ, ભુવનપતિમાં દેવલ ભાખ ॥ ૭ ॥ એકસો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ; તેરશેં ક્રોડ નવ્યાશી ક્રોડ, સાઠ લાખ વંદુ કર જોડ ॥ ૮ ॥ બત્રીશેં ને ઓગણસાઠ, તિર્છાલોકમાં ચૈત્યનો પાઠ; ત્રણ લાખ એકાણું હજાર, ત્રણશેં વીસ તે બિંબ જુહાર ॥ ૯ ॥ વ્યંતર જ્યોતિષિમાં વળી જેહ, શાશ્વતા જિન વંદુ તેહ; રિષભ ચંદ્રાનન વારિષેણ, વર્દ્ધમાન નામે ગુણશેણ ॥ ૧૦ ॥ સમેતશિખર વંદુ જિન વીસ, અષ્ટાપદ વંદુ ચોવીસ; વિમલાચલ ને ગઢ ગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર ॥ ૧૧ ॥ સંખેશ્વર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર; અંતરિક વરકાણો પાસ, જીરાવલોને થંભણ પાસ ॥ ૧૨ ॥ ગામ નગર પુર પાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણ ગેહ; વિહરમાન વંદુ જિનવીસ, સિદ્ધ અનંત નમું નિશદીસ ॥ ૧૩ ॥ અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ સિલાંગના ધાર; પંચમહાવ્રત સમિતિ સાર, પાળે પળાવે પંચાચાર ॥ ૧૪ ॥ બાહ્ય અભ્યિંતર તપ ઉજમાલ, તે મુનિ વંદુ ગુણ મણિમાલ; નિત્ય નિત્ય ઉઠી કીર્તિ કરૂં, જીવ કહે ભવસાયર તરૂં ॥ ૧૫ ॥

અથ સકલાર્હત.

ગાથા ૧ થી ૮ સુધી.

અર્હત્=પૂજવાનું.	સ્વઃ=દેવલોક	એ છીએ.
પ્રતિષ્ટાનં=સ્થાનક	ત્રયી=ત્રણ લોક	નામ=નામનિક્ષેપે
અધિષ્ઠાનં=સ્થાયક	ઈશાન=સ્વામી	આકૃતિ=સ્થાપનાનિક્ષેપે
શ્રિયઃ=લક્ષ્મીનું	અર્હંત્યં=અરિહંતનો સમૂહ	દ્રવ્યં=દ્રવ્ય નિક્ષેપે
ભૂઃ=મનુષ્યલોક		ભાવૈ=ભાવનિક્ષેપે
ભુવઃ=પાતાલના	પ્રણિદધ્મહે=ધ્યાનકરી-	પુનતઃ=પવિત્ર કરનાર

કાલે=કાલમાં
સર્વસ્મિન્=સર્વ
સમુપાસ્મહે=સેવીએ છીએ
આદિમં=પેહેલા
નિઃ=રહિત
પરિગ્રહં=પરિગ્રહ
સ્તુમ=સ્તવિએ છીએ
અજિતં=અજિતનાથને
વિશ્વ=જગત
કમલાકર=સરોવર
ભાસ્કરં=સૂર્ય જેવા
અમ્લાન=નિર્મલ
કેવલ=કેવલજ્ઞાન (૩૫)
આદર્શ=દર્પણ
સંક્રાંત=સમાયું છે (પ્રતિબિંબવાળું કર્યું છે)

સ્તુવે=સ્તવું છું
આરામ=બગીચો
કુલ્યા=નીક
તુલ્યા=બરાબર
તાઃ=તેઓ
દેશના=ઉપદેશ
સમયે=વખતે
વાચઃ=વાણીઓ
જગત્પતેઃ=જગત્પતિની
અનેકાંત=સ્યાદ્વાદ
મત=મત
અંભોધિ=સમુદ્ર
ઉલ્લાસન=ઉલ્લાસ
દધ્યાત્=આપો
અમંદં=ઘણો
આનંદ=હર્ષ
દ્યુસત્=દેવતા
કિરીટ=મુકુટ

શાણાગ્ર=શૃંગની અણી
ઉત્તેજિત=અતિશય તેજવંત
અંઘ્રિ=ચરણ
નખ=નખ
આવલિ=શ્રેણી
તનોતુ=વિસ્તારો
અભિમતાનિ=વાંછિતો
વઃ=તમારાં
પદ્મપ્રભ=પદ્મપ્રભ
પ્રભો=સ્વામીના
દેહ=શરીર
ભાસઃ=કાંતિઓ
પુષ્ણંતુ=પોષણ કરો
અંતરંગ=અંદરના
અરિ=વેરી
મથને=દૂર કરવામાં
આટોપ=પ્રબલપણું
અરૂણા=રાતી

સકલાર્હત્પ્રતિષ્ઠાન—સમસ્ત પૂજાનું સ્થાન એવા (૧)

અધિષ્ઠાનં શિવશ્રિયઃ—મોક્ષરૂપી લક્ષ્મીનું સ્થાનક એવા (૨)

ભૂર્ભુવઃસ્વસ્ત્રયીશાન—મનુષ્યલોક, પાતાલ અને સ્વર્ગ એ ત્રણના સ્વામિ એવા (૩)

આર્હંત્યં પ્રણિદધ્મહે ॥ ૧ ॥—અરિહંતના સમુહનું અમે ધ્યાન ધરીએ છીએ. (૪)

નામાકૃતિદ્રવ્યભાવૈઃ—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપે કરી (૧)

પુનતસ્ત્રિજગજ્જનં—ત્રણ જગતના જનોનેપવિત્ર કરનાર, (૨)

ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિ—સર્વ ક્ષેત્ર અને સમસ્ત કાલને વિષે એવા. (૩)
અર્હતઃ સમુપાસ્મહે ॥ ૨ ॥—અરિહંતભગવાનને અમે સેવીએ છીએ.(૪)
આદિમં પૃથિવીનાથ—પ્રથમ પૃથ્વિના નાથ.
માદિમં નિઃપરિગ્રહં—પ્રથમ પરિગ્રહરહિત થયા એટલે પ્રથમ સાધુ.
આદિમં તીર્થનાથં ચ—વળી પ્રથમ તીર્થના સ્વામી એવા.
ઋષભસ્વામિનં સ્તુમઃ ॥ ૩ ॥—રિખવદેવસ્વામિની અમે સ્તુતિ કરીએ છીએ. (૩)
અર્હંતમજિતંવિશ્વ, કમલાકર ભાસ્કરં—જગતરૂપી કમલાકર જે સ-રોવર તેને પ્રકાશ કરવામાં સૂર્યસમાન એવા અરિહંત ભગવાન શ્રી અજીતનાથને.
અમ્લાન કેવલાદર્શ, સંક્રાંત જગતં સ્તુવે ॥ ૪ ॥—નિર્મલ એવા કેવલજ્ઞાનરૂપી આરિસાને વિષે સંક્રમણ કર્યું છે સર્વ જગતને જેણે એવા શ્રી અજીતનાથને હું સ્તવું છું.
વિશ્વભવ્ય જનારામ, કુલ્યાતુલ્યાજયંતુતાઃ—જગતમાં રહેલા જે ભ-વ્યજીવો તે રૂપી જે ઉદ્યાન તેને સિંચવાને પાણીની નીકસમાન એવી તે વાણીઓ જયવંતી વર્તો.
દેશનાસમયે વાચઃ—ઉપદેશ સમયની વાણીઓ.
શ્રી સંભવ જગત્પતેઃ ॥ ૫ ॥—શ્રી સંભવનાથ જે જગતના ધણી છે તેમની.
અનેકાંતમતાંભોધિ—સ્યાદ્વાદમતરૂપી જે સમુદ્ર તેને.
સમુલ્લાસનચંદ્રમાઃ—ઉલ્લાસ કરવાને ચંદ્રમા સમાન.
દદ્યાદમંદમાનંદં—અતિ હર્ષને આપો.
ભગવાનભિનંદનઃ ॥ ૬ ॥—ભગવાન અભિનંદનસ્વામી.
દ્યુસત્કિરીટશાણાગ્રો—ઝળહળતા મુકુટના મણિના ખુણાના કરતાં.
ત્તેજિતાંઘ્રિનખાવલિઃ—અતિશય તેજવંત છે જેના ચરણના નખની હાર એવા.
ભગવાન સુમતિસ્વામી—ભગવાન સુમતિનાથસ્વામી.

તનોત્વભિમતાનિ વ: ॥ ૭ ॥—તમારા વાંછિતપ્રત્યે વિસ્તારો.

પદ્મપ્રભપ્રભોર્દેહ—પદ્મપ્રભુસ્વામિના શરીરની.

ભાસ: પુષ્ણંતુ વ: શ્રિયં—કાંતિઓ તમારી કલ્યાણરૂપી લક્ષ્મિની પુષ્ટિ કરો.

અંતરંગારિમથને—મોહાદિક જે અંતરંગ શત્રુ તેનો નાશ કરવાને વિશે.

કોપાટોપાદિવારુણા: ॥ ૮ ॥—ક્રોધના પ્રબલપણાથી જાણે રાતી થઇ હોય ના ! એવી.

ગાથા ૯ થી ૧૮ સુધી.

જિનેંદ્રાય=જિનેંદ્રને
મહેંદ્ર=મોટાઇંદ્ર(વડે)
મહિત=પૂજિત
અંઘ્રયે=ચરણ (વાલા)ને
આલોક=પ્રકાશ
ભાસ્વતે=સૂર્ય (સમાન) ને
ચંદ્રપ્રભ=ચંદ્રપ્રભુ
મરીચિ=કિરણ
નિચય=સમૂહ
ઉજ્જવલા=નિર્મલ
મૂર્ત=મૂર્તિમંત
સિત=ઉજ્જવલ, શુકલ
નિર્મિતા=બનાવેલી
અમલ=નિર્મલ
ક=પાણી
વત્=પેઠે
વિશ્વં=જગતને
કલયન્=જાણતા

શ્રિયા=લક્ષ્મીવડે
અચિંત્ય=ચિંતવાય નહીં તેવું
માહાત્મય=મોહોટાઇ
નિધિ:=નિધાન (ભંડાર)
સુવિધિ:=સુવિધિનાથ
બોધયે=સમ્યકત્વને
પરમ=ઉત્કૃષ્ટ
આનંદ=આનંદ, હરખ
કંદ=અંકુર
ઉદ્ભેદ=ફુટી નીકળવું
અંબુદ=મેઘ
સ્વાદ્વાદ=અનેકાંત
નસ્યંદી=ઝરનારા
પાતુ=રક્ષણ કરો
આર્ત્ત=પીડાએલા
અગદંકાર=વૈદ્ય
નિ:શ્રેયસ=ગામ
રમણ:=ભરતાર

શ્રેયસે=કલ્યાણ અર્થે
ઉપકારકીભૂત=ઉપકાર ભૂત
તીર્થકૃત=તીર્થંકર
નિર્મિતિ=નિષ્પત્તિ
નરૈ:=માણસોએ
વાસુપુજ્ય:=બારમા તીર્થંકર
પુનાતુ=પવિત્ર કરો
કતક=કતકફલ (નું)
ક્ષોદ=ચૂર્ણ
સોદરા:=સરખી
ચેતો=ચિત્ત
નૈર્મલ્ય=નિર્મલપણું
હેતવ:=હેતુઓ
સ્વયંભૂરમણ=સૌથી મોટો સમુદ્ર
સ્પર્દ્ધિ=બરોબરી કરનારા

કરૂણા=દયા
વારિણા=પાણીવડે
અનંતજિત્=અનંતનાથ
અનંતા=અંત નહીં એવી
પ્રયચ્છતુ=આપો
કલ્પદ્રુમ=કલ્પવૃક્ષ
ઇષ્ટ=વાંછિત
પ્રાપ્તો=પ્રાપ્તિમાં
શરીરિણાં=દેહધારીઓને
ચતુર્દ્ધા=ચાર પ્રકારનો
દેષ્ટારં=દેખાડનાર
ઉપાસ્મહે=ઉપાસના કરીએ છીએ
સુધા=અમૃત
વાક્=વાણી
જ્યોત્સ્ના=ચાંદની
દિક્=દિગ્સીવા
મૃગ=મૃગ, હરણ
લક્ષ્મા=લક્ષણ, ચિન્હ

શ્રીસુપાર્શ્વજિનેંદ્રાય—શ્રી સુપાર્શ્વનાથ નામા જે જીનેંદ્ર તેમને.

મહેંદ્રમહિતાંઘ્રયે—મોહોટા જે ચોસઠ ઇંદ્રો તેઓવડે કરી પૂજીત ચરણ કમલ છે જેના એવા.

નમશ્ચતુર્વર્ણસંઘ—નમસ્કાર થાઓ. વળી તે સાધુ, સાધવી, શ્રાવક, અને શ્રાવિકારૂપ ચાર પ્રકારનો સંઘ તે રૂપી.

ગગનાભોગભાસ્વતે ॥ ૯ ॥—આકાશનો વિસ્તાર તેને વિષે સૂર્યસમાન છે.

ચંદ્રપ્રભપ્રભોશ્ચંદ્ર—ચંદ્રપ્રભુસ્વામિની ચંદ્રના.

મરીચિનિચયોજ્જવલા—કિરણોનો સમુહ તેથી પણ ઉજ્જવલ એવી.

મૂર્તિમૂર્તસિતધ્યાન—મૂર્ત્તિ તે કેવી કે જાણે મૂર્તિમંત શુકલધ્યાનનીજ.

નિર્મિતેવ શ્રિયેઽસ્તુવ: ॥ ૧૦ ॥—બની હોય એવી મુર્તિ તમારા કલ્યાણને અર્થે થાઓ.

કરામલકવદ્વિશ્વં—હાથમાં રહેલા નિર્મલ પાણીની માફક વિશ્વને.

કલયન્કેવલશ્રિયા—કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીએ કરી જાણનાર એવા.

અચિંત્યમાહાત્મ્યનિધિ:—વળી નહીં ચિંતવવા યોગ્ય એવું જે મહોટાપણું તેનો સમુદ્ર એવા.

સુવિધિર્બોધયેઽસ્તુવ: ॥ ૧૧ ॥—સુવિધિનાથસ્વામી તમોને બોધીબીજના અર્થે થાઓ.

સત્વાનાં પરમાનંદ—પ્રાણીઓને અત્યંત આનંદ તેહનો.

કંદોદ્ભેદનવાંબુદ:—જે અંકુર તેને પ્રગટ કરવામાં મેઘસમાન એવા.

સ્યાદ્વાદામૃતનિસ્યંદી—અનેકાંત મનરૂપી જે અમૃત તેના ઝારનાર એવા.

શીતલ: પાતુ વો જિન: ॥ ૧૨ ॥—શ્રી શીતલનાથસ્વામી જે જિન છે તે તમોને રક્ષણ કરો.

ભવરોગાર્ત્ત જંતૂના—સંસારરૂપ રોગવડે પીડાએલા પ્રાણીઓને.

મગદંકાર દર્શન:—વૈદ્યસમાન છે દર્શન જેનું એવા, વળી

નિ:શ્રેયસશ્રીરમણ:—મોક્ષરૂપી લક્ષ્મી તેના સ્વામી એવા.

શ્રેયાંસ: શ્રેયસેઽસ્તુ વ: ॥ ૧૩ ॥—શ્રી શ્રેયાંસનાથ તમારા કલ્યાણને અર્થે થાઓ.

વિશ્વોપકારકી ભૂત—વિશ્વને ઉપકારભૂત એવું.

તીર્થકૃત્કર્મનિર્મિતિ:—તિર્થંકર નામકર્મની નિષ્પત્તિ થઈ છે એવા.

સુરાસુરનરૈ: પુજ્યો—વળી વૈમાનિકદેવતા તથા ભુવનપત્યાદિક દેવતા તથા મનુષ્યો તેમણે પૂજવાયોગ્ય એવા

વાસુપુજ્ય: પુનાતુ વ: ॥ ૧૪ ॥—વાસુપૂજ્યસ્વામી તમોને પવિત્ર કરો.

વિમલસ્વામિનોવાચ:—વિમલસ્વામીની વાણીઓ.

કતકક્ષોદસોદરા:—કતકફલના ભુકા સરખી.

જયંતિ ત્રિજગચ્ચેતો—જયવંતિ વર્તો. તે ત્રણ જગતના જનોના ચિત્તરૂપી.

જલનૈર્મલ્યહેતવ: ॥ ૧૫ ॥—પાણીને નિર્મલ કરવાનો હેતુ છે.

સ્વયંભૂરમણસ્પર્દ્ધિ—સ્વયંભુરમણ સમુદ્રથકી પણ અધિક.

કરૂણારસવારિણા—કરૂણારસરૂપી પાણીવડે સહિત એવા.

અનંતજિદનંતાં વ:—અનંતનાથસ્વામી તમોને નથી અંત જેનો એવી.

પ્રયચ્છતુ સુખશ્રિયં ॥ ૧૬ ॥—મોક્ષ સુખરૂપ લક્ષ્મી તે પ્રત્યે આપો.

કલ્પદ્રુમસધર્માણ—કલ્પવૃક્ષ સમાન.

મિષ્ટપ્રાપ્તૌશરીરિણાં—મનુષ્યોને વાંછિત ફલની પ્રાપ્તિને વિષે.

ચતુર્દ્ધાધર્મદેષ્ટારં—તથા ચાર પ્રકારે ધર્મના દેખાડનાર એવા.

ધર્મનાથમુપાસ્મહે ॥ ૧૭ ॥—ધર્મનાથની અમે ઉપાસના કરીએ.

સુધાસોદરવાગ્જ્યોત્સ્ના—અમૃત સરખી વાણીરૂપ ચંદ્રિકાવડે કરી.

નિર્મલીકૃતદિઙ્મુખ:—નિર્મલ કર્યાં છે દિશાઓમાં વસતાં જનોનાં મુખ જેણે એવા.

મૃગલક્ષ્મા તમ:શાન્ત્યૈ—વળી મૃગનું છે લક્ષણ જેને એવા અજ્ઞાનરૂપી અંધકારની શાંતિના હેતુ.

શાંતિનાથજિનોઽસ્તુ વ: ॥ ૧૮ ॥—શ્રી શાંતિનાથ ભગવાન તમોને થાઓ.

ગાથા ૧૯ થી ૩૩ સુધી.

સનાથ=સહિત
અતિશયર્દ્ધિભિ=અતિશય ઋદ્ધિવડે
નૃ=મનુષ્ય
ચતુર્થાર=ચોથા આરો
નભ:=આકાશ (માં)
રવિ=સૂર્ય
વિલાસં=સુખને
વિતનોતુ=વિસ્તારો
અધીશ=ઇંદ્ર
મયૂર=મોર
વારિદ=મેઘ
લુઠંત:=લોટતા
મૂર્ધ્નિ=મસ્તકને વિષે
કારણં=હેતુ
વારિ=પાણી
પ્લવા=પ્રવાહ
ઇવ=પેઠે
અંશવ:=કિરણો
યદુવંશ=યાદવ વંશ
ઇંદુ=ચંદ્ર
કક્ષ=વનખંડ
હુતાશન=અગ્નિ
અરિષ્ટ=નામ છે, ઉપદ્રવ
વિજિત=જીતેલા
તેજા:=કાંતિ
સેવિત:=સેવાએલા
વિમલ=નિર્મલ
ચૂડામણિ=મુકુટ
મહિતો=પૂજાએલા
બુધા:=પંડિતો
સંશ્રિતા=આશ્રય કરી રહ્યા
વીરેણ=વીરસ્વામીએ
અભિહત:=હણ્યો
નિચય=સમુદાય
વીરાય=વીરસ્વામીને
દ્રુ=ઝાડ
ઉન્મૂલને=ઉખેડવાને
હસ્તિમલ્લ=ઐરાવત હાથી
અભિષ્ટુમ:=સ્તવના
જગત્=જગત (ની)
નિંદ્રા=ઉંઘ
પ્રત્યૂષ=પ્રભાત
સમય=વખત
ઉપમં=ઉપમા (વાળી)
દેશના=ઉપદેશ
વચનં=વચનને
સ્તુમ:=સ્તવીએ છીએ
અકૃત્રિમાનાં=નહીં કરેલા શાશ્વતા
કૃતાનાં=કરાએલા
અર્ચિતાનાં=પુજાએલાઓના
ભાવત:=ભાવથી
વેધસાં=પંડિતોના (માં)
આદ્યં=પેહેલા (ને)
સર્વજ્ઞ=કેવલી (ને)
અર્જિત=મેળવેલા
ઉર્જિત=ઘણાં આકરાં
પ્રદીપ=બાલવાને
કમઠે=કમઠ ઉપર
ધરણેંદ્રે=ધરણેંદ્ર ઉપર

ઉચિત=યોગ્ય
કુર્વતિ=કરતા
તુલ્ય=સરખી
શ્રીમતે=કેવલજ્ઞાનરૂપ
સનાથ=સહિત લક્ષ્મિવાન (ને)
અદ્ભુત=નવાઈ જેવું
શ્રિયા=લક્ષ્મીવડે
સરે=સરોવરમાં
રાજમરાલાય=રાજ હંસને
સિદ્ધિવધુ=મોક્ષરૂપ સ્ત્રી
હૃદય=અંતઃકરણ
અલંકાર=શણગાર
ઉપમ=ઉપમાવાળો
અષ્ટાદશ=અઢાર

સિંધુર=હાથી
ઘટા=ઘટા
નિર્ભેદ=ભેદવાને
પંચાનનો=કેસરીસીંહ
ખ્યાતઃ=પ્રખ્યાત, અષ્ટાપદ
સમ્મેતશૈલ=સમેત
વીરાત્=વીરથી
પ્રવૃત્ત=ચાલ્યું
અતુલં=નિરૂપમ
વીરસ્ય=વીરનું
ઘોરં=કઠણ
તપો=તપ
વીરે=વીરમાં
દિશિ=આપો, બતાવો
અવનિ=પૃથ્વિ

તલ=સપાટી
ગતાનાં=રહેલા
કૃત્રિમ=કરેલાં અશાશ્વતાં
સમેતશિખર, ગજપદઃ, અષ્ટાપદ } પર્વતોનાં નામ છે
અભિધઃ=નામવાળો
રૈવતકઃ=ગિરનાર
વૈભારઃ=વૈભારપર્વત
કનકાચલ=મેરૂપર્વત
અર્બુદ=આબુ
ચિત્રકુટ=ચિતોડનો પર્વત
તત્ર=તેમાં
કુર્વંતુ=કરો

શ્રીકુંથુનાથો ભગવાન્—શ્રી કુંથુનાથ ભગવાન.

સનાથોતિશયર્દ્ધિભિઃ—ચોત્રીસ અતિશયરૂપ રિદ્ધિએ કરી સહિત એવા

સુરાસુરનૃનાથાના—વૈમાનિક અને ભૂવનપત્યાદિક દેવો તથા મનુષ્યો તેમના નાથ તે ઇંદ્ર ચક્રવર્ત્યાદિક તેઓને.

મેકનાથોડસ્તુ વઃ શ્રિયે ॥ ૧૯ ॥—એક નાથ એવા તમારા કલ્યાણને અર્થે થાઓ.

અરનાથસ્તુ ભગવાં—અરનાથ ભગવાન.

શ્ચતુર્થારનભોરવિઃ—ચોથા આરારૂપ આકાશમાં સૂર્યસમાન.

ચતુર્થ પુરૂષાર્થશ્રી—ચોથું પુરૂષાર્થ જે મોક્ષ તે રૂપ લક્ષ્મિ તેના.

વિલાસં વિતનોતુ વઃ ॥ ૨૦ ॥—વિલાસપ્રત્યે તમોને વિસ્તારો.

સુરાસુરનરાધીશ—વૈમાનિક અને ભુવનપત્યાદિક દેવો તથા મનુષ્યોના સ્વામિ તે રૂપ.

મયૂરનવવારિદં—મોર તેને ઉલ્લાસ કરવા નવા મેઘ સરખા.

કર્મદ્રુન્મૂલનેહસ્તિ—તથા કર્મરૂપ વૃક્ષને ઉખેડી નાંખવામાં હાથીના.

મલ્લં મલ્લિમભિષ્ટુમઃ ॥ ૨૧ ॥—મલ્લ સરખા એટલે ઐરાવત હાથી સરખા શ્રી મલ્લિનાથ ભગવાનની અમે સ્તુતિ કરીએ છીએ.

જગન્મહામોહનિદ્રા—જગતના પ્રાણીઓની જે મહા મોહરૂપ નિદ્રા તેને દૂર કરવાને વિષે.

પ્રત્યૂષસમયોપમં—પ્રભાતકાલની ઉપમા છે જેને એવા.

મુનિસુવ્રતનાથસ્ય—મુનિસુવ્રત સ્વામીના.

દેશનાવચનંસ્તુમઃ ॥ ૨૨ ॥—ધર્મોપદેશનાં વચનની અમે સ્તુતિ કરીએ છીએ.

લુઠંતોનમતાંમૂર્ધ્નિ—નમનાર મનુષ્યના મસ્તક વિષે લુંઠાયમાન એવા, વળી

નિર્મલીકારકારણં—નિર્મલ પાપરહિતપણાના કારણભૂત એવા.

વારિપ્લવાઇવનમેઃ—જલપ્રવાહની પેઠે શ્રી નમિનાથ ભગવાનના.

પાંતુપાદનખાંશવઃ ॥ ૨૩ ॥—ચરણના નખના કિરણો તમારૂં રક્ષણ કરો.

યદુવંશ સમુદ્રેંદુઃ—જાદવવંશરૂપ સમુદ્રને ઉલ્લાસ પમાડવાને ચંદ્રમાસમાન.

કર્મકક્ષહુતાશનઃ—વળી કર્મરૂપ જે કક્ષ (વનખંડ) તેને વિશે અગ્નિસમાન એવા.

અરિષ્ટનેમિર્ભગવાન્—શ્રી અરિષ્ટનેમનાથનામા ભગવાન્.

ભૂયાદ્વોઽરિષ્ટનાશનઃ ॥ ૨૪ ॥—તમારા ઉપદ્રવ નાશ કરનાર થાઓ.

કમઠે ધરણેંદ્રે ચ—કમઠ અને ધરણેંદ્રને વિશે પણ.

સ્વોચિતં કર્મ કુર્વતિ—જે પોતપોતાને યોગ કાર્ય કરે છે.

પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ—એકસરખી મનની વૃત્તિ છે જેની એવા સમર્થ પ્રભુ.

પાર્શ્વનાથ શ્રિયેઽસ્તુવઃ ॥ ૨૫ ॥—પાર્શ્વનાથસ્વામી તમારા કલ્યાણને અર્થે થાઓ.

શ્રીમતે વીરનાથાય—કેવલજ્ઞાનરૂપ લક્ષ્મિયુક્ત એવા વીર ભગવાનને.

સનાથાયાદ્ભૂત શ્રિયા—અદ્ભૂત લક્ષ્મીએ કરી સહિત એવા.
મહાનંદસરોરાજ—વળી મહાનંદરૂપ સરોવરને વિષે ક્રીડા કરવાને, રાજ્ઞ
મરાલાયાર્હતે નમઃ ॥ ૨૬ ॥—હંસસમાન એવા અરિહંત ભગવાન (વીરસ્વામી) ને નમસ્કાર થાઓ.
કૃતાપરાધેપિ જને—અપરાધ કરેલા મનુષ્યને વિશે પણ.
કૃપામંથતારયો—અતિ કૃપા દર્શાવનારી આંખની કીકીઓ છે જેની એવા.
ઇષદ્બાષ્પાર્દ્રયોર્ભદ્રં—આંસુથી કાંઇક ખિન્ન થયેલાં નેત્રોને કલ્યાણ થાઓ.
શ્રી વીરજિનનેત્રયો ॥ ૨૭ ॥—શ્રી વીરભગવાનના નેત્રોને.
જયતી વીજિતાન્યતેજા:—વિશેષે કરી જીત્યું છે અન્યનું તેજ જેણે એવા જયવંતા વર્તો.
સુરાસુરાધીશસેવિત: શ્રીમાન્—સુર અને અસુર તેના સ્વામી જે ઇંદ્ર તેવડે સેવીત એવા તથા કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીયુક્ત એવા.
વિમલસ્ત્રાસવીરહિત—નિર્મળ તથા સપ્તભયરૂપ ત્રાસરહિત.
સ્ત્રીભુવનચૂડામણિર્ભગવાન્ ॥ ૨૮ ॥—ત્રણ ભુવનને વિષે મુકુટસમાન એવા ભગવાન.
વીર: સર્વ સુરાસુરેંદ્ર મહિતો વીરં બુધા: સંશ્રિતા:—વીરભગવાન સુર અને અસુરના ઇંદ્રોવડે કરી પૂજીત છે, તથા પંડીતલોકો વીરને આશ્રયે રહેલા છે.
વીરેણાભિહત: સ્વકર્મનિચયો વીરાય નિત્યં નમ:—વીર ભગવાન વડે સ્વકર્મનો સમુહ હણાયો છે, તે વીરને હમેશાં નમસ્કાર થાઓ.
વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં વીરસ્ય ઘોરં તપો—વીર ભગવાનથકી આ અનુપમ તીર્થ પ્રવર્ત્યું. વીર ભગવાનનો તપ પણ ભયંકર છે.
વીરે શ્રીધૃતિકીર્તિકાંતિનિચય: શ્રી વીર ભદ્રં દિશ: ॥ ૨૯ ॥—વીર ભગવાનને વિષે કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ તથા કાંતિનો સમુહ છે, એવા હે વીર કલ્યાણને દેખાડો.
અવનિતલગતાનાં કૃતિમાકૃત્રિમાનાં—પૃથ્વિના સપાટીમાં રહેલા અશાસ્વતા અને શાસ્વતા.

વરભુવનગતાનાં દિવ્યવૈમાનિકાનાં—વૈમાનિક તથા ભૂવનપત્યાદિક દેવતાઓના સુંદર ઘરવિષે રહેલાં એવાં.

ઇહ મનુજકૃતાનાં દેવરાજાર્ચિતાનાં—આ લોકમાં મનુષ્યલોકોએ કરાવેલાં એવાં અને દેવતાઓ તથા રાજાઓવડે કરી પૂજીત.

જીનવર ભુવનાનાં ભાવતોઽહં નમામિ ॥ ૩૦ ॥—જે જીનેશ્વર ભગવાનનાં ચૈત્ય, તેમને ભાવથકી હું નમસ્કાર કરૂં છું.

સર્વેષાં વેધસામાદ્ય—સર્વ જ્ઞાતાપુરૂષોના પ્રથમ.

માદિમં પરમેષ્ઠિનં—પ્રથમ પરમેષ્ટિરૂપ.

દેવાધીદેવં સર્વજ્ઞં—દેવના પણ દેવ અને સર્વજ્ઞ.

શ્રીવીરં પ્રણિદધ્મહે ॥૩૧॥—એવા શ્રી વીરભગવાનનું અમે ધ્યાન ધરીયે.

દેવોઽનેકભવાર્જિતોર્જિતમહાપાપપ્રદીપાનલો—અનેક ભવનાં ઉપાર્જિત મહા પાપ તે બાળવાને અગ્નિસમાન એવા દેવે.

દેવ: સીદ્ધિવધૂવિશાલ હૃદયાઽલંકાર હારોપમ:—પ્રકાશયુક્ત. વળી સિદ્ધરૂપી સ્ત્રીના વિશાળ હૃદયને વિષે અલંકાર હારની ઉપમા છે જેને એવા.

દેવોઽષ્ટાદશદોષસીંધુરઘટાનિર્ભેદપંચાનનો—વળી દેવ તથા અઢાર દોષરૂપ જે ગજઘટા તેહને ભેદવાને સિંહસમાન એવા.

ભવ્યાનાં વિદધાતુ વાંછીતફલં શ્રીવીતરાગો જીન: ॥ ૩૨ ॥—શ્રી વીતરાગપ્રભુ ભવ્યજીવોને વાંછિત ફળપ્રત્યે આપો.

ખ્યાતોઽષ્ટાપદપર્વતો ગજપદ: સમ્મેતશૈલાભિધ:—પ્રખ્યાત અષ્ટાપદ પર્વત તથા ગજપદ પર્વત તથા સમેતશિખરનામા પર્વત.

શ્રીમાન્ રૈવતક: પ્રસિદ્ધમહિમા શત્રુંજયો મંડપ:—લક્ષ્મીવંત એવો ગિરનાર પર્વત તથા પ્રસિદ્ધ મહિમા જેનો એવો શેત્રુંજય પર્વત.

વૈભાર: કનકાચલોઽર્બુદગિરિં શ્રીચિત્રકૂટાદય—વૈભાર પર્વત તથા મેરૂ પર્વત તથા આબુ પર્વત તથા ચિત્રકુટાદિક પર્વતો જે છે.

સ્તત્ર શ્રીઋષભાદયો જિનવરા કુર્વંતુ વો મંગલં ॥૩૩॥—તેને વિષે રહેલા એવા રૂપભદેવાદિક ચોવીશ જીનવરો તમોને મંગલપ્રત્યે કરો.

અથ શ્રી પાક્ષિકાદિ અતિચાર.

॥ નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહય વિરિયંમિ ॥ આયરણં આયારો, ઈય એસો પંચહા ભણિઓ ॥ ૧ ॥ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર ॥ એ પંચવિધ આચારમાંહે અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ સુક્ષ્મ, બાદર, જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥

તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર ॥ કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહય નિન્હવણે ॥ વંજણ અત્થ તદુભએ, અઠવિહો હોઇ નાણમાયારો ॥ ૧ ॥ જ્ઞાન કાળવેળાયે ભણ્યો. ગણ્યો નહીં. અકાળે ભણ્યો. વિનયહીન, બહુમાનહીન, યોગઉપધાનહીન, અનેરા કન્હે ભણી અનેરો ગુરૂ કહ્યો. દેવગુરૂ વાંદણે, પડિક્કમણે, સજ્ઝાય કરતાં ભણતાં, ગણતાં, કૂડો અક્ષર કાને માત્રાયે અધિકો ઓછો ભણ્યો. સૂત્ર કૂડું કહ્યું. અર્થ કૂડો કહ્યો. તદુભય કૂડાં કહ્યાં. ભણીને વિસાર્યાં. સાધુતણે ધર્મકાજે કાજો અણઉદ્ધર્યે, ડાંડો અણપડિલેહે, વસતિ અણશોધે, અણપવેસે, અસઝાઇ, અણોઝાઈમાંહે શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો. ગુણ્યો. શ્રાવકતણે ધર્મે થિવિરાવલિ, પડિક્કમણાં, ઉપદેશમાલા પ્રમુખ સિદ્ધાંત ભણ્યો. ગુણ્યો. કાળ વેળા કાજો અણઉદ્ધર્યે પઢિયો. જ્ઞાનોપગરણ, પાટી, પોથી, ઠવણી, કવલી, નોકારવાળી, સાપડા, સાપડી, દસ્તરી, વહી, ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો. થુંક લાગ્યું. થુંકે કરી અક્ષર માંજ્યો. ઓશીસે ધર્યો. કને છતાં આહાર નિહાર કીધો. જ્ઞાનદ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી. પ્રજ્ઞાપરાધે વિણસતો વિણાશ્યો. વિણસતો ઉવેખ્યો. છતી શક્તિયે સાર સંભાળ ન કીધી. જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ, મત્સર, ચિંતવ્યો. અવજ્ઞા અશાતના કીધી. કોઇ પ્રત્યે ભણતાં ગણતાં અંતરાય કીધો. આપણા જાણપણાતણો ગર્વ ચિંતવ્યો. મતિ-

જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, એ પંચ વિધ જ્ઞાનતણી અસદ્દહણા કીધી. કોઇ તોતડો, બોબડો, હસ્યો. વિતકર્યો. અન્યથા પ્રરૂપણા કીધી ॥ જ્ઞાનાચારવ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૦ ॥ ૧ ॥

દર્શનાચારે આઠ અતિચાર ॥ નિસ્સંકિય નિક્કંખિય, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ ॥ ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પ્પભાવણે અટ્ઠ ॥ ૧ ॥ દેવ, ગુરૂ, ધર્મતણે વિષે નિઃશંકપણું ન કીધું. તથા એકાંત નિશ્ચય ન કીધો. ધર્મ સંબંધીયા ફળતણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં. સાધુ સાધ્વીનાં મલ મલીન ગાત્ર દેખી દુગંછા નિપજાવી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર અભાવ હુઓ. મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી મૂઢદૃષ્ટિપણું કીધું. તથા સંઘમાંહે ગુણવંતતણી અનુપબૃંહણા કીધી. અસ્થિરીકરણ, અવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ, નિપજાવી. અબહુમાન કીધું. તથા દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય, ભક્ષિત ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાશ્યો. વિણસતો ઉવેખ્યો. છતી શક્તિયે સાર સંભાળ ન કીધી. તથા સાધર્મિક સાથે કલહ કર્મબંધ કીધો. અધોતી, અષ્ટપડમુખકોશ પાખે દેવપૂજા કીધી. બિંબપ્રત્યે વાસકૂંપી, ધૂપધાણું, કળસતણો ઠબકો લાગ્યો. બિંબ હાથથકી પાડ્યું. ઉસાસ નિઃસાસ લાગ્યો. દેહરે, ઉપાસરે, મલશ્લેષ્માદિક લોહ્યું. દેહરામાંહે હાસ્ય, ખેલ, કેલિ, કુતૂહલ, આહાર, નિહાર, કીધાં. પાન, સોપારી, નિવેદીયાં ખાધાં. ઠવણાચારી હાથથકી પડી. પડિલેહવું વિસાર્યું. જિનભુવને ચોરાશી આશાતના, ગુરૂ ગુરૂણી પ્રત્યે તેત્રીશ આશાતના કીધી હોય. ગુરૂ વચન તહત્તિ કરી પડિવજ્યું નહીં ॥ દર્શનાચાર વ્રત વિષઇયો અનેરો જે કોઇ અતિચાર પક્ષ૦ ॥ ૨ ॥

ચારિત્રાચારે આઠ અતિચાર ॥ પણિહાણ જોગ જુત્તો, પ-

ચહિં સમિઇહિં તિહિં ગુત્તિહિં ॥ એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઇ નાયવ્વો ॥ ૧ ॥ ઇર્યાસમિતિ તે અણજોએ હિંડ્યા; ભાષાસમિતિ તે સાવદ્યવચન બોલ્યા; એષણાસમિતિ તે તૃણ, ડગલ, અન્ન, પાણી, અસૂઝતું લીધું; આદાનભંડમત્તનિક્ખેવણાસમિતિ તે આસન, શયન, ઉપકરણ, માતરૂં પ્રમુખ અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ મૂક્યું; લીધું; પારિષ્ઠાપનિકાસમિતિ તે મલ, મૂત્ર, શ્લેષ્માદિક અણપૂંજિ જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું; મનોગુપ્તિ મનમાં આર્ત્ત રૌદ્રધ્યાન ધ્યાયાં; વચનગુપ્તિ; સાવદ્ય વચન બોલ્યું કાયગુપ્તિ તે શરીર અણપડિલેહ્યું હલાવ્યું; અણપૂંજે બેઠા. એ અષ્ટપ્રવચન માતા તે સદૈવ સાધુતણે ધર્મે અને શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે, રૂડીપેરે પાળ્યાં નહીં. ખંડણા વિરાધના હુઈ ॥ ચારિત્રાચારવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહી સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતા હુઓ હોય, તે સવિ હું મને, વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૩ ॥

વિશેષત: શ્રાવકતણે ધર્મે શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત, સમ્યક્ત્વતણા પાંચ અતિચાર ॥ શંકા કંખ વિગિચ્છા ॥ શંકા શ્રી અરિહંતતણા બળ, અતિશય, જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિક ગુણ, શાશ્વતી પ્રતિમા, ચારિત્રીયાનાં ચારિત્ર, શ્રી જિનવચનતણો સંદેહ કીધો. આકાંક્ષા ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ક્ષેત્રપાલ, ગોગો, આસપાલ, પાદરદેવતા, ગોત્રદેવતા, ગ્રહપૂજા, વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલી, નાહ, ઇત્યેવમાદિક દેશ, નગર, ગામ, ગોત્ર, નગરી, જાજૂઆ દેવ, દેહરાંના પ્રભાવ દેખી રોગ આતંકકષ્ટ આવે ઇહલોક, પરલોકાર્થે પૂજ્યા, માન્યા. સિદ્ધ વિનાયક જીરાઉલાને માન્યું. ઇચ્છ્યું. બૌદ્ધ, સાંખ્યાદિક, સંન્યાસી, ભરડા, ભગત, લિંગિયા, જોગીયા, જોગી, દરવેશ, અનેરા દર્શનીયાતણો કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી પરમાર્થ જાણ્યાવિના ભૂલાવ્યા. મોહિયા. કુશાસ્ત્ર શીખ્યાં. સાંભળ્યા. શ્રાદ્ધ, સંવચ્છરી, હોળી, બળેવ,

માહિપૂનમ, અજાપડવો, પ્રેતબીજ, ગૌરીત્રીજ, વિનાયકચોથ, નાગપાંચમી, ઝિલણાછઠ્ઠી, શીળસાતમી, ધ્રુવ આઠમી, નાલીનોમી, અહવદશમી, વ્રતઅગ્યારશી, વચ્છબારશી, ધનતેરશી, અનંતચઉદશી, અમાવાસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણ, નૈવેદ્ય કીધાં. નવોદક યાગ, ભોગ, ઉતારણાં કીધાં. કરાવ્યાં. અનુમોદ્યાં. પિપલે પાણી ઘાલ્યાં. ઘલાવ્યાં. ઘરબાહિર ક્ષેત્ર, ખળે, કૂવે, તલાવે, નદીયે, દ્રહે, વાવિયે, સમુદ્રે, કુંડે, પુણ્યહેતુ સ્નાન કીધાં. કરાવ્યાં, અનુમોદ્યાં. દાન દીધાં. ગ્રહણ, શનિશ્ચર, મહામાસે નવરાત્રિ નાહાયાં. અજાણતા થાપ્યાં. અનેરાઇ વ્રત વ્રતોલાં કીધાં. કરાવ્યાં ॥ વિતિગિચ્છા ધર્મ સંબંધીયા ફળતણે વિષે સંદેહ કીધો. જિન અરિહંત ધર્મના આગાર, વિશ્વોપકારસાગર, મોક્ષમાર્ગના દાતાર, ઇસ્યા ગુણ ભણી ન માન્યા. ન પૂજ્યા. મહાસતી; મહાત્માની ઈહલોક પરલોક સંબંધી યા ભોગ વાંછિતપૂજા કીધી. રોગ, આતંક કષ્ટ આવે ખીણ વચન ભોગ માન્યા. માહાત્માનાં ભાત, પાણી, મલ, શોભાતણી નિંદા કીધી. કુચારિત્રીયા દેખી ચારિત્રિયા ઉપર કુભાવ હુઓ. મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી પશંસા કીધી. પ્રીતિ માંડી. દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો. કીધો ॥ શ્રી સમ્યકત્વવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ૦ ॥ ૧ ॥

પહેલે સ્થૂલપાણાતિપાત વિરમણવ્રતે પાંચ અતિચાર ॥ વહબંધછવિચ્છેએ૦ ॥ દ્વિપદ, ચતુષ્પદ, પ્રત્યે રીષવશે ગાઢોઘાવ ઘાલ્યો. ગાઢે બંધને બાંધ્યા. અધિક ભાર ઘાલ્યો. નિર્લાંછન કર્મ કીધાં. ચારાપાણીતણી વેળાયે સાર સંભાળ ન કીધી. લેહણે દેણે કિણહિ પ્રત્યે લંઘાવ્યો. તેણે ભૂખે આપણ જમ્યા. કન્હે રહી મરાવ્યો. બંધીખાને ઘલાવ્યો, શલ્યાં ધાન્ય તાવડે નાંખ્યાં. જલાવ્યાં. ભરડાવ્યાં. શોધી ન વાવર્યાં. ઇંધણ, છાણાં, અણશોધ્યાં બાળ્યાં. તેમાંહિ સાપ, વિંછી, ખજૂરા, સરવલા, માંકડ, જૂઆ, ગિંગોડા,

સાહતાં મુઆ. દુહવ્યા. રૂડે સ્થાનકે ન મુકયા. કીડી મકોડીનાં ઇંડાં વિછોહ્યાં. લીખ ફોડી. ઉધેહી, કીડી, મકોડી, ઘીમેલ, કાતરા, ચૂડેલ, પતંગિયાં, દેડકાં, અળસીયાં, ઇઅલ, કુંતા, ડાંસ, મસા, બગતરા, માખી, તીડ, પ્રમુખ જીવ વિણઠા. માળા હલાવતાં ચલાવતાં પંખી, ચરકલાં, કાગતણાં ઇંડાં ફોડ્યાં. અનેરા એકેંદ્રિયાદિક જીવ વિણાસ્યા. ચાંપ્યા. દુહવ્યા. કાંઇ હલાવતાં, ચલાવતાં, પાણી છાંટતાં, અનેરા કાંઇ કામકાજ કરતાં નિદ્ધંસપણું કીધું. જીવરક્ષા રૂડી ન કીધી. સંખારો સૂકાવ્યો. રૂડું ગલણું ન કીધું. અળગણુ પાણી વાવર્યું. રૂડી જયણા ન કીધી. અળગણુ પાણીયે ઝીલ્યા. લુગડાં ધોયાં. ખાટલા તડકે નાંખ્યા. ઝાટકયા. જીવાકુલભૂમિ લીંપી. વાશીગાર રાખી. દલણે, ખાંડણે, લીંપણે, રૂડી જયણા ન કીધી. આઠમ ચઉદશના નિયમ ભાંગ્યા. ધુણી કરાવી ॥ પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥ ૧ ॥

બીજે સ્થૂલમૃષાવાદ વિરમણવ્રતે પાંચ અતિચાર ॥ સહસારહસ્સદારે૦ ॥ સહસાતકારે કુણહ પ્રત્યે અજુગતું આળ અભ્યાખ્યાન દીધું. સ્વદારા મંત્રભેદ કીધો. અનેરા કુણહનો મંત્ર, આલોચ, મર્મ પકાશ્યો. કુણહને અનર્થ પાડવા કુડી બુદ્ધિ દીધી. કૂડો લેખ લખ્યો. કૂડી સાખ ભરી. થાપણમોસો કીધો. કન્યા, ગો, ઢોર, ભૂમિસંબંધી લેહણે દેણે વ્યવસાયે વાદ વઢવાડ કરતાં મોટકું જૂઠું બોલ્યા. હાથ પગતણી ગાળ દીધી. કડકડા મોડ્યા. મર્મ વચન બોલ્યા ॥ બીજે સ્થૂલમૃષાવાદ વિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥ ૨ ॥

ત્રીજે સ્થૂલઅદત્તાદાન વિરમણવ્રતે પાંચ અતિચાર ॥ તેનાહડપ્પયોગે૦ ॥ ઘરબાહિર ખેત્ર, ખળે, પરાઇ વસ્તુ અણમોકલી લીધી. વાવરી. ચોરાઇ વસ્તુ વહોરી. ચોર ધાડ પ્રત્યે સંકેત કીધો. તેહને સંબલ દીધું. તેહની વસ્તુ લીધી. વિરૂદ્ધરાજ્યાતિ-

ક્રમ કીધો, નવા, પુરાણા, સરસ, વિરસ, સજીવ, નિર્જીવ, વસ્તુના ભેળ સંભેળ કીધા. કૂડે કાટલે, તોલે, માને, માપે, વહોર્યાં. દાણચોરી કીધી. કુણહને લેખે વરાંસ્યો. સાટે લાંચ લીધી. કૂડો કરહો કાઢયો. વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી. પાશંગ કૂડાં કીધાં. ડાંડી ચઢાવી. લહકે ત્રહકે કૂડાં કાટલાં માન, માપાં કીધાં. માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર, વંચી કુણહિને દીધું, જૂદી ગાંઠ કીધી. થાપણ ઓળવી. કુણહિને લેખે પલેખે ભૂલવ્યું. પડી વસ્તુ ઓળવી લીધી ॥ ત્રીજે સ્થૂલઅદત્તાદાન વિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥ ૩ ॥

ચોથે સ્વદારાસંતોષ પરસ્ત્રીગમન વિરમણવ્રતે પાંચ અતિચાર ॥ અપરિગ્ગહિયા ઇત્તર૦ ॥ અપરિગૃહીતાગમન ઈત્વર ॥ અપરિગૃહીતા ગમન કીધું. વિધવા, વેશ્યા, પરસ્ત્રી, કુલાંગના, સ્વદારાશોકતણે વિષે દૃષ્ટિવિપર્યાસ કીધો. સરાગ વચન બોલ્યાં. આઠમ, ચઉદશ, અનેરાઈ પર્વતિથે નિયમ લેઇ ભાંગ્યા. ઘર ઘરેણાં કીધાં કરાવ્યાં. વરવહૂ વખાણ્યાં. કુવિકલ્પ ચિંતવ્યો. અનંગ ક્રીડા કીધી. સ્ત્રીનાં અંગોપાંગ નિરખ્યાં. પરાયા વિવાહ જોડયા. ઢિંગલા ઢિંગલી પરણાવ્યાં. કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, સુહણે સ્વપ્નાંતરે હુઆ. કુસ્વપ્ન લાધ્યાં. નટ, વિટ, સ્ત્રીશું હાંસું કીધું ॥ ચોથા સ્વદારાસંતોષ વ્રત વિષઇઓ અનેરો જે કોઈ અ-
ચાર પક્ષદિવસમાંહિ૦ ॥ ૪ ॥

પાંચમે સ્થૂલ પરિગ્રહ પરિમાણવ્રતે પાંચ અતિચાર ॥ ધણ ધન્ન ખિત્તવત્થુ૦ ॥ ધન, ધાન્ય, ખેત્ર, વાસ્તુ, રૂપ, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ, ચતુષ્પદ, નવવિધ પરિગ્રહતણા નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મુર્છા લગે સંક્ષેપ ન કીધો. માતા, પિતા, પુત્ર, સ્ત્રીતણે લેખે કીધો. પરિગ્રહ પરિમાણ લીધું નહીં. લેઇને પઢિઉં નહીં. પઢિઉં વિસાર્યું. અલીધું મેલ્યું. નિયમ વિસર્યા ॥ પાંચમે પરિ-

ગ્રહ પરિમાણવ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ ॥૫॥

છઠ્ઠે દિગ્પરિમાણવ્રતે પાંચ અતિચાર ॥ ગમણસ્સય પરિમાણે૦ ॥ ઊર્ધ્વદિશિ, અધોદિશિ, તિર્યગ્દિશિયે જાવા આવવાતણા નિયમ લઈ ભાંગ્યા. અનાભોગે વિસ્મૃત લગે અધિક ભૂમિ ગયા. પાઠવણી આધી પાછી મોકલી. વહાણ વ્યવસાય કીધો. વર્ષાકાળે ગામતરૂં કીધું. ભૂમિકા એકગમા સંક્ષેપી. બીજી ગમા વધારી ॥ છઠ્ઠે દિગ્પરિમાણવ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષદિવસમાંહિ૦ ॥ ૬ ॥

સાતમે ભોગોપભોગ વિરમણવ્રતે ભોજન આશ્રી પાંચ અતિચાર અને કર્મહુંતી પંદર અતિચાર. એવં વીશ અતિચાર ॥ ॥ સચ્ચિત્તે પડિબદ્ધે૦ ॥ સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધું. અપકવાહાર, દુપકવાહાર, તુચ્છોષધિતણું ભક્ષણ કીધું. ઓળા, ઉંબી, પોંક, પાપડી કીધાં. સચ્ચિત્ત દવ્વવિગઇ, વાણહ તંબોલ વથ્થ કુસુમેસુ ॥ વાહણ સયણ વિલેવણ, બંભદિસિ ન્હાણ ભત્તેસુ ॥ ૧ ॥ એ ચઉદ નિયમ દિનગત રાત્રિગત લીધા નહીં. લેઇને ભાંગ્યા. બાવીશ અભક્ષ્ય, બત્રીસ અનંતકાયમાંહિ આદુ, મુલા, ગાજર, પિંડ, પિંડાલૂ, કચૂરો, સૂરણ, કુલિઆંબલી, ગળો, વાઘરડાં ખાધાં. વાશી કઠોળ, પોળી રોટલી, ત્રણ દિવસનું ઓદન, લીધું. મધુ, મહુડાં, માંખણ, માટી, વેગણ, પીલુ, પીચુ, પંપોટા, વિષ, હિમ, કરહા, ઘોળવડાં, અજાણ્યાં ફળ, ટિંબરૂ, ગુંદાં, મહોર, અથાણું, આમણબોર, કાચુંમીઠું, તિલ, ખસખસ, કોઠિંબડા ખાધાં. રાત્રિભોજન કીધાં. લગભગ વેળાએ વાળુ કીધું. દિવસ વિણઉગે શીરાવ્યા. તથા કર્મત: પન્નર કર્માદાન ॥ ઈંગાલકમ્મે, વણકમ્મે, સાડિકમ્મે, ભાડિકમ્મે, ફોડિકમ્મે, એ પાંચ કર્મ ॥ દંતવાણિજ્જે, લખ્ખવાણિજ્જે, રસવાણિજ્જે, કેસવાણિજ્જે, વિસવાણિજ્જે, એ પાંચ વાણિજ્ય ॥ જંતપિલ્લણકમ્મે, નિલ્લંછણકમ્મે, દવગ્ગિદાવણયા, સરદહતલાય સોસણયા,

અસઈ પોસણયા, એ પાંચ સામાન્ય ॥ એ પાંચ કર્મ્મ, પાંચ વાણિજ્ય, પાંચ સામાન્ય. એવં પન્નર કર્માદાન બહુસાવદ્ય, મહારંભ, રાંગણ, લીહાલા કરાવ્યા. ઈંટ, નિભાડા પચાવ્યા. ધાણી, ચણા, પકવાન્ન કરી વેચ્યા. વાશી માંખણ તવાવ્યા. તિલ વહોરયા. ફાગણમાસ ઉપરાંત રાખ્યા. દલીદા કીધો. અંગીઠા કરાવ્યા. શ્વાન, બિલ્લાડા, સૂડા, સાલહિ પોશ્યા. અનેરા જે કાંઈ બહુ સાવદ્ય ખરકર્માદિક સમાચર્યા. વાશીગાર રાખી. લીપણે, ગૂંપણે, મહારંભ કીધો. અણશોધ્યા ચૂલા સંધુકયા. ઘી, તેલ, ગોળ, છાશતણાં ભાજન ઉઘાડાં મૂકયાં. તેમાંહિ માંખી, કુંતિ, ઉંદર, ગીરોલી પડી, કીડી ચડી, તેની જયણા ન કીધી ॥ સાતમે ભોગોપભોગ વિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર૦ ॥૭॥

આઠમે અનર્થદંડ વિરમણવ્રતે પાંચ અતિચાર ॥ કંદપ્પે કુક્કુઇએ૦ ॥ કંદર્પલગે વિટચેષ્ટા, હાસ્ય, ખેલ, કુતૂહલ કીધાં. પુરૂષ સ્ત્રીના હાવભાવ, રૂપ, શૃંગાર, વિષયરસ વખાણ્યા. રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા, કીધી. પરાઈ તાંત કીધી. તથા પૈશુન્યપણું કીધું. આર્ત્ત રૌદ્ર ધ્યાન ધ્યાયાં. ખાંડાં, કટાર, કોશ, કુહાડા, રથ, ઉખલ, મુશલ, અગ્નિ, ઘરંટી, નિસાહ, દાતરડાં, પ્રમુખ અધિકરણ મેલી દાક્ષિણલગે માગ્યાં આપ્યાં. પાપોપદેશ દીધો. અષ્ટમી ચતુર્દશીયે ખાંડવા દળવાતણા નિયમ ભાંગ્યાં. મુરખપણા લગે અસંબંધ વાકય બોલ્યા. પ્રમાદાચરણ સેવ્યા. અંઘોલે, નાહણે, દાતણે, પગધોઅણે, ખેલપાણિ, તેલ છાંટયાં. ઝીલણે ઝીલ્યા. જૂવટે રમ્યા. હિંચોલે હિંચ્યા. નાટક પ્રેક્ષણક જોયાં. કણુકવસ્તુ, ઢોર, લેવરાવ્યાં. કર્કશ વચન બોલ્યા. આક્રોશ કીધા. અબોલા લીધા. કરડકા મોડ્યા. મચ્છર ધર્યો. સંભેડા લગાડ્યા. સરાપ દીધા. ભેંસા, શાંઢ, હુડ, કૂકડા, શ્વાનાદિક જૂઝાર્યા. જૂઝતાં જોયા. ખાંધિલગે અદેખાઇ ચિંતવી. માટી, મીઠું, કણ, કપાશીયા, કાજવિણ ચાંપ્યા. તે ઉપર બેઠા. આલી વન-

સ્પતિ ખુંદી. સૂઇ શસ્ત્રાદિક નિપજાવ્યા. ઘણી નિદ્રા કીધી. રાગ દ્વેષ લગે એકને રૂદ્ધિ પરિવાર વાંછી. એકને મૃત્યુ હાની વાંછી ॥ આઠમે અનર્થદંડવિરમણવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ૦ ॥ ૮ ॥

નવમે સામાયિકવ્રતે પાંચ અતિચાર ॥ તિવિહે દુપ્પણિહાણે૦ ॥ સામાયિક લીધે મન આહટ્ટ દોહટ્ટ ચિંતવ્યું. સાવદ્ય વચન બોલ્યા. શરીર અણપડિલેહ્યું હલાવ્યું. છતી વેળાયે સામાયિક ન લીધું. સામાયિક લેઇ ઉઘાડે મુખે બોલ્યા. ઉંઘ આવી, વાત વિકથા ઘરતણી ચિંતા કીધી. વીજ દીવાતણી ઉજેહિ હુઇ. કણ, કપાશીયા, માટી, મીઠું, ખડી, ધાવડી, અરણેટો, પાષણ, પ્રમુખ ચાંપ્યા. પાણી, નીલ, ફુલ, સેવાલ, હરીયકાય, બીયકાય, ઇત્યાદિક આભડ્યાં. સ્ત્રી તિર્યંચતણા નિરંતર પરસ્પર સંઘટ્ટ હુઆ. મુહપત્તિયો સંઘટ્ટિ. સામાયિક અણપૂગ્યું પાર્યું. પારવું વિસાર્યું નવમે સામાયિકવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ૦ ॥ ૯ ॥

દસમે દેશાવગાશિક વ્રતે પાંચ અતિચાર ॥ આણવણે પેસવણે૦ ॥ આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદ્દાણુવાઇ, રૂવાણુવાઇ, બહિયા, પુગ્ગલપખ્ખેવે ॥ નિયમિત ભૂમિકામાંહે બાહેરથી કાંઇ અણાવ્યું. આપણ કન્હેથકી બાહેર કાંઇ મોકલ્યું. અથવા રૂપ દેખાડી, કાંકરો નાંખી, સાદ કરી આપણપણું છતું જણાવ્યું ॥ દશમે દેશાવકાશિક વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ૦ ॥ ૧૦ ॥

ઇગ્યારમે પોષધોપવાસવ્રતે પાંચ અતિચાર ॥ સંથારૂચ્ચારૂ વિહિ૦ ॥ અપ્પડિલેહિય, દુપ્પડિલેહિય, સજ્જાસંથારએ ॥ અપ્પડિલેહિય, દુપ્પડિલેહિય, ઉચ્ચાર પાસવણ ભૂમિ ॥ પોસહ લીધે સંથારાતણી ભૂમિ ન પૂંજી. બાહિરલા લહુડાં વડાં સ્થંડિલ દિવસે શોધ્યાં નહીં. પડિલેહ્યાં નહીં. માતરૂં અણ

પૂંજ્યું હલાવ્યું. અણપૂંજી ભૂમિકાએ પરઠવ્યુ, પરઠવતાં "અણુજાણહજસ્સગ્ગો" ન કહ્યો. પરઠવ્યા પૂંઠે વાર ત્રણ "વોસિરે વોસિરે" ન કહ્યા, પોસહસાલામાંહી પેસતાં "નિસહી" નિસરતાં "આવસ્સહિ" વાર ત્રણ ભણી નહીં. પુઢવી, અપ્પ, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસકાયતણા સંઘટ્ટ પરિતાપ, ઉપદ્રવ હુઆ. સંથારા પોરિસીતણો વિધિ ભણવો વિસાર્યો. પોરિસીમાંહે ઉંઘ્યા. અવિધે સંથારો પાથર્યો. પારણાદિકતણી ચિંતા કીધી. કાળ વેળાયે દેવ ન વાંધા. પડિક્કમણું ન કીધુ. પોસહ અસૂરો લીધો. સવેરો પાર્યો. પર્વતિથે પોસહ લીધો નહીં ॥ ઇગ્યારમે પોષધોપવાસવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ૦ ॥ ૧૧ ॥

બારમે અતિથિસંવિભાગવ્રતે પાંચ અતિચાર ॥ સચ્ચિત્તે નિક્ખિવણે૦ ॥ સચિત્ત વસ્તુ હેઠ ઉપર છતાં મહાત્મા મહાસતીપ્રત્યે અસૂઝતું દાન દીધું. દેવાની બુદ્ધે અસૂઝતું ફેડી સૂઝતું કીધું. દેવાની બુદ્ધે પરાયું ફેડી આપણું કીધું. અણદેવાની બુદ્ધે સૂઝતું ફેડી અસૂઝતું કીધું. અણદેવાની બુદ્ધે આપણું ફેડી પરાયું કીધું. વહોરવા વેળા ટળી રહ્યા. અસૂરે કરી મહાત્મા તેડ્યા. મચ્છર ધરી દાન દીધું. ગુણવંત આવે ભક્તિ ન સાચવી. છતી શકતે સાહામ્મિવાત્સલ્ય ન કીધું. અનેરાઇ ધર્મક્ષેત્ર સીદાતા છતી શક્તિયે ઉદ્ધર્યાં નહીં. દીન, ક્ષીણપ્રત્યે અનુકંપાદાન ન દીધું ॥ બારમે અતિથિસંવિભાગવ્રત વિષઇઓ, અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ૦ ॥ ૧૨ ॥

સંલેષણાતણા પાંચ અતિચાર ॥ ઇહલોએ પરલોએ૦ ॥ ઇહલોગા સંસપ્પઓગે, પરલોગાસંસપ્પઓગે, જીવિયાસંસપ્પઓગે, મરણાસંસપ્પઓગે, કામભોગાસંસપ્પઓગે ॥ ઇહલોકે ધર્મના પ્રભાવલગે રાજઋદ્ધિ, સુખ, સૌભાગ્ય, પરિવાર વાંછ્યો. પરલોકે દેવ, દેવેંદ્ર, વિદ્યાધર, ચક્રવર્તિતણી પદવી વાંછી. સુખ

આવે જીવિતવ્ય વાંછ્યું. દુઃખ આવે મરણ વાંછ્યું. કામભોગતણી વાંછા કીધી ॥ સંલેષણાવ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ૦ ॥ ૧૩ ॥

તપાચાર બાર ભેદ. છ બાહ્ય, છ અભ્યંતર ॥ અણસણ મૂણોયરિઆ૦॥ અણસણ ભણી ઉપવાસ વિશેષ પર્વતિથે છતી શક્તિયે કીધો નહીં. ઉણોદરીવ્રત તે કોળીયા પાંચ સાત ઉણા રહ્યા નહીં. વૃત્તિસંક્ષેપ તે દ્રવ્યભણી સર્વ વસ્તુનો સંક્ષેપ કીધો નહીં. રસત્યાગ તથા વિગયત્યાગ એ કીધો. કાયકલેશ લોચાદિક કષ્ટ કસ્યા નહીં. સંલીનતા અંગોપાંગ સંકોચી રાખ્યાં નહીં. પચ્ચખ્ખાણ ભાંગ્યાં. પાટલો ડગતો ફેડયો નહીં. ગંઠશી, પોરિસી, સાઢ્ઢપોરિસિ, પુરિમઢ્ઢ, એકાસણું, બેઆસણું, નીવિ, આંબિલ, પ્રમુખ પચ્ચખ્ખાણ પારવું વિસાર્યું. બેસતાં નવકાર ન ભણ્યો. ઉઠતાં પચ્ચખ્ખાણ કરવું વિસાર્યું. ગંઠસીઉં ભાગ્યું. નીવિ, આંબિલ, ઉપવાસાદિક તપ કરી કાચું પાણી પીધું. વમન હુઓ ॥ બાહ્ય તપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ૦ ॥૧૪॥

અભ્યંતરતપ ॥ પાયચ્છિત્તં વિણઓ૦ ॥ મનશુદ્ધે ગુરૂ કન્હે આલોઅણા લીધી નહીં. ગુરૂદત્ત પ્રાયશ્ચિત્ત તપ લેખા શુદ્ધે પહુચાડયો નહીં. દેવ, ગુરૂ, સંઘ, સાહમ્મીપ્રત્યે વિનય સાચવ્યો નહીં. બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી, પ્રમુખનું વેયાવચ્ચ ન કીધું. વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથાલક્ષણ, પંચવિધ સ્વાધ્યાય ન કીધો. ધર્મધ્યાન, શુકલધ્યાન, ન ધ્યાયાં. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધ્યાયાં. કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દસ વીસનો કાઉસ્સગ્ગ ન કીધો ॥ અભ્યંતરતપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥ ૧૫ ॥

વીર્યાચારના ત્રણ અતિચાર ॥ અણગૂહિઅ બલવિરિઓ૦ ॥ પઢવે, ગુણવે, વિનય, વેયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પોસહ, દાન, શીળ, તપ, ભાવનાદિક ધર્મકૃત્યને વિષે મન, વચન, કાયા

તણું છતું બળ વીર્ય ગોપવ્યું. રૂડાં પંચાંગ ખમાસમણ ન દીધાં. વાંદણાતણા આવર્ત્તવિધિ સાચવ્યા નહીં. અન્યચિત્ત નિરાદરપણે બેઠા. ઉતાવળું દેવવંદન, પડિક્કમણું કીધું ॥ વીર્યાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ૦ ॥ ૧૬ ॥

નાણાઇઅટ્ઠ પઇવય, સમસંલેહણ પન્નરકમ્મેસુ ॥ બારસ તપ વિરઅતિગં, ચઉવ્વીસંસય અઇયારા॥ ૧ ॥ પડિસિદ્ધાણં કરણે૦॥ પ્રતિષેધ અભક્ષ્ય, અનંતકાય, બહુબીજ ભક્ષણ, મહારંભ પરિગ્રહાદિક કીધાં. જીવઅજીવાદિક સૂક્ષ્મ વિચાર સદ્દહ્યા નહીં. આપણી કુમતિ લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી. તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિઅરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય, એ અઢાર પાપસ્થાનક કીધાં. કરાવ્યાં. અનુમોદ્યાં હોય. દિનકૃત્ય, પ્રતિક્રમણ, વિનય, વૈયાવચ્ચ ન કીધાં. અનેરૂં જે કાંઇ વિતરાગની આજ્ઞા વિરૂદ્ધ કીધું. કરાવ્યું. અનુમોદ્યું હોય ॥ એ ચિહું પ્રકારમાંહે અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ, બાદર, જાણતાં, અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને, વચને, કાયાયે કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૧૭ ॥

એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમકિતમૂળ બારવ્રત, એકસો ચોવીસ અતિચારમાંહે અનેરો જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ સૂક્ષ્મ, બાદર, જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

॥ ઇતિ શ્રી શ્રાવક પખ્ખી, ચોમાસી, સંવચ્છરી અતિચાર સમાપ્ત. ॥

અથ શ્રી અજિતશાંતિ સ્તવન.

ગાથા ૧ થી ૧૦ સુધી.

અજિઅં=અજિતનાથ
જિઅ=જીત્યા છે
ભયં=ભયને
પસંત=ઉપશાંત થયા છે
ગય=રોગ
કરે=કરનારને
પણિવયામિ=નમસ્કાર કરૂં છું
ગાહા=ગાથા છંદ
વવગય=ગયો છે
મંગુલ=માઠા
તે=તે બે તીર્થંકરોને
(અ)હં=હું
વિઉલ=વિશાળ
તવ=તપ
નિમ્મલ=નિર્મળ
સહાવે=સ્વભાવ
નિરૂવમ=નિરૂપમ
મ્પભાવે=પ્રભાવ
થોસામિ=સ્તુતિ કરીશ
સુ=રૂડે પ્રકારે
દિટ્ઠ=દીઠા છે
સબ્ભાવે=છતા ભાવો
મ્પસંતીણં=પશાંતિ
થઈ છે
અજિય=નહીં જિતાએલ અજિતનાથ
સંતિણં=શાંતિવાળા શાંતિનાથ
મ્પવત્તણં=પ્રવર્તન કરનારું
કિત્તણં=કીર્તન
મઈ=મતિ
માગહિઆ=માગધિકા છંદ
કિરિયા=ક્રિયા
કિલેસ=કસાય
વિમુક્ખયરં=વિશેષપણે મૂકાવનારા
નિચિઅં=વ્યાપેલા
ગયં=ગયા, પામ્યા
મુણિણો=મુનિઓને
નિવ્વુઈ=નિવૃત્તિ
નમસણયં=નમસ્કાર
આલિંગણયં=અલિંગનક છંદ
પુરિસા=મનુષ્યો
વારણં=વારવું
વિમગ્ગહ=શોધો છો
અભય=નિર્ભય
કરે=કરનારા
પવજ્જહ=પ્રાપ્ત થાઓ
અરઈ=અરતિ, દુઃખ
રઈ=રતિ, સમાધિ
વિરહિઅ=વિરહિત
ઉવરય=નાશ પામ્યો છે
જર=ઘડપણ
અરણં=યુદ્ધરહિત
ગરૂલ=૧ સુવર્ણકુમાર ૨ જ્યોતિષિદેવ
ભુયગ=૧ નાગકુમાર ૨ વ્યંતરદેવ
વઇ=પતિ, સ્વામી
પયય=રૂડે પ્રકારે શુદ્ધતાએ
પણિવઈઅં=નમસ્કારં
અવિય=વળી પણ
સુ=સુંદર નૈગમાદિનય
નય=નિશ્ચય
નિઉણ=નિપુણ, ડાહ્યા
ઉવસરિય=પામીને
ભુવિ=પૃથ્વીઉપર

દિવિ=દેવલોકમાં
જ=ઉત્પન્ન થયેલા
ઉવણમે=સમીપે નમસ્કાર કરું છું
સંગયયં=સંગતક છંદ
નિત્તમ=અજ્ઞાનરહિત, અંધકારરહિત, ઇચ્છારહિત
સત્ત=સત્ર, યજ્ઞ
ધરં=ધારણ કરનારા
અજજવ આજવ
મદ્દવ=માર્દવ
ખંતિ=ક્ષમા
વિમુત્તિ=નિર્લોભતા
નિહિં=નિધિ, ભંડાર
દમ=દમન
દિસઉ=આપો
સોવાણયં=સોપાનક નામે છંદ
સાવત્થિ=શ્રાવસ્તી
પુવ્વ=પહેલાં

પત્થિવં=રાજા
મત્થય=મસ્તક
વિચ્છિન્ન=વિસ્તીર્ણ
સંથિયં=સંસ્થાન
થિર=સ્થિર
સરિચ્છ=સરખું
વચ્છં=હૃદય, છાતી
મયગલ=મદોન્મત્ત
લીલાયમાણ=લીલાકરતો
પત્થાણ=પ્રસ્થાન
પત્થિઅં=નીકળવું
સંથવારિહં=વર્ણન કરવાયોગ્ય
બાહુ=હાથ, બાહુ
ધંત=ધમેલું
કણગ=સોનું
રૂઅગ=વાસણ, ઘરેણું
નિરૂવહય=નિષ્કલંક
પિંજરં=પીળું
પવર=શ્રેષ્ટ

લક્ખણ=લક્ષણ
ઉવચિય=સહિત
સોમ=સૌમ્ય
ચારૂ=મનોહર
સુઇ=કાન
પરમ=અત્યંત
રમણિજજ=રમણિક
દુંદુહિ=દુંદુભિ
નિનાય=શબ્દ
મહુર=મધુર
યર=વધારે
ગિરં=વાણી
વેઢ્ઢઓ=વેષ્ટક છંદ
જઅ=જિત્યા છે
અરિ=શત્રુ
ભવોહ=ભવના સમુહ
રિઉ=રિપુ, વેરી
પયઓ=પ્રયત્નથી
પસમેઉ=અતિશય શમાએલું.
ભયવં=ભગવંત

અજીઅં જીઅ સવ્વ ભયં—જીત્યા છે સર્વે ભયો જેણે એવા, શ્રી અજીતનાથ ભગવાનને.

સંતિં ચ પસંત સવ્વ ગય પાવં—વળી ગયા છે સર્વે રોગો તથા પાપ જે થકી એવા શ્રી શાંતિનાથ ભગવાનને.

જય ગુરૂ સંતિ ગુણ કરે—જગતના ગુરૂ અને શાંતિ તથા જ્ઞાનાદિક ગુણ તેના કરનાર એવા.

દોવિ જીણવરે પણિવયામિ ॥ ૧ ॥ ગાહા ॥—એ બેહુ જીનવરને હું નમસ્કાર કરૂં છું ॥ ૧ ॥ આ ગાથા છંદ જાણવો.

વવગય મંગુલ ભાવે—ગયો છે અશોભન ભાવ જેમનો એવા.

તેહં વિઉલ તવ નિમ્મલ સહાવે—વળી વિસ્તીર્ણ તપવડે કરી નિર્મળ નિઃકર્મા સ્વસત્તાયે કરી સ્વભાવ છે જેમનો એવા.

નિરૂવમ મહપ્પભાવે—નિરૂપમ તથા મહોટો છે પ્રભાવ જેમનો એવા.

થોસામિ સુદિઠ્ઠ સબ્ભાવે ॥ ૨ ॥ ગાહા ॥—સમ્યક્ પ્રકારે કરી દીઠા છે જીવજીવાદિક ભાવો જેણે એવા, ઉપર કહેલા બેહુ તિર્થંકરોની હું સ્તુતિ કરૂં છું ॥ ૨ ॥ આ ગાથા છંદ છે.

સવ્વ દુખ્ખ પ્પસંતીણં—સર્વ દુઃખની પ્રશાંતિ થઇ છે જેને એવા.

સવ્વ પાવ પ્પસંતીણં—સર્વ પાપકર્મોની પ્રશાંતિ થઇ છે જેને એવા.

સયા અજીય સંતીણં—વળી કદી પરાભવ ન પામે એવો શાંતિગુણ છે જેમનો એવા.

નમો અજીય સંતિણં ॥ ૩ ॥ સિલોગો ॥—અજીતનાથ તથા શાંતિનાથને નમસ્કાર થાઓ ॥ ૩ ॥ આ શ્લોકનામા છંદ છે.

અજીઅ જીણ સુહ પ્પવત્તણં—હે અજીતનાથ! સુખને પ્રવર્તાવનાર.

તવ પુરિસુત્તમ નામ કિત્તણં—હે પુરૂષોત્તમ! તમારૂં નામ કીર્તન છે.

તહય ધિઇ મઇ પ્પવત્તણં—તેમજ વળી ધૃતિ અને મતિ તેના કરનાર.

તવય જીણુત્તમ સંતિ કિત્તણં ॥ ૪ ॥ માગહિઆ ॥—હે જીનને વિષે ઉત્તમ શાંતિનાથ ભગવાન! તમારૂં નામ કીર્તન પણ તેમજ છે ॥ ૪ ॥ આ માગધિકા છંદ છે.

કિરિઆ વિહિ સંચિઅ કમ્મ કિલેસ વિમુખ્ખયરં—પચ્ચીસ ક્રિયા કરવે કરી સચિત આઠ કર્મ તથા કષાય તે થકી મૂકાવનાર એવા.

અજીઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિ સિદ્ધિગયં—અજીતનાથને, જ્ઞાનાદિક ગુણે કરી સહિત અને મહોટા મુનિઓની જે આઠ સિદ્ધિઓ તેને પામેલા એવા.

અજિઅસ્સ ય સંતિ મહામુણિણોવિ અ સંતિકરં—અજીતનાથને, તેમજ મહા મુનિ શાંતિનાથને. શાંતિનો કરનાર.

સયયં મમ નિવ્વુઇ કારણયં ચ નમંસણયં ॥ ૫ ॥ આલિંગણયં ॥—નમસ્કાર મને નિરંતર મોક્ષનું કારણ થાઓ ॥ ૫ ॥ આ આલિંગનક નામા છંદ છે.

પુરિસા જઇ દુક્ખવારણં—હે પુરૂષો ! જો તમે દુઃખ નિવારવાને, અને **જઇ અ વિમગ્ગહ સુખ કારણં**—જો તમે સુખનું કારણ શોધતા હો તો. **અજિઅં સંતિં ચ ભાવઓ**—ભાવથકી શ્રીઅજીતનાથ તથા શાંતિનાથને **અભયકરે સરણં પવજ્જહા ॥ ૬ ॥ માગહિઆ ॥**—શરણે જાઓ. તે અભયદાન આપનારા છે. ॥ ૬ ॥ આ માગધિકા છંદ છે.

અરઇ રઇ તિમિર વિરહિઅ મુવરય જર મરણં—અરતિ, રતિ, તથા અજ્ઞાને કરી રહિત તથા નાશ પામ્યાં છે જરા અને મરણનાં દુઃખ જે થકી એવા.

સુર અસુર ગરૂલ ભુયગ વઇ પયય પણિવઇઅં—વૈમાનિક, ભવન પતિ, સુવર્ણકુમાર, નાગકુમાર, તેમના સ્વામી તેઓએ રૂડે પ્રકારે કરી કર્યો છે નમસ્કાર જેને એવા.

અજિઅ મહ મવિઅ સુનય નય નિઉણ મભયકરં—અજીતનાથને હું પણ રૂડા નયે કરી પ્રતીતિ પામવામાં નિપુણ તથા અભયદાનના કરનાર એવા.

સરણ મુવસરિઅં ભુવિ દિવિજ મહિઅં સયય મુવણમે ॥ ૭ ॥ સંગયયં ॥—શરણે આવીને મનુષ્ય તથા દેવતાવડે કરી પૂજીત એવાને નિરંતર નમસ્કાર કરૂં છું. ॥ ૭ ॥ આ સંગતક છંદ છે.

તં ચ જિણુત્તમ મુત્તમ નિત્તમ સત્તધરં—તે જીનને વિષે ઉત્તમ તથા પ્રધાન, અજ્ઞાનરહિત અને ભાવયજ્ઞના ધરનારને.

અજ્જવ મદ્દવ ખંતિ વિમુત્તિ સમાહિ નિહિં—નિર્માયિકપણું, નિરહંકારતા, ક્ષમા, તથા નિર્લોભતા, અને સમાધિ તેના સમુદ્રને.

સંતિકરં પણમામિ દમુત્તમ તિથ્થયરં—શાંતિના કરનારને તથા ઇંદ્રિયના દમભાવડે કરી ઉત્તમ તથા તિર્થના કરનારને હું પ્રણામ કરૂં છું.

સંતિમુણી મમસંતિ સમાહિવરં દિસઉ ॥ ૮ ॥ સોવાણયં ॥—એવા શ્રી શાંતિમુનિ મને.શાંતિ અને ઉત્તમ સમાધિપ્રત્યે દેખાડો. ॥ ૮ ॥ આ સોપાનક નામા છંદ જાણવો.

સાવથ્થિ પુવ્વ પથ્થિવં ચ વર હથ્થિ મથ્થય પસથ્થ વિચ્છિન્ન સંથિયં—શ્રાવસ્તિનગરના દીક્ષાગ્રહણ પૂર્વે રાજા, વળી સુંદર હાથીના મસ્તક સરખું પ્રશંસા કરવાલાયક તથા વિસ્તીર્ણ છે શરીરનું શુભ સંસ્થાન છે જેમનું એવા.

થિર સરિચ્છ વચ્છં મયગલ લીલાયમાણ વર ગંધ હથ્થિ પથ્થાણ પથ્થિયં સંથવારિહં—વળી જેની છાતીમાં નિશ્ચલ શ્રીવત્સનું લક્ષણ છે એવા, વળી મદોન્મત્ત અને લીલા કરતો સુંદર ગંધહસ્તિ તેના ગમનપરે ગતિ છે જેની એવા, વળી સ્તવન કરવાયોગ્ય એવા.

હથ્થિ હથ્થ બાહુ ધંત કણગ રૂઅગ નિરૂવહય પિંજરં—હાથીનાં શુંઢા દંડ સરખા હોય છે જેના એવા, વળી ધમેલા સોનાના વાસણની પેઠે નિરૂપહત છે પીતવર્ણ જેનો એવા.

પવર લખ્ખણો વચિય સોમ ચારૂ રૂવં—શ્રેષ્ટ લક્ષણોયે કરી સહિતછે તથા સૌમ્યાકાર અને મનોહર રૂપ છે જેનું એવા.

સુઇ સુહ મણાભિરામ પરમ રમણિજ્જવર દેવ દુંદુહિ નિનાય મહુરયર સુહગિરં ॥ ૯ ॥ વેઢ્ઢઓ—વળી કાનને સુખ આપનાર તથા મનને આનંદકારક અત્યંત રમણિક એવી, તથા સુંદર દેવ દુંદુભિ તેના શબ્દ સરખી ઘણી મધુર અને કલ્યાણકારિણી વાણી છે જેમની એવા. ॥ ૯ ॥ આ વેષ્ટક છંદ છે.

અજીઅં જીઆરિગણં—જીત્યા છે કર્મરૂપ શત્રુના સમુહ જેણે એવા અજીતનાથને.

જીઅસવ્વભયં ભવો હરિઉં—જીત્યા છે સર્વ ભય જેણે એવા તથા ભવનો જે સમુહ તેના શત્રુ એવાને.

પણમામિ અહં પયઓ—હું મન, વચન, કાયાએ કરી નમસ્કાર કરૂં છું.

પાવંપસમેઉમે ભયવં ॥ ૧૦ ॥ રાસાલુદ્ધઓ ॥ જુગ્મં ॥—
હે ભગવાન ! મારા પાપનો નાશ કરો ॥ ૧૦ ॥ આ રાસાલુબ્ધક છંદ છે. નવમી અને દશમી ગાથાનો સંબંધ એકઠો છે.

ગાથા ૧૧ થી ૨૦ સુધી.

કુરૂ=નામ છે
જણવય=દેશ
હત્થિણાઉર=હસ્તિનાપુર
નરિસરો=મોટા રાજા
સોએ=રાજયને વિષે
મહપ્પભાવો=મહિમા, મોટા પ્રભાવ
બાવત્તરિ=બોતેર
પુરવર=નગર
નગર=નગર
બત્તીસા=બત્રીશ
રાયવર=શ્રેષ્ટ રાજા
અણુયાય=અનુસરાએલો
મગ્ગો=માર્ગ
ચઉદ્દસ=ચઉદ
રયણ=રત્ન
ચઉસટ્ઠિ=ચોસઠ
જુવઇણ=સ્ત્રીઓના
સુંદરવઇ=સરસપતિ
ચુલસી=ચોરાસી
હય=ઘોડા

ગય=હાથી
રહ=રથ
છણ્ણવઇ=છન્નુ
ગામ=ગામ
આસિજ્જો=હોતા હવા
ભારહમ્મિ=ભરતક્ષેત્રમાં
થુણામિ=સ્તુતિ કરૂં છું
વેહેઉ=કરવાને અર્થે
ઈખ્ખાગ=ઇક્ષ્વાકુ
વિદેહ=દેશનું નામ છે
વરાહા=વૃષભ (શ્રેષ્ટ)
નવ=નવો
સારય=શરદરુતુનો
સસિ=ચંદ્રમા
સકલ=શોભાવંત, કળાઓએ સહિત
અણિણ=મુખ છે
વિગય=ગયું છે
તમા=અંધારૂ, અજ્ઞાન
તેઅ=તેજ
અમિઅ=અમિત, નહીં માપી શકાય એવું

બલા=બળવાળા
વિઉલ=વિપુલ
કુલા=કુળ
મુરણ=ભાગનાર
મમ=મારૂં
અમમ=મમત્વરહિત
ચિત્તલેહા=ચિત્રલેખા
દાણવિંદ=દાનવોના ઇંદ્રો
વંદ=વાંદવાલાયક
હટ્ઠ=આરોગ્યવંત, હરખિત
તુટ્ઠ=પ્રમોદવંત, તુષ્ટમાન
જિટ્ઠ=સોથી વધારે, પ્રશંસવા લાયક
પરમ=અત્યંત
લટ્ઠ=કાંતિવાળું
પટ્ટ=પાટો
સેય=ધને
નિદ્ધ=સ્નિગ્ધ
ધવલ=ઉજવળ
દંત=દાંત
પંતિ=પંક્તિ
સત્તિ=શક્તિ

મુત્તિ=મુક્તિ
જુત્તિ=યુક્તિ
હિત્ત=હિમ
વંદ=વાંદવાયોગ્ય.
ધેય=ધ્યાન કરવાયોગ્ય
ભવિય=ભાવિત
ણુઅ=જાણવાયોગ્ય
પઇસ=આપો
કલા=કળા
અઇરેઅ=અધિક
સૂરકર=સૂર્યનાં કિરણ
તિઅસ=દેવતા
ધરણિધર=પર્વતો
સાર=ધૈર્ય
કુસુમલયા=કુસુમલતા છંદ
સત્તેઅ=સત્વમાં વળી
સાર રે=શરીર સંબંધી
એસ=આ
પાવઇ=પામે
સેરય=શરદઋતુનો
રવિ=સૂર્ય

તિયસ=દેવતા
તિત્થવર=ઉત્તમ તીર્થ
પવત્તયં=પ્રવર્તક
રહિઅં=રહિત
ધીર=ડાહ્યા
થુઅ=સ્તુતિકર્યા
અચ્ચિઅં=પૂજ્યા
ચુઅ=છાંડયું
કલિ=વેર
કલુસં=પાપ
સંતિ=મોક્ષ
તિ=ત્રણ
ગરણ=કરણ
ઉવણમે=જાઉં છું
લાલઅયં=લલિતક
વિણઆ=વિનયે કરી
ણય=નમ્યા
સિરિ=મસ્તકમાં
રઈ=રચિ, જોડી
રિસિ=ઋષિઓ
સંથુઅં=સ્તવાએલા
થિમિઅં=નિશ્ચલ

વિબુહ=દેવતા
અહિવ=અધિપ (ઇંદ્રો)
થુઅ=સ્તવ્યા
અઇર=થોડા વખતમાં
ઉગ્ગય=ઉગેલા
દિવાયર=સૂર્ય
સમહિ=અધિક
સપ્પભં=પોતાની કાંતિ
તવસા=તપે કરીને
ગયણંગણ=આકાશ
વિયરણ=ચાલવું
સમુઇઅ=એકઠા થએલ
ચારણ=ચારણમુનિ
કિસલયમાલા=કિસલય માલા છંદ
પરિવંદિઅં=સમસ્તપ્રકારે વંદાએલા
ઉરગ=વ્યંતર દેવ
ણમંસિય=નમસ્કાર કરાએલા
સમણસંઘ=સાધુઓનો ચતુર્વિધ સંઘ
સુમુહ=સુમુખછંદ

કુરૂ જણ વય હત્થિણાઉર નરીસરો પઢમં તઓ મહા ચક્કવટ્ટિભોએ મહપ્પભાવો—કુરૂદેશને વિષે હસ્તિનાગપુર નગરના પ્રથમ રાજા થયા, તેવાર પછી મહોટા ચક્રવર્તિના ભોગ ભોગવ્યા એવા, વળી મહોટો છે પ્રભાવ જેમનો એવા.

જો બાવત્તરિ પુર વર સહસ્સ વર નગર નિગમ જણવય વઈ—

જે બહોતેર હજાર પુરવર તથા શ્રેષ્ટ નગર તથા મ્હોટી દુકાનોવાળા દેશ તેના સ્વામી એવા.

બત્તીસા રાય વર સહસાણુયાય મગ્ગો—બત્રીસહજાર મુકુટબદ્ધ રાજાઓ જેની પાછળ ચાલે છે એવા.

ચઉદસ વર રયણ નવ મહાનિહિ ચઉસટ્ઠિ સહસ્સ પવર જુવઇણ સુંદરવઇ—ચઉદ શ્રેષ્ટ રત્ન, નવ મહાનિધિ, ને નવનિધાન તથા ચોસઠ હજાર શ્રેષ્ટ સ્ત્રીઓના સુંદર સ્વામી છે એવા.

ચુલસી હય ગય રહ સય સહસ્સ સામી—ચોરાશી લાખ ઘોડા, હાથી, રથ તેના સ્વામી એવા.

છન્નવઇ ગામ કોડિ સામી આસિજ્જો ભારહમ્મિ ભયવં ॥૧૧॥ ॥ વેઢ્ઢઓ ॥—છન્નું ક્રોડ ગામના સ્વામી એવા ભગવાન ભરતક્ષેત્રને વિષે થતા હવા. ॥ ૧૧ ॥ આ વેષ્ટક છંદ છે.।

તં સંતિં સંતિકરં—તે શાંતિરૂપ અને શાંતિના કરનારને.

સંતિણ્ણં સવ્વભયા—જે થકી સર્વે ભયો નાશ પામ્યા છે.

સંતિ થુણામિ જીણં—શાંતિનાથ નામા જિનની હું સ્તુતિ કરૂં છું.

સંતિ વેહેઉ મે ॥ ૧૨ ॥ રાસાનંદિયં ॥ યુગ્મં ॥—તેમને શાંતિ પ્રત્યે કરો ॥ ૧૨ ॥ આ રાસાનંદિત છંદ છે. આ અને ઉપરની ગાથા એકઠી છે.

ઇક્ખાગ વિદેહ નરીસર નર વસહા મુણિ વસહા—હે ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયેલા! હે વિદેહદેશના રાજા! હે મનુષ્યને વિષે ઉત્તમ! તથા મુનિઓને વિષે ઉત્તમ.

નવ સારય સસિ સકલાણણ વિગયા તમા વિહુઅરયા—હે નવા શરદઋતુના ચંદ્રમાની પેઠે શોભાયમાન મુખવાળા! હે અજ્ઞાનરહિત! હે કર્મરૂપ રજના ટાળનાર.

અજી ઉત્તમ તેઅ ગુણેહિં મહા મુણિ અમિઅ બલાવિઉલ કુલા—હે રાગાદિકે કરી અજીત! વળી ગુણોએ કરી હે ઉત્તમ તેજ-

વાળા ! વળી મ્હોટા મુનિઓથી પણ પ્રમાણ ન થઇ શકે એવા હે બળવાળા ! વળી વિસ્તીર્ણ કૂળવાળા.

પણમામિ તે ભવ ભય મૂરણ જગ સરણા મમ સરણં ॥ ૧૩ ॥

॥ ચિત્તલેહા ॥—હે સંસારના ભયના નાશ કરનાર, જગતના શરણ, મારા પણ શરણ એવા અને મમત્વરહિત એવા હે પ્રભુ ! તમને હું પ્રણામ કરૂં છું ॥ ૧૩ ॥ આ ચિત્રલેખા છંદ છે.

દેવ દાણવિંદ ચંદ સૂર વંદ હઠ્ઠ તુઠ્ઠ જીઠ્ઠ પરમ—સુર અને અસુર તેના ઇંદ્ર, તથા ચંદ્ર, સુર્ય, તેમને વાંદવાયોગ્ય એવા તથા આરોગ્યવંત તથા પ્રમોદવંત તથા પ્રશંસા કરવાયોગ્ય અત્યંત.

લઠ્ઠ રૂવ ધંત રૂપ્પ પટ્ટ સેય સુદ્ધ નિદ્ધ ધવલ—કાંતિયુક્ત રૂપવાળા તથા ધમેલા રૂપાના પાટાની માફક ઘન, નિર્મળ સ્નિગ્ધ એવી ઉજ્વળ.

દંત પંતિ સંતિ સત્તિ કિત્તિ મુત્તિ જુત્તિ ગુત્તિ પવર—દાંતની હાર વાળા, વળી શક્તિ, કીર્તિ, નિર્લોભતા, યુક્તિ, ત્રણ ગુપ્તિ, તેણે કરીને શ્રેષ્ટ શાંતિનાથને.

દિત્ત તેઅ વંદ ધેઅ સવ્વ લોઅ ભાવિઅ પ્પભાવણેઅ પઇસમે સમાહિં ॥ ૧૪ ॥ નારાયઓ ॥—દિપાયમાન છે તેજનો સમુહ જેનો એવા, વળી દેવતાદિકોએ કરી વાંદવાયોગ્ય તથા ધ્યાન કરવાયોગ્ય એવા, વળી સર્વ લોકને જાણવાયોગ્ય છે પ્રભાવ જેમનો એવા જાણવાયોગ્ય હે પ્રભુ ! મને સમાધિ આપો ॥ ૧૪ ॥ આ નારાયક છંદ છે.

વિમલ સસિ કલાઇરે અ સોમં—નિર્મળ ચંદ્રકળાથી પણ અધિક સૌમ્યતા છે જેની એવા, વળી

વિતિમિર સૂર કરાઇરેઅ તેઅં—અંધકારરહિત સૂર્યના કિરણોથી પણ અધિક છે તેજ જેનું એવા.

તિઅસ વઇ ગણાઇરેઅ રૂવં—દેવતાના પતિ ઇંદ્ર તેના સમુહ તેના કરતાં પણ અધિક રૂપવાળા.

ધરણિધર પ્પવરાઇરેઅ સારં ॥ ૧૫ ॥ કુસુમલયા ॥—પર્વતો માંહિ શ્રેષ્ઠ એવો મેરૂપર્વત તેથી પણ અધિક ધૈર્યવાળા તમો છો ॥૧૫॥ આ કુસુમલતા છંદ છે.

સત્તે અ સયા અજીઅં—સત્વને વિષે સદા અજીત.

સારીરે અ બલે અજીઅં—શરીર સંબંધી જે બળ તેને વિષે અજીત.

તવ સંજમે અ અજીઅં—તપ અને સંજમને વિષે પણ અજીત.

એસ થુણામિ જીણં અજીઅં ॥ ૧૬ ॥ ભુઅગપરિરંગિઅં ॥—એવા શ્રી અજીતનાથ જિનેશ્વરની હું સ્તુતિ કરૂં છું ॥ ૧૬ ॥ આ ભુજંગપરિરંગિત છંદ છે.

સોમ ગુણેહિં પાવઇ ન તં નવ સરય સસી—સોમ ગુણમાં નવો શરદઋતુનો ચંદ્ર શ્રી અજીતનાથના સોમ્ય ગુણવડે પામી ન શકે.

તેઅ ગુણેહિં પાવઇ ન તં નવ સરય રવી—તેજ ગુણમાં ઉગેલો શરદઋતુનો સૂર્ય અજીતનાથના તેજને પામી ન શકે.

રૂવ ગુણેહિં પાવઇ ન તં તિઅસ ગણ વઈ—રૂપ ગુણમાં દેવતાના સમુહના પતિ જે ઇંદ્ર તે પણ અજીતનાથના રૂપને પામી ન શકે.

સાર ગુણેહિં પાવઇ ન તં ધરણિધર વઇ ॥૧૭॥ ખિજ્જિઅયં ॥—સ્થિરતા ગુણમાં પર્વતનો પતિ જે મેરૂપર્વત તે પણ અજીતનાથની સ્થિરતાપ્રત્યે ન પામે ॥ ૧૭ ॥ આ ખિજ્જિતક છંદ છે.

તિત્થવર પવત્તયં તમ રય રહિયં—ઉત્તમ જે તીર્થ તેના પ્રવર્તાવનાર તથા અજ્ઞાન જે કર્મ તે થકી રહિત.

ધીર જણ થુઅ ચ્ચિઅં ચુઅ કલિ કલુસં—ધીર પુરૂષોએ સ્તુતિ કર્યા તથા પુષ્પાદિકે પૂજા કીધી એવા. વળી છોડયું છે કલહનું પાપ જેણે એવા.

સંતિ સુહ પ્પવત્તયં તિગરણ પયઓ—મોક્ષ સુખના કરનાર, તેમને ત્રિકરણ શુદ્ધે.

સંતિં મહં મહામુણિ સરણ મુવણમે ॥ ૧૮ ॥ લલિઅયં ॥—મહા મુનિ શ્રી શાંતિનાથને શરણે હું જાઉં છું ॥ ૧૮ ॥ આ લલિતક છંદ છે.

વિણઓણય સિરિરઈ અંજલિ રિસિગણ સંથુઅં થિમિયં—વિનયે કરી નમેલા મસ્તકોને વિષે રચી છે અંજલી જેણે એવા ઋષિઓના સમુહવડે કરી સ્તુતિ કરાએલા તથા સમુદ્રની પેઠે નિશ્ચલએવા.

વિબુહાહિવ ધણ વઇ નર વઇ થુય મહિ અચ્ચિઅં બહુસો—દેવતાઓના અધિપ જે ઇંદ્ર તથા ધનપતિ કુબેર તથા નરપતિ જે ચક્રવર્તિ પ્રમુખ તેઓવડે કરી બહુ પ્રકારે વચને સ્તુતિ કરાએલા, પ્રણમાદિકે કરી પૂજીત તથા પુષ્પાદિકે કરી અર્ચિત એવા.

અઇ રૂગ્ગય સરય દિવાયર સમહિ અસપ્પભં તવસા—તપે કરીને તત્કાળનો ઉદય પામેલો શરદઋતુનો જે સૂર્ય તેથી પણ અધિક છે પોતાની કાંતિ જેમની એવા.

ગયણં ગણ વિયરણ સમુઇઅ ચારણ વંદિઅં સિરસા ॥ ૧૯ ॥

॥ **કિસલયમાલા** ॥—આકાશને વિષે વિચારવાથી એકઠા મળેલા જંઘાચારણાદિક મુનિઓ તેમણે મસ્તકે કરી વંદન કર્યું એવા ॥ ॥ ૧૯ ॥ આ કિસલયમાલા છંદ છે.

અસુર ગરૂલ પરિવંદિઅં—અસુરકુમાર તથા સુવર્ણકુમાર આદિ ભુવનપતિ દેવતાવડે કરી સમસ્ત પ્રકારે વંદિત એવા.

કિન્નરોરગ ણમંસિઅં, દેવકોડિ સય સંથુઅં—કિન્નર અને ઉરગ આદિ વ્યંતર દેવતાવડે કરી નમસ્કાર કરાએલા એવા.

સમણ સંઘ પરિવંદિઅં ॥ ૨૦ ॥ સુમુહં ॥—વળી શ્રમણ સંઘે જેને સમસ્ત પ્રકારે વંદના કરી છે ॥ ૨૦ ॥ આ સુમુખ છંદ છે.

ગાથા ૨૧ થી ૩૦ સુધી.

અણહં=પાપરહિત	**વિજ્જુવિલસિઅં=વિદ્યુદ્વિલસિત છંદ**	**તુરય=ઘોડા**
અરયં=મૈથુનરહિત	**આગયા=આવ્યા**	**પહકર=સમૂહ**
અરૂયં=રોગરહિત	**વિમાણ=વિમાન**	**સએહિં=સેંકડોએ કરીને**
પયઓ=આદરરહિત	**દિવ્વ=મનોહર**	**હુલિઅં=ઉતાવળે**
પણમે=પ્રણામ કરૂં છું		

સસંભમ=સત્વર
ઉઅરણ=ઉતરવું
ખુભિઅ=ક્ષુભિત
લુલિઅ=અરહાંપરહાં, હાલતાં
ચલ=ચપલ
કુંડલ=કાનનાં કુંડળ
અંગય=બાજુબંધ
તિરિડ=મુકુટ
સોહંત=શોભતી
મઉલીમાલા=મસ્તકની માળા
સંઘા=સમૂહો
સ=સાથે
અસુર=ભુવનપતિ વગેરે દેવો
વેર=વેર
વઉત્તા=રહિત
ભત્તિ=ભક્તિ
સુજુત્તા=સહિત
આયર=આદર
ભુસિય=શોભિત
સંભમ=ઉતાવળે
પિંડિઅ=એકઠા મળેલા
સુઠ્ઠુ=સારી રીતે
સુવિમ્હિઅ=સુવિસ્મિત
બલોઘા=લશ્કરનો સમૂહ
પવિઅ=ઘણા રૂપવાળા
ભાસૂર=જલહળતા
ભુસણ=આભરણ
ભાસૂરિય=દેદીપ્યમાન
અંગા=અંગ
ગાય=માત્ર, શરીર
સમોણુઅ=સમ્યક્પ્રકારે
વસ=વશે
આગય=આવેલા
પેસિય=કરેલા
પણામા=નમસ્કાર
રયણમાલા=રત્નમાળા
વંદિઉણ=વાંદીને
થોઊણ=સ્તુતિ કરીને
તિગુણં=ત્રણવાર
એવ=જે
પુણો=ફરીને
પયાહિણં=પ્રદક્ષિણા
પણમિઉણ=પ્રણામ કરી
પમુઇઆ=હરખિત થએલા
સભવણાઇં=પોતાનાસ્થાનકપ્રત્યે
તો=ત્યાંથી
ગયા=ગયા
મોહ=અજ્ઞાન
વજ્જિઅ=વર્જિત
ખિત્તયં=ક્ષિપ્તક છંદ
અંબર=આકાશ
અંતર=અંદર. વચમાં
વિઆરણિઅ ડિં=વિચરનારી એવી
લલિય=રમણિક
હંસવહુ=હંસી
ગામિણિઆહિં=જનારી એવી
પીણ=પુષ્ટ
સોણિ=કેડનો ભાગ
થણ=સ્તન
સાલિણિઆહિં=શોભતી
લોઅણિઆહિં=આંખોવડે
દીવયં=દીપક છંદ
ભર-ભાર
વિણમિઅ=વધારે નમેલા
ગાયલઆહિં=શરીરવાળી
પસિઢિલ=ઘણી ઢીલી
મેહલ=મેખલા
સોહિઅ=શોભિત
તડાહિં=ભાગવડી
ખિખિણિ=કંકિણિ
નેઉર=નેપુર
સ=રૂડું
તિલય=તિલક

વલય=કંકણ
ભૂસણિઆહિં=શોભાવાળી
રઇકર=પ્રીતિ કરનાર
ચઉર=ચતુર
મણોહર=મન હરનારી
દંસણિઆહિં=દર્શનવાળી
ચિત્તખરા=ચિત્રાક્ષરા
પાય=કિરણ, પગ
વંદિઆહિં=સમૂહવાળા
જસ્સ=જેના
તે=તે બે
સુવિક્કમા=અતિશે પરાક્રમવાળા, રૂડી ગતિવાળા
અપ્પણો=પોતામાં
નિડાલએહિં=લલાટવડે
મંડણ=આભૂષણ
ઉઙ્ઢણ=રચના
પગારએહિં=પ્રકારોવડે
કેહિં કેહિં વિ=કેવા કેવા
અવંગ=અપાંગ (બેઆંખોના અંતરમાં અથવા વચ્ચેના ભાગમાં)
પત્તલેહ=પત્ર લેખ (કસ્તુરીનાં ટપકાં વગેરે)
નામએહિં=નામવાળા
ચિલ્લએહિં=દેદીપ્યમાન શણગારની રચનાએ
સંગય=સહિત
અંગયાહિ=અંગવાળી
સન્નિવિટ્ઠ=બ્યારો
આગયાહિ=આવેલીઓ
પુણોપુણો=વારંવાર
નારાયઓ=નારાચક
ધુઅ=ખંખેરી કાઢી નાખેલા
કિલેસં=કલેશ
વંદિઅસ્સા=વંદન કરેલા એવા
જસ્સ=જેથી
દેવવહુહિં=દેવાંગનાઓ
પણમિઅસ્સા=પ્રણામ કરેલા એવા
સાસણયસ્સા=શાસનવાળા
પિંડિઆહિં=એકઠી થએલી
દેવવર=નર્તકવાદક દેવો
છરસા=અપ્સરાઓ
બહુયાહિં=ઘણીઓએ
પંડિયઆહિં=ડાહીઓ વડે
ભાસુરયં=ભાસુરક

અભયં અણહં અરયં અરૂયં—ભયેરહિત, પાપેરહિત મોહરહિત, તથા રોગરહિત.

અજિયં અજિઅં પયઓ પણમે ॥ ૨૧ ॥ વિજ્જુવિલસિઅં ॥—વળી રાગાદિકે કરી પરાભવ નહીં પામેલા એવા અજીતનાથને આદરપણે પ્રણામ કરૂં છું ॥ ૨૧ ॥ આ વિદ્યુદ્વિલસિત છંદ છે.

આગયા વર વિમાણ દિવ્વ કણગરહ તુરય પહકર સએહિં હુલિઅં—સુંદર વિમાન તથા મનોહર સોનાના રથ તથા ઘોડાના સમુહ તેના સેંકડાએ કરી આવેલા.

સસંભમો અરણુક્ખુભિઅ લુલિઅ ચલ કુંડલંગય તિરીડ સો-હંત મઉલિમાલા ॥ ૨૨ ॥ વેઢ્ઢઓ ॥—વળી સત્વર આકાશથકી ઉતરવે કરી ક્ષુભિત તથા શોભાયમાન ચંચળ એવા કુંડળ, બાજુબંધ તથા મુકુટ તેવડે કરી શોભાયમાન છે જેમના મસ્તકની માળા એવા ॥ ૨૨ ॥ આ વેષ્ટક છંદ છે.

જં સુરસંઘા સાસુરસંઘા વેર વિઉત્તા ભત્તિ સુજુત્તા—જે પ્રભુની પાસે વૈમાનિક દેવોના સમુહ આવેલા છે તે કેવા છે તે કહે છે. ભુવનપત્યાદિક દેવતાના સમુહે કરી સહિત, વૈરરહિત તથા ભક્તિયે કરી સહિત.

આયર ભૂસિઅ સંભમ પિંડિઅ સુઠ્ઠુ સુવિમ્હિઅ સવ્વ બલોઘા—આદરે કરી શોભાયમાન તથા ઉતાવળે એકઠા મળ્યા એવા અતિશયે કરી સુવિસ્મિત હોય તેમ સર્વ બળ જે કટક તેનો સમુહ તથા

ઉત્તમ કંચણ રયણ પરૂવિયા ભાસુર ભૂસણ ભાસુરિઅંગા—શ્રેષ્ઠ સોનું તથા રત્ન તેણે કરી જડિત એવા ઝગઝગતા અલંકારે કરી દેદીપ્યમાન છે અંગો જેમનાં.

ગાય સમોણય ભત્તિ વસાગય પંજલિ પેસિઅ સીસ પણામા ॥ ॥ ૨૩ ॥ રયણમાલા ॥—શરીરે કરી નમેલા અને ભક્તિના વશે કરી આવેલા અને બે હાથ જોડી કીધો છે મસ્તકે કરી પ્રણામ જેઓએ એવા છે. ॥ ૨૩ ॥ આ રત્નમાલા છંદ છે.

વંદિઊણ થોઊણ તો જિણં—વાંદીને તથા સ્તુતિ કરીને તેવાર પછી તે જીનને.

તિગુણમેવ ય પુણો પયાહિણં—ફરીથી ત્રણવાર પ્રદક્ષિણા કીધી એવા

પણમિઊણ ય જીણં સુરાસુરા—તે શાંતિજીનને પ્રણામ કરીને તે સુર અને અસુર દેવો.

પમુઇઆ સભવણાઇંતો ગયા ॥ ૨૪ ॥ ખિત્તયં ॥—હર્ષવંત થઇને પોતપોતાને ઠેકાણે ગયા ॥ ૨૪ ॥ આ ક્ષિપ્તક છંદ છે.

તં મહામુણિ મહંપિ પંજલી—તે મહા મુનિને હું પણ હાથજોડીને.
રાગ દોષ ભય મોહ વજ્જિઅં—રાગ, દ્વેષ, ભય, અને મોહે કરીને રહિત એવાને.
દેવ દાણુવ નરિંદ વંદિઅં—દેવ, દાનવ અને નરેંદ્ર તેમણે પૂજીત એવા
સંતિમુત્તમં મહાતવં નમે ॥ ૨૫ ॥ ખિત્તયં ॥—પ્રધાન એવું મોટું છે તપ જેનું એવા શાંતિનાથને હું નમસ્કાર કરૂં છું ॥ ૨૫ ॥ આ ક્ષિપ્તક છંદ છે.
અંબરંતર વિઆરણિઆહિં—આકાશના મધ્યભાગને વિષે વિચરનારી એવી.
લલિઅ હંસ વહુ ગામિણિઆહિં—રમણીય એવી હંસવધુ જે હંસીઓ તેઓની માફક ગતિ છે જેમની એવી.
પીણસોણિથણ સાલિણિઆહિં—પુષ્ટ એવો કટિપ્રદેશ તથા સ્તન તેણે કરી શોભાયમાન એવી.
સકલ કમલ દલ લોઅણિઆહિં ॥ ૨૬ । દીવયં ॥—સંપૂર્ણ કમળના પત્રના સરખાં નેત્રો છે જેમનાં એવી ॥ ૨૬ ॥ આ દીપક છંદ છે.
પીણ નિરંતર થણભર વિણમિઅ ગાયલઆહિં—પુષ્ટ અને અંતરરહિત એવા સ્તનોના સમુહે કરી નમી ગયા છે ગાત્રોના સમુહ જેના એવી.
મણિ કંચણ પસિઢિલ મેહલ સોહિઅ સોણિતડાહિં—મણિ, સુવર્ણ પ્રકર્ષે કરી શિથિલ એવી મેખલા તેણે કરી શોભે છે કટિપ્રદેશ જેનો એવી.
વરખિંખિણિ નેઉર સતિલય વલય વિભૂસણિઆહિં—સુંદર કિંકિણી, નેપૂર તથા મનોહર તિલક તથા કંકણ વિગેરે અલંકારોથી સુશોભિત એવી.
રઈ કર ચઉર મણોહર સુંદર દંસણિઆહિં ॥ ૨૭ ॥ ચિતખ્ખરા ॥—પ્રીતિ કરનાર ચતુર પુરૂષના મનને હરણ કરનાર તથા સુંદર છે દર્શન જેનું એવી ॥ ૨૭ ॥ આ ચિત્રાક્ષરા છંદ છે.

દેવ સુંદરીહિં પાય વંદિઆહિં—શરીરને વિષે ધારણ કરેલા અલંકારોના કીરણોનો સમુહ છે જેને એવી દેવાંગનાઓએ.

વંદિયા ય જસ્સ તે સુવિક્કમા કમા અપ્પણો નિડાલએહિં—પોતાના લલાટે કરીને જે ભગવાનના રૂડા પરાક્રમવાળા ચરણારવિંદ તેમને વંદન કર્યા. વળી

મંડણોડ્ડણપ્પગારએહિં કેહિં કેહિવિ—તે દેવાંગનાઓના શરીરને વિષે આભૂષણની રચનાના પ્રકારો તે કેવા કેવા. તે કહે છે.

અવંગ તિલય પત્તલેહ નામએહિં ચિલ્લએહિં—નેત્રને વિષે અંજનની રચના તથા તિલકની રચના તથા કસ્તુરી પ્રમુખનાં ટપકાં, ઇત્યાદિક નામ છે જેનાં. એવી એવી રચનાયે કરી.

સંગયં ગયાહિં ભત્તિસન્નિવિટ્ઠ વંદણાગયાહિં—સહિત છે અંગો જેનાં એવી દેવાંગનાઓ ભક્તિએ કરી વ્યાપ્ત થઇને વંદનને માટે આવીઓ છે.

હુંતિ તે વંદિઆ પુણો પુણો ॥ ૨૮ ॥ નારાયઓ ॥—એવા તમારા ચરણકમળ વારંવાર વંદન કરેલાં છે ॥ ૨૮ ॥ આ નારાચક છંદ છે.

તમહં જિણચંદં—હું પણ તે જીનોને વિષે ચંદ્રમાસમાનને.

અજિઅં જિઅ મોહં—જીત્યો છે મોહ જેણે એવા અજીતનાથને.

ધુય સવ્વ કિલેસં—ટાળ્યા છે સર્વ પ્રકારના કલેશ જેણે એવાને.

પયઓ પણમામિ ॥ ૨૯ ॥ નંદિઅયં ॥—ત્રિકરણ શુદ્ધે હું પ્રણામ કરૂં છું ॥ ૨૯ ॥ આ નંદિતક છંદ છે.

થુઅ વંદિઅસ્સા રિસી ગણ દેવ ગણેહિં—ઋષીના સમુહ અને દેવતાઓના સમુહવડે સ્તુતિ કરાએલા અને વંદન કરાએલા એવા.

તો દેવ વહૂહિં પયઓ પણમિઅસ્સા—તેવાર પછી દેવાંગનાઓ વડે પ્રણામ કરાએલા એવા.

જસ્સ જગુત્તમ સાસણયસ્સા—વળી જેમનું જગતને વિષે ઉત્તમ સાસન છે એવા તે શાંતિનાથ ભગવાન છે.

ભત્તિ વસાગય પિંડિઅયાહિં—ભક્તિના વશે કરી આવવાથી એકઠી મળેલી એવી.

દેવ વર અચ્છરસા બહુઆહિં—તથા સારા દેવતાઓ અને અપચ્છરાઓ ઘણા સાથે મળેલી છે એવી.

સુરવર રઇ ગુણ પંડિયઆહિં ॥ ૩૦ ॥ ભાસુરયં—તથા દેવતાઓને પ્રીતિ કરનાર એવા, ગુણને વિષે પંડિત એવા, તે દેવ નર્તકીઓ છે. ॥ ૩૦ ॥ આ ભાસુરકનામા છંદ છે.

ગાથા ૩૧ થી ૪૦ સુધી.

વંસ=વાંસ
તંતિ=વીણા
તાલ=ચપટી,પડઇ
મેલિએ=મળે છતે
તિઉખ્ખર=ત્રિપુષ્કર વાજિંત્ર
મિસએ=મિશ્રિત
સમાણુએ=સમાન કરવામાં
સજ્જ=ષડજ, અધિક ગુણવાળું
ગીય=ગીત
જાલ=જાલ
ઘંટિઆહિં=ઘુઘરીઓ
કલાવ=અલંકાર
દેવનટ્ટિઆહિં=દેવ નટિઓ વડે
હાવ=બહુ કામવિકાર
ભાવ=અલ્પવિકાર

વિબ્ભમ=વિલાસ
નચ્ચિઊણ=નાચીને
હારએહિં=વિક્ષેપે કરીને
તયં=તે
તિલોય=ત્રિભુવન
કારયં=કરનાર
પસંત=પ્રશાંત થયા છે
એસ હં=આ હું
છત્ત=છત્ર
ચામર=ચામર
પડાગ=પતાકા, (ધ્વજા)
જૂવ=યૂપ, (યજ્ઞનોસ્થંભ)
જવ=જવ
મંડિયા=સુશોભિત
ઝયવર=શ્રેષ્ઠ ધ્વજ
મગર=મગરમચ્છ
સિરિવચ્છ=શ્રીવત્સ

સુલંછણા=સારા લંછન
મંદર=મેરૂપર્વત
દિસાગય=દિગગજવાળા
સત્થિઅ=સાથીઆ
ચક્ક=ચક્ર
અંકિયા=આંકેલા
લટ્ઠા=શોભાયમાન
સમ=સરખી રીતે
પઇટ્ઠા=રહેલા
અસમ=નિરૂપમ
પઇટ્ઠા=પ્રતિષ્ઠા
દુટ્ઠા=દુષ્ટ
જિટ્ઠા=મોટા
પસાય=પ્રસાદ
સિટ્ઠા=શ્રેષ્ટ
તવેણ=તપેકરી
પુટ્ઠા=પુષ્ટ
સિરીહિં=લક્ષ્મીવડે
ઇટ્ઠા=ઇષ્ટ

રિસીહિં=ઋષીઓએ
જુટ્ઠા=સેવાએલા
વાણુવાસિઆ=વાનવાસિકા છંદ.
પાવયા=પાપપમાડનારા
સં=સુખને માટે, સમ્યક્પ્રકારે
થુયા=સ્તવાએલા
હુંતુ=થાઓ
સુહાણ=સુખના
દયયા=દેનારા
અપરાંતિકા=અપરાંતિકા છંદ
જુઅલં=જુગલ, જોડકું
ગઈ=ગતિ
સાસયં=શાશ્વતી
સુખ્ખ=મોક્ષ
સુહેણ=સુખવડે
પરમેણ=ઉત્કૃષ્ટ
અવિસાયં=વિષાદરહિત
નાસેઉ=નાશ કરો
કુણઉ=કરો
પરિસા=સભા
વિ=પણ
પસાયં=પ્રસાદ
મોએઉ=હર્ષ
નંદિસેણ=નંદિસેણ કવિ
અભિનંદ=સર્વ પ્રકારના આણંદને
સુહનંદિ=સુખવૃદ્ધિ
પખ્ખિઅ=પાખી પડિક્કમણામા
ચાઉમ્માસે=ચોમાસી પડિક્કમણામાં
સંવચ્છરિ=સંવચ્છરિ પડિક્કમણામાં
અવસ્સ=નિશ્ચે
ભણિઅવ્વો=ભણવો
સોઅવ્વો=સાંભળવો
સવ્વેહિં=સર્વ સંઘે
નિવારણો=નિવારણ કરનાર
પઢઈ=ભણે
નિસુણઇ=નિરંતર સાંભળે
ઉભઓ=બે
કાલં=વખત
થઅં=સ્તવનને
ન=નથી
હુ=નિશ્ચે
પુવ્વ=પૂર્વના
ઉપ્પન્ના=ઉત્પન્ન થએલા
વિનાસંતિ=નાશ પામેછે
ઇચ્છહ=ઇચ્છોછો
પરમપયં=મોક્ષપદ
અહવા=અથવા
કીત્તિં=કીર્તિ
સુવિથ્થડં=અતિ વિસ્તાર પામેલી
ભુવણે=જગતમાં
ઉદ્ધરણે=ઉદ્ધાર કરનાર
વયણં=વચને
આયરં=આદર
કુણહ=કરો

વંસ સદ્દ તંતિ તાલ મેલિએ તિઉખ્ખરા ભિરામ સદ્દ મિસએ કએ અ—વાંસનો શબ્દ, વીણા, તાલ, ને ચપટી સર્વે મળે છતે, વળી ત્રિપુષ્કરનામા વાજીંત્ર તેના મનોહર શબ્દોએ કરી મિશ્રિત કરે છતે.

સુઇ સમાણણે અ સુદ્ધ સજ્જ ગીઅ પાય જાલ ઘંટિઆહિં—તથા કાનને સાંભળવાને વિષે સમાન કરે છતે, શુદ્ધ ષડ્જ ને મધુર

કંકાદિ ધ્વનિ તેણે કરી યુક્ત એવું જે ગીત તેણે કરી સહિત એવી પગને વિષે ઝુલના આકારવાળી ઘુઘરીઓ છે જેને એવી.

વલય મેહુલા કલાવ નેઉરાભિરામ સદ્દ મિસએ કએઅ—તથા કંકણ, મેખલા તે કંદોરો તથા કલાવ આભરણ તથા નેપુર તેમના મનોહર શબ્દોએ કરી મિશ્રત કરે છતે.

દેવ નટ્ટિઆહિં હાવ ભાવ વિબ્ભમ પ્પગારએહિં—દેવ નર્તકીઓ, હાવ, ભાવ, વિભ્રમને વિલાસ તેના પ્રકારો છે જેમને વિષે એવી.

નચ્ચિઉણ અંગ હારએહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા—અંગના વિક્ષેપે કરી, નૃત્યે કરીને ઉત્તમ પરાક્રમવાળા શાંતિનાથના તે ચરણકમળને વંદન કરેલા છે.

તયંતિલોય સવ્વ સત્ત સંતિ કારયં—તે ત્રણ લોકના સર્વ પ્રાણીઓને શાંતિના કરનાર છે.

પસંત સવ્વ પાવ દોસમેસ હં નમામિ સંતિમુત્તમં જીણં ॥ ૩૧ ॥ નારાયઓ ॥—પ્રશાંત થયા છે સર્વ પાપ અને રોગ જે થકી એવા ઉત્તમ શ્રી શાંતિનાથ ભગવાન્પ્રત્યે આ પ્રત્યક્ષ હું નમસ્કાર કરૂં છું ॥ ૩૧ ॥ આ નારાચક છંદ છે.

છત્ત ચામર પડાગ જુવ જવ મંડિઆ—છત્ર, ચામર, પતાકા, યૂપ, યવ, એ લક્ષણોયે કરી સુશોભિત.

ઝય વર મગર તુરય સિરિવચ્છ સુલંછણા—ધ્વજપર, મગરમચ્છ, તુરંગ તે અશ્વ, અને શ્રીવત્સ એ સર્વ શોભાયમાન છે લંછન જેમને એવા.

દીવ સમુદ્દ મંદર દિસાગય સોહિઆ—દ્વીપ, સમુદ્ર, તથા મેરૂપર્વત તથા દિગ્ગજ એવા લક્ષણોથી સુશોભિત.

સત્થિઅ વસહ સીહ રહ ચક્કવરંકિયા ॥ પાઠાંતર ॥ સિરિવચ્છ સુલંછણા ॥ ૩૨ ॥ લલિયયં ॥—સ્વસ્તિક, વૃષભ, સિંહ, રથ, ચક્ર શ્રેષ્ટ તેણે કરી અંકિત એવા શ્રી શાંતિનાથ છે ॥ ૩૨ ॥ આ લલિતક છંદ છે.

સહાવ લટ્ઠા સમ પ્પઇટ્ઠા—સ્વભાવે કરી શોભાયમાન તથા નિરૂપમ પ્રતિષ્ઠાવાળા અથવા સરખી ભૂમિને વિષે રહેલા એવા.

અદોસ દુટ્ઠા ગુણેહિં જિટ્ઠા—રાગાદિક દોષે કરી રહિત તથા ગુણોયે કરી મ્હોટા છો.

પસાય સિટ્ઠા તવેણ પુટ્ઠા—પ્રસાદે કરી શ્રેષ્ટ તથા તપે કરી પુષ્ટ છે.

સિરીહિં ઇટ્ઠા રિસીહિં જુટ્ઠા ॥૩૩॥ વાણવાસિયા ॥—લક્ષ્મિયે કરી ઇષ્ટ તથા મુનિઓવડે કરી. નિરંતર સેવિત એવા પ્રભુ છે ॥ ૩૩ ॥ આ વાનવાસિકા છંદ છે.

તે તવેણ ધુય સવ્વ પાવયા—તે પૂર્વોક્ત પ્રભુ જેણે તપે કરી ટાળ્યાં છે સર્વ પાપો એવા.

સવ્વ લોઅ હિય મૂલ પાવયા—સર્વ લોકોને હિત જે મોક્ષ તેનું કારણ જે જ્ઞાનાદિ ગુણ તેને પમાડનારા.

સંથુયા અજિઅ સંતિ પાયયા—શ્રી અજીત શાંતિના પગો રૂડી રીતે સ્તુતિ કરાયલા છે.

હુંતુ મે સિવ સુહાણ દાયયા ॥ ૩૪ ॥ અપરાંતિકા ॥—વળી મને શાંતિસુખના દેનારા એવા હે પ્રભુ તમે ! છો ॥ ૩૪ ॥ આ અપરાંતિકા છંદ છે.

એવં તવ બલ વિઉલં—એ પ્રકારે તપોબળે કરી વિશાલ એવું.

થુઅં મએ અજિઅ સંતિજિણ જુઅલં—અજીતનાથ તથા શાંતિનાથ એ જીન યુગલની મેં સ્તુતિ કરી.

વવગય કમ્મ રય મલં—ગયું છે કર્મરૂપ રજ અને મળ જેમનું એવું.

ગઈ ગયં સાસયં વિઉલં ॥ ૩૫ ॥ ગાહા ॥—તથા શાશ્વતી અને વિશાળ સુખવાળી ગતિ જે મોક્ષ તેને પામેલા એવા અજીત શાંતિજીન યુગલને હું વાંદુ છું ॥ ૩૫ ॥ આ ગાથા છંદ છે.

તં બહુ ગુણપ્પસાયં—બહુ ગુણનો પ્રસાદ છે જેમને એવા તેઓ.

મુક્ખ સુહેણ પરમેણ અવિસાયં—ઉત્કૃષ્ટ એવું જે મોક્ષસુખ તેણે કરી વિષાદરહિત,

નાસેઉ મે વિસાયં—મારા વિષાદનો નાશ.

કુણઉ અ પરિસાવિ અ પ્પસાયં ॥ ૩૬ ॥ ગાહા ॥—કરો. વળી આ પરખદા જે સભા તેના ઉપર પ્રસાદ કરો ॥ ૩૬ ॥ આ ગાથાછંદ છે.

તં મોએઉ અ નંદિં—તે અજીત શાંતિજીન યુગલ મને હર્ષપ્રત્યે આપો તથા સમાધિને.

પાવેઉ અ નંદિસેણ મભિનંદિં—પ્રાપ્ત કરો. વળી આ સ્તવનકર્તા શ્રી નંદિષેણકવિને સર્વ પ્રકારે સમૃદ્ધિ પમાડો.

પરિસાવિ ય સુહ નંદિં—આ પરખદાને પણ સુખ વૃદ્ધિ,

મમ ય દિસઉ સંજમે નંદિં ॥ ૩૭ ॥ ગાહા ॥—અને મને પણ સંજમને વિષે આનંદ આપો ॥ ૩૭ ॥ આ ગાથા છંદ છે.

પક્ખિએ ચાઉમ્માસે— પક્ખિ પડિક્રમણામાં તથા ચઉમાસી પડિક્રમણામાં.

સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો—તથા સંવત્સરી પડિક્રમણામાં આ સ્તવન અવશ્ય એક જણે ભણવો.

સોઅવ્વો સવ્વેહિં—સર્વ સંઘે તે સાંભળવો.

ઉવસગ્ગ નિવારણો એસો ॥ ૩૮ ॥ ગાહા ॥—આ ઉપસર્ગને નિવારણ કરનાર છે ॥ ૩૮ ॥ આ ગાથા છંદ છે.

જો પઢઇ જો અ નિસુણઇ—જે કોઈ ભણે અથવા જે કોઈ નિરંતર શ્રવણ કરે.

ઉભઓ કાલંપિ અજીઅ સંતિ થયં—આ અજીતશાંતિ સ્તવનનો પ્રાતઃકાળે તથા સાયંકાળે.

ન હુ હુંતિ તસ્સ રોગા—તે માણસને રોગ થતા નથી.

પુવ્વુપ્પન્ના વિનાસંતિ ॥ ૩૯ ॥ ગાહા ॥—અને પ્રથમના થએલા રોગો નાશ પામે છે ॥ ૩૯ ॥ આ ગાથા છંદ છે.

જઇ ઇચ્છહ પરમ પયં—જો ઉત્કૃષ્ટપદ જે મોક્ષ તેને ઇચ્છતા હો.

અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે—તથા જગતને વિષે વિસ્તાર પામેલી કીર્તિને ઇચ્છતા હો.

તા તેલુક્કુદ્ધરણે—તો ત્રણ લોકના ઉદ્ધારના કરનાર એવા.

જીણ વયણે આયરં કુણહ ॥ ૪૦ ॥ ગાહા ॥—જિનેશ્વરનાં વચનને વિષે આદરસત્કાર કરો ॥ ૪૦ ॥

અથ બૃહત્ શાંતિસ્તવ.

ભો ભો=હે, અરે
શૃણુત=સાંભળો
વચન=વચનને
પ્રસ્તુતં=અવસરયોગ્ય
સર્વં=સઘળું
એતત્=આ
યે=જે
યાત્રાયાં=જાત્રામાં
ગુરૂ:=ગુરૂ (ની)
આર્હતાં=વિતરાગ
ભાજ:=ભજનારા
તેષાં=તેમની
ભવતાં=આપ (ની)
અર્હદ્=અરિહંત
પ્રભાવાત્=પ્રભાવથી
આરોગ્ય=રોગરહિત-
પણું
કરી=કરનારી
વિધ્વંસ=નાશ
હ=જેમને માટે
સંભવાનાં=ઉત્પન્નથએ-
લાની
તીર્થકૃતાં=તીર્થંકરના
જન્મનિ=જન્મ વખતે
પ્રકંપ=કાપવું

અનંતરં=પછી
અવધિના=અવધિજ્ઞાને
વિજ્ઞાય=જાતીને
સૌધર્મ=પેહેલા દેવલોક
(નો)
અધિપતિ=ઇંદ્ર
સુઘોષા=સુઘોષા
ઘંટા=ઘંટ
ચાલન=વગાડયા
સહ=સાથે
સમાગત્ય=આવીને
ભટ્ટારકં=ભટ્ટારક (ને)
કનકાદ્રિ=મેરૂ (પર્વતના)
શૃંગે=શિખરઉપર
વિહિત=કરેલ
ઉદ્ઘોષયતિ=ઉદ્ઘોષણા
કરે છે, જાહેર પોકારે
યથા=જે
તત:=મ
કૃત=કરેલી
અનુકાર=નકલ
મહાજન=દેવસમૂહ
ગત:=પ્રવર્ત્યો
સ=તે
પથા:=માર્ગ

સમેત્ય=આવીને
સ્નાત્ર=ન્હવણ, ન્હવા-
ડવું
પીઠે=આસનપર
ઉદ્ઘોષયામિ=જાહેર ક-
રવું
તત્=તે, તેથી
મહોત્સવ=મોટો ઓ-
ચ્છવ
ઇતિ=એમ
કૃત્વા=કરીને
કરણં=કાન
દત્વા=દેઇને
નિશમ્યતાં=સાંભળો
પુણ્યાહં=પવિત્ર દિવસ
પ્રીયંતાં=ખુશી થાઓ
ભગવંત=ભગવંત
અર્હન્ત=અરિહંતો
સર્વજ્ઞ=સર્વ જાણનાર
દર્શિન:=દેખનાર
ત્રિ=ત્રણ
લોક=જગત
નાથા:=સ્વામીઓ
મહિતા=પૂજાએલા
લોકેશ્વરા=જગતના ઇશ્વર

ઉદ્યોતકરાઃ=ઉદ્યોતના કરનારા	મુનય=સાધુઓ	બુદ્ધિ
અંતાઃ=અંતમાં જેમને એવા	પ્રવરા=શ્રેષ્ઠ	પ્રવેશન=ગ્રહપ્રવેશ
જિનાઃ=તિર્થંકરો	દુર્ભિક્ષ=દુકાળ	નિવેશનેષુ=મુકામ કરવામાં
શાંતાઃ=શાંત થએલા	દુર્ગ=વિકટ	સુ=રૂડું
શાંતિકરાઃ=શાંતિના કરનારા	માર્ગેષુ=માર્ગમાં	ગ્રહિત=લીધેલું
	રક્ષંતુ=રક્ષણ કરો	નામાનઃ=નામવાળા
	કાંતારેષુ=વનોમાં	
	મેધા=ધારણ કરવાની	

ભો ભો ભવ્યાઃ શૃણુત વચનં પ્રસ્તુતં સર્વ મેતત્—હે ભવ્ય જીવો! આ અવસરને યોગ્ય એવું વચન તે તમે સર્વ સાંભળો.

યે યાત્રાયાં ત્રિભુવન ગુરોરાર્હતા ભક્તિભાજઃ—જે પુરૂષો ત્રણ ભુવનના ગુરૂ જે ભગવાન તેમની જાત્રાને વિષે ભક્તિમંત છે એવા તથા અરિહંત છે દેવ જેના એવા.

તેષાં શાંતિભવત ભવતામર્હદાદિપ્રભાવા—તે તમોને અરિહંત આદિ પંચ પરમેષ્ટિના પ્રભાવથી શાંતિ થાઓ.

દારોગ્યશ્રીધૃતિમતિકરી ક્લેશવિધ્વંસહેતુ ॥ ૧ ॥—તે શાંતિ, આરોગ્ય, લક્ષ્મી, ધૃતિ અને મતિ તેની કરનારી તથા ક્લેશનો નાશ કરવાનો હેતુ છે. ॥ ૧ ॥

ભો ભો ભવ્યલોકા ઈહ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં—હે ભવ્ય લોકો! આ ભરતક્ષેત્ર, ઐરાવત અને મહાવિદેહ તેને વિષે ઉત્પન્ન થએલા.

સમસ્તતીર્થકૃતાં જન્મન્યાસનપ્રકંપાનંતરમવધિના વિજ્ઞાય—સમસ્ત તિર્થંકરોના જન્મ સમયને વિષે સૌધર્માધિપતિનું આસન પ્રકંપિત થયા બાદ અવધિજ્ઞાને પ્રભુનો જન્મ જાણીને.

સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટાચાલનાનંતર—શ્રી સૌધર્માધિપતિ સુઘોષા નામનો ઘંટ વગાડયા પછી.

સકલસુરાસુરેંદ્રૈઃ સહ સમાગત્ય—સમસ્ત સુર અને અસુરના ઇંદ્રોએ કરી સહિત આવીને.

સવિનયમર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિશૃંગે—વિનયસહિત અરિહંત ભગવાનને ગ્રહણ કરીને તથા મેરૂપર્વતના શિખરઉપર જઈને.

વિહિત જન્માભિષેક: શાંતિમુદ્ઘોષયતિ—કર્યો છે જન્માભિષેક જેણે એવા તે સૌધર્માધિપતિ શાંતિનો મ્હોટેથી પાઠ કરે છે.

યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા—તેથી હું પણ તેમણે કર્યું તેમજ કરવું એ પ્રકારે કરીને.

મહાજનો યેન ગત: સ પંથા:—મહોટા પુરૂષ જે માર્ગે પ્રવર્ત્યા તેજ માર્ગ.

ઇતિ ભવ્યજનૈ: સહ સમેત્ય સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય—એ પ્રકારે ભવ્યલોક સાથે આવીને સ્નાત્રપીઠને વિષે સ્નાત્ર કરીને.

શાંતિમુદ્ઘોષયામિ—હું પણ શાંતિનો પાઠ મહોટેથી કરૂં છું.

તત્પૂજાયાત્રાસ્નાત્રાદિ મહોત્સવાનંતરમિતિ કૃત્વા—તેની પૂજા, યાત્રા, સ્નાત્ર આદિ મહોત્સવ કર્યા બાદ એ પ્રમાણે કરીને.

કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા—તે શાંતિને કાન દઈને (એક ચિત્તથી) સાંભળો, સાંભળો.

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં—ૐ એ માંગલિક અર્થમાં છે. આજ પુણ્યનો દિવસ છે. પુણ્યનો દિવસ છે. અતિ સંતુષ્ટ થાઓ. અતિ સંતુષ્ટ થાઓ.

ભગવતોર્હંત: સર્વજ્ઞા:સર્વદર્શિન:—અરિહંત ભગવાન—ઐશ્વર્યયુક્ત તથા સર્વજ્ઞ તથા સર્વદર્શિ.

ત્રિલોકનાથા ત્રિલોકમહિતા ત્રિલોકપૂજ્યા ત્રિલોકેશ્વરા ત્રિલોકોદ્યોતકરા:—ત્રણ લોકના નાથ, ત્રણ લોકના સેવિત, તથા ત્રણ લોકના પૂજ્ય, તથા ત્રણ લોકના ઇશ્વર તથા ત્રણ લોકના ઉદ્યોત કરનાર એવા તેઓ છે.

ૐ ઋષભ અજીત સંભવ અભિનંદન સુમતિ—ઋષભદેવ, અજીતનાથ, સંભવનાથ, અભિનંદન, અને સુમતિ.

પદ્મપ્રભ સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ—પદ્મપ્રભુ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભુ, સુવિધિ તથા શીતલ.

શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંત ધર્મ શાંતિ—શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, તથા શાંતિનાથ.

કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ પાર્શ્વ—તથા કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામિ, નમિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ.

વર્દ્ધમાનાંતા જીનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા—અને મહાવીર છે છેલ્લા તિર્થંકર જેને વિષે એવા રાગ દ્વેષના જીતનાર તથા ક્રોધાદિકથી શાંતિ પામેલા એવા તે શાંતિને કરનારા થાઓ.

ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજયદુર્ભિક્ષકાંતારેષુ—મુનિઓને વિષે શ્રેષ્ટ મુનિઓ શત્રુનો જય, દુકાળ તથા કંટકવાળા માર્ગને વિષે.

દુર્ગમાર્ગેષુ રક્ષંતુ વો નિત્ય સ્વાહા—તથા અરણ્ય માર્ગને વિષે હમેશાં તમોને રક્ષણ કરો.

ૐ હ્રીં શ્રી ધૃતિ મતિ કીર્તિ કાંતિ બુદ્ધિ લક્ષ્મી—ૐ, હ્રીં, શ્રીં એ ત્રણ મંત્ર બીજ છે, ધૈર્ય, મતિ, કીર્તિ, કાંતિ, બુદ્ધિ, લક્ષ્મી.

મેધા વિદ્યાસાધનપ્રવેશનનિવેશનેષુ—ધારણ કરવાની બુદ્ધિ, વિદ્યાનું સાધન, પ્રવેશ તથા મુકામ કરવો તે સઘળા વિષે.

સુગૃહીત નામાનો જયંતુ તે જીનેંદ્રાઃ—રૂડાં ગ્રહણ કરવાયોગ્ય નામ છે જેનાં, એવા તે જીનેંદ્રો જયવંતા વર્તો.

રોહિણી=દેવીનું નામછે	**બૃહસ્પતિ=ગુરૂ**	**એ ચારે લોકપાલ છે**
ષોડસ=સોલ	**શુક્ર=શુક્ર**	**વાસવ=ઇંદ્ર**
પ્રભૃતિ=વિગેરે	**શનૈશ્ચર=શની**	**આદિત્ય=સૂર્ય**
ચાતુર્વર્ણ્યસ્ય=ચાર પ્રકારના	**રાહુ=રાહુ**	**સ્કંદ=સ્કંદ દેવ**
શ્રમણ=સાધુ	**કેતુ=કેતુ**	**વિનાયક=ગણેશ**
ગ્રહાઃ=નવગ્રહો	**સહિતાઃ=પરસ્પરમળ્યા**	**ઉપેતાઃ=સહિત**
અંગારક=મંગલ	**સલોકપાલા=લોકપાલ સાથે**	**અન્યેઽપિ=બીજા પણ**
બુધ=બુધ	**સોમ, યમ, વરૂણ, કુબેર=**	**ગ્રામ=ગામ**
		દેવતાદયઃ=દેવતા વિગેરે

અક્ષીણ=અખુટ	પ્રમોદ=ચિત્ત પ્રસન્નતા	પાપાનિ=પાપો
કોશ=ભંડાર	અસ્મિન્=આ (માં)	શામ્યંતિ=શાંતિને પામો
કોષ્ટાગાર=કોઠાર	ભૂમંડલ=પૃથ્વિમંડળ	દુરિતાનિ=અશુભ
નરપતયઃ=રાજાઓ	આયતન=ઠેકાણું	શત્રવઃ=વેરીઓ
ભ્રાતૃ=ભાઇ	નિવાસી=વસનારા	પરાઙ્=અવળા
કલત્ર=સ્ત્રી	દુર્ભિક્ષ=દુકાળ	મુખાઃ=મુખવાળા
સુહૃદ=ગોઠીઆ	દૌમર્નસ્ય=દુર્મનપણું	વિધાયિને=કરનારને
સંબંધી=સાસરીઆ	ઉપશમનાય=ઉપશમને માટે	અમરાધીશ=ઇંદ્રો
બંધુવર્ગ=ગોત્રિયા		અભ્યર્ચિત=પૂજીત
આમોદ=હર્ષ	પ્રાદુર્ભૂતાનિ=ઉત્પન્નથયા	

ૐ રોહિણી પ્રજ્ઞપ્તિ વજ્રશૃંખલા વજ્રાંકુશી—રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા તથા વજ્રાંકુશી.

અપ્રતિચક્રા પુરૂષદત્તા કાલી મહાકાલી—અપ્રતિચક્રા, પુરૂષદત્તા, કાલી તથા મહાકાલી.

ગોરી ગાંધારી સર્વાસ્ત્રા મહાજવાલા માનવી—ગૌરી, ગાંધારી, સર્વાસ્ત્રા, મહાજવાલા, અને માનવી.

વૈરૂટયા અચ્છુપ્તા માનસી મહામાનસી—વૈરૂટયા, અચ્છુપ્તા, માનસી તથા મહામાનસી.

ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા—એ સોળે વિદ્યાદેવીઓ હમેશાં તમારૂં રક્ષણ કરો.

ૐ આચાર્યોપાધ્યાય પ્રભૃતિ ચાતુર્વર્ણ્યસ્ય—આચાર્ય, ઉપાધ્યાય પ્રમુખ ચાર પ્રકારના.

શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ—સુશોભિત શ્રમણ જે વીર ભગવાન તેના સંઘને શાંતિ થાઓ, તુષ્ટિ થાઓ, તથા ધર્મની પુષ્ટિ થાઓ.

ૐ ગ્રહાશ્ચંદ્ર સૂર્યાંગારક બુધ બૃહસ્પતિ શુક્ર—ગ્રહો ચંદ્ર, સૂર્ય, અંગારક (મંગળ) બુધ, બ્રહસ્પતિ, શુક્ર.

શનૈશ્ચર રાહુ કેતુ સહિતાઃ સલોકપાલાઃ—શનૈશ્ચર, રાહુ, કેતુ, એ નવ ગ્રહોસહિત તથા ચાર લોકપાલસહિત. તથા

સોમ યમ વરૂણ કુબેર વાસવાદિત્ય સ્કંદ વિનાયકોપેતાઃ—સોમ, યમ, વરૂણ, કુબેર, વાસવ તે ઇંદ્ર, બાર પ્રકારના સૂર્ય, સ્કંધ, વિનાયક (ગણેશ) એ બધા.

યે ચાન્યેઽપિ ગ્રામ નગર ક્ષેત્ર દેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં—વળી બીજા પણ ગ્રામ, નગર, ક્ષેત્રના દેવતા વિગેરે જે છે તે સર્વ પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

અક્ષીણકોશકોષ્ટાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા—નથી ક્ષીણ થયા ભંડાર જેમના તથાં ધાન્યનાં ગૃહ જેમનાં એવા રાજાઓ થાઓ.

ૐ પુત્ર મિત્ર ભ્રાતૃ કલત્ર સુહૃદ સ્વજન સંબંધી—પુત્ર, મિત્ર, ભાઇ, સ્ત્રી, સમાનવયવાળા, સ્વજન તથા સંબંધી માણસ. તથા

બંધુવર્ગસહિતા નિત્યં ચામોદ પ્રમોદ કારિણઃ—બંધુઓનો સમુહ તે સહિત તે સર્વે હમેશાં હર્ષ અને ચિત્ત પ્રસન્નતા કરનારા થાઓ.

અસ્મિંશ્ચ ભૂમંડલાયતનનિવાસી સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાણાં—આ મૃત્યુલોકને વિષે પૃથ્વીમાં પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકાઓનાં.

રોગોપસર્ગવ્યાધિ દુઃખદુર્ભિક્ષદૌર્મનસ્યો પશમનાય શાંતિર્ભવતુ—રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુઃખ, દુકાળ અને દૌર્મનસ્ય (દુષ્ટ મનનો ભાવ) તેનો નાશ કરવાને અર્થે શાંતિ થાઓ.

ૐ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિ વૃદ્ધિ માંગલ્યોત્સવાઃ—ૐ મંગલાર્થે છે. સંતોષ, સામર્થ્ય, સંપત્તિ, પરિવારની વૃદ્ધિ, કલ્યાણ અને મ્હોટા ઓચ્છવા થાઓ.

સદાપાદુર્ભુતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાનિ—નિરંતર ઉત્પન્ન થયેલાં પાપ અને દુરિત તેને શાંત કરો.

શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા—તથા શત્રુઓ અવળા મુખવાળા થાઓ.

શ્રીમતે શાંતિનાથાય—લક્ષ્મિયુક્ત એવા શ્રી શાંતિનાથ ભગવાનને

નમઃ શાંતિવિધાયિને—નમસ્કાર થાઓ. જે શાંતિના કરનાર છે.
ત્રૈલોકયસ્યામરાધીશ—ત્રણ લોકને તથા દેવતાઓના રાજા જે ઇંદ્ર તેમના
મુકુટાભ્યર્ચિતાંઘ્રયે ॥ ૧ ॥—મુકુટે કરી પૂજીત છે ચરણ જેના એવા છે ॥ ૧ ॥
શાંતિ: શાંતિકર: શ્રીમાન્—શાંતિનાથ ભગવાન, શાંતિ કરનાર તથા શોભાયમાન
શાંતિદિશતુ મે ગરૂ:—તથા ગુરૂ એવા મને શાંતિપ્રત્યે દેખાડો.
શાંતિરેવ સદા તેષાં —હમેશાં તે લોકના ઘેર શાંતિજ છે.
યેષાં શાંતિર્ગૃહે ગૃહે ॥ ૨ ॥—જેમના ઘરના વિષે શાંતિનાથની પુજા થાય છે ॥ ૨ ॥

દુ:સ્વપ્ન=ખોટું સ્વપ્ન
નિમિત્ત=કારણ
સંપાદિત=સંપાદાન કરી છે
હિતસંપત્=હિતની સંપત્તિ
પૌર=શહેરી
જનપદ=દેશ
અધિપાનાં=અધિપતિનાં
સન્નિવેશ=મુકામ
ગોષ્ઠિકાનાં=કંપનિઓના
મુખ્યાણાં=મુખ્ય પુરૂષોના
બ્રહ્મલોકસ્ય=બ્રહ્મલોકની
ૐ સ્વાહા=મંગલ વાચ્ય વચન
અવસાનેષુ=અંતને વિષે
ચતુષ્કિકાયાં=મંડપમાં ચોકીમાં

સમેત=સહિત
શુચિ=પવિત્ર
વપુ:=શરીર
પુષ્પ=ફુલ
ચંદન=કેશર
આભરણ=શણગારથી
અલંકૃત=શોભતો
પાનીયં=પાણીને
દાતવ્યં=આપવું, દેવું, મુકવું
નૃત્યંતિ=નાચે છે
મણિ=રત્ન
વર્ષ=વરસાદ, વૃષ્ટિ
સૃજંતિ=કરે છે
ગાયંતિ=ગાયછે
મંગલાનિ=મંગલ ગીતોને
સ્તોત્રાણિ=સ્તોત્રને
ગોત્રાણિ=વંશનો

પઠંતિ=ભણે છે
મંત્રાન્=મંત્રોને
હિ=નિશ્ચે
પરહિત=પારકું ભલું કરવામાં
નિરતા=પ્રીતિવાળા, સાવધાન
દોષા:=દોષો
પ્રયાંતુ=પામો
નાશં=નાશ પ્રતે
સર્વત્ર=સર્વ ઠેકાણે
તિથ્થયર=તીર્થંકર
માયા=માતા
સિવાદેવી=નેમિનાથની માતા
નયર=નગર
અસિવ=ઉપદ્રવ, અકલ્યાણ
ઉવસમં=ઉપશમ

ઉન્મૃષ્ટરિષ્ટદુષ્ટ ગ્રહગતિદુઃસ્વપ્નદુર્નિમિત્તાદિ—દૂર કર્યા છે ઉપદ્રવ, દુષ્ટ ગ્રહની ગતિ તથા દુષ્ટ સ્વપ્નમાં જે દુખનાં હેતુ છે તેને એવા તથા.

સંપાદિતહિતસંપ ન્નામગ્રહણં જયતિ શાંતેઃ ॥ ૩ ॥—સંપાદિત કરી છે હિતની સંપત્તિ જેણે એવું શ્રી શાંતિનાથનું નામ ગ્રહણ ઉત્કૃષ્ટ વર્તે છે ॥ ૩ ॥

શ્રીસંઘજગજ્જનપદ રાજાધિપરાજયસન્નિવેશાનાં—શ્રી સંઘ, જગતના દેશો, મ્હોટા રાજાઓ તથા રાજાઓના ઉપદેશના સ્થાનક તેમને તથા.

ગોષ્ઠિકપુરમુખ્યાનાં વ્યાહરણૈર્વ્યાહરેચ્છાંતિં ॥ ૪ ॥—શ્રી ધર્મ સભાના જનો તથા શહેરના મુખ્ય માણસો તેમના નામ ઉચ્ચારણ કરીને શાંતિનું મોહોટેથી ઉદ્ઘોષણ કરો ॥ ૪ ॥

શ્રીશ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ—શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ.

શ્રીપૌરજનસ્ય શાંતિર્ભવતુ—શહેરના લોકોને શાંતિ થાઓ.

શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ—દેશોને શાંતિ થાઓ.

શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ—મહોટારાજાઓને શાંતિ થાઓ.

શ્રીરાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ—રાજાઓના ઉપદેશસ્થાનકોને શાંતિથાઓ.

શ્રીગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ—ધર્મ સભાસ્થ લોકોને શાંતિ થાઓ.

શ્રીપુરમુખ્યાણં શાંતિર્ભવતુ—શહેરના મુખ્ય માણસોને શાંતિ થાઓ.

શ્રીબ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ—શ્રી બ્રહ્મલોકોને શાંતિ થાઓ.

ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રીપાર્શ્વનાથાય સ્વાહા—ૐ એ પદ મંગલિકને અર્થે છે. આ કુંકુમચંદન ધુપાદિક વસ્તુઓ શ્રી પાર્શ્વનાથને અર્થે થાઓ.

એષાં શાંતિપ્રતિષ્ઠા યાત્રાસ્નાત્રાદ્યવસાનેષુ—આ શાંતિપાઠ પ્રતિષ્ઠાના, યાત્રાના તથા સ્નાત્રપૂજાના તથા બીજા પણ શુભકાર્યોના અંતમાં અવશ્ય ભણવો.

શાંતિકલશંગૃહીત્વા કુંકુમચંદનકર્પૂરાગરૂ—એક ગુણવાન શ્રાવક ઉભો થઇને શાંતિકલશને ડાબાહાથમાં ઝાલીને જમણોહાથ ઉપર સ્થાપીને કુંકુમ, ચંદન, કર્પૂર, અગરૂ.

धूपवासकुसुमांजलिसमेत:स्नात्रचतुष्किकायां—धुप, वास तथा कुसुमांजलिसहित स्नात्रमंडपने विषे.

श्रीसंघसमेत:शुचिशुचिवपु:—श्री चतुर्विध संघयुक्त तथा अतिशये करी पवित्र छे शरीर जेनुं एवो.

पुष्पवस्त्रचंदनाभरणालंकृत: पुष्पमालां कंठे कृत्वा—पुष्प, वस्त्र, चंदन तथा आभरणोथी सुशोभित एवो ते फुलनी माळा गळाने विषे नांखीने.

शांतिमुद्घोषयित्वा शांतिपानियं मस्तके दातव्यमिति—शांतिनो पाठ म्होटेथी करीने आ शांतिकळशनुं पाणी मस्तकने विषे नांखवुं. इति ए समाप्ति अर्थमां छे.

नृत्यंति नित्यं मणिपुष्पवर्षे—हमेश नाचे छे, तथा रत्न अने फुलनी वृष्टि तेने.

सृजंति गायंति च मंगलानि—करे छे तथा मंगलनां गीत गाय छे.

स्तोत्राणि गोत्राणि पंठतिमंत्रान्—तथा मंत्रोए करी युक्त स्तोत्रो अने तेमना वंशोने पठण करे छे.

कल्याणभाजो हि जीनाभिषेके ॥ १ ॥—जीनेश्वर भगवानना अभिषेक समये ते निश्चे कल्याणना भजनारा छे.

शिवमस्तु सर्वजगत:—सर्व जगतने कल्याण थाओ.

परहितनिरता भवंतु भूतगणा:—पारकानुं हित करवामां प्रीतियुक्त एवा भूत देवताना समूह थाओ.

दोषा: प्रयांतु नाशं—आधि व्याधि विगेरे नाश पामो.

सर्वत्र सुखीभवंतु लोका: ॥ २ ॥-अने लोको सर्व स्थानके सुखी थाओ. ॥ २ ॥

अहं तित्थयरमाया—हुं, बावीसमा तीर्थंकर नेमनाथनी माता.

सिवादेवी तुम्ह नयरनिवासिनी—सिवादेवी छुं, तमारा नगरमां वसनारी छुं.

અમ્હ સિવં તુમ્હ સિવં—અમારૂં કલ્યાણ હો, અને તમારૂં પણ કલ્યાણ થાઓ.

અસિવોવસમં સિવં ભવંતુ સ્વાહા ॥ ૩ ॥—ઉપદ્રવો ઉપશમ છે જેને વિષે એવું કલ્યાણ થાઓ ॥ ૩ ॥

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ—ઉપસર્ગો નાશ પામે છે.

છિદ્યંતે વિઘ્નવલય—સર્વ વિઘ્નરૂપ વેલો છેદાય છે.

મનઃ પ્રસન્નતામેતિ—મન પ્રસન્ન થાય છે.

પૂજ્યમાને જિનેશ્વરે ॥ ૪ ॥—જીનેશ્વર ભગવાન પૂજે થકે.

સર્વ મંગલ માંગલ્યં—સર્વ મંગળિકને વિષે મંગળિક છે.

સર્વ કલ્યાણ કારણં—સર્વ કલ્યાણનું કારણ છે.

પ્રધાનં સર્વ ધર્માણાં—સર્વ ધર્મોને વિષે શ્રેષ્ટ એવું.

જૈનં જયતિ શાસનં ॥ ૫ ॥—જીનશાસન જયવંતુ વર્તે છે ॥ ૫ ॥

અથ પચ્ચખ્ખાણ.

પ્રભાતનાં પચ્ચખ્ખાણ.

અથ નમુક્કારસહિઅંનું.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં—સૂર્યોદયથી બે ઘડી પછી નવકાર કહીને પારૂં ત્યાં સુધી.

પચ્ચખ્ખાઇ ચઉવ્વિહંપિઆહારં—ચારે આહારનું પચ્ચખ્ખાણ કરૂં છું. (પચ્ચખ્ખાઈ એવું ગુરૂનું વચન સાંભળી શિષ્ય પચ્ચખ્ખામિ= પચ્ચખ્ખાણ કરૂં છું એમ કહે.)

અસણં પાણં ખાઇમં સાઇમં—ખાવાનું, પીવાનું, ખાદિમ, સ્વાદિમ.

અન્નથ્થણા ભોગેણં—પચ્ચખ્ખાણનો ઉપયોગ વિસરવાથી અજાણપણે કાંઇ વસ્તુ મોંમાં નાંખવાથી.

સહસાગારેણું—કાર્ય કરવામાં પ્રવર્તતાં યોગ્ય લક્ષણ, સહસાતકાર=સ્વભાવે જે મોંમાં પ્રવેશ થાય તેથી પચ્ચખ્ખાણ ન ભાગે. એ બે આગારે કરી.

વોસિરે—વોસિરાવું છું. (વોસિરે એ ગુરૂનું વચન સાંભળી શિષ્ય વોસિરામી કહે.)

(નીચે લખેલાં સર્વે પચ્ચખ્ખાણોમાં જે જે ઠેકાણે અર્થ આપેલો નથી, તેઓનો અર્થ ઉપર મુજબ સમજી લેવો.)

અથ નમુક્કારસહિઅં મુઠ્ઠસહિઅંનું.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં—

મુઠ્ઠસહિઅં—મુઠ્ઠીસહિત એટલે જ્યારે નવકાર ગણી મુઠ્ઠી મોકળી મુકું ત્યારે પચ્ચખ્ખાણ મોકળું થાય.

પચ્ચખ્ખાઈ ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં—મોટાના આદેશથી મોટા લાભને અર્થે પચ્ચખ્ખાણ પારવાનો વખત પૂર્ણ ન થયે છતે પારવાથી.

સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે—સર્વ પ્રકારે શરીરમાં અસમાધિ રહે છતે પચ્ચખ્ખાણનો વખત પૂર્ણ થયા પહેલાં પારવાથી પચ્ચખ્ખાણ ન ભાગે એવા આગારવડે હું વોસિરાવું છું.

અથ પોરિસિ સાઢ્ઢપોરિસિનું.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં—

પોરિસિં સાઢ્ઢપોરિસિં મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાઇ—પ્રહર દિવસસુધી અને દોઢ પ્રહર દિવસ સુધી મુઠ્ઠીસહિત નિયમ લઉં છું.

ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં—સૂર્યોદયથી ચારે આહારનો.

અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં—વખત બરોબર માલમ ન પડવાથી અધુરી પોરિસિએ પારવાથી. દિશિવિપર્યાસ થયાથી અજાણતાં વહેલું પારવાથી.

સાહુવયણેણં—સાધુના વચનથી પોરિસિ ભણી સાંભળીને પાળે.
મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે—

અથ પુરિમઙ્ઢ અવઙ્ઢનું.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પુરિમઙ્ઢં અવઙ્ઢં મુઠ્ઠસહિઅં પચ્ચ-ક્ખાઇ—સૂર્યના ઉદયથી પહેલાં બે પહોર સુધી પુરેમાર્દ્ધ, તે ઉપરાંત ત્રીજા પહોર સુધી અવઙ્ઢનું પચ્ચખ્ખાણ કરૂં છું. નવકાર ગણી મુઠ્ઠી મોકળી મુકું ત્યાં સુધી.

ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.

અથ વિગઇ નિવિગઇનું.

વિગઇઓ નિવિગઇઅ પચ્ચક્ખાઇ—માંસ, મદિરા, માખણ, અને મધ, એ ચાર અભક્ષ્ય વિગઇ છે. દુધ, દહીં, ઘી, તેલ, ગોળ, પકવાન્ન એ છ ભક્ષ્ય વિગઇમાંથી એક અથવા સમસ્ત વિગઇનું પચ્ચખ્ખાણ કરૂં છું.

અન્નત્થણાભોગેણં સહસાગારેણં
લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં—લેપાલેપ. જે વિગઇનો સાધુને નિયમ હોય તે વિગયથી ગૃહસ્થનો હાથ ખરડાએલો હોય તે લુંછી નાંખીને વહોરાવે તો તેથી, ગૃહસ્થના ખરડેલા વાસણથી તે અન્ન આપે તે વિગઇથી, મિશ્ર હોય તે અન્ન જમવાથી, પચ્ચખ્ખાણ ન ભાગે.

ઉક્ખિત્તવિવેગેણં—ગાઢી વિગઈ જે ગોળ પકવાનાદિક તેના ઉપર રોટલી પ્રમુખ મુકી હોય પછી તે ઉપાડી કોરે કરી હોય તો તે લેવાથી.
પડુચ્ચ મક્ખિએણં—મોણ દીધેલી રોટલી પ્રમુખ લેવાથી.
પારિટ્ઠાવણિયાગારેણં—કોઇ સાધુને આહાર પરઠવતો દેખી તે આહાર ગુરૂની આજ્ઞાથી લેવો પડે તો તે લેવાથી.
મહત્તરાગારેણં વોસિરે—

અથ બેઆસણા તથા એકાસણાનું.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાડ્ઢપોરિસિં પુરિમડ્ઢં મુટ્ઠસહિઅં પચ્ચખ્ખાઇ, ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નથ્થણાભોગણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, એકાસણં (એકવાર જમવું.) બેઆસણં (બે વાર જમવું.) પચ્ચખ્ખાઇ, તિવિહંપિ આહારં (ત્રણે પણ આહાર) અસણં, ખાઇમં, સાઇમં, અન્નથ્થણાભોગેણં સહસાગારેણં—

સાગારિઆગારેણં—સાધુ ગૃહસ્થના દેખતાં આહાર ન કરે, તેથી જો બીજે ઠેકાણે આહાર કરવા બેસે તો પચ્ચખ્ખાણ ભાગે નહીં. શ્રાવક જમવા બેઠા હોય, પછી વખતે ભય આવે તો તે બીજે ઠેકાણે જઈ જમે તો પચ્ચખ્ખાણ ભાગે નહીં.

આઉંટણપસારેણં—જમવા બેઠા પછી હાથ પગ પસારવાથી આસન ચળે તો પચ્ચખ્ખાણ ન ભાગે.

ગુરૂ અભ્ભુટ્ઠાણેણં—ગુરૂ આવવાથી ઉઠે તો પચ્ચખ્ખાણ ન ભાગે.

પારિઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં—

પાણસ્સ લેવેણવા—જે અન્નાદિકે કરી ભાજનાદિ ખરડાય તે લેપ કૃત આચામ્લ, ઓસામણ દ્રાક્ષદિકના પાણી પીવાથી પચ્ચખ્ખાણ ન ભાગે.

અલેવેણવા—અલેપકૃત પાણી તે સૌવીર, ધોયણ ઇત્યાદિના પાણી પીવાથી પચ્ચખ્ખાણ ન ભાગે.

અચ્છેણવા—ઉષ્ણજળ તથા બીજાં પણ ઉકાળ્યાં પાણી તથા નીતરેલું ફળાદિકનું ધોવણ પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે.

બહુલેવેણવા—બહુ લેપ એટલે ડોહોળું ચોખ્ખાદિકનું ધોયણ ગળીને પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે.

સસિથ્થેણવા—સિકથસહિત અન્નાદિકના દાણાના સ્વાદ વિના ધોવણ

તથા હાથરાદિકનું ધોવણ ગળીને પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે.

અસિત્થેણવા—સિથ્થરહિત કણેક પ્રમુખે હાથ ખરડયો હોય તેનું ધોવણ ગળીને પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે એ શિવાય,

વોસિરે—

આ એકાસણા તથા બેઆસણાનું પચ્ચખ્ખાણ તિવિહાર કરવાનો ચાલ ઘણો છે, પણ તે દુવિહાર અથવા ચૌવિહાર પણ થાય છે. દુવિહાર કરે તો એકાસણાદિક કર્યા પછી સોપારી પ્રમુખ સ્વાદિમવસ્તુ તથા પાણી ખપે ને ચૌવિહાર કરે તો કંઇ પણ ખપે નહીં. વળી દુવિહાર પચ્ચખ્ખાણ કરી સચિત્તઆહાર તથા પાણી વાવરવું હોય તો પાણસ્સના આગાર ન કહેવા.

એકલઠાણાનું પચ્ચખ્ખાણ એકાસણાંની પેઠે જાણવું, પણ તેમાં સાત આગાર છે. એમાં આઉટણ પસારેણં એ ન કહેવું.

અથ આયંબિલનું.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢ્ઢપોરિસિં મુઠ્ઠસહિઅં પંચ્ચખ્ખાઇ. ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નથ્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિઆગારેણં આયંબિલ પચ્ચખ્ખાઇ (આયંબિલનું પચ્ચખ્ખાણ કરૂં છું) **અન્નથ્થણાભોગેણં સહસાગારેણં લેવાલેવેણં ગિહથ્થસંસઠ્ઠેણં ઉખિત્તવિવેગેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં એગાસણં પચ્ચખ્ખાઇ, તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં, સહસાગારેણં સાગારિઆગારેણં આઉટણપસારેણં ગુરૂઅભ્ભુઠાણેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સ લેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુલેવેણવા સસિત્થેણવા અસિત્થેણવા વોસિરે.**—

અથ ચઉવિહાર ઉપવાસનું.

સૂરેઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચખ્ખાઇ—સૂર્યોદયથી ભાત પાણીનો નિયમ લઉં છું.

ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણા-
ભોગેણં સહસાગારેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં
સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.

અથ તિવિહાર ઉપવાસનું.

સૂરેઉગ્ગએ અભત્તઠ્ઠં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં પારિઠ્ઠાવણિઆ-ગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણહાર (પાણીનો આહાર મોકળો છે) પોરિસિં સાઢ્ઢપોરિસિં મુઠ્ઠસહિઅં ઘરસહિઅં (ઘેર જઇને નવકાર ગણી પચ્ચખ્ખાણ પારૂં) પચ્ચખ્ખાઇ. ઉગ્ગએસૂરે પુરિમઠ્ઠં અવઠ્ઠં પચ્ચખ્ખાઇ અન્નથ્થણાભોગેણં સહસાગારેણં પ-ચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમા હિવત્તિઆગારેણં પાણસ્સલેવેણવા (પાણી પીવાના છ આગાર છે તે લેપ જળ) અલેવેણવા (ધોવણ જળ) અચ્છેણવા (નિર્મળ ઉષ્ણ પાણી) બહુલેવેણવા (ડાહોળો) સસિથ્થેણવા (પીઠનું ધોવણ) અસિથ્થેણવા (સીથરહિત ધાંસુ જળ, એટલાં ટાળી બાકીનાં પાણી) વોસિરે. (વોસિરાવુંછું.)

અથ ચઉથ્થ છઠ્ઠભત્તાદિકનું.

સૂરેઉગ્ગએ ચઉથ્થભત્તં અભત્તઠ્ઠં—ચાર વારનું ભોજન જમવાનો નિયમ
=એકાસણું, ઉપવાસ અને એકાસણું.

પચ્ચખ્ખાઇ સૂરેઉગ્ગએ છઠ્ઠ ભત્તં અભત્તઠ્ઠં પચ્ચખ્ખાઇ—

સૂરેઉગ્ગએ અઠ્ઠમભત્તં અત્તઠ્ઠં પચ્ચખ્ખાઇ—ઇત્યાદિ પ્રકારે આગાર સહિત કહેવું.) જ્યારે છઠ્ઠ અઠ્ઠમાદિ તપમાં બીજે દિવસે પાણી વાપ-રવું હોય, ત્યારે પાણહારનું પચ્ચખ્ખાણ કરે છે તે

પાણહાર પોરિસિં મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાઇ. અન્નથ્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પા-ણસ્સ લેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુલેવેણવા સસિ-થ્થેણવા અસિથ્થેણવા વોસિરે.

અથ ગંઠસહિઅં આદિ અભિગ્રહોનું.

ગંઠસહિઅં વેઢસહિઅં દિવસહિઅં (દીવો બળે ત્યાંસુધી) થિબુગહિસહિઅં (થાળીમાં પાણીનું ટીપું સુકાય ત્યાંસુધી) મુઠસહિઅં પચ્ચક્ખાઇ. અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસરે.—

અથ ચૌદ નિયમ ધારનારને દેસાવગાસિકનું.

દેસાવગાસિઅં—(દિશિના અવકાશનું વ્રત.)

ઉવભોગં—(ઉપભોગ.)

પરિભોગં પચ્ચક્ખાઇ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસરે.—

અથ ચૌદ નિયમ ધારવાની ગાથા.

સચિત્તદવ્વ વિગઇ—પાણી, ફળ, બીજ, દાતણ, કણ, તથા દ્રવ્ય અને ૭ વિગય પ્રમુખ ચીજનું પ્રમાણ કરે.

વાણહ તંબોલ વથ્થ કુસુમેસુ—પગરખાં, તંબોળ, વસ્ત્ર તથા ફૂલ.

વાહણ સયણ વિલેવણ—વાહન, શય્યા, ચોપડવાની વસ્તુ.

બંભ દિસિ ન્હાણ ભત્તેસુ—મૈથુનની મર્યાદા, દિશિપરિમાણ, નહાવાના નિયમ, ભાતપાણીનો નિયમ કરે. આની સાથે પૃથ્વિકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય, અસિ, મસી, અને કૃષિ, એ બધા મળી ત્રેવીસમાંથી પોતાથી જે રીતે પળે તે રીતે પાળે.

સાંઝનાં પચ્ચક્ખાણ.

અથ પાણહારં દિવસચરિમનું.

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.—

અથ ચઉવિહારનું.

દિવસચરિમં પચ્ચખ્ખાઇ—દિવસના છેડાથી નવા સૂર્યોદય સુધી.
ચઉવ્વીહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણા-
ભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆ
ગારેણં વોસિરે.—

અથ તિવિહારનું.

દિવસચરિમં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહારં અસણં ખાઇમં
સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સ-
વ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.—

અથ દુવિહારનું.

દિવસચરિમં પચ્ચખ્ખાઇ દુવિહંપિ આહારં અસણં ખાઇમં
અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમા-
હિવત્તિઆગારેણં વોસિરે.—

અથ પચ્ચખ્ખાણના આગારની ગાથા.

દોચેવ નમુક્કારે આગારા છચેવ પોરસિએ—નમુક્કાર સહિયંના બે
આગાર, વળી પોરિસિમાં ૭ આગાર.
સત્તેવય પુરિમઢ્ઢે એગાસણગંમિ અઠ્ઠેવ ॥ ૧ ॥—પુરિમઢ્ઢમાં સાત
અને એકાસણામાં આઠ આગાર ॥ ૧ ॥
સત્તેગઠાણેસુ અ અઠ્ઠેવ ય અંબલંમિ આગારા—એકલઠાણામાં
સાત અને આંબિલતપમાં આઠ આગાર.
પંચેવ ય ભત્તઠ્ઠે છપ્પાણે ચરિમચત્તારિ ॥ ૨ ॥—ઉપવાસાદિમાં
પાંચ આગાર, પાણસ્સમાં ૭, દિવસના છેડાથી નવો સૂર્યોદય થાય
ત્યાંસુધી એટલે રાત્રીના તિવિહાર, ચઉવિહારાદિના ચાર આગાર છે.
પંચચઉરો અભિગહે નિવ્વીએ અઠ્ઠ નવ અગારા—અભિગ્રહના પ-
ચ્ચખ્ખાણમાં પાંચ તથા ચાર, નિવીમાં આઠ કે નવ.
અપ્પાઉરણે પંચ હુઉહવંતિ સેસેસુ ચત્તારિ ॥ ૩ ॥—મુનિને ચો-

ળપટ્ટો ન પહેરવાને વિષે પાંચ કે ચાર, બાકીનામાં ચાર હોય. ॥૩॥

હવે છ પ્રકારે પચ્ચખ્ખાણ શુદ્ધ થાય છે તે કહે છે.

ફાસિઅં પાલિઅં—વિધિએ કર્યું તથા ઉચિત વેળાએ પ્રાપ્ત થયું, પચ્ચખ્ખાણ વારંવાર ઉપયોગ દેઇ સંભાર્યું.

સોહિઅં તીરિઅં— પ્રથમ ગુરૂને આહાર પાણી દેઈ બાકી રહેલું ભોજન પોતે કરે તથા અતિચાર ન લગાડે. પચ્ચખ્ખાણ પહોંચ્યા પછી પણ થોડા વખત ઉપર ગએ પાળવું, નિર્મળ કરવું.

કિટ્ટિઅં આરાહિઅં—ભોજનવેળાએ મહારે અમુક પચ્ચખ્ખાણ છે એમ સભારવું. પચ્ચખ્ખાણ જે રીતે કીધું, એ રીતે આરાધવું. એ છ શુદ્ધિ જાણવી.

જંચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં—અને વળી જે મેં ન આરાધ્યું હોય, તેથી થએલું મહારૂં પાપ મિથ્યા થાઓ.

અથ વિધિઓ.

અથ સામાયિક લેવાનો વિધિ.

પ્રથમ ઉંચે આસને પુસ્તક પ્રમુખ મૂકીને શ્રાવક, શ્રાવિકા, કટાસણું, મુહપત્તી, ચવળો લેઈ, શુદ્ધવસ્ત્ર જગ્યા પૂંજી, કટાસણા ઉપર બેશી, મુહપત્તી ડાબા હાથમાં મુખ પાસે રાખી, જમણા હાથ થાપનાજી સન્મુખ રાખી, એક નવકાર ગણી, પંચિંદિય કહી ઇચ્છામિ ખમાસમણ દેઈ, ઇરીયાવહિયા, તસ્સઉત્તરી, અન્નત્થ ઉસસીએણં કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સામાયિક મુહપત્તી પડિલેહું ? ઇચ્છં. એમ કહી મુહપત્તી તથા અંગની પડિલેહણના પચ્ચાસ બોલ

કહી મુહપત્તી પડિલેહીયે. પછી ખમાસમણ દેઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદિસાહું ? ઇચ્છં. વળી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ૦ સામાયિક ઠાઉં ? ઇચ્છં. એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી. તેવારે વડીલ કરેમિભંતે કહે. પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ બેસણે સંદિસાહું. ખમા૦ ઇચ્છા૦ બેસણે ઠાઉં. ખમા૦ ઇચ્છા૦ સઝાય સંદિસાહું. ખમા૦ ઇચ્છા૦ સઝાય કરૂં. ઇચ્છં. એમ કહી ત્રણ નવકાર ગણવા. પછી બે ઘડી સઝાય ધર્મધ્યાન કરવું ॥ ઇતિ ॥

અથ સામાયિક પારવાનો વિધિ.

ખમાસમણ દેઈ ઇરિયાવહિ પડિક્કમવાથી જાવત્ લોગસ્સ સુધી કહી ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ મુહપત્તી પડિલેહું. એમ કહી મુહપત્તી પડિલેહી, ખમાસમણ દેઇ ॥ ઇચ્છા૦ ॥ સામાયિક પારૂં. યથાશક્તિ. વળી ખમાસમણ દેઈ ઇચ્છા૦ સામાયિક પાર્યું ॥ તહત્તિ કહી, પછી જમણો હાથ ચવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી એક નવકાર ગણી સામાઇયવયજુત્તો કહીયે. પછી જમણો હાથ થાપના સન્મુખ સવળો રાખીને એક નવકાર ગણીયે.

અથ પડિલેહણ કરવાનો વિધિ.

નવકાર પંચિંદિય કહી ઇરિયાવહિ પડિક્કમી સ્થાપના હોય તો નવકાર પંચિંદિય ન કહેવું. પછી તસ્સઉત્તરી કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પ્રગટ લોગસ્સ કહી, ઉભે પગે બેશી મુહપત્તી, કટાસણું, ચવળો, ઉત્તરાસણ, ધોતીયું, કંદોરો આદિ પડિલેહવાં. પછી કાજો કાહાડી, જીવ કલેવર સચિત્ત આદિ જોવું. પછી કાજો કાહાડનાર થાપનાજી સન્મુખ ઉભો રહી ઇરિયાવહી પડિક્કમે. પછી કાજો પરઠવવા જગ્યા શોધી,

ત્રણવાર "અણુજાણહ જસ્સગ્ગો" કહી કાજો પરઠવે. પછી ત્રણવાર "વોસિરે" કહે ॥ ઇતિ ॥

અથ દેવ વાંદવાનો વિધિ.

પ્રથમ ઇરિયાવહિ પડિક્કમવાથી માંડીને જાવત્ લોગસ્સ કહી, પછી ઉત્તરાસણ નાંખીને ચૈત્યવંદન, નમુત્થુણં કહી, જયવીઅરાય આભવમખંડાસુધી અર્ધા કહે. વળી બીજું ચૈત્યવંદન કરી, નમુત્થુણં કહી જાવત્ ચાર થોયો કહીયે છીયે, ત્યાંસુધી બધું કહેવું. વળી નમુત્થુણં કહી જાવત્ બીજી ચાર થોયો કહીયે. પછી નમુત્થુણં તથા બે જાવંતી કહી, એટલે જાવંતિ ચેઇઆઈં તથા જાવંત કેવિસાહુ એ બે કહી ઉવસગ્ગહરં અથવા સ્તવન કહી, અર્ધા જયવીઅરાય આભવમખંડા સુધી કહી, પછી ચૈત્યવંદન કહી, નમુત્થુણં કહી, સંપૂર્ણ જયવીઅરાય કહેવા. પ્રભાતે દેવ વાંદવા તેમાં મન્હજિણાણં સઝાય કહેવી, અને મધ્યાને તથા સાંઝે દેવ વાંદવામાં સઝાય ન કહેવી. ॥ ઇતિ ॥

પચ્ચખ્ખાણ પારવાનો વિધિ.

પ્રથમ ઇરિયાવહિયા પડિક્કમી, યાવત્ જગચિંતામણિનું ચૈત્યવંદન જયવિયરાય સુધી કરવું ॥ પછી મન્હજિણાણંની સઝાય કહી, મુહપત્તી પડિલેહવી ॥ પછી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચખ્ખાણ પારૂં, યથાશક્તિ. ઇચ્છામિ૦ ઇચ્છા૦ પચ્ચખ્ખાણ પાર્યું, તહત્તિ. એમ કહી જમણો હાથ કટાસણા અથવા ચવળા ઉપર થાપી, એક નવકાર ગણી, પચ્ચખ્ખાણ કર્યું હોય તેનું નામ કહીને પારવું. તે લખીયે છીએ:— ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, ગંઠસહિઅં, મુઠ્ઠસહિઅં, પચ્ચખ્ખાણ કર્યું ચઉવિહાર, આંબિલ, નિવી, એકાસણું, બેઆસણું કર્યું, તિવિહાર, પચ્ચખ્ખાણ ફાસિઅં, પાલિઅં,

સાહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સમિચ્છામિ દુક્કડં. ॥ ઇતિ ॥

અથ દેવસિ પ્રતિક્રમણનો વિધિ.

પ્રથમ સામાયિક લીજે, પછી પાણી વાવર્યું હોય તો મુહ-પત્તી પડિલેહવી, અને આહાર વાવર્યો હોય તો વાંદણાં બે દેવાં, ત્યાં બીજા વાંદણામાં આવસીઆએ એ પાઠ ન કહેવો. પછી યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું. પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ કહી વડેરા અથવા પોતે ચૈત્યવંદન કહિને પછી જંકિંચિ, નમુ-ત્થુણં કહી, ઉભા થઇને અરિહંતચેઇઆણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્૦ કહીને પ્રથમ થોય કહેવી. પછી લો-ગસ્સ, સવ્વલોએ, અરિહંતચેઈયાણં કહીને એક નવકારનો કા-ઉસ્સગ્ગ પારીને બીજી થોય કહેવી. પછી પુખ્ખરવરદી કહી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગ વંદણ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી વેયાવચ્ચગરાણં૦ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી, એક નવકા-રનો કાઉસ્સગ્ગ પારી, નમોઽર્હત્૦ કહી, ચોથી થોય કહેવી. પછી બેશીને નમુત્થુણં કહેવું. પછી ચાર ખમાસમણ દેવાપૂર્વક ભ-ગવાન, આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુ પ્રત્યે થોભવંદન કરીયે. પછી ઇચ્છાકારેણ૦ ॥ દેવસિ પ્રતિક્રમણે ઠાઉં. એમ કહી જમણો હાથ ચરવળા, કટાસણાઉપર થાપીને ઇચ્છં સવ્વસવિ દેવસિઅ૦ કહેવું. પછી ઉભા થઈ કરેમિભંતે ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં જોમે દેવસિઓ તસ્સઉત્તરિ૦ કહી, આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો. આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. તે પારીને, પછી લોગસ્સ કહેવો. પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં. પછી ઉભા થઇને ઇચ્છા૦

દેવસિઅ આલોઉં. ઇચ્છં આલોએમિ જોમે દેવસિઓ કહીને, સાતલાખ કહેવા. પછી અઢાર પાપસ્થાનક આલોઇને સવ્વસ્સવિ દેવસિઅ કહીને બેસવું. બેશીને એક નવકાર ગણી કરેમિભંતે ઇચ્છામિ પડિક્કમિઉં કહીને વંદિત્તુ કહેવું. પછી વાંદણાં બે દેવાં. પછી અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર દેવસિઅ ખામીને વાંદણાં બે દેવાં. પછી ઉભા થઇ આયરિયઉવજ્ઝાએ કહીને, કરેમિભંતે ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જોમે દેવસિઓ૦ તસ્સઉત્તરી૦ કહી, બે લોગસ્સનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી લોગસ્સ પ્રગટ કહેવો. પછી સવ્વલોએ, અરિહંતચેઇઆણં, વંદણવત્તિઆએ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને, પુક્ખરવરદી૦ સુઅસ્સભગવઓ૦ કરેમિ૦ વંદણ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને, સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી સુઅદેવયાએ કરેમિકાઉસ્સગ્ગ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત૦ કહી પુરૂષે સુઅદેવયાની પહેલી થોય કહેવી. અને સ્ત્રીએ કમલદલની પહેલી થોય કહેવી. પછી ખેત્રદેવયા કરેમિકાઉસ્સગ્ગં૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત૦ કહી ક્ષેત્રદેવયાની બીજી થોય સ્ત્રીયે તથા પુરૂષે બન્ને જણે કહેવી. પછી પ્રગટ એક નવકાર ગણી બેશીને, છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહિ, બે વાંદણાં આપીએ. પછી સામાયિક, ચઉવિસથ્થો, વંદનક, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, અને પચ્ચખ્ખાણ, એ છ આવશ્યક સંભારવાં. પછી ઇચ્છામિ અણુસટ્ઠિં કહી નમોખમાસમણાણં કહી નમોઽર્હત૦ કહીને પુરૂષ નમોસ્તુવર્દ્ધમાનાય કહે. અને સ્ત્રી સંસારદાવાની ત્રણ ગાથા કહે. પછી નમુથ્થુણં કહી સ્તવન કહેવું. પછી વરકનક કહી ભગવાન્ આદે વાંદવાં. પછી જમણા હાથ ઉપધી ઉપર થાપી અઢ્ઢાઇજ્જેસુ કહેવું. પછી દેવસિઅ પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સ અથવા સોળ નવકારનો કરવો. પછી તે કાઉસ્સગ્ગ પારી, પ્રગટ લોગસ્સ કહી, બે-

શીને ખમાસમણ બે દેઈ સઝાયનો આદેશ માગી, એક નવકાર ગણી સઝાય કહીએ. પછી વળી એક નવકાર ગણીએ, પછી દુક્ખક્ખઓ કમ્મક્ખઓનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો સંપૂર્ણ અથવા સોળ નવકારનો કરવો. એક વડેરે અથવા પોતે પારીને નમોઽર્હત્‌૦ કહી લઘુશાંતિ કહેવી. પછી પ્રગટ લોગસ્સ કહેવો. પછી ઇરિયાવહી તસ્સઉત્તરી કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો. પછી ચઉક્કસાય કહી, નમુત્થુણં, જાવંતિ બે કહી, ઉવસગ્ગહરં, જયવીયરાય કહી મુહપત્તિ પડિલેહવી. પછી ઇચ્છામિ૦ ॥ ઇચ્છાકા૦ ॥ સામાયક પારૂં, યથાશક્તિ. ઇચ્છામિ૦ ॥ ઇચ્છાકા૦ ॥ સામાયિક પાર્યું. તહત્તિ કહી, જમણો હાથ ઉપધી ઉપર થાપી એક નવકાર ગણીને સામાઇઅ વયજુત્તો કહેવો. પછી થાપના હોય તો એક નવકાર ગણી ઉઠે ॥ ઇતિ દેવસિપ્રતિક્રમણ વિધિ કહ્યો. બાકી અંતરવિધિ વડેરાથી સમજવો.

અથ રાઇપ્રતિક્રમણનો વિધિ.

પ્રથમ પૂર્વલી રીતે સામાયિક લેવું, તે જયાંસુધી ત્રણ નવકાર ગણીયે, તિહાંસુધી સર્વ વિધિ જાણવો ॥ પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણિરાઇ પાયચ્છિત્તવિસોહણત્થં કાઉસ્સગ્ગ કરૂં. ઇચ્છં. કરેમિકાઉસ્સગ્ગં "અન્નત્થ ઉસસિએણં૦" કહી ચાર લોગસ્સ અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને પ્રગટ લોગસ્સ કહેવો ॥ પછી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ચૈત્યવંદન કરૂં. એમ કહી જગચિંતામણિનું ચૈત્યવંદન જયવીયરાય સુધી કહેવું ॥ પછી પૂર્વોક્ત દેવસિની રીતે ભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, અને સર્વસાધુ, એ ચારેને પ્રત્યેકે એકેકું ખમાસમણ દેઈ વાંદવા ॥ પછી બે ખમાસમણ દેવાપૂર્વક સઝાયનો આદેશ માગી, એક નવકાર ગણી ભરહેસરની સઝાય કહી ફરી એક નવકાર

ગણી ઇચ્છકાર સુહરાઇ૦ કહી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઈ પ્રતિક્રમણે ઠાઉં. એમ કહી જમણો હાથ ઉપધિ ઉપર થાપી ઇચ્છં સવ્વસ્સવિ રાઇય દુચ્ચિંતિઅ૦ કહીયે ॥ પછી નમુત્થુણં, કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, જો મે રાઇઓ, તસ્સઉત્તરી કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહીને સવ્વલોએ અરિહંત ચેઇઆણં૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો ॥ પછી પુક્ખરવરદી૦, સુઅસ્સ૦, વંદણ૦ કહી અતિચારની આઠ ગાથાનો અથવા ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ પારી સિદ્ધાણં બુદ્ધાણં કહી બેશીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી વાંદણાં બે દેવાં ॥ પછી ઉભા થઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન રાઇયં આલોઉં. ઇચ્છં આલોએમિ જો મે રાઇઓ અઇઆરો કઓ૦ કહી સાતલાખનો પાઠ કહી, અઢાર પાપસ્થાનક આલોઇ સવ્વસ્સવિ રાઇયનો પાઠ કહેવો ॥ પછી બેશીને જમણો ઢીંચણ ઉભો રાખી એક નવકાર ગણી, કરેમિભંતે ઇચ્છામિ પડિક્કમિઉં કહી વંદિતાસૂત્ર સંપૂર્ણ કહી બેવાર વાંદણાં દેવાં. વળી અબ્ભુટ્ઠિઓહં આબ્ભંતર રાઇયં ખામીને ફરી બેવાર વાંદણા દેવા ॥ પછી ઉભા થઇને આયરિયઉવજ્ઝાએ કરેમિભંતે ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગ જો મે રાઇઓ કહી તસ્સઉત્તરી કહી તપ ચિંતામણી કરતાં ન આવડે તો ચાર લોગસ્સ અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે વાર દેવાં ॥ પછી સકળ તીર્થ વંદન કરીને યથાશક્તિએ પચ્ચક્ખાણ કરવું ॥ પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક, ચઉવ્વિસત્થો, વંદનક, પડિક્કમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છેજી. એમ છ આવશ્યક સંભારવાં. પચ્ચક્ખાણ કર્યું હોયતો કર્યું છેજી, ધાર્યું હોયતો ધાર્યું છેજી કહેવું ॥ પછી ઇચ્છામો અણુસઠ્ઠિં નમો ખમાસમણાણં કહી નમોઽર્હત્ કહીયે ॥ પછી વિશાલલોચન, નમુત્થુણં, અરિહંત ચેઇઆણં,

કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્ કહી કલ્લાણકંદની પ્રથમ થોય કહેવી ॥ પછી લોગસ્સ, પુખ્ખરવરદી, સિદ્ધાણં બુદ્ધાણં કહી, અનુક્રમે ચાર થોયો કહીયે છીયે, તિહાંસુધી સર્વ કહેવું ॥ પછી નમુત્થુણં કહી ભગવાન્ આદિ ચારને ચાર ખમાસમણે વાંદવા ॥ પછી જમણો હાથ ઉપધિ ઉપર થાપી "અડ્ઢાઇજ્જેસુ" કહેવું ॥ પછી ઇશાનખુણની સન્મુખ શ્રીસીમંધરસ્વામીનું ચૈત્યવંદન, સ્તવન, જયવીઅરાય, કાઉસ્સગ્ગ, થોય પર્યંત કહીયે છીયે તિહાંસુધી સર્વ કરવું ॥ પછી ખમાસમણ દઈ શ્રી સિદ્ધાચળજીનું ચૈત્યવંદન, સ્તવન, જયવીઅરાય, કાઉસ્સગ્ગ, થોયપર્યંત કહીયે છીયે તિહાંસુધી સર્વ કરવું ॥ પછી સામાયિક પારવાના વિધિની રીતે સામાયિક પારવા સુધીનો સર્વ વિધિ કરવો ॥

॥ ઇતિ રાઇપ્રતિક્રમણનો વિધિ ॥

અથ પખ્ખિપ્રતિક્રમણનો વિધિ.

પ્રથમ દેવસિક પ્રતિક્રમણમાં વંદિત્તુ કહી રહિયે તિહાંસુધી સર્વ કહેવું, પણ ચૈત્યવંદન સકલાઽર્હતનું કહેવું, અને થોયો સ્નાતસ્યાની કહેવી, પછી ખમાસમણ દઇને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ૦ પખ્ખિ મુહપત્તિ પડિલેહું. એમ કહી મુહપત્તિ પડિલેહીયે. પછી વાંદણાં બે દીજે, પછી ઇચ્છાકારેણ સંબુદ્ધા ખામણેણં અબ્ભુટ્ઠિઓહં અભ્ભિંતર પખ્ખિઅં ખામેઉં. ઇચ્છં ખામેમી પખ્ખિઅં. પનરસ દિવસાણં, પનરસ રાઇઆણં, જંકિંચિ અપત્તિઅં૦ ॥ કહી ઇચ્છાકારેણ સં૦ ॥ પખ્ખિઅં આલોએમિ. ઇચ્છં આલોએમિ જો મે પખ્ખિઓ અઇઆરો કઓ કહી ઇચ્છાકારેણ સં૦ ॥ પખ્ખિ અતિચાર આલોઉં. એમ કહી અતિચાર કહિયે. પછી એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમકિત મૂલ બારવ્રત એકસો ચોવિસ અતિચાર માંહે જે કોઇ અતિચાર પક્ષદિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં

અજાણતાં હુઓ હોય તે સવ્વે હું મને વચને કાયાયે કરી મિચ્છામિ દુક્કડં ॥ સવ્વસવિ પખ્ખિઅ, દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ તસ્સમિચ્છામિ દુક્કડં. ઇચ્છકારી ભગવન્ પસાઓ કરી પખ્ખિ તપપ્રસાદ કરોજી. એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહીયે.—ચઉત્થેણં એક ઉપવાસ, બે આંબિલ, ત્રણ નીવિ, ચાર એકાસણાં, આઠ બેઆસણાં, બે હજાર સઝાય, યથાશક્તિ તપ કરી પ્રવેશ કર્યો હોય તો પઈઠ્ઠી કહિએ, અને કરવો હોય તો તહત્તિ કહીએ, તથા ન કરવો હોય તો અણબોલ્યા રહિયે. પછી વાંદણાં બે દીજે. પછી ઇચ્છાકારેણ ॥ પત્તેઅ ખામણેણં અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર પખ્ખિઅં ખામેઉં. ઇચ્છં ખામેમિ પખ્ખિઅં. પનરસ દિવસાણં, પનરસ રાઇઆણં, જકિંચિ અપત્તિયં૦ પછી વાંદણાં બે દીજે. પછી દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ ॥ ભગવન૦ પખ્ખિઅં પડિક્કમું સમંપડિક્કમામિ. ઇચ્છં. એમ કહી કરેમિભંતે સામાઇયં૦ ॥ કહી ઇચ્છામિ પડિક્કમિઓ જો મે પખ્ખિઓ૦ કહેવું. પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિ૦ ॥ પખ્ખિસૂત્ર પઢું. એમ કહી ત્રણ નવકાર ગણી સાધુ હોય તો પખ્ખિસૂત્ર કહે, અને સાધુ ન હોય તો ત્રણ નવકાર ગણીને શ્રાવક વંદિત્તુ કહે. પછી સુઅદેવયાની થોય કહેવી. પછી હેઠા બેશી જમણો ઢીંચણ ઉભો રાખી એક નવકાર ગણી કરેમિભંતે૦ ॥ ઇચ્છામિ પડિ૦ કહી વંદિત્તુ કહેવું. પછી કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પખ્ખિઓ૦॥ તસ્સઉત્તરી૦ ॥ અન્નથ્થ૦ ॥ કહીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તે લોગસ્સ ચંદેસુનિમ્મલયરાસુધી કહેવા અથવા અડતાલીસ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારવો. પારીને પ્રગટ લોગસ્સ કહી મુહપત્તિ પડિલેહિને વાંદણાં બે દીજે. પછી ઇચ્છાકારેણ ॥ સમાપ્ત ખામણેણં અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર પખ્ખિઅં ખામેઉં ॥ઇચ્છં ખામેમિ પખ્ખિઅં. એક પખ્ખાણં, પનરસ દિવસાણં, પનરસ રાઇયાણં,

જંકિંચિ અપત્તિઅં કીહી પછી ખમાસમણ દેઇને ઇચ્છાકારેણ પખ્ખિ ખામણાં ખામું. એમ કહી ખામણાં ચાર ખામવાં. પછી દેવસિ પ્રતિક્રમણમાં વંદિત્તુ કહ્યા પછી બે વાંદણાં દેઇ તિહાંથી તે સામાયિક પારીયે તિહાંસુધી સર્વે દેવસિની પેઠે જાણવું. પણ સુઅદેવયાની થાયોને ઠેકાણે જ્ઞાનાદિની થાયો કહેવી. સ્તવન અજિતશાંતિનું કહેવું. સઝાયને ઠેકાણે ઉવસગ્ગહરં તથા સંસારદાવાની થાયો ચાર કહેવી.અને લઘુશાંતિને ઠેકાણે મોહોટી શાંતિ કહેવી ॥

॥ ઇતિ પખ્ખિપ્રતિક્રમણનો વિધિ ॥

અથ ચઉમાસીપ્રતિક્રમણનો વિધિ.

એ ઉપર કહ્યા મુજબ પખ્ખિના વિધિ પ્રમાણે કરવું. પણ એટલું વિશેષ જે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, અને પખ્ખિના આગારને ઠેકાણે ચઉમાસીના કહેવા. તથા તપને ઠેકાણે બે ઉપવાસ, ચાર આંબિલ, છ નીવિ, આઠ એકાસણાં, સોળ બેઆસણાં, ચાર હજાર સઝાય, એ રીતે કહિયે.

॥ ઇતિ ચઉમાસી પ્રતિક્રમણનો વિધિ ॥

અથ સંવચ્છરીપ્રતિક્રમણનો વિધિ.

એ પણ ઉપર લખ્યા મુજબ પખ્ખિના વિધિ પ્રમાણે કરવું. પણ બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીસ લોગસ્સ અથવા એકસોને સાઠ નવકારનો કાઉસ્સગ કરવો. અને તપને ઠેકાણે અઠ્ઠમભત્તં એટલે ત્રણ ઉપવાસ, છ આંબિલ, નવ નીવિ, બાર એકાસણાં, ચોવીસ બેઆસણાં, અને છ હજાર સઝાય, એ રીતે કહેવું. ને પખ્ખિના આગારને ઠેકાણે સંવત્સરીના આગાર કહેવા.

॥ ઇતિ સંવત્સરીપ્રતિક્રમણનો વિધિ ॥

અથ પોસહની વિધિ.

પ્રથમ ઈરિયાવહિઆ પડિક્કમિ ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહ મુહપત્તિ પડિલેહું. એમ કહી મુહપત્તિ પડિલેહવી. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પોસહ સંદિસાહું. વળી ઇચ્છા૦ ઇચ્છકા૦ પોસહ ઠાઉં. પછી હાથ જોડી એક નવકાર ગણીને પોસહનું પચ્ચખ્ખાણ કરવું. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સામાયક મુહપત્તિ પડિલેહું, ત્યાંથી તે સઝાય કરૂં એમ કહી ત્રણ નવકાર ગણી ઉઠે ત્યાં સુધી કહેવું. પછી ઇચ્છામિ૦ ઇચ્છકારી૦ બહુવેલ સંદિસાહુ ? ઇચ્છં. બહુવેલ કરશું. ઇચ્છં. પડિલેહણ કરૂં. એમ કહી મુહપત્તિ પડિલેહવી. ઇચ્છામિ૦ ઇચ્છકારી ભગવાન પસાય કહી પડિલેહણાં પડિલેહાવોજી. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું. એમ કહી મુહપત્તિ પડિલેહવી. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ સંદિસાહુ. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ પડિલેહું. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સઝાય કરૂં. એમ કહી એક નવકાર ગણી મન્હજિણાણંની સઝાય કહેવી. પોરસિના અવસરે ઇરિયાવહિયા પડિક્કમી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પડિલેહણા કરૂં. એમ કહી મુહ-પત્તિ પડિલેહવી.

સૌ સમક્ષ પોસહ ઉચરવો તે.

ઉપર લખ્યા પ્રમાણે સર્વે કહેવું, પણ સઝાય ન કહેવી. ને પછી રાઈ મુહપત્તિ પડિલેહવી. વાંદણાં બે દેવાં. પછી રાઇયં આલોઉં. એમ કહી જો મે રાઇઓ કહી સવ્વસવી રાઇઅં કહી, પન્નાસ હોય તો વાંદણાં બે દેવાં. પછી અબ્ભુઠ્ઠિઓ ખામવો. પછી વાંદણાં બે દેઈ પચ્ચખ્ખાણ કરવું. પછી કાળના દેવ વાંદવા. પાછલી વખતે પડિલેહણ કરે તે વખતે ઇરિયાવહી પડિક્કમી પછી ગમણા ગમણે આલોઉં. એમ કહી ઇરિયાસુમતિ, ભાષાસુમતિ, એસણા-

સુમતિ, આદાનભંડનીખેવણાસુમતિ, પારિષ્ઠાપનિકાસુમતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, એ પાંચ સુમતિ ત્રણ ગુપ્તિ આઠ પ્રવચનમાતા પોસહ સામાયક લીધે ખંડણ વિરાધના હુઇ હોય તે સર્વે મને, વચને, કાયાએ, કરી મિચ્છામિ દુક્કડં. ઇચ્છામિ૦ ઇચ્છાકારેણ૦ પડિલેહણ કરૂં. ઇચ્છામિ૦ ઇચ્છાકારેણ૦ પોસહશાલ પરમાર્જું. એમ કહી મુહપત્તિ, કટાસણું, ચવળો, પડિલેહવાં. પછી ઇચ્છામિ૦ ઇચ્છકારી ભગવાન્ પસાય કરી પડિલેહણાં પડિલેહા વોજી. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહવી. ઇચ્છામિ ઇચ્છાકા૦ સઝાય કરૂં. એમ કહી એક નવકાર ગણીને મન્હજિણાણંની સઝાય કહેવી. પછી ખાધું હોયતો વાંદણાં બે દઇ પચ્ચખ્ખાણ કરે. ને ખાધું ના હોય તો ખમાસમણ દેઇ પચ્ચખ્ખાણ કરે. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ સંદિસાહું. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ પડિલેહું. એમ કહી જેટલાં વસ્ત્ર હોય તેટલાં પડિલેહવાં. પછી દેવ વાંદિ પ્રતિક્રમણ કરવું, અને પછી પોસહ પાળી નવકાર ગણી સાગરચંદો કહેવો.

પ્રભાતનો પોસો લીધેલાને રાત્રે પોસો લેવાની વિધિ.

પ્રભાતનો પોસો લેવાની વિધિ છે તે પ્રમાણે ખમાસમણ દેઇ ઇરિયાવહિઆથી જાવત્ બહુવેલ કરશું ત્યાં સુધી કહેવું, પણ પોસાના પચ્ચખ્ખાણમાં ફેર છે તે (શેષ દિવસં અહોરત્તં) પદ કહેવું. પછી ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિક્કમી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઠંડીલ પડિલેહું ? એમ કહી માંડલાં ચોવીસ કરે.

સાંજે નવો પોસો લેવાની વિધિ.

ઉપવાસાદિ જઘન્ય એકાસણું કર્યું હોય તો તેણે લેવાય. ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિક્કમી પડિલેહણ કરે, ખમાસમણ દેઇ ઇરિયાવહિથી જાવત બહુવેલ કરશું ત્યાં સુધી કહેવું. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પડિલેહણ કરૂં કહી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦

પોસહશાલા પરમાર્જુ કહી મુહપત્તિ પડિલેહવી. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ભગવાન્ પસાય કરી પડિલેહણાં પડિલેહાવોજી કહી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું કહી મુહપત્તિ પડિલેહવી. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સઝાય કરૂં કહી સઝાય કરે. ખાધું હોય તો વાંદણાં બે દેઈ પચ્ચખ્ખાણ કરે. ખાધું ના હોય તો ખમાસમણ દેઈ પચ્ચખ્ખાણ કરે. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ સંદિસાહું? ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ પડિલેહું કહી પછી દેવ વાંદી માંડલા કરે, પ્રતિક્રમણ કરે, પહોરએક રાત્રી આશરે જાય ત્યાં સુધી નિંદ્રા લેવી નહીં. પછી ખમાસમણો દેઈ ઇચ્છાકા૦ બહુપડીપુન્ના પોરિસિ કહી ખમાસમણો દેઈ ઇરિયાવહિયા પડિક્કમી જાવત્ લોગસ્સ કહી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ બહુપડિપુન્ના પોરસી રાઈઅ સંથારએ ઠાઉં કહી પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ચૈત્યવંદન કરૂં કહી ચઉક્કસાયનું ચૈત્યવંદન જાવત્ જયવીયરાય સુધી કરે. પછી ઇચ્છામિ૦ ઇચ્છકા૦ સંથારા વિધિ ભણવા મુહપત્તિ પડિલેહું. એમ કહી મુહપત્તિ પડિલેહવી. પછી સંથારાપોરિસિ ભણાવવી. જાગે ત્યાં સુધી સઝાય ધ્યાન કરે.

પોસામાં એકાસણાદિ કર્યું હોય તો અવસરે પચ્ચખ્ખાણ પારી પોસહશાળાથી આવસ્સહી કહી નિજ ગૃહે ઇર્યા શોધતો ખમાસમણ દઇ ઇરિયાવહિ પડિક્કમી ખમા૦ ગમણાગમણે આલોઈ કાજો પૂંજી યથા સંભવે અતિથિસંવિભાગવ્રત ફરસી નિશ્ચલ આસને બેશી હાથ, મુખ, પગ, પાત્રં પડિલેહી નવકાર સંભાળી પ્રાસુક આહાર જમે. અથવા પોસહશાલાયે પૂર્વ પ્રેરિત નિજ પુત્રાદિકે આણ્યો આહાર ભોગવે, પણ સાધુની પેરે ગોચરી નહીં. તથા કારણ વિના ઔષધ, સ્વાદુ લવિંગાદિ તંબોલ ન લેવો. તતઃ નિસીહિ કહી પોસહશાલાયે આવી મા૦ ઇરિયા૦ પડિક્કમિ ચૈત્યવંદન કરવું. ॥ ઇતિ પોષધ વિધિ. ॥

ભાગ ૨ જો.

અથ નવસ્મરણ.

(અર્થ સહિત.)

અથ નવકારમંત્ર.

(૧ લું સ્મરણ.)

(આ સૂત્ર તથા તેનો અર્થ પાછળ પૃષ્ઠ ૯ મે આવી ગયેલો છે, માટે ત્યાં જોઇ લેવું.)

અથ ઉવસગ્ગહરં.

(૨ જું સ્મરણ.)

(આ સૂત્ર તથા તેનો અર્થ પાછળ પૃષ્ઠ ૨૮ મે આવી ગયેલો છે, માટે ત્યાં જોઈ લેવું.)

અથ સંતિકરં.

(૩ જું સ્મરણ.)

સંતિકરં સંતિજિણં—શાંતિના કરનાર શ્રી શાંતિનાથ ભગવાન.
જગસરણં જયસિરિઇ દાયારં—જગ નિવાસી લોકના આધાર અને જયલક્ષ્મિના આપનાર.
સમરામિ ભત્ત પાલગ—શેવકને પાળનારને હું સ્મરૂં છું.
નિવ્વાણી ગરૂડકયસેવં ॥ ૧ ॥—નિર્વાણી દેવી અને ગરૂડનામા યક્ષે કરી છે સેવા જેની

ૐ સનમો વિપ્પોસહિ—ૐકારસહિત નમસ્કાર થાઓ. વિપ્ર ઔષધિ.
પત્તાણં સંતિસામિપાયાણં—પામેલા એવા શ્રી શાંતિનાથના ચરણને.
ઝ્રૌં સ્વાહામંતેણં—ઝ્રૌં સ્વાહા એ મંત્રબીજ છે.
સવ્વાસિવદુરિઅહરણાણં ॥ ૨ ॥—સર્વ મરકી તથા પાપ વિગેરેના હરનારા છે.
ૐ સંતિનમુક્કારો—શોભાયમાન એવા શાંતિનાથને નમસ્કાર થાઓ.
ખેલોસહિમાઇ લદ્ધિપત્તાણં—કફ વિગેરે આદિ સંપાદિક જેનાં ઉત્કૃષ્ટ ઔષધિયે કરીને પ્રાપ્ત થયા છે જેમને.
સૌં હ્રીં નમો સવ્વોસહિ પત્તાણં—સર્વે જે અવયવો તે ઔષધીપણાને પામેલા છે, તેમને સૌં હ્રીં સહિત નમસ્કાર થાઓ.
ચ દેઇ સિરિં ॥ ૩ ॥—વળી લક્ષ્મીને આપો.
વાણિતિહુઅણ સામિણિ—ત્રણ લોકની દેવી એવી સરસ્વતી.
સિરિદેવી જખ્ખરાય ગણિપિડગા—લક્ષ્મીદેવી, ગણીપીટક નામે યક્ષરાજ.
ગહદિસિપાલસુરિંદા—સુર્યાદિ નવે ગ્રહ, દશદિશાના પાલક, ચોસઠ ઇંદ્ર.
સયાવિ રખ્ખંતુ જિણભત્તે ॥ ૪ ॥—નિરંતર જીનભક્તોને રક્ષા કરો.
રખ્ખંતુ મમ રોહિણી—મને રોહિણીદેવી રક્ષા કરો.
પન્નત્તી વજ્જસિંખલા ય સયા-વળી હમેશાં પ્રજ્ઞપ્તિદેવી, વજ્રશૃંખલાદેવી.
વજ્જંકુસિ ચક્કેસરિ—વજ્રંકુશાદેવી, ચક્રેશ્વરીદેવી.
નરદત્તા કાલી મહાકાલી ॥ ૫ ॥—નરદત્તાદેવી, કાલીદેવી, મહાકાલી.
ગોરી તહ ગંધારી—ગોરીદેવી તથા ગાંધારી.
મહજાલા માણવી અ વઇરૂટ્ટા—મહાજ્વાલા, માનવી, વળી વઇરૂટ્યા.
અચ્છુત્તા માણસિયા—અચ્છુતા, માનસિકા.
મહામાણસિઆઓ દેવીઓ ॥ ૬ ॥—મહામાનસિકા દેવીયો.
જખ્ખા ગોમુહ મહજખ્ખ—હવે યક્ષો કહેછે ગોમુખનામા યક્ષ,મહાયક્ષ.
તિમુહજખ્ખેસ તુંબરૂ કુસુમો—ત્રિમુખયક્ષ, યક્ષેશ્વરયક્ષ, તુંબરૂયક્ષ, કુસુમયક્ષ.
માયંગો વિજયાજિય—માતંગ, વિજય તથા અજીતયક્ષ.
બંભો મણુઓ સુરકુમારો ॥ ૭ ॥—બ્રહ્મયક્ષ, મનુજ, તથા સુરકુમારયક્ષ.

છમ્મુહ પયાલ કિન્નર—ષણ્મુખ, પાતાલ, કિનરયક્ષ.
ગરૂડો ગંધવ્વ તહ્ય જક્ખિંદો—ગરૂડ, ગંધર્વ, તથા યક્ષેંદ્રનામા યક્ષ.
કુબેરવરૂણો ભિઉડી—કુબેર, વરૂણ, ભૃકુટીનામા યક્ષ.
ગોમેહો પાસ માયંગા ॥ ૮ ॥—ગોમેધ, પાર્શ્વ, માતંગયક્ષ, એ પ્રમાણે પ્રત્યેક તિર્થંકરનો પ્રત્યેક યક્ષ અનુક્રમે જાણવો.
દેવીઓ ચક્કેસરિ—હવે દેવીઓ કહે છે. ચક્રેશ્વરી દેવી.
અજિઆ દુરિઆરિ કાલિ મહાકાલી—અજિતા, દુરિતારી, કાલિ, તથા મહાકાલી.
અચ્ચુઅ સંતા જાલા—અચ્ચુતા, શાંતા, જ્વાલાનામા દેવી.
સુતારયાસોય સિરિવચ્છા ॥ ૯ ॥—સુતારા દેવી, અશોકા દેવી, શ્રીવત્સનામા દેવી.
ચંડા વિજયંકુસિ પન્નઇતિ—ચંડા દેવી, વિજયા દેવી, અંકુશા દેવી. પન્નગાનામા દેવી.
નિવ્વાણિ અચ્ચુઆ ધરણી—નિર્વાણી દેવી, અચ્યુતા દેવી, ધારિણી દેવી.
વઇરૂટ્ટ છુત્તગંધારિ—વૈરોટયા, અચ્છુપ્તા, ગાંધારિ.
અંબ પઉમાવઇ સિદ્ધા ॥ ૧૦ ॥—અંબા, પદ્માવતી, સિદ્ધાદેવી. એ પ્રમાણે ચોવીસ દેવીઓ અનુક્રમે ચોવીસ તિર્થંકરોની જાણવી.
ઇઅ તિથ્થ રક્ખણ રયા—એ પ્રકારે તિર્થનું રક્ષણ કરવાને વિષે તત્પર.
અન્નેવિ સુરા સુરિ ચઉહાવિ—અન્ય પણ ચાર પ્રકારના દેવતા દેવીઓ
વંતર જોઇણિ પમુહા—બાવન વીર, વિશેષ જે વ્યંતર તથા ચોસઠ યોગિની પ્રમુખ.
કુણંતુ રક્ખં સયા અમ્હં ॥ ૧૧ ॥—અમોને રક્ષાપ્રત્યે નિરંતર કરો.
એવં સુદિટ્ઠિ સુરગણ—એમ પૂર્વે કહેલા સમ્યક્દ્રષ્ટિ દેવતાના સમુહે.
સહિઓ સંઘસ્સ સંતિ જીણચંદો—સહિત એવા સંઘને શ્રીશાંતિજીનચંદ્ર.
મજ્ઝવિ કરેઉ રક્ખં—મને સર્વોપદ્રવથકી રક્ષાપ્રત્યે કરો.
મુણિસુંદરસૂરિથુઅમહિમા ॥ ૧૨ ॥—મુનિને વિષે પ્રધાન એવા તથા આ સ્તોત્રના કર્તા મુણિસુંદરસૂરિએ સ્તવ્યો છે મહિમા જેનો.

ઇઅ સંતિ નાહ સમ્મ, દિટ્ઠિ—શ્રી શાંતિનાથની એ પ્રકારે સમ્યક્દૃષ્ટિ.
રખ્ખં સરઇ તિકાલં જો—રક્ષાને ત્રણે કાલ જો કોઈ સ્મરણ કરે.
સવ્વોવદ્દવરહિઓ,—તે સર્વોપદ્રવેરહિત થાય.
સ લહઇ સુહસંપયં પરમં ॥ ૧૩ ॥—તે સર્વોત્કૃષ્ટસુખ સંપત્તિને પામે.
તવગચ્છગયણદિણયર,—તપોગચ્છરૂપ જે આકાશ, તેને વિષે સૂર્યસમાન.
જુગવરસિરિસોમસુંદરગુરૂણં—યુગપ્રધાન પદ્વીના ભોગવનાર શ્રી સોમસુંદરસૂરિ નામે ગુરૂના.
સુપસાય લદ્ધગણહર—પ્રસાદે કરી પ્રાપ્ત થઈ ગણધર.
વિજ્જાસિદ્ધિં ભણઇ સીસો ॥ ૧૪ ॥—વિદ્યાસિદ્ધિને, શિષ્ય કહેતાં શ્રી મુનિસુંદરસૂરિ ભણે છે.

અથ તિજયપહુત્ત.

(૪ થું સ્મરણ.)

તિજયપહુત્ત પયાસય—ત્રણ જગતના ઐશ્વર્યને પ્રકાશ કરનારો.
અટ્ઠ મહાપાડિહેર જુત્તાણં—આઠ મહા પ્રાતિહાર્યે કરીને યુક્ત એવા
સમયક્ખિત્ત ઠિઆણં—કાલ વિશેષ ક્ષેત્રમાં વર્તતા.
સરેમિ ચક્કં જિણંદાણં ॥ ૧ ॥—જીનેંદ્રોના સમુહને હું સ્મરણ કરૂં છું.
પણવીસાય અસીઆ—પચીસ, વળી એંશી.
પન્નરસ પન્નાસ જિણવર સમૂહો—પન્નર, પચાસ, એ રીતે એકસોને સીતેર તિર્થંકરોનો સમુદાય.
નાસેઉ સયલ દુરિઅં—સમગ્ર પાપકર્મોને નાશ કરો.
ભવિઆણં ભત્તિ જુત્તાણં ॥ ૨ ॥- ભક્તિએ સહિત એવા ભવ્યજીવોને
વીસા પણયાલાવિય—વીસ, પીસ્તાલીસ,
તીસા પન્નત્તરી જિણવરિંદા—ત્રીસ, પંચોતેર, એ પ્રમાણે એકસોને સીતેર જીનવરો.

ગહ ભૂઅ રક્ખ સાઇણિ—મંગળાદિક ગ્રહો, વ્યંતર વિશેષ, રાક્ષસ વિશેષ, શાકીણીયોથી ઉત્પન્ન થએલા.

ઘોરૂવસગ્ગ પણાસંતુ ॥ ૩ ॥—ભયંકર દુઃખોને નાશ પમાડો. ॥ ૩ ॥

સિત્તરિ પણતીસાવિય—સિતેર, પાંત્રીસ.

સટ્ઠી પંચેવ જિણગણો એસો—સાઠ, પાંચ, એ રીતે જીનવરોનો સમુહ.

વાહિ જલ જલણ હરિ કરિ—વ્યાધિ, જળ, અગ્નિ, વાઘ, હાથી.

ચોરારિ મહાભયં હરઉ ॥ ૪ ॥—ચોર, શત્રુ, વિગેરેના મહોટા ભયને હરો. ॥ ૪ ॥

પણપન્નાય દસેવ ય—પંચવાન, વળી દસ.

પન્નટ્ઠી તહય ચેવ ચાલીસા—પાંસઠ, તેમજ ચાલીસ, એ પ્રમાણે એકશોસીતેર જીનવરો.

રક્ખંતુ મે સરીરં—મારા શરીરની રક્ષા કરો.

દેવાસુર પણમિઆ સિદ્ધા ॥ ૫ ॥—દેવતા અને દૈત્યોએ નમેલા એવા જે સિદ્ધ ભગવાન. ॥ ૫ ॥

ઓઁ હરહુંહઃસરસુંસઃ, હરહુંહઃ તહચેવ સરસુંસઃ—ઓઁ પરમેષ્ટિવાચક છે, તથા હરહુંહઃ એ ચાર અક્ષરોથી પદ્મા, જયા, વિજયા, અને અપરાજીતા એ ચારનું ગ્રહણ થાય છે. તથા સરસુંસઃ એ ચાર મંત્રબીજ ઉપસર્ગ નિવારણ માટે છે. આ સોલ અક્ષરો કે જે હ, ર, હું, હઃ, સ, ર, સું, સઃ, હ, ર, હું, હઃ, તેમજ સ, ર, સું, સઃ, એ વચલા ખાના છોડીને યંત્રના બાકીના ખાનામાં અનુક્રમે લખવા.

આલિહિય નામ ગબ્ભં—વળી સાધન કરનારનું નામ ઓઁ સાથે તે યંત્રના મધ્ય ભાગમાં લખ્યું છે એવો.

ચક્કં કિર સવ્વઓ ભદ્દં ॥ ૬ ॥—આ સર્વતોભદ્ર નામનો નિશ્ચે યંત્ર જાણવો. ॥ ૬ ॥

ઓ રોહિણિ પન્નત્તી—ઓઁ હ્રીં, શ્રીં, એ ત્રણ બીજ સાથે યંત્રમાં સોલ વિદ્યાદેવીઓનાં નામ લખવાં રોહિણી, પન્નત્તી,

વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઆ—વજ્રશૃંખલા, તથા વજ્રાંકુશી.

ચક્કેસરી નરદત્તા—ચક્રેશ્વરી, નરદત્તા.

કાલિ મહાકાલિ તહ ગોરી ॥ ૭ ॥—કાળી, મહાકાળી, તથા ગોરી. ॥ ૭ ॥

ગંધારી મહાજાલા—ગાંધારી, મહાજવાલા.

માણવિ વઇરૂટ્ટ તહય અચ્છુત્તા—માનવી, વૈરૂટ્યા, તેમજ અચ્છુમા.

માણુસિ મહામાણુસિઆ—માનસી, અને મહામાનસી. એ સોલ વિદ્યા-દેવિઓનાં નામ લખવાં.

વિજ્ઝાદેવીઓ રખ્ખંતુ ॥ ૮ ॥—તે સોલ વિદ્યાદેવીઓ રક્ષણ કરો.॥૮॥

પંચદસ કમ્મ ભૂમિસુ—પંદર કર્મભૂમિના ક્ષેત્રને વિષે.

ઉપન્નં સત્તરિં જિણાણસયં—ઉત્પન્ન થયેલા એકસોને સીત્તેર તિર્થંકરો.

વિવિહ રયણાઇવન્નો—વિવિધ રત્નાદિ વર્ણે કરી.

વસોહિઅં હરઉ દુરિઆઇં ॥ ૯ ॥—શોભાયમાન એવા દુરિતપ્રત્યે હરો. ॥ ૯ ॥

ચઉતીસ અઇ સય જુઆ—ચોત્રિસ અતિશયે કરી યુક્ત.

અટ્ઠ મહાપાડિહેર કયસોહા—આઠ મહાપ્રાતિહાર્યે કરીને કરી છે શોભા જેની

તિથ્થયરા ગય મોહા—મોહરહિત એવા તિર્થંકરો.

ઝાએઅવ્વા પયત્તેણં ॥૧૦॥—પ્રયત્ને કરી ધ્યાન કરવા યોગ્ય છે.॥૧૦॥

ૐ વરકણય શંખ વિદ્દુમ—સુંદર સોનું, શંખ, પરવાળાં.

મરગય ઘણ સન્નિહં વિગયમોહં—મરકત, મણી, તથા મેઘસરખો છે વર્ણ જેમનો એવા, તથા મોહરહિત.

સત્તરિસયં જિણાણં—એકશો સીત્તેર જીનેંદ્રોને.

સવ્વામર પૂઇઅં વંદે ॥ સ્વાહા ॥ ૧૧ ॥—સર્વ દેવતાવડે પૂજ્યું એવાને હું નમું છું. ॥ ૧૧ ॥

ૐ ભવણવઇ વાણવંતર—ભુવનપતિ તથા વાણવ્યંતર.

જોઇસવાસી વિમાણવાસી અ—જ્યોતસી તથા વૈમાનિકદેવો વિગેરે.

જે કેવિ દુટ્ઠ દેવા—જે કોઇ દુષ્ટ દેવો હોય.

તે સવ્વે ઉવસમંતુ મમ ॥ સ્વાહા ॥ ૧૨ ॥—તે સર્વ મને ઉપશાંત હો. ॥ ૧૨ ॥

ચંદણ કપ્પૂરેણું ફલએ—ચંદન, કર્પુરાદિકે કરી કાષ્ટપટ્ટ અથવા કાંસ્યસ્થાલને વિષે.
લિહિઊણ ખાલિઅં પીઅં—લખીને તથા છાંયે સુકવીને પ્રાતઃસમયે ધોઇને પીધો હોય તો.
એગંતરાઇ ગહભૂઅ—એકાંતરિક તાવ તથા ગ્રહભૂત.
સાઇણિ મુગ્ગં પણાસેઈ ॥ ૧૩ ॥—શાકિની, મોગક, વિગેરેને નાશ કરે.
ઇઅ સત્તરિસયં જંતં—આ એકસોને સીત્તેર તિર્થંકરોનો યંત્ર.
સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં—જે ગુપ્ત મંત્ર છે એવો, તથા ઘર દ્વારને વિષે પ્રતિલેખન કરેલો એવો.
દુરિઆરિ વિજયવંતં—પાપ અને શત્રુ તેનો જય કરનાર એવો આ મંત્ર છે.
નિપ્ભંતં નિચ્ચમચ્ચેહ ॥ ૧૪ ॥—તેને હમેશાં સંદેહ વગર અર્ચન કરો ॥ ૧૪ ॥

અથ નમિઊણનામક.

(૫ મું સ્મરણ.)

નમિઊણ પણય સુરગણ—નમસ્કાર કરીને, નમેલા દેવતાઓના સમુહ.
ચૂડામણિ કિરણ રંજિઅં મુણિણો—તેમના મસ્તકને વિષે રહેલા મુકુટ મણિ તેના કિરણોએ કરી રંજીત એવું પાર્શ્વનાથ મુનિનું.
ચલણજુઅલં મહાભય—ચરણયુગલ જે મહોટા ભયનો.
પણાસણં સંથવં વુચ્છં ॥ ૧ ॥—નાશ કરનાર છે, તેને નમીને આ સ્તવન હું કહીશ ॥ ૧ ॥
સડિય કર ચરણ નહ મુહ—સડી ગયેલા હાથ, પગ, નખ, તથા મુખ છે જેનાં.
નિબુડ્ડ નાસા વિવન્ન લાયણા—બેશી ગયાં છે નાક જેનાં એવા, તથા નાશ પામી છે શરીરની શોભા જેની એવા.

કુટ્ઠ મહા રોગાનલ—કોઢ, મહા રોગરૂપ દેવતાના.
ફુલિંગ નિદ્દટ્ઠ સવ્વંગા ॥ ૨ ॥—તણખાવડે દાઝેલું છે સર્વ અંગ જેનું એવા ॥ ૨ ॥
તે તુહ ચલણા રાહણ—તે પ્રાણીઓ તમારા ચરણનું આરાધન તે રૂપ.
સલિલંજલિ સેય વુઢ્ઢિય ચ્છાયા (ઉચ્છાહા) ॥—પાણીની અંજળી છાંટવાથી વધી છે શોભા જેની.
વણ દવદ્દ્ઢા ગિરિપા—વનનો દવ તેણે કરી બળેલાં ઝાડો.
યવ વ્વ પત્તા પુણો લચ્છીં ॥ ૩ ॥—જેમ જળથી, તેમ પ્રાણીઓ ફરીથી ગયેલી શોભાને પામે છે ॥ ૩ ॥
દુવ્વાય ખુભિય જલનિહિ—પ્રતિકુળ પવને કરી ક્ષુભિત એવા સમુદ્રના.
ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે—ઉદાર કલ્લોલ તેના ભયંકર શબ્દો જેને વિષે થાય છે એવા.
સંભંત ભય વિસંઠુલ—શું કરવું તે વિચારમાં મૂઢ અને ભયથી વિહ્વલ એવા.
નિજ્ઝામય મુક્કવાવારે ॥ ૪ ॥—ખલાસીઓએ મુક્યો છે વ્યાપાર જેને વિષે તથા ॥ ૪ ॥
અવિદ્દલિઅ જાણવત્તા—નથી ભાગ્યું વહાણ જેમનું એવા.
ખણેણ પવંતિ ઇચ્છિઅં કૂલં—એક ક્ષણમાં ધારેલા કાંઠાને પામે છે.
પાસજિણ ચિલણ જુઅલં—પાર્શ્વનાથના ચરણ જુગલને.
નિચ્ચંચિઅ જે નમંતિ નરા ॥ ૫ ॥—જે પુરૂષો હમેશાં નમેછે તેઓ.
ખર પવણુદ્ધુઅ વણદવ—પ્રચંડ પવને કરી પ્રસરિત થયેલો વનનો અગ્નિ.
જાલાવલિ મિલિય સયલ દુમ ગહણે—તેની જે જ્વાળા તેની શ્રેણિવડે કરી પરસ્પર એકીભૂત થયાં છે સકળ વૃક્ષોનાં ગહન જેને વિષે એવા.
ડજ્ઝંત મુદ્ધ મય વહુ—વળી દાઝતી, અને મુગ્ધ ભોળી એવી હરણીઓ તેના.
ભીસણરવ ભીસણંમિ વણે ॥ ૬ ॥—ભયંકર આક્રંદે કરી ભયંકર

એવા વનને વિષે ॥ ૬ ॥

જગગુરૂણો કમજુઅલં—જગતગુરૂ પાર્શ્વનાથના ચરણયુગલને.

નિવ્વાવિઅ સયલ તિહુ અણાભોઅં—દુઃખને નાશ કરી સુખીયો કર્યો છે સમસ્ત ત્રણ ભુવનનો વિસ્તાર જેણે એવું.

જે સંભરંતિ મણુઆ—જે મનુષ્યો સ્મરણ કરે છે.

ન કુણઇ જલણો ભયં તેસિં ॥ ૭ ॥—તેમને દાવાગ્નિ ભય કરતો નથી ॥ ૭ ॥

વિલસંત ભોગ ભીસણ—સુશોભિત ફણાએ કરી ભયંકર.

ફુરિઆરૂણ નયણ તરલ જીહાલં—વળી ચપળ અને આરક્ત છે નેત્ર જેનાં, વળી ચંચળ છે જીભ જેની એવા.

ઉગ્ગભુઅંગં નવજલ ય—ભયંકર સર્પ, ને જે નવો મેઘ તેના.

સચ્છહં ભીસણાયારં ॥ ૮ ॥—સરખો શ્યામ વર્ણવાળો. અને ભયંકર આકાર અથવા આચાર છે જેનો એવા સર્પને ॥ ૮ ॥

મન્નંતિ કીડ સરિસં—કીટસદૃશ માને છે.

દૂર પરિચ્છુઢ વિસમ વિસવેગા—જેમણે દૂર ટાળ્યો છે જેના ભયંકર વિષનો વેગ એવા.

તુહ નામક્ખર ફુડસિ—તારા નામાક્ષરરૂપ પ્રગટ પ્રભાવી અને

દ્ધમંત ગુરૂઆ નરા લોએ ॥ ૯ ॥—સિદ્ધ એવા મંત્રે કરીને મ્હોટા આલોકમાં જે મનુષ્યો છે તેઓ સાપને કીટ બરોબર માને છે ॥૯॥

અડવીસુ ભિલ્લ તક્કર—અટવીઓને વિષે જે ભિલ્લ, તથા ચોર,

પુલિંદ સદ્દૂલ સદ્દભીમાસુ—તથા વનચર જીવો, તથા શાર્દૂલ, તેના શબ્દે કરી ભયંકર એવી વળી.

ભયવિહુર વુન્નકાયર—ભયે કરી વિહ્વલ અને દુઃખિત એવા લોકોને. અકાતર ભીલ લોકોએ.

ઉલ્લૂરિઅ પહિઅ સચ્છાસુ ॥ ૧૦ ॥—લૂટ્યા છે મુસાફર લોકોના સાથો જેને વિષે, એવી અટવીઓને વિષે ॥ ૧૦ ॥

અવિલુત્તવિહવસારા—નથી લૂટ્યું પ્રધાન ધન જેનું એવા છે.

તુહ નાહ પ્રણામ મત્તવાવારા—હે નાથ ! તમને પ્રણામમાત્ર કરવાનો વ્યાપાર છે જેમને તેઓ.

વવગય વિગ્ઘાસિગ્ઘં—જલદીથી વિઘ્નરહિત થયેલા એવા.

પત્તા હિય ઇચ્છિયં ઠાણં ॥ ૧૧ ॥—હૃદયને વિષે વાંછિત સ્થાનકપ્રત્યે પામે છે ॥ ૧૧ ॥

પજ્જલિઆનલનયણં—પ્રજળેલા અગ્નિ જેવાં નેત્ર છે જેનાં એવો.

દૂરવિયારિયમુહં મહાકાયં—તથા દૂરથકી ફાડ્યું છે મુખ જેણે એવો, તથા મહોટું છે શરીર જેનું એવો.

નહ કુલિસઘાયવિઅલિઅ—નખરૂપ વજ્રના પ્રહારે કરી ભેદ્યા છે.

ગઇંદ કુંભથલાભોઅં ॥ ૧૨ ॥—મોટા હાથીના કુંભસ્થલના વિસ્તાર જેણે એવા ॥ ૧૨ ॥

પણય સસંભમ પત્થિવ—નમેલા એવા આદરસહિત રાજાઓ તેમનું.

નહમણિમાણિક્ક પડિઅ પડિમસ્સ—જે પ્રભુના નખરૂપ મણિ અને માણિક્ય તેને વિષે પ્રતિબિંબ પડેલું છે એવા.

તુહ વયણપહરણધરા—તમારા વચનરૂપ શસ્ત્રને ધરનારા મનુષ્યો.

સીહં કુદ્ધંપિ ન ગણંતિ ॥ ૧૩ ॥—પૂર્વે કહેલા એવો, તથા ક્રોધાયમાન સિંહને પણ ગણતા નથી ॥ ૧૩ ॥

સસિધવલ દંતમુસલં—ચંદ્રસરખા ઉજ્વલ બે દાંતરૂપ મુશલ છે જેને.

દીહકરુલ્લાલ વુડ્ઢિ ઉચ્છાહં—મહોટા સૂંઢાદંડ ઉછાળવાથી વધ્યો છે ઉત્સાહ જેને એવા,

મહુપિંગ નયણજુઅલં—મધ સરખાં પીળાં બે નેત્રો છે જેને એવો.

સસલિલ નવજલહરારાવં ॥ ૧૪ ॥—જળે કરી ભરેલા નવા મેઘસરખી ગર્જના છે જેની એવા ॥ ૧૪ ॥

ભીમં મહાગઇંદં—ભયંકર મહોટા ગજેંદ્રને.

અચ્ચાસન્નંપિ તે નવિ ગણંતિ—પાસે રહેલો છતાં પણ તે લોકો ગણતા નથી.

જે તુમ્હ ચલણ જુઅલં—જે લોકો તમારા ચરણયુગલને.

મુણિવઈ તુંગં સમલ્લીણા ॥ ૧૫ ॥—હે મુનિપતિ ! ગુણોએ કરી ઉ

મત એવા ચરણયુગલને સમ્યક્પ્રકારે આશ્રયે રહેલા છે ॥ ૧૫ ॥

સમરમ્મિ તિક્ખ ખગ્ગા—સંગ્રામને વિષે, જ્યાં તિક્ષ્ણ ખડ્ગ તેના.

ભિગ્ઘાય પવિદ્ધ ઉદ્ધુય કબંધે—પ્રહારે કરી ઉત્ શૃંખલ માફક આમ

તેમ આથડે છે મસ્તક વિનાનાં ધડ જેને વિષે.

કુંતવિણિભિન્ન કરિ કલહ—બાલાએ કરી ભેદેલા નાના હાથીઓ તેમણે,

મુક્કસિક્કાર પઉરંમિ ॥ ૧૬ ॥—મુકેલો જે સિત્કાર અવાજ, તેણે કરી

પ્રચુર એવા સંગ્રામને વિષે ॥ ૧૬ ॥

નિજ્જિય દપ્પુદ્ધર રિઉ—સંપૂર્ણ જીત્યા છે અહંકારે કરી ઉદ્ધત થ-

યેલા શત્રુ.

નરિંદ નિવહા ભડા જસં ધવલં—રાજાઓના સમુહ જેણે, એવા લોકો

ઉજ્વલ યશ પ્રતે.

પાવંતિ પાવ પસમિણ—પામે છે. હે પાપના નાશ કરનાર !

પાસજિણ તુહ પ્પભાવેણ ॥ ૧૭ ॥—હે પાર્શ્વજીન ! તમારા પ્રભાવ-

થકી ॥ ૧૭ ॥

રોગ જલ જલણ વિસહર—રોગ, જળ, અગ્નિ, સર્પ.

ચોરારિ મઈંદ ગય રણ ભયાઇં—ચોર, શત્રુ, સિંહ, હાથી અને સં-

ગ્રામ. તે થકી ઉત્પન્ન થતા ભયો.

પાસજિણ નામ સંકી ત્તણેણ—પાર્શ્વનાથના નામનું કીર્તન કરવે કરીને.

પસમંતિ સવ્વાઈં ॥ ૧૮ ॥—સર્વે નાશ પામે છે ॥ ૧૮ ॥

એવં મહા ભય હરં—એ પ્રમાણે મહોટા ભયને હરનાર એવું મહા

ભયહર નામનું.

પાસજિણિંદસ્સ સંથવમુઆરં—પાર્શ્વજીનેંદ્રનું ઉદાર જે સ્તવન છે તે.

ભવિય જિણાણંદયરં—ભવિકજનને આનંદકારક છે.

કલ્લાણ પરંપર નિહાણં ॥ ૧૯ ॥—અને કલ્યાણની પરંપરા તેનું નિ-

ધાનરૂપ છે ॥ ૧૯ ॥

રાય ભય જખ્ખર જખ્ખસ—રાજભય, યક્ષભય, તથા રાક્ષસભય.

કુસુમિણ દુસ્સઉણ રિખ્ખ પીડાસુ—કુસ્વપ્નભય, તથા દુષ્ટ શકુનભય, તથા અશુભગ્રહ, તે સઘળાની પીડાઓને વિષે.

સંઝાસુ દોસુ પંથે—બે સંધ્યાને વિષે, તથા મારગને વિષે.

ઉવસગ્ગે તહય રયણીસુ ॥ ૨૦ ॥—ઉપસર્ગને વિષે, તેમજ રાત્રિને વિષે.

જો પઢઇ જો અ નિસુણઇ—જે કોઇ માણસ આ સ્તવનને ભણે, તથા સાંભળે

તાણં કઇણો ય માણતુંગસ્સ—તે બેહુ જણનું, તેમજ આ સ્તોત્રના કર્તા માનતુંગસૂરિનું.

પાસો પાવં પસમેઉ—પાર્શ્વનાથસ્વામિ પાપ નાશ કરો.

સયલ ભુવણચ્ચિઅ ચલણો ॥ ૨૧ ॥—સમસ્ત જે ત્રિભુવન, તેના લોકોએ કરી પૂજીત છે ચરણ જેનાં એવા ॥ ૨૧ ॥

ઉવસગ્ગ તે કમઠા સુરમ્મિ—ઉપસર્ગ કરનાર કમઠાસુર છતે પણ.

ઝાણાઓ જો ન સંચલિઓ—જે ભગવાન ધ્યાનથી સંચલિત ન થયા એવા

સુરનર કિંનર જુવઇહિં—તથા દેવ, મનુષ્ય, અને કિંનર, તેમની સ્ત્રીયોવડે.

સંથુઓ જયઉ પાસજિણો ॥ ૨૨ ॥—સ્તવન કરાયેલા એવા પાર્શ્વનાથ જયવંતા વર્તો ॥ ૨૨ ॥

એઅસ્સ મજ્ઝયારે—આ સ્તવનના મધ્ય ભાગમાં.

અઠ્ઠારસ અખ્ખરેહિં જો મંતો—છુટા અઢાર અક્ષરોનો મંત્ર છે તે.

જો જાણઇ સો ઝાયઇ—જે કોઇ જાણે, અને ધ્યાન કરે.

પરમ પયચ્છં ફુડં પાસં ॥ ૨૩ ॥—શ્રી પાર્શ્વનાથનું તે પ્રગટ એવું મ્હોટું પદ જે મોક્ષ, તેને વિષે રહેનારા થાય છે ॥ ૨૩ ॥

પાસહ સમરણ જો કુણઇ—જે કોઇ શ્રી પાર્શ્વનાથનું સ્તવન કરે.

સંતુઠ્ઠે હિયયેણ—સંતુષ્ટ હ્રદયવડે કરી.

અઠુત્તર સય વાહિ ભય—એકસોને આઠ વ્યાધિના ભયો.

નાસઇ તસ્સ દૂરેણ ॥ ૨૪ ॥—તે માણસના દૂરથકી નાશ પામે છે.

॥ ઇતિ શ્રી મહાભયહરનામકં પંચમં સ્મરણં ॥

અથ અજિતશાંતિ સ્તવન.

(૬ ઠું સ્મરણ.)

(આ સૂત્ર તથા તેનો અર્થ પાછળ પૃષ્ટ ૧૧૭ મે આવી ગયો છે, માટે ત્યાં જોઈ લેવું.)

અથ શ્રી ભક્તામર સ્તોત્ર.

(૭ મું સ્મરણ.)

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા—ભક્ત એવા જે દેવતા તેમના નમેલા મસ્તકોને વિષે રહેલા મુકુટમણિ તેની પ્રભાઓ ને.

મુદ્યોતકં દલિતપાપતમોવિતાનમ્—ઉદ્યોતના કરનાર, તથા નાશ કર્યો છે પાપ તથા અજ્ઞાનરૂપ અંધકારનો સમુહ જેણે.

સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા—એવા જીનેશ્વર ભગવાનના ચરણયુગલને સમ્યક્પ્રકારે નમસ્કાર કરીને જે ચરણયુગલ આ યુગની શરૂઆતમાં.

વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥ ૧ ॥—ભવરૂપી જળને વિષે પડેલા પ્રાણીઓને આલંબનભૂત છે, તેને નમસ્કાર કરીને. ॥ ૧ ॥ આ સ્તોત્રના સર્વ શ્લોક વસંતતિલકા છંદ છે.

યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા—જેની સ્તુતિ કરેલી છે, સમસ્ત શાસ્ત્ર તેના તત્વના જાણવા થકી.

દુદ્ભૂતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ—ઉત્પન્ન થઇ એવી જે બુદ્ધિ તેણે કરી કુશળ એવા દેવલોકના નાથ જે ઇંદ્ર તેમને.

સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરુદારૈઃ—ત્રણ જગતના પ્રાણીઓના ચિત્તને હરણ કરનાર તથા અર્થ અને શબ્દથકી ઉદાર એવા સ્તોત્રોવડે કરીને.

સ્તોષ્યેકિલાહમપિ તં પ્રથમં જિનેંદ્રમ્ ॥ ૨ ॥—તે પ્રથમ જિનેંદ્ર ઋષભસ્વામિને હું પણ નિશ્ચે સ્તુતિ કરીશ.

બુદ્ધ્યા વિનાપિ વિબુધાર્ચિત પાદપીઠ—પંડિતો અથવા દેવતાઓવડે પૂજીત છે ચરણનું આસન જેનું એવા હે પ્રભુ ! બુદ્ધિવિના પણ.

સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહં—ગઈ છે લાજ જે થકી, એટલે લજ્જારહિત સ્તુતિ કરવાને પ્રયત્નવંત થઇછે બુદ્ધિ જેની એવો હું છું.

બાલં વિહાય જલસંસ્થિતમિંદુબિંબ—જેમ જળને વિષે પ્રતિબિંબિત એવું ચંદ્રમાનું જે બિંબ તેને બાળકવિના.

મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતું ॥ ૩ ॥—કોણ બીજો માણુસ તત્કાળ ગ્રહણ કરવાને ઇચ્છા કરે છે ॥ ૩ ॥

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર શશાંકકાંતાન્—હે ગુણસમુદ્ર ! ચંદ્રમાસરખા તારા ઉજ્વલગુણોને વર્ણન કરવાને.

કસ્તે ક્ષમઃ સુરગુરૂપ્રતિમોપિ બુદ્ધ્યા—તારા (ગુણોનું) બુદ્ધિએ કરીને બૃહસ્પતિ સરખો પણ કોણ સમર્થ છે.

કલ્પાંતકાલપવનોદ્ધતનક્રચક્રં—પ્રલયકાળના પવનવડે ઉછળી રહ્યા છે મગરમચ્છના સમુહ જેને વિષે.

કોવા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ્ ॥ ૪ ॥—એવા સમુદ્રને બે હાથ વડે તરવાને કોણ સમર્થ થાય છે ॥ ૪ ॥

સોઽહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ—હે મુનિઓના સ્વામિ ! તો પણ તમારી ભક્તિના વશથકી પૂર્વે કહ્યો એવો બુદ્ધિરહિત હું.

કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ—શક્તિરહિત છું, તેમ છતાં પણ તમારૂં સ્તવન કરવાને પ્રવૃત્ત થયો છું.

પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગોમૃગેંદ્રં—હરણ સ્નેહે કરીને પોતાનું બળ અણવિચારતો થકો સિંહપ્રત્યે

નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥ ૫ ॥—પોતાના બાળકના રક્ષણ અર્થે શું સામો જતો નથી ? ॥ ૫ ॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ—અલ્પ છે શાસ્ત્ર જ્ઞાન જેને, એ હેતુથકી બહુ શ્રુતજ્ઞાનીને [illegible] સ્થાનરૂપ એવા.

ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે [illegible] તમારી ભક્તિજ બળાત્કારે

વાચાલ કરે છે.

યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ—જેમ ચૈત્ર માસને વિષે કોકિલ-પક્ષી નિશ્ચે મધુર બોલે,

તચ્ચારૂચૂતકલિકાનિકરૈકહેતુઃ ॥ ૬ ॥—તેનું કારણ એક મનોહર આ-મ્રકલિકાનો સમુહ તેજ છે ॥ ૬ ॥

ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિબદ્ધં—તમારા રૂપ સ્તવનથકી ભવની પરંપરાયે કરી બંધાયેલું.

પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીરભાજામ્—જે દેહધારી જીવોનું પાપ ક્ષણ વારમાં નાશ પામે છે.

આક્રાંતલોકમલિનીલમશેષમાશુ—જેમ શિઘ્રપણે લોકમાં વ્યાપ્ત થયેલું અને ભ્રમર સરખું કાળું એવું, તે સમસ્ત પ્રકારે,

સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ॥ ૭ ॥—રાત્રિ સંબંધી અંધાર સૂર્યના કિરણોથી નાશ પામે છે ॥ ૭ ॥

મત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદં—હે નાથ! એમ માનીને આ તમારૂં સ્તવન મારાવડે.

મારભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્—હું જે મંદબુદ્ધિવાળો છું, તેણે આરંભ કરાય છે. તે સ્તવન તમારા પ્રભાવથકી

ચેતોહરિષ્યતિ સતાં નલિનીદલેષુ—સત્પુરૂષોના ચિત્તને હરશે. જેમ કમળપત્રને વિષે પડેલું

મુક્તાફલદ્યુતિમુપૈતિ નનૂદબિંદુઃ ॥ ૮ ॥—પાણીનું બિંદુ મુક્તાફળની શોભાને પામે છે ॥ ૮ ॥

આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષં—નાશ પામ્યા છે સમગ્ર દોષ જે થકી, એવું તમારૂં સ્તવન તો દુર રહો.

ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હંતિ—પરંતુ તમારા ચરિત્રની કથા જે કરવી તે જગતના લોકોનાં પાપને હણે છે.

દૂરે સહસ્રકિરણઃ કુરૂતે પ્રભૈવ—જેમ સૂર્ય તો દુર રહ્યો, પરંતુ તેની પ્રભાજ કરે છે.

પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ॥ ૯ ॥—સરોવરાદિકને વિષે કમલો વિકસ્વર ॥ ૯ ॥

નાત્યદ્ભૂતં ભુવનભૂષણભૂત ! નાથ—તે અતિ આશ્ચર્ય નથી. હે જગતને વિષે ભૂષણરૂપ હે નાથ !

ભૂતૈર્ગુણૈર્ભુવિભવંતમભિષ્ટુવંતઃ—સત્ય એવા તમારા ગુણોએ કરી જગતમાં તમોને સ્તુતિ કરનારા પુરૂષો.

તુલ્યાભવંતિ ભવતોનનુ તે ન કિંવા—તમારા સરખા થાય છે. તે સ્વામિયે કરી શું !

ભૃત્યાશ્રિતં યઇહ નાત્મસમં કરોતિ ॥ ૧૦ ॥—જે સ્વામિ પોતાના આશ્રિતને સંપત્તિયે કરી પોતાની તુલ્ય કરતો નથી.

દૃષ્ટ્વા ભવંતમનિમેષવિલોકનીયં—નિમેષ રહિતપણે કરી જોવાયોગ્ય એવા તમોને જોઇને.

નાન્યત્ર તોષમુપયાતિજનસ્ય ચક્ષુઃ—જોનાર લોકોના નેત્રો તમારા વિના બીજે ઠેકાણે સંતોષ પામતા નથી.

પીત્વા પયઃ શશિકરદ્યુતિદુગ્ધસિંધો—ચંદ્રમાના કિરણની સરખી કાંતિવાળા ક્ષીરસમુદ્રનું પાણી પાન કરીને.

ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્ ॥ ૧૧ ॥—કયો પુરૂષ લવણસમુદ્રનું ખારૂં પાણી પીવાની ઇચ્છા કરે ॥ ૧૧ ॥

યૈઃ શાંતરાગરૂચિભિઃ પરમાણુભિસ્ત્વં—શાંતરસ તેનો ભાવ તેની છાયા છે જેમને વિષે, એવા જે પરમાણુઓવડે તમારૂં શરીર.

નિર્માપતિસ્ત્રિભુવનૈકલલામભૂત—નિર્માણ કરેલું છે. હે ત્રણભુવનને વિષે એક સુંદર ભૂત.

તાવંતએવ ખલુ તેપ્યણવઃ પૃથિવ્યાં—તે પરમાણુઓ પણ આ પૃથ્વિને વિષે નિશ્ચે તેટલાજ છે.

યત્તે સમાનપરં નહિ રૂપમસ્તિ ॥ ૧૨ ॥—કારણકે તમારા સરખું બીજું કોઇ રૂપ નથી ॥ ૧૨ ॥

વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ—દેવતા, મનુષ્ય, ભુવનપતિ, પ્રમુખ દેવોના નેત્રોને હરણ કરનાર તમારૂં મુખ ક્યાં.

નિઃશેષનિર્જિતજગત્ત્રિતયોપમાનમ્—જેણે ત્રણ જગતની ઉપમાનભૂત વસ્તુને સંપૂર્ણ જીતી છે.

બિંબં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય—તથા ચંદ્રમાનું કલંકે કરી મલિન એવું બિંબ ક્યાં.

યદ્વાસરે ભવતિપાંડુપલાશકલ્પમ્ ॥ ૧૩ ॥—જે દિવસને વિષે ખાખરાનાં પાંદડાંસરખું પીળું પડી જાય છે ॥ ૧૩ ॥

સંપૂર્ણ મંડલશશાંકકલાકલાપ—સંપૂર્ણ મંડળવાળા ચંદ્રમાની કળાના સમુહ સરખા.

શુભ્રાગુણાસ્ત્રિભુવનં તવ લંઘયંતિ—ઉજવળ તારા ગુણો ત્રણભુવનને ઉલ્લંઘન કરે છે.

યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વરનાથમેકં—હે ત્રણ જગતના ઇશ્વર! જે ગુણો તમો જે અદ્વિતીય નાથ છો તે તમોને આશ્રય કરી રહેલા છે.

કસ્તાન્નિવારયતિ સંચરતોયથેષ્ટમ્ ॥ ૧૪ ॥—તે સ્વેચ્છાએ વિચરતા ગુણોને કયો પુરૂષ નિવારણ કરી શકે ॥ ૧૪ ॥

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ—એમાં શું આશ્ચર્ય છે કે દેવતાઓની સ્ત્રીઓથી પણ તમારૂં.

ર્નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્—મન જરાક પણ વિકારના સ્થાનકને ન પામ્યું

કલ્પાંતકાલમરૂતા ચલિતાચલેન—ચલાયમાન કર્યા છે મહોટા પર્વતો જેણે, એવા પ્રલયકાળના પવને કરી.

કિં મંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ॥ ૧૫ ॥—મેરૂપર્વતનું શિખર શું કદી ચલાયમાન થયું ! ॥ ૧૫ ॥

નિર્ધૂમવર્ત્તિરપવર્જિતતૈલપૂરઃ—ધૂમ્ર અને વાટથરહિત એવો, તથા નાશ થયો છે સ્નેહરૂપ તેલનો પુર જે થકી એવો.

કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ—વળી સમસ્ત ત્રણ જગતને પ્રકાશ કરો છો એવા.

ગમ્યોન જાતુ મરુતા ચલતાચલાનાં—વળી પર્વતોને ચલાયમાન કરનાર પવનવડે પણ કદી જવાયોગ્ય નહીં (ચલાયમાન કર્યા છે મ્હોટા પર્વતો જેણે એવા પવનોને પણ અગમ્ય.)

દીપોऽપરસ્ત્વમસિ નાથ જગત્પ્રકાશઃ ॥ ૧૬ ॥—એવા હે નાથ! જગત્પ્રકાશરૂપ તું એક વિલક્ષણ દીપક છે ॥ ૧૬ ॥

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુ ગમ્યઃ—કદી પણ અસ્ત પામતો નથી. રાહુથી ગ્રસ્ત થતો નથી.

સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગંતિ—સમકાલે ત્રણ જગતને સાથેજ પ્રકાશ કરે છે.

નાંભોધરોદરનિરુદ્ધમહાપ્રભાવઃ—જ્ઞાનાવરણાદિક વાદળના મધ્ય ભાગ તે થકી નથી રોકાયો એવો મ્હોટો છે મહિમા જેનો એવા.

સૂર્યાતિશાયિમહિમાऽસિ મુનીંદ્ર લોકે ॥ ૧૭ ॥—હે મુનિઓના ઇંદ્ર! સૂર્યથી અધિક મહિમાવાળા આ લોકને વિષે તમે છો ॥ ૧૭ ॥

નિત્યોદયં દલિતમોહમહાંધકારં—નિત્ય છે ઉદય જેનો, તથા નાશ કર્યો છે મોહરૂપી મહોટો અંધકાર જેણે એવું.

ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ—રાહુના મુખથી તથા મેઘથી પણ અગમ્ય ગ્રસવાયોગ્ય નથી એવું.

વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાંતિ—અતિ કાંતિવાળુ તમારૂં મુખકમળ વિશેષ શોભે છે.

વિદ્યોતયજ્જગદપૂર્વશશાંકબિંબમ ॥ ૧૮ ॥—તે ત્રણ જગતને પ્રકાશ કરે છે, અને વિલક્ષણ ચંદ્રમાના બિંબરૂપ છે. ॥ ૧૮ ॥

કિં શર્વરીષુ શશિનાન્હિ વિવસ્વતા વા—રાત્રિઓને વિષે ચંદ્રમાઓ કરી શું, અને દિવસે સૂર્યે કરી શું. અર્થાત્ કાંઈ પ્રયોજન નથી.

યુષ્મન્મુખેંદુદલિતેષુ તમસ્સુ નાથ—હે નાથ! તમારા મુખરૂપ ચંદ્રમાએ અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરે છતે.

નિષ્પન્નશાલિવનશાલિનિ જીવલોકે—પાકેલાં એવાં શાલિવન તેણે કરી શોભાયમાન એવા આ મૃત્યુલોકને વિષે.

કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈઃ ॥ ૧૯ ॥—જળના ભારે કરી નમી ગયેલા મેઘોનું શું પ્રયોજન છે? ॥ ૧૯ ॥

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં—અનંત પર્યાયાત્મક વસ્તુઓને વિષે કીધો છે પ્રકાશ જેણે, એવું જ્ઞાન જેવી રીતે કરી તમારે વિષે શોભે છે.

નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ—તેવી રીતે પોતપોતાના સાસનના નાયક હરિહરાદિક દેવોને વિષે નથી શોભતું.

તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં—જેમ તેજ દેદીપ્યમાન મણિઓને વિષે ગૌરવતાને પામે છે,

નૈવં તુ કાચશકલે કિરણાકુલેઽપિ ॥ ૨૦ ॥—તેમ કાંતિએ કરી વ્યાપ્ત એવા કાચના કટકાને વિષે તેજ ગૌરવતાને નથી પામતું ॥ ૨૦ ॥

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા—હું ધારૂં છું કે હરિ હરદિક દેવો મેં દીઠા તે સારૂંજ થયું.

દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ—જેમને દીઠે છતે મારૂં ચિત્ત તમારે વિષેજ સંતોષને પામે છે.

કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ—પ્રથમ દીઠેલા એવા તમોએ કરી શું થયું કે જે તમારા દર્શનથકી આ પૃથ્વિને વિષે નથી બીજો

કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેપિ॥ ૨૧ ॥—કોઇ પણ દેવ. હે નાથ! પરભવને વિષે પણ મારા મનને હરણ કરતો નથી ॥ ૨૧ ॥

સ્ત્રીણાં શતાનિ શતશો જનયંતિ પુત્રાન્—સ્ત્રીના સેંકડાઓ સેંકડાબંધ પુત્રોને જન્મ આપે છે.

નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા—બીજી માત તુમસમાન પુત્રને ઉત્પન્ન કરી શક્તી નથી.

સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં—સર્વ દિશાઓ નક્ષત્રોને ધારણ કરે છે, પરંતુ હજાર કિરણવાળા સૂર્યને

પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥ ૨૨ ॥—જળહળતી કિરણની જ્વાળા છે જેને એવાને તો પૂર્વદિશાજ ફક્ત ધારણ કરે છે. ॥૨૨॥

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ—મુનિઓ જે છે તે તમોને શ્રેષ્ટ મનુષ્ય એટલે નિઃકર્મા સિદ્ધ કહે છે.

આદિત્યવર્ણમમલં તમસઃ પરસ્તાત્—અંધકારની આગળ સૂર્યસમાન કાંતિવાળા તથા નિર્મળ.

ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું—એવા તમોનેજ જાણવા થકી તે મૃત્યુને જીતે છે.

નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીંદ્ર પંથાઃ ॥ ૨૩ ॥—હે મુનિઓના ઇંદ્ર! ઉપદ્રવરહિત એવો મોક્ષનો બીજો કોઇ માર્ગ નથી. ॥ ૨૩ ॥

ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં—તમોને ક્ષયરહિત, ઐશ્વર્યયુક્ત, અચિંત્ય, ગુણ સંખ્યારહિત, તથા આદ્ય તિર્થંકર.

બ્રહ્માણમીશ્વરમનંતમનંગકેતુમ—બ્રહ્મરૂપ, અંતરહિત, કામનો નાશ કરવાને કેતુ સરખા,

યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં—યોગી પુરૂષોના ઇશ્વર, જાણ્યા છે સર્વે યોગ જેણે, અથવા જે થકી જ્ઞાને કરી સર્વગત તેથી અનેક, ઉત્તમોત્તમ,

જ્ઞાનસ્વરૂપમમલં પ્રવદંતિ સંતઃ ॥ ૨૪ ॥—જ્ઞાન સ્વરૂપી તથા પાપ મલરહિત, સંત પુરૂષો કહે છે ॥ ૨૪ ॥

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિતબૂદ્ધિબોધાત્—દેવતાઓએ પૂજ્યો છે કેવળજ્ઞાનનો બોધ જેમનો, તે હેતુ થકી તેમજ બુદ્ધ છો.

ત્વં શંકરોસિ ભુવનત્રયશંકરત્વાત્—ત્રણ ભુવનને સુખના કરનાર હોવાથી તેમજ શંકર છો.

ધાતાસિ ધીર શિવમાર્ગવિધેર્વિધાનાત્—હે ધીર! મોક્ષમાર્ગની રત્ન ત્રય યોગરૂપ ક્રિયાના નિષ્પાદન કરવાથી તેમજ ધાતા વિધાતા છો.

વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરૂષોત્તમોઽસિ ॥ ૨૫ ॥—હે ભગવન્! તમોજ પ્રગટપણે પુરૂષોત્તમ છો ॥ ૨૫ ॥

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ—ત્રણભુવનની પીડાને હરણ કરનાર

તમોને નમસ્કાર થાઓ.

તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય—પૃથ્વિતલને વિષે નિર્મળ અલંકારરૂપ તમોને નમસ્કાર થાઓ.

તુભ્યં નમ સ્ત્રિજગતઃપરમેશ્વરાય—ત્રણ જગતના પરમેશ્વર તમોને નમસ્કાર થાઓ.

તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય ॥ ૨૬ ॥—હે વિતરાગ ! ભવસમુદ્રને શોષણ કરનાર તમોને નમસ્કાર થાઓ ॥ ૨૬ ॥

કોવિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ—આમાં શું આશ્ચર્ય છે. સમગ્ર ગુણોએ કરી

સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ—હે મુનિઓના ઇશ્વર ! તમે નિરંતરપણે આશ્રય કરાયેલા છો.

દોષૈરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ—વિવિધ આશ્રયોથકી ઉત્પન્ન થયા જે અહંકાર તે રૂપ દોષોયે કરી.

સ્વપ્નાંતરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ ॥ ૨૭ ॥—તમોને લોકોયે સ્વપ્નાંતરમાં પણ કદી દીઠેલા નથી. ॥ ૨૭ ॥

ઉચ્ચૈરશોકતરુસંશ્રિતમુન્મયૂખ—ઉંચા અશોકવૃક્ષને વિષે આશ્રય કરી રહેલું તથા ઊંચાં છે કિરણો જેનાં એવું,

આભાતિ રૂપમમલં ભવતો નિતાંતમ્—તમારૂ રૂપ અત્યંત નિર્મળ શોભે છે.

સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનં—પ્રગટ ઉંચાં ગયાં છે કિરણો જેનાં, તથા નાશ પમાડ્યો છે અંધકારનો સમુહ જેણે એવું,

બિંબં રવેરિવ પયોધરપાર્શ્વવર્તિ ॥ ૨૮ ॥—તથા મેઘની સમીપે વર્તતું સૂર્યનું બિંબ શોભે છે. ॥ ૨૮ ॥

સિંહાસને મણિમયૂખશિખાવિચિત્રે—મણિઓના કિરણોની પંક્તિયોએ કરી વિચિત્ર સિંહાસનને વિષે.

વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્—સુવર્ણ સરખું મનોજ્ઞ તમારૂં શરીર શોભે છે.

બિંબં વિયદ્વિલસદંશુલતાવિતાનં—આકાશને વિષે ઉદ્યોતમાન કિરણો-

ની શાખાઓનો સમુહ છે જેને એવું બિંબ.

તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ર રશ્મેઃ ॥ ૨૯ ॥—સૂર્યનું બિંબ જેમ ઉંચા ઉદયાચલપર્વતના શિખરઉપર શોભે છે. ॥ ૨૯ ॥

કુંદાવદાત ચલ ચામર ચારૂશોભં—મોગરાના પુષ્પ સરખું ઉજ્વલ તથા વીંજાતા ચામરોવડે મનોહર છે શોભા જેની એવું.

વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાંતમ્—સુવર્ણ સરખું મનોહર તમારૂં શરીર વિશેષ શોભે છે.

ઉદ્યચ્છશાંક શુચિ નિર્ઝરવારિધાર—ઉદય પામેલા ચંદ્રમાની પેઠે નિર્મળ અને નિર્ઝરણાના પાણીની ધારા છે જે જેને વિષે એવું.

મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌંભમ્ ॥ ૩૦ ॥—સુવર્ણમય જે મેરૂપર્વત તેનું ઉંચું શિખર જેમ શોભે છે. ॥ ૩૦ ॥

છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત—ચંદ્રમા સરખું મનોહર તમારૂં છત્રતય શોભે છે.

મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકરપ્રતાપમ્—તે ઉંચે રહ્યું થકું તથા ઢાંકી દીધો છે સૂરજના કિરણોનો પ્રતાપ જેણે એવું.

મુક્તાફલપ્રકરજાલવિવૃદ્ધ શોભં—મોતીના સમુહની રચનાએ કરી વધી છે શોભા જેની એવું.

પ્રખ્યાપયત્રિજગતઃ પરમેશ્વરત્વમ ॥ ૩૧ ॥—તથા ત્રણ જગતના પરમેશ્વરપણાને પ્રખ્યાત કરે છે. ॥ ૩૧ ॥

ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાંતિ—વિકસિત સુવર્ણના નવ કમળના સમુહની કાંતિયે કરી.

પર્યુલ્લસન્નખમયૂખશિખાભિરામૌ—ઝળહળતા નખના કિરણોની પ્રકાશપંક્તિ તેણે કરી મનોહર.

પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર ધત્તઃ—તમારા ચરણો જે સ્થાનને વિષે હે જીનેંદ્ર પગલાં, ધારણ કરે છે.

પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ ॥ ૩૨ ॥—તે તે સ્થાનકોને વિષે દેવતાઓ કમળની રચના કરે છે. ॥ ૩૨ ॥

ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેંદ્ર—હે જીનેંદ્ર ! એ પૂર્વોક્ત તમારી અતિશયની સંપદાઓ જે પ્રકારે થઇ.

ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય—ધર્મનો ઉપદેશ કરવાના સમયને વિષે તેવી બીજાની થઇ નથી.

યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા—હણ્યો છે અંધકાર જેણે એવી સૂર્યની જેવી કાંતિ હોય છે,

તાદૃકકુતો ગ્રહગણસ્ય વિકાશિનોપિ ॥ ૩૩ ॥—તેવી કાંતિ પ્રકાશિત થયેલા ગ્રહોના સમુદાયની પણ ક્યાંથી હોય.

શ્ચ્યોતન્મદાવિલ વિલોલકપોલમૂલ—ઝરતા મદે કરી કલુષ થયેલા અને ચંચલ ગંડસ્થલ તેણે કરી,

મત્તભ્રમદ્ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્—મદોન્મત્ત તથા અહીં તહીં ભમતા ભમરાઓના શબ્દે કરી વધ્યો છે ક્રોધ જેનો એવા,

ઐરાવતાભમિભમુદ્ધતમાપતંતં—ઐરાવણ હાથી સરખી કાંતિવાળો તથા ઉદ્ધત એવા હાથીને સામો આવતો

દૃષ્ટ્વા ભયં ભવતિનો ભવદાશ્રિતાનામ્ ॥ ૩૪ ॥—દેખીને તમારા આશ્રિતોને ભય થતો નથી. ॥ ૩૪ ॥

ભિન્નેભકુંભગલદુજ્વલશોણિતાક્ત—ભેદેલા હાથીઓના કુંબસ્થલથી પડતા શ્વેત રક્તવર્ણવાળા એવા રૂધિરથી ખરડાએલા.

મુક્તાઃફલપ્રકરભૂષિતભૂમિભાગઃ—મોતીનો સમુહ તેણે કરી શોભાવ્યા છે પૃથ્વિના ભાગો જેણે એવા,

બદ્ધક્રમ ક્રમગતં હરિણાધિપોઽપિ—કીલિત છે પાદ જેનો એવા સિંહ પણ ફાળને વિષે આવી પડેલાને,

નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે ॥ ૩૫ ॥—તમારા ચરણરૂપી પર્વતને આશ્રયે રહેલાને પ્રહાર કરતો નથી. ॥ ૩૫ ॥

કલ્પાંતકાલ પવનોદ્ધતવન્હિકલ્પં—પ્રલયકાળના પવને કરી જોરમાં આવેલો એવો અગ્નિ તેની બરાબર

દાવાનલં જ્વલિતમુજ્જ્વલમુત્સ્ફુલિંગમ્—જાજ્વલ્યમાન, તથા ઉંચા છે તણખા જેના, તથા ઉજ્વલ એવા વનના અગ્નિને,

વિશ્વં જિઘત્સુમિવ સન્મુખમાપતંતં—જગતને ગળી જાય એવી ઇચ્છાવાળો સન્મુખ આવતાં,

ત્વન્નામકીર્ત્તનજલં શમયત્યશેષમ્ ॥ ૩૬ ॥—તેને તમારા નામનું કીર્તન કરવું તે રૂપ જળ સંપૂર્ણરીતે શમાવે છે. ॥ ૩૬ ॥

રક્તેક્ષણં સમદકોકિલકંઠનીલં—રાતાં છે નેત્રો જેનાં તથા મદોન્મત્ત કોકિલના કંઠસરખો નીલવર્ણવાળો,

ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતંતમ્—ક્રોધે કરી ઉદ્ધત થયેલો તથા ઉંચી કરેલી છે ફણા જેણે એવા સર્પને ઉતાવળો સામે આવતો થકો.

આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક—શંકારહિત થયો થકો ચરણયુગલે કરી ઉલ્લંઘન કરે છે તે પુરૂષો,

સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥ ૩૭ ॥—જે પુરૂષોના હૃદયમાં તારા નામરૂપી નાગદમની ઔષધિ ભરેલી છે. ॥ ૩૭ ॥

વલ્ગત્તુરંગગજગર્જિતભીમનાદ—યુદ્ધ કરતા એવા ઘોડા તથા હાથીઓની ગર્જનાયે કરી ભયંકર શબ્દો છે જેને વિષે એવા,

માજૌબલં બલવતામપિ ભૂપતીનામ્—રણસંગ્રામને વિષે અતિ બળવાન રાજાઓનાં પણ સૈન્ય,

ઉદ્યદ્દિવાકરમયૂખશિખાપવિદ્ધં—ઉદય પામેલા સૂર્યના કિરણોની શિખાઓએ કરી ભેદન થયેલું,

ત્વત્કીર્ત્તનાત્તમઇવાશુ ભિદામુપૈતિ ॥ ૩૮ ॥—જેમ અંધકાર તેમજ તમારા કીર્તનથકી તે સૈન્ય નાશ પામે છે. ॥ ૩૮ ॥

કુંતાગ્રભિન્નગજશોણિતવારિવાહ—બાલાના અગ્રભાગે કરી ભેદેલા હાથીઓના રૂધિરરૂપ જળના પ્રવાહ તે વિષે,

વેગાવતારતરણાતુરયોધભીમે—ઉતાવળે પ્રવેશ કરી ફરી તે તરવાને આતુર થયેલા એવા સુભટોયે ભયંકર એવા,

યુદ્ધે જયં વિજિતદુર્જયજેયપક્ષા—સંગ્રામને વિષે નહીં જીતાય એવા

શત્રુના વર્ગોને સંપૂર્ણ જીત્યા છે જેઓએ તે પુરૂષો જયને,

ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભંતે ॥ ૩૯ ॥—તમારા ચરણરૂપ જે કમળનું વન તેને આશ્રયે રહેલા તે પુરૂષો મેળવે છે. ॥ ૩૯ ॥

અંભોનિધૌ ક્ષુભિતભીષણનક્રચક્ર—સમુદ્રને વિષે જ્યાં ક્ષોભ પમાડ્યા છે ભયંકર મગરના સમુહ તથા,

પાઠીનપીઠભયદોલ્બણવાડવાગ્નૌ—પાઠીનપીઠ નામના મત્સ્ય તેથી કરીને ભયનો ઉત્પન્ન કરનારો પ્રબલ વાડવાગ્નિ છે એવા સમુદ્રને વિષે

રંગત્તરંગશિખરસ્થિતયાનપાત્રા—ઉછળતાં મોજાંના શિખરઉપર રહ્યું છે વહાણ જેમનું એવા પુરૂષો

ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥ ૪૦ ॥—તમારા સ્મરણથકી ભયને ત્યાગ કરીને સમુદ્રપાર જાય છે.

ઉદ્ભૂતભીષણજલોદરભારભુગ્નાઃ—ઉત્પન્ન થયેલા ભયંકર જલોદર રોગ તેના ભારે કરી વક્ર થયા એમ

શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવિતાશાઃ—શોક કરવાયોગ્ય દશાને પ્રાપ્ત થયેલા તથા મુકી છે જીવવાની આશા જેમણે એવા,

ત્વત્પાદપંકજરજોમૃતદિગ્ધદેહા—તમારા ચરણકમળની રજ તે રૂપ અમૃત તેણે કરી લિપ્ત છે શરીર જેમનાં એવા,

મર્ત્યા ભ[illegible]ન્તે મકરધ્વજતુલ્યરૂપાઃ ॥ ૪૧ ॥—તે જીવો કામદેવના સરખા રૂપવાળા થાય છે. ॥ ૪૧ ॥

આપાદકંઠમુરૂશૃંખલવેષ્ટિતાંગા—પગથી તે કંઠસુધી મોટી સાંકળોએ કરી બાંધેલાં છે શરીર જેમનાં તથા,

ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘાઃ—અત્યંત મ્હોટી બેડીઓ તેના ધારવાળા છેડાઓએ કરી સંપૂર્ણ ઘસાઈ ગઈ છે જંઘાઓ જેમની એવા,

ત્વન્નામમંત્રમનિશં મનુજાઃ સ્મરંતઃ—મનુષ્યો તમારા નામમંત્રનું નિરંતર સ્મરણ કરતા થકા

સદ્યઃ સ્વયંવિગતબંધભયા ભવંતિ ॥ ૪૨ ॥—તત્કાળ પોતાની મેળે ગયું છે બંધનભય જેથકી એ[illegible] થાય છે. ॥ ૪૨ ॥

મત્તદ્વિપેંદ્રમૃગરાજદવાનલાહિ-મદોન્મત્ત હસ્તિ તથા સિંહ તથા વનનો અગ્નિ
સંગ્રામવારિધિમહોદરબંધનોત્થમ્—તથા સંગ્રામ તથા સમુદ્ર તથા જલોદરાદિક રોગ તથા બંધન તથા કેદખાનું તે થકી ઉત્પન્ન થયેલું,
તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ—તે માણસનું ભય જાણે બીકથીજ હોય નહીં તેમ નાશ પામે છે.
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥ ૪૩ ॥—જે બુદ્ધિમાન પુરૂષ તમારા આ સ્તવનને ભણે છે. ॥ ૪૩ ॥
સ્તોત્રસ્રજં તવ જિનેંદ્ર ગુણૈર્નિબદ્ધાં—હે જીનેંદ્ર ! તમારા ગુણરૂપ સૂત્રે કરી બાંધેલી આ સ્તોત્રરૂપ માળા.
ભક્ત્યા મયા રૂચિરવર્ણવિચિત્રપુષ્પામ્—ભક્તિયે કરી યુક્ત તથા મનોહર અક્ષરરૂપ વિચિત્ર છે પુષ્પો જેને વિષે એવી તે માળાને
ધત્તે જનોય ઇહ કંઠગતામજંસ્રં—જે કોઈ માણસ આ લોકને વિષે પોતાના કંઠમાં નિરંતર ધારણ કરે છે,
તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥ ૪૪ ॥—તે માનથી ઉન્નત પુરૂષને અથવા તો આ સ્તોત્રના કર્તા શ્રી માનતુંગઆચાર્યને અસ્વતંત્ર એવી લક્ષ્મિ તે નજીક આવે છે, એટલે તે જલદી મુક્તિ પામે છે. ॥૪૪॥

॥ ઇતિ શ્રી ભક્તામર સ્તોત્રં સંપૂર્ણં ॥

॥ અથ શ્રી કલ્યાણમંદિર સ્તોત્રં ॥

(૮ મું સ્મરણ.)

કલ્યાણમંદિરમુદારમવદ્યભેદિ—કલ્યાણનું ઘર તથા ઉદાર તથા પાપને છેદનાર
ભીતાભયપ્રદમનિંદિતમંઘ્રિપદ્મમ—તથા સંસારભયથી ત્રાસ પામેલાને અભયદાન આપનાર તથા નિંદારહિત એવું ચરણકમળ.
સંસારસાગરનિમજ્જદશેષજંતુ—વળી તે સંસારસમુદ્રની અંદર બૂડતા સમગ્ર પ્રાણિઓને
પોતાયમાનમભિનમ્ય જિનેશ્વરસ્ય ॥ ૧ ॥—વાહાણસમાન એવું શ્રી

જીનેશ્વર ભગવાનનું ચરણકમળ તેને નમસ્કાર કરીને. ॥ ૧ ॥

યસ્ય સ્વયં સુરગુરૂર્ગરિમાંબુરાશેઃ—પોતે બૃહસ્પતિ પણ જે પ્રભુના મહિમાનો સમુદ્ર તેનું

સ્તોત્રં સુવિસ્તૃતમતિર્ન વિભુર્વિધાતુમ્—સ્તવન કરવાને વિસ્તાર પામી છે બુદ્ધિ જેની એવો તે ન સમર્થ થયો એવા,

તીર્થેશ્વરસ્ય કમઠસ્મયધૂમકેતો—તથા તિર્થના ઇશ્વર તથા કમઠાસુરનો અહંકાર દૂર કરવાને ધૂમકેતુ સમાન એવા,

સ્તસ્યાહમેષ કિલસંસ્તવનં કરિષ્યે ॥ ૨ ॥ યુગ્મમ્—તે પાર્શ્વનાથનું સ્તવન આ હું મૂર્ખ તે નિશ્ચે કરીશ ॥ ૨ ॥ આ બે ગાથાનો અર્થ એકઠો છે.

સામાન્યતોઽપિ તવ વર્ણયિતું સ્વરૂપ—સામાન્યપણે પણ તમારા સ્વરૂપનું વર્ણન કરવાને

મસ્માદૃશાઃ કથમધીશ ભવંત્યધીશાઃ—હે સ્વામિ ! મારા સરખા કેમ સમર્થ થાય.

ધૃષ્ટોઽપિ કૌશિકશિશુર્યદિ વા દિવાંધો—પ્રગલ્ભ એવો પણ કૌશિક શિશુ તે ઘૂડનો બાળક દિવસે અંધ એવો તે,

રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મેઃ ॥ ૩ ॥—સૂર્યના સ્વરૂપને શું નિશ્ચય કરી શકે ? ॥ ૩ ॥

મોહક્ષયાદનુભવન્નપિ નાથ મર્ત્યો—હે નાથ ! મોહનીયકર્મના ક્ષયથકી તમારા ગુણોને જાણતો છતો પણ મનુષ્ય

નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત—નિશ્ચે તમારા ગુણો ગણવાને સમર્થ થાય નહીં.

કલ્પાંતવાંતપયસઃ પ્રકટોઽપિ યસ્મા—જે કારણ માટે પ્રલયકાળને વિષે વિક્ષિપ્ત થયું છે જળ જેને વિષે, ત્યાં પ્રત્યક્ષ એવો પણ.

ન્મીયેત કેન જલધેર્નનુ રત્નરાશેઃ ॥ ૪ ॥—એવા સમુદ્રના રત્નનો સમૂહ કોનાથી માપી શકાય. ॥ ૪ ॥

અભ્યુદ્યતોઽસ્મિ તવ નાથ જડાશયોઽપિ—હે નાથ ! જડ અભિપ્રાયવાળો હું છતાં પણ ઉદ્યમયુક્ત થયો છું. તમારૂં

કર્તું સ્તવં લસદસંખ્યગુણાકરસ્ય—અનંત ગુણના નિધાન એવા તમોનું સ્તવન કરવાને

બાલોઽપિ કિં ન નિજબાહુયુગં વિતત્ય—શું બાલક પણ પોતાના બે હાથ વિસ્તારીને નથી

વિસ્તીર્ણતાં કથયતિ સ્વધિયાંબુરાશેઃ ॥ ૫ ॥—સમુદ્રના વિસ્તાર પ્રત્યે પોતાની બુદ્ધિએ કરીને બતાવતો. ॥ ૫ ॥

યે યોગિનામપિ ન યાંતિ ગુણાસ્તવેશ—હે ઇશ ! તમારા જે ગુણો યોગી પુરૂષોને પણ બોલવામાં ન આવ્યા,

વકતું કથં ભવતિ તેષુ મમાવકાશઃ—તે ગુણોને કહેવાને મારામાં શક્તિ ક્યાંથી હોય.

જાતા તદેવમસમીક્ષિતકારિતેયં—તે કારણથકીજ આ પ્રકારે વિચાર કીધાવિના કર્યાસરખું થયું.

જલ્પંતિ વા નિજગિરા નનુ પક્ષિણોઽપિ ॥ ૬ ॥—અથવા તો પક્ષિઓ પણ પોતાની વાણીએ કરી નિશ્ચે બોલે છે.

આસ્તામચિંત્યમહિમા જિન સંસ્તવસ્તે—હે જીનેશ્વર ! નહીં ચિંતવવાયોગ્ય મહિમાવાળું તમારૂં સ્તવન દૂર રહો.

નામાપિ પાતિ ભવતો ભવતો જગંતિ—પરંતુ તમારૂં નામ પણ ત્રણ જગતને સંસારથકી રક્ષણ કરે છે.

તીવ્રાતપોપહતપાંથજનાન્નિદાઘે—ગ્રીષ્મકાળને વિષે આકરા તડકાથી હણાણા એવા પંથિજનાને

પ્રીણાતિ પદ્મસરસઃ સરસોઽનિલોઽપિ ॥ ૭ ॥—પદ્મસરોવર તો દૂર રહ્યું, પરંતુ સુંદર જલસીકરયુક્ત એવો પવન સંતોષ કરે છે. ॥ ૭ ॥

હૃદ્વર્ત્તિનિ ત્વયિ વિભો શિથિલી ભવંતિ—હે સ્વામી ! તમો હૃદયને વિષે વર્તતા છતા શિથિલ થાય છે.

જન્તોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મબંધાઃ—ક્ષણવારમાં પ્રાણીના ઘોર

આકરા એવા પણ કર્મના બંધ

સદ્યોભુજંગમમયા ઇવ મધ્યભાગ—જેમ તાત્કાલ સર્પમય બંધન, વનના મધ્ય ભાગમાં

મભ્યાગતે વનશિખંડિનિ ચંદનસ્ય ॥ ૮ ॥—વનનો મયૂર આવે છતે, ચંદનવૃક્ષના (સર્પમય બંધન) શિથિલ થાય છે. ॥ ૮ ॥

મુચ્યંત એવ મનુજાઃ સહસા જીનેંદ્ર—હે જીનેદ્ર ! મનુષ્યો જલદીથી મુક્ત થાય છે જે

રૌદ્રૈરૂપદ્રવશતૈસ્ત્વયિ વીક્ષિતેપિ—તમોને જોયે છતે ભયાનક સેંકડો ઉપદ્રવ થકી

ગોસ્વામિનિ સ્ફુરિતતેજસિ દૃષ્ટમાત્રે—સ્ફુરિત છે પ્રતાપ જેમનો એવો સૂર્ય અથવા રાજા અથવા ગોવાળીઓ તેને જોયે થકે

ચૌરૈરિવાશુ પશવઃ પ્રપલાયમાનૈઃ ॥ ૯ ॥—નાસતા એવા ચોરોથકી જેમ પશુઓ ઉતાવળે મુક્ત થાય છે. ॥ ૯ ॥

ત્વં તારકો જિન કથં ભવિના ત એવ—હે ઈશ્વર ! તમો સંસારી જીવોના કેવી રીતે તારનાર છો. તે સંસારી જીવો

ત્વામુદ્વહંતિ હૃદયેન યદુત્તરંતઃ—જે કારણ માટે સંસાર સમુદ્ર ઉતરતા [illegible]તાં તમોનેજ હૃદયને વિષે વહન કરે છે. આ વિરોધાભાસ છે.

યદ્વા દૃ[illegible]રતિ યજ્જલમેષનૂન—તેનો પરિહાર કરે છે. જેમ ચામડાની [illegible] નિશ્ચે પાણીમાં તરે છે તે,

મંતર્ગતસ્ય મ[illegible] સ કિલાનુભાવઃ ॥ ૧૦ ॥—પ્રત્યક્ષ મસકની અંદર રહેલા પવનન[illegible] ખરેખર પ્રભાવ છે.

યસ્મિન્ હરપ્રભૃતયોઽ[illegible] હતપ્રભાવાઃ—જેને વિષે હર, હરિ, બ્રહ્મા, પ્રમુખ હણાણો છે પ્ર[illegible]વ જેમનો એવા થયા.

સોઽપિ ત્વયા રતિપતિઃ [illegible]પિતઃ ક્ષણેન—તે કામદેવ પણ તમારાવડે ક્ષણવારમાં ક્ષય પમાડયો

વિધ્યાપિતા હુતભુજઃ પયસાથ[illegible]ન—જે પાણીવડે અગ્નિઓ બૂઝાવી દીધા

પીતં ન કિં તદપિ દુર્દ્ધરવાડવેન ॥ ૧૧ ॥- તે પાણી પણ દુસ્સહ એવા વાડવાગ્નિયે શું ન પીધું ॥ ૧૧ ॥

સ્વામિન્નનલ્પગરિમાણમપિ પ્રપન્ના—સ્વામી ! તમારે આશ્રયે રહેલા અને ઘણું છે મ્હોટાપણું જેમનું એવા,

સ્ત્વાં જંતવ: કથમહો હૃદયે દધાના:—તમોને હૃદયને વિષે ધારણ કરતાથકા પ્રાણીઓ કેવી રીતે,

જન્મોદધિં લઘુ તરંત્યતિલાઘવેન—થોડા પણ ભાર રહિતપણાયે કરી આ ભવસમુદ્રને ઉતાવળે તરે છે ? આ આશ્ચર્ય છે.

ચિંત્યો ન હંત મહતાં યદિ વા પ્રભાવ: ॥ ૧૨ ॥—નિશ્ચે મહાન પુરૂષોનો પ્રભાવ ચિંતવન કરવાયોગ્ય નથી.

ક્રોધસ્ત્વયા યદિ વિભો પ્રથમં નિરસ્તો—હે સ્વામી ! તમોએ જ્યારે ક્રોધને પ્રથમથીજ નાશ પમાડયો,

ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મચૌરા:—ત્યારે નિશ્ચે તમોએ કર્મરૂપી ચોરોને કેવી રીતે હણ્યા. આ આશ્ચર્ય છે.

પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાપિ લોકે—આ લોકમાં બાળે છે શીતળ એવી પણ,

નિલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની ॥ ૧૩ ॥—હિમસંતતી નીલાં વૃક્ષોવાળાં જંગલોને શું નહીં (બાળે છે) ? ॥ ૧૩ ॥

ત્વાં યોગિનો જિન સદા પરમાત્મરૂપ—હે જીન ! મહર્ષિયો સિદ્ધસ્વરૂપ એવા તમોને નિરંતર.

મન્વેષયંતિ હૃદયાંબુજકોશદેશે—હૃદયરૂપ કમળની કર્ણિકાના મધ્યપ્રદેશને વિષે જ્ઞાનચક્ષુયે કરી જુવે છે.

પૂતસ્ય નિર્મલરૂચેર્યદિવાકિમન્ય—નિર્મળ કાંતિવાળુ તથા પવિત્ર એ થકી બીજું શું.

દક્ષસ્ય સંભવિ પદં નનુ કર્ણિકાયા: ॥ ૧૪ ॥—કમલબીજની કર્ણિક થકી નિશ્ચે બીજું સ્થાનક શું સંભવે છે.

ધ્યાનાજ્જિનેશ ભવતો ભવિન: ક્ષણેન—હે જીનેશ ! તમારા ધ્યાનથકી ભવ્યપ્રાણીઓ ક્ષણમાત્રે કરીને,

દેહં વિહાય પરમાત્મદશા વ્રજંતિ—દેહનો ત્યાગ કરી સિદ્ધાવસ્થાને પામે છે.

તીવ્રાનલાદુપલભાવમપાસ્ય લોકે—લોકને વિષે પ્રબળ અગ્નિથકી પાષાણભાવને તજીને.

ચામીકરત્વમચિરાદિવ ધાતુભેદાઃ ॥ ૧૫ ॥—જૂદી જૂદી ધાતુઓ થોડા સમયમાં જેમ સુવર્ણપણાને પામે છે.

અંતઃ સદૈવ જિન યસ્ય વિભાવ્યસે ત્વં—હે જીન ! જે શરીરના મધ્યભાગને વિષે નિરંતર તમારૂં ચિંતવન થાય છે.

ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્—ભવ્ય પ્રાણીઓવડે તેજ શરીરને તમે નાશ કેમ કરો છો.

એતત્સ્વરૂપમથ મધ્યવિવર્ત્તિનો હિ—જે કારણ માટે મધ્યસ્થ પુરૂષોનું એજ સ્વરૂપ છે.

યદ્વિગ્રહં પ્રશમયંતિ મહાનુભાવાઃ ॥ ૧૬ ॥—જે મહા પ્રભાવિકપુરૂષો પરસ્પર થતા કલેશને ઉપશમાવે છે.

આત્મા મનીષિભિરયં ત્વદભેદબુદ્ધ્યા—પંડિત પુરૂષોવડે આ આત્મા તમારી સાથે અભેદબુદ્ધિએ કરી.

ધ્યાતો જિનેંદ્ર ! ભવતીહ ભવત્પ્રભાવઃ—ધ્યાન કરતો છતો હે જીનેંદ્ર ! તમારા સરખા પ્રભાવવાળા થાય છે.

પાનીયમપ્યમૃતમિત્યનુચિંત્યમાનં—પાણીને પણ અમૃત છે એ પ્રકારે ચિં[illegible] કરે છતે.

કિં નામ નો વિષવિકારમપાકરોતિ ॥ ૧૭ ॥—શું વિષના વિકારને દૂર નથી કરતું [illegible] ૧૭ ॥

ત્વામેવ વીતતમસં પ[illegible]વાદિનોપિ—અન્યતિર્થિજનો પણ અજ્ઞાનરહિત એવા તમોનેજ.

નૂનં વિભો હરિહરાદિધિય[illegible]પન્નાઃ—હે સ્વામિ ! નિશ્ચે હરિહરાદિકની બુદ્ધિએ કરીને આશ્રય [illegible]ને રહેલા છે.

કિં કાચકામલિભિરીશ સિતોપિ શંખો—હે ઇશ ! કાચ કામલિના રોગવાળા મનુષ્યોવડે શું શ્વેત શંખ પણ.

નો ગૃહ્યતે વિવિધવર્ણવિપર્યયેણ ॥ ૧૮ ॥—જૂદા જૂદા રંગના પરાવર્તે કરી ગ્રહણ નથી થતો. ॥ ૧૮ ॥

ધર્મોપદેશસમયે સવિધાનુભાવા—ધર્મદેશનાના અવસરને વિષે તમારા સમીપના પ્રભાવ થકી.

દાસ્તાં જનો ભવતિ તે તરુરપ્યશોકઃ—લોક તો દૂર રહો, પરંતુ વૃક્ષ પણ શોકરહિત થાય છે.

અભ્યુદ્ગતે દિનપતૌ સમહીરુહોપિ—સૂર્યનો ઉદય થયે છતે, વૃક્ષાદિકે કરી સહિત એવો પણ.

કિં વા વિબોધમુપયાતિ ન જીવલોકઃ ॥ ૧૯ ॥—જીવલોક શું વિકાશપણાને ન પામે ॥ ૧૯ ॥

ચિત્રં વિભો કથમવાઙ્મુખવૃંતમેવ—હે સ્વામી! આ આશ્ચર્ય છે કે કેવી રીતે, નીચું છે મુખ જેનું એવું બીટ જેમ હોય તેમ.

વિષ્વક્ પતત્યવિરલા સુરપુષ્પવૃષ્ટિઃ—નિરંતર દેવતાઓએ કરેલી પુષ્પની વૃષ્ટિ ચારે તરફ પડે છે.

ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા મુનીશ—હે મુનીશ! તમો પ્રત્યક્ષ છતે—પંડિતોના અથવા તો દેવતાઓના.

ગચ્છંતિ નૂનમધએવ હિ બંધનાનિ ॥ ૨૦ ॥—બંધનો નિશ્ચે નીચે જ જાય છે ॥ ૨૦ ॥

સ્થાને ગભીરહૃદયોદધિસંભવાયાઃ—એ યુક્તજ છે, [illegible] હૃદયરૂપ સમુદ્રથકી ઉત્પન્ન થયેલી.

પીયૂષતાં તવ ગિરઃ સમુદીરયંતિ—તમારી વાણીના અમૃતપણાને શ્રોતાજનો કહે છે.

પીત્વા યતઃ પરમસંમદસંગભાજો—જે કારણુ માટે તે વાણીનું પાન કરીને અત્યંત હર્ષના સંયોગને ભજનારા એવા.

ભવ્યા વ્રજંતિ તરસાપ્યજરામરત્વં ॥ ૨૧ ॥—ભવ્યજીવો વેગે કરીને અજરામરપણાને પામે છે ॥ ૨૧ ॥

સ્વામિન્ સુદૂરમવનમ્ય સમુત્પતંતો—હે સ્વામી! અત્યંતપણે નીચા

નમીને ઉંચા ઉછળતા એવા.

મન્યે વદંતિ શુચય: સુરચામરૌઘા:—પવિત્ર દેવતાઓએ વીંજેલા ચામરોના સમુહ નીચે પ્રમાણે કહે છે. એમ હું ધારૂં છું.

યેઽસ્મૈ નતિં વિદધતે મુનિપુંગવાય—આ મુનિઓમાં શ્રેષ્ઠ શ્રી પાર્શ્વનાથને નમસ્કાર જે પુરૂષો કરે છે,

તે નૂનમૂર્ધ્વગતય: ખલુ શુદ્ધભાવ: ॥ ૨૨ ॥—તે પુરૂષો નિશ્ચે ઉર્ધ્વગતિવાળા અને શુદ્ધભાવવાળા એવા થાય છે ॥ ૨૨ ॥

શ્યામં ગભીરગિરમુજ્જવલહેમરત્ન—શ્યામવર્ણયુક્ત, ગંભીરવાણીવાળા, તથા નિર્મળ સુવર્ણ તથા રત્નના બનાવેલા.

સિંહાસનસ્થમિહ ભવ્યશિખંડિનસ્ત્વામ્—સિંહાસનપર બેઠેલા તમોને આ લોકને વિષે ભવ્યજીવરૂપ મોર

આલોકયંતિ રભસેન નદંતમુચ્ચૈ—ઉત્સુકપણાયે કરી જુવે છે. ઉંચેથી ગર્જના કરતો

શ્ચામીકરાદ્રિશિરસીવ નવાંબુવાહમ્ ॥ ૨૩ ॥—મેરૂપર્વતના શિખર ઉપર જાણે નવો મેઘ હોય નહીં !

ઉદ્ગચ્છતા તવ શિતિદ્યુતિમંડલેન—તમારા ઉંચે પ્રસરતા શ્યામપ્રભાના ભ[illegible]કસે કરી

લુપ્તચ્છદચ્છવિરશોક તરૂર્બભૂવ—લોપાણી છે પાંદડાંની કાંતિ જેની એવો તે અશોકવૃક્ષ થતો હવો.

સાન્નિધ્યતોઽપિ યદિ [illegible] તવ વિતરાગ—હે વિતરાગ ! તમારાં સાન્નિધ્યથકી

નીરાગતાં વ્રજતિ [illegible] સચેતનોપિ ॥ ૨૪ ॥—ચેતનસહિત એવો કોણ નીરાગદશાને ન [illegible]મે ॥ ૨૪ ॥

ભો ભો: પ્રમાદમવધૂય ભ[illegible] [illegible]વમેન—હે હે જગતના લોકો ! પ્રમાદને છાંડીને એ શ્રી પાર્શ્વનાથને ભજો.

આગત્ય નિર્વૃતિપુરિં પ્રતિ સાર્થવાહમ્—આવીને મુક્તિપુરીમાં જવા સાર્થવાહતુલ્ય (પ્રભુને ભજો.)

એતન્નિવેદયતિ દેવ જગત્ત્રયાય—હે દેવ! એ પ્રમાણે ત્રણ જગતને જાહેર કરે છે.

મન્યેનદન્નભિનભ: સુરદુંદુભિસ્તે ॥ ૨૫ ॥—તમારો દેવદુંદુભિ આકાશને વ્યાપીને નાદ કરતો થકો (જાહેર કરે છે.) એમ હું માનું છું.

ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ—હે નાથ! તમોએ ત્રણભુવનને પ્રકાશિત કરે છતે.

તારાન્વિતો વિધુરયં વિહતાધિકાર:—તારાગમંડલે કરી સહિત તથા વિશેષે કરી હણાણો છે પ્રભાવ જેનો એવો આ ચંદ્રમા.

મુક્તાકલાપકલિતોચ્છ્વસિતાતપત્ર—મોતીના સમુહસહિત અને ઉલ્લસિત એવા ત્રણ છત્ર તેના.

વ્યાજાત્ત્રિધા ધૃતતનુર્ધ્રુવમભ્યુપેત: ॥ ૨૬ ॥—મીશે કરીને ત્રણ પ્રકારે ધારણ કર્યું છે શરીર જેણે એવો ચંદ્રમા નિશ્ચે તમારી સેવાને અર્થે જાણે પાસે આવ્યો હોય નહીં.

સ્વેન પ્રપૂરિત જગત્ત્રયપિંડિતેન—પોતાના પ્રકર્ષે કરી પૂર્યું છે ત્રણ જગત જેણે, તેણે કદી એકઠા થયેલા.

કાંતિપ્રતાપ યશસામિવ સંચયેન—કાંતિ પ્રતાપ તથા યશ તેના સમૂહે કરીનેજ જાણે હોય નહીં! તેમ

માણિક્યહેમરજતપ્રવિનિર્મિતેન—નીલ રત્ન, સુવર્ણ તથા રૂપુ તેણે કરીને બનાવેલા

સાલત્રયેણ ભગવન્ન ભિતોવિભાસિ ॥ ૨૭ ॥—ચારે પાસે ત્રિગડો ગઢ તેણે કરી હે ભગવાન! તમે શોભો છો.

દિવ્યસ્રજોજિન નમત્ત્રિદશાધિપાના—હે જીન! મનોહર પુષ્પમાળાઓ, નમેલા દેવેંદ્રો તેમના

ઉત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબંધાન્—રત્નોએ રચિત એવા પણ મુકુટોને ત્યાગ કરીને

પાદૌ શ્રયંતિ ભવતો યદિ વા પરત્ર—તમારા ચરણ કમળનો આશ્રય કરે છે, અથવા તો અન્ય સ્થાનકે

ત્વત્સંગમે સુમનસો ન રમંતએવ ॥ ૨૮ ॥—પંડિતો અથવા દેવતાઓ તમારો સંગમ છતે નથીજ રમતા.

ત્વં નાથ ! જન્મજલધેર્વિપરાઙ્મુખોપિ—હે નાથ ! તમે ભવસમુદ્રથકી પરાઙ્મુખ થયા તોપણ

યત્તારયસ્યસુમતો નિજપૃષ્ઠલગ્નાન્—તમારા વાંસાને વળગેલા પ્રાણીઓને જે કારણ માટે તારો છો.

યુક્તંહિ પાર્થિવ નિપસ્ય સતસ્તવૈવ—તે વિશ્વના સ્વામી, અને સુશ એવા તમોનેજ યુક્ત છે. જેમ પાર્થિવ નિપતે માટીનો ઘડો પોતાની પુંઠે વળગેલાને તારે છે.

ચિત્રં વિભો યદસિ કર્મવિપાકશૂન્યઃ ॥ ૨૯ ॥—પરંતુ આ આશ્ચર્ય છે કે હે સ્વામી ! તમે આઠ કર્મના ફળે કરી રહિત છો. ॥ ૨૯ ॥

વિશ્વેશ્વરોઽપિ જનપાલક દુર્ગતસ્ત્વં—હે જનપાલક ! તું વિશ્વેશ્વર છતાં પણ દરિદ્ર છે. એ વિરોધનું પરિહાર કહે છે. હે જનપ ! તું વિશ્વેશ્વર છતાં વાળરહિત છે, અથવા દુઃખે કરી જાણવાયોગ્ય છે.

કિંવાક્ષરપ્રકૃતિરપ્યલિપિસ્ત્વમીશ—હે ઇશ ! શું મોક્ષ સ્વભાવી છતાં લિપિ રહિત છો. તે વિરોધનો પરિહાર સ્થિર સ્વભાવવાળા, કર્મરૂપ લેપરહિત છો.

અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ—અજ્ઞાને કરી સહિત એવા તમોને વિષે, અજ્ઞાન લોકોને રક્ષણ કરતા એવા તમોને વિષે, કેમજ નિરંતર

જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વવિકાશહેતુઃ ॥ ૩૦ ॥—વિશ્વને પ્રકાશ કરવાને હેતુભૂત એવું જ્ઞાન તમારે વિષે સ્ફુરે છે.

પ્રાગ્ભાર સંભૃતનભાંસિ રજાંસિ રોષા—અધિકપણાએ કરી વ્યાપ્યા છે આકાશો જેણે એવા રજને ક્રોધ થકી

દુમ્બાપિતાનિ કમઠેન શઠેન યાનિ—મૂર્ખ એવા કમઠે જે ઉપાડી.
છાયાપિ તૈસ્તવ ન નાથ હતાહતાશો—તે થકી હે નાથ ! તમારી કાંતિ
પણ ના હણાણી, પરંતુ હણાણી છે આશા જેની એવો
ગ્રસ્તસ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા ॥ ૩૧ ॥—તે દુરાત્મા તેજ ર-
જોવડે કરી વ્યાપ્ત થયો. ॥ ૩૧ ॥
યદ્ગર્જદૂર્જિતઘનૌઘમદભ્રભીમં—ગર્જના કરતા તથા પ્રબળ મેઘનો
સમૂહ છે જેને વિષે તથા ઘણું ભયંકર એવું જે,
ભ્રશ્યત્તડિન્મુસલમાંસલઘોરધારમ્—પડતી છે વીજળીઓ જે થકી તથા
મૂશલના સરખી પુષ્ટ તથા ભયકર ધારાઓ છે જેને વિષે એવું,
દૈત્યેન મુક્તમથ દુસ્તરવારિ દધ્રે—તથા તારવાને અશક્ય જે જળ તે
દૈત્ય કમઠાસુરે વર્ષાવ્યું. તે જળે કીધું
તેનૈવ તસ્ય જિન દુસ્તરવારિકૃત્યમ્ ॥ ૩૨ ॥—તે કમઠાસુર પ્રત્યે
હે જીવ ! માઠી તરવારનું કામ ॥ ૩૨ ॥
ધ્વસ્તોર્ધ્વકેશવિકૃતાકૃતિમર્ત્યમુંડ—નીચે પડ્યા એવા ઉપરના કેશ તેણે
કરીને વિરૂપ થઈ છે આકૃતિ જેમની એવા મનુષ્યનાં માથાં તેનું
પ્રાલંબભૃદ્ભયદવક્ત્રવિનિર્યદગ્નિઃ—ઝુલતું ઝુંબણું તેને ધારણ કરનાર
એવા તથા ભયંકર મુખથકી નિકળે છે અગ્નિ જેને
પ્રેતવ્રજઃ પ્રતિભવંતમપીરિતો યઃ—જે દૈત્યનો [illegible] આપસાહેબ
પ્રત્યે પ્રેર્યો.
સોઽસ્યાઽભવત્પ્રતિભવં ભવદુઃખહેતુઃ ॥ ૩૩ ॥—તેજ દૈત્યનો સ-
મૂહ ભવોભવને વિષે તે કમઠાસુરનેજ સંસારના દુઃખનું કારણ થતો
હવો ॥ ૩૩ ॥
ધન્યાસ્ત એવ ભુવનાધિપ યે ત્રિસંધ્યં—હે ત્રણભુવનના અધિપતિ !
તેજ પુરૂષો ધન્ય છે જે ત્રણેકાળને વિષે
આરાધયંતિ વિધિવદ્વિધુતાન્યકૃત્યાઃ—તજ્યાં છે અન્ય કાર્યો જેમણે
એવા થઈને વિધિયુક્ત આરાધના કરે છે.

ભક્ત્યોલ્લસત્પુલકપક્ષ્મલદેહદેશાઃ—ભક્તિયે કરી ઉલ્લાસ પામતાં રોમાંચ તેણે કરી વ્યાપ્ત છે શરીરના ભાગ જેમના એવા

પાદદ્વયં તવ વિભો ભુવિ જન્મભાજઃ ॥ ૩૪ ॥—પૃથ્વિને વિષે ભવ્યજનો હે પ્રભુ તમારા ચરણયુગલનું આરાધન કરે છે. ॥ ૩૪ ॥

અસ્મિન્નપારભવવારિનિધૌ મુનીશ—હે મુનીશ ! પાર વગરના સંસારસમુદ્રને વિષે

મન્યે ન મે શ્રવણગોચરતાં ગતોઽસિ—તમે મારા કાનના વિષયપ્રત્યે પામ્યા નથી એમ હું માનું છું.

આકર્ણિતે તુ તવ ગોત્રપવિત્રમંત્રે—તમારા નામરૂપ પવિત્ર મંત્ર સાંભળે છતે

કિંવા વિપદ્વિષધરી સવિધં સમેતિ ॥ ૩૫ ॥—શું આપદારૂપી સર્પણુ સમીપ આવે ॥ ૩૫ ॥

જન્માંતરેઽપિ તવ પાદયુગં ન દેવ—હે દેવ ! જન્માંતરને વિષે પણ તમારા ચરણ યુગલ તેની નથી.

મન્યે મયા મહિતમીહિત દાનદક્ષમ્—વાંછિતને આપવામાં ચતુર એવા તે ચરણયુગલની મેં પૂજા નથી કીધી. એમ હું માનું છું.

તેનેહ જન્મનિ મુનીશ પરાભવાનાં—હે મુનીશ ! તેથી કરીનેજ આ જન્મને વિષે પરાભવોનું

જાતો નિકેતનમહં મથિતાશયાનામ્ ॥ ૩૬ ॥—મથન કર્યો છે ચિત્તનો આશય જેમણે એવા તે પરાભવોનું સ્થાનક હું થયો. ॥૩૬॥

નૂનં ન મોહતિમિરાવૃતલોચનેન—નિશ્ચે નથી, મોહરૂપ અંધકારથી ઢંકાયેલાં છે નેત્રો જેનાં એવા મેં,

પૂર્વં વિભો સકૃદપિ પ્રવિલોકિતોઽસિ—હે વિભુ ! પહેલાં એકવાર પણ તમે દેખાયલા નથી.

મર્માવિધો વિધુરયંતિ હિ મામનર્થાઃ—કારણકે મર્મસ્થાનને ભેદનારા એવા અનર્થો મને પીડા કરે છે.

મોઘત્પ્રબંધગતયઃ કથમન્યથૈતે ॥ ૩૭ ॥—અત્યંત પ્રાપ્ત થઇ છે કર્મપ્રબંધની પ્રવૃત્તિ જેને એવા તે અનર્થો છે. અન્યથા તે અનર્થો કેવી રીતે મને પીડે. ॥ ૩૭ ॥

આકર્ણિતોઽપિ મહિતોઽપિ નિરીક્ષિતોઽપિ—તમોને સાંભળ્યા, તમારી પૂજા કીધી, તથા તમને દેખ્યા, તોપણ

નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા—નિશ્ચે ભક્તિયે કરીને તમો ચિત્તમાં મારાથી ધારણ કરાયેલા નથી.

જાતોઽસ્મિ તેન જનબાંધવ દુઃખપાત્રં—તે કારણ માટે હે જગતના બાંધવ ! હું દુઃખનું પાત્ર ઉત્પન્ન થયો છું.

યસ્માત્ક્રિયાઃ પ્રતિફલંતિ ન ભાવશૂન્યાઃ ॥ ૩૮ ॥—જે કારણ માટે ભાવે કરી રહિત એવી ક્રિયાઓ ફળ આપતી નથી. ॥ ૩૮ ॥

ત્વં નાથ દુઃખિજનવત્સલ હે શરણ્ય—હે નાથ ! હે દુઃખિજનોને વિષે કૃપાકર ! હે શરણ કરવાલાયક ! તમે.

કારૂણ્ય પુણ્યવસતે વશિનાં વરેણ્ય—હે દયા અને ધર્મ અથવા દયા ધર્મના ઘર ! વશ કરી છે ઇંદ્રીઓ જેઓએ તેમને વિષે શ્રેષ્ટ હે પ્રભુ

ભક્ત્યા નતે મયિ મહેશ દયાં વિધાય—હે મહેશ ! ભક્તિયે કરી નમેલો એવો હું તેને વિષે દયા કરીને,

દુઃખાંકુરોદ્દલનતત્પરતાંવિધેહિ ॥ ૩૯ ॥—દુઃખનું જે ઉત્પત્તિસ્થાનક તેનો નાશ કરવાને વિષે તત્પરપણું કરો.

નિઃસંખ્યસારશરણું શરણં શરણ્ય—અનંત તેજનું ઘર એવું તથા શરણ કરવાયોગ્ય એવા શરણને,

માસાદ્ય સાદિતરિપુપ્રથિતાવદાતમ—જેણે ક્ષય પમાડ્યા છે રાગાદિક વૈરી તેથી પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવું. તે પામીને

ત્વત્પાદપંકજમપિ પ્રણિધાનવંધ્યો—તમારા ચરણ કમળને, તમારા ધ્યાને કરી શૂન્ય એવો હું

વંધ્યોઽસ્મિ ચેદ્‌ભુવનપાવન હા હતોઽસ્મિ ॥ ૪૦ ॥—હે ત્રણ જગતને પવિત્ર કરનાર ! જો હું એવો છું તો રાગાદિક શત્રુયે કરી હણવાયોગ્ય છું. હા ઇતિ ખેદે ! હું દુર્દૈવ હણાયો. ॥ ૪૦ ॥

દેવેંદ્રવંદ્ય વિદિતાખિલવસ્તુસાર હે દેવતાના ઇંદ્રોને પણ વંદવાયોગ્ય ! હે સમસ્ત વસ્તુના સારને જાણનાર !

સંસારતારક વિભો ભુવનાધિનાથ—હે સંસાર થકી તારનાર ! હે પ્રભુ ! હે ત્રિભુવનના નાથ !

ત્રાયસ્વ દેવ કરુણાહ્રદ માં પુનીહિ—હે દેવ ! હે કરુણાસમુદ્ર ! મારૂં રક્ષણ કરો, અને મને પવિત્ર કરો.

સીદંતમદ્ય ભયદવ્યસનાંબુરાશેઃ ॥ ૪૧ ॥—હમણાં દુઃખમાં આવી પડેલા મને ભયકર દુઃખના સમુદ્રથકી,

યદ્યસ્તિ નાથ ભવદંઘ્રિસરોરુહાણાં—હે નાથ ! જો હોય તમારા ચરણકમળની

ભક્તેઃ ફલં કિમપિ સતતિ સંચિતાયાઃ—પરંપરાયે કરી સંચેલી ભક્તિનું ફળ કાંઇ પણ જો હોય,

તન્મે ત્વદેકશરણસ્ય શરણ્ય ભૂયાઃ—તો હે શરણ્ય ! તમારૂંજ એકજ શરણ જેને એવા મને થાઓ.

સ્વામી ત્વમેવ ભુવનેઽત્ર ભવાંતરેઽપિ ॥ ૪૨ ॥—આ લોકને વિષે તેમજ ભાવાન્તરને વિષે તમેજ સ્વામી થાઓ. ॥ ૪૨ ॥

ઇત્થં સમાહિતધિયો વિધિવજ્જિનેંદ્ર—હે જીનેંદ્ર ! એ પ્રકારે સમાધિવાળી છે બુદ્ધિ જેની એવા,

સાંદ્રોલ્લસત્પુલકકંચુકિતાંગભાગાઃ—આકરો ઉલ્લાસ પામતો એવો રોમાંચ તેણે કરી સહિત છે શરીરના ભાગો જેના એવા,

ત્વદ્‌બિંબનિર્મલમુખાંબુજબદ્ધલક્ષ્યા—તમારા બિંબના નિર્મળ મુખરૂપ કમળને વિષે બાંધ્યું છે ધ્યાન જેમણે એવા

યે સંસ્તવં તવ વિભો રચયંતિ ભવ્યાઃ ॥ ૪૩ ॥—હે પ્રભુ ! જે જીવો તમારૂં સ્તવન કરે છે ॥ ૪૩ ॥

જનનયનકુમુદચંદ્ર—મનુષ્યોના નેત્રોને કમુદચંદ્ર બરોબર.

પ્રભાસ્વરાઃ સ્વર્ગ સંપદો ભુકત્વા—અતિશય દેદીપ્યમાન એવી તે વલોકની સંપદાપ્રત્યે અનુભવીને

તે વિગલિત મલ નિચયા—ગયો છે કર્મરૂપ મળ જેથકી એવા થઇને તેઓ

અચિરાન્મોક્ષં પ્રપદ્યંતે ॥ યુગ્મમ્ ॥ ॥ ૪૪ ॥—ઉતાવળે મોક્ષપ્રત્યે પામે છે ॥૪૪॥ (આ બે ગાથાનો અર્થ એકઠો છે.)

॥ ઇતિ શ્રી કલ્યાણમંદિરસ્તોત્રમ્ ॥

॥ અથ બૃહત્શાંતિસ્તવન ॥

(૯ મું સ્મરણ.)

(આ સૂત્ર તથા તેનો અર્થ પાછળ પૃષ્ટ ૧૩૮ મે આવી ગયો છે, માટે ત્યાં જોઇ લેવું.)

ઇતિ શ્રી

પંચપ્રતિક્રમણ સૂત્ર

તથા

નવસ્મરણ—અર્થ સહિત.

સમાપ્ત.

॥ अथ श्री जीवविचार ॥

(अर्थ सहित.)

॥ मूळ गाथाओ ॥

भुवणपईवं वीरं, नमिऊण भणामि अबुहबोहत्थं ॥
जीवसरूवं किंचि वि, जह भणियं पुव्वसूरीहिं ॥ १ ॥
जीवा मुत्ता संसा, रिणो य तस थावरा य संसारी ॥
पुढवि जल जलण वाऊ, वणस्सई थावरा नेया ॥ २ ॥
फलिह मणि रयण विद्दुम, हिंगुल हरियाल मणसिल रसिंदा ॥
कणगाइ धाउ सेढी, वन्निय अरणेट्टय पलेवा ॥ ३ ॥
अब्भय तूरी ऊसं, मट्टी पाहाण जाइओ णेगा ॥
सोवीरंजण लूणा इ, पुढविभेयाइ इच्चाई ॥ ४ ॥
भोमंतरिक्खमुदगं, ओसाहिमकरग हरितणू म[illegible] ॥
हुंति घणोदहिमाई, भेआ णेगा य आउस्स ॥ ५ ॥
इंगाल जाल मुम्मुर, उक्कासणि कणग विज्जुमाईया ॥
अगणिजियाणं भेया, नायव्वा निउण बुद्धीए ॥ ६ ॥

ભુવણ=(ત્રણ) ભુવન	ભણામિ=કહું છું	સરૂવં=સ્વરૂપ
પઈવં=દીવાસમાન	અબુહ=અજ્ઞાની	કિંચિ=કાંઈક
વીરં=વીર (પ્રભુ) ને	બોહ=બોધ	વિ=પણ
નમિઊણ=નમસ્કાર કરીને	અત્થં=અર્થે	જહ=જેમ
	જીવ=જીવ	ભણિઅં=કહ્યું છે

પુવ્વ=પૂર્વેના
સૂરીહિં=આચાર્યોએ
જીવા=જીવ
મુત્તા=મુક્તિના
સંસારિણા=સંસારીના
ય=વળી
તસ=ત્રસ
થાવરા=થાવર
સંસારી=સંસારી
પુઢવી=પૃથ્વીકાય
જલ=અપકાય
જલણ=તેઉકાય
વાઉ=વાઉકાય
વણસ્સઈ-વનસ્પતિકાય
[illegible]=જાણવા
ફલિહ=સ્ફટીક
મણિ=મણી
રયણ=રત્ન
વિદ્રુમ=પરવાળાં
હિંગુલ=હિંગલોક
હરિયાલ=હરતાલ
મણસીલ=મનશીળ

રસિંદા=પારો
કણગ=સોનું
આઇ=આદિ
ધાઉ=ધાતુ
સેઢી=ખડી
વન્ની=રમચી
અરણેટ્ટય=અરણેટો
પલેવા=પારેવો
અબ્ભય=અબરખ
તૂરી=તેજંતૂરી
ઉસં=ઉસ, ખારીમાટી
મટ્ટી=માટી
પાહાણ=પાષાણ, પથ્થર
જાઇઓ=જાતિઓ
ણેગા=અનેક
સોવીર=સુરમો
અંજણ=આંજવાનો
લૂણ=મીઠું
લેયાઇ=લેઢા
ઇચ્ચાઇ=ઇત્યાદિ
ભોમ=પૃથ્વીનું
અંતરિક્ખ=આકાશનું

ઉદગં=પાણી
ઓસા=ઠારનું
હિમ=બરફ
કરગ=કરા
હરિતણું=લીલું ઘાસ
મહિયા=ધુંવરનું
હુંતિ=હોય, છે.
ઘણોદહિં=ઘનોદધિ
ભેયા=ભેદો
આઉસ્સ=અપકાય
ઈંગાલ=અંગારા (નો)
જાલ=જવાલા (નો)
મુમ્મુર=ભરસાડ
ઉક્કા=ઉલ્કાપાત
અસણિ=વજ્ર
કણગ=કણિઆ
વિજ્જુ=વિજળીનો
અગણિ=અગ્નિકાય
જિયાણ=જીવોના
નાયવ્વા=જાણવા
નિઉણ=નિપુણ, ડાહી
બુદ્ધિએ=બુદ્ધિએ, વડે

ભુવણ પઇવં વીરં,—ત્રણ ભુવનમાં દીવાસમાન શ્રી વીરપ્રભુને.

નમિઊણ ભણામિ અબુહ બોહત્થં—નમસ્કાર કરીને કહું છું. અજ્ઞાની જીવોને બોધ (જાણવા) ને અર્થે (શું?)

જીવસરૂવં કિંચિવિ,—જીવનું કિંચિત્ સ્વરૂપ.

જહ ભણિયં પુવ્વ સૂરીહિં ॥૧॥—જેમ પૂર્વના આચાર્યોએ કહ્યું છે તેમ.

જીવા મુત્તા સંસા,—જીવો મુક્તિના અને સંસારીના એ બે પ્રકારે છે.
રિણાય તસ થાવરાય સંસારી—ત્રસ અને થાવર એ બે સંસારીના ભેદ છે.
પુઢવી જલ જલણ વાઉ,—પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય,
વણસ્સઈ થાવરા નેયા ॥ ૨ ॥—(અને) વનસ્પતિકાય, એ પાંચ થાવર જાણવા.
ફલિહ મણિ રયણ વિદ્દુમ—સ્ફટિકરત્ન, મણિ, રત્ન, પરવાળાં,
હિંગુલ હરિયાલ મણસીલ રસિંદા—હિંગલોક, હડતાલ, મનશીળ, પારો,
કણગાઈ ધાઉ સેઢી—સોનું આદિ સાત (સોનું, રૂપુ, તાંબુ, સીસું, કલઈ, જસત, લોઢુ) ધાતુ, ખડી,
વન્નિય અરણેટ્ટય પલેવા ॥ ૩ ॥—રમચી, અરણેટ્ટો, અને પારેવો પાષાણ.
અબ્ભય તૂરિંઊસં,—અબરખ, તેજંતુરી, (લોઢાની અંદર નાંખવાથી સોનું થાય.) ઉસ,
મટ્ટી પાહાણ જાઈઓ ણેગા—માટી અને પથ્થરની અનેક જાતિઓ.
સોવીરંજણ લૂણાઈ—આંજવાના સુરમો, મીઠું, સીંધવ, વગેરે.
પુઢવી ભેયાઇ ઈચ્ચાઈ ॥ ૪ ॥—ઇત્યાદિ પૃથ્વીકાયના ભેદો.
ભોમંતરિક્ખ મુદગં,—પૃથ્વીનું, (કુવા વગેરેનું) આકાશનુ (વરસાદનું) પાણી,
ઓસાહિમ કરગ હરિતણુ મહિઆ—ઠારનું, બરફનું, કરાનું, લીલા ઘાસ-પરનું, તથા ધુવરનું.
હુંતિ ઘણોદહિમાઇ, ભેયા ણેગાય આઉસ્સ ॥ ૫ ॥—ઘનોદધિ, વગેરનું પાણી. ઇત્યાદિ અપકાયના અનેક ભેદ છે.
ઈંગાલ જાલ મુમ્મુર,—અંગારાનો અગ્નિ, જ્વાલાનો, ભરસાડ (ઉની રાખોડા) ના.
ઉક્કાસણિ કણગ વિજ્જુમાઇયા—ઉલ્કાપાતનો, વજ્રનો, કણીઆનો, વિજળીનો, વગેરે.
અગણિ જિયાણં ભેયા,—અગ્નિકાય જીવોના ભેદ.
નાયવ્વા નિઉણ બુદ્ધિએ ॥ ૬ ॥—નિપુણ (ડાહી) બુદ્ધિએ જાણવા.

॥ मूळ गाथाओ ॥

उब्भामग उक्कलिया, मंडलिमह (मुह) सुद्ध गुंजवाया य ॥
घण तणु वायाईया, भेया खलु वाउकायस्स ॥ ७ ॥
साहारण पत्तेया. वण सइजीवा दुहासुए भणिया ॥
जेसिमणंताणं तणु, एगा साहारणा तेऊ ॥ ८ ॥
कंदा अंकुर किसलय, पणगा सेवाल भूमि फोडा य ॥
अल्लयतिय गज्जर मो, त्थ वथ्थुला थेग पल्लंका ॥ ९ ॥
कोमलफलं च सव्वं, गूढसिराइं सिणाइपत्ताइं ॥
थोहरि कुंआरि गुग्गुलि, गलोयपमुहा य छिन्नरुहा ॥ १० ॥
इच्चाइणो अणेगे, हवंति भेया अणंतकायाणं ॥
तोसिं परिजाणणथ्थं, लख्खणमेयं सुए भणियं ॥ ११ ॥

ઉબ્ભામગ=ઉદ્‌ભ્રામક
ઉક્કલિયા=ઉત્કલિત
મંડલિ=મંડલિક (વંટોળીઓ.)
મહ=મહાવાયુ
શુદ્ધ=શુદ્ધવાયુ, મંદવાયુ
ગુંજવાયા=ગુંજારવ કરતો વાયુ
ઘણ=ઘનવાત
તણુ=તનવાત
વાય=વાયરો
ખલુ=નિશ્ચે
વાઉકાયસ્સ=વાઉકાયના
સાહારણ=સાધારણ
પત્તેયા=પ્રત્યેક
વણસઇ=વનસ્પતિકાય
જીવા=જીવા
દુહા=બે પ્રકાર
સુએ=સૂત્રને વિષે
ભણિયા=કહ્યા છે
જેસિં=જેમનું
અણંતાણં=અનંતજીવનું
તણુ=શરીર
એગા=એક
સાહારણા=સાધારણ
તેઉ=તેઓ.
કંદા=કંદમૂળ (ભોંયમાં પાકે તે)
અંકુર=અંકુરા, ફણગા
કિસલય=કુંપલો
પણગા=પાંચ વર્ણની
સેવાલ=સેવાલ
ભૂમિફોડા=બિલાડીના ટોપ
અલ્લયતિય=આર્દ્રકત્રિક
ગજ્જર=ગાજર
મોથ=મોથ
વથ્થુલા=વથ્થુલો

થેગ=થેગનીભાજી	સિણાઇ=શણ વગેરે	થી ઉગે તે
પલ્લંકા=પાલખું (શાક)	પત્તાઇં=પાંદડાઆદિ	ઇચ્ચાઇણો=ઇત્યાદિ
કોમળ=કુમળા	થોહરિ=થોરનીજાત	અણેગે=અનેક
ફૂલં=ફૂલ	કુંઆરિ=કુંઅર	તેસિં=તેમને
સવ્વં=સર્વ	ગુગ્ગુલી=ગૂગલ	પરિ=સારી રીતે
ગૂઢ=છાનું	ગલોય=ગલો	જાણણત્થં=જાણવાને અર્થે
સિરાઇ=કણસલો, પોંખ વગેરે	પમુહાય=પ્રમુખ	લખ્ખણં=લક્ષણ
	છિન્નરુહા=છેદાને વાવવા-	એઅ=આ

ઉપ્ભામગ ઉક્કલિઆ—ઉદ્‌ભ્રામક (ઉંચો ચડે તે) વાયુ, ઉક્કલિઆ (નીચે પડે તે) ઉત્કલિત વાયુ.

મંડલિમહ સુદ્ધ ગુંજવાયાય—મંડલિક (વંટોળીઓ) વાયુ, મહાવાયુ, શુદ્ધવાયુ, (ઝીણો ઝીણો વાય તે.) ગુંજાવર કરતો વાયુ, વળી.

ઘણ તણ વાયાઇયા—ઘનવાત અને તનવાત આદિ (જેને આધારે નરક દેવલોકાદિ રહ્યા છે તે.)

ભેયા ખલુ વાઉકાયસ્સ ॥ ૭ ॥- એ પ્રમાણે નિશ્ચે વાઉકાયના ભેદો.

સાહારણ પત્તેઆ—સાધારણ (એક શરીરમાં અનંતા જીવવાળી) અને પ્રત્યેક. (એક શરીરમાં એક જીવ વાળી.)

વણસ્સઇ જીવા દુહા સુએ ભણિયા—(એમ) વનસ્પતિકાય જીવો બે પ્રકારે સૂત્રને વિષે કહ્યા છે.

જેસિ મણંતાણંતણુ—જે અનંત જીવોનું શરીર,

એગા સાહારણા તેઉ ॥ ૮ ॥—એક હોય તે સાધારણ વનસ્પતિકાય.

કંદા અંકુર કિસલય—કંદમૂળ, (મૂળા, બટાટા, વગેરે.) ફણગા, કુંપલો, (ટીશીઓ) વળી.

પણગા સેવાલ ભૂમિ ફોડાય—પાંચ વર્ણની શેવાલ, બિલાડીના ટોપ, વગેરે.

અલ્લયતિય ગજ્જર મોથ—આર્દ્રકત્રિક, (લીલી હળદર, લીલુ આદુ, લીલો કચુરો) ગાજર તથા મોથ (એક જાતનું શાક).

વત્થુલા થેગ પલ્લંકા ॥ ૯ ॥—વત્થુલો, થેગ, પલ્લંકા, (એ એક જાતનાં શાક છે.)

કોમલ ફલંચ સવ્વં—સર્વ જાતિનાં કોમલ ફલ, જેમાં બીજ ન થયાં હોય,

ગૂઢ સિરાઈ સિરાઈ પત્તાઇં—જેનો કણુસલો, નસો, વગેરે છાનું હોય તે. તથા શણુ વિગેરેનાં પાંદડાં એ અનંતકાય જાણવાં.

થોહરિ કુંઆરિ ગુગ્ગુલિ—થોરની જાત, કુંવર, ગુગલી વૃક્ષ,

ગલોય પમૂહાય છિન્નરૂહા ॥ ૧૦ ॥—ગલો પ્રમુખ જે છેદીને વાવવાથી ફરીને ઉગે તે.

ઇચ્ચાઇણો અણેગે—ઇત્યાદિ અનેક પ્રકારે

હવંતિ ભેયા અણંતકાયાણં—અનંતકાયના ભેદો છે.

તેસિં પરિજાણુણત્થં—તેમને વિશેષે જાણવાને અર્થે

લક્ખણમેઅં સુએ ભણિયં ॥ ૧૧ ॥—આ લક્ષણ સૂત્રને વિષે કહ્યાં છે.

॥ मूळ गाथाओ ॥

गूढ सिरसंधिपव्वं, समभंगमहीरुगं च छिन्नरुहं ॥
साहारणं सरीरं, तव्विवरीयं च पत्तेयं ॥ १२ ॥
[illegible]सरीरे एगो, जीवो जेसिं तु तेय पत्तेया ॥
फल[illegible] छल्लि कट्ठा, मूलग पत्ताणि बीयाणि ॥ १३ ॥
पत्तेयं तरुमु[illegible] पंचवि पुढवाइणो सयललोए ॥
सुहुमा हवंति नि[illegible]मा, अंतमुहुत्ताउ अदिस्सा ॥ १४ ॥
संख कवड्डय गंडु[illegible] जलोय चंदणग अलस लहगाई ॥
मेहरि किमि पूयरगा, बेइंदिय माइवाहाई ॥ १५ ॥
गोमी मंकण जूआ, पिपीलि उद्देहिया य मक्कोडा ॥
इल्लिय घयमिल्लीओ, सावय गोकीड जाईओ ॥ १६ ॥
गद्दहय चोर कीडा, गोमयकीडा य धन्नकीडा य ॥
कुंथु गुवालिय इलिया, तेइंदिय इंदगोवाई ॥ १७ ॥

સંધિ=સાંધા
પવ્વં=પર્વ, ગાંઠા
સમભંગ=ભાગવાથી જેના સરખા બે ભાગ થાય
અહીરૂગં ચ=તાંતણા રહિત
છિન્નરૂહં=છેદીને વાવેથી ફરીને ઉગે
સાહારણં=સાધારણ
શરીરં=શરીર
તત્=તેથી
વિવરિઅં=વિપરીત
પત્તેયં=પ્રત્યેક
એગ=એક
શરીરે=શરીરમાં
એગો=એક
જીવો=જીવ
જેસિં=જેમનું
તેય=તેને
પત્તેયા=પ્રત્યેક
ફલ=ફળ
ફુલ=ફુલ
છલ્લિ=છાલ
કટ્ઠા=કાષ્ટ

મૂલગ-મૂળ
પત્તાણિ=પાંદડાં
બિયાણી=બીજ
પત્તેય=પ્રત્યેક
તરૂ=વનસ્પતિકાય
મુત્તં=મુકીને
પંચવિ=પાંચ પ્રકારના
પુઢવાઇણો=પૃથ્વીકાયાદિ
સયલ=સકલ
લોએ=રાજયલોકને વિષે
સુહુમા=સૂક્ષ્મ
હવંતિ=હોય છે,
નિયમા=નિશ્ચય કરી.
અંતમુહુત્ત=અંતર્મુહુર્તના
આઉ=આયુષ્યવાળા.
અદિસા=અદૃશ.
સંખ=શંખ
કવડ્ડ્ય=કોડા
ગંડુલ=ગંડોલા
જલો=જલો
ચંદણગ=ચંદનક
અલસે=અલસીઆ

લહગાઇ=લાળીઆં
મેહરિ=મેર (લાકડાના કીડા)
કિમિ=કરમીઆ
પૂઅરગા=પોરા
માઇવાહાઇ=ચુડેલ
ગોમિ=કાનખજુરા
મંકણ=માંકણ
જૂઆ=જૂ
પિપીલી=કીડીઓ
ઉદ્દેહિઆ=ઉધેઈ
મક્કોડા=મંકોડા
ઇલ્લિય=ઇયળ
ઘયમિલ્લીઓ=ઘીમેલો
સાવય=સવા
ગોકીડ=ગોગીડા
ગદ્દહય=ઉત્તિંગ,ગધૈયા
ચોરકીડા=વિષ્ટાના કીડા
ગોમય કીડા=છાણના કીડા
ધન્નકીડા=ધાન્યના કીડા
કુંથુ=કુંથુઆ
ગોવાલિય=ગોપલિકા
ઇલ્લિય=ઇયળ [દિ
ઇંદગોવાઇ=ઇંદ્રગોપઆ-

ગૂઢસિર સંધિ પવ્વં—જેનાં (સીર) કણુસલાં, સાંધા (નસો), ગાંઠા, વગેરે છાનું હોય.

સમભંગ મહીરૂગંચ છિન્નરૂહં—ભાગવાથી જેના બે સરખા ભાગ થાય, તથા જેમાં તાંતણા હોય નહીં, તથા જે છેદીને વાવીએ તો ફરીને ઉગે.

સાહારણં શરીરં—તેને સાધારણ વનસ્પતિકાયનાં શરીર કહીએ.

તવ્વિવરીઅં ચ પત્તેયં ॥ ૧૨ ॥—તેથી વિપરીત લક્ષણવાળીને પ્રત્યેકવનસ્પતિકાય કહીએ.

એગ શરીરે એગો—એક શરીરને વિષે એક

જીવો જેસિં તુ તેય પત્તેયા—જીવ જે (વૃક્ષ)ને હોય તેને પ્રત્યેકવનસ્પતિકાય કહીએ.

ફલ ફૂલ છલ્લિ કટ્ઠા—ફળ, ફુલ, છાલ, લાકડું.

મૂલગપત્તાણિ બીયાણિ ॥ ૧૩ ॥—મૂળ, (નીચેનું થડ) પાંદડાં, બીજ, એ પ્રત્યેકવનસ્પતિકાય છે.

પત્તેય તરૂ મુત્તં—એ પ્રત્યેકવનસ્પતિકાય મુકીને,

પંચવિ પુઢવાઇણો સયલ લોએ—પાંચે પૃથ્વીકાયાદિ સકલ (ચૌદ રાજ્ય) લોકને વિષે.

સુહુમા હવંતિ નિયમા—નિશ્ચે કરી સૂક્ષ્મ હોય છે.

અંતમુહુત્તાઉ અદ્દિસા ॥ ૧૪ ॥—અંતર્મુહુર્ત્તના આયુષ્યવાલા અને અદ્રશ્ય હોય છે.

સંખ કવ[illegible] ગંડુલ—શંખ, કોડા, ગંડોલા,

જલોય ચં[illegible] અલસ લહગાઇ—જલો, ચંદનક (અરિઆ), અલશીઆ, લાળી[illegible]જીવ, (વાશી [illegible]લા રોટલીમાં ઉત્પન્ન થાય છે તે).

મેહ રિ કિમિ પૂઅર[illegible]—મેર, (લાકડાના કીડા) કૃમિ, પોરા,

બે ઇંદિય માઇવાહાઇ ॥ ૧૫ ॥—ચુડેલ, વગેરે બેઇંદ્રિય જીવ જાણવા.

ગોમી મંકણ જૂઆ—કાનખજુરા, માંકણ, જૂઆ,

પિપીલી ઉદ્દેહિયાય મક્કોડા—કીડીઆ, ઉધેઈ, તથા મંકોડા.

ઇલ્લિય ઘયમિલ્લિઓ—ધાન્યની ઇયલ, તથા ધીમેલો,

સાવય ગોકીડ જાઇઓ ॥ ૧૬ ॥—સવા, (વાળમાં ઉત્પન્ન થાય છે) ગોકીટક અથવા ચિચ્ચડી વગેરે.

ગદ્દહય ચોરકીડા—ઉત્તિંગા, વિષ્ટાના કીડા,
ગોમય કીડાય ધન્નકીડાય—છાણના કીડા, અનાજના કીડા, વળી
કુંથુ ગોવાલિય ઇલિયા—કુંથુઆ, ગોપાલિકા, ઇયળ,
તેઇંદિય ઇંદગોવાઇ ॥ ૧૭ ॥—ઇંદ્રગોપ, આદિ તેઇંદ્રિ જીવો છે. ॥૧૭॥

॥ मूळ गाथाओ ॥

चउरिंदिया य विच्छू, ढिंकुण भमरा य भमरिया तिड्डा ॥
मच्छिय डंसा मसगा, कंसारी कविलडोलाई ॥ १८ ॥
पंचिंदिया य चउहा, नारय तिरिया मणुस्स देवा य ॥
नेरइया सत्तविहा, नायव्वा पुढवि भेएणं ॥ १९ ॥
जलयर थलयर खयरा, तिविहा पंचिंदिया तिरिक्खा य ॥
सुसुमार मच्छ कच्छव, गाहा मगरा य जलचारी ॥ २० ॥
चउपय उरपरिसप्पा, भुयपरिसप्पा य थलयरा तिविहा ॥
गो सप्प नउल पमुहा, बोधव्वा ते समासेणं ॥ २१ ॥
खयरा रोमयपक्खी, चम्मयपक्खी य पायडा चेव ॥
नरलोगाओ बाहिं, समुग्गपक्खीवियय पक्खी ॥ २२ ॥

ચઉરિંદિયા=ચાર ઇંદ્રિ-
વાળા
વચ્છુ=વિંછી
ઢિંકુણ=બગાઈ
ભમરા=ભમરા
ભમરિયા=ભમરીઓ
તિડ્ડા=તિડ
મચ્છિય=માખી
ડંસા=ડાંસ
મસગા=મચ્છર

કંસારી=કંસારી
કવિલ=કપિલ
ડોલ=ખડમાંકડી
પંચિંદિયા=પાંચ ઇંદ્રિ-
વાળા
ચઉહા=ચાર પ્રકારે
નારય=નારકી
તિરિયા=તિર્યંચ
મણુસ્સ=મનુષ્ય
દેવા=દેવતા

નેરઇયા=નારકી
સત્ત=સાત
વિહા=પ્રકારના
જલયર=પાણીમાં ચા-
લનારા
થલયર=જમીન ઉપર
ચાલનારા
ખયરા=આકાશમાં ઉ-
ડનાર
તિવિહા=ત્રણ પ્રકારે

તિરિક્ખા=તિર્યંચ	ભુયપરિસપ્પા=ભુજાએ ચાલનારા, (સાપ નોળ પ્રમુખ)	ગમ્મયપક્ખી=ચામીડાની પાંખવાળા
સુસુમાર=પાડાના આકારના પાણીના જીવ	ગો=ગાય	પાયડા=પ્રગટ છે
મચ્છા=માછલા	સપ્પ=સાપ	ચેવ=નિશ્ચે
કચ્છવ=કાચબા	નઉલ=નોળીઆ	નરલોગાઓ=મનુષ્ય લોકની
ગાહા=ઝુડ (તંતુ જેવા જીવ)	પમુહા=પ્રમુખ	બાહિં=બહાર
મગર=મગર	બોધવ્વા=જાણવા	સમુગ્ગપક્ખી=સંકોચેલી પાંખવાળા પક્ષી
ચઉપય=ચાર પગવાળા	સમાસેણું=સંક્ષેપથી	વિયયપક્ખી=વિસ્તારેલી પાંખવાળા પક્ષી
ઉરપરિસપ્પા=પેટે ચાલનારા સાપ	રોમયપક્ખી=રૂવાટાંની પાંખવાળા	

ચઉરેંદિયાય વિચ્છુ—ચાર ઇંદ્રિવાળા જીવો આ છે. વિંછી,
ઢિંકુણ ભમરાય ભમરિયા તિડ્ડા—બગાઇ, ભમરા, ભમરી, તીડ,
મચ્છિય ડંસા મસગા—માખી, ડાંસ, મચ્છર,
કંસારી કવિલ ડોલાઈ ॥ ૧૮ ॥—કંસારી, કપિલ, તથા ખડમાંકડી.
પંચિંદિયાય ચઉહા—પાંચ ઇંદ્રિવાળા જીવો ચાર પ્રકારે છે.
નારય તિરિયા મણુસ્સ દેવા ય—નારકી, તિર્યંચ, મનુષ્ય, અને દેવતા.
નેરઇયા સત્તવિહા—નારકી જીવો સાત પ્રકારે છે.
નાયવ્વા પુઢવી ભેએણું ॥ ૧૯ ॥—રત્નપ્રભાદિ પૃથ્વિને ભેદે જાણવા.
જલયર થલયર ખયરા—જલચર, થલચર, અને ખેચર.
તિવિહા પંચિંદિયા તિરિક્ખા ય—તિર્યંચ પંચેંદ્રિ જીવો ત્રણ પ્રકારે છે.
સુસુમાર મચ્છ કચ્છવ—સુસુમાર જાતિના જીવ માછલાં અને કાચબા.
ગાહા મગરા ય જલચારી ॥ ૨૦ ॥—ઝુડ, મગર, વગેરે જલચર જીવો છે.
ચઉપય ઉરપરિસપ્પા—ચાર પગવાળાં, પેટે (છાતીએ) ચાલનારા સર્પ.
ભુયપરિસપ્પા ય થલયરા તિવિહા—ભુજપરિ સર્પ, એમ થલચર જીવો ત્રણ પ્રકાર છે.
ગો સપ્પ નઉલ પમુહા—ગાય, સાપ, નોળ, પ્રમુખ.

બોધવ્વા તે સમાસેણં ॥ ૨૧ ॥—તે સંક્ષેપથી જાણવા. ॥ ૨૧ ॥
ખયરા રોમય પક્ખી—ખેચર જીવો બે પ્રકારે છે. રૂવાટાંની પાંખવાળાં.
(કાગડા, ચકલી, વગેરે)
ચમ્મય પક્ખીય પાયડા ચેવ—ચામડાની પાંખવાળાં. (વાગોળ, ચામા-
ચીડીયાં, વગેરે) નિશ્ચે પ્રસિદ્ધ છે.
નરલોગાઓ બાહિં—તે શિવાય મનુષ્યલોકની બાહાર
સમુગ્ગપક્ખી વિયયપક્ખી ॥ ૨૨ ॥—સંકોચેલી પાંખવાળા, અને
વીસ્તારેલી પાંખવાળાં પક્ષી છે. ॥ ૨૨ ॥

॥ मूळ गाथाओ ॥

सव्वे जल थल खयरा, समुच्छिमा गप्भया दुहा हुंति ॥
कम्मा कम्मग (महिया) भूमी, अंतरदीवा मनुस्सा य ॥२३॥
दसहा भवणाहिवई, अट्ठविहा वाणमंतरा हुंति ॥
जोइसिया पंचविहा, दुविहा वेमाणिया देवा ॥ २४ ॥
सिद्धा पनरस भेया, तित्थातित्थाइ सिद्धभेएणं ॥
एए संखेवेणं, जीवविगप्पा समक्खाया ॥ २५ ॥
एएसिं जीवाणं, सरीर माउ ठिई सकायम्मि ॥
पाणा जोणि पमाणं, जेसिं जं अत्थि तं भणिमो ॥ २६ ॥
अंगुलअसंखभागो, सरीरमेगिंदियाण सव्वेसिं ॥
जोयण सहस्स महियं, नवरं पत्तेयरुक्खाणं ॥ २७ ॥

સવ્વે=સર્વ
જલ=જલચર
થલ=થલચર
ખયરા=ખેચર

સમુચ્છિમા=સમુર્છિમ (પરસેવાવગેરે ચોદ સ્થાનકે ઉત્પન્ન થાયતે)
ગપ્ભયા=ગર્ભજ (ગર્ભ થી ઉત્પન્ન થાય તે)

દુહા=બે પ્રકારે
કમ્મ=કર્મભૂમીના
અકમ્મ=અકર્મ ભૂમીના

ભૂમી=પૃથ્વીના	અતિત્થ=અતીર્થંકર	જેસિં=જેમનું
અંતરદીવા=અંતર દ્વીપના	એઅ=એ રીતે	જં=જેટલું
મણુસ્સાય=મનુષ્યો	સંખેવેણં=સંક્ષેપે કરીને	અત્થિ=છે
દસહા=દશ પ્રકારે	જીવ=જીવના	તં=તેટલું
ભવણાહિવઇ=ભુવનપતી	વિગપ્પા=વિકલ્પ, ભેદ	ભણિમો=કહીશ
અટ્ઠવિહા=આઠ પ્રકારે	સમખ્ખાયા=રૂડે પ્રકારે કહ્યા.	અંગુલ=આગલનો
વાણમંતરા=વાણવ્યંતર	એએસિં=એના	અસંખ=અસંખ્યાતમો
જોઇસિયા=જ્યોતિષી	જીવાણં=જીવોના	ભાગો=ભાગ
પંચવિહા=પાંચ પ્રકારે	શરીરં=શરીરનું	એગિંદિયાણ=એકેંદ્રિ
દુવિહા=બે પ્રકારે	આઉ=આયુષનું	સવ્વેસિં=સર્વેનું
વેમાણીયા=વૈમાનીક	ઠિઇ=સ્થિતિ	જોયણ=જોજન
સિદ્ધા=સીદ્ધના	સકાયંમિ=પોતાની કાયામા	સહસ્સ=હજાર
પન્નરસ=પંદર	પાણા=પ્રાણ	અહિયં=અધિક
ભેયા=ભેદ	જોણિ=યોનિ	નવરં=વિશેષ
તિત્થ=તીર્થંકર	પમાણં=પ્રમાણ	પત્તેયં=પ્રત્યેક
		રૂખ્ખાણં=ઝાડોનું

સવ્વે જલથલ ખયરા—સર્વે જલચર, થળચર, અને ખેચર,

સમુચ્છિમા ગબ્ભયા દુહા હુંતિ—સમુર્ચ્છિમ, અને ગર્ભજ બે પ્રકારે છે.

કમ્મા કમ્મગ ભૂમિ—કર્મભૂમિના, અકર્મભૂમિના,

અંતરદીવા મણુસ્સાય ॥ ૨૩ ॥—અને અંતરદ્વીપના એ મનુસ્યના ભેદ.

દસહા ભવણાહિવઇ—દશપ્રકારે ભુવનપતિ દેવો છે.

અટ્ઠવિહા વાણમંતરાહુંતિ—આઠ પ્રકારે વાણવ્યંતર દેવો છે.

જોઇસિયા પંચવિહા—જ્યોતિષી દેવો પાંચ પ્રકારે છે.

દુવિહા વેમાણિયા દેવા ॥ ૨૪ ॥—બે પ્રકારે વૈમાનિક દેવો છે. ॥ ૨૪ ॥

સિદ્ધા પન્નરસ ભેયા—સિદ્ધના પંદર ભેદ છે.

તિત્થા તિત્થાઇ સિદ્ધ ભેએણ—તીર્થ સિદ્ધ તથા અતીર્થ સિદ્ધના ભેદે કરીને.

એએ સમેવેણં—એ સર્વ સક્ષેપથી
જીવવિગપ્પા સમખ્ખાયા ॥ ૨૫ ॥—જીવના ભેદ ૬૩ પ્રકારે કહ્યા.
એએસિં જીવાણં—એ જીવોનું (સ્થિતિ
શરીર માઉઠિઈ સકાયંમિ—શરીર, આયુષ, અને પોતાની કાયાને વિષે
પાયાજોણિ પમાણં—પ્રાણ અને યોનીનું પ્રમાણ
જેસિં જં અથ્થિ તં ભણિમો ॥ ૨૬ ॥—જેમનું જેટલું છે તેટલું કહીશું. ॥ ૨૬ ॥

અંગુલ અસંખ ભાગો—આંગળના અસંખ્યાતમા ભાગનું
શરીર મેગિંદિયાણ સવ્વેસિં—સર્વે એકેંદ્રિ જીવોનું શરીર હોય છે.
જોયણ સહસ્સ મહિયં—પરંતુ હજાર જોજનથી કાંઇક અધિક.
નવરં પત્તેય રૂખ્ખાણં ॥ ૨૭ ॥—પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર હોય એટલી વિશેષતા છે.

॥ मूळ गाथाओ ॥

बारस जोयण तिन्नेव, गाऊआ जोयणं च अणुकमसो ॥
बेइंदिय तेइंदिय चउरिंदिय देह मुच्चत्तं ॥ २८ ॥
धणुसयपंच पमाणा, नेरइया सत्तमाइ पुढवीए ॥
तत्तो अद्धद्धूणा, नेया रयणप्पहा जाव ॥ २९ ॥
जोयण सहस्स माणा, मच्छा उरगा य गप्भया हुंति ॥
धणुह पुहुत्तं पख्खी, भुअचारी गाउअ पुहुत्तं ॥ ३० ॥
खयरा धणु पुहुत्तं, भुअगा उरगा य जोयणपुहुत्तं ॥
गाउअ पुहुत्त मित्ता, समुच्छिमा चउपया भणिया ॥ ३१ ॥
छच्चेव गाउआइं, चउप्पया गप्भया मुणेयव्वा ॥
कोसतिगं च मणुस्सा, उक्कोस सरीरमाणेणं ॥ ३२ ॥

બારસ=બાર
જોયણ=જોજન
તિન્નેવ=ત્રણ
ગાઉઆ=ગાઉ
અણુક્કમસો=અનુક્રમે
ઉચ્ચત્તં=ઉંચપણું
ધનુ=ધનુષ્ય
સય=સો
પંચ=પાંચ
પમાણા=પ્રમાણ
નેરઇયા=નારકીની

સત્તમાઇ=સાતમી
પુઢવીએ=પૃથ્વીમાં
તત્તો=તેથી
અદ્ધદ્ધ=અડધા અડધા
ઊણા=ઓછા
નેયા=જાણવા
રયણપ્પહા=રત્નપ્રભા
જાવ=યાવત્
માણા=માન
મચ્છા=મચ્છ
ઉરગાય=ઉરપરિસર્પ

ગબ્ભયા=ગર્ભજ
પુહુત્તં=બેથી નવસુધી
પખ્ખીસુ=પક્ષીઓનું
ભુયચારી=ભુજપરિસર્પનું
ઇત્તો=એવી રીતે
ચઉપ્પયા=ચોપગા
મુણેયવ્વા=મનાય છે
કોસિ=ગાઉ
તિગં=ત્રણ
ઉક્કોસા=ઉત્કૃષ્ટ
માણેણં=માન પ્રમાણ

બારસ જોયણ તિન્નેવ—બાર જોજન (ત્રણ ગાઉ)
ગાઉઆ જોયણં ચ અણુક્કમસો—અને એક જોજનનું શરીર અનુક્રમે
બે ઇંદિય તે ઇંદિય—બે ઇંદ્રિ, તે ઇંદ્રિ.
ચઉરિંદિય દેહ મુચ્ચત્તં ॥ ૨૮ ॥—અને ચૌરિંદ્રિ જીવોનું દેહનું ઉંચપણું જાણવું.
ધણુસય પંચ પ્રમાણા—પાંચસે ધનુષનું પ્રમાણ.
નેરઇયા સત્તમાઈ પુઢવીએ—સાતમી પૃથ્વીના નારકીઓનું હોય છે.
તત્તો અદ્ધદ્ધૂણા—તેથી અરધા અરધા ઓછા.
નેયા રયણપ્પહા જાવ ॥ ૨૯ ॥—યાવત્ રત્નપ્રભા પેહેલી નારકી સુધી જાણવા. એટલે સાતમીનું ૫૦૦ ધનુષનું. છઠ્ઠીનું ૨૫૦, પાંચમીનું ૧૨૫, એ પ્રમાણે પહેલી સુધી જાણવું.
જોયણ સહસ્સમાણા—હજાર જોજનનું પ્રમાણ,
મચ્છા ઉરગાય ગબ્ભયાહુંતિ—ગર્ભજ મચ્છ અને ઉરપરિ સર્પનું હોય છે.
ધણુહ પુહુત્તં પખ્ખીસુ—પક્ષીનું બેથી નવ ધનુષ્યનું શરીર પ્રમાણ ઉત્કૃષ્ટથી હોય છે.
ભુયચારી ગાઉઅ પુહુત્તં ॥ ૩૦ ॥—ભુજપરિ સર્પના શરીરનું પ્રમાણ

બેથી નવ ગાઉનું હોય છે.

ખયરા ધણુહ પુહુત્તં—(હવે સમૂર્છિમ જીવોનું કહે છે.) ખેચરનું બેથી નવ ધનુષ્યનું,

ભુયગા ઉરગાય જોયણ પુહુત્તં—ભુજપરિસર્પનું બેથી નવ ધનુષનું, અને ઉરપરિસર્પનું પ્રમાણ બેથી નવ જોજનનું હોય છે.

ગાઉઅ પુહુત્તમિત્તા—બેથી નવ ગાઉનું શરીર.

સમુચ્છિમા ચઉપ્પયા ભણિયા ॥ ૩૧ ॥—સમૂર્છિમ ચોપગાંનું હોય છે. એવી રીતે કહ્યું છે.

છચ્ચેવ ગાઉ આઈ—૭ ગાઉનું શરીર

ચઉપ્પયા ગપ્ભયા મુણેયવ્વા—ગર્ભજ ચોપગાંનું મનાય છે.

કોસ તિગંચ મણુસ્સા—મનુષ્યનું ત્રણ ગાઉનું

ઉક્કોસ સરીરમાણેણં ॥ ૩૨ ॥—શરીરમાન ઉત્કૃષ્ટથી જાણવું.

॥ मूळ गाथाओ ॥

इसाणंत सुराणं, रयणीओ सत्त हुंतिउच्चत्तं ॥
दुग दुग दुग चउगेवि, ज्ज णुत्तरेइक्किक्कपरिहाणी ॥ ३३ ॥
बावीसा पुढवीए, सत्त य आउस्स तिन्नि वाउस्स ॥
वाससहस्सादस तरु, गणाण तेऊ तिरित्ताओ ॥ ३४ ॥
वासाणि बारसाऊ, बेइंदियाणं तेइंदियाणं तु ॥
अऊणापन्न दिणाइं, चउरिंदीणं तु छम्मासा ॥ ३५ ॥
सुरनेरइयाण ठिई, उक्कोसा सागराणि तित्तीसं ॥
चउपय तिरिय मणुस्सा, तिन्निय पलिओवमा हुंति ॥ ३६ ॥
जलयर उरभुअगाणं, परमाऊ होइ पुव्वकोडीओ ॥
पक्खीणं पुण भणिओ, असंख भागो य पलियस्स ॥ ३७ ॥

ઇસાણ=ઇશાન દેવલો-કના	આઉસ્સ=અપકાયનું	ચાસ
અંત=અંત સુધી	તિન્નિ=ત્રણ	દિણાઇ=દીવસનું
સુરાણું=દેવતાઓનું	વાઉસ્સ=વાઉકાયનું	છમ્માસં=છ માસનું
રયણિઓ=હાથ	વાસ=વરસ	સુર=દેવતા
દુગ=બે	સહસ્સા=હજાર	નેરઇયાણ=નારકીની
ચઉ=ચાર	દસ=દસ	ઠિઇ=સ્થિતિ
ગેવિજ્જ=ગ્રૈવેયક	તરૂ=પ્રત્યેક વનસ્પતિ-કાય	ઉક્કોસા=ઉત્કૃષ્ટથી
અણુત્તરે=અનુત્તર વિમા-નને વિષે.	ગણાણ=સમૂહ	સાગરાણિ=સાગરોપમ
ઇક્કિક્ક=એક એક	તેઉ=તેઉકાયનું	તિત્તીસં=તેત્રીસ
પરિહાણિ=હાની કરવી, (ઓછું કરવું.)	તિ=ત્રણ	તિન્નિય=ત્રણ
બાવીસા=બાવીશ	રિત્તાઉ=રાત દિવસનું	પલિયોવમા=પલ્યોપમ
પુઢવીએ=પૃથ્વીકાયનું	વાસાણ=વરસ	પરમાઉ=ઉત્કૃષ્ટ આયુષ
સત્તય=સાતનું	બારસ=બાર	પુવ્વ=પૂર્વ
	આઉ=આયુષ	કોડિઓ=ક્રોડનું
	અઉણાપન્ન=ઓગણપ-	પુણ=તેવીજ રીતે
		પલિયસ્સ=પલ્યાપમ

ઇસાણંત સુરાણં—ઇશાન દેવલોકના અંત સુધી (ભુવનપતિ, વ્યંતર, વાણવ્યંતર, જ્યોતીષી, સૌધર્મ અને ઇશાન) દેવતાઓનું

રયણિઓ સત્તહુંતિ ઉચ્ચત્તં—ઉંચપણું સાત હાથનું હોય છે.

દુગ દુગ દુગ ચઉ ગેવી,—ચાર પછી ત્રણ દુગે, બે ચોકે, ગ્રૈવેયકે

જ્જણુત્તરેઇક્કિક્ક પરિહાણિ ॥ ૩૩ ॥—અનુત્તર વિમાને એક એક હાથ ઓછા કરતાં જવું. એટલે ત્રીજા ચોથાનું એક દુગ, તેમની ઉંચાઇ છ હાથની. પાંચમા છઠ્ઠાનું એક દુગ, તેમની ઉંચાઇ પાંચ હાથની. સાતમા આઠમાનું એક દુગ, તેમની ઉંચાઇ ચાર હાથની. તથા નવમા, દશમા, અગિઆરમા અને બારમાનું એ ચારનું ચતુષ્ક, તેમની ઉંચાઇ ત્રણ હાથની. ગ્રૈવેયકે બે હાથની, અને અનુત્તર વિમાને એક હાથનું શરીર જાણવું.

બાવીસા પુઢવીએ—પૃથ્વીકાય જીવોનું આયુષ બાવીસ હજાર વર્ષનું હોય છે.
સત્તય આઉસ્સ તિન્નિવાઉસ્સ—અપકાયનું સાત હજાર વર્ષનું, તથા વાઉકાયનું ત્રણ હજાર વર્ષનું.
વાસસહસ્સા દસતરૂ—પ્રત્યેક વનસ્પતિકાયનું દશ હજાર વર્ષનું.
ગણાણ તેઉ તિરિત્તાઉ ॥ ૩૪ ॥—તથા તેઉકાયના સમુહનું આયુ ત્રણ અહોરાતનું હોય છે.
વાસાણિ બારસાઉ—બાર વરસનું આયુષ
બેઇંદિયાણં તેઇંદિઆણં તુ—બેઇંદ્રિ જીવોનું હોય છે, તથા તેઇંદ્રિનું તો
અઉણાપન્નદિણાઇં—ઓગણપચાસ દિવસનું હોય છે.
ચઉરિંદિણું તુ છમ્માસા ॥ ૩૫ ॥—ચઉરિંદ્રી જીવોનું આયુષ છ માસનું હોય છે.
સુરનેરઇયાણ ઠિઈ—દેવના અને નારકીની આયુસ્થિતિ
ઉક્કોસા સાગરાણીતિત્તીસં—ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની હોય છે.
ચઉપય તિરિય મણુસા—ચોપગાં તિર્યંચ અને મનુષ્યનું
તિન્નિય પલિઓવમા હુંતિ ॥ ૩૬ ॥—આયુષ ત્રણ પલ્યોપમનું છે.
જલચર ઉર ભુયગાણં—જલચર, ઉરપરિ સર્પ, તથા ભુજપરિ સર્પનું
પરમાઉહોઇ પુવ્વ કોડિઓ—ઉત્કૃષ્ટ આયુષ ક્રોડ પૂર્વનું હોય છે.
પખ્ખીણં પુણ ભણિઓ—તેવીજ રીતે પક્ષીઓનું
અસંખભાગોય પલિયસ્સ ॥ ૩૭ ॥—પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું કહ્યું છે.

॥ મૂળ ગાથાઓ ॥

सव्वे सुहुमा साहा, रणा य समुच्छिमा मणुस्सा य ॥
उक्कोस जहन्नेणं, अंतमुहुत्तं चियजियंति ॥ ३८ ॥
ओगाहणाउ माणं, एवं संखेवओ समरकखायं ॥
जे पुण इत्थ विसेसा, विसेससुत्ताउ ते नेया ॥ ३९ ॥

एगिंदिया य सव्वे, असंख उस्सप्पिणी सकायम्मि ॥
उववज्जंति चयंति य, अणंतकाया अणंताओ ॥ ४० ॥
संखिज्ज समा विगला, सत्तट्ठ भवा पणिंदि तिरि मणुआ ॥
उववज्जंति सकाए, नारयदेवा य नो चेव ॥ ४१ ॥
दसहा जिआण पाणा, इंदि ऊसासाउजोग बल रूवा ॥
एगिंदिएसु चउरो, विगलेसु छ सत्त अट्ठेव ॥ ४२ ॥

સવ્વે=સર્વે
સુહુમા=સૂક્ષ્મ
સાહારણા=સાધારણ
સમુચ્છિમા=સમૂર્છિમ
જહન્નેણં=જઘન્યથી
અંતમુહુત્તં=અંતર્મુહુર્ત
ચિય=માત્ર
જિયંતિ=જીવે છે
ઓગાહણા=અવગાહના
આઉ=આયુષ
માણું=પ્રમાણ
એવં=એ પ્રકારે
સંખેવઓ=સંક્ષેપથી
સમખ્ખાયં=કહ્યું
વિશેસા=વિશેષ.
વિશેષસુત્તાઉ=વિશેષસૂત્રથી

અસંખ=અસંખ્યાત
ઉસ્સપ્પિણી=દશકોડાકોડી સાગરોપમ વખત
સકાયંમિ=પોતાની કાયાને વિષે
ઉવવજજંતિ=ઉપજે છે
ચયંતિય=ચવેછે, મરેછે,
અણંતકાયા=અનંતકાય
અણંતાઓ=અનંતીવાર
સંખિજજ=સંખ્યાતા
સમા=સમય
વિગલા=વિકલેંદ્રિ
સત્તટ્ઠ=સાત આઠ
ભવા=ભવ

પણિંદિ=પંચેંદ્રિ
તિરિ=તિર્યંચ
મણુઆ=મનુષ્ય
સકાએ=પોતાની કાયાને વિષે
નો=નહી
જિયાણ=જીવોના
પાણા=પ્રાણ
ઉસાસ=શ્વાસોશ્વાસ
આઉ=આયુષ
જોગ=યોગ
બલરૂવા=બલરૂપ
એગિંદિએસુ=એકેંદ્રિયને
ચઉરો=ચાર
વિગલેસુ=વિકલેંદ્રિયને

સવ્વેસુહુમા સાહા—સર્વ સૂક્ષ્મ, સાધારણ વનસ્પતિકાય,
રણાય સમુચ્છિમા મણુસ્સાય—તથા સમુર્છિમ મનુષ્ય,
ઉક્કોસજહન્નેણં—ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) અને જઘન્યથી (ઓછામાં ઓછું.)
અંતમુહુત્તં ચિયજિયંતિ ॥ ૩૮ ॥—અંતર્મુહુર્ત માત્ર જીવે છે. ॥૩૮॥

ઓગાહણાઉ માણું—અવગાહના (ઉંચાઇ) અને આયુષનું પ્રમાણ
એવં સંખેવઓ સમખ્ખાયં—એ પ્રકારે સંક્ષેપથી કહ્યું.
જેપુણ ઇથ્થ વિશેસા—એમાં જે કાંઇ વિશેષ છે,
વિશેસ સુત્તાઉ તે નેયા ॥ ૩૯ ॥—તે વિશેષ સૂત્ર થકી જાણી લેવું.
એગિંદિયાય સવ્વે—સર્વ એકેંદ્રિ જીવો,
અસંખ ઉસ્સપ્પિણિ સકાયંમિ—અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિ[redacted] સુધી પોતાની કાયાને વિષે
ઉવવજ્જંતિ ચયંતિય—ઉપજે છે અને મરે છે.
અણંતકાયા અણંતાઓ ॥ ૪૦ ॥—તથા અનંતકાય જીવો અનંતી વખત ઉપજે છે અને મરે છે.
સંખિજ્જ સમા વિગલા—સંખ્યાતા સમય (વર્ષ) સુધી વિકલેંદ્રિ (બે ઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરેંદ્રિ)
સત્તઠ્ઠ ભવા પણિંદિ તિરિ મણુઆ—તથા તિર્યંચ પંચેદ્રિ અને મનુષ્ય સાત આઠ ભવ સુધી
ઉવવજ્જંતિ સકાએ—પોતાની કાયામાં ઉપજે છે.
નારય દેવાયનો ચેવ ॥ ૪૧ ॥—નારકી અને દેવો મરીને ફરીથી પોતાની કાયામાં ઉત્પન્ન થાય નહીં. એટલે નારકી મરીને નારકી ન થાય, અને દેવતા મરીને દેવતા ન થાય તેમ નારકી મરીને દેવતા ન થાય, અને દેવતા મરીને નારકી ન થાય.
દસહા જિયાણ પાણા—જીવને દસ પ્રકારના પ્રાણો છે.
ઇંદિય ઉસાસ આઉ બલરૂવા—ઇંદ્રિઓ (પાંચ), શ્વાસોશ્વાસ, આઉખું, ત્રણ બળ રૂપ (મન, વચન, કાયા) એમ દશ પ્રાણ છે.
એગિંદિએસુચઉરો—એકેંદ્રિયને ચાર,
વિગલેસુછસત્ત અઠ્ઠેવ ॥ ૪૨ ॥—વિકલેંદ્રિને છ, સાત, ને આઠ.

॥ मूळ गाथाओ ॥

असन्निसन्नीपंचिं, दिएसु नवदस कमेण बोधव्वा ॥
तेहिं सह विप्पओगो, जीवाणं भण्णए मरणं ॥ ४३ ॥

एवं अणोरपारे, संसारे सायरम्मि भीमम्मि ॥
पत्तो अणंतखुत्तो, जीवेहिं अपत्तधम्मेहिं ॥ ४४ ॥
तह चउरासी लख्खा, संखा जोणीण होइ जीवाणं ॥
पुढवाईणं चउण्हं, पत्तेयं सत्त सत्तेव ॥ ४५ ॥
दस पत्तेय तरूणं, चउदस लख्खा हवंति इयरेसु ॥
विगलिंदिएसु दो दो, चउरो पंचिंदि तिरियाणं ॥ ४६ ॥
चउरो चउरो नारय, सुराण मणुआण चउदस हवंति ॥
संपिंडिआउ सव्वे, चुलसी लख्खाउ जोणीणं ॥ ४७ ॥

સન્નિ=મનસંજ્ઞા
અસન્નિ=મનસંજ્ઞારહિત
પંચિંદિઅેસુ=પંચેદ્રિને
કમેણ=અનુક્રમે
તેહિં=તેમના
સહ=સાથે
વિપ્પઓગો=વિયોગ
જીવાણ=જીવને
ભણ્ણએ=કહેવાય છે
મરણં=મરણ
એવં=એમ
અણોરપારે=પારવિનાનો
સંસારે=સંસારને વિષે
સાયરમ્મિ=સાગરનેવિષે
ભીમમ્મિ=બીહામણા ને વિષે.
પત્તો=પામ્યો
અણંત=અનંતીવાર

ખુત્તા=ખુત્યો (મરણ-પામ્યો)
જીવેહિં=જીવોને
અપત્ત=નહીં પામેલા
ધમ્મેહિં=ધર્મને
તહ=તથા
ચઉરાસી=ચોરાશી
લખ્ખા=લાખ
સંખા=સંખ્યા
જોણીણ=યોનિ
હોઇ=હોય છે
જીવાણં=જીવોની
પુઢવાઇણં=પૃથિવી કાય
ચઉણ્હં=ચારની
પત્તેયં=પ્રત્યેક
સત્તસત્તેવ=સાત સાત લાખ

દસ=દશ
પત્તેય=પ્રત્યેક
તરૂણં=વનસ્પતિકા
ચઉદસ=ચઉદ
ઇયરેસુ=ઈતર (સાધારણ વનસ્પતિકાય)
દો દો=બે બે
ચઉરો=ચાર (લાખ).
પંચિંદિ=પંચેંદ્રિ
તિરિયાણં=તિર્યંચ
સુરેસુ=દેવતાની
મણુઆણ=મનુષ્યની
સંપિંડિયાય=બધી મળીને એકંદર.
ચુલસી=ચોરાસી
લખ્ખાઉ=લાખ
જોણીણં=જોની

અસન્નિસન્નિ પંચિં—અસન્નિ પંચેંદ્રિ તથા સંન્નિ પચેંદ્રિને.

દિએસુ નવદશ કમેણુ બોધવ્વા—અનુક્રમે નવ (અસન્નિને) અને દશ (સંન્નિને) પ્રાણુ હોય છે. (અસંન્નિને મનબળ બાદ કરતાં નવ થાય.)

તેહિં સહ વિપ્પઓગો—તેનો જે વિયોગ થાય છે

જીવાણું ભણ્ણએ મરણું ॥ ૪૩ ॥—તે જીવને મરણ કહેવાય છે.

એવં અણોરપારે—એમ અપાર વાર.

સંસારે સાયરંમિ ભીમંમિ—મહા ભયંકર સંસારસમુદ્રને વિષે,

પત્તો અણંત ખુત્તો—અનંતવાર મરણ પ્રાપ્ત થાય છે.

જીવેહિં અપત્તધમ્મેહિં ॥ ૪૪ ॥—(કોને ?) ધર્મ નહીં પામેલા જીવોને,

તહ ચઉરાસીલખ્ખા—તથા ચોરાસી લાખ

સંખા જોણીણ હોઈ જીવાણું—યોનીની સંખ્યા જીવોને હોય છે.

પુઢવાઇણું ચઉણ્હં—પૃથ્વીકાયાદિ ચારની (પૃથ્વી, અપ, તેઉ, અને વાઉ,)

પત્તેયં સત્ત સત્તેવ ॥ ૪૫ ॥—પ્રત્યેકની સાત લાખ યોની હોય છે.

દસ પત્તેય તરૂણં—પ્રત્યેક વનસ્પતિકાયની દશલાખ યોની,

ચઉદસ લખ્ખા હવંતિ ઇયરેસુ—ઇતરની (સાધારણ વનસ્પતિકાયની) ચૌદ લાખ યોની હોય છે

વિગલિંદિએસુ દો દો—વિકલેંદ્રિ પ્રત્યેકની બે બે લાખ હોય છે.

ચઉરો પંચિંદિ તિરિયાણું ॥ ૪૬ ॥—તિર્યંચ પચેંદ્રિની ચાર લાખ,

ચઉરો ચઉરો નારય—ચાર લાખ નારકીની, અને ચાર લાખ.

સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ—દેવતાને હોય છે. અને મનુષ્યની ચૌદલાખ યોની હોય છે.

સંપંડિયાય સવ્વે—તે સર્વ એકઠી કરતાં

ચુલસી લખ્ખાઉ જોણીણં ॥ ૪૭ ॥—ચોરાશી લાખ યોની થાય.

॥ मूळ गाथाओ ॥

सिद्धाणं नत्थि देहो, न आउ कम्मं न पाण जोणीओ ॥
साइ अणंता तेसिं, ठिई जिणंदागमे भणिया ॥ ४८ ॥
काले अणाइनिहणे, जोणि गहणम्मि भीसणे इत्थ ॥
भमिया भमिहंति चिरं, जीवा जिणवयण मलहंता ॥ ४९ ॥
ता संपइ संपत्ते, मणुअत्ते दुल्लहे वि संमत्ते ॥
सिरि संतिसूरि सिट्ठे, करेह भो उज्जमं धम्मे ॥ ५० ॥
एसो जीवावियारो, संखेवरुईण जाणणाहेऊ ॥
संखित्तो उद्धरिओ, रुद्दाओ सुयसमुद्दाओ ॥ ५१ ॥

સિદ્ધાણં=સિદ્ધોને
નથ્થી=નથી
દેહો=શરીર
ન=ન
કમ્મ=કર્મ
સાઇ=સાદી
અણંતા=અનંત
તેસિં=તેમની
જિણંદાગમે=જિનેંદ્રના આગમને વિષે
ભણિયા=કહી છે.
કાલે=કાલને વિષે
અણાઇ=અનાદિ
નિહણે=નિધન, નાશ
જોણી=યોની
ગહણંમિ=ગહનનેવિષે
ભીસણે=ભયંકર
ઇથ્થ=અહીં
ભમિયા=ભમ્યા
ભમિહંતિ=ભમશે
ચિરં=ઘણો કાળ
વયણં=વચનને
અલહંતા=નહી પામેલા
તા=તે માટે
સંપઇ=વર્તમાનકાલને વિષે.
સંપત્તે=પામે છતે
મણુઅત્તે=મનુષ્યપણાને
દુલ્લહે=દુર્લભ
વિ=પણ
સમ્મત્તે=સમ્યકત્વ
સિરિ=શ્રી
સંતિસૂરી=શાંતિશૂરી
સિટ્ઠે=કહેલો
કરેહ=કરો
ભો=હે ભવ્યજનો !
ઉજ્જમં=ઉદ્યમ
ધમ્મે=ધર્મને વિષે
એસો=એ
જીવ વિયારો=જીવ વિચાર
સંખેવરૂઇણ=સંક્ષેપ રૂચી
જાણણાહેઉ=જાણવાને અર્થે.
સંખિત્તો=સંક્ષેપથી
ઉદ્ધરિઓ=ઉધર્યો.
રૂદ્દાઓ=ઘણાવિસ્તારવાળો.
સુય=શ્રુત
સમુદ્દાઓ=સમુદ્રથી

સિદ્ધાણં નથી દેહો—સિદ્ધને દેહ નથી,
ન આઉ કમ્મં ન પાણ જોણીઓ—આયુષ નથી, કર્મ નથી. પ્રાણ અને યોની પણ નથી.
સાઈ અણંતા તેસિં—તેમની સાદિ અનંત સ્થિતિ
ઠિઈ જિણંદા ગમે ભણિઆ ॥ ૪૮ ॥—જિનેંદ્રના આગમને વિષે કહી છે.
કાલે અણાઇ નિહણે—અનાદિ નિધન (જેનો આરંભ તથા નાશ નથી એવા) કાળને વિષે.
જોણિ ગહણંમિ ભીસણે ઇથ્થ—ચોરાશી લાખ યોનીએ કરી ગહન અને બીહામણા એવા આ સંસારને વિષે
ભમિયા ભમિહંતિ ચીરં—ઘણા કાલ સુધી ભમ્યા અને ભમશે.
જીવાજીણવયણમલહંતા ॥ ૪૯ ॥—(કોણ ?) જીન વચનને નહીં પામેલા જીવો.
તા સંપઇ સંપત્તે—તે માટે હમણાં
મણુઅત્તે દુલ્લહે વિસમ્મત્તે—દુર્લભ એક મનુષ્યપણું, તેમાં પણ દુર્લભ એવું સમ્યક્ત્વ તે પામે છતે.
સિરિ સંતિસૂરી સિટ્ઠે—શ્રી શાંતિસુરિ મહારાજે કહેલા અથવા જ્ઞાનાદિ લક્ષ્મી તથા શાંતિએ કરી પૂજ્ય એવા તિર્થંકર તથા ગણધરોએ કરેલા ઉપદેશરૂપ.
કરેહ ભો ઉજ્જમં ધમ્મે ॥ ૫૦ ॥—ધર્મને વિષે હે ભવ્યપ્રાણીઓ ઉદ્યમ કરો.
એસો જીવ વિયારો—એ જીવવિચાર.
સંખેવ રૂઇણ જાણણાહેઉ—સંક્ષેપરૂચી એટલે થોડી મુક્તિવાળા જીવોને જાણવાને અર્થ,
સંખિત્તો ઉદ્ધરિઓ—સંક્ષેપથી ઉધર્યો છે.
રૂદ્દાઓ સુય સમુદ્દાઓ ॥ ૫૧ ॥—ઘણા વિસ્તારવાળા એવા શ્રુતસાગર વિષેથી.

॥ ઇતિ શ્રી જીવવિચાર મૂળ અને અર્થસહિત સમાપ્તમ્. ॥

॥ अथ श्री नवतत्त्व ॥

(अर्थ सहित.)

॥ अथ जीवतत्त्वम् ॥

॥ મૂળ गाथाओ ॥

जीवाऽजीवा पुण्णं, पावाऽसव संवरो य निज्जरणा ॥
बंधो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वा ॥ १ ॥
चउदस चउदस बाया, लीसा बासीय हुंति बायाला ॥
सत्तावन्नं बारस, चउ नव भेया कमेणेसिं ॥ २ ॥
एगविह दुविह तिविहा, चउव्विहा पंच छव्विहा जीवा ॥
चेयण तस इयरेहिं, वेय गई करण काएहिं ॥ ३ ॥
एगिंदिय सुहुमियरा, सन्नियर पणिंदिया य स बि ति चउ ॥
अपजत्ता पज्जता, कमेण चउदस जियठाणा ॥ ४ ॥
नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ॥
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ ५ ॥

જીવા=જીવતત્ત્વ	નિજ્જરણા=નિર્જરા	હુંતિ=છે
અજીવ=અજીવ	બંધો=બંધ	નાયવ્વા=જાણવા
પુણ્ણં=પુન્ય	મુક્ખો=મોક્ષ	ચઉદસ=ચઉદ
પાવ=પાપ	તહા=તથા	બાયાલીસા=બેતાલીસ
આસવ=આશ્રવ	નવ=નવ	બાસિય=બ્યાશી
સંવરો=સંવર	તત્તા=તત્ત્વ	હુંતિ=છે

બાયાલા=બેંતાલીસ
સત્તાવન=સતાવન
બારસ=બાર
ચઉ=ચાર
ભેયા=ભેદો
કમેણેસિં=અનુક્રમે
એગવિહ=એક વિધ
દુવિહ=બે વિધ
તિવિહા=ત્રણ પ્રકારે
ચઉવ્વિહા=ચાર પ્રકારે
પંચ=પાંચ પ્રકારે
છવ્વિહા=છ પ્રકારે
ચેયણ=ચેતન
તસ=ત્રણ
ઈયરેહિં=ઇતર (થાવર

વેય=વેદ
ગઇ=ગાત
કરણ=ઈંદ્રિયો
કાએહિં=છકાય
એગિંદિય=એકેંદ્રિ
સુહુમ=સૂક્ષ્મ
ઇયરા=ઈતર (બાદર)
સંન્નિ=મન સંજ્ઞાવાળા
ઈયર=ઈતર (અસન્નિ)
(મન સંજ્ઞારહિત)
પણિંદિયાય=પંચેંદ્રિ
સ=સાથે
બિ=બેઇંદ્રિ
તિ=ત્રણ ઇંદ્રિવાળા
ચઉ=ચૌરિંદ્રિ

અપજ્જત્તા=અપર્યાપ્તા
પજ્જત્તા=પર્યાપ્તા
કમેણ=અનુક્રમે
ચઉદ્દસ=ચૌદ
જિયટ્ઠાણા-જીવનાંસ્થાન
નાણં=જ્ઞાન
દંસણં=દરશન
ચેવ=નિશ્ચે
ચરિતં=ચારિત્ર
તવો=તપ
તહા=તથા
વીરિયં=વીર્ય
ઉવઓગો=ઉપયોગ
એઅં=એ પ્રકારે
જીવસ્સ=જીવનું
લક્ખણં=લક્ષણ

જીવાઽજીવા પુણ્ણ—(પ્રથમ નવ તત્ત્વોનાં નામ કહે છે.) પેહેલું જીવ તત્ત્વ, બીજું અજીવ તત્ત્વ, ત્રીજું પુન્ય તત્ત્વ.

પાવા સવ સવરોય નિજ્જરણા—ચોથું પાપ તત્ત્વ, પાંચમું આશ્રવ તત્ત્વ, છઠ્ઠું સંવર તત્ત્વ, સાતમું નિર્જરા તત્ત્વ.

બંધો મુક્ખો ચ તહા—આઠમું બંધ તત્ત્વ, તેમજ નવમું મોક્ષ તત્ત્વ.

નવ તત્તા હુંતિ નાયવ્વા ॥ ૧ ॥—નવ તત્ત્વો જાણવાયોગ્ય છે.

ચઉદ્દસ ચઉદ્દસ બાયા—ચૌદ, ચૌદ, બેતાલીસ.

બીસા બાસીય હુંતિ બાયાલા—બ્યાશી, બેતાલીસ.

સત્તાવનં બારસ—સત્તાવન, બાર.

ચઉ નવ ભેયા કમેણેસિં ॥ ૨ ॥—ચાર અને નવ ભેદ અનુક્રમે જાણવા. તેમાં કેટલાક રૂપી છે અને કેટલાક અરૂપી છે, તથા કેટલાક હેય એટલે છોડવાયોગ્ય છે, કેટલાક જ્ઞેય એટલે જાણવાયોગ્ય છે. તથા કેટલાક ઉપાદેય એટલે આદરવાયોગ્ય છે. તે નીચે પ્રમાણે.

અંક	તત્વ	રૂપિભેદ	અરૂપિભેદ	હેયજ્ઞેયાદિ
૧	જીવ	૧૪	૦	જ્ઞેય.
૨	અજીવ	૪	૧૦	જ્ઞેય.
૩	પુણ્ય	૪૨	૦	ઉપાદેય.
૪	પાપ	૮૨	૦	હેય
૫	આશ્રવ	૪૨	૦	હેય
૬	સંવર	૦	૫૭	ઉપાદેય
૭	નિર્જરા	૦	૧૨	ઉપાદેય
૮	બંધ	૪	૦	હેય
૯	મોક્ષ	૦	૯	ઉપાદેય

એગવિહ દુવિહ તિવિહા—એક વિધ, દ્વિવિધ, ત્રિવિધ,

ચઉવ્વિહા પંચ છવ્વિહા જીવા—ચતુર્વિધ, પંચવિધ, અને ષડવિધ એટલે છ પ્રકારે. એમ સર્વ જીવો છે તે દરેક પ્રકાર અનુક્રમે કહે છે.

ચેયણ તસ ઇયરેહિં—(એક વિધ તે) ચેતન, (એટલે સર્વે જીવો ચેતના લક્ષણવાન છે તે એક વિધ, તેમ સર્વ જીવો) ત્રસ અને ઇતર (એટલે થાવર એ બે પ્રકારમાં પણ વહેંચી શકાય એ દ્વીવિધ.)

વેયગઇ કરણ કાએહિં ॥ ૩ ॥—વેદ (સ્ત્રી, પુરૂષ અને નપુસક વેદ એમ ત્રિવિધ), ગતિ (નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા, એમ ચાર ગતિએ ચતુર્વિધ) ઇંદ્રિય પાંચ (તે પંચ વિધ) કાય છ (પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસ, એમ) ષડવિધ.

એગિંદિય સુહમિયરા—એકેંદ્રિના સૂક્ષ્મ અને બાદર એ બે ભેદ.

સન્નીયર પણિંદિયાય સ બિ તિ ચઉ—સન્નિ અને અસન્નિ પંચેંદ્રિ (એ બે ભેદ) તેની સાથે બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરિંદ્રિ મેળવતાં સાત ભેદ થયા. તે સાત,

અપજ્જત્તા પજ્જત્તા—અપર્યાપ્તા (સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા વિના મરણ પામે તે) અને પર્યાપ્તા (સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા પછી મરે તે).

ક્રમેણ ચઉદ્દસ જિયઠ્ઠાણા ॥ ૪ ॥—એમ અનુક્રમે ચૌદ જીવનાં સ્થાન છે.

નાણં ચ દંસણં ચેવ—જ્ઞાન (આઠ પ્રકારનું) મતિ શ્રુત, અવધિ, મનઃ પર્યવ, અને કેવલ, એ પાંચ સમ્યક્ત્વ આશ્રયીને કહ્યા છે. અને મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, અને વિભંગ જ્ઞાન, એ ત્રણ અજ્ઞાન મિથ્યાત્વાશ્રયી છે. વળી દર્શન ચાર પ્રકારે. ચક્ષુ, અચક્ષુ, અવધિ, અને કેવળ. નિશ્ચે

ચરિત્તં ચ તવો તહા—ચારિત્ર (સામાયક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશ વિરતિ તથા અવિરતી, એ સાત પ્રકારે) તપ (બે પ્રકારે દ્રવ્યથી અને ભાવથી) તેમજ

વીરિયં ઉવઓગોય—વીર્ય (કરણ તથા લબ્ધિ એમ બે પ્રકારે) અને ઉપયોગ (પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ચાર દર્શન. એમ બાર પ્રકારે)

એઅં જીવસ્સ લખ્ખણં ॥ ૫ ॥—એ પ્રકારે જીવનું લક્ષણ જાણવું.

॥ मूळ गाथाओ ॥

आहार सरीरइंदिय, पज्जत्ती आण पाण भास मणे ॥
चउ पंच पंच छप्पिय, इग विगला सन्नि सन्नीणं ॥ ६ ॥
पणिंदिय त्तिबलू सा, साऊ दस पाण चउ छ सग अठ्ठ ॥
इग दु ति चउरिंदीणं, असन्नि सन्नीण नव दस य ॥ ७ ॥

॥ अथ अजीवतत्त्वम् ॥

धम्मा ऽधम्मा ऽगासा, तिय तिय भेया तहेव अद्धा य ॥
खंधा देस पएसा, परमाणु अजीव चउदसहा ॥ ८ ॥
धम्माऽधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ॥
चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य ॥ ९ ॥
अवगाहो आगासं, पुग्गल जीवाण पुग्गला चउहा ॥
खंधा देस पएसा, परमाणू चेव नायव्वा ॥ १० ॥

આહાર=આહારપર્યાપ્તિ	આઉ=આઉખું	નહ=આકાશાસ્તિકાય
સરીર=શરીરપર્યાપ્તિ	દસ=દશ	કાલો=કાલ
ઇંદિય=ઇંદ્રિયપર્યાપ્તિ	પાણ=પ્રાણ	અજીવા=અજીવ
પજ્જત્તી=પર્યાપ્તિ	સગ=સાત	ચલણ=ચલન
આણપાણ=શ્વાસોશ્વાસ	અટ્ઠ=આઠ	સહાવો=સ્વભાવ ગુણ
ભાસ=ભાષાપર્યાપ્તિ	ધમ્મા=ધર્માસ્તિકાય	ધમ્મો=ધર્માસ્તિકાય
મણ=મનઃપર્યાપ્તિ	અધમ્મા-અધર્માસ્તિકાય	થિરસંઠાણ=સ્થિર રાખવાનો જે સહજ ગુણ
ઉ=ચાર	આગાસા=આકાશાસ્તિકાય	
પંચ=પાંચ	તિય=ત્રણ	અહમ્મો=અધર્માસ્તિકાય
છપ્પિઅ=છ	તહેવ=તેમજ	
ઇગ=એકેંદ્રિ	અદ્ધા=કાલ	
વિગલા=વિકલેંદ્રિ	ખંધા=ખંધ	અવગાહો=અવકાશ
સન્નિ=મનસહિત	દેશ=દેશ (ભાગ)	આગાસં=આકાશાસ્તિકાય
અસન્નીણં=મનરહિત	પએસા=પ્રદેશ	
પણિંદિય=પાંચ ઇંદ્રિ	પરમાણુ=પરમાણુ	પુગ્ગલ=પુદ્ગલ
તિ=ત્રણ	અજીવ=અજીવતત્ત્વ	જીવાણ=જીવને
બલ=બલ	ચઉદસહા=ચઉદ પ્રકારે	પુગ્ગલા=પુદ્ગલ
ઉસાસ=શ્વાસોશ્વાસ	પુગ્ગલ=પુદ્ગલાસ્તિકાય	ચઉહા=ચાર પ્રકારે

આહાર સરીર ઇંદિય— આહાર (પર્યાપ્તિ,) શરીર (પર્યાપ્તિ) ઇંદ્રિય (પર્યાપ્તિ)
પજ્જત્તી આણપાણ ભાસમણે—શ્વાસોશ્વાસ (પર્યાપ્તિ) ભાષા (પર્યાપ્તિ) અને મન (પર્યાપ્તિ) એ બધાને પર્યાપ્તિ શબ્દ જોડવો. એ છ પર્યાપ્તિ છે.
ચઉ પંચ પંચ છપ્પિય—તે ચાર, પાંચ, પાંચ અને છ અનુક્રમે
ઇગ વિગલા સન્નિ સન્નીણં—એકેંદ્રિને (ચાર) વિગલેંદ્રિને, બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરિંદ્રિ ને (પાંચ) અસન્નિને (પાંચ) ને સન્નિને (છ) હોય છે.
પણિંદિઅ ત્તિ બલુસા—પાંચ ઇંદ્રિ, ત્રણ બલ, શ્વાસોશ્વાસ.
સાઉ દસ પાણ ચઉ છ સગ અટ્ઠ—આઉખું એ દશ પ્રાણ છે. તે ચાર, છ, સાત ને આઠ અનુક્રમે.

ઇગ દુ તિ ચઉરિંદીણં—એકેંદ્રિને [illegible] બેઇંદ્રિને (છ) તેઇંદ્રિને (સાત) ચૌરિંદ્રિને (આઠ) હોય છે.

અસન્ની સન્નીણ નવ દસય ॥ ૭ ॥—અસન્નિને નવ અને સન્નિને દશ પ્રાણ છે.

॥ ઇતિ જીવતત્ત્વ. ॥

ધમ્માઽધમ્માગાસા—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય

તિય તિય ભેયા તહેવ અદ્ધાય—તે દરેકના ત્રણ ત્રણ ભેદ ગણતાં નવ થાય

ખંધા દેશ પએસા—ખંધ, દેશ, પ્રદેશ, અને

પરમાણુઅજીવ ચઉદસહા ॥ ૮ ॥—પરમાણુ, એ ચારને પ્રથમના દશ સાથે મેળવતાં ચૌદ ભેદ થયા.

ધમ્માઽધમ્મા પુગ્ગલ—ધર્માસ્તિકાય. અધર્માસ્તિકાય, ને પુદ્દગલાસ્તિકાય,

નહ કાલો પંચ હુંતિ અજીવા—આકાશાસ્તિકાય, અને કાલ, એ પાંચ અજીવ છે, અને તેની સાથે જીવદ્રવ્ય ભેળવ્યાથી છ દ્રવ્ય કહેવાય છે.

ચલણ સહાવો ધમ્મો—ચલન સ્વભાવ ગુણ તે ધર્માસ્તિકાય.

થિર સંઠાણો અહમ્મોય ॥ ૯ ॥—સ્થિર રાખવાના સહજ ગુણવાળો અધર્માસ્તિકાય.

અવગાહો આગાસં—અવકાશ સ્વભાવ ગુણ તે આકાશાસ્તિકાય.

પુગ્ગલ જીવાણ પુગ્ગલા ચઉહા—(તે અવકાશ પુદ્દગલ અને જીવને આપે છે) તે પુદ્દગલ દ્રવ્ય ચાર પ્રકારે છે.

ખંધા દેશ પએસા—ખંધ, દેશ, અને પ્રદેશ,

પરમાણુ ચેવ નાયવ્વા ॥ ૧૦ ॥—તથા પરમાણુ, એ નિશ્ચય જાણવા.

॥ મૂળ ગાથાઓ ॥

सद्दंधयार उज्जोय, पभा छाया तवेहि आ ॥
वण्ण गंध रसा फासा, पुग्गलाणं तु लख्खणं ॥ ११ ॥
एगाकोडि सतसट्ठि, लख्खा सत्तहुत्तरी सहस्सा य ॥
दोयसया सोलहिया, आवलिया इग मुहुत्तंम्म ॥ १२ ॥

समयावली मुहुत्त, दीहा पक्खा य मास वरिसा य ॥
भणि[illegible] पलिआ सागर, उस्सप्पिणी सप्पिणी कालो ॥ १३ ॥
परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिआय ॥
निच्चं कारण कत्ता, सव्वगय मियर अप्पवेसे ॥ १४ ॥

॥ अथ पुण्यतत्त्वम् ॥

सा उच्चगोय मणु दुग, सुर दुग पंचिंदिजाइ पणदेहा ॥
आइ ति तणू णु वंगा, आइम संघयण संठाणा ॥ १५ ॥

સદ્દ=શબ્દ
અંધયાર=અંધકાર
ઉજ્જોઅ=પ્રકાશ
પભા=જ્યોતિ
છાયા=છાયા
તવેહિ=તડકો
આ=વા
વન્ન=વર્ણ
ગંધ=ગંધ, વાસ
રસા=રસ
ફાસા=સ્પર્શ
પુગ્ગલાણું=પુદ્ગલોનું
તુ=નિશ્ચયપણું
લખ્ખણું=લક્ષણ (છે)
એગા=એક
કોડી=કોડ
સતસાઠ્ઠ=સડસઠ
લખ્ખા=લાખ
સત્તહુત્તરી=સત્તોત્તેર
સહસ્સા હજાર
દોયસયા=બસેં

સોલહિયા=સોળ અધિક
આવલિયા=આવળિયો
ઇગમુહુત્તમ્મિ=એક મુહુર્તને વિષે
સમય=સમય
આવલિ=આવલિ
મુહુત્ત=મુહુર્ત
દીહા=દિવસ
પખ્ખાય=પખવાડિયું
માસ=મહિનો
વારસાય=વરસ
પાલઆ=પલ્યોપમ
સાગર=સાગરોપમ
ઉસ્સપ્પિણી=ઉત્સર્પિણી
સપ્પિણી=અવસર્પિણી
કાલો=કાલ
પરિણામિ=પરિણામી
જીવ=જીવ
મુત્તં=મૂર્તિમંત રૂપી
સપએસા=સપ્રદેશી

ખિત્ત=ક્ષેત્ર
કિરિઆય=સક્રિય
ણિચ્ચં=નિત્ય
કારણ=કારણ
કત્તા=કર્તા
સવ્વગય=સર્વગત
ઇયર=બીજો
અપ્પવેસે=પ્રવેશરહિત
સા=શાતાવેદની
ઉચ્ચગોઅ=ઉચ્ચગોત્ર
મણુદુગ=મનુષ્યદ્વિક
સુરદુગ=સુરદ્વિક
પંચેંદિજાઈ=પંચેંદ્રિજાત
પણ દેહા=પાંચ શરીર
આઇતિ=પ્રથમનાં ત્રણ
તણુ=શરીર
ઉવંગા=અંગોપાંગ
આઈમ=પહેલું
સંઘયણ=સંઘયણ
સંઠાણા=સંસ્થાન

સદ્ધયાર ઉજ્જોઅ—શબ્દ, અંધકાર, પ્રકાશ,
પભાછાયા તવેહિઆ—જ્યોતિ, છાયા, આતપ,
રવણ્ણ ગંધરસા ફાસા—વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ,
પુગ્ગલાણંતુ લખ્ખાણં ॥ ૧૧ ॥—એ પુદ્ગલોનું નિશ્ચયપણે લક્ષણ છે.
એગા કોડિ સતસટ્ઠિ—એક ક્રોડ સડસઠ લાખ
લખ્ખાસત્તહુત્તરિ સહસ્સાય—સત્યોત્તર હજાર
દોયસયા સોલહિઆ—બસોને સોલ ઉપર
આવલિઆ ઈગમુહુત્તમ્મિ ॥ ૧૨ ॥—એટલી આવલિઓ એક મુહુર્ત્તને વિષે થાય છે.

સમયાવલી મુહુત્તા—સમય, (અસંખ્યાતા સમયની) આવલી, (૧૬૭૭૭૨૧૬) આવલીનું મુહુર્ત્ત.

દીહા પખ્ખાય માસ વરિસાય—(ત્રીસમુહુર્ત્તનો) દિવસ, (પંદર દિવસનું) પખવાડિયું, (બે પખવાડિયાનો) મહિનો, (બાર મહિનાનું) વરસ.

ભણિઓ પલિઆ સાગર—(એમ કહ્યું છે). તેમજ (અસંખ્યાતા વર્ષે એક) પલ્યોપમ. (દશ કોડાકોડી પલ્યોપમે) સાગરોપમ.

ઉસ્સપ્પિણી સપ્પિણી કાલો ॥ ૧૩ ॥—(દશ કોડાકોડી સાગરોપમે) એક ઉત્સર્પિણી, (દશ કોડાકોડી સાગરોપમે) અવસર્પિણી, એવા ઉત્સર્પિણી તથા અવસર્પિણી મળીને એક કાલચક્ર થાય. એવા અનંત કાલચક્રે એક પુદ્ગલપરાવર્ત્તન થાય.

પરિણામિ જીવમુત્તં—૭ (જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાલ) દ્રવ્યમાં જીવ અને પદ્ગલ એ બે પરિણામિ છે, બાકીનાં અપરિણામિ છે. જીવ દ્રવ્ય જીવ છે, બાકીનાં અજીવ છે. પુદ્ગલ દ્રવ્ય મૂર્તિમંત (રૂપી) છે, બાકીનાં અરૂપી છે.

સપએસા એગખિત્તકિરિઆય—કાલ સિવાય પાંચ દ્રવ્ય સપ્રદેશી છે, કાળ અપ્રદેશી છે. ધર્મ, અધર્મ, અને આકાશ, એ ત્રણ દ્રવ્ય એક છે. બીજા ત્રણ અનેક છે. આકાશ એ ક્ષેત્ર છે, બાકીનાં પાંચ ક્ષેત્રી છે. જીવ અને પુદ્ગલ સક્રિય છે, બાકીનાં ચાર અક્રિય છે.

ણિચ્ચ કારણકત્તા—ધર્મ, અધર્મ, આકાશ, અને કાલ, એ ચાર નિત્ય છે. બાકી અનિત્ય છે. જીવ સિવાય પાંચ કારણ છે. જીવ અકારણ છે. જીવકર્ત્તા છે, બાકીનાં પાંચ અકર્ત્તા છે.

સવ્વગય ઈયર અપ્પવેસે ॥ ૧૪ ॥—છમાં આકાશ સર્વગત (લોકાલોકમાં) છે. બાકીનાં પાંચ લોકવ્યાપી છે. યદ્યપિ છએ દ્રવ્ય પરસ્પર તો ખીરનીરપરે અવગાઢ છે. તથાપિ પ્રવેશરહિત એટલે કોઇ પણ દ્રવ્ય બીજા દ્રવ્યમાં તદ્રૂપપણે થતું નથી.

॥ ઇતિ અજીવતત્ત્વ. ॥

સા ઉચ્ચગોઅમણુ દુગ—(૧) સાતાવેદની, (૨) ઉચ્ચગોત્ર, (૩-૪) મનુષ્યાદ્વિક (મનુષ્યની ગતિ તથા મનુષ્યની અનુપુર્વિ.)

સુરદુગ પંચેંદિ જાઈ પણ દેહા—(૫-૬) સુરદ્વિક, (૭) પંચેંદ્રિજાતિ. (૮ થી ૧૨) પાંચ દેહ, (ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.)

આઇતિ તણુણ ઉવંગા—પ્રથમના ત્રણ શરીરને અંગોપાંગ હોય (૧૩ થી ૧૫) આદારિક અંગોપાંગ, વૈક્રિય અંગોપાંગ, આહારક અંગોપાંગ.

આઇમ સંઘયણ સંઠાણા॥ ૧૬ ॥—પેહેલું સંઘયણ અને (૧૭) પેહેલું સંસ્થાન વજ્ર રૂષભ નારાચ સંઘયણ અને સમ ચતુરસ્ત્ર સંસ્થાન.

॥ मूळ गाथाओ ॥

वण्णचउक्का गुरु लहु, परघा ऊसास आय वुज्जोयं ॥
सुभखगइ निमिण तस दस, सुर नर तिरियाउ तित्थयरं ॥१६॥
तस बायर पज्जत्तं, पत्तेयथिरं सुभं च सुभगं च ॥
सुस्सर आइज्ज जसं, तसाइ दसगं इमं होइ ॥ १७ ॥

॥ अथ पापतत्त्वम् ॥

नाणंतराय दसगं, नवबीये नीय साय मिच्छत्तं ॥
थावर दस नरयतिगं, कसाय पणवीसतिरियदुगं ॥ १८ ॥

इग बि ति चउ जाईओ, कुखगइ उवघाय हुंति पावस्स ॥
अपसत्थं वण्ण चऊ, अपढम संघयण संठाणा ॥ १९ ॥
थावर सुहुम अपज्जं, साहारण मथिर मसुभ दुभगाणि ॥
दुस्सर णाइज्ज जसं, थावरदसगं विवज्जत्थं ॥ २० ॥

વન્નચઉક્કા=વર્ણચતુષ્ક
અગુરૂલહુ=અગુરૂલઘુ
પરઘા=પરાઘાત
ઉસાસ=શ્વાસોશ્વાસ
આયવ=આતપ
ઉજ્જોઅ=ઉદ્યોત
સુભખગઈ=શુભવિહાયો ગતિ
નિમિણ-નિર્માણનામકર્મ
તસદસ=ત્રસ દશકો
સુર=દેવતા
નર=મનુષ્ય
તિરિય=તિર્યંચ
આઉ=આયુષ
તિત્થયરં=તીર્થંકરનામ કર્મ
તસ=ત્રસ
બાયર=બાદર
પજ્જત્તં=પર્યાપ્તિ
પત્તેઅ=પ્રત્યેક
થિરં=સ્થિર
સુભં=શુભનામ કર્મ
સુભગં=સૌભાગ્ય
સુસ્સર=સુસ્વર
આઈજ્જ=આદેય
જસં=યશોનામ કર્મ
તસાઇદસગં=ત્રસદશક
ઇમં=એમાં
હોઇ=છે
નાણંતરાય=જ્ઞાનાંતરાય
દસગં=દશ પ્રકારે
બીએ=બીજા
નીઅ=નીચ
અસાય=અશાતા
મિચ્છત્તં=મિથ્યાત્વ
થાવરદસ=થાવરદશક
નરયતિગં=નરકા
જાઈઓ=જાતિ
કુખગઇ=અશુભ વિહાયો ગતિ
ઉવઘાય=ઉપઘાત
પાવસ્સ=પાપનાં
અપસત્થં=અપ્રશસ્થ
વણ્ણચઉ=વર્ણ ચતુષ્ક
અપઢમ=અપ્રથમ
અપજ્જં=અપર્યાપ્ત
અથિરં=અસ્થિર
અસુભ=અશુભ
દુભગાણિ=દૌર્ભાગ્ય
દુસ્વર=ખોટોસ્વર
અણાઈજ્જ=અનાદેય
અજસં=અયશ
વિવજ્જત્થં=વિપરિત

વણ્ણચઉક્કાઽગુરૂ લહુ—(૧૮ થી ૨૧) વર્ણ ચતુષ્ક, (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, એ ચાર સારાં હોય તે) (૨૨) અગુરૂ લઘુ નામ કર્મ.

પરઘા ઉસાસ આય વુજ્જોઅં—(૨૩) પરાઘાત નામ કર્મ, (૨૪) શ્વાસોશ્વાસ નામ કર્મ, (૨૫) આતપ નામ કર્મ, (૨૬) ઉદ્યોત નામ કર્મ.

સુભખગઈ નિમિણ તસદસ—(૨૭) શુભ વિહાયો ગતિ, (૨૮) નિર્માણ

નામ કર્મ. (૨૯ થી ૩૮) ત્રસ દશક.

સુરનર તિરિઆઉ તિત્થયરં ॥ ૧૬ ॥—(૩૯) સુરાયુષ્યરૂપ, (૪૦) નરાયુષ્ય રૂપ, (૪૧) તિર્યંચાયુષ્ય રૂપ, (૪૨) તીર્થંકર નામ કર્મ. એ બેંતાલીસ પ્રકારે પુન્ય ભોગવાય છે.

તસ બાયર પજ્જત્તં—હવે ત્રસ દશક કહે છે. (૧) ત્રસ નામ કર્મ, (૨) બાદર નામ કર્મ, (૩) પર્યાપ્તિ નામ કર્મ,

પત્તેઅ થિરં સુભંચ સુભગંચ—(૪) પ્રત્યેક નામ કર્મ, (૫) સ્થિર નામ કર્મ, (૬) શુભ નામ કર્મ, (૭) સૌભાગ્ય નામ કર્મ.

સુસ્સર આઇજ્જ જસં—(૮) સુસ્વર નામ કર્મ, (૯) આદેય નામ કર્મ, (૧૦) યશ નામ કર્મ,

તસાઇ દસગં ઇમં હોઇ ॥ ૧૭ ॥—એમ ત્રસ દશક (એ પુણ્યના ભેદમાં છે)

॥ ઇતિ પુણ્યતત્ત્વં. ॥

નાણંતરાયદસગં—જ્ઞાનાંતરાય દશક. (૧) મતિ જ્ઞાનાવર્ણીય, (૨) શ્રુતજ્ઞાનાવર્ણીય, (૩) અવધિજ્ઞાનાવર્ણીય, (૪) મનઃ પર્યવજ્ઞાનાવર્ણીય, (૫) કેવળજ્ઞાનાવર્ણીય, (૬) દાનાંતરાય, (૭) લાભાંતરાય, (૮) ભોગાંતરાય, (૯) ઉપભોગાંતરાય, (૧૦) વીર્યાંતરાય.

નવ બીએ નીઅ સાય મિચ્છત્તં—બીજું દર્શનાવર્ણીય નવ પ્રકારે. (૧) ચક્ષુ દર્શનાવર્ણીય, (૨) અચક્ષુ દર્શનાવર્ણીય, (૩) અવધિ દર્શનાવર્ણીય, (૪) કેવલ દર્શનાવર્ણીય, (૫) નિદ્રારૂપ પાપ કર્મ, (૬) નિદ્રા નિદ્રારૂપ પાપ કર્મ, (૭) પ્રચલારૂપ, (૮) પ્રચલા પ્રચલારૂપ, (૯) થીણદ્ધીરૂપ, એ પ્રથમ દશ જ્ઞાનાંતરાયની જોડે મેળવતાં ૧૯ થયા. (૨૦) નીચ ગોત્ર, (૨૧) અસાતા વેદની, (૨૨) મિથ્યાત્વ મોહનીય,

થાવરદસ નરયતિગં—(૨૩ થી ૩૨) થાવર દશકો, (૩૩ થી ૩૫) નર્કત્રીક.

કસાયપણવીસ તિરિયદુગં ॥ ૧૮ ॥—(૩૬ થી ૬૦) પચીસ કષાય, (૬૧-૬૨) તિર્યંચ દ્વિક.

ઇગ બિ તિ ચઉ જાઇઓ—(૬૩) એકેંદ્રિ જાતિ, (૬૪) બેઇંદ્રિ જાતિ, (૬૫) તેઇંદ્રિ જાતિ, (૬૬) ચૌરિંદ્રિ જાતિ.

કુખ ગઈ ઉવઘાય હુંતિ પાવસ્સ—(૫૭) અશુભ વિહાયો ગતિ, (૫૮) ઉપઘાત નામ કર્મ, એ પાપના ભેદ છે.

અપસથ્થં વન્નચઉ—(૫૯ થી ૭૨) અપ્રશસ્તવર્ણ ચતુ

અપઢમ સંઘયણ સંઠાણા ॥ ૧૯ ॥—(૭૩ થી ૭૭) પેહેલા વિના પાંચ સંઘયણ. (૧) રૂષભનારાચ સંઘયણ, (૨) નારાચ સંઘયણ, (૩) અર્દ્ધ નારાચ સંઘયણ, (૪) કીલિકા સંઘયણ, (૫) છેવટ્ઠુ સંઘયણ, તથા (૭૮ થી ૮૨) પેહેલા વિના પાંચ સંસ્થાન. (૧) ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન, (૨) સાદિ સંસ્થાન, (૩) વામન સંસ્થાન, (૪) કુબ્જ સંસ્થાન, (૫) હુંડક સંસ્થાન, એ પાપ તત્વના ૮૨ ભેદ છે.

થાવર સુહુમ અપજ્જં—હવે થાવર દશક કહે છે. (૧) સ્થાવર નામ કર્મ, (૨) સૂક્ષ્મ નામ કર્મ, (૩) અપર્યાપ્ત નામ કર્મ.

સાહારણ મથિર મસુભ દુભગાણિ—(૪) સાધારણ નામ કર્મ, (૫) અસ્થિર નામ કર્મ, (૬) અશુભ નામ કર્મ, (૭) દૌર્ભાગ્ય નામ કર્મ.

દુસ્સરણાઈજ્જજસં—(૮) દુઃસ્વર નામ કર્મ, (૯) અનાદેય નામ કર્મ, (૧૦) અપયશ નામ કર્મ.

થાવરદસગં વિવજ્જથ્થં ॥ ૨૦ ॥—એ સ્થાવર દશકો ત્રસ દશકથી વિપરિત જાણવા.

॥ ઇતિ પાપતત્વં. ॥

॥ अथ आश्रवतत्त्वम् ॥

॥ मूळ गाथाओ ॥

इंदिअ कसाय अव्वय, जोगा पंच चउ पंच तिन्नि कमा ॥
किरिआओ पणवीसं, इमाउ ताओ अणुक्कमसो ॥ २१ ॥
काइय अहिगरणीआ, पाउसिआ पारितावणी किरिया ॥
पाणाइवायारंभिअ, परिग्गहिया मायवत्तीअ ॥ २२ ॥
मिच्छा दंसण वत्ती, अपच्चखाणाय दिट्ठि पुट्ठिअ ॥

पाडुच्चिअ सामंतो, [illegible]नेसत्थिी साहत्थी ॥ २३ ॥
आणव[illegible]विआरणिआ, अणभोगा अणवकंखपच्चइआ ॥
अन्ना पओग समुदा, णपिज्ज दोसेरिआवहिआ ॥ २४ ॥

॥ अथ संवरतत्त्वम् ॥

समिई गुत्ति परीसह, जइधम्मो भावणा चरित्ताणि ॥
पण ति दुवीस दस बार, स पंचभेएहिं सगवन्ना ॥ २५ ॥

અવ્વય=અવ્રત
જોગા=યોગ
કમા=અનુક્રમે
કિરિઆઓ=ક્રિયાઓ
પણવીસં=પચીસ
ઇમા=આ
ઉ=વળી
તાઓ=તે
અણુક્કમસો=અનુક્રમે
કાઇઅ=કાયિકી
અહિગરણીયા=અધિક-રણિકી
પાઉસિયા=પ્રાદ્વેષકી
પારિતાવણી=પારિતા-પનિકી
કિરિયા=ક્રિયા
પાણાઇવાય=પ્રાણાતિ-પાતિકી
રંભિઅ=આરંભિકી
પરિગ્ગહિયા=પરિગ્ર-હીકી
માયવત્તીયા=માયાપ્ર-ત્યયિકી
મિચ્છાદંસણવત્તી=મિ-થ્યા દર્શન પ્રત્યયિકી
અપચ્ચખ્ખાણ=અપ્ર-ત્યાખ્યાનિકી
દિઠ્ઠિ=દ્દષ્ટિકી
પુઠ્ઠિઅ=પૃષ્ટિકી
પાડુચ્ચિઅ=પ્રાતિત્યકી
સામંતાવણિઅ=સામં-તો પનિપાતિકી ક્રીયા
નેસથ્થી=નૈશસ્રીકી
સાહથ્થી=સ્વહસ્તીકી
આણવણી=આનયનીકી
વિઆરણીયા=વિદાર-ણીકી
અણભોગા=અનાભો-ગીકી
અણવકંખપચ્ચઇઆ=અનવકાંક્ષપ્રત્યયિકી
અન્ના=બીજી
પઓગ=પ્રાયોગિકી
સમુદાણ=સમુંદાનકી
પિજ્જ=પ્રેમિકી
દોસ=દ્વેષિકી
ઇરિયાવહિયા=ઇર્યાપ-થિકી
પરિસહ=પરિસહ
જઇધમ્મો=યતિધર્મ
ભાવણા=ભાવના
ચરિત્તાણિ=ચારિત્ર
પણ=પાંચ
તિ=ત્રણ
દુવીસ=બાવીસ
ભેએહિં=ભેદે કરીને
સગવન્ના=સત્તાવન

ઇંદિઅ કસાય અવ્વય—(જે માર્ગે કર્મ [illegible] છે તેને આશ્રવ કહે છે, તે ૪૨ પ્રકારે છે.) ઇંદ્રિય, કષાય, અવ્રત,

જોગા પંચ ચઉ પંચ તિન્નિકમા—જોગ, એ અનુક્રમે પાંચ (ઇંદ્રિય) ચાર (કષાય), પાંચ (અવ્રત), અને ત્રણ (જોગ), એમ સત્તર થયા.

કિરિઆઓ પણવીસં—પચીસ ક્રિયાઓ મળી બેતાળીસ થયા.

ઇમાઉ તાઓ અણુક્કમસો ॥ ૨૧ ॥—તે પચીશ ક્રિયાઓ હવે કહેવાશે એમ અનુક્રમે સઘળી જાણવી.

કાઇઅ અહિગરણીયા—૧ કાયિકી, ૨ અધિકરણીકી,

પાઉસિયા પારિતાવણી કિરિયા—૩ પ્રાદ્વેષિકી, ૪ પારિતાપનિકી ક્રીય,

પાણાઇ વાય રંભીઅ—૫ પાણાતિપાતિકી, ૬ આરંભિકી,

પરિગ્ગહિયા માય વત્તીય ॥ ૨૨ ॥—૭ પારિગ્રહીકી, ૮ માયા પ્રત્યયિકી,

મિચ્છા દંસણવત્તી—૯ મિથ્યા દર્શન પ્રત્યયિકી,

અપચ્ચખ્ખાણદિટ્ઠિ પુટ્ઠીઅ—૧૦ અપ્રત્યાખ્યાનિકી, ૧૧ દૃષ્ટિકી, ૧૨ સ્પૃષ્ટિકા,

પાડુચ્ચિઅ સામંતા—૧૩ પ્રાતિત્યકી, ૧૪ સામંતા પનીપાતિકી,

વણીઅ નેસથ્થિ સાહથ્થિ ॥ ૨૩ ॥—૧૫ નૈશસ્ત્રિકી, ૧૬ સ્વહસ્તિકી,

આણવિણ વિઆરણિયા—૧૭ આનયનિકી, ૧૮ વિદારણિકી,

અણભોગા અણવ કંખ પચ્ચઇઆ—૧૯ અનાભોગિકી, ૨૦ અનવકાંક્ષ પ્રત્યયિકી,

અન્નાપઓગ સમુદા—૨૧ પ્રાયોગિકી, ૨૨ સમુદાનકી,

ણ પિજ્જ, દોસેરિઆવહિઆ ॥ ૨૪ ॥—૨૩ પ્રેમિકી, ૨૪ દ્વેષિકી, ૨૫ ઇર્યાપથિકી,

॥ ઇતિ આશ્રવતત્વં ॥

સમિઇ ગુત્તિ પરિસહ—સમિતિ, ગુપ્તિ, પરિસહ,

જઇ ધમ્મો ભાવણા ચરિત્તાણિ—યતિધર્મ, ભાવના, અને ચારિત્ર,

પણ તિ દુ વીસ દસ બાર—પાંચ, ત્રણ, બાવીસ, દસ, બાર,

પંચ ભેએહિં સગવન્ના ॥ ૨૫ ॥—અને પાંચ. એમ સત્તાવન ભેદે કરી સંવરતત્ત્વ જાણવું.

॥ मूळ गाथाओ ॥

इरिआ भासे सणा दाणे, उच्चारे समिई सुअ ॥
मणगुत्ति वयगुत्ति, कायगुत्ति तहेव य ॥ २६ ॥
खुहा पिवासा सी उण्हं, दंसा चेला रइ छिओ ॥
चरिआ निसिहिया सिज्जा, अक्कोस वह जायणा ॥ २७ ॥
अलाभ रोग तण फासा, मल सक्कार परीसहा ॥
पन्नाअन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ॥ २८ ॥
खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ॥
सच्चं सोअं आकिं, चणं च बंभं च जइधम्मो ॥ २९ ॥
पढम मणिच्च मसरणं, संसारो एगया य अन्नत्तं ॥
असुइत्तं आसव सं, वरो अ तह निज्जरा नवमी ॥ ३० ॥

સમ્મત્તં=સમ્યકત્વ	સંજમે=સંયમ ધર્મ	અણિચ્ચં=અનિત્ય
ઇઅ=એ પ્રકારે	બોધવ્વે=જાણવો	અસરણં=અસરણ
ખંતિ=ક્ષમા	સચ્ચં=સત્ય ધર્મ	સંસારો=સંસાર
અજ્જવ=આર્યવ, કપટ રહિતપણું	સોઅં=શૌચ ધર્મ	એગયા=એકત્વ
મદ્દવ=માનનો ત્યાગ, માર્દવ	આકિંચણં=અકિંચન ધર્મ	અણુત્તં=અન્યત્વ
મુત્તિ=મુક્તિ ધર્મ	બંભં=બ્રહ્મચર્ય ધર્મ	અસુઇત્તં=અશુચિત્વ
તવ=તપો ધર્મ	જઇ ધમ્મો=યતિધર્મ	આસવ=આશ્રવ
	પઢમં= પેહેલી	સંવરો=સંવરભાવના
		નિજ્જરા=નિર્જરા
		નવમી=નવમી

ઇરિયાભાસેસણાદાણે—ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન ભંડનિક્ષેપણા સમિતિ,

ઉચ્ચારે સમિઈ સુઅ—પારિષ્ઠાપનિકાસમિતિ, એ ભલી પરિષ્ટત લક્ષણ

મણગુત્તિ વયગુત્તિ—જાણવી. હવે મનગુપ્તિ, વચનગુપ્તિ,

કાયગુત્તિ તહેવય ॥ ૨૬ ॥—તેમજ ત્રીજી કાયગુપ્તિ.

ખુહા પીવાસાસીઉણ્હં—(હવે બાવીસ પરિસહ કહે છે.) (૧) ક્ષુધાપરિસહ, (૨) પીપાસાપરિસહ, (૩) સીતપરિસહ, (૪) ઉષ્ણપરિસહ,

દંસાચેલારઇથ્થિઓ—(૫) ડંશપરિસહ, (૬) અચેલક પરિસહ, (૭) અરતી પરિસહ, (૮) સ્ત્રી પરિસહ,

ચરિઆનિસિહિયા સિજ્જા—(૯) ચર્યા પરિસહ, (૧૦) નૈષેધિકી પરિસહ, (૧૧) શય્યા પરિસહ,

અક્કોસ વહ જાયણા ॥ ૨૭ ॥—(૧૨) આક્રોશ પરિસહ, (૧૩) વધ પરિસહ, (૧૪) યાચના પરિસહ,

અલ્લાભ રોગતણા ફાસા—(૧૫) અલાભ પરિસહ, (૧૬) રોગ પરિસહ, (૧૭) તૃણફાસ પરિસહ,

મલ્લસક્કાર પરિસહા—(૧૮) મલ પરિસહ, (૧૯) સત્કાર પરિસહ,

પન્ના અન્નાણ સમ્મત્તં—(૨૦) પ્રજ્ઞા પરિસહ, (૨૧) અજ્ઞાન પરિસહ, (૨૨) સમ્યકત્વ પરિસહ.

ઇઅ બાવીસ પરિસહા ॥ ૨૮ ॥—એ પ્રકારે બાવીસ પરિસહ જાણવા,

ખંતીમદ્દવ અજ્જવ—(૧) ક્ષમાધર્મ, (૨) માર્દવ ધર્મ, (૩) આર્જવ ધર્મ,

મુત્તી તવ સંજમેઅ બોધવ્વે—(૪) મુક્તિધર્મ, (૫) તપોધર્મ, (૬) સંયમધર્મ,

સચ્ચં સોઅં અકિં—(૭) સત્યધર્મ, (૮) શૌચધર્મ, (૯) અકિંચનધર્મ,

ચણં ચબંભં ચ જઇ ધમ્મો ॥ ૨૯ ॥—(૧૦) બ્રહ્મચર્યધર્મ. એમ દશ પ્રકારે યતિધર્ત જાણવો.

પઢમ મણિચ્ચમસરણં—પેહેલી અનિત્યભાવના, બીજી અસરણભાવના,

સંસારો એગયાય અણ્ણત્તં—ત્રીજી સંસારભાવના, ચોથી એકત્વભાવના, પાંચમી અન્યત્વભાવના,

અસુઇત્તં આસવ સં—છઠ્ઠી અશુચિત્વભાવના, સાતમી આશ્રવભાવના,

વરોઅતહ નિજ્જરા નવમી ॥ ૩૦ ॥—આઠમી સંવરભાવના, તેમજ નવમી નિર્જરાભાવના.

॥ मूळ गाथाओ ॥

लोगसहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा ॥
एआओ भावणाओ, भावे अव्वा पयत्तेणं ॥ ३१ ॥
सामाइ अत्थ पढमं, छेओवट्ठावणं भवेबीअं ॥
परिहारविसुद्धीयं, सुहुमं तह संपरायं च ॥ ३२ ॥
तत्तोअ अहक्खायं, खायं सव्वम्मि जीवलोगम्मि ॥
जं चरिऊण सुविहिआ, वच्चंति अयरामरं ठाणं ॥ ३३ ॥

॥ अथ निर्ज्जरातत्त्वम् ॥

अणसण मूणोअरिआ, वित्तीसंखेवणं रसच्चाओ ॥
काय किलेसो संली, णआयवज्झोतवो होइ ॥ ३४ ॥
पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ॥
झाणं उस्सग्गो विअ, अब्भितरओ तवो होइ ॥ ३५ ॥
बारसविहं तवो नि, ज्जराय बंधो चउविगप्पो अ ॥
पयई ठिइ अणुभाग, पएस भेएहिं नायव्वो ॥ ३६ ॥

લોગસહાવો=લોક સ્વભાવ (ભાવના)
બોહી=બોધિ દુર્લભ ભાવના.
દુલ્લહા=દુર્લભ
ધમ્મસ્સ=ધર્મની ભાવના
સાહગ=સાધક
અરિહા=અરિહંત

એઆઓ=એ કહેલી
ભાવણાઓ=ભાવનાઓ
ભાવેઅવ્વા=ભાવવી.
પયત્તેણં=ઉદ્યમે કરીને
સામાઈ=સામાયક
અથ્થ=ઈહાં પસ્થાપનીય
છેઆ વટ્ઠાવણં=છેદો
ભવે=છે

બીઅં=બીજું
પરિહાર વિશુદ્ધિઅં=પરિહાર વિશુદ્ધિ
સુહુમં=સુક્ષ્મ
સંપરાયં=કસાય સુક્ષ્મ સંપરાય
તત્તો=તે પછી
અહક્ખાયં=યથાખ્યાત
ખાયં=કહીએ

સવ્વંમિ=સમસ્ત	સુવિહિઆ=સુવિહિત સાધુ	વિગપ્પોઅ=ભેદે
જીવલોગંમિ=જીવલોકને વિષે	વચ્ચંતિ=પામે છે.	પેઅડ=પ્રકૃતિ
જં=જે	અયરામરં=અજરામર	અણુભાગ=અનુભાગ
ચરિઉણ=આચરીને	ઠાણં=સ્થાનકને	પએસ=પ્રદેશ

લોગસહાવો બોહિ—દશમી લોકસ્વભાવભાવના, અગીઆરમી બોધિ દુર્લભ ભાવના,

દુલ્લહા ધમ્મસ્સ સાહગા અરિહા—ધર્મના સાધક અરિહંતાદિ તે પામવા દુર્લભ છે, એવું જે ભાવવું તે ધર્મની ભાવના.

એઆઉ ભાવણાઓ—એ ઉપર કહેલી બાર ભાવનાઓ

ભાવે અવ્વા પયત્તેણં ॥ ૩૧ ॥—ઉદ્યમે કરીને (પ્રમાદરહિત) ભાવવી.

સામાઇ અત્થ પઢમં—અહીંઆં પેહેલું સામાયક ચારિત્ર છે.

છેઓ વઠ્ઠાવણં ભવે બીઅં—બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર છે.

પરિહાર વિસુદ્ધિઅં—ત્રીજું પરિહાર વિશુદ્ધિ ચારિત્ર.

સુહુમં તહ સંપરાયં ચ ॥ ૩૨ ॥—ચોથું સુક્ષ્મસંપરાય ચારિત્ર.

તત્તોઅ અહખ્ખાયં—તે પછી પાંચમું યથાખ્યાત ચારિત્ર.

ખ્ખાયં સવ્વંમિ જીવ લોગંમ્મિ—એ ચારિત્ર સર્વ જીવલોકને વિષે પ્રખ્યાત છે.

જં ચરિઊણ સુવિહિઆ—(શાથી?) જે આચરીને સુવિહિત સાધુઓ

વચ્ચંતિ અયરામરં ઠાણં ॥ ૩૩ ॥—અજરામર સ્થાનકપ્રત્યે પામે છે.

॥ ઇતિ સંવરતત્વં. ॥

અણસણ મૂણાઅરિયા, વિત્તિ સંખેવણં રસચ્ચાઓ ॥ કાય કિલેસો સંલી, ણયાય બજ્જોતવો હોઇ ॥ ૩૪ ॥ પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્જાઓ ॥ ઝાણં ઉસ્સગ્ગોવિઅ, અભ્ભિંતરઓ તવો હોઇ ॥ ૩૫ ॥

(આ ગાથાના અર્થ પાછળ આવી ગયા છે.)

બારસ વિહં તવો નિ—બાર પ્રકારનુ તપ નિર્જરાને અર્થે છે, અથવા નિર્જરાતત્વ બાર પ્રકારના તપના ભેદે કરીને કહ્યું છે.

જજરાય બંધો ચઉ વિ[illegible]   [illegible]ધતત્વ ચાર ભેદે છે.
પયઇઠિઈ અણુભા[illegible] —પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, (રસ)
પએસ ભેએહિં નાયવ્વો ॥ ૩૬ ॥—અને પ્રદેશના ભેદે કરી જાણવું.

॥ ઇતિ નિર્જરાતત્વં. ॥

॥ अथ बंधतत्त्वम् ॥

॥ मूळ गाथाओ ॥

पयइ सहावोवुत्तो, ठिई कालावहारणं ॥
अणुभागो रसो नेओ, पएसो दलसंचओ ॥ ३७ ॥
पड पडिहार सि मज्ज, हडचित्तकुलाल भंडगारीणं ॥
जह ए एसिंभावा, कम्माणविज्जाण तह भावा ॥ ३८ ॥
इह नाण दंसणावर, ण वेय मोहाउ नाम गोआणि ॥
विग्घं च पण नव दु अ, ट्ठवीस चउ ति सय दु पण विहं॥३९
नाणे य दंसणावरणे, वेअणिए चेव अंतराएअ ॥
तीसं कोडाकोडी, अयराणं ठिइय उक्कोसा ॥ ४० ॥
सत्तरि कोडाकोडी, मोहणिए वीस नाम गोएसु ॥
तित्तीसं अयराइं, आउठ्ठिइ बंध उक्कोसा ॥ ४१ ॥

સહાવો=સ્વભાવ	દલ=દલ	હડ=હેડ
વુત્તો=કહ્યો છે	સંચઓ=સંચય, જથો	ચિત્ત=ચિતારો
કાલ=કાલ	પડ=પાટો	કુલાલ=કુંભાર
અવહારણં=અવધારણ	પડિહાર=પ્રતિહાર પોળીઓ	મંડગારિણં=ભંડારી
રસો=રસ	અસિ=તરવાર	જહ=જેમ
નેયો=જાણવો	મજ્જ=મદિરા, દારૂ	એએસિં=એનો
		ભાવા=સ્વભાવ

કમ્માણ=કર્મનો	વેય=વેદની	તિસય=એકસો ત્રણ
વિ=પણ	મોહ=મોહની	તીસ=ત્રીસ
જાણ=સમજ	આઉ=આયુ	કોડાકોડી=કોડાકોડી
તહ=તેમજ	નામ=નામ	અયરાણં=સાગરોપમ
ઇહ=એમાં	ગોઆણિ=ગોત્ર	સિત્તરિ=સિત્તેર
નાણ=જ્ઞાનાવરણીય	વિગ્ઘં=અંતરાય	ગોએસુ=ગોત્રને વિ
દંસણ=દર્શનાવરણીય	અઠ્ઠવીસં=અઠ્ઠાવીસ	તિત્તિસં=તેત્રીસ

પયઇ સહાવો વુત્તો—(બંધતત્ત્વ કહે છે. બંધના ચાર ભેદ છે.) (૧) પ્રકૃતિ, તે કર્મનો સ્વભાવ.

ઠિઇ કાલાવહારણં—(૨) સ્થિતિ, એટલે કાલનું માન.

અણુભાગો રસોનેઓ—(૩) અનુભાગ, તે રસ જાણવો.

પએસો દલસંચઓ ॥ ૩૭ ॥—(૪) પ્રદેશ, તે દલનો સંચ.

ઉપરના ભેદ દ્રષ્ટાંત આપી સમજાવે છે.

જેમ એક લાડુ સુંઠ પ્રમુખ પદાર્થ નાંખીને બનાવ્યો છે તો તે વાયુનું હરણ કરે, તેમ કોઇ કર્મનો સ્વભાવ જ્ઞાનનું આવરણ કરે, કોઈ દર્શનનું આવરણ કરે, તે કર્મનો પ્રકૃતિબંધ કહેવાય. હવે તે લાડુ દશ દિવસ સુધી પંદર દિવસ સુધી રહે અને પછી બગડી જાય, તેમ કોઇ કર્મ અમુક મુદત સુધી રહે તે સ્થિતિ બંધ કહેવાય. વળી લાડુમાં કોઇ કડવો હોય છે કોઇ તીખો હોય છે, કોઇ એકઠાણીઓ હોય છે. તેમ કોઇ કર્મનું સારૂં ફળ હોય, કોઇનું અશુભ હોય, કોઇનું તિવ્ર હોય, તેમ અનુભાગ બંધ તે કર્મનો રસરૂપ જાણવો. તથા કોઇ લાડુમાં પ્રદેશ થોડા હોય, કોઇમાં વધારે હોય; એટલે કોઇ મોટો હોય, કોઇ નાનો હોય, તેમ કોઈ કર્મનાં પુદ્ગલ થોડાં હોય, કોઇનાં વધારે હોય, તે પ્રદેશ બંધ જાણવો.

પડ પડિહાર સિ મજ્જ—પાટા જેવું (જ્ઞાનાવરણીય કર્મ છે.) એટલે જેમ આંખે પાટા હોય તેથી કાંઇ જોઇ શકાય નહીં, તેમ જ્ઞાનાવર્ણીયના

ઉદયથી જ્ઞાન થાય [illegible] પોળિયા જેવું (દર્શનાવરણીયકર્મ છે.) એટલે કોઇને [illegible]નું દર્શન કરવું હોય પણ પોળિયો જવા ન દે તેમ જીવનો સ્વભાવ સર્વ વસ્તુ દેખવાનોછે છતાં દર્શનાવરણી કર્મના ઉદયથીતે ન દેખે. તરવારની ધાર જેવું (વેદનીય કર્મ છે.) એટલે મધથી લેપાયલી તરવારની ધાર ચાટતાં પ્રથમ મધને લીધે મીઠાશ ઉપજે, પરંતુ જ્યારે જીભ કપાય ત્યારે દુઃખ થાય; તેમ શાતાવેદનીયનો ઉદય મધ ચાટવા જેવો અને અશાતા વેદનીયનો ઉદય તરવારની ધાર ચાટવા જેવો છે. મદિરાની છાકસમાન (મોહનીય કર્મ છે.) એટલે મદિરા પીનાર માણસને પોતાના હીત અહિતની માલમ ન પડે, તેમ મોહનીયકર્મના વશથી જીવ ધર્માધર્મને ન જાણે.

હડચિત્ત કુલાલ ભંડ ગારીણં—હેડ સમાન (હેડમાં પડેલો પ્રાણી રાજાના હુકમ વિના નિકળી શકે નહીં, તેમ આયુકર્મથી જીવ તે ગતિમાંથી નિકળી શકે નહીં.) ચિતારા સમાન (ચિતારો જેમ નાના પ્રકારનાં ચિત્ર ચિતરે, તેમ નામકર્મથી જીવ પણ અનેક પ્રકારનાં રૂપ કરે) કુંભાર સમાન (કુંભાર જેમ ઘીનો ઘડો બનાવે તે પૂજનીય કહેવાય અને મદિરાદીકનો બનાવે તે નિંદનીય થાય, તેમ જીવ પણ તે કર્મના ઉદયથી ઉંચ્ચ ગોત્રમાં ઉપજે, નીચ ગોત્રમાં ઉપજે. ભંડારી સમાન (એટલે રાજા કોઇને દાન દેવરાવે પણ ભંડારી વિપરીત થકો ન આપે, તેમ તે કર્મના ઉદયથી જીવ દાન વગેરે કરી શકે નહીં)

જહ એએસિંભાવા—જેમ એ આઠ વસ્તુનો સ્વભાવ છે,

કમ્માણુવિજાણ તહ ભાવા ॥ ૩૮ ॥—તેમ એ આઠે કર્મનો પણ સમજ તથા સ્વભાવ છે.

ઇહ નાણ દંસણા વરણ—એમાં જ્ઞાનાવરણી, દર્શનાવરણી,

વેય મોહાઉ નામ ગોઆણિ—વેદનીય, મોહનીય, આયુ, નામ, તથા ગોત્ર,

વિગ્ઘંચ પણ નવદુઅ—અને અંતરાય. એ આઠે કર્મની પ્રકૃતિ અનુક્રમે પાંચ, નવ, બે,

ડુવીસ ચઉતિસય દુપણવિહં ॥ ૩૯ ॥—અઠ્ઠાવીસ, ચાર, એકસો ત્રણ, બે, અને પાંચ. એમ કર્મની પ્રકૃતિ ૧૫૮ પ્રકારે જાણવી.
નાણેઅ દંસણાવરણે—જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય,
વેઅણિએ ચેવ અંતરાએઅ—વેદનીય, અને નિશ્ચે અંતરાયની
તીસં કોડાકોડી—ત્રીસ કોડાકોડી
અયરાણં ઠિઇઅ ઉક્કોસા ॥ ૪૦ ॥—સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.
સત્તરિ કોડાકોડી—સીત્તેર કોડાકોડી સાગરોપમ
મોહણીએ વીસ નામ ગોએસુ—મોહની કર્મની સ્થિતિ જાણવી તથા નામકર્મની અને ગોત્રકર્મની વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે
તિત્તીસં અયરાઇં—તેત્રીસ સાગરોપમ
આઉટ્ઠિઇબંધ ઉક્કોસા ॥૪૧॥—આયુઃ કર્મની સ્થિતિનો બંધ ઉત્કૃષ્ટો જાણવો.

॥ मूळ गाथाओ ॥

बारस मुहुत्त जहन्ना, वेयणिए अट्ठ नाम गोएसु ॥
सेसाणंतमुहुत्तं, एयं बंध ठिई माणं ॥ ४२ ॥

॥ अथ मोक्षतत्त्वम् ॥

संतपय परूवणया, दव्वमपाणं च खित्तफुसणाय ॥
कालो अ अंतरं भाग, भावेअप्पा बहु चेव ॥ ४३ ॥
संतं सुद्ध पयत्ता, विज्जंत्तं खकुसुमं व न असंतं ॥
मुक्खत्ति पयं तस्सउ, परूवणा मग्गणाईहिं ॥ ४४ ॥
गइ इंदीए काये, जोए वेए कसाय नाणे य ॥
संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥ ४५ ॥
नरगइ पणिंदि तसभव, सन्निअहक्खाय खइअ सम्मत्ते ॥
मुक्खोणाहार केवल, दंसण नाणे न सेसेसु ॥ ४६ ॥

જહન્ના=જઘન્યથી
સેસાણ=બાકીનાની
અંતમુહુત્તં=અંતર્મુહૂર્ત્ત
સંતપય પરૂવણયા=છતા પદની પ્રરૂપણા દ્વાર
દવ્વપમાણં=દ્રવ્ય પ્રમાણ દ્વાર
ખિત્ત=ક્ષેત્રદ્વાર
ફુસણાય=સ્પર્શના દ્વાર
કાલોઅ=કાલદ્વાર
અંતર=અંતરદ્વાર
ભાગ=ભાગદ્વાર
ભાવે=ભાવદ્વાર
અપ્પાબહુ=અલ્પબહુત્વદ્વાર
સંતં=છતું
શુદ્ધ પયત્તા=શુદ્ધ પદ પણું
વિજ્જત્તં=વિદ્યમાન
ખ=આકાશ
કુસુમંવ્વ=ફુલ પેઠે
ન=ન
અસંતં=અછતું
મુખ્ખત્તિપયં=મોક્ષપદ
તસઓ=તેની
પરૂવણા=પ્રરૂપણા
મગ્ગણાઇહિં=માર્ગણા દ્વારે
ગઇ=ગતિ માર્ગણા
જોએ=યોગ
લેસા=લેશ્યા
સમ્મે=સમ્યકત્વ
આહારે=આહારમાર્ગણા
તસ=ત્રસ
ભવ=ભવસિદ્ધિક
અહખ્ખાય=યથાખ્યાત
ખઇઅસમ્મત્તે=ક્ષાયક સમ્યકત્વ
મુખ્ખો=મોક્ષ
અણાહાર=અણાહારી
સેસેસુ=બાકીની

બારસ મુહુત્ત જહન્ના—બાર મુહુર્ત્તની જઘન્ય સ્થિતિ

વેયણિએ અટ્ઠનામ ગોએસુ—વેદની કર્મની છે, અને નામ તથા ગોત્ર કર્મની આઠ મુહુર્ત્તની જઘન્ય સ્થિતિ.

સેસાણંત મુહુત્તં—બાકીનાની (પાંચ કર્મની જઘન્ય સ્થિતિ) અંતર્મુહુર્ત્તની.

એયં બંધ ઠિઇ માણં ॥ ૪૨ ॥—એ કર્મબંધની સ્થિતિનું માન કહ્યું.

॥ ઇતિ બંધતત્ત્વ. ॥

સંતપય પરૂવણયા—છતા પદની પ્રરૂપણાદ્વાર.

દવ્વ પમાણંચ ખિત્ત ફુસણાય—દ્રવ્ય પ્રમાણ દ્વારવાળી ક્ષેત્ર દ્વાર, સ્પર્શના દ્વાર,

કાલોઅ અંતરભાગો—કાલનું દ્વાર, અંતરદ્વાર, ભાગદ્વાર,

ભાવે અપ્પા બહુ ચેવ ॥ ૪૩ ॥—ભાવદ્વાર, અલ્પ બહુત્વદ્વાર, નિશ્ચે એ નવ દ્વાર મોક્ષતત્વના જાણવા.

સંતં શુદ્ધ પયત્તા—શુદ્ધ પદપણા માટે મોક્ષપદ છતું છે.

વિજ્જંતં ખ કુસુમંવ ન [illegible]—વિદ્યમાન છે, પણ આકાશના ફુલની પેઠે અછતું નથી.

મુક્ખત્તિ પયં તસઉ—"મોક્ષ ઇતિ પદં" તે મોક્ષપદ તેની

પરૂ વણા મગ્ગણાઇહિં ॥ ૪૪ ॥—પ્રરૂપણા તે માર્ગણાદ્વારે કરી જાણવી. એ નવ દ્વારમાં પેહેલા સતપદ પ્રરૂપણાદ્વારની મૂળ ચૌદ માર્ગણા છે અને ઉત્તર માર્ગણા બાસઠ છે. તે કહે છે.

ગઇ ઇંદીઅ કાએ—ગતિ માર્ગણા, (તે ચાર ગતિ) ઇંદ્રિય માર્ગણા, (તે એકેંદ્રિ વગેરે પાંચ) અને કાય માર્ગણા, (પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસ, એ છ)

જોએ વેયે કસાય નાણેય—યોગ માર્ગણા, (તે મન, વચન, કાયા, એ ત્રણ પ્રકારે) વેદ માર્ગણા, (તે સ્ત્રી, પુરૂષ, નપુંશક, એ ત્રણ પ્રકારે) કષાય માર્ગણા, (તે ચાર કષાય) જ્ઞાન માર્ગણા, (તે આઠ. પાંચ જ્ઞાન અને ત્રસ અજ્ઞાન)

સંજમ દંસણ લેસા—સંયમ માર્ગણા, (તે સામાયક, છેદોપસ્થાપનીય, યથાખ્યાત, સૂક્ષ્મસંપરાય, પરિહારવિશુદ્ધિ, દેશ વિરતિ અને અવિરતિ એમ સાત પ્રકારે) દર્શનમાર્ગણા, (ચાર દર્શન) લેસ્યા માર્ગણા, (તે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુકલ. એ છ પ્રકારે.)

ભવસમ્મેસન્નિ આહારે ॥ ૪૫ ॥—ભવસિદ્ધાદિ માર્ગણા, (ભવસિદ્ધિ બે પ્રકારે) સમ્યકત્વ માર્ગણા, (ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, ક્ષાયિક, મિશ્ર અને મિથ્યાત્વ) સંનિમાર્ગણા, (તે સંનિ અને અસંનિ બે પ્રકારે) ચૌદમી આહાર માર્ગણા, (આહારી અને અણાહારી) એ ચૌદ માર્ગણાની ઉત્તર બાસઠ માર્ગણા જાણવી.

નરગઇ પણિંદિ તસ ભવ—એ માર્ગણામાંથી જે માર્ગણાના જે ભેદમાંથી મોક્ષે ગયા છે તે કહે છે. (ગતિ માર્ગણામાંથી) મનુષ્ય ગતિવાળા (ઇંદ્રિય માર્ગણામાંથી) પંચેંદ્રિ જીવો, (કાય માર્ગણામાંથી) ત્રસકાય જીવો, (ભવ માર્ગણામાંથી) ભવસિદ્ધિક જીવો.

સન્નિ અહખ્ખાય ખઇયસમ્મતે—(સન્નિ માર્ગણામાંથી) સંનિ, (ચારિત્ર માર્ગણામાંથી) યથાખ્યાત ચારિત્રવાલા, સમ્યકત્વ, માર્ગણામાંથી ક્ષાયિક સમ્યકત્વવાળા.

સુઅ અણાહાર કેવળ—(આહાર માર્ગણામાંથી) અણાહારી. (જ્ઞાન માર્ગણામાંથી) કેવળજ્ઞાનવાળા.

દંસણનાણેનસેસેસુ ॥ ૪૬ ॥—(દર્શન માર્ગણામાંથી) કેવળ દર્શનવાળા મોક્ષે ગયા છે, અને બાકીની ચાર માર્ગણામાંથી (એટલે કષાય, વેદ, યોગ અને લેશ્યા) કોઇ મોક્ષે ગયા નથી.

॥ मूळ गाथाओ ॥

दव्वपमाणे सिद्धा, णं जीव दव्वाणि हुंति णंताणि ॥
लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वे वि ॥ ४७ ॥
फुसणा अहिआ कालो, इगसिद्ध पडुच्च साइओणंतो ॥
पडिवाया भावाओ, सिद्धाणं अंतरं नत्थि ॥ ४८ ॥
सव्व जियाण मणंते, भागे तेतेसिं दंसणं नाणं ॥
खइए भावे परिणा, मि एअ पुण होइ जीवत्तं ॥ ४९ ॥
थोवा नपुंस सिद्धा, थी नर सिद्धा कमेण संखगुणा ॥
इअ मुक्ख तत्तमेअं, नव तत्ता लेसओ भणिआ ॥ ५० ॥
जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ॥
भावेण सद्दहंतो, अयाणमाणेवि सम्मत्तं ॥ ५१ ॥

દવ્વપમાણે=દ્રવ્ય પ્રમાણનેવિષે
જીવદવ્વાણિ=જીવદ્રવ્ય
ણંતાણિ=અનંતા
લોગસ્સ=લોકના
અસંખિજ્જે ભાગે=અસંખ્યાતમાભાગે
ઇક્કોય=એક
ફુસણા=સ્પર્શના
અહિઆ=અધિક
પડુચ્ચ=આશ્રીને
સાઇ=સાદિ
અણંતો=અનંતો
પડિવાય=પડવાનો
અભાવાઓ=અભાવ
અંતરં=અંતર
નત્થિ=નથી
સવ્વ=સર્વ
જિયાણં=જીવોને
અણંતે=અનંતમે
ભાગે=ભાગે
તે=તે
તેસિં=તેનાં
દંસણ=કેવળદર્શન
નાણં=કેવળજ્ઞાન
ખઇએ ભાવે=ક્ષાયિક
પરિણામે=પારિણામિક ભાવે

એઅ=એ	ઇઅ=એ	જાણઇ=જાણે છે
પુણ=વળી	મુક્ખતત્તં=મોક્ષતત્વ	તં=તેને
હોઇ=હોય	એઅં=એ	સમ્મત્તં=સમ્યકત્વ
જીવત્તં=જિવીતપણું	લેસઓ=લેશમાત્ર	ભાવેણ=ભાવે કરીને
થોવા=થોડા	જીવાઇ=જીવાદિ	સદ્દહંતો=શ્રદ્ધા રાખતો
નપુંસ=નપુંસક	પયત્થે=પદાર્થ	અયાણમાણે=જ્ઞાન વિના
સંખગુણા=સંખ્યાત ગુણા	જો=જે	અજાણ

દવ્વપમાણે સિદ્ધા—દ્રવ્ય પ્રમાણદ્વારે વિચારતાં સિદ્ધના જીવો

જીવ દવ્વાણિ હુંતિ ણંતાણી—જીવ દ્રવ્ય છે. એટલે સિદ્ધના અનંત દ્રવ્ય છે.

લોગસ્સ અસંખિજ્જે—(હવે ત્રીજું ક્ષેત્રદ્વારની અપેક્ષાએ) ચૌદ રાજ્ય લોકના અસંખ્યાતમા ભાગે

ભાગે ઇક્કોય સવ્વેવિ ॥ ૪૭ ॥—એક સિદ્ધ પણ ત્યાં રહે છે, અને સર્વ સિદ્ધ પણ ત્યાં રહે છે.

ફુસણા અહિઆકાલો—(સ્પર્શના દ્વારની અપેક્ષાએ) સિદ્ધના જીવોની સ્પર્શના અધિક છે. (અને કાલદ્વારની અપેક્ષાએ) કાળ કેટલો હોય તે કહે છે.

ઇગસિદ્ધ પડુચ્ચ સાઇઓણંતો—એક સિદ્ધને આશ્રિત્ય સાદિ અનંતો કાલ હોય. એટલે જીવ મોક્ષે ગયો તેવારે તેની આદી થઇ, અને

પડિવાયાભાવાઓ—ફરી ત્યાંથી પડવાનો અભાવ છે; માટે અનંત છે.

સિદ્ધાણં અંતરં નત્થિ ॥ ૪૮ ॥—(હવે અંતરદ્વાર કહે છે.) એટલે સિદ્ધના જીવોને ત્યાંથી પાછું પડવાનો અભાવ છે, માટે સિદ્ધના જીવોને અંતર નથી. એટલે એક પદવી પામ્યા પછી જતી રહે, અને પાછી ફરીને પ્રાપ્ત થાય તેને અંતર કહે છે, તે અંતર સિદ્ધના જીવોને નથી; કારણકે ફરી તેમને ત્યાંથી ચવવું નથી.

સવ્વ જિયાણમણંતે—સર્વ (સંસારી) જીવોને અનંતમેં ભાગે

ભાગે તે તેસિં દંસણં નાણં—તે સિદ્ધના જીવ છે, એ ભાગ દ્વાર કહ્યું. હવે ભાવદ્વાર કહે છે. તે સિદ્ધના જીવોનાં કેવલદર્શન અને કેવલજ્ઞાન

ખઇએ ભાવે પરિણા—ક્ષાયિકભાવે વર્ત્તે છે, અને પારિણામિક ભાવે એ વલી

મિરેઅ પુણ હોઇ જીવતં ॥ —જીવિતપણું હોય.

થોવા નપુંસસિદ્ધા—તેનાથી થોડા નપુંસક સિદ્ધ થયા છે. જન્મથી નપુંસકને તો ચારિત્ર પ્રાપ્ત ન થાય, પરંતુ જે પાછળથી નપુંસક થયા હોય તેવા ઉત્કૃષ્ટા એક સમયમાં દશ મોક્ષે જાય. તેનાથી

થ્થી નર સિદ્ધાકમેણસંખ ગુણા—સ્ત્રી, પુરૂષ મોક્ષે ગયા, તે અનુક્રમે સંખ્યાતગુણા જાણવા.

અ મુખ્ખ તત્ત મેઅં—એ નવમું મોક્ષતત્ત્વ કહ્યું. એ જીવાદિક

નવ તત્તા લેસઓ ભણિઆ ॥૫૦॥ નવતત્ત્વ સંક્ષેપે કરી કહ્યા.

જીવાઇ નવ પય પથ્થે—એ જીવાદિક નવ પદાર્થ છે.

જો જાણઇ તસ્સ હોઇ સમ્મત્તં—તેને જે પ્રાણી જાણે છે, તે પ્રાણીને સમ્યક્ત્વ હોય.

ભાવેણ સદ્દહંતો—તે નવતત્ત્વને વિષે ભાવે કરીને જે સદ્દહણા (શ્રદ્ધા) રાખે.

અયાણ માણેવિ સમ્મત્ત ॥૫૧॥ તે (નવતત્ત્વથી) અજાણ હોય તોપણ તેને સમ્યક્ત્વ છે એમ જાણવું.

॥ મૂળ ગાથાઓ ॥

सव्वाइं जिणेसर भा, सिआइं वयणाई नन्नहा हुंति ॥
इअ बुद्धी जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥ ५२ ॥
अंतो मुहुत्त मित्तं, पि फासिअं हुज्ज जेहिं सम्मत्तं ॥
तेसिं अवड्ढपुग्गल, परिअट्टो चेव संसारो ॥ ५३ ॥
उस्सप्पिणो अणंता, पुग्गल परिअट्टओ मुणेअव्वो ॥
तेणंताती अद्धा, अणागयद्धा अणंतगुणा ॥ ५४ ॥
जिण अजिण तित्थ तित्था, गिहि अन्नसालिंग थी नर नपुंसा॥
पत्तेअ सयंबुद्धा, बुद्धबोहि कणिक्काय ॥ ५५ ॥
जिणसिद्धा अरिहंता, अजिण सिद्धा य पुंडरिया पमुहा ॥
गणहारि तित्थ सिद्धा, अतित्थसिद्धा य मरुदेवी ॥ ५६ ॥

गिहिलिंग सिद्ध भरहो, वक्कलचीरीय अन्न लिंगम्मि ॥
साहू सलिंग सिद्धा, थी सिद्धा चंदणा पमुहा ॥ ५७ ॥
पुं सिद्धा गोयमाई, गांगेयाई नपुंसया सिद्धा ॥
पत्तेय सयंबुद्धा, भणिया करकंडु कविलाई ॥ ५८ ॥
तह बुद्धबोहिगुरुबो, हिया इग समय एग सिद्धा य ॥
इग समएवि अणेगा, सिद्धा ते णेगसिद्धाय ॥ ५९ ॥
जइआइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया ॥
इक्कस निग्गोयस्स, अणंत भागो य सिद्धिगओ ॥ ६० ॥

ભાસિઆઇં=ભાખ્યાં
વયણાઇ=વચનો
ન=ન
અન્નહા=અન્યથા
ઇહુ=એવી
જસ્સમણે=જેનામનમાં
સમ્મત્તં=સમ્યકત્વ
નિચ્ચલં=નિશ્ચલ
મિત્તં=માત્ર
ફાસિઅં=ફરશ્યું
હુજ્જ=હોય
જેહિં=જેણે
અવડ્ઢ=અરધા
પુગ્ગલપરિઅટ્ટો=પુદ્ગળ પરાવર્ત્ત
તેણંતા=તેવા અનંતા

અતીઅદ્ધા=અતીત કાળે ગયા
અણાગયદ્ધા=અનાગત- કાળે જશે
અણંતગુણા-અનંતઘણા
જીણ=જિનસિદ્ધ
અજિણ=અજિનસિદ્ધ
તિથ્થ=તીર્થ
અતિથ્થ=અતીર્થ
ગિહિ=ગૃહસ્થલિંગે
અન્ન=અન્યલિંગ સિદ્ધ
સલિંગ=સ્વલિંગ સિદ્ધ
પત્તેય=પ્રત્યેકબુધ સિદ્ધ
સયંબુદ્ધા=સ્વયંબુદ્ધ સિદ્ધ
બુદ્ધબોયિ=બુદ્ધ બો-
ધિત સિદ્ધ

સિદ્ધ=એક સિદ્ધ
ણિક્કાય=અનેક સિદ્ધ
જિણસિદ્ધા=જિનસિદ્ધ
પુંડરિઆ=પુંડરીક
ગણહારિ=ગણધર
મરૂદેવી=મરૂદેવીમાતા
ભરહો=ભરતજી
વક્કલચીરીય=વક્કલ ચીરિય
અન્નલિંગમ્મિ=અન્ય- લિંગમાં
ચંદણા=ચંદનબાળા
ગોયમાઇ=ગૌતમાદિ
ગાંગેય=ગાંગેય
કવિલાઇ=કપિલઆદિ

સવ્વાઇં જિણેસર ભા—સર્વ જિનેશ્વર દેવે
સિઆઈ વયણાઇ નન્નહાહુંતિ—ભાખ્યાં જે વચનો તે અન્યથા ન હોય,

ઇઅ બુદ્ધિ જસ્સમણે—[illegible] જેના મનને વિષે હોય,
સમ્મત્તં નિચ્ચ[illegible]તસ્સ ॥ ૫૨ ॥—તેને સમ્યક્ત્વ નિશ્ચલ છે એમ જાણવું.
અંતો મુહુત્ત મિત્તં—એક અંતર્મુહુર્ત્ત માત્ર પણ
પિ ફાસિઅં હુજ્જ જેહિં સમ્મત્તં—જેને સમકીત ફરસ્યું હોય,
તે[illegible]ં અવડ્ઢ પુગ્ગલ—તે જીવોને અર્દ્ધ પુદ્દગલપરાવર્ત્ત
[illegible]રિઅહો ચેવ સંસારો ॥ ૫૩ ॥—સંસાર નિશ્ચે બાકી રહે છે.
ઉસ્સપ્પિણી અણંતા—અનંતી ઉત્સર્પિણી કાલ જ્યારે જાય ત્યારે
પુગ્ગલ પરિઅટ્ટઓ મુણે અવ્વો—એક પુદ્દગલપરાવર્ત્ત જાણવો.
તેણંતાતીઅદ્ધા—તેવા અનંતા પુદ્દગલપરાવર્ત્ત અતીતકાલે ગયા,
અણાગયદ્ધા અણંતગુણા ॥ ૫૪ ॥—અને અનંતગુણા અનાગતકાલે જશે.
જિણ અજિણતિથ્થ તિથ્થા—જિન સિદ્ધ, અજિન સિદ્ધ. તીર્થ સિદ્ધ, અતીર્થ સિદ્ધ,
ગિહિ અન્ન સલિંગ થી ન નપુંસા—ગૃહસ્થલિંગ સિદ્ધ, અન્યલિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, સ્ત્રીલિંગ સિદ્ધ, પુરૂષલિંગ સિદ્ધ, નપુંસકલિંગ સિદ્ધ,
પત્તેય સયંબુદ્ધા—પ્રત્યેકબુધ સિદ્ધ, સ્વયંબુદ્ધ સિદ્ધ,
બુદ્ધ બોહિય સિદ્ધણિક્કાય ॥ ૫૫ ॥—બુદ્ધબોધિત સિદ્ધ, એક સિદ્ધ, અને અનેક સિદ્ધ, એમ સિદ્ધના ૧૫ર ભેદ જાણવા.
જિણસિદ્ધા અરિહંતા—જિન સિદ્ધ તે અરિહંત ભગવાન જાણવા.
અજિણ સિદ્ધાય પુંડરિઆ પમુહા—અજિન સિદ્ધ તે પુંડરીક ગણધર પ્રમુખ જાણવા.
ગણહારિ તિથ્થ સિદ્ધા—સામાન્ય કેવલી એવા ગણધર તે તીર્થ સિદ્ધ જાણવા.
અતિથ્થ સિદ્ધાય મરૂદેવી ॥ ૫૬ ॥—અતીર્થ સિદ્ધ તે મરૂદેવી માતા પ્રમુખ જાણવા.
ગિહિલિંગ સિદ્ધા ભરહો—ગૃહલિંગે સિદ્ધ થયા તે ભરત પ્રમુખ જાણવા.
[illegible]લચીરીય અન્નલિંગમ્મિ—વલ્કલચીરીય આદિ તાપસને વેષે સિદ્ધ

થયા તે અન્યલિંગે સિદ્ધ જાણ...

સાહુ સલિંગ સિદ્ધા—સાધુને વેષે જે સિદ્ધ થયા તે સ્વલિંગે સિદ્ધ જાણવા.

થી સિદ્ધા ચંદણાપમુહા ॥ ૫૭ ॥—સ્ત્રીલિંગે સિદ્ધ થયા તે ચંદનબાલા પ્રમુખ જાણવા.

પું સિદ્ધા ગોયમાઈ—જે પુરૂષલિંગે સિદ્ધ થયા તે ગૌતમાદિ જાણવા.

ગાંગેય પમુહ નપુંસયા સિદ્ધા—ગાંગેય પ્રમુખ જે સિદ્ધ થયા તે નપુંસકલિંગે સિદ્ધ જાણવા.

પત્તેય સયંબુદ્ધા—પ્રત્યેકબુદ્ધ સિદ્ધ અને સ્વયંબુદ્ધ સિદ્ધ તે અનુક્રમે

ભણિયા કરકંડુ કવિલાઈ ॥ ૫૮ ॥—કરકંડુ તથા કપિલ આદે કહ્યા છે.

તહ બુદ્ધ બોહિ ગુરૂબો—તેમજ બુદ્ધબોધિત સિદ્ધ તે ગુરૂના

હિયા ઇગ સમય ઇગ સિદ્ધાય—ઉપદેશથી બોધ પામીને જે મોક્ષ ગયા તે, અને એક સમયને વિષે મહાવીરસ્વામીનીપરે જે એકજ મોક્ષે જાય તેને એક સિદ્ધ કહીએ.

ઇગ સમયેવિ અણેગા—એક સમયમાં જે અનેક

સિદ્ધા તેણેગ સિદ્ધાય ॥ ૫૯ ॥—સિદ્ધ થયા તે અનેક સિદ્ધ જાણવા.

જઇ આઇ હોઇ પુચ્છા—જ્યારે જ્યારે (જીનેશ્વર ભગવાનને) પૂછવામાં આવે છે,

જિણાણ મગ્ગંમિ ઉત્તરં તઇયા—ત્યારે ત્યારે જીનેશ્વરના માર્ગને વિષે એજ ઉત્તર હોય છે કે,

ઇક્કસ નિગ્ગોયસ્સ—એક નિગોદનો

અણંત ભાગોય સિદ્ધિ ગયો ॥ ૬૦ ॥—અનંતમો ભાગ સિદ્ધિ ગયો છે.

॥ ઇતિ મોક્ષતત્ત્વ. ॥

॥ ઇતિ શ્રી નવતત્ત્વ મૂળ અને અર્થસહિત સમાપ્તમ્. ॥

॥ अथ श्री दंडक ॥

(अर्थ सहित.)

॥ मूळ गाथाओ ॥

नमिउं चउवीसजिणे, तस्सुत्तवियारलेसदेसणओ ॥
दंडगपएहिं तेच्चिय, थोसामि सुणेह भो भव्वा ॥ १ ॥
नेरइआ असुराई, पुढवाइ बेइंदियादओ चेव ॥
गब्भय तिरिय मणुस्सा, वंतर जोइसिय वेमाणी ॥ २ ॥
संखित्तयरीउ इमा, सरीरमोगाहणा य संघयणा ॥
सन्ना संठाण कसाय, लेस इंदिय दु समुग्घाया ॥ ३ ॥
दिट्ठी दंसण नाणे, जोगुवओगो ववाय चवण ठिई ॥
पज्जत्ति किमाहारे, सन्नि गई आगई वेए ॥ ४ ॥
चउ गब्भ तिरिय वाउसु, मणुआणं पंच सेस ति सरीरा ॥
थावर चउगे दुहओ, अंगुलअसंखभाग तणु ॥ ५ ॥

નમિઉ=નમસ્કાર કરીને
તસ્સુત્ત=તેમનાં સૂત્ર
વિયાર=વિચાર
લેસ=કિંચિત્
દેસણઓ=કહેવા માટે
દંડગ=દંડકના
પએહિં=પદોએ કરીને
તેચ્ચિઅ=તેને નિશ્ચે
થોસામિ=સ્તવીશ
સુણેહ=સાંભળો
ભો=હે
ભવ્વા=ભવ્યજનો
નેરઈઆ=નારકી
અસુરાઇ=અસુરકુમારાદિ
પુઢવાઈ=પૃથ્વીકાયાદિ
બેઇંદિયાઓ=બે ઇંદ્રિઆદિ
ગભયતિરિય=ગર્ભજ તિર્યંચ
સંખિત્તયરીઉ=સંક્ષેપ માત્ર
ઇમ=આ એ
સન્ના=સંજ્ઞા
લેસ=લેશ્યા
સમુગ્ઘાયા=સમુદ્ઘાત
ઉવવાય=ઉપપાત
ચવણ=ચ્યવન
કિમાહારે=કિમાહાર
સન્નિ=સંજ્ઞા
આગઈ=આગતિ
વેઅ=વેદ
વાઉસુ=વાઉકાયને વિષે
મણુઆણં=મનુષ્યને
સેસ=બાકીના
ચઉગે=ચતુષ્કમાં

નમિઉં ચઉવીસજિણે—ચોવીશ જિનવરોને નમસ્કાર કરીને,
તસ્સુત્ત વિચાર લેસ દેસણઓ—તેમના સૂત્રના વિચારના લેશમાત્ર કહેવાથી
દંડગ પએહિં તે ચ્ચિય—દંડકના પદે કરીને તે જિનેશ્વરને નિશ્ચે
થોસામિ સુણેહ ભો ભવ્વા ॥ ૧ ॥—હું સ્તવું છું. તે હે ભવ્યજનો! તમે સાંભળો.

હવે ચોવીસ દંડક કહે છે.

નેરઇયા અસુરાઈ—સાત નારકીનો એક, અસુરકુમારાદિ દશ ભુવનપતિના દશ મળી અગિઆર દંડક.
પુઢવાઇ બેંદિયાદઓચેવ—પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરના પાંચ, તથા બેઇંદ્રિ આદિ વિકલેંદ્રિના ત્રણ મળી ૧૯.
ગબ્ભય તિરિય મણુસ્સા—ગર્ભજ તિર્યંચનો એક, તથા મનુષ્યનો એક,
વંતર જોઇસિય વેમાણી—વ્યંતરનો, જ્યોતીષીનો, તથા વૈમાનિકનો. એમ બધા મળી ચોવીસ દંડક.

હવે ચોવીશ દ્વાર કહે છે.

સંખિય ત્તરીઉઇમા—આ સંઘયણી સંક્ષેપમાત્ર છે.
શરીર મોગાહણાય સંઘયણા—(૧) શરીરદ્વાર (૨) અવગાહના દ્વાર (૩) સંઘયણદ્વાર
સન્ના સંઠાણ કસાય—(૪) સંજ્ઞાદ્વાર (૫) સંસ્થાનદ્વાર (૬) કષાયદ્વાર
લેસઇંદિય દુસમુગ્ઘાયા ॥ ૨ ॥—(૭) લેશ્યાદ્વાર (૮) ઇંદ્રિયદ્વાર (૯)તથા બે ભેદે સમુદ્ઘાત દ્વાર
દિઠ્ઠી દંસણનાણે—(૧૦) દષ્ટિદ્વાર (૧૧)દર્શનદ્વાર (૧૨) જ્ઞાનદ્વાર (૧૩) અજ્ઞાનદ્વાર
જોગુ વઓગોવવાય ચવણઠિઈ—(૧૪) યોગદ્વાર (૧૫) ઉપયોગદ્વાર (૧૬) ઉપપાતદ્વાર (૧૭) ચ્યવનદ્વાર (૧૮) સ્થિતિદ્વાર
પજ્જત્તિ કિમાહારે—(૧૯) પર્યાપ્તિદ્વાર (૨૦) કિમાહારદ્વાર
સન્નિગઈ આગઈ વેયે—(૨૧) સંજ્ઞાદ્વાર (૨૨) ગતિદ્વાર (૨૩) આગતિદ્વાર (૨૪) વેદદ્વાર.

હવે એ ચોવીશ દંડકમાં કયા કયા દંડકે કયું કયું દ્વાર હોય તે કહે છે.

ચઉગબ્ભ તિરિય વાઉસુ—ગર્ભજ, તિર્યંચ, અને વાઉકાયને (ઔદારિક, વૈક્રિય, તેજસ અને કાર્મણ) એ ચાર શરીર હોય છે.

મણુઆણં પંચસેસ તિસરીરા—(આહારક વધારતાં) મનુષ્યને પાંચ શરીર હોય છે, અને બાકીના દંડકે ત્રણ શરીર હોય છે, તે આવી રીતે. નારકીનો ૧ તથા દેવતાના તેર દંડક મળી ચૌદ દંડકે વૈક્રિય, તેજસ, અને કાર્મણ, એ ત્રણ. અને વાઉકાય વિના ચાર સ્થાવર તથા વિકલેંદ્રિ એમ સાત દંડકે ઔદારિક, તેજસ, અને કાર્મણ, એ ત્રણ શરીર.

થાવર ચઉગે દુહઓ—(હવે બીજું અવગાહના દ્વાર કહે છે.) વનસ્પતિકાય વિના ચાર સ્થાવરને (જઘન્ય તથા ઉત્કૃષ્ટથી એમ) બે પ્રકારે

અંગુલ અસંખ ભાગતણુ ॥ ૫ ॥—આંગળના અસંખ્યાતમા ભાગનું શરીર હોય છે.

॥ मूळ गाथाओ ॥

सव्वेसिं पि जहन्ना, साहाविय अंगुलस्स असंखं सो ॥
उक्कोस पणसय धणु, नेरइया सत्त हथ्थ सुरा ॥ ६ ॥
गप्भतिरि सहस्स जोयण, वणस्सई अहिय जोयण सहस्सं ॥
नर तेइंदि तिगाऊ, बेइंदिय जोयणे बार ॥ ७ ॥
जोयणमेगं चउरिं, दि देह मुच्चत्तणं सुए भणियं ॥
वेउव्विय देहं पुण, अंगुलसंखं समारंभे ॥ ८ ॥
देव नर अहिय लख्खं, तिरियाणं नवय जोयण सयाइं ॥
दुगुणं तु नारयाणं, भणियं वेउव्विय सरीरं ॥ ९ ॥
अंत मुहुत्तं निरये, मुहुत्त चत्तारि तिरिय मणुएसु ॥
देवेसु अद्धमासो, उक्कोस विउव्वणा कालो ॥ १० ॥

સવ્વેસિંપિ=સર્વને વિષે પણ	સત્તહથ=સા[illegible]	દુગુણં=બમણું
જહન્ના=જઘન્યથી	સુરા=દેવતાઓ	ઉ=વલી
સાહાવિય=સ્વાભાવિક	ઉચ્ચત્તણં=ઉંચપણું	નિરય=નારકીનું
અસંખંસો=અસંખ્યાતમો ભાગ	વેઉવ્વિયં=વૈક્રિય	ચત્તારિ=ચાર
પણસય=પાંચસેં	સયા=સદા	તિરિએસુ=તિર્યંચને વિષે
	આરંભે=શરૂઆતમાં	અદ્ધમાસો=અર્ધો માસ
	સયઃઇં=સો	વિઉવ્વણા=વિકુર્વણ
		કાલો=કાલ

સવ્વેસિંપિ જહન્ના—(ચાર સ્થાવર વિના) બાકીના સર્વ દંડકે જઘન્યથી

સાહાવિય અંગુલસ્સ સંખંસો—સ્વાભાવિક આંગળના અસંખ્યાતમાં ભાગનું શરીર હોય છે.

ઉક્કોસય પણસય ધણુ—ઉત્કૃષ્ટથી પાંચસેં ધનુષ્યનું શરીર

નેરઇયા સત્તહથ્થ સુરા ॥ ૬ ॥—નારકીનું હોય છે, અને દેવતાનું સાત હાથનું હોય છે.

ગબ્ભતિરિ સહસ્સ જોયણ—ગર્ભજ તિર્યંચનું શરીર એક હજાર જોજન.

વણસ્સઈ અહિય જોયણ સહસ્સં—વનસ્પતિકાયનું શરીર એક હજાર જોજનથી અધિક હોય છે.

નર તેઇંદિ તિ ગાઉ—મનુષ્ય અને તેઇંદ્રિનું શરીર ત્રણ ગાઉનું હોય છે.

બેઇંદિય જોયણે બાર ॥ ૭ ॥—બેઇંદ્રિનું શરીર બાર જોજનનું હોય છે.

જોયણમેગં ચઉરિંદિ—એક જોજન ચઉરિંદ્રિના

દેહમુચ્ચત્તણં સુએ ભણીઅં—શરીરનું ઉંચપણું સુત્રને વિષે કહ્યું છે.

વેઉવ્વિય દેહં પુણ—વળી વૈક્રિય શરીર

અંગુલસંખં સમારંભે ॥ ૮ ॥—હમેશાં આરંભતી વખતે આંગળનો અસંખ્યાતમો ભાગ હોય છે.

દેવનર અહિયલખ્ખં—દેવતાનું વૈક્રિય શરીર લાખ જોજન, અને*મનુષ્યનું લાખ જોજનથી કાંઇક અધિક હોય છે.

---

* દેવતાના પગ ભોંય અડકતા નથી, તેથી મનુષ્યનું વૈક્રિય શરીર ચાર આંગળ વધારે હોય છે.

તિરિયાણં નવય જોયણ સયાઇં—તિર્યંચનું વૈક્રિય શરીર નવસેં જોજનનું.
દુગુણં તુ નારયાણં—નારકીનું પોતાના શરીરથી બમણું
ભણિયં વેઉવ્વિય સરીરં ॥ ૯ ॥—વૈક્રિય શરીર કહ્યું છે. તે વૈક્રિય શરીર કેટલો કાળ રહે તે કહે છે.
અંતમુહૂત્તં નિરયે—નારકીમાં અંતર્મુહુર્ત્ત.
મુહૂત્તચત્તારિ તિરિય મણુએસુ—મનુષ્ય અને તિર્યંચમાં ચાર મુહુર્ત્ત.
દેવેસુ અદ્ધમાસો—દેવતામાં અર્ધો માસ.
ઉક્કોસ વિઉવ્વણા કાલો ॥ ૧૦ ॥—ઉત્કૃષ્ટથી વૈક્રિય શરીરનો કાળ જાણવો.

॥ मूळ गाथाओ ॥

थावर सुर नेरइया, असंघयणा य विगल छेवट्ठा ॥
संघयण छग्गं गब्भय, नर तिरिएसुवि मुणेयव्वं ॥ ११ ॥
सव्वेसिं चउ दह वा, सन्ना सव्वे सुरा य चउरंसा ॥
नर तिरिय छ संठाणा, हुंडा विगलिंदि नेरइया ॥ १२ ॥
नाणाविह धय सूई, बुब्बुह वण वाउ तेउ अपकाया ॥
पुढवी मसूर चंदा, कारा संठाणओ भणिया ॥ १३ ॥
सव्वे वि चउ कसाया, लेस छग्गं गब्भ तिरिय मणुएसु ॥
नारय तेऊ वाऊ, विगला वेमाणिय तिलेसा ॥ १४ ॥
जोइसिय तेउ लेसा, सेसा सव्वे वि हुंति चउलेसा ॥
इंदियदारं सुगमं, मणुआणं सत्त समुग्घाया ॥ १५ ॥

અસંઘયણા=સંઘયણ-રહિત
છેવટ્ઠા=છેવઠું
છગ્ગં=છએ
ચઉરંસા=સમચતુરસ્ર
સંઠાણા=સંસ્થાન
હુંડા=હુંડક
નાણાવિહ=જૂદા જૂદા પ્રકારનું
ધય=ધ્વજા
સૂઇ=સોય
બુબ્બુય=પરપોટા
વણ=વનસ્પતિકાય
મસૂર=મસૂરની દાળ
ચંદ=ચંદ્રમાના
આકારા=આકારસરખા
સંઠાણઓ=સંસ્થાન-વાળા
કસાયા=કસાયવાળા

લેસ=લેશ્યા | તેઉલેસા=તેજોલેશ્યા વાળા | ઇંદિયદાર=ઇંદ્રિયદ્વાર
જોઇસિય=જ્યોતિષિ | | સુગમ=સુગમ
| | સમુગ્ઘાયા=સમુદ્ઘાત

થાવર સુરનેરઇઆ—(હવે સંઘયણદ્વાર કહે છે.) પાંચે સ્થાવર, દેવતા, અને નારકી, એ સર્વે

અસંઘયણાય વિગલ છેવઠ્ઠા—સંઘયણ રહિત છે. વિકલેંદ્રિને છેવઠ્ઠું (સેવાર્ત્ત) સંઘયણ હોય છે.

સંઘયણ છગ્ગં ગબ્ભય—છએ સંઘયણ*

નરતિરિએસુ મુણેયવ્વં ॥ ૧૧ ॥—ગર્ભજ, મનુષ્ય, અને તિર્યંચને જાણવાં

સવ્વેસિં ચઉદહવા—(હવે સંજ્ઞાદ્વાર કહે છે.) સર્વે દંડકોને ચાર અથવા દશ સંજ્ઞાઈ§ હોય છે.

સન્ના સવ્વે સુરાય ચઉરંસા—(હવે સંસ્થાનદ્વાર.) સર્વે દેવતાઓને સમચતુસ્ત્ર સંસ્થાન હોય છે.

નરતિરિય છ સંઠાણા—મનુષ્ય અને તિર્યંચ છ સંસ્થાનવાળા છે.

હુંડાવિગલિંદિ નેરઇયા ॥ ૧૨ ॥—વિકલેંદ્રિ અને નારકી હુંડક સંસ્થાનવાળા છે.

નાણાવિહ ધય સૂઇ—નાના પ્રકારના સંસ્થાનવાળા ધજાના, સોયના,

બુબ્બુય વણવા ઉતેઉ અપકાયા ॥—અને પરપોટાના સંસ્થાનવાળા અનુક્રમે વનસ્પતિકાય, વાઉકાય, તેઉકાય અને અપકાય હોય છે.

પુઢવી મસૂરચંદા—પૃથ્વીકાય મસુરની દાળ અને ચંદ્રમાના

કારા સંઠાણ ઓ ભણિયા ॥ ૧૩ ॥—આકારના સંસ્થાનવાળા હોય છે.

સવ્વેવિ ચઉકસાયા—(હવે કષાયદ્વાર કહે છે.) સર્વે જીવો ક્રોધ, માન, માયા, લોભવાળા હોય છે.

---

* (૧) વજ્રઋષભનારાચ (૨) ઋષભનારાચ (૩) નારાચ (૪) અર્દ્ધનારાચ (૫) કીલિકા (૬) છેવઠ્ઠું કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુકલ.

§ (૧) આહાર (૨) ભય (૩) મૈથુન (૪) પરિગ્રહ (૫) કામ (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) ઓઘ.

લેસ છગ્ગં ગબ્ભ તિરિય મણુએસુ—ગર્ભજ, તિર્યંચ, અને મનુષ્યને છએ લેશ્યા હોય છે.

નારય તેઉ વાઉ—નારકી, તેઉકાય, અને વાઉકાય,

વિગલા વેમાણિયતિ લેસા ॥ ૧૪ ॥—તથા વિકલેંદ્રિ અને વૈમાનિક ત્રણ લેશ્યાવાળા હોય છે. તેમાં વૈમાનિકને તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા હોય છે, અને નારકી, તેઉકાય, વાઉકાય, અને વિગલેંદ્રિને કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા હોય છે.

જોઈસિય તેઉ લેસા—જ્યોતિષીને તેજોલેશ્યા હોય છે.

સેસા સવ્વેવિ હુંતિ ચઉલેસા—બાકીના સઘળા દંડક ચાર લેશ્યાવાળા હોય છે.

ઇંદિયદારં સુગમં—ઇંદ્રિયદ્વાર સુગમ છે.

મણુઆણં સત્તસમુગ્ઘાયા ॥ ૧૫ ॥—(હવે સમુદ્ઘાત દ્વાર કહે છે.) મનુષ્યને સાતે સમુદ્ઘાત હોય છે.

॥ मूळ गाथाओ ॥

वेयण कसाय मरणे, वेउव्विय तेय एय आहारे ॥
केवलिय समुग्घाया, सत्त इमे हुंति सन्नीणं ॥ १६ ॥
एगिंदियाण केवलि, तेउहारग विणा उ चत्तारि ॥
ते वेउव्विय वज्जा, विगला सन्नीण ते चेव ॥ १७ ॥
पण गब्भ तिरि सुरेसु, नारय वाऊसु चउर तिय सेसे ॥
विगल दुदिट्ठी थावर, मिच्छत्ती सेस तिय दिट्ठी ॥ १८ ॥
थावर बि ति सु अचक्खु, चउरिंदिसु तद्दुगं सुए भणियं ॥
मणुआ चउ दंसणिणो, सेसेसु तिगं तिगं भणियं ॥ १९ ॥
अन्नाण नाण तिय तिय, सुर तिरि निरए थिरे अनाण दुगं ॥
नाणान्नाण दु विगले, मणुए पण नाण तिअनाणा ॥ २० ॥

વેયણ=વેદના	ચત્તારિ=ચાર	અચખ્ખુ=અચક્ષુદર્શન
મરણે=મરણ	વજ્જા=વર્જીને	તદુગં=તે બે
વેઉવ્વિયં=વૈક્રિય	પણ=પાંચ	દંસણિણો=દર્શનવાળા
તેય=તેજસ	દુ=બે	સેસેસુ=બાકીનાને વિષે
આહારે=આહારક	દિટ્ઠી=દૃષ્ટિ	અન્નાણ=અજ્ઞાન
તેઉ=તેજસ	મિચ્છત્તિ=મિથ્યાદૃષ્ટિ	થિરે=સ્થાવરને વિષે
આહારગ=આહારક	બિ=બેઇંદ્રિ	મણુએ=મનુષ્યને વિષે
વિણાઉ=વિના	તિસુ=તેઇંદ્રિયને વિષે	પણનાણ=પાંચ જ્ઞાન

વેયણ કસાય મરણે—વેદના, કષાય, મરણ,

વેઉવ્વિય તેય એય આહારે—વૈક્રિય, તેજસ, આહારક,

કેવલિય સમુગ્ઘાયા—અને કેવળી સમુદ્‌ઘાત,

સત્ત ઇમે હુંતિ સન્નીણં ॥ ૧૬ ॥—એમ સાતે સમુદ્‌ઘાત સંજ્ઞિ મનુષ્યને હોય છે.

એગિંદિયાણ કેવલિ—એકેદ્રિને કેવલી,

તેઉ આહાર વિણાઓ ચત્તારિ—તેજસ અને આહારક, એ ત્રણ વિના ચાર સમુદ્‌ઘાત (એકેંદ્રિને) હોય છે.

તે વેઉવ્વિય વજ્જા—તે ત્રણ તથા વૈક્રિય એ ચાર વર્જીને.

વિગલા સન્નીણ તે ચેવ ॥ ૧૭ ॥—ત્રણ સમુદ્‌ઘાત વિગલેદ્રિ અને અસન્નીને હોય છે.

પણગબ્ભ તિરિસુરેસુ—ગર્ભજ, તિર્યંચ, અને દેવતાને પાંચ,

નારયવાઉસુ ચઉર તિયસેસે—નારકી અને વાઉકાયને વિષે ચાર, અને બાકીના દંડકે ત્રણ સમુદ્‌ઘાત હોય છે.

વિગલદુ દિટ્ઠી થાવર—(હવે દૃષ્ટિદ્વાર કહે છે.) વિકલેંદ્રિ બે દૃષ્ટિવાળા* હોય છે, અને સ્થાવરને

મિચ્છત્તિસેસ તિયદિટ્ઠિ ॥ ૧૮ ॥—મિથ્યાદૃષ્ટિ હોય છે. બાકીના દંડકે

* વિકલેંદ્રિ કેટલાક અપર્યાપ્ત અવસ્થાએ સમ્યક્દૃષ્ટિ હોય છે, તેથી સમકિત અને મિથ્યા એ બે દૃષ્ટિ વિકલેંદ્રિને હોય છે.

સમકિત, મિશ્ર અને મિથ્યાદૃષ્ટિ હોય છે.

થાવર બિ તિસુ અચક્ખુ—(હવે દર્શનદ્વાર કહે છે.) સ્થાવર, બેઇંદ્રિ, અને તેઇંદ્રિને અચક્ષુદર્શન હોય છે.

ચઉરિંદિસુ તદુગં સુએ ભણિઅં—ચઉરિંદ્રિને તે બે (ચક્ષુ તથા અચક્ષુ) દર્શન સૂત્રને વિષે કહ્યું છે.

મણુઆ ચઉ દંસણિણો—મનુષ્યને (ચક્ષુ, અચક્ષુ, અવધિ, અને કેવલ.) એ ચાર દર્શન હોય છે.

સેસેસુ તિગં તિગં ભણિયં ॥ ૧૯ ॥—બાકીનાને વિષે ત્રણ ત્રણ દર્શન કહ્યાં છે.

અન્નાણ નાણ તિય તિય—(હવે જ્ઞાન તથા અજ્ઞાનદ્વાર કહે છે.) ત્રણ, અજ્ઞાન અને ત્રણ જ્ઞાન*

સુર તિરિ નિરયે થિરે અન્નાણ દુગં—દેવતા, તિર્યંચ, અને નારકીને હોય છે. સ્થાવરને (મતિ તથા શ્રુત) બે અજ્ઞાન હોય છે.

નાણાન્નાણ દુવિગલે—બે જ્ઞાન તથા બે અજ્ઞાન વિકલેંદ્રિને હોય છે.

મણુએ પણનાણ તિ અન્નાણા ॥ ૨૦ ॥—મનુષ્યને પાંચ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાન હોય છે.

॥ મૂળ ગાથાઓ ॥

इक्कारस सुर निरए, तिरिएसु तेर पन्नर मणुएसु ॥
विगले चउ पण वाए, जोगतियं थावरे होई ॥ २१ ॥
उवओगा मणुएसु, बारस नव निरय तिरिय देवेसु ॥
विगलदुगे पण छक्कं, चउरिंदिसु थावरे तियगं ॥ २२ ॥
संख मसंखा समए, गब्भय तिरि विगल नारय सुराय ॥
मणुआ नियमा संखा, वणऽणंता थावर असंखा ॥ २३ ॥

* મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગઅજ્ઞાન. (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન, (૫) કેવળજ્ઞાન.

असन्नि नर असंखा, जह उववाए तहेव चवणेवि ।।
बावीस सग ति दस वा, स सहस्स उक्किट्ठ पुढवाई ।। २४ ।।
तिदिणग्गि तिपल्लाऊ, नर तिरि सुर निरय सागरतितीसा ।।
वंतर पल्लं जोइस, वरिस लक्खाहिअं पलिअं ।। २५ ।।

ઈક્કારસ=અગિઆર	સમએ=સમયને વિષે	વાસ=વરસ
તેર=તેર	નિયમા=નિશ્ચે	ઉક્કિઠ=ઉત્કૃષ્ઠું
પન્નર=પંદર	વણુ=વનસ્પતિકાય	દિણુ=દિવસ
વાએ=વાઉકાયને વિષે	અણુંતા=અનંતા	અગ્ગિ=અગ્નિકાય
જોગ=યોગ	જહ=જેવી રીતે	પલ્લ=પલ્યોપમ
તિયં=ત્રણ	ઉવવાએ=ઉપપાત	આઉ=આયુષ્ય
છક્કં=છ	તહેવ=તેમજ	સાગર=સાગરોપમ
તિયગં=ત્રણ	ચવણે=ચ્યવન	તિત્તીસા=તેત્રીસ
સંખં=સંખ્યાતા	બાવીસ=બાવીસ	વરિસ=વરસ
અસંખા=અસંખ્યાતા	સગ=સાત	લખ્ખાહિયં=લાખ અધિક

ઈક્કારસસુર નિરયે—(હવે યોગદ્વાર કહે છે.) દેવતા અને નારકીને અગીઆર યોગ હોય છે.

તિરિએસુ તેર પન્નર મણુએસુ—તિર્યંચને તેર, અને મનુષ્યને પંદર યોગ હોય છે.

વિગલે ચઉ પણવાએ—વિગલેંદ્રિને ચાર, વાઉકાયને પાંચ,

જોગ તિયં થાવરે હોઈ ॥ ૨૧ ॥—અને થાવરને ત્રણ યોગ હોય છે.

ઉવઓગા મણુએસુ—(હવે ઉપયોગદ્વાર કહે છે.) મનુષ્યને વિષે બાર ઉપયોગ,

બારસ નવ નિરય તિરય દેવેસુ—નારકી, તિર્યંચ અને દેવતાને વિષે નવ,

વિગલ દુગે પણ છક્કં—એ વિકલેંદ્રિને પાંચ, અને ચઉરિંદ્રિને છ,

ચઉરિંદિસુ થાવરે તિયગં ॥૨૨॥—અને થાવરને ત્રણ ઉપયોગ હોય છે.

સંખમસંખાસમયે—(હવે ઉત્પત્તિ અને ચ્યવનદ્વાર કહે છે.) એક સમ-

યને વિષે સંખ્યાતા અને અસંખ્યાતા.

ગબ્ભયતિરિ વિગલ નારય સુરાય—ગર્ભજ, તિર્યંચ, વિકલેંદ્રિ, નારકી, અને દેવતા ઉત્પન્ન થાય છે.

મણુઆ નિયમા સંખા—મનુષ્યો નિશ્ચે સંખ્યાતા ઉત્પન્ન થાય છે.

વણણંતા થાવર અસંખા ॥ ૨૩ ॥—વનસ્પતિકાય અનંતા, અને સ્થાવર અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.

અસન્ની નર અસંખા—અસન્ની મનુષ્યો અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.

જહ ઉવવાએ તહેવ ચવણેવિ—જેમ ઉપપાતદ્વાર તેમજ ચ્યવનદ્વાર પણ જાણવું.

બાવીસ સગતિ દસવા—(હવે આયુષ્યદ્વાર કહે છે.) બાવીસહજાર, સાત હજાર, ત્રણહજાર અને દસહજાર

સ સહસ્સ ઉક્કિઠ્ઠ પુઢવાઈ ॥ ૨૪ ॥—વરસનું આયુષ્ય ઉત્કૃષ્ટ પૃથ્વિકાયાદિ એટલે પૃથ્વિકાય, અપકાય, વાઉકાય, અને વનસ્પતિકાયનું અનુક્રમે હોય છે.

તિ દિણગ્ગિ તિ પલ્લાઉ—ત્રણ દિવસ અગ્નિકાયનું આયુષ્ય હોય છે, અને ત્રણ પલ્યોપમનું

નર તિરિ સુર નિરય સાગર ત્તિતીસા—મનુષ્ય અને તિર્યંચનું હોયછે. દેવતા અને નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગરોપમનું હોય છે.

વંતર પલ્લં જોઇસ—વ્યંતરનું એક પલ્યોપમ, અને જ્યોતિષીનું

વરિસ લક્ખાહિયં પલિયં ॥ ૨૫ ॥—એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમનું હોય છે.

॥ मूळ गाथाओ ॥

असुराण अहिय अयरं, देसूण दु पल्लयं नवनिकाए ॥
बारस वासुण पण दिण, छम्मास उक्किठ विगलाऊ ॥ २६ ॥
पुढवाइ दस पयाणं, अंत मुहुत्तं जहन्न आउठिई ॥
दस सहस वरिस ठिइआ, भवणाहिवनिरयवंतरिया ॥ २७ ॥

वेमाणिय जोइसिया, पल्ल तयट्ठंस आउआ हुंति ॥
सुर नर तिरि निरएसु, छ पज्जत्ती थावरे चउगं ॥ २८ ॥
विगले पंच पज्जत्ति, छद्दिसि आहार होइ सव्वेसिं ॥
पणगाइ पए भयणा, अह सण्णि तियं भणिस्सामि ॥ २९ ॥
चउविह सुर तिरिएसु, निरएसु य दीहकालिगी सण्णा ॥
विगले हेउवएसा, सन्नारहिया थिरा सव्वे ॥ ३० ॥

અસુરાણ=અસુરકુમારોનું	પલ્લ=પલ્યોપમ	અહ=હવે
અયરં=સાગરોપમ	તયટ્ઠંસ=તેનો આઠમો ભાગ	સન્નિતિય=ત્રણ સંજ્ઞા
દેસુણ=દેશેઉણું	છદ્દિસિ=છ દિશાનો	ભણિસ્સામિ=કહીશુ
પલ્લયં=પલ્યોપમ	આહાર=આહાર	દીહકાલિગી=દીર્ઘકાલિક
નિકાયે=નિકાયને વિષે	સવ્વેસિં=સર્વને	સન્ના=સંજ્ઞા
ઉણપણ=ઓગણપચાસ	પણગાઈ=પાંચ સ્થાવર આદિ	હેઉવએસા=હિતોપદેશિકી
પયાણં=પદોને	પયે=પદને વિષે	રહિઆ=રહિત
ઠિઆ=સ્થીતિવાળા	ભયણા=ભજના	થિરા=સ્થાવરો
ભવણાહિવ=ભવનપતિ		

અસુરાણ અહિય અયરં—અસુરકુમાર નિકાયનું આયુષ્ય એક સાગરોપમથી કાંઇક અધિક હોય છે.

દસૂણ દુપલ્લયં નવનિકાયે—બાકીના નવનિકાયનું આયુષ્ય દેસેઉણું બે પલ્યોપમનું હોય છે.

બારસ વાસુણપણદિણ—બાર વરસ, ઓગણપચાસ દિવસ,

છમ્માસ ઉક્કિઠ્ઠ વિગલાઉ ॥ ૨૬ ॥—અને છ માસનુ ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે વિકલેંદ્રિનું હોય છે.

પુઢવાઇ દસપયાણં—પૃથ્વીકાયાદિ દસપદોની (પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, તિર્યંચ, અને મનુષ્ય)

અંતમુહુત્તં જહન્ન આઉઠિઇ—જઘન્યથી આયુષ્યની સ્થીતિ અંતર્મુહુર્ત્તની હોય છે.

દશ સહસ વરસઠિઇઆ—દશહજાર વરસની આયુષ્યની સ્થીતિ જઘન્યથી

ભવણાહિવ નિરય વંતરીઆ ॥ ૨૭ ॥—ભવનપતિ, નારકી અને વ્યંતરની હોય છે.

વેમાણિય જોઇસિયા—વૈમાનિક અને જ્યોતિષિનું જઘન્યથી આયુષ્ય

પલ્લ તયટ્ઠંસ આઉઆ હુંતિ—અનુક્રમે એક પલ્યોપમ તથા એક પલ્યોપમનો આઠમો ભાગ હોય છે.

સુરનર તિરિ નિરએસુ—(હવે પર્યાપ્તિદ્વાર કહે છે.) દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકીને વિષે

છપજ્જત્તિ થાવરે ચઉગં ॥ ૨૮ ॥—છ પર્યાપ્તિ હોય છે, તથા થાવરને ચાર પર્યાપ્તિ હોય છે.

વિગલે પંચ પજ્જત્તિ—વિકલેંદ્રિને પાંચ પર્યાપ્તિ હોય છે.

છદ્દિસિ આહાર હોઇ સવ્વેસિં—(હવે કિમાહાર દ્વાર કહે છે.) સર્વ જીવોને છ દિશાનો આહાર હોય છે.

પણગાઇ પયે ભયણા—પૃથ્વિકાયાદિ પાંચ સ્થાવરના પદને વિષે ભજના છે, એટલે છએ દિશાનો આહાર હોયે ખરો અને ન પણ હોય.

અહસન્નિતિયં ભણિસ્સામિ ॥ ૨૯ ॥—હવે ત્રણ સંજ્ઞા કહીશ.

ચઉવિહ સુરતિરિએસુ—ચારે પ્રકારના દેવતા અને તિર્યંચને વિષે,

નિરએસુ દીહ કાલિગીસંન્ના—તથા નારકીને વિષે દીર્ઘકાલીકી સંજ્ઞા હોય છે.

વિગલે હેઉવએસા—વિકલેંદ્રિને હિતોપદેશીકી સંજ્ઞા હોય છે.

સન્નારહિયા થિરા સવ્વે ॥ ૩૦ ॥—સર્વે સ્થાવરો સંજ્ઞારહિત હોય છે.

॥ मूळ गाथाओ ॥

मणुआण दीह कालिय, दिठीवाओवएसिआ केवि ॥
पज्ज पण तिरि मणुअ च्चिय, चउविह देवेसु गच्छंति ॥ ३१ ॥

संखाउ पज्ज पणिंदि, तिरिय नरेसु तहेव पज्जत्ते ॥
भू दग पत्तेयवणे, एएसु च्चिय सुरागमणं ॥ ३२ ॥
पज्जत्त संख गब्भय, तिरिय नरा निरय सत्तगे जंति ॥
निरउवट्टा एएसु, उववज्जंति न सेसेसु ॥ ३३ ॥
पुढवी आउ वणस्सइ, मज्झे नारय विवज्जिया जीवा ॥
सव्वे उववज्जंति, नियनिय कम्माणुमाणेणं ॥ ३४ ॥
पुढवाइ दस पएसु, पुढवी आऊ वणस्सई जंति ॥
पुढवाइ दस पएहिय, तेऊ वाऊसु उववाओ ॥ ३५ ॥

મણુઆણ=મનુષ્યને
દીહકાલિય=દીર્ઘકાલિકી
દિટ્ઠીવાઓ વએસિયા=
દૃષ્ટિવાદોપદેશિકી
કેવિ=કેટલાકને
પજ્જપણ=પર્યાપ્તા પંચેંદ્રિ
ગચ્છંતિ=જાય છે
સંખાઉ=સંખ્યાતા આયુષવાળા

ભૂ=પૃથ્વીકાય
દગ=અપ્કાય
પત્તેયવણે=પ્રત્યેક વનસ્પતિકાય
એએસુ=એને વિષે
સુ=દેવતા
આગમણં=આવવું
સંખ=સંખ્યાતા આયુષ્યવાળા
નિરયસત્તગે=સાતે નરકને વિષે

જંતિ=ઉત્પન્ન થાય છે
નિરઉટ્ટા=નારકીમાંથી
મજ્ઝે=મધ્યે
વિવજ્જિયા=વર્જીને
નિયનિય=પોતપોતાના
કમ્માણ=કર્મના
અણુમાણેણં=અનુમાને
પએસુ=પદોને વિષે
પએહિય=પદોને વિષેથી
ઉવવાએ=ઉત્પન્ન થાય છે

મણુઆણ દીહકાલિય—મનુષ્યને દીર્ઘકાલીકી સંજ્ઞા હોય છે.

દિટ્ઠીવાઓ વએસિયાકેવિ—કેટલાક મનુષ્યને દૃષ્ટિવાદોપદેશીકી સંજ્ઞા પણ હોય છે.

(હવે ગતિ આગતિદ્વાર કહે છે)

પજ્જપણ તિરિ મણુઅચ્ચિય—પર્યાપ્તા, પંચેંદ્રિ, તિર્યંચ, અને મનુષ્ય. નિશ્ચે ચઉવિહ દેવેસુ ગચ્છંતિ ॥ ૩૧ ॥—ચાર પ્રકારના દેવતાને વિષે જાય છે. સંખાઉ પજ્જ પણિંદિ—સંખ્યાતા આયુષ્યવાળા પર્યાપ્તા, પંચેંદ્રિ, તિરિય નરેસુ તહવે પજ્જત્તે—તિર્યંચ, અને મનુ[illegible] તેમજ પર્યાપ્તા

ભૂ દગ પત્તેયવણે—પૃથ્વીકાય, અપ્કાય, અને પ્રત્યેકવનસ્પતિકાય,
એએસુ ચ્ચિય સુરાગમણં ॥ ૩૨ ॥—એ પાંચને વિષે નિશ્ચે દેવતાનું આવવું (ઉપજવું) થાય છે.
પજ્જત્ત સંખ ગદ્દભય—પર્યાપ્તા, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા, ગર્ભજ. તિર્યંચ
તિરિયનરા નિરય સત્તગે જંતિ—તથા મનુષ્ય સાતે નરકને વિષે ઉત્પન્ન થાય છે.
નિરયઉવટ્ટા એએસુ—અને એ નારકીને વિષેથી નિકળેલા જીવો
ઉવજ્જંતિ નસેસેસુ ॥ ૩૩ ॥—એ એ શિવાય બાકીના ૬ ડકને વિષે ઉપજતા નથી.
પુઢવી આઉવણસ્સઇ—પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય,
મજ્ઝે નારય વિવજ્જિયા જીવા—મધ્યે નારકી વર્જીને
સવ્વે ઉવવજ્જંતિ—બાકીના સર્વ જીવો ઉપજે છે.
નિય નિય કમ્માણુ માણેણં ॥ ૩૪ ॥—પોતપોતાના કર્મના અનુમાને
પુઢવાઈ દસપએસુ—*પૃથ્વીકાયાદિ દશ પદને વિષે
પુઢવી આઉવણસ્સઇજંતિ—પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયના જીવો ઉપજે છે.

પુઢવાઇ દસપએહિય—અને પૃથ્વીકાયાદિ દશ પદને વિષેથી નિકળેલા જીવો
તેઉ વાઊસુ ઉવવાઓ ॥ ૩૫ ॥—તેઉકાય અને વાઉકાયને વિષે ઉત્પન્ન થાય છે.

॥ मूळ गाथाओ ॥

तेऊ वाऊ गमणं, पुढवी पमुहम्मि होइ पय नवगे ॥
पुढवाइ ठाणदसगा, विगलाइंतिय तहिं जंति ॥ ३६ ॥
गमणा गमणं गब्भय, तिरिआणं सयल जीव ठाणेसु ॥

---

* પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચોઇંદ્રિ, મનુષ્ય, એ દશ પદ તેમાંથી મનુષ્ય બાદ કરતાં નવ.

सव्वत्थ जंति मणुआ, तेऊ वाऊहिं नो जंति ॥ ३७ ॥
वेय तिय तिरि नरेसु, इत्थी पुरिसो य चउविह सुरेसु ॥
थिर विगल नारएसु, नपुंस वेओ हवइ एगो ॥ ३८ ॥
पज्ज मणु बायरग्गी, वेमाणिय भवण निरय वंतरिया ॥
जोइस चउ पण तिरिया, बेइंदि तेइंदि भूआऊ ॥ ३९ ॥
वाऊ वणस्सई चिय, अहिया अहिया कमेणमेहुंति ॥
सव्वेवि इमे भावा, जिणा मए णंतसो पत्ता ॥ ४० ॥
संपइ तुह्म भत्तस्स, दंडग पय भमण भग्ग हिययस्स ॥
दंड तियविरयसुलहं, लहु मम दिंतु मुक्खपयं ॥ ४१ ॥
सिरि जिणहंस मुणीसर, रज्जे सिरि धवलचंदसीसेण ॥
गजसारेण लिहिया, एसा विण्णत्ती अप्पहिया ॥ ४२ ॥

ગમણં=જવું
પમુહંમિ=પ્રમુખને વિષે
પય=પદ
નવગે=નવને વિષે
દસગા=દશક
તહિં=તેજ
સવ્વત્થ=સર્વત્ર
વેય=વેદ
ઇત્થી=સ્ત્રી
પુરિસો=પુરૂષવેદ
નપુંસ=નપુંસક
વેઓ=વેદ
બાયર=બાદર
અગ્ગિ=અગ્નિકાય
પણ=પંચેંદ્રિ
ભૂ=પૃથ્વીકાય
આઉ=અપ્કાય
ઇમે=આ
ભાવા=ભાવ
જીણા=જીનેશ્વરો
અણંતશો=અનંતીવાર
પત્તા=પામ્યા
ભત્તસ્સ=ભક્તના
ભમણ=ભમવાથી
ભગ્ગ=નિવૃત્ત થયેલું
હિય=મન
યસ્સ=જેનું
દંડતિય=ત્રણદંડ
વિરય=વિરામ
સુલહં=સુલભ
લહુ=ઝાડ
મુક્ખપયં=મોક્ષપદ
સિરિ=શ્રી
જિણહંસ=જીનહંસ
મુણીસર=મુનિશ્વર
રજ્જે=રાજ્યને વિષે
ધવલચંદ=ધવલચંદમુનિના
સીસેણ=શિષ્યે
ગજસારેણ=ગજસાર મુનિએ
લિહિયા=લખી
એસા=આ
વિન્નત્તિ=વિજ્ઞાપ્તિ
અપ્પહિયા=આત્મહિતકારી

તેઊ વાઊ ગમણું—તેઉકાય અને વાઉકાયનું જવું
પુઢવી પમુહંમિ હોઇ પયનવગે—પૃથ્વીકાય પ્રમુખ નવપદને વિષે હોય છે.

પુઢવાઇ ઠાણ દસગા—પૃથ્વીકાયાદિ દશ થાનકના જીવો,
વિગલાઈ તિય તહિંજંતિ ॥ ૩૬ ॥—ત્રણ વિકલેંદ્રિમાં ઉપજે છે, અને વિકલેંદ્રિના જીવો પૃથ્વીકાયાદિ દસ પદમાં જાય છે.

ગમણા ગમણં ગબ્ભય, તિરિયાણં સયલ જીવ ઠાણેસુ—ગર્ભજ તિર્યંચનું જવું આવવું સર્વ દંડકોને વિષે થાય છે.
સવ્વત્થજંતિ મણુઆ—મનુષ્યો સર્વ દંડકોને વિષે જાય છે,
તેઊ વાઊહિંનો જંતિ ॥ ૩૭ ॥—પણ તેઉકાય અને વાઉકાયને વિષેથી મનુષ્યો ના થાય.

વેયતિય તિરિ નરેસુ—ત્રણ વેદ તિર્યંચ અને મનુષ્યને હોય.
ઇત્થી પુરિસોય ચઉવિહ સુરેસુ—ચારે પ્રકારના દેવતાને વિષે સ્ત્રીવેદ અને પુરૂષવેદ હોય છે.

થિરવિગલ નારએસુ—પાંચ સ્થાવર, વિકલેંદ્રિ અને નારકીને વિષે
નપુંસવેઓ હવઇએગો ॥ ૩૮ ॥—એક નપુંસકવેદ હોય છે.
પજ્જમણુ બાયરગ્ગિ—પર્યાપ્તા મનુષ્ય, બાદર, અગ્નિકાય,
વેમાણિય ભવણ નિરય વંતરિયા—વૈમાનિક, ભવનપતિ, નારકી, વ્યંતર,
જોઈસ ચઉપણ તિરિયા—જ્યોતિષિ, ચઉરિંદ્રિય, પંચેંદ્રિ, તિર્યંચ,
બેઇંદિ તેઇંદિ ભૂ આઊ ॥ ૩૯ ॥—બેઇંદ્રિ, તેઇંદ્રિ, પૃથ્વીકાય, અપ્કાય,
વાઉ વણસ્સઈ ચિય—વાઉકાય અને વનસ્પતિકાય, એ સર્વે નિશ્ચે
અહિયા અહિયા કમેણમે હુંતિ—અનુક્રમે એક એકથી અધિક હોય છે.
સવ્વેવિ ઇમોભાવા—આ સર્વે પણ ભાવો
જિણામએ ણંતસો પત્તા ॥ ૪૦ ॥—હે જિનેશ્વર! મેં અનંતીવાર પ્રાપ્ત કર્યા છે.

સંપઇ તુમ્હ ભત્તસ્સ, દંડગ પયભમણ ભગ્ગ હિયયસ્સ—હમણાં

ચોવીસે દંડકના સ્થાનને વિષે ભમવાથી નિવૃત્ત થયું છે મન જેનું એવા તમારા ભક્ત એવા મને

દંડતિય વિરય સુલહં—મન, વચન, અને કાય, એ ત્રણ દંડના વિરામથી સુલભ એવું,

લહુ મમદિંતુ મુખ્ખ પયં ॥ ૪૧ ॥—મોક્ષપદ ઝટ આપો.

સિરિ જિણહંસ મુણીસર—શ્રી જિનહંસ મુનિશ્વરના

રજ્જે સિરિ ધવલચંદ સીસેણ–રાજ્યને વિષે શ્રી ધવલચંદ મુનિના શિષ્ય.

ગજસારેણ લિહિયા એસા વિન્નત્તિ અપ્પહિયા ॥ ૪૨ ॥—ગજસાર મુનિએ આ વિજ્ઞપ્તિ પોતાના આત્માના હિતને અર્થે લખી.

જીવના ૫૬૩ ભેદ.

૧૪ નારકીના ભેદ.

૭ પર્યાપ્તા. ૭ અપર્યાપ્તા.

૪૮ તિર્યંચના ભેદ.

૨૮ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, અને વાઉકાય. એ ચાર સૂક્ષ્મ અને ચાર બાદર=૮. તથા પ્રત્યેક વનસ્પતિકાય, સાધારણ વનસ્પતિકાય, અને સૂક્ષ્મ વનસ્પતિકાય=૩. તથા બેઇંદ્રિ, તેઇંદ્રિ, અને ચૌરિંદ્રિ, એ ત્રણ મળી કુલ ૧૪ ચૌદ પર્યાપ્તા, અને ચૌદ અપર્યાપ્તા મળી ૨૮.

૨૦ જલચર, થળચર, ખેચર, ઉરપરિસર્પ, અને ભુજપરિસર્પ, એ પાંચ ગર્ભજ અને પાંચ સમૂર્છિમ મળી દસ. એ દસ પર્યાપ્તા અને દસ અપર્યાપ્તા=૨૦. એ રીતે અડતાલીસ ભેદ તિર્યંચના.

૩૦૩ મનુષ્યના ભેદ.

૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપના મળી ૧૦૧, એ એકસો એક ગર્ભજ પર્યાપ્તા, એકસો એક ગર્ભજ અપર્યાપ્તા, અને એકસો એક સમૂર્છિમ અપર્યાપ્તા મળી કુલ ૩૦૩.

૧૯૮ દેવતાના ભેદ.

૧૫ પરમાધામી.

૧ અંબ. ૨ અંબરસી. ૩ સ્યામ. ૪ સંબળ ૫ રૂદ્ર. ૬ ઉપરૂદ્ર. ૭ કાળ. ૮ મહાકાળ. ૯ અસિપત્ર. ૧૦ ધનુષ્ય. ૧૧ કુંભી. ૧૨ કાલુ. ૧૩ વૈતરણી. ૧૪ ખરસ્વર, ૧૫ મહાઘોષ.

૮ વ્યંતર. (નામ આગળ આવી ગયાં છે.)

૮ વાણવ્યંતર. (નામ આગળ આવી ગયાં છે.)

૧૦ ભુવનપતિ. (નામ આગળ આવી ગયાં છે.)

૧૦ તિર્યગ્જૃંભક.

૧ અન્નજૃંભગા. ૨ પાનજૃંભગા. ૩ વસ્ત્રજૃંભગા. ૪ લેણુજૃંભગા. ૫ પુષ્પજૃંભગા. ૬ ફલજૃંભગા. ૭ પુષ્પફળજૃંભગા. ૮ સયણુજૃંભગા. ૯ વિદ્યાજૃંભગા. ૧૦ અવિયતજૃંભગા.

૧૦ જ્યોતિષી.

૧ ચંદ્ર. ૨ સૂર્ય. ૩ ગ્રહ. ૪ નક્ષત્ર. ૫ તારા. એ પાંચ સ્થિર, અને પાંચ ચર. જ્યોતીષી અઢી દ્વીપમાં જે છે તે ચર, એટલે ફરતા છે. અને અઢી દ્વીપ બહાર જે છે તે સ્થિર છે.

૯ લોકાંતિક.

૧ સારસ્વત. ૨ આદિત્ય. ૩ વન્હિ. ૪ અરૂણ. ૫ ગદતોય. ૬ તુષિત ૭ અવ્વાબાધ. ૮ આગ્નેય. ૯ અરિષ્ટ.

૩ કિલ્બિષિયા.

૧ પેહેલા અને બીજા દેવલોક નીચે. ૨ ત્રીજા અને ચોથા દેવલોક નીચે. ૩ પાંચમા અને છઠ્ઠા દેવલોક નીચે.

૧૨ કલ્પ દેવલોક. (નામ આગળ આવી ગયાં છે.)

૯ ગ્રૈવયક. (નામ આગળ આવી ગયાં છે.)

૫ અનુત્તરવિમાન. (નામ આગળ આવી ગયાં છે.)

એ રીતે દેવતાના ૯૯ ભેદ પર્યાપ્તા, અને ૯૯ અપર્યાપ્તા મળી કુલ ૧૯૮ ભેદ.

નારકીના ૧૪, તિર્યંચના ૪૮, મનુષ્યના ૩૦૩, દેવતાના ૧૯૮ મળી કુલ ૫૬૩ ભેદ જીવના થાય.

કયો જીવ કઇ નરકે જાય તે કહે છે.

સમૂર્ચ્છિમ તિર્યંચપંચેંદ્રિ પેહેલી નારકી સુધી જાય, ભૂજપરિસર્પ બીજી નારકી સુધી, ખેચર ત્રીજી નારકી સુધી, સિંહ પ્રમુખ ચોથી નારકી સુધી, ઉરપરિસર્પ પાંચમી નારકી સુધી, સ્ત્રી છઠ્ઠી નારકી સુધી, મનુષ્ય તથા મચ્છ સાતમી નારકી સુધી.

કઇ નારકીનો જીવ કયાં આવી ઉપજે.

સાતમી નારકીનો નિકળ્યો જીવ ગર્ભજ તિર્યંચમાં આવે, અને સમકિત પણ પામે. છઠ્ઠી નારકીનો નિકળ્યો જીવ ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યમાં આવે, અને દેશવિરતિપણું પામે. પાંચમી નારકીનો નિકળ્યો જીવ ગર્ભજ મનુષ્ય થાય, અને સર્વવિરતિપણું પામે; પણ કેવળજ્ઞાન ન પામે. ચોથી નારકીનો નિકળ્યો જીવ ગર્ભજ મનુષ્ય થાય, અને કેવળજ્ઞાન પામે તો પામે, પરંતુ તીર્થંકર ન થાય. ત્રીજી નારકીનો નિકળ્યો જીવ ગર્ભજ મનુષ્ય થાય, અને તીર્થંકર પણ થાય. બીજી નારકીનો નિકળ્યો જીવ મનુષ્ય થાય, તેમજ વાસુદેવ તથા બળદેવ પણ થાય, પણ ચક્રવર્તી ન થાય. પેહેલી નારકીનો નિકળ્યો જીવ ચક્રવર્ત્યાદિક સમસ્ત પદવી પામે.

॥ ઇતિ શ્રી દંડક મૂળ અર્થસહિત સમાપ્ત. ॥

॥ अथ श्री लघुसंघयणी ॥

(अर्थ सहित.)

॥ मूळ गाथाओ ॥

नमिय जिणं सव्वन्नुं, जगपुज्जं जगगुरुं महावीरं ॥
जंबुद्दीव पयथ्थे, वुच्छं सुत्ता सपरहेऊं ॥ १ ॥
खंडा जोयण वासा, पव्वय कूडा य तिथ्थ सेढीओ ॥
विजय द्दह सलिलाओ, पिंडेसि होइ संघयणी ॥ २ ॥
नउअ सयं खंडाणं, भरहपमाणेण भाईए लख्खे ॥
अहवा नउअसय गुणं, भरह पमाणं हवइ लख्खं ॥ ३ ॥
अहविग खंडे भरहे, दो हिमवंते अ हेमवई चउरो ॥
अठ्ठमहा हिमवंते, सोलस खंडाइ हरिवासे ॥ ४ ॥
बत्तीसं पुण निसढ्ढे, मिलिया तेसठ्ठि बीयपासे वि ॥
चउसठ्ठिओ विदेहे, तिरासि पिंडेइ नउअसयं ॥ ५ ॥

સવ્વન્નૂ=સર્વજ્ઞ
જગપૂજ્જં=જગતને પૂજ્ય
પયથ્થે=પદાર્થો
વુચ્છં=કહીશું
સપરહેઉ=સ્વપર હેતુયે
ખંડા=ખાંડવા
વાસા=ક્ષેત્ર
પવ્વય=પર્વત

કૂડાય=શિખરો
તિત્થ=તીર્થો
સેઢીઓ=શ્રેણીઓ
વિજય=વિજય
દ્રહ=દ્રહ
સલિલાઓ=નદીઓ
પિંડેસિં=સમુદાયે કરી
સંઘયણી=સંગ્રહણી
હોઇ=થાય છે

નઉઅસયં=એકસોનેનેવું
ખંડાણં=ખાંડુઆ
ભરહ=ભરત
પમાણ=પ્રમાણ
ભાઇયે=ભાગીએ
લખ્ખે=લાખ
ગુણં=ગુણીએ
અહવ=અથવા
ઇગખંડે=એક ખાંડવો

ભરહે=ભરતનો	હિમવઈ=હિમવંત	નિસહે=નિષધ પર્વતના
દો=બે	સોલસ=સોળ	મિલિયા=મેળવીને
હિમવંતે=હિમવંત પર્વતને વિષે	હરિવા=સેહરિવર્ષ	તિસહિ=ત્રેસઠ
	બત્તીસં=બત્રીસ	

નમિય જિણં સવ્વન્નૂ, જગપૂજ્જં જગગુરૂ મહાવીરં—સર્વજ્ઞ, ત્રણ જગતને પૂજ્ય, અને ત્રણ જગતના ગુરૂ, એવા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને.

જંબુદ્દીવ પયથ્થે—જંબૂદીપના શાશ્વતા પદાર્થોને

વુચ્છં સૂત્તા સપરહેઉ ॥ ૧ ॥—સૂત્રના અનુસારે પોતાના અને પરના માટે કહીશું.

ખંડા જોયણવાસા—(૧) ખાંડવા (૨) જોજન (૩) ક્ષેત્ર

પવ્વય કુડાય તિત્થ સેઢીઓ—(૪) પર્વત (૫) કુટ (શીખર) (૬) તીર્થ (૭) શ્રેણીઓ,

વિજય દહ સલિલાઓ—(૮) વિજય (૯) દ્રહ અને (૧૦) નદીયો.

પિંડેસિં હોઇ સંઘયણી ॥ ૨ ॥—એ દસ દ્વારના સમૂહથી સંગ્રહણી થાય છે.

ણઉઅ સયં ખંડાણં—એકસો નેવું ખાંડવા (એક ખાંડવું પ૨૬ જોજન ૬ કલાનું.)

ભરહ પમાણેણ ભાઈએ લખ્ખે—ભરતક્ષેત્રના પ્રમાણે લાખ જોજનને ભાગીએ તો થાય.

અહવા ણઉઅસય ગુણં, ભરહ પમાણં હવઇ લખ્ખં ॥ ૩ ॥—અથવા ભરતક્ષેત્રના પ્રમાણને (પ૨૬ જોજન ૬ કલાને) એકસો નેવું ગણા કરીએ તો પણ લાખ જોજન થાય.

અહવિગ ખંડે ભરહે—અથવા એક ખાંડવાનું ભરતક્ષેત્ર,

દોહિમવંતે અ હેમવઇચઉરો—બે ખાંડવાનો હિમવંત પર્વત, અને ચાર ખાંડવાનું હિમવંત ક્ષેત્ર.

અટ્ઠ મહા હિમવંતે—આઠ ખાંડવાનો મહા હિમવંત પર્વત.
સોલસ ખંડાઈ હરિવાસે ॥ ૪ ॥—સોળ ખાંડવાનું હરિવર્ષ ક્ષેત્ર છે.
બત્તીસં પુણ નિસઢે—વળી બત્રીસ ખાંડવાનો નિષધ પર્વત.
મિલિયા તેસટ્ઠિ બીય પાસેવિ—એ સર્વ મળીને ત્રેસઠ ખાંડવા થાય.

એવા બીજા પાસાને વિષે પણ *ત્રેસઠ ખાંડવા જાણવા.

ચઉસટ્ઠિઓ વિદેહે—તેમજ મહાવિદેહ ક્ષેત્રને વિષે ચોસઠ ખાંડવા છે.
તિરાસિ પિંડેઇ ણઉયસયં ॥ ૫ ॥—એ ત્રણે એકઠા કરતાં એકસો નેવું ખાંડવા થાય.

॥ मूळ गाथाओ ॥

जोयण परिमाणाइं, सम चउरंसाइं इच्छ खंडाइं ॥
लक्खस्स य परिहीए, तप्पाय गुणेय हुंतेव ॥ ६ ॥
विक्खंभ वग्ग दहगुण, करणी वट्टस्स परिरओ होई ॥
विक्खंभ पाय गुणिओ, परिरओ तस्स गणियपयं ॥ ७ ॥
परिही तिलक्ख सोलस, सहस्स दोयसय सत्तवीस हिया ॥
कोस तिग अट्ठावीसं, धणु सय तेरंगुलद्ध हियं ॥ ८ ॥
सत्तेवयकोडिसया, नउआ छप्पन्न सय सहस्साइं ॥
चउनउयं च सहस्सा, सयंदिवड्ढं च साहियं ॥ ९ ॥
गाउअ मेगं पनरस, धणुसया तह धणूणि पनरस्स ॥
सट्ठिं च अंगुलाइं, जंबुद्दीवस्स गणियपयं ॥ १० ॥

---

* ઐરવત ક્ષેત્રનો ૧. શિખરાપર્વતના ૨. હિરણ્યવંતના ૪. રૂપીપર્વતના ૮. રમ્યક ક્ષેત્રના ૧૬. નીલવંત પર્વતના ૩૨. એ રીતે ત્રેસઠ ખાંડવા જાણવા.

પરિમાણાઇં=પ્રમાણ-વાળા	દહગુણ=દશ ગણા	આંગળ
સમચઉરંસાઇ=સમચ-તુરસ્ર	કરણી=કરીને	સયા=સેંકડા
ખંડાઇ=ખાંડવા	વટ્ટસ્સ=વાટલા	નઉઆ=નેવું
પરિહીએ=પરિધિનો	પરિરઓ=પરિધિ	છપ્પન્નસય=છપ્પનસો
તપ્પાય=તેનો પા	પાય=પા એ	સહસ્સાઇં=હજારે ગુ-ણીયે
ગુણેય=ગુણે છતે	ગુણિઓ=ગુણવાવડે	ચઉનઉયં=ચોરાણું
હુંતેવ=નિશ્ચે થાય	ગણિય=ગણિત	સયદિવડ્ઢં=દોઢસો
વિખ્ખંભ=પહોળાઇ	પરિહી=પરિધિ	સાહિયં=અધિક
વગ્ગ=વર્ગ	સત્તાવીસ=સત્તાવીસ	ધણૂણિ=ધનુષ
	અહિયા=અધિક	સટ્ઠિં=સાઠ
	તેરંગુલદ્ધહિય=સાડાતેર	

જોયણ પરિમાણાઇં, સમચઉરંસાઇં ઇથ્થ ખંડાઇં—અહીંઆં સમચતુ-રસ્ર જોજનનાં પરિમાણે ખાંડવાં કરવાં, તે કેટલાં થાય તે કહે છે.

લખ્ખસ્સ ય પરિહીએ—એક લાખ જોજનના પરિધિને,

તપ્પાય ગુણેય હુંતેવ ॥ ૬ ॥—તેના ચોથા ભાગે ગુણવાથી ગણિતપદ થાય.

વિખ્ખંભ વગ્ગ દહ ગુણ—પોહોળાઇના વર્ગને દશગુણા કરીને

કરણી વટ્ટસ્સ પરિરઓ હોઇ—વર્ગમૂળ કાઢવાથી ગોળ પરિધિ થાય.

વિખ્ખંભપાય ગુણિઓ—પછી (પરિધિને) વિષ્કંભના ચોથા ભાગે ગુણીએ તો

પરિરઓ તસ્સગણિય પયં ॥ ૭ ॥—તેનું ક્ષેત્રફળ થાય.

• **પરિહી તિલખ્ખ સોલસ**—ત્રણ લાખ સોલ હજાર

સહસ્સ દોય સય સત્તવીસહિયા—બસેં સત્તાવીસ જોજન,

કોસ તિગ અટ્ઠાવીસં—ત્રણ ગાઉ, એકસો અઠ્ઠાવીશ

ધણુસય તેરંગુલદ્ધહિઅં ॥ ૮ ॥—ધનુષ્ય અને સાડાતેર આંગળ. એ-ટલી જંબુદ્વીપની સર્વ પરિધિ થાય.

સત્તેવય કોડિસયા—સાતસો ને નેવું ક્રોડ

નઉઆ છપ્પન્નસય સહસ્સાઇં—છપ્પનસો હજાર. એટલે છપ્પન લાખ

ચઉ ણઉ ચ પંચ સહસ્સા—ચોરાણું હજાર,
સયં દિવડ્ઢં ચ સાહિયં—એકસો પચાસ જોજન,
ગાઉઅ મેગં પનરસ ॥ ૯ ॥—એક ગાઉ,
ધણુ સયા તહ ધણૂણિ પનરસ્સ—પંદરસો પંદર ધનુષ્ય,
સઠ્ઠિંચ અંગુલાઇ—સાઠ આંગળ.
જંબુદ્દીવસ્સ ગણિય પયં ॥ ૧૦ ॥—એટલું જંબુદ્વીપનું ગણિત જાણવું.

॥ मूळ गाथाओ ॥

भरहाई सत्त वासा, वियड्ढ चउ चउरतिस वट्टियरे ॥
सोलस वख्खार गिरि, दो चित्त विचित्त दो जमगा ॥ ११ ॥
दोसय कणय गिरीणं, चउ गयदंता य तह सुमेरू य ॥
छ वासहरा पिंडे, एगुणसत्तरि सया दुन्नी ॥ १२ ॥
सोलस वख्खारेसु, चउ चउ कूडा य हुंति पत्तेयं ॥
सोमणस गंधमायण, सत्त हय रुप्पि महाहिमवे ॥ १३ ॥
चउतीस वियड्ढेसु, विज्जुप्पह निसढ निलवंतेसु ॥
तह मालवंत सुरगिरि, नव नव कूडाइं पत्तेयं ॥ १४ ॥
हिम सिहरिसु इक्कारस, इय इगसट्ठीगिरीसु कूडाणं ॥
एगत्ते सव्वधणं, सयचउरो, सत्तसट्ठीयं ॥ १५ ॥

ભરહઇ=ભરતઆદિ	ગિરિ=ગિરિ (પર્વત)	વાસહરા=વર્ષધર
વાસા=વાસક્ષેત્ર	ચિત્તવિચિત્ત=ચિત્રવિ-ચિત્ર	પિંડે=એકઠા કરીયે
વિયડ્ઢ=વાટલા	જમગા=જમગસમગ	એગુણસત્તરિ=અગન્યો-તેર
ચઉરતિસ=ચોત્રીસ	કયણ=કંચન	સયાદુન્ની=બસેં
વટ્ટિયરે=વૈતાઢ્યથી-બીજા	ગયદંતા=ગજદંતા	કૂડા=કૂટ
વખ્ખાર=વખ્ખારા	સુમેરૂ=સુમેરૂ (પર્વત)	સોમણસ=સોમનસ

ગંધમાયણં=ગંધમાદન
રૂપ્પિ=રૂપી
મહાહિમવે=મહા હીમવંતને વિષે
વિયઢ્ઢેસુ=વૈતાઢ્યને વિષે
વજ્જુપ્પહ=વિદ્યુત્પ્રભ
નસઢ=નિષધ
નીલવંતેસુ=નીલવંતને વિષે
માલવંત=માલ્યવંત
સુરગિરિ=મેરૂ પર્વત
કૂડાઈ=કુટ
હિમ=હિમવંતગિરિ
સિહરિસુ=શીખરી પર્વતને વિષે
ઈગસટ્ઠિ=એકસઠ
ગિરીસુ=પર્વતને વિષે
એગત્તે=એકઠા કરીએ
સવ્વધણં=સર્વસંખ્યાએ
સયચઉરો=ચારસો
સત્તસઠ્ઠીયં=સડસઠ

ભરહાઇ સત્તવાસા—*ભરતઆદિ સાત ક્ષેત્ર છે.
વિયઢ્ઢ ચઉ ચઉરતિંસ વટ્ટિયરે—ચાર વૈતાઢ્ય વાટલા (ગોળ છે) અને ચોત્રીસ લાંબા છે.
સોલસ વખ્ખારગિરિ—સોલ વખારા પર્વત છે
દો ચિત્ત વિચિત્ત દો જમગા ॥ ૧૧ ॥—એક ચિત્ર અને બીજો વિચિત્ર એ બે તથા એક જમગ અને બીજો સમગ એ બે પર્વત છે.
દોયસ કયણ ગિરીણં—બસેં કંચનગિરિ છે.
ચઉગય દંતાય તહ સુમેરૂય—ચાર ગજદંતા પર્વત તેમજ એક સુમેરૂ.
છવાસહરા પિંડે—છ વર્ષધર પર્વત છે. એ સર્વ એકઠા કરતાં
એ ગુણ સત્તરિ સયાદુન્નિ ॥ ૧૨ ॥—બસેંને અગનોતેર થાય છે.
સોલસ વખ્ખારેસુ—સોલ વખ્ખારા પર્વતને વિષે,
ચઉ ચઉ કૂડાય હુન્તિ પત્તેયં—દરેક ઉપર ચાર ચાર શિખર છે.
સોમણસ ગંધમાયણ—સોમનસ અને ગંધમાદન ઉપર સાત સાત શિખરછે
સત્તઠય રૂપ્પિ મહાહિમવે ॥ ૧૩ ॥—અને રૂપી તથા મહા હિમવંત એ બે ઉપર આઠ આઠ શિખરો છે.
ચઉતીસ વિયઢ્ઢેસુ—ચોત્રીસ વૈતાઢ્ય પર્વત ઉપર.
વિજ્જુપ્પહ નિસઢ નીલવંતેસુ—વિદ્યુત્પ્રભ તથા નિષધ તથા નીલવંત
તહ માલવંત સુરગિરિ—તથા માલવંત (એ ચાર) ગજદંત ઉપર તથા મેરૂ પર્વત,
નવ નવ કૂડાઈ પત્તેયં ॥ ૧૪ ॥—એ દરેક ઉપર નવ નવ શિખરો છે.
હિમ સિહરેસુ ઈક્કારસ—હિમવંત અને શિખરી પર્વત ઉપર અગિઆર

* (૧) ભરત (૨) હિમવત (૩) હરિવર્ષ (૪) મહાવિદેહ (૫) રમ્યક (૬) હિરણ્યવંત (૭) ઐરવત.

અગિઆર શિખરો છે.
ઈય ઈગસઠ્ઠી ગિરીસુકૂડાણું—એ એકસઠ પર્વત ઉપર શિખરો
એગત્તે સવ્વધણું—એકત્ર સર્વ મળીને
સય ચઉરો સત્તસઠ્ઠીયં ॥ ૧૫ ॥—ચારસો સડસઠ શિખરો થાય છે.

॥ મૂળ ગાથાઓ ॥

चउ सत्त अट्ठ नवगे, गारसकूडेहिं गुणह जहसंखं ॥
सोलस दु दु गुणयालं, दुवेय सगसट्ठि सयचउरो ॥ १६ ॥
चउतीसं विजएसु, उसहकूडा अट्ठ मेरु जंबुंमि ॥
अट्ठय देवकुराइं, हरिकूड हरिस्सए सट्ठी ॥ १७ ॥
मागह वरदाम पभा, सं तित्थ विजयेसु एरवय भरहे ॥
चउतीसा तिहिं गुणिया, दुरुत्तरसयं तु तित्थाणं ॥ १८ ॥
विज्जहर अभिओगिय, सेढीओ दुन्नि दुन्नि वेअड्ढे ॥
इय चउगुण चउतीसा, छत्तीस सयं तु सेढीणं ॥ १९ ॥
चक्की जेयव्वाइ, विजयाइं इत्थ हुंति चउतीसा ॥
मह दह छ प्पउमाई, कुरूसु दसगंति सोलसगं ॥ २० ॥

		યૌગિક
એગારસ=અગિઆર	હરિકૂડ=હારકૂટ	
ગુણહ=ગુણતાં	હરિસ્સય=હરિસયકૂટ	સેઢીઓ=શ્રેણીઓ
જહસંખં=અનુક્રમે	માગહ=માગધ	દુન્નિ દુન્નિ=બે બે
ગુણયાલં=ઓગણચા-લીસ	વરદામ=વરદાય	છત્તીસસયં=એકસો છત્રીસ
	પભાસં=પ્રભાસ	
દુવેય=બે પર્વતને	એરવય=એરવત ક્ષેત્ર	ચક્કી=ચક્રવર્ત્તિ
સગસટ્ઠિ=સડસઠ	તિહિં=ત્રણવડે	જેયવ્વાઈ=જીતવાયોગ્ય
સયચઉરો=ચારસેં	ગુણિયા=ગુણીએ	વિજયાઈ=દવિજયો
વિજએસુ=વિજયને વિષે	દુરૂત્તરસયં=એકસો બે	મહદહ=મોટાદહ
ઉસહકૂડા=ઋષભકૂટ	તિત્થાણં=તીર્થ	પઉમાઈ=પદ્માદિક
જંબૂમિ=જંબુવૃક્ષના	વિજ્જાહર=વિદ્યાધર	કુરૂસુ=કુરૂઓને વિષે
દેવકુરાઈ=દેવકુર	અભિઓગિય=આભિ-	સોલસગં=સોલ

ચઉસત્ત અટ્ઠ નવગે—ચાર, સાત, આઠ, નવ, અને
ગારસ કુડેહિં ગુણુહ જહસંખં—અગિઆર, એટલા શિખરોની સંખ્યા કરીને અનુક્રમે
સોલસ દુ દુ ગુણુચાલં—સોલ, બે, બે, ઓગણુચાલીસ, તથા
દુવેય સગસટ્ઠિ સય ચઉરો ॥ ૧૬ ॥—બે. એટલા પર્વતોને ગુણતાં સર્વ મળીને ચારસો સડસઠ શિખરો થાય છે. ૧૬×૪=૬૪, ૨×૭=૧૪, ૨×૮=૧૬, ૩૯×૯=૩૫૧, ૨×૧૧=૨૨ એ સર્વ મળી ૬૪+૧૪+૧૬ +૩૫૧+૨૨=૪૬૭ શિખરો થયાં.
ચઉતીસ વિજએસુ—ચોત્રીસ વિજયને વિષે,
ઉસહ કૂડા અટ્ઠ મેરૂ જંબુમ્મિ—રૂષભ શિખ્ખર ચોત્રીસ છે. તથા મેરૂ અને જંબુવૃક્ષ ઉપર,
અટ્ઠય દેવ કુરાઇં—અને દેવકુરૂને વિષે આઠ શિખર છે.
હરિકૂડ હરિસ્સયે સટ્ઠી ॥ ૧૭ ॥—તથા શાળીવૃક્ષ મધ્યેના હરિકૂટ અને હરિસહકૂટ એ બે મળી કુલ સાઠ ભૂમિ શિખર છે. એ પાંચમું કૂટદ્વાર કહ્યું.
માગહ વરદામ પભા—માગધ, વરદામ, અને પ્રભાસ,
સંતિથ્થ તિજયેસુ એરવય ભરહે—એ ત્રણ ત્રણ તીર્થ બત્રીસવિજય તથા ભરત અને ઐરવત એ ચોત્રીસને વિષે છે.
ચઉતીસા તિહિં ગુણિયા—તેથી ચોત્રીસને ત્રણે ગુણતાં
દુરૂત્તર સયંતુ તિથ્થાણં ॥ ૧૮ ॥—સર્વ મળી એકસો બે તીર્થ થાય.
• **વિજ્જાહર અભિઓગીય**—વિદ્યાધર અને આભિયોગીક દેવતાઓની
સેઢીયો દુન્નિ દુન્નિ વેઅઢ્ઢે—બબ્બે શ્રેણીઓ વૈતાઢ્ય પર્વત ઉપર છે.
ઈય ચઉગુણ ચઉતિસા—એટલે ચોત્રીસ વૈતાઢ્ય ઉપર ચોત્રીસને ચારગુણા કરતાં
છત્તીસ સયંતુ સેઢીણં ॥ ૧૯ ॥—એકસો છત્રીસ શ્રેણીઓ થાય છે.
ચક્કી જેયવ્વાઇં—ચક્રવર્તીને જીતવાયોગ્ય
વિજયાઇં ઈત્થ હુંતિ ચઉતીસા—અહીં ચોત્રીસ વિજયો છે,

મહદ્દહ છપ્પ ઉમાઇ—તથા પદ્મ આદિ છ મોટા દ્રહ છે.

કુરૂસુદસગંતિ સોલસગં ॥ ૨૦ ॥—કુરૂક્ષેત્રમાં દસ દ્રહ છે. એમ સર્વ સોળ દ્રહ છે.

॥ मूळ गाथाओ ॥

गंगा सिंधू रत्ता, रत्त वई चउ नईओ पत्तेयं ॥
चउदसहिं सहस्सेहिं, समग्ग वच्चंति जलहिंमि ॥ २१ ॥
एवं अभ्भिंतरिया, चउरो पुण अठ्ठवीस सहस्सेहिं ॥
पुणरवि छप्पन्नेहिं, सहस्सेहिं जंति चउ सलिला ॥ २२ ॥
कुरुमज्झे चउरासी, सहस्साइं तहय विजय सोलसेसु ॥
बत्तीसाण नईणं, चउदस सहस्साइं पत्तेयं ॥ २३ ॥
चउदस सहस्स गुणिया, अडतिस नइओ विजय मज्झिल्ला ॥
सीओयाए निवडं, ति तहय सीयाइ एमेव ॥ २४ ॥
सीया सीओया वि य, बत्तीस सहस्स पंचलख्खेहिं ॥
सव्वे चउदस लख्खा, छप्पन्न सहस्स मेलविया ॥ २५ ॥

ગંગા=ગંગા	એવં=એમ	મજ્જિલા=માંહેલી
સિંધુ=સિંધુ	અભ્ભિંતરિય=અભ્યંતર	સીઓયાએ=સીતોદામાં
રત્તા=રક્તા	પુણરવિ=વળી પણ	નિવડંત્તિ=ભળે છે
રત્તવઇ=રક્તાવતી	જંતિ=જાય છે	સીયાઇં=સીતામાં
નઇયો=નદીઓ	સલિલા=નદીયો	એમેવ=એમજ
ચઉદસહિં=ચઉદ	કુરૂમજ્જે=કુરૂમાં	સીયા=સીતા
સમગ્ગં=સમગ્ર	નઈણું=નદીયો	સીઓયા=સીતોદા
વચ્ચંતિ=ભળે છે	ગુણીયા=ગુણતાં	મેલવિયા=મેલવતાં
જલહિમ્મિ=સમુદ્રમાં	અડતીસ=આડત્રીસ	

ગંગા સિંધુ રત્તા—ગંગા, સિંધુ, અને રક્તા, તથા

રત્તવઈ ચઉનઇયો પત્તેયં—રક્તાવતી, એ ચાર નદીઓ છે. તે પ્રત્યેક નદી

ચઉદસહિં સહસ્સેહિં—ચૌદ હજાર નદીઓના પરિવારે છે.

સમગ્ગ વચ્ચંતિ જલહિંમિ ॥ ૨૧ ॥—એમ સમગ્ર છપ્પન હજાર નદીઓ સમુદ્રમાં જાય છે.

એવં અભ્ભિંતરિયા—એવી રીતે અભ્યંતર (હિંમવંત અને ઐરણ્યવંત) બે ક્ષેત્રની

ચઉરોપુણ અટ્ઠવીસ સહસ્સેહિં—(રોહિતા, રોહિતાંશા, રૂપકુલા, અને સુવર્ણકુલા)એ ચાર નદીઓ વળી પ્રત્યેક અઠ્ઠાવીસ હજારના પરિવાર સાથે સમુદ્રમાં જાય છે.

પુણરવિ છપ્પન્નેહિં, સહસ્સેહિં જંતિ ચઉ સલિલા ॥ ૨૨ ॥—વળી પણ હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રની (હરિકાંતા, હરિસલિલા, નરકાંતા, અને નારિકાંતા) એ ચાર નદીઓ પ્રત્યેક છપ્પનહજારના પરિવાર સાથે સમુદ્રમાં જાય છે.

કુરૂમજ્જે ચઉરાસી—દેવકુરૂ, ઉત્તરકુરૂમાં ૭ નદીયોનો સર્વ પરિવાર ચોરાસી હજારનો છે.

સહસ્સાઈં તહય વિજય સોલસેસુ—તેમજ પશ્ચિમ મહાવિદેહના સોલ વિજય છે, તેમાં

બત્તિસાણ નઈણું—બત્રીસ નદીઓનો પરિવાર છે.

ચઉદસ સહસ્સાઇં પત્તેયં ॥ ૨૩ ॥—તે દરેકને ચૌદ હજાર નદીઓનો પરિવાર છે.

ચઉદસ સહસ્સ ગુણિયા, અડતીસ નઇઓ વિજય મજ્જિલા—સોળ વિજય માંહેલી અડત્રીસ નદીઓને ચૌદહજારે ગુણતાં, ૫૩૨૦૦૦ નદીઓ થાય.

સીઓયાએ નિવડન્તિ તહય સીયાઈ એમેવ ॥ ૨૪ ॥—એટલી નદીઓ સીતા તથા સીતોદામાં મળે છે.

સીયા સીઓયાવિય—સીતા અને સીતોદા એ બે નદીયો પ્રત્યેક

બત્તીસ સહસ્સ પંચ લખ્ખેહિં—પાંચ લાખ બત્રીસહજારના પરિવાર વાળી છે.

સવ્વે ચઉદસ લખ્ખા, છપ્પન્ન સહસ્સ મેલવિયા ॥ ૨૫ ॥—તે સર્વ એકઠી કરતાં ચૌદલાખ છપ્પન હજાર નદીઓ થાય.

॥ मूळ गाथाओ ॥

छज्जोयण सकोसे, गंगा सिंधूण वित्थरो मूले ॥
दसगुणिओ पज्जंते, इय दु दु गुणणेण सेसाणं ॥ २६ ॥
जोयण सय मुच्चिट्ठा, कणयमया सिहरिचुल्ल हिमवंता ॥
रुप्पि महाहिमवंता, दुसुउच्चा रूप्प कणयमया ॥ २७ ॥
चत्तारि जोयण सए, उच्चिट्ठो निसढ नीलवंतो य ॥
निसढो तवणिज्जमओ, वेरुलियो नीलवंतो य ॥ २८ ॥
सव्वे वि पव्वयवरा, समयखित्तम्मि मंदर विहुणा ॥
धरणितले मुवगाढा, उस्सेय चउत्थ भायम्मि ॥ २९ ॥
खंडाई गाहाहिं, दसहिं दारेहिं जंबुद्दीवस्स ॥
संघयणी सम्मत्ता, रइया हरिभद्दसूरीहिं ॥ ३० ॥

સકોસે=ક્રોશસહિત
વિત્થરો=વિસ્તાર
મૂલે=મૂલમાં
દસગુણિઓ=દસગુણો
પજ્જંતે=છેડે
દુ દુ=બમણા બમણા
ગુણેણ=ગુણતાં
સેસાણં=બાકીની
ઉચ્ચિટ્ઠા=ઉંચપણે
કણયમયા=કનકમય
સિહરિ=સિખરી
ચુલ્લહિમવંતા=લઘુહિ-

દુસુ=બસો
ઉચ્ચા=ઉંચપણે
રૂપ્પિ=રૂપી
ઉચ્ચિટ્ઠો=ઉંચપણે
તવણિજ્જમઓ=તપા-
વેલા સોનાના જેવો
વેરૂલિઓ=વૈડુર્ય, લીલો
પવ્વયવરા=પર્વતો
સમય=સમયમાં
ખિત્તમ્મિ=ક્ષેત્રમાં
મંદર=પાંચ મેરૂ
વિહુણા=વિના

ધરણીતળે=પૃથ્વીતળમાં
ઉવગાઢા=અવગાહ્યા છે
ઉસ્સેહ=ઉંચપણાથી
ચઉત્થ=ચોથા
ભાયમ્મિ=ભાગ જેટ
ખંડાઈ=ખાંડવાદિકની
ગાહાહિં=ગાથાયે
દારેહિં=દ્વારે કરીને
સંઘયણી=સંગ્રહણી
સમ્મત્તા=સમાપ્ત થઈ
રઈયા=રચી
હરિભદ્દ=હરિભદ્ર
સૂરિહિં=સૂરિએ

છજ્જોયણ સકોસે—છ જોજન અને એક કોસનો એટલે સવા છ જોજનનો ગંગા સિંધૂણ વિત્થરો મૂલે—ગંગા અને સિંધુનો મૂળમાં વિસ્તાર છે.

દસગુણી ઓપજ્જંતે—તેથી દશગણો વિસ્તાર (૬૨ાા જોજન) છેડે છે.
ઈય દુદુ ગુણુણેણુ સેસાણું ॥ ૨૬ ॥—એ પ્રમાણે બીજી નદીઓનો
તેથી બમણો બમણો વિસ્તાર જાણવો.
જોયણ સયમુચ્ચિયઠ્ઠા—સો જોજન ઉંચા
કણયમયા સિહરિ ચુલ્લ હિમવંતા—સુવર્ણમય શિખરી અને લઘુ
હિમવંત એ બે પર્વત (૧૦૦ જોજન) ઉંચા છે.
રૂપ્પિ મહાહિમવંતા—(રૂપાનો) રૂપી અને (સુવર્ણનો) મહા હિમવંત પર્વત
દુસુ ઉચ્ચા રૂપ્પ કચણમયા ॥ ૨૭ ॥—બસો જોજન ઉંચા છે, તેમાં
રૂપી રૂપાનો છે, અને મહા હિમવંત સોનાનો છે.
ચત્તારિ જોયણસએ—ચારસો જોજન.
ઉચ્ચિઓ નિસઢ નીલવંતોય—નૈષધ અને નીલવંત એ બે પર્વત
(૪૦૦ જોજન) ઉંચા છે.
નિસઢો તવણિજ્જમઓ—તેમાં નૈષધ તપાવેલા સોના સરખો,
વેરૂલિઓ નિલવંતોય ॥ ૨૮ ॥—અને નીલવંત લીલા રત્નના વર્ણના
સરખો છે.
સવ્વેવિ પવ્વયરા—અઢી દ્વીપના પાંચ મેરૂ શિવાય જેટલા શાશ્વતા પર્વતછે,
સમય ખિત્તંમિ મંદર વિહુણા—તે સર્વે પર્વત સમયકાળક્ષેત્રને વિષે
ધરણીતલે સુવગાઢા—પોતાના ઉંચપણાથી ચોથા ભાગ જેટલા પૃથ્વીતળમાં
ઉસ્સેહ ચઉથ્થ ભાયંમિ ॥ ૨૯ ॥—(ભૂમિમાં) અવગાહ્યા છે, અને
પાંચ મેરૂ જે છે તેમાંના જંબુદ્વીપનો મધ્ય મેરૂ ૧૦૦૦ જોજન જમીનમાં અને નવાણું હજાર જોજન ઉપર મળી એક લાખ જોજન છે, અને બીજા ચાર મેરૂ એક હજાર જોજન ભૂમિમાં અને ચ્યાશી હજાર જોજન ઉંચા છે.

ખંડાઈ ગાહાહિં—ખાંડવાદિકની ગાથાએ કરીને
દસહિંદારેહિં જંબુદ્દીવસ્સ—દસ દ્વારથી જંબુદ્વીપની
સંઘયણી સમ્મત્તા—સંગ્રહણી સમાપ્ત થઇ.
રઈયા હરિભદ્દ સૂરીહિં ॥ ૩૦ ॥—તેની શ્રી હરિભદ્ર સૂરીએ રચના કરી.

ઇતિ શ્રી લઘુસંગ્રહણી મૂળ તથા અર્થસહિત સમાપ્ત.

॥ અથ શ્રી જીવવિચારના છૂટા બોલ. ॥

૧ જીવના બે ભેદ છે.

૧ સંસારી, તે કર્મ સહિત. ૨ મોક્ષના, તે કર્મ રહિત.

૨ સંસારી જીવના બે ભેદ છે.

૧ થાવર, તે સ્થિર રહે તે. ૨ ત્રસ, તે હાલે ચાલે તે.

૩ થાવર જીવના પાંચ ભેદ છે.

૧ પૃથ્વીકાય, તે માટી પાષાણાદિક. ૨ અપ્કાય, તે પાણીના જીવ. ૩ તેઉકાય, તે અગ્નિના જીવ. ૪ વાઉકાય, તે વાયરાના જીવ. ૫ વનસ્પતિકાય, તે ઝાડપાલાદિકના જીવ.

૪ વનસ્પતિકાય જીવના બે ભેદ છે.

૧ પ્રત્યેક, તે એક શરીને વિષે એક જીવ હોય તે. ૨ સાધારણ, તે એક શરીરને વિષે અનંતા જીવ હોય તે.

૫ ત્રસકાયનાં ચાર ભેદ છે.

૧ બેઇંદ્રીના, તે શરીર અને જીભવાળા. ૨ તેઇંદ્રીના, તે શરીર, જીભ અને નાસીકાવાળા. ૩ ચૌરેંદ્રીના, તે શરીર, જીભ, નાસીકા, અને ચક્ષુવાળા. ૪ પંચેંદ્રીના, તે શરીર, જીભ, નાસીકા, ચક્ષુ, અને કાનવાળા.

૬ પંચેંદ્રિ જીવના ચાર ભેદ છે.

૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા.

૭ નારકી સાત છે, તેનાં નામ તથા ગોત્ર.

૧ ઘમા—રત્નપ્રભા. ૨ વંશા—શર્કરાપ્રભા. ૩ સેલા—વાલુકાપ્રભા. ૪ અંજણા—પંકપ્રભા. ૫ રિઠ્ઠા—ધુમપ્રભા. ૬ મઘા—તમપ્રભા. ૭ માઘવતી—તમતમાપ્રભા.

૮ તિર્યંચપંચેંદ્રીના ત્રણ ભેદ છે.

૧ જળચર—તે પાણીમાં રહેનારા પ્રાણીઓ. ૨ થલચર—તે જમીન ઉપર ચાલનારા પ્રાણીઓ. ૩ ખેચર-તે આકાશમાં ઉડનારા પ્રાણીઓ.

૯ મનુષ્યના ત્રણ ભેદ છે.

૧ કર્મભૂમિ ક્ષેત્રના. ૨ અકર્મભૂમિ ક્ષેત્રના. ૩ અંતરદ્વીપ ક્ષેત્રના.

૧૦ કર્મભૂમિનાં ક્ષેત્ર ૧૫ છે, તેનાં નામ.

૫ ભરત ક્ષેત્ર. ૫ એરવ્રત્ત ક્ષેત્ર. ૫ મહાવિદેહ ક્ષેત્ર.

૧૧ અકર્મભૂમિનાં ૩૦ ક્ષેત્ર છે, તેનાં નામ.

૫ હેમવંત, ૫ ઐરણ્યવ્રત્ત, ૫ રમ્યક, ૫ દેવકુરૂ, ૫ હરિવર્ષ, ૫ ઉત્તરકુરૂ.

૧૨ અંતરદ્વીપનાં ૫૬ ક્ષેત્ર છે, તે આ જંબુદ્વિપ મધ્યે હિમવંત અને શિખરિ એવા બે પર્વત છે, એ પર્વતો મધ્યેથી પૂર્વ અને પશ્ચિમે લવણ સમુદ્રમાં આઠ ગજદંતા (દાઢા) નિકળ્યા છે, તે એક એક ગજદંતા ઉપરે સાત સાત ક્ષેત્રો છે.

૧૩ દેવતાના ચાર ભેદ છે.

૧ ભુવનપતિના. ૨ વ્યંતરના. ૩ જ્યોતિષિના. ૪ વૈમાનીકના.

૧૪ ભુવનપતિ દેવતાના ૧૦ ભેદ છે.

૧ અસુરકુમાર નિકાય (સ્થાનક). ૨ નાગકુમાર નિકાય. ૩ સુવર્ણકુમાર નિકાય. ૪ વિદ્યુતકુમાર નિકાય. ૫ અગ્નિકુમારનિકાય. ૬ દ્વિપકુમાર નિકાય. ૭ ઉદધિકુમાર નિકાય. ૮ દિશિકુમાર નિકાય. ૯ પવનકુમાર નિકાય. ૧૦ સ્તનિતકુમાર નિકાય.

૧૫ વ્યંતર દેવતાના બે ભેદ છે.

૧ વ્યંતરના. ૨ વાણવ્યંતરના.

૧૬ વ્યંતર દેવતાના આઠ ભેદ છે.

૧ પિશાચ. ૨ ભૂત. ૩ યક્ષ. ૪ રાક્ષસ. ૫ કિંનર. ૬ કિંપુરૂષ. ૭ મહોરગ. ૮ ગંધર્વ.

૧૭ વાણવ્યંતરના આઠ ભેદ છે.

૧ અણપન્ની નિકાય. (સ્થાનક). ૨ પણપન્ની નિકાય. ૩ એસાવાદી નિકાય. ૪ ભૂતવાદી નિકાય. ૫ કંદિત નિકાય. ૬ મહાકંદિત નિકાય. ૭ કોહંડ નિકાય. ૮ પતંગ નિકાય.

૮ જ્યોતસી દેવતાના પાંચ ભેદ છે.

૧ ચંદ્ર. ૨ સૂર્ય. ૩ ગ્રહ. ૪ નક્ષત્ર. ૫ તારા.

૧૯ વૈમાનિક દેવતાના બે ભેદ છે.

૧ કલ્પ, તે આચારવાળા. ૨ કલ્પાતીત, તે પોતે સ્વામી છે.

૨૦ કલ્પ, તે બાર દેવલોક વાળા. તે દેવલોકનાં નામ.

૧ સુધર્મ દેવલોક. ૨ ઇશાન દેવલોક. ૩ સનતકુમાર દેવલોક. ૪ માહેંદ્ર દેવલોક. ૫ બ્રહ્મ દેવલોક. ૬ લાંતક દેવલોક. ૭ મહાશુક્ર દેવલોક. ૮ સહસાર દેવલોક. ૯ આનંત દેવલોક. ૧૦ પ્રાણુંત દેવલોક. ૧૧ આરણ્ દેવલોક. ૧૨ અચ્યુતદેવલોક.

૨૧ કલ્પાતીતના બે ભેદ છે.

૧ નવ ગ્રૈવેયકના. ૨ પાંચ અનુત્તર વિમાનના.

૨૨ નવ ગ્રૈવેયકનાં નામ.

૧ સુદર્શન. ૨ સુપ્રતિબંધ. ૩ મનોરમ. ૪ સર્વભદ્ર. ૫ વિશાળ. ૬ સુમનસ. ૭ સુમણુસ. ૮ પ્રીયંકર. ૯ આદિત્ય.

૨૩ પાંચ અનુત્તર વિમાનનાં નામ.

૧ વિજય. ૨ વિજયંત. ૩ જયંત ૪ અપરાજિત. ૫ સર્વાર્થસિદ્ધ.

૨૪ મોક્ષના જીવના ૧૫ ભેદ છે.

૧ જિણ સિદ્ધા. ૨ અજિણ સિદ્ધા. ૩ તીર્થ સિદ્ધા. ૪ અતીર્થ સિદ્ધા. ૫ ગૃહલિંગે સિદ્ધા. ૬ અન્યલિંગે સિદ્ધા. ૭ સ્વલિંગે સિદ્ધા. ૮ સ્ત્રિલિંગે સિદ્ધા. ૯ પુરૂષલિંગે સિદ્ધા. ૧૦ નપુંસકલિંગે સિદ્ધા. ૧૧ પ્રત્યેકબુધ સિદ્ધા. ૧૨ સ્વયંબુદ્ધ સિદ્ધા. ૧૩ બોધિત સિદ્ધા. ૧૪ એક સિદ્ધા. ૧૫ અનેક સિદ્ધા.

એ પ્રકારે જીવનો વિચાર સંક્ષેપે જાણવો. હવે એ જીવોનું ઉત્કૃષ્ટું દેહમાન તથા ઉત્કૃષ્ટું આયુમાન નીચે પ્રમાણે જાણવું:—

૨૫ પૃથ્વીકાયનું.

શરીરનું ઉંચપણું—અંગુળના અસંખ્યાતમા ભાગનું.

આયુષ—બાવીસ હજાર વરસનું.

૨૬ અપ્કાયનું.

શરીરનું ઉંચપણું—અંગુળના અસંખ્યાતમા ભાગનું.
આયુષ—સાત હજાર વરસનું.

૨૭ તેઉકાયનું.

શરીરનું ઉંચપણું—અંગુળના અસંખ્યાતમા ભાગનું.
આયુષ—ત્રણ અહોરાત્રનું.

૨૮ વાઉકાયનું.

શરીરનું ઉંચપણું—અંગુળના અસંખ્યાતમા ભાગનું.
આયુષ—ત્રણ હજાર વરસનું.

૨૯ સાધારણ વનસ્પતિકાયનું.

શરીર—અંગુળના અસંખ્યાતમા ભાગનું.
આયુષ—અંતરમુહુર્તનું.

૩૦ પ્રત્યેક વનસ્પતિકાયનું.

શરીર—એક હજાર જોજન અધિક.
આયુષ—દશ હજાર વરસનું.

૩૧ બેઇંદ્રી જીવનું.

શરીર બાર જોજનનું.
આયુષ—બાર વરસનું.

૩૨ તેઇંદ્રી જીવનું.

શરીર—ત્રણ ગાઉનું.
આયુષ—૯ દીવસનું.

૩૩ ચૌરિંદ્રી જીવનું.

શરીર—ચાર ગાઉનું. આયુષ—છ માસનું.

૩૪ પહેલી નારકીના જીવોનું.

શરીર—૭ાા ધનુષ્ય ને ૬ અંગુલનું.
આયુષ—૧ સાગરોપમનું.

૩૫ બીજી નારકીના જીવોનું.

શરીર—૧૫ાા ધનુષ્ય અને ૧૨ અંગુળનું.
આયુષ—૩ સાગરોપમનું.

૩૬ ત્રીજી નારકીના જીવોનું.
શરીર—૩૧ાા ધનુષ્યનું. આયુષ—૭ સાગરોપમનું.

૩૭ ચોથી નારકીના જીવોનું.
શરીર—૬૨ાા ધનુષ્યનું. આયુષ—૧૦ સાગરોપમનું.

૩૮ પાંચમી નારકીના જીવોનું.
શરીર—૧૨૫ ધનુષ્યનું. આયુષ—૧૭ સાગરોપમનું.

૩૯ છઠ્ઠી નારકીના જીવોનું.
શરીર—૨૫૦ ધનુષ્યનું. આયુષ—૨૨ સાગરોપમનું.

૪૦ સાતમી નારકીના જીવોનું.
શરીર ૫૦૦ ધનુષ્યનું. આયુષ—૩૩ સાગરોપમનું.

૪૧ સમુર્છિમ જલચરનું.
શરીર—એક હજાર જોજનનું. આયુષ—ક્રોડ પૂરવનું.

૪૨ સમુર્છિમ થલચરનું.
શરીર—૨ થી ૯ જોજનનું. આયુષ—૮૪૦૦૦ વરસનું.

૪૩ સમુર્છિમ ખેચરનું.
શરીર-૨ થી ૯ ધનુષ્યનું. આયુષ-૭૨૦૦૦ વર્ષનું.

૪૪ ગર્ભજ જલચરનું.
શરીર-૧ હજાર જોજનનું. આયુષ-ક્રોડ પૂરવનું.

૪૫ ગર્ભજ થળચરનું.
શરીર-૧૦૦૦ જોજનનું. આયુષ-૩ પલ્યોપમનું.

૪૬ ગર્ભજ ખેચરનું.
શરીર-૨ થી ૯ ધનુષનું.
આયુષ-પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

૪૭ ગર્ભજ મનુષ્યનું.*
શરીર—ત્રણ ગાઉનું. આયુષ—ત્રણ પલ્યોપમનું.

૪૮ સમુર્છિમ મનુષ્યનું.
શરીર—અંગુળના અસંખ્યાતમા ભાગનું.આયુષ—અંતરમુહુર્તનું

૪૯ ભુવનપતિના દેવતાઓનું.
શરીર—સાત હાથનું. આયુષ—દેશે ઉણુ બે પલ્યોપમનું.
(નવનિકાયનું) અને અસુર કુમારનું એક સાગરોપમ અધીક.

૫૦ વ્યંતર દેવતાઓનું.
શરીર—સાત હાથનું આયુષ—એક પલ્યોપમનું.

૫૧ જ્યોતિષી દેવતાઓનું.
શરીર—સાત હાથનું. આયુષની વીગત નીચે પ્રમાણે.
૧ ચંદ્રમાનું.--એક પલ્યોપમ ને એક લાખ વરસ.
૨ સૂર્યનું—એક પલ્યોપમ ને એક હજાર વરસ.
૩ ગ્રહનું—એક પલ્યોપમ.
૪ નક્ષત્રનું.—એક પલ્યોપમ.
૫ તારાનું—પલ્યોપમનો ચોથો ભાગ.

૫૨ સુધર્મ દેવલોકના દેવતાનું.
શરીર—સાત હાથનું. આયુષ—બે સાગરોપમનું.

૫૩ ઈશાન દેવલોકના દેવતાઓનું.
શરીર--સાત હાથનું. આયુષ—બે સાગરોપમ અધિક.

૫૪ સનતકુમાર દેવલોકના દેવતાઓનું.
શરીર--૬ હાથનું. આયુષ—૭ સાગરોપમનું.

૫૫ મહેંદ્ર દેવલોકના દેવતાઓનું.
શરીર—૬ હાથનું. આયુષ—૭ સાગરોપમ અધિકનું.

૫૬ બ્રહ્મ દેવલોકના દેવતાઓનું.
શરીર—૫ હાથનું. આયુષ—૧૦ સાગરોપમનું.

૫૭ લાંતક દેવલોકના દેવતાઓનું.
શરીર—૫ હાથનું. આયુષ—૧૪ સાગરોપમનું.

૫૮ મહાશુક્ર દેવલોકના દેવતાઓનું.

શરીર—૪ હાથનું. આયુષ-૧૭ સાગરોપમનું.

૫૯ સહસાર દેવલોકના દેવતાઓનું.

શરીર—૪ હાથનું. આયુષ—૧૮ સાગરોપમનું.

૬૦ આણુંત દેવલોકના દેવતાઓનું.

શરીર—૩ હાથનું. આયુષ—૧૯ સાગરોપમનું.

૬૧ પ્રાણુંત દેવલોકના દેવતાઓનું.

શરીર—૩ હાથનું. આયુષ—૨૦ સાગરોપમનું.

૬૨ આરણુ દેવલોકના દેવતાઓનું.

શરીર—૩ હાથનું. આયુષ—૨૧ સાગરોપમનું.

૬૩ અચ્યૂત દેવલોકના દેવતાઓનું.

શરીર—૩ હાથનું આયુષ—૨૨ સાગરોપમનું.

૬૪ નવ ગ્રૈવેયકના દેવતાઓનું.

શરીર—૨ હાથનું. આયુષ નીચે પ્રમાણે છે.

૧ લીનું—૨૩ સાગરોપમનું. ૨ જીનું—૨૪ સાગરોપમનુ.

૩ જીનું—૨૫ સાગરોપમનું. ૪ થીનું—૨૬ સાગરોપમનું

૫ મીનું—૨૭ સાગરોપમનું ૬ ઠીનું—૨૮ સાગરોપમનું.

૭ મીનું—૨૯ સાગરોપમનું ૮ મીનું ૩૦ સાગરોપમનું.

૯ મીનું—૩૧ સાગરોપમનું.

૬૫ પાંચ અનુંત્તર વિમાનના દેવતાઓનું.

શરીર—એક હાથનું. આયુષ—નિચે પ્રમાણે.

પેહેલા ચારેમાં ૩૧ થી ૩૩ સાગરોપમનું.

સર્વાર્થસિદ્ધમાં ૩૩ સાગરોપમનું.

૬૬ શ્રી મોક્ષના જીવને.

શરીરપણ નથી, અને આયુષ પણ નથી.

ઇતિ શ્રી જીવવિચારના છૂટા બોલ.

॥ અથ શ્રી નવતત્વના છૂટા બોલ. ॥

૧ જીવતત્વ.	૨ અજીવતત્વ.	૩ પુન્યતત્વ.
૪ પાપતત્વ	૫ આશ્રવતત્વ.	૬ સંવરતત્વ.
૭ નિર્જરાતત્વ.	૮ બંધતત્વ.	૯ મોક્ષતત્વ.

પ્રાણોને ધારે તે જીવ કહિએ, અથવા જ્ઞાનાદિક ચેતના લક્ષણસહિત તે જીવ ૧. જ્ઞાનાદિક ચેતના લક્ષણરહિત તે અજીવ ૨. કર્મની શુભ પ્રકૃતિ તે પુન્ય ૩. કર્મની અશુભ પ્રકૃતિ તે પાપ ૪. જે થકી કર્મ આવે તે આશ્રવ ૫. જે થકી આવતાં કર્મ રોકાય તે સંવર ૬. દેશથી કર્મનો ક્ષય તે નિર્જરા ૭. જુનાં કર્મ સાથે નવાં કર્મનું મળવું તે બંધ ૮. સર્વ કર્મનો ક્ષયતે મોક્ષ ૯.

૧ લા જીવતત્વના ૧૪ ભેદ.	૨ જા અજીવતત્વના ૧૪ ભેદ.
૩ જા પુન્યતત્વના ૪૨ ભેદ.	૪ થા પાપતત્વના ૮૨ ભેદ.
૫ મા આશ્રવતત્વના ૪૨ ભેદ.	૬ ઠ્ઠા સંવરતત્વના ૫૭ ભેદ.
૭ મા નિર્જરાતત્વના ૧૨ ભેદ.	૮ મા બંધતત્વના ૪ ભેદ.
૯ મા મોક્ષતત્વના ૯ ભેદ.	

તે બધા નવે તત્વના સર્વે ભેદ ૨૭૬ થયા. તેમાં ૮૮ અરૂપી છે, અને ૧૮૮ ભેદ રૂપી છે. તેની વિગત નીચે પ્રમાણે:—

અંક.	નામ.	રૂપી ભેદ.	અરૂપીભેદ.	*હેય જ્ઞેયાદિ
૧	જીવ	૧૪	૦	જ્ઞેય
૨	અજીવ	૪	૧૦	જ્ઞેય
૩	પુન્ય	૪૨	૦	ઉપાદેય
૪	પાપ	૮૨	૦	હેય
૫	આશ્રવ	૪૨	૦	હેય
૬	સંવર	૦	૫૭	ઉપાદેય
૭	નિર્જરા	૦	૧૨	ઉપાદેય
૮	બંધ	૪	૦	હેય
૯	મોક્ષ	૦	૯	ઉપાદેય

* હેય=છોડવાયોગ્ય. જ્ઞેય=જાણવાયોગ્ય. ઉપાદેય=આદરવાયોગ્ય.

જીવની છ જાતિઓ છે.

એકવિધ—સર્વ જીવનો શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો છે, તેથી સચેતન એટલે ચેતના લક્ષણવાન છે; માટે એકવિધ જાણવો.

દ્વિવિધ—ત્રસ અને થાવર—ત્રસ એટલે ચલન શક્તિમાન હોય. તડકેથી છાયાએ આવે અને છાયાથી તડકે જાય, તથા ભય દેખી ત્રાસ પામે તેને ત્રસ કહીએ. સ્થાવર એટલે સ્થીરતાવાન જાણવા. એમ સર્વ જીવ દ્વિવિધ જાણવા.

ત્રિવિધ—વેદ ત્રણ છે. સ્ત્રીવેદ, પુરૂષવેદ, ને નપુસકવેદ. એમ સર્વ જીવ ત્રિવિધ જાણવા.

ચતુર્વિધ—ગતિ ચાર છે. દેવતા, મનુષ્ય, નારકી, ને તિર્યંચ. એમ સર્વ જીવ ચતુર્વિધ.

પંચવિધ—ઇંદ્રિય પાંચ છે. એકેંદ્રિય, બેરેંદ્રિય, તેરેંદ્રિય, ચૌરેંદ્રિય, પંચેંદ્રિય. એમ સર્વ જીવ પંચવિધ જાણવા.

ષડ્વિધ—કાય છ છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ને ત્રસકાય. એમ સર્વ જીવ ષડ્વિધ જાણવા. એકેંદ્રિયના બે ભેદ. સૂક્ષ્મ અને બાદર. પાંચ સ્થાવર એકેંદ્રિયછે.

સૂક્ષ્મ—એટલે ચૌદ રાજલોકમાં જે વ્યાપી રહ્યા છે, જે પર્વત પ્રમુખને ભેદીને જાય આવે, કોઇ વસ્તુથી છેદાય ભેદાય નહીં, અગ્નિથી બળે નહીં એવા, ચર્મદ્રષ્ટિથી અદ્રશ્ય, મનુષ્યના ઉપયોગમાં ન આવે એવા, નિરતિશયી સૂક્ષ્મ, નામ કર્મોદયવંતને સૂક્ષ્મ કહે છે.

બાદર—જે નિયત સ્થાનવર્તી છે, પરંતુ કોઈ વસ્તુને છેદી ભેદી શકે નહીં, જે બીજી વસ્તુથી છેદાય ભેદાય, જેને અગ્નિ બાળી શકે, ચર્મદ્રષ્ટીથી જોઇ શકાય, મનુષ્યાદિક સર્વ પ્રાણીના ઉપયોગમાં આવી શકે, એવા દ્રશ્ય, સાતિશયી બાદર નામ કર્મોદયવંતને બાદર કહે છે.

હવે પંચેંદ્રિય (ત્વચા, જીભ, નાક, ચક્ષુ, ને કાનવાળા) ના બે ભેદ છે. સન્નિ ને અસન્નિ.

સન્નિ તે મનસંજ્ઞાસહિત. અસન્નિ તે મનસંજ્ઞારહિત. બેરેંદ્રિયનો એક, તેરેંદ્રિયનો એક, ચૌરેંદ્રિયનો એક, એ પ્રમાણે બધા મળી સાત ભેદ નીચે પ્રમાણે થયા.

૧ સૂક્ષ્મ એકેંદ્રિય. ૨ બાદર એકેંદ્રિય. ૩ બેરેંદ્રિય. ૪ તેરેંદ્રિય. ૫ ચૌરેંદ્રિય ૬ સન્નિ પંચેંદ્રિય. ૭ અસન્નિ પંચેંદ્રિય.

ઉપલા સાતે ભેદના જીવો બે પ્રકારે છે.—

૭ પર્યાપ્તા, ૭ અપર્યાપ્તા મળી જીવના ૧૪ ભેદ.

૧ પર્યાપ્તા– જેને જેટલી પર્યાપ્તિ કહી છે, તેટલી પુરી કીધા પછી મરણ પામે તે.

(પર્યાપ્તિ–આહારાદિક પુદ્દગલનો મેળાપ.)

૨ અપર્યાપ્તા– જેને જેટલી પર્યાપ્તિ કહી છે, તેટલી પુરી કીધાવિના મરણ પામે તે.

આ ચૌદ ભેદ જીવતત્વના જાણવા.

હવે જીવનું લક્ષણ કહે છે.

જ્ઞાન—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવ જ્ઞાન, કેવળ જ્ઞાન. એ પાંચ જ્ઞાન સમ્યક્ત્વ આશ્રયીને કહ્યાં છે. એની સાથે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, તે ત્રણ અજ્ઞાન મિથ્યાત્વ આશ્રયી છે. એ બધાં મળી આઠમાંનું ગમે તે એક અથવા અધિક જ્ઞાન જેને હોય.

દર્શન—ચક્ષુ, અચક્ષુ, અવધિ, અને કેવળ. એ ચાર દર્શનમાંનું એક અથવા અધિક જેને હોય.

ચારિત્ર—સામાયિક, છેદોપસ્થાનીય, પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અને અવિરતિ, એ સાત પ્રકારના ચારિત્રમાંનું કોઈ હોય.

તપ–બે પ્રકારે. દ્રવ્ય અને ભાવ. તેમાંથી એક અથવા અધિક હોય.

વીર્ય—કરણ તથા બળ પરાક્રમરૂપ. એ બેમાંનું એક કે વધારે જેમાં હોય.

ઉપયોગ—પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ને ચાર દર્શન. એ બાર પ્રકારના સાકાર નિરાકારરૂપ ઉપયોગમાંનો કોઇપણ એક કે વધારે જેને હોય તેને જીવ કહીયે.

એ ગુણ જીવ વિના બીજામાં હોય નહીં એ પ્રમાણે જીવનું લક્ષણ જાણવું.

હવે પર્યાપ્તા જીવોનું વર્ણન કરતાં છ પર્યાપ્તિનું સ્વરૂપબતાવે છે.

પર્યાપ્તિ—પુદ્દગલના ઉપચયથી થયો જે પુદ્દગલ પરિણમન હેતુ શક્તિ વિશેષ તેને પર્યાપ્તિ કહે છે.

પર્યાપ્તિના છ ભેદ.

૧ આહાર પર્યાપ્તિ—હરેક જીવને ભવાંતરની ઉત્પત્તિ સમયે જે શક્તિવડે આહાર લેઇને તેને રસપણે પરિણમાવવાની જે શક્તિ વિશેષ તે.

૨ શરીર પર્યાપ્તિ—પછી રસરૂપ પરિણામને રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા તથા વીર્ય એ સાત ધાતુપણે પરિણમાવીને શરીર બાંધવાની જે શક્તિ વિશેષ તે.

૩ ઇંદ્રિય પર્યાપ્તિ—સાત ધાતુપણે પરિણમાવ્યો જે રસ, તે જેને જેટલાં દ્રવ્ય ઇંદ્રિય જોઇયે, તેને તેટલા ઇંદ્રિયપણે પરિણમાવવાની જે શક્તિ વિશેષ તે. ઉપરની ત્રણ પર્યાપ્તિ પુરી કર્યાવિના કોઇ જીવ મરે નહીં.

૪ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ—ઉપરની ત્રણ પર્યાપ્તિ બાંધીને પછી શ્વાસોશ્વાસ યોગ્ય વર્ગણાનાં દલિક લઇ શ્વાસોશ્વાસપણે પરિણમાવીને અવલંબી મુકવાની જે શક્તિ વિશેષ તે.

૫ ભાષા પર્યાપ્તિ—ભાષા યોગ્ય પુદ્ગલ લઈ, ભાષાપણે પરિણમાવીને અવલંબી મુકવાની જે શક્તિ વિશેષ તે.

૬ મનઃ પર્યાપ્તિ—મનોવર્ગણા યોગ્ય પુદ્ગલ લઈ, મનપણે પરિણમાવીને અવલંબી મુકવાની જે શક્તિ વિશેષ તે.

અથ અજીવતત્વ.

અરૂપી અજીવના ૧૦ ભેદ, ને રૂપી અજીવના ૪ ભેદ. તેમાં અરૂપી અજીવના ૧૦ ભેદની વીગત:—

૧ ધર્માસ્તિકાય—ચલન સ્વભાવ ગુણવાળો, અસ્તિકાય—પ્રદેશનો સમુહ. તે ના ત્રણ ભેદ.

  ૧ ખંધ—આખો પદાર્થ.

  ૨ દેશ—ખંધની સાથે સંબંધવાળો તેનો કેટલોક ભાગ.

  ૩ પ્રદેશ—ભાગવાથી બીજો ભાગ થઇ શકે નહીં તે.

૨ અધર્માસ્તિકાય—સ્થિર રાખવાના સહજ ગુણવાળો તે ના ત્રણ ભેદ.—૧ ખંધ, ૨ દેશ, ૩ પ્રદેશ.

૩ આકાશાસ્તિકાય—એક જગ્યાથી બીજી જગ્યામાં જતાં જે અવકાશ આપે તે. તેના ત્રણ ભેદ.—૧ ખંધ, ૨ દેશ, ૩ પ્રદેશ.

૪ કાળનો ભેદ કાળ અથવા અદ્ધા એટલે કાળ કહીએ. એ દશ.

રૂપી અજીવના ૪ ભેદની વીગત:—

૧ પુદ્ગલ ખંધ, ૨ દેશ, ૩ પ્રદેશ, ૪ પરમાણુ, (ખંધથી ભિન્ન થએલો નિર્વિભાજ્ય ભાગ).

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ ને રૂપ રહીત અસંખ્યાત પ્રદેશી ચૌદરાજ લોક વ્યાપી છે. ને આકાશાસ્તિકાય લોકાલોક વ્યાપી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ ને રૂપરહિત અનંતપ્રદેશી છે, પણ પુદ્ગલાસ્તિકાય વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ ને રૂપરહિત, સચિત, અચિત, ને મિશ્ર, ગમે તેવો શબ્દ, અંધકાર, પ્રકાશ, ચંદ્રમાની જ્યોતિ, છાયા,

સૂર્યનો આતાપ, ઇત્યાદિ ગુણવાળો ચૌદરાજ લોક વ્યાપક. સંખ્યાત, અસંખ્યાત ને અનંતપ્રદેશી પૂરણ ગલન છે.

ઇતિ અજીવતત્વ.

અથ પુણ્યતત્વ.

પુણ્ય નવ પ્રકારે બંધાય છે, ને બેતાલીશ પ્રકારે ભોગવાય છે. તે કહે છે.

૧ સાધુ પ્રમુખને અન્ન દીધાથી, ૨ પાણી દીધાથી, ૩ રહેવાને સ્થાનક દેવાથી, ૪ સુવાને પાટ પ્રમુખ દેવાથી, ૫ પહેરવા અથવા ઓઢવાને વસ્ત્ર દીધાથી, ૬ તે વિશે મને કરી શુભ સંકલ્પ કર્યાથી, ૭ વચને કરી સ્તુત્યાદિક કર્યાથી, ૮ કાયાએ કરી સેવા કર્યાથી, ૯ હાથે કરી નમસ્કાર કર્યાથી.

(એ નવ પ્રકારે પુણ્ય બંધાય છે.)

હવે બેતાળીશ પ્રકારે જીવ પુણ્ય ભોગવે તે કહે છે.

૧ શાતાવેદનીય—જેના ઉદયે જીવ સુખ અનુભવે અથવા શાતા પામે તે.

૨ ઉંચ્ચગોત્ર—ઉંચ્ચ કુળમાં જન્મ ધારણ કરી લોકમાં પૂજા પ્રતિષ્ઠાદિક પામે તે.

૩ મનુષ્યની ગતિ—જેના ઉદયે મનુષ્યની ગતિ પામે તે.

૪ મનુષ્યની અનુપૂર્વી—જેના ઉદયે મનુષ્યની અનુપૂર્વી પામે તે. ત્રીજો ને ચોથો બે મનુષ્યદ્વિક કહીએ. અનુપૂર્વી તે ગત્યાંતરમાં વાંકા જતા બળદના નાથની પેરે સીધો લેઈ જનાર.

૫ દેવગતિ } — આ બે જેના ઉદયે પામે તેને સુ
૬ દેવની અનુપૂર્વી } — રાદ્વક કહીએ.

૭ પંચેંદ્રિ જાતિ—પંચેંદ્રિયપણું જેના ઉદયે પામીએ તે.

૮ ઔદારિક નામકર્મ—જેથી ઔદારિક શરીર યોગ્ય પુદ્‌ગલ

ગ્રહણ કરીને તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે તે. તે પ્રમાણે સર્વ શરીરને સમજવું.

૯ વૈક્રિય શરીર જેથી વૈક્રિય શરીર યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરી તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે તે.

વૈક્રિય શરીરના બે ભેદ છે.

૧ ઓપપાતીક—દેવતાને તથા નારકીને હોય છે.
૨ લબ્ધિ પ્રત્યયીઓ—તિર્યંચ તથા મનુષ્ય લબ્ધિવંતને હોય છે તે.

૧૦ આહારક શરીર—ચૌદ પૂર્વધર મુનિરાજ તિર્થંકરની રિદ્ધિ પ્રમુખ જોવાને અર્થે એક હાથ પ્રમાણ દેહ ધારણ કરે છે તે.

૧૧ તેજસ શરીર—આહારનું પચાવનાર તથા તેજોલેશ્યાનો હેતુ.

૧૨ કાર્મણ શરીર—કર્મના પરમાણુ આત્મ પ્રદેશની સાથે મળ્યા છે તે.

૧૩ ઔદારિક અંગોપાંગ—શરીરના બે હાથ, બે ખભા, એક પીઠ, એક માથું, એક ઉદર, એક હૃદય, એ આઠ અંગ, અને આંગળાં પ્રમુખ ઉપાંગ.

૧૪ વૈક્રિય અંગોપાંગ.

૧૫ આહારક અંગોપાંગ—તૈજસ અને કાર્મણ શરીરને અંગોપાંગ નથી.

૧૬ વજ્રઋષભ નારાચ સંઘયણ—વજ્ર=ખીલી, રીષભ=પાટો, નારાચ=બે પાસા મર્કટબંધ, તેનાપર પાટો ને તે ઉપરખીલી.

૧૭ સમ ચતુરસ્ર સંસ્થાન—જેના ઉદયથી પર્યંકાસન કરી બેઠા છતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય, અને પોતાનાં એકસો આઠ અંગુલ પ્રમાણ દેહ ભરાય, તેની પ્રાપ્તિ તે સમ ચતુરસ્ર સંસ્થાન કહીએ.

૧૮ શુભવર્ણ—શ્વેત, રક્ત, પીતરૂપ.
૧૯ શુભગંધસ—ારી ગંધરૂપ.
૨૦ શુભરસ—મીઠા કષાએલા રૂપ.
૨૧ શુભ સ્પર્શ—હળવો, સુંવાળો, ઉનો, ચોપડો.
૨૨ અગુરૂલઘુ નામકર્મ—જેના ઉદયથી મધ્યસ્થ વજનદાર શરીરની પ્રાપ્તિ થાય તે.
૨૩ પરીઘાત નામકર્મ જેના ઉદયથી ગમે તેવા બળવાનને જીતવા સમર્થ થાય તે.
૨૪ શ્વાસોશ્વાસ નામકર્મ—જેના ઉદયથી સુખ પૂર્વક શ્વાસોશ્વાસ લેઇ શકાય તે.
૨૫ આતાપ નામકર્મ—જેના ઉદયથી સૂર્યના બિંબની પેઠે પરને તાપ ઉત્પન્ન કરવાના હેતુરૂપ તેજોયુક્ત શરીરની પ્રાપ્તિ થાય તે.
૨૬ ઉદ્યોત નામકર્મ—જેના ઉદયથી ચંદ્રબિંબની પેઠે શીતળતાને ઉત્પન્ન કરવાના હેતુરૂપ તેજોયુક્ત શરીરની પ્રાપ્તિ થાય તે.
૨૭ શુભ ખગતિ—જેના ઉદયથી વૃષભ તથા હંસની પેઠે સારી ચલનશક્તિ પ્રાપ્તિ થાય તે.
૨૮ નિર્માણ નામકર્મ—જેના ઉદયથી સુથારની પેઠે પોતાના અંગના સર્વ અવયવ યોગ્યસ્થળે ગોઠવવાની શક્તિ હોય તે.
૨૯–૩૮ ત્રસદશક નામકર્મ—જેના ઉદયથી ત્રસાદિ દશ પ્રકૃતિની પ્રાપ્તિ થાય તે. તે ત્રસાદિ દશ નીચે પ્રમાણે:—
૨૯ ત્રસ નામકર્મ—જેના ઉદયથી જીવને બેઇંદ્રિયાદિ શરીરની પ્રાપ્તિ થાય તે.
૩૦ બાદર નામકર્મ—જેના ઉદયથી બાદર દેખાય તેવા શરીરની પ્રાપ્તિ થાય તે.

૩૧ પર્યાપ્તિ નામકર્મ—જેના ઉદયથી આપ આપણી પર્યાપ્તિ પૂરી કરે તે.

૩૨ પ્રત્યેક નામકર્મ—જેના ઉદયથી ઔદારીક વૈક્રિય પ્રમુખ ભિન્ન ભિન્ન શરીરની પ્રાપ્તિ થાય, પણ અનંતા જીવ વચ્ચે એક શરીર ન પામે.

૩૩ સ્થિર નામકર્મ—જેના ઉદયથી શરીરના દંતાદિક અવયવોને સ્થિરતાની પ્રાપ્તિ થાય તે.

૩૪ શુભ નામકર્મ—જેના ઉદયથી શરીરના સર્વ અવયવ સારા હોય અથવા નાભિના ઉપરનું શરીર સારૂં હોય તે.

૩૫ સૌભાગ્ય નામકર્મ—જેના ઉદયથી સર્વ લોકને પ્રીય થાય તે.

૩૬ સુસ્વર નામકર્મ—જેના ઉદયથી વાણીમાં કોયલના જેવી મધુરતા આવે તે.

૩૭ આદેય નામકર્મ—જેના ઉદયથી લોકને વિષે માનનીય વચન થાય તે.

૩૮ યશો નામકર્મ—જેના ઉદયથી લોકને વિષે જશ કીર્તિ થાય તે.

૩૯ સુરાયુષ્યરૂપ—જેના ઉદયથી દેવતાના આયુષ્યની પ્રાપ્તિ થાય તે.

૪૦ નરાયુષ્યરૂપ—જેના ઉદયથી મનુષ્યના આયુષ્યની પ્રાપ્તિ થાય તે.

૪૧ તિર્યંચાયુષ્યરૂપ—જેના ઉદયથી તિર્યંચના આયુષ્યની પ્રાપ્તિ થાય છે તે.

૪૨ તીર્થંકર નામકર્મ—જેના ઉદયથી ત્રિભુવનને પૂજ્યપણું પ્રાપ્ત થાય તે.

ઇતિ પુણ્યતત્વ.

અથ પાપતત્વ.

પાપતત્વનું વર્ણન કરતાં અઢાર પ્રકારે પાપ બંધાય છે, તથા બ્યાશી પ્રકારે ભોગવાય. તે કહે છે:-

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ, અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય. એ અઢાર પ્રકારે પાપ બંધાય.

હવે બ્યાશી પ્રકારે પાપકર્મ ભોગવાય તે કહે છે.

૧ મતિજ્ઞાનાવરણીય—જેના ઉદયથી પાંચ ઇંદ્રિય તથા મનોદ્વારાએ નિયત વસ્તનું જ્ઞાન થાય છે એવા મતિજ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

૨ શ્રુતજ્ઞાનાવરણીય—જેના ઉદયથી શાસ્ત્રાનુસારે જે જ્ઞાન થાય છે એવા શ્રુતજ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

૩ અવધિજ્ઞાનાવરણીય—ઇંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્મ દ્રવ્યને જે સાક્ષાત્ રૂપીદ્રવ્યને જાણવાનું જે જ્ઞાન તેવા અવધિજ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

૪ મનઃપર્યવ જ્ઞાનાવરણીય—જેના ઉદયથી સન્નિ પંચેંદ્રિયના મનોગતભાવ જાણવાનું જે જ્ઞાન થાય છે એવા મનઃપર્યવ જ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

૫ કેવળજ્ઞાનાવરણીય—જેના ઉદયથી પૂર્વોક્ત ચાર જ્ઞાનરહિત જે એકલું નિરાવરણ જ્ઞાન હોય એવા કેવળજ્ઞાનનું જે આચ્છાન થાય તે.

(એ રીતે પાંચ પ્રકારના જ્ઞાનને જે આચ્છાદન કરે તે જ્ઞાનાવરણીય પાપકર્મ કહીએ.)

૬ દાનાંતરાય—જેના ઉદયથી પોતાના ઘરમાં દેવાયોગ્ય વસ્તુ છતાં તથા દાનનું ફળ જાણતાં છતાં પણ આપી શકાય નહીં તે.

૭ લાભાંતરાય—જેના ઉદયથી દાતાર છતાં, દાતારના ઘરમાં વસ્તુ છતાં, માગનાર ડાહ્યો છતાં પણ જે માગેલી વસ્તુ ન મળે તે.

૮-૯ ભોગોપભોગાંતરાય—જેના ઉદયથી પોતે જુવાન છતાં, સુરૂપ છતાં તથા ભોગોપભોગ વસ્તુની પ્રાપ્તિ થયા છતાં પણ તે ભોગવાઈ ન શકાય તે.

૧૦ વીર્યાંતરાય—જેના ઉદયથી પોતે જુવાન, રોગરહિત, તથા બળવાન છતાં પણ જેથી પોતાની શક્તિ ફેરવાઈ શકાય નહીં તે.

(એવી રીતે પાંચ પ્રકારે જે આડું આવે તેને અંતરાયકર્મ કહીએ.)

હવે દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે, તેમાં ચાર ભેદ દર્શનના (સામાન્ય ઉપયોગના) છે, ને પાંચ નિદ્રાના છે. તે કહે છે.

૧૧ ચક્ષુ દર્શનાવરણીય—જેના ઉદયથી આંખે કરી જે રૂપનું સામાન્યપણે ગ્રહણ થાય એવા ચક્ષુદર્શનનું જે આચ્છાદન થાય તે.

૧૨ અચક્ષુ દર્શનાવરણીય—જેના ઉદયથી ચક્ષુ વિના ચાર ઇંદ્રિય તથા મને કરી પોતપોતાના વિષયનું જે સામાન્યપણે ગ્રહણ થાય એવા અચક્ષુદર્શનનું જે આચ્છાદન થાય તે.

૧૩ અવધિ દર્શનાવરણીય—જેના ઉદયથી સામાન્યપણે જે રૂપીદ્રવ્યનું મર્યાદાપણે ગ્રહણ થાય છે એવા અવધિદર્શનનું જે આચ્છાદાન થાય તે.

૧૪ કેવળ દર્શનાવરણીય—જેના ઉદયથી સમસ્ત વસ્તુનું જે સામાન્યપણે દેખવું થાય છે એવા કેવળદર્શનનું જે આચ્છાદાન થાય તે.

૧૫ નિદ્રારૂપ—જેના ઉદયથી નિદ્રાવસ્થા થઈ, પછી સુખ પૂર્વક જાગૃત અવસ્થાની પ્રાપ્તિ થાય તે.

૧૬ નિદ્રાનિદ્રારૂપ—જેના ઉદયથી નિદ્રાવસ્થા થઈ ગયા પછી દુઃખરૂપ જાગૃત અવસ્થાની પ્રાપ્તિ થાય તે.
૧૭ પ્રચલારૂપ—જેના ઉદયથી બેસતાં તથા ઉઠતાં નિદ્રા આવ્યા કરે તે.
૧૮ પ્રચલા પ્રચલારૂપ—જેના ઉદયથી હરતાં ફરતાં પણ નિદ્રા આવે તે.
૧૯ થીણદ્ધીરૂપ—જેના ઉદયથી દિવસનું ચિંતવેલું કામ રાત્રિને વિષે નિદ્રાસમયે તે જાગૃતની પેઠે થાય તે. (નિદ્રા સમયે પ્રાણી વાસુદેવના અર્ધબળયુક્ત હોય છે. તે જીવ નરકગામી જાણવો.)
૨૦ નીચ ગોત્રરૂપ—જેના ઉદયથી પોતે રૂપવાન તથા ધનવાન છતાં નીચ કુળને વિષે ઉત્પન્ન થાય તે.
૨૧ અશાતા વેદની—જેના ઉદયથી દુઃખનો અનુભવ થાય તે.
૨૨ મિથ્યાત્વ મોહનીય—જેના ઉદયથી વીતરાગના વચનની વિપરીત સદ્દહણા થાય તે.
૨૩ થી ૩૨ સ્થાવરદશક—જેના ઉદયથી સ્થાવરદશકની પ્રાપ્તિ થાય તે.

સ્થાવરદશકની વિગત—

૨૩ સ્થાવર નામ—જેના ઉદયથી સ્થાવરપણું પ્રાપ્ત થાય, તેથી જો તાપાદિકે પીડાય તોપણ ત્યાંથી ખસી શકાય નહીં તે.
૨૪ સૂક્ષ્મનામ—જેના ઉદયે અદૃશ્ય એવા સર્વ લોકમાં વ્યાપી રહેલા સૂક્ષ્મપણાની પ્રાપ્તિ થાય તે, પૃથિવ્યાદિક પાંચજ જાણવા.
૨૫ અપર્યાપ્તનામ—જેના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા વિના જે મરણ પામે તે.
૨૬ સાધારણનામ—જેના ઉદયથી અનંત જીવ વચ્ચે એક

ઔદારિક શરીરની પ્રાપ્તિ થાય એવી નિગોદઅવસ્થા તે.

૨૭ અસ્થિરનામ—જેના ઉદયથી શરીરમાં દંતાદિક અવયવ અસ્થિર હોય તે.

૨૮ અશુભનામ—જેના ઉદયથી નાભિની નીચેના અંગનો ભાગ સારો ન હોય, પાદાદિકના સ્પર્શે આગલો રોષ કરે તે.

૨૯ દૌર્ભાગ્યનામ—જેના ઉદયથી સર્વ લોકને અળખામણો લાગે તે.

૩૦ દુઃસ્વરનામ—જેના ઉદયથી કાનને અપ્રિય લાગે એવો કાગડાના સ્વર જેવો સ્વર આવે તે.

૩૧ અનાદેય નામ—જેના ઉદયથી લોકને વિષે તેનું બોલવું કોઈ માન્ય કરે નહીં તે.

૩૨ અયશનામ-જેના ઉદયથી લોકમાં અપકીર્તિ થાય, પણ કોઈ યશ બોલે નહીં તે. (એ સ્થાવરદશક થયું. તે પુણ્યતત્વના ત્રશ દશકથી વિપરીતાર્થ જાણી લેવું.)

૩૩ થી ૩૫ નરકત્રિક—જેના ઉદયથી નરકનું આઉખું, નરકની ગતિ, અને નરકની અનુપૂર્વી પામીએ તે. સમાન્યથી ૧૬ કષાય, નવ નોકષાય, એમ પચ્ચીસ કષાય છે. તે નીચે પ્રમાણે

અનંતાનુબંધીના ચાર ભેદ.

૩૬ થી ૩૯ જેના ઉદયથી અનંત સંસાર બંધાય તેવા ક્રોધ, માન, માયા, અને લોભ. એ ચાર જાવજ્જીવલગી કાયમ રહે. સમ્યક્ત્વ આવવા ન દે, ને છેવટે નરકમાં પહોંચાડે. તેમાં ક્રોધ પર્વતની લીંટી જેવો છે, માન પાષાણના થાંભલા જેવો છે, માયા વંશના મૂળ જેવી છે, લોભ કર્મજના રંગ જેવો છે.

અપ્રત્યાખ્યાનીયના ચાર ભેદ.

૪૦ થી ૪૩ જેના ઉદયથી થોડું પ્રત્યાખ્યાન પણ ન પામે તેવા

ક્રોધ, માન, માયા, લોભ, એક વર્ષ સુધી કાયમ રહે છે. દેશવિરતિપણું આવવા ન દે, અંતે તિર્યંચની ગતિ આપે, તે ક્રોધ સુકાએલા તળાવની રેખા જેવો છે, માન હાડકાના થાંભલા જેવું છે, માયા મેંઢાના શિંગડા જેવી છે, લોભ નગરના ખાળના કાદવના રંગ જેવો છે.

૪૪ થી ૪૭ પ્રત્યાખ્યાનીય—જેના ઉદયથી સર્વ વિરતિરૂપ પ્રત્યાખ્યાનને આચ્છાદન થાય. તેના ચાર ભેદ. ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર માસ ટકે. સર્વ વિરતિરૂપ ચારિત્રનો ઘાત કરે. અંતે મનુષ્યની ગતિ અપાવે. એ ક્રોધ રેતીની લીટી જેવો છે, માન કાષ્ટના થાંભલા જેવું છે, માયા બળદના મૂત્રની રેખા જેવી છે, ને લોભ ગાડાની મળીના રંગ જેવો છે.

૪૮ થી ૫૧ સંજ્વલન—જેના ઉદયથી ચારિત્ર ધારણ કરનાર થોડુંક દીપે. એના ક્રોધ, માન, માયા, ને લોભ, એ ચાર ભેદ છે. એ પંદર દિવસ રહે. યથાખ્યાત ચારિત્રને આવરણ કરે, ને દેવગતિ આપે છે. એ ક્રોધ પાણીની રેખા જેવો છે, માન નેતરના થાંભલા જેવું છે, માયા વાંસની છોલ જેવી છે, ને લોભ હળદરના રંગ જેવો છે. એવી રીતે ચાર ચાર ભેદે ૧૬ કષાયનું વર્ણન કર્યું. હવે નવ નોકષાયનું વર્ણન કરે છે. નોકષાય=જે કષાયને સહચારી હોય તે.

૫૨ થી ૫૭ હાસ્યષટક—જેના ઉદયથી એક વસ્તુ નિમિત્તે, અને બીજું નિમિત વિના, એમ બે પ્રકારે હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, તથા દુગંછાની ઉત્પત્તિ થાય તે.

૫૮ પુરૂષવેદ—જેથી સ્ત્રી ભોગવવાની ઇચ્છા થાય તે. તૃણની અગ્નિ જેવો.

૫૯ સ્ત્રી વેદ—જેના ઉદયથી પુરૂષ ભોગવાની ઇચ્છા થાય તે. બકરીની લીંડીઓના અગ્નિ જેવો.

૬૦ નપુંષક વેદ—જેના ઉદયથી સ્ત્રી, પુરૂષ, બંન્ને ભોગવવાની ઇચ્છા થાય તે. નગર દાહ જેવો.

૬૧ થી ૬૨ તિર્યંચની ગતિ અને તિર્યંચની અનુપૂર્વિ જેના ઉદયથી મળે તે.

૬૩ એકેંદ્રિય જાતિ—જેના ઉદયથી એકેંદ્રિય શરીરની પ્રાપ્તિ થાય તે.

૬૪ બેઇંદ્રિય જાતિ—જેના ઉદયથી બેંદ્રિનું શરીર મળે તે.

૬૫ તેઇંદ્રિય જાતિ—જેના ઉદયથી જુ, માકણ, આદિક જાતિનું શરીર મળે તે.

૬૬ ચઉરેંદ્રિય જાતિ—જેના ઉદયે ચૌરેંદ્રિયજાતિનું શરીર મળે તે.

૬૭ અશુભ વિહાયોગતિ—જેના ઉદયથી ઉંટ અથવા ગધેડાની પેઠે નરસી ગતિ મળે તે.

૬૮ ઉપઘાત નામ—જેના ઉદયથી પોતાના જીભ, દાંત, હરસ, રસોળી, પ્રમુખ અવયવે કરી પોતેજ હણાય તે.

૬૯ થી ૭૨ અપ્રશસ્ત વર્ણ ચતુષ્ક—અશુભવર્ણ=કાળોરંગ, નીલો રંગ, અશુભ ગંધ=ખરાબ ગંધ, અશુભરસ=તીખો, કડવો, અશુભફરસ=ભારે, બરસટ, શીત, લુખો, જેવડે મળે તે.

૭૩ થી ૭૭ અપ્રથમ સંઘયણ—પહેલા વિના પાંચ સંઘયણની પ્રાપ્તિ હોય તે.

૭૩ રીષભ નારાચ સંઘયણ—જેના બે પાસે મર્કટબંધ ઉપર પાટો હોય તે.

૭૪ નારાચ સંઘયણ—જેને બે પાસે કેવળ મર્કટબંધ હોય તે.

૭૫ અર્દ્ધ નારાચ સંઘયણ—જેને એક પાસે કેવલ મર્કટ બંધ હોય તે.

૭૬ કીલિકા સંઘયણ—જ્યાં માંહોમાંહે હાડકાંને એક ખીલીનો બંધ હોય તે.

૭૭ છેવઠું સંઘયણ—ખીલી વિના માંહોમાંહે અમસ્તાં અડકી રહ્યાં હોય તે.

૭૮ થી ૮૨ અપ્રથમ સંસ્થાન—જેના ઉદયથી પહેલા વિના નીચેનાં પાંચ સંસ્થાનની પ્રાપ્તિ થાય તે.

૭૮ ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન—વડની માફક નાભિ ઉપર સુલક્ષણયુક્ત ને નાભિ નીચે નિર્લક્ષણવંત હોય તે.

૭૯ સાદિ સંસ્થાન—નાભિ નીચેનું અંગ સારું પણ નાભિ ઉપરનું નરસું તે.

૮૦ વામન સંસ્થાન—ઉદર પ્રમુખ લક્ષણોપેત, ને હાથ, પગ, માથું, કટી, પ્રમુખ પ્રમાણરહિત હોય તે.

૮૧ કુબ્જ સંસ્થાન—હાથ, પગ, માથું, કટી, પ્રમુખ પ્રમાણોપેત અને ઉદર પ્રમુખ હીન હોય તે.

૮૨ હુંડક સંસ્થાન—સર્વ અવયવ અશુભ હોય તે.

(આ પ્રમાણે સર્વ મળી પાપતત્વના બ્યાસી ભેદ થયા.)

ઇતિ પાપતત્વ.

અથ આશ્રવતત્વ.

આશ્રવતત્વના ૪૨ ભેદ છે, તે કહે છે. જેણે કરીને આત્માને વિષે કર્મોનું આવવું થાય તેને આશ્રવ કહીએ.

૧ થી ૫ પાંચ ઇંદ્રિ—૧ ફરસ ઇંદ્રિ, ૨ રસ ઇંદ્રિ, ૩ ઘ્રાણેંદ્રિ, ૪ ચક્ષુ ઇંદ્રિ, ૫ શ્રોત ઇંદ્રિ.

૬ ૯ ચાર કષાય—૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ.

૧૦ થી ૧૪ પાંચ અવ્રત—૧૦ પ્રાણાતિપાત (પ્રાણનો નાશ), ૧૧ મૃષાવાદ (જુઠું), ૧૨ અદત્તાદાન (ચોરી), ૧૩ મૈથુન (સ્ત્રી સેવન), ૧૪ પરિગ્રહ (વસ્તુનો સંગ્રહ).

૧૫ થી ૧૭ ત્રણ યોગ.

૧૫ મનયોગ—શુભ અશુભની અંદર મનને જોડવું તે.
૧૬ વચનયોગ—શુભ અશુભની અંદર વચનને જોડવું તે.
૧૭ કાયયોગ—શુભ અશુભની અંદર કાયાને જોડવી તે.

૧૮ થી ૪૨ પચીસ ક્રિયા.

૧૮ કાયિકીક્રિયા—કાયાને અજયણાએ પ્રવર્તાવતાં લાગે તે.
૧૯ અધિકરણિકી ક્રિયા—ઘરના ઉપગરણાદિ અધિકરણે કરી જે જીવોનું હનન કરવું તે.
૨૦ પ્રદ્વેષિકીક્રિયા—જીવ અજીવ ઉપર દ્વેષનો વિચાર કરવો તે.
૨૧ પારિતાપનિકીક્રિયા—પોતાને તથા પરને જે પરિતાપ ઉપજાવવો તે.
૨૨ પ્રાણાતિપાતિકીક્રિયા—એકેંદ્રિઆદિ જીવને હણવો, હણાવવો તે.
૨૩ આરંભિકીક્રિયા—ખેતી પ્રમુખની જે ઉત્પત્તિ કરવી, કરાવવી તે.
૨૪ પરિગ્રહિકીક્રિયા—ધનધાન્યાદિક નવવિધ પરિગ્રહ મેળવતાં તથા તેની ઉપર મોહ કરતાં જે ક્રિયા લાગે તે.
૨૫ માયા પ્રત્યયિકીક્રિયા—માયાએ કરી બીજાને ઠગવુંતે.
૨૬ મિથ્યાદર્શન પ્રત્યયિકીક્રિયા—જીન વચન અણસદ્દહતો થકો જે વિપરીત પ્રરૂપણા કરતાં લાગે તે.
૨૭ અપ્રત્યાખ્યાનિકીક્રિયા—અવિરતિયે કરી પચ્ચખાણ કીધા વિના જે સર્વ વસ્તુની ક્રિયા લાગે તે.
૨૮ દ્રષ્ટિકીક્રિયા—કૌતુકે કરી અશ્વ પ્રમુખને જોવું તે.
૨૯ સ્પૃષ્ટિ અથવા પૃચ્છિનીક્રિયા—રાગને વશે કરીને જે પુરૂષ, સ્ત્રી, ગાય, બળદ, વસ્ત્ર, પ્રમુખ સુકુમાર વસ્તુને

સ્પર્શ કરવું તેથી જે ક્રિયા લાગે તે.

૩૦ પ્રાતિત્યકીક્રિયા—બીજાને ઘેર હસ્તી, ઘોડા, વસ્ત્ર, ભૂષણ, પ્રમુખ દેખી દ્વેષ કરે જે એ વસ્તુ એની પાસે કેમ, એવું ચિંતવી કર્મબંધ કરે તે.

૩૧ સામંતો પનિપાતિકીક્રિયા—પોતાના ઘોડા પ્રમુખને જોવા આવેલા લોકોને પ્રશંસા કરતા જોઇને જે હર્ષ આણવો તે. અથવા દૂધ, દહી, ઘી, તેલનાં વાસણ ઉઘાડાં મુકયા થકી તેમાં જે ત્રસ જીવ આવી પડે તેથી જે લાગે તે.

૩૨ નૈસૃષ્ટિકીક્રિયા—જે પરોપદેશિત પાપમાં ઘણો કાળ પ્રવર્તે તે પાપની ભાવથી અનુમોદના કરે તે.

૩૩ સ્વહસ્તિકીક્રિયા—પોતાના હાથથી જે કરે તે.

૩૪ આજ્ઞાપનિકાક્રિયા—શ્રી અરિહંત ભગવાનની આજ્ઞા ઉલ્લંઘન કરી પોતાની બુદ્ધિથી જીવાજીવાદિ પદાર્થની પ્રરૂપણાદ્વારાએ જે ક્રિયા લાગે તે.

૩૫ વૈદારણિકીક્રિયા—બીજાનાં અછતાં માઠાં આચરણને પ્રકાશ કરી તેની પૂજાનો નાશ કરવો, તેથી ઉત્પન્ન થયેલી જે ક્રિયા તે. કાંઇ સચિત વા અચિત ફલાદિક વિદારવાથી લાગે તે.

૩૬ અનાભોગિકીક્રિયા—આભોગ એટલે ઉપયોગ, તેથી જે વિપરીત તે અનાભોગ કહીએ; તેણે કરીને ઉપલક્ષિત જે ક્રિયા તે.

૩૭ અનવકાંક્ષા પ્રત્યયિકીક્રિયા—પોતાની તથા પરની જે અપેક્ષા કરવી તેનું નામ અવકાંક્ષા, તેથી જે વિપરીત તે અનવકાંક્ષા. તેજ છે પ્રત્યય કે૦ કારણ જેનું, એટલે પરમેશ્વરે કહેલી જે કરવાયોગ્ય વિધિયો તેમાંની

કોઇ કોઈ પોતાને તથા કોઈ પરને હીતકારી છે તે વિધિમાં પ્રમાદના વશથી અનાદર કરવો તે અનવકાંક્ષા પ્રત્યયકી ક્રિયા.

૩૮ પ્રયોગિકીક્રિયા—પ્રયોગ તે દોડવા ચાલવાદિ કાયાનો વ્યાપાર, હિંસાકારી કઠોર જુઠાદિક બોલવું તે વચનનો વ્યાપાર, ત્રીજો પરાભિદ્રોહ ઈર્ષ્યા અભિમાનાદિ મનનો વ્યાપાર, તે ત્રણ કરવાં તે.

૩૯ સમુદાનક્રિયા—જેણે કરીને વિષય ગ્રહણ કરીએ તે સમાદાન ઇંદ્રિય છે, તેનો જે દેશથી અથવા સર્વથી ઉપઘાતરૂપ વ્યાપાર એટલે આદેશ દઇને નિભાડાદિક કરાવે તે.

૪૦ પ્રેમપ્રત્યયક્રિયા—માયા તથા લોભે કરી જે થાય તે.

૪૧ દ્વેષપ્રત્યયિકીક્રિયા—ક્રોધ તથા માને કરી જે થાય તે.

૪૨ ઇર્યાપથિકીક્રિયા—ચાલવાથી જે ક્રિયા થાય તે.

એ માંહેલી કેટલીએક ક્રિયાઓ આપસમાં સરખી જણાય છે, તોપણ સરખી ન સમજવી.

ઇતિ આશ્રવતત્વ.

અથ સંવરતત્ત્વ.

સંવરતત્વના સત્તાવન ભેદ છે. તેની વિગત નીચે પ્રમાણે:—

જેણે કરી નવાં કર્મો આવતાં રોકાય તે સંવર. તે બે ભેદ. એક દ્રવ્યસંવર તે નવાં કર્મોનું રોકાવું, અને બીજું ભાવસંવર તે સમિતિ પ્રમુખપણે કરી પરિણામને પામ્યું જે શુદ્ધ ઉપયોગરૂપ દ્રવ્યપણું તેથી કર્મના રોધક આત્માના પરિણામ થાય તે. તેમાં પ્રથમ પાંચ સમિતિ.

૧ ઇર્યાસમિતિ—જવા આવવાને વિષે જયણાસહિત ઉપયોગ રાખવો તે.
૨ ભાષાસમિતિ—બોલવામાં સમ્યક્પ્રકારે ઉપયોગ રાખવો તે.
૩ એષણાસમિતિ—બેતાળીસ દોષરહિત આહારાદિકની ગવેખણા કરવી તે.
૪ આદાનનિક્ષેપણસમિતિ—બેસતાં, ઉઠતાં, લેતાં, ને મુકતાં પુંજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો તે.
૫ પારિષ્ટાપનિકાસમિતિ—મળમુત્રાદિકને પરઠવતાં શુદ્ધ ભૂમિ જોવાનો ઉપયોગ તે.
૬ મનોગુપ્તિ—(ગુપ્તિ=યોગને ગોપવવાં તે) મનને ગોપવવું તે.
૭ વચનગુપ્તિ—વચનને ગોપવવું તે.
૮ કાયગુપ્તિ—કાયાને ગોપવવી તે.

(આ આઠ બોલ ચારિત્રનો નિર્વાહ કરવાને માતા સમાન છે, માટે તેને પ્રવચનમાતા કહે છે.)

બાવીસ પરિસહ—(પરિસહ સર્વ પ્રકારે કર્મ નિર્જરાને અર્થે જે દુઃખ સહન કરવું તે.)

૯ ક્ષુધા પરિસહ—ભૂખથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી તે.
૧૦ પીપાસા પરિસહ—તરસથી થતી વેદના સહન કરવી તે.
૧૧ શીત પરિસહ—ટાઢથી થતી વેદના સહન કરવી તે.
૧૨ ઉષ્ણ પરિસહ—તાપથી થતી આતાપના સહન કરવી તે.
૧૩ ડંસ પરિસહ—જુ, માંકડાદિનો ડંશ સમભાવે સહન કરવો તે.
૧૪ અચેલક પરિસહ—જુનાં વસ્ત્રથી ખેદ ને નવાંથી હર્ષ ન પામે તે.
૧૫ અરતિ પરિસહ—શીતાદિકના સંભવે કરી ઉત્પન્ન થતી અરતિ સહન કરવી તે.

૧૬ સ્ત્રી પરિસહ—સ્ત્રીઓનાં અંગોપાંગ હાવભાવને દેખી પોતાના મનને સ્થીર રાખવું તે.
૧૭ ચર્ચા પરિસહ—આળસરહિત થઇ ગામોગામવિહારકરવોતે.
૧૮ નિષિધકી પરિસહ—શુન્યઘર, સ્મશાનાદિકમાં કાઉસગ્ગાદિ કરતાં સિંહાદિકનો ભય ઉપને ડરે નહીં તે.
૧૯ શય્યા પરિસહ—ચઢતાં ઉતરતાં ઊંચી, નીચી, શીત, ઉષ્ણ, સુકોમળ અથવા કઠણ ભૂમી અથવા આસન પામી ઉદ્વેગ કરે નહીં, પણ સમ્યક્‌પરિણામે દુઃખ સહન કરે તે.
૨૦ આક્રોશ પરિસહ—ક્રોધનાં વચન સાંભળીને સાંખી રહેવાં તે.
૨૧ વધ પરિસહ—પાટુ, ચાબક, તથા લાકડીના પ્રહારથી અથવા વધથી પણ લગારે રોષ ન આણતાં સમ પરિણામે સહન કરેતે.
૨૨ યાચના પરિસહ—ચક્રવર્ત્યાદિ સંજમ લઇને નીચ ઉંચ કૂળે ભિક્ષા લેવા જતાં લજ્જા ન આણે તે.
૨૩ અલાભ પરિસહ—કાંઇ પણ ચીજની યાચના કરતાં ગ્રહસ્થને ત્યાં હુએ છતે તે ન આપે તો તે ઉદ્વેગ ન ધરે, અનિષ્ટ ચિંતવે નહીં, બોલે નહીં, પણ તે નકાર સમતાભાવે સહન કરે તે.
૨૪ રોગ પરિસહ—રોગની ઉત્પત્તિ થયે છતે અત્યંત વેદના થાય તોપણ આર્ત્તધ્યાન ન કરતાં સમ્યક્‌પ્રકારે સહન કરે તે.
૨૫ તૃણફાસ પરિસહ—ડાભની શય્યાએ સૂતાં તૃણના અગ્રભાગ ભોકાવાથી વેદના થાય તે સમ્યક્‌પ્રકારે સહેવી તે.
૨૬ મલ પરિસહ—તૃણના સ્પર્શે પરસેવાના સંજોગે મેલ થાય ને દીલ ગંધાય તોપણ સ્નાનની ઇચ્છા ન કરે, અથવા હું આથી ક્યારે છૂટીશ એવી ઇચ્છા ન કરે તે.
૨૭ સત્કાર પરિસહ—આદરસત્કાર મળવાથી ઉત્કર્ષ ન આણવો, અને ન મળવાથી વિખવાદ ન પામવો તે.
૨૮ પ્રજ્ઞા પરિગ્રહ—વિશેષે કરી શ્રુતનો જાણ હોય તેથી કોઇના

પુછ્યાનો ઉત્તર ઝટ દેવાની શક્તિ હોય તેથી બહુમાન થાય તે જય દેખી પોતે ગર્વ ન ધરે, અને તેના અભાવે ખેદ ન ધરે તે.

૨૯ અજ્ઞાન પરિસહ—વસ્તુનું તત્વ શ્રુતજ્ઞાને જાણવું તે જેનામાં નથી તોપણ દીનતા ન દાખતાં એમ વિચારે જે એતો મહારે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે તે ભોગવવાથી અથવા તપ અનુષ્ટાનથી દુર થશે, એમ વિચારે પણ ઉદ્વેગ ન ધરે તે.

૩૦ સમ્યક્ત્વ પરિસહ—પૂર્વોક્ત અજ્ઞાનને લીધે શાસ્ત્રની ઝીણી વાતોમાં તથા દેવ, ગુરૂ, ધર્મની અસદ્દહણા કરવી નહીં તથા શાસ્ત્રમાં દેવતા ઈંદ્રાદિક સમ્યક્‌દ્રષ્ટિ સાંભળીએ છીએ પણ તે સાનિધ્યકારી થતા નથી માટે હશે કે નહીં હોય તેવો વહેમ ન આણવો; તથા અન્યમતીઓની રિદ્ધિ વૃધ્યાદિક ઉન્નતિ તથા તપશ્ચર્યાદિક કષ્ટ દેખી મૂઢ થવું નહીં તે.
(ઉપરના બાવીસ પરિસહ સમભાવે સહેવા તે સંવર.)

હવે દશ પ્રકારે યતિધર્મ તે કહે છે.

૩૧ ક્ષમાધર્મ—ક્રોધનો જે અભાવ તે.
૩૨ માર્દવધર્મ—માનનો જે ત્યાગ તે.
૩૩ આર્યવધર્મ—કપટરહિતપણું તે.
૩૪ મુક્તિધર્મ— નિર્લોભતા તે.
૩૫ તપધર્મ—ઇચ્છાનો જે નિરોધ તે.
૩૬ સંજમધર્મ—પ્રાણાતિપાતાદિક પાંચનું જે વિરમણ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય, ત્રણ દંડની પ્રવૃત્તિ, એ સત્તર ભેદે સંજમધર્મ.
૩૭ સત્યધર્મ—સાચું બોલવું તે.
૩૮ શૌચધર્મ—બેતાળીસ દોષરહિત ભાત પાણી પ્રમુખ આહાર લેવો તે સર્વ દ્રવ્યથી શૌચ, અને આત્માના જે શુદ્ધ અધ્યવસાય કષાયાદિકે રહિત શુદ્ધ પરિણામની વૃદ્ધિ તે

ભાવ શૌચ; અથવા મન, વચન, અને કાયા શુદ્ધ રાખવાં, સંજમને વિષે નિરતિચારપણું, તથા જીવ અદત્ત, સ્વામી અદત્ત, ગુરૂ અદત્ત અને તિર્થંકર અદત્ત, એ ચાર પ્રકારની ચોરીનો ત્યાગ કરવો તે.

૩૯ અકિંચનધર્મ—સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્છારહિત થવું તે.

૪૦ બ્રહ્મચર્ય ધર્મ—નવ પ્રકારે ઔદારિક સંબંધી તથા નવ પ્રકારે વૈક્રિય સંબંધી મૈથુનનો ત્યાગ.

(ઉપર બતાવેલા દશ ગુણસહિત હોય તે યતિધર્મ જાણવો.)

હવે બાર ભાવનાનું વર્ણન ચાલે છે.

૪૧ અનિત્ય ભાવના—લક્ષ્મી, યૌવન, કુટુંબ, પરિવાર, તથા આઉખા પ્રમુખને વિષે જે અનિત્યતાની ભાવના ભાવવી એટલે સંસારના સર્વ પદાર્થ તે કુસના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુની માફક અસ્થિર જાણવા તે.

૪૨ અશરણ ભાવના-સંસારમાં જન્મ,જરા, મરણના ભયથી રાખવાને એક ધર્મવિના બીજું કોઈ શરણ નથી એવું જે ભાવવું તે.

૪૩ સંસાર ભાવના—માતા તે સ્ત્રી થાય, સ્ત્રી તે માતા થાય, પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય, ઇત્યાદિ આ જીવે સંસારના વિષે સર્વ ભાવનો અનુભવ કર્યો છે એવું જેભાવવુંતે.

૪૪ એકત્વ ભાવના—આ જીવ સંસારમાં એકલો આવ્યો છે ને એકલો જશે એવું ધારવું તે.

૪૫ અન્યત્વ ભાવના—આત્મા જ્ઞાનસ્વરૂપ છે, અને શરીર જડ છે; માટે પરસ્પર ભિન્ન છે. આત્મા શરીર નથી અને શરીર આત્મા નથી. આત્માથી શરીર તેમજ ધન તથા સ્વજનાદિક અન્ય છે, એવું ભાવવું તે.

૪૬ અશુચિ ભાવના—રસ, રૂધીર, માંસ, હાડકાં, વીર્ય, પરૂ, વીગેરેથી ભરેલું શરીર છે, તથા તેમાં પુરૂષ તથા સ્ત્રી આશ્રી

નવ તથા બાર દ્વારે સદા વહ્યાં કરે છે, ને તે કોઈ ઉપાયે પવિત્ર થતું નથી એવું ભાવવું તે.

૪૭ આશ્રવ ભાવના—ઇંદ્રિય પાંચ, કષાય ચાર, અવ્રત પાંચ, પ્રાણાતિપાતાદિક જોગ ત્રણ, ક્રિયા પચીસ, એ ભેદ કરીને કર્મ બંધાય છે; તથા દયા દાનાદિકે શુભ અને વિષય કષાયાદિકે અશુભ કર્મ બંધાય છે એવું જે ભાવવું તે.

૪૮ સંવર ભાવના—જે જે સંવર આદરવા થકી જે જે આશ્રવ રોકાય તે તે સંવરનું આદરવું અને આશ્રવનું રોકવું.

૪૯ નિર્જરા ભાવના—સંકીર્ણ સ્થાનકયોગે જેમ કેરી પાકે છે, તેમ બાર પ્રકારના તપે કરી કર્મને પચાવવું. એટલે પૂર્વકૃત કર્મને સાડવું તે રૂપ નિર્જરા સકામ તથા અકામ એ બે પ્રકારે છે, એવી જે ભાવના ભાવવી તે.

૫૦ લોકસ્વરૂપ ભાવના—કેડ ઉપર બે હાથ દઈને બન્ને પગ પસારીને ઉભેલા પુરૂષના જેવો જેનો સમ આકાર ષટ્ દ્રવ્ય આત્મક છે. પુર્વ પર્યાય વિણસે નવા પર્યાય ઉત્પન્ન થાય અને દ્રવ્યપણે નિશ્ચલ એમ ઉત્પાદ,વ્યય, તથા ધ્રુવસ્વરૂપ ચૌદ રાજલોક છે, જેનું નીચેનું તળીયું ઉંધા વળેલા શરાવલા સરખું, મધ્યભાગ ઝાલર સરખો, ઉપરનો ભાગ મૃદંગ સરખો, એવો શાશ્વત છે, એમ જે લોકસ્વરૂપની ભાવના કરવી તે.

૫૧ બોધિદુર્લભ ભાવના જીવને સંસારમાં ભમતાં અનંતા પુદ્ગલપરાવર્તન થઈ ગયા, તેમાં અનંતીવાર ચક્રવર્તી આદિની ઋદ્ધિ મળી તથા યથાપ્રવૃત્તિકરણને યોગે કરી અકામ નિર્જરાવડે પુણ્યના પ્રયોગથી મનુષ્ય ભવ, આર્યદેશ, નિરોગી કાયા, ધર્મ શ્રવણની જોગવાઈ પામ્યો તોપણ સમ્યક્ત્વ પામવું અતિ દુર્લભ છે. એવી જે ભાવના ભાવવી તે.

૫૨ ધર્મ ભાવના-આ દુસ્તર સંસાર સમુદ્રમાંથી તારવાને પ્રવહણ સમાન તે શ્રી જિનપ્રણીત દશ પ્રકારે ક્ષમાદિક શુદ્ધ ધર્મ

તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર, એ રત્નત્રયાત્મક ધર્મ પામવો દુર્લભ છે, તથા તે ધર્મના સાધક અરિહંતાદિક તે પણ આ સંસારમાં પામવા દુર્લભ છે એવું ચિંતવવું.

(ઉપર કહેલી બાર ભાવના તથા દરેક વ્રતની પાંચ પાંચ એવી પાંચ મહાવ્રતની પચીસ તથા મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને ઉપેક્ષા એ બધી ભાવના શુદ્ધ મને પ્રમોદરહિતપણે ભાવવી.

પાંચ પ્રકારે ચારિત્ર.

૫૩ સામાયક ચારિત્ર—રાગ દ્વેષરહિતપણાને વાસ્તે જવું તે. અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રનો જ્યાં લાભ થાય તે. તે બે ભેદ. ૧ દેશ વિરતિ, ૨ સર્વ વિરતિ. (સર્વ સાવદ્યયોગ ત્યાગરૂપ અને નિર્વદ્યયોગ સેવનરૂપ.) દેશે કરી શ્રાવકને, અને સર્વે કરી સાધુ મુનિરાજને હોય.

૫૪ છેદોપસ્થાપનિય—પૂર્વ પર્યાયનો છેદ કરવો અને આચાર્યે આપેલું પંચ મહાવ્રત રૂપપણું જે મહાવ્રતને વિષે હોય. તે બે ભેદ.

૧ સાતિચાર—મૂળગુણ ઘાતીને પ્રાયશ્ચિત રૂપ.

૨ નિરતિચાર—નવદિક્ષિત શિષ્યને છજીવણીયા અધ્યયન ભણ્યા પછી હોય, અથવા બીજા તીર્થ આશ્રયી હોય, તે જેમ શ્રી પાર્શ્વનાથસ્વામીના તીર્થથી વીરસ્વામીના તીર્થે આવી પંચ મહાવ્રતરૂપ ધર્મ આદરે તેને હોય.

૫૫ પરિહાર વિશુદ્ધિ ચારિત્ર—વિશેષ તપ કરવાથી કર્મની નિર્જરા જે ચારિત્રને વિષે હોય તે. તેના બે ભેદ છે.

૧ નિર્વિશ માનસિક—ચાર જણ વિવક્ષિત ચારિત્રના આસેવક એ કલ્પમાં પ્રવર્ત્તતા હોય તેનું ચારિત્ર હોય તે.

૨ નિર્વિષ્ટકાયિક—ચાર જણ તેના અનુચારી હોય તેને હોય તે.

૫૬ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર—સૂક્ષ્મ છે કષાય તે જેને વિષે તે. ઉપશમ શ્રેણીએ કર્મ ઉપશમાવતાં અને ક્ષપક શ્રેણીએ કર્મ ખપાવતાં હોય ત્યાં નવમે ગુણઠાણે લોભના સંખ્યાતા ખંડ કરી તેને ઉપશમ શ્રેણીવાળો જે હોય તે ઉપશમાવે, તથા ક્ષપક શ્રેણીવાળો હોય તે ખપાવે, તે સંખ્યાતા ખંડ માંહે લો જે વારે છેહલો એક ખંડ રહે તેના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ કરીને, દશમે ગુણઠાણે ઉપશમાવે અથવા ક્ષપક હોય તે ખપાવે તે દશમા ગુણઠાણાનું નામ અને ચારિત્રનું નામ પણ સૂક્ષ્મ સંપરાય છે. તેના બે ભેદ. પેહેલું વિશુદ્ધ માનસિક તે શ્રેણી ચઢતાને હોય. બીજું સંકિલષ્ટ માનસિક તે ઉપશમ શ્રેણીથી પડતાને હોય.

૫૭ યથાખ્યાત ચારિત્ર—સર્વથા પ્રકારે કષાય રહિતપણું તે. તે બે ભેદ.

૧ છાદ્મસ્થિક-તે છદ્મસ્થ ઉપશમિકને અગ્યારમે ગુણઠાણે અને ક્ષપકને બારમે ગુણઠાણે હોય.

૨ કૈવલિક—તે કેવળીને તેરમે ને ચૌદમે ગુણઠાણે હોય. એ ચારિત્ર એવું છે જેથી મોક્ષસ્થાનક પામે. ॥ઇતિ॥

અથ નિર્જરાતત્વ.

નિર્જરા બાર પ્રકારના તપવડે થાય છે. છ પ્રકારે બાહ્ય તપ, અને છ પ્રકારે અભ્યંતર છે.

છ પ્રકારના બાહ્યતપ.

૧ અનશન—આહારનું ત્યાગ કરવું=ઉપવાસાદિક કરવું તે.
૨ ઉણોદરી—આહાર, વસ્ત્ર, તથા રાગ દ્વેષની ઓછાશ કરવી તે.
૩ વૃત્તિ સંક્ષેપ—આજીવિકાનો દ્રવ્ય, ક્ષેત્ર કાલ, ભાવે સંક્ષેપ કરવો તે. તથા અભિગ્રહ કરવો, નિયમ ધારવા તે.

૪ રસ ત્યાગ—વિગયાદિકનો ત્યાગ કરવો.=આંબિલ, નીવી, પ્રમુખ કરવું તે.

૫ કાયકલેશ—લોચ, કાઉસ્સગ્ગ તથા ઉત્કટ આસને કરી કષ્ટ સહેવું તે.

૬ સંલીનતા—અંગોપાંગાદિકનું સંવરવું, ગોપન કરવું તે.

હવે છ પ્રકારે અભ્યંતર તપ કહે છે.

૧ પ્રાયાશ્ચિત—કીધેલા અપરાધની શુદ્ધિ કરવી તે.
૨ વિનય—ગુણવંતની ભક્તિ કરવી તથા અશાતના ટાળવી તે.
૩ વૈયાવૃત્ય—આહારાદિક આણી આપવો, આચાર્યાદિકના કેડ પગાદિ ચાંપવા તે.

૪ સ્વાધ્યાય—ભણવું, ભણાવવું, સંદેહ દૂર કરવો, ભણેલું ફરી સંભારવું, અર્થ ચિંતવવો, ધર્મોપદેશ કરવો તે.
૫ ધ્યાન—આર્ત તથા રૌદ્રધ્યાનને નિવારવું, તથા ધર્મધ્યાન, શુકલધ્યાનનું ધ્યાવવું તે.
૬ કાયોત્સર્ગ—પરવસ્તુનો ત્યાગ કરવો, તથા કર્મના ક્ષય નિમિત્તે કાયોત્સર્ગ કરવો તે.

ઇતિ નિર્જરા તત્વ.

અથ બંધતત્વ.

બંધતત્વના ચાર ભેદ છે.

૧ પ્રકૃતિબંધ—કર્મનું સ્વભાવ પરિણમનરૂપ છે તે.
૨ સ્થિતિબંધ—કર્મનું કાળ પરિમાણરૂપ છે તે.
૩ અનુભાગબંધ—કર્મનું તીવ્ર મંદાદિ રસ પરિમાણરૂપ છે તે
૪ પ્રદેશબંધ—કર્મ પુદ્ગલના પ્રદેશ પરિમાણ રૂપ છે તે.
(આ બાબત મોદકના દ્રષ્ટાંતે કરી સમજવું. કર્મગ્રંથમાં જોવું.)

ઇતિ બંધતત્વ.

અથ મોક્ષતત્વ.

મોક્ષતત્વના નવ ભેદ છે.

૧ સંતપદ પ્રરૂપણા દ્વાર—મોક્ષને વિષે છતાપદની પ્રરૂપણા તે.
૨ દ્રવ્ય પ્રમાણ દ્વાર—સિદ્ધના જીવ દ્રવ્ય કેટલા છે તે વિચારવું તે.
૩ ક્ષેત્રદ્વાર—સિદ્ધને અવગાહના ક્ષેત્ર કેટલું છે તે વિચારવું તે.
૪ સ્પર્શનાદ્વાર—કેટલા આકાશપ્રદેશને સિદ્ધના જીવ ફરસે એમ વિચારવું તે.
૫ કાળદ્વાર—સિદ્ધનો કાળ આદિ અનંત છે એમ કહેવું તે.
૬ અંતરદ્વાર—સિદ્ધને વિષે અંતર નથી એમ કહેવું તે.
૭ ભાગદ્વાર—સિદ્ધના જીવ સંસારી જીવના કેટલામે ભાગે છે એમ વિચારવું તે.
૮ ભાવદ્વાર—ક્ષાયિકાદિક પાંચ ભાવમાંથી સિદ્ધના જીવ કયા ભાવે છે એમ વિચારવું તે.
૯ અલ્પ બહુત્વદ્વાર—સિદ્ધના પંદર ભેદમાંથી કયામાં થોડા જીવ અને કયામાં વધારે છે એમ વિચારવું તે.

હવે જે પંદર ભેદે સિદ્ધ થાય છે તે કહે છે.

૧ જિણસિદ્ધા—તીર્થંકર પદવી પામીને જે મોક્ષે ગયા તે.
૨ અજિણસિદ્ધા—સામાન્ય કેવળી થઇને મોક્ષે ગયા તે.
૩ તીર્થસિદ્ધા—તીર્થંકરને કેવળજ્ઞાન ઉપન્યા પછી જે મોક્ષે ગયા તે.
૪ અતીર્થસિદ્ધા—તીર્થંકરને કેવળજ્ઞાન ઉપન્યા પહેલાં જે મોક્ષે ગયા તે.
૫ ગૃહસ્થલિંગેસિદ્ધા—ગૃહસ્થના વેશે રહ્યા થકા મોક્ષે ગયા તે.
૬ અન્યલિંગેસિદ્ધા—જોગી, સન્યાસી, તાપસ, વિગેરેના વેશે મોક્ષે ગયા તે.

૭ સ્વલિંગે સિદ્ધા—સાધુના વેશે મોક્ષે ગયા તે.
૮ સ્ત્રીલિંગે સિદ્ધા—સ્ત્રીવેદપણું પામીને મોક્ષે ગયા તે.
૯ પુરૂષલિંગે સિદ્ધા—પુરૂષવેદપણું પામીને મોક્ષે ગયા તે.
૧૦ નપુંસકલિંગે સિદ્ધા—નપુંસકવેદપણું પામીને મોક્ષે ગયાતે.
૧૧ પ્રત્યેકબુદ્ધ સિદ્ધા—કોઈ પદાર્થ દેખીને પ્રતિબોધાયા થકા ચારિત્ર લેઇને મોક્ષે ગયા તે.
૧૨ સ્વયંબુદ્ધસિદ્ધા—ગુરૂના ઉપદેશવિના પોતાની મેળે જાતિ સ્મર્ણાદિકે પ્રતિબોધ પામીને મોક્ષે ગયા તે.
૧૩ બોદ્ધબોધિત સિદ્ધા—ગુરૂનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામીને મોક્ષે ગયા તે.
૧૪ એક સિદ્ધા—એક સમયને વિષે એકજ મોક્ષે ગયા તે.
૧૫ અનેક સિદ્ધા—એક સમયમાં ઘણા જીવ મોક્ષે ગયા તે.

ઇતિ મોક્ષતત્વ.

ઉપર કહેલાં નવ તત્વ જે પ્રાણી જાણે તેને સમકીત હોય, અને અપવાદે જો કે જીવાદિ નવ તત્વનો અજાણ હોય પણ તેને વિષે આસ્થા રાખે તોપણ તેને સમ્યકત્વ છે એમ સમજવું. સર્વે તીર્થંકર પ્રણિત વચન અન્યથા ન હોય એવી મતિ જેના મનમાં રહેલી હોય, તેને નિશ્ચય સમકિત છે. એક અંતરમુહુર્ત (આશરે બે ઘડી) જે પુરૂષને સમકિત ફરસ્યું હોય, તેને અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર નક્કી બાકી રહ્યા એમ સમજવું. એતો ઘણીજ આશાતનાવંતને સમજવું; પણ શુદ્ધ સમકિતી તો કોઈ તેજભવે, કોઇ ત્રિજે, કોઈ સાતમે, અને કોઇ તરતજ મોક્ષ પામે.

॥ ઇતિ નવતત્ત્વના છૂટા બોલ સમાપ્ત. ॥

॥ ઇતિ શ્રી જીવવિચાર, નવતત્ત્વ, દંડક અને લઘુસંઘયણી મૂળ અને અર્થસહિત સમાપ્ત. ॥

અથ શ્રાવક દીનકૃત્ય.

શ્રાવકે હમેશાં બે ઘડી પાછલી રાતે ઉઠીને મનમાં નવકાર મંત્ર સ્મરણ કરવો, પછી પોતાના દેવ ગુરૂ ધર્મ તથા આત્મા અને પોતાનાં કૃત્યનો વિચાર કરવો પછી સામાયિક અને રાઈ પડિક્કમણું કરી રાત્રિએ કરેલાં પાપની આલોયણ લેવી, ને યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું, પછી પ્રભુનાં સ્તવન તથા સઝાય વગેરે કરવું, પછી ચઉદ નિયમ ધારવા, પછીથી યત્નાપૂર્વક દેહેરે જઈ પ્રભુની દ્રવ્ય તથા ભાવપૂજા કરવી. તેની કિંચિત્ વિધિ નિચે બતાવે છે. લીલ, ફુલ, તથા જીવરહિત શુદ્ધભૂમિ જોઇને સ્નાન કરીને અંગુચા વતી દીલ સાફ કરવું, પછી પૂજાને વાસ્તે જુદાં રાખેલાં વસ્ત્ર પહેરવાં, એકસાડી ઉતરાસણ કરવું, આઠપડો મુખકોશ બાંધવો, દેરાસરમાં ૮૪ આશાતના ટાળવી, તેમાંની મહોટી દશ આશાતનાઓ નીચે પ્રમાણે:—૧ પાન સોપારી આદિ કંઈ ચીજ ખાવી, ૨ પાણી પીવું, ૩ ભોજન કરવું, ૪ પગરખાં પહેરી રાખવાં, ૫ મૈથુન સેવવું, ૬ પથારી કરી સુવું, ૭ થુકવું, ગળફો વીગેરે નાંખવું, ૮ પેસાબ કરવો, ૯ ઝાડે જવું, ૧૦ જુગટું રમવું, એ આશાતના તો અવશ્યે ટાળવી. પછી જીનપ્રતિમાની વિનયપૂર્વક પોથા તથા વાળાકુંચી કરવી, અંગલોહુણા કરી દ્રવ્ય એટલે કેશર તથા ફુલથી પૂજા કરવી, તેનું નામ દ્રવ્ય અંગ પૂજા, અને અક્ષત, ધૂપ, અગર, દીપ વીગેરેથી પૂજા કરવી, તે દ્રવ્ય અગ્રપૂજા કહેવાયછે. પૂજા કરવાની આંગળીના નખને કેસરમાં બોળવો નહીં, તેમજ પ્રતિમાજીને પણ અડકે નહીં, તેમ પ્રભુના નવ અંગે પૂજા કરવી. ૧ જમણા તથા ડાબા પગના અંગુઠે, ૨ જમણા તથા ડાબા ઢીંચણે, ૩ જમણા તથા ડાબા કાંડે, ૪ જમણા તથા ડાબા ખભે, ૫ મસ્તકે, ૬ લલાટે, ૭ કંઠે, ૮ છાતીએ, ૯ નાભિએ. એ રીતે નવ અંગે પૂજા કરવી. તથા સિદ્ધચક્રની પૂજા

કરતાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ. એ રીતે નવપદની અનુક્રમે પૂજા કરવી, પછી મંગળિકને અર્થે અષ્ટમંગળિકને આળેખવા, પછી ત્રણ ખમાસમણ દઈ ઈરિયાવહીયા પડિક્કમિ ચૈત્યવંદન કરવું. વળી દેહેરાસરમાં દસ ત્રીક સાચવવાં તે કહેછે. ૧ ત્રણ નિસિહિ–ઘર વ્યાપાર છોડવારૂપ પ્રથમ નિસિહિ દેહેરાસરના પ્રથમ બારણે કહેવી. બીજી દેહેરા સંબંધી વ્યાપાર છોડવારૂપ ગભારામાં પેસતાં કહેવી. ત્રીજી દ્રવ્યપૂજા છોડવારૂપ ચૈત્યવંદન કરતાં પહેલાં કહેવી. ૨ ત્રણ પ્રદક્ષિણા–જ્ઞાન, દર્શન, અને ચારિત્ર આરાધવારૂપ. ૩ ત્રણ પ્રણામ–બે હાથ જોડીને પ્રણામ કરવો તે. ૧ કેડ ઉપરનો ભાગ નમાવીને કરવો તે, ૨ ખમાસમણ દેઇ પ્રણામ કરવો તે. ૪ ત્રણ પૂજા–અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા. ૫ ત્રણ અવસ્થા પ્રભુની ભાવવી. ૬ દિશીત્રિક–ત્રણદિશિ ટાળીને ફક્ત પ્રભુના મુખની દિશિમાંજ નજર રાખવી. ૭ ત્રણવાર ભુમી પ્રમાર્જન કરવું. ૮ વર્ણત્રિક. અક્ષર આલંબન, વર્ણ આલંબન, અને ત્રિજુ પ્રતિમા આલંબન. ૯ ત્રણ મુદ્રા—૧ યોગમુદ્રા તે બે હાથ જોડી માંહોમાંહે આંગળીઓ રાખવી ૨ જીનમુદ્રા તે બે પગની વચે ચાર આંગળ માર્ગ મુકી કાઉસ્સગ્ગ કરવો. ૩ મુક્તા તે શુક્તિમુદ્રા કમળના ડોડાને આકારે બે હાથ જોડી સ્તુતિ કરવી. ૧૦ ત્રણપ્રણિધાન—૧ જાવંતિ ચેઇઆઇં, ૨ જાવંત કેવિસાહુ, ૩ જયવિઅરાય, ઇતિ દસત્રિક સંપુર્ણ. દેરાસરમાં જતાં પાંચ અભિગમન સાચવવાં તેનાં નામ. ૧ સચિત ફુળાદિકનો ત્યાગ, ૨ અચિત વસ્ત્રાદિનું ધારણ કરવુ, ૩ અખંડ એક સાડી ઉત્તરાસણ કરવું, ૪ એકાગ્રચિત્ત કરવું, ૫ દુરથકી પ્રણામ કરવા. રાજાનાં પાંચ અભિગમન. ખડગ, છત્ર, ચામર, મુકુટ, અને મોજડીઓ. એ પાંચે દેહેરાસર બાહાર મુકવાં. એ રીતે દ્રવ્ય તથા ભાવપૂજા કરવી. પછી ગુરૂવંદન વાસ્તે ઉપાશ્રય જઇ ત્યાં વ્યાખ્યાન એકચિત્તે સાંભળવું. પછી દોષરહિત સુઝતો આ-

હાર સાધુને વહોરાવીને પછી ભોજન કરે. પછી વ્યાપાર શુદ્ધ કરવો. ઓછું અધિકું આપવું લેવું નહીં, જુઠી સાખ ન પુરવી, તથા જુઠા લેખ ન કરવા. વળી અનંતકાય, બાવીશ અભક્ષ્ય વીગેરે ખાવાં નહીં. રાત્રિભોજન કરવું નહીં, એમાં અતિશે પાપ છે. વળી સાજી, સાબુ, લોહ, ગળી, મધુ, ધાવડી, વીગેરે જણસો શ્રાવકે વેચવી નહીં. તેમાં ઘણા દોષ છે. પાણી બે વાર ગળવું. બ્રહ્મચર્ય પાળવું. પાપનું મૂળ જે પંદર કર્માદાન તે ટાળવાં. અનર્થદંડ કરવો નહીં. અસત્ય વચન ભાખવું નહીં. શુદ્ધ સમકીત પાળવું. ઓછામાં ઓછી પાંચ તિથિ આરંભ કરવો નહીં. સુપાત્રે દાન કરવું. સારા કાર્યમાં દ્રવ્યનો ઉપયોગ કરવો. પરોપકાર કરવો. દિવસ થોડો બાકી રહે ત્યારે ચઉવિહાર કરવો. પછી દેવસીપ્રતિક્રમણ કરી દીવસનાં પાપ આળોવવાં. પછી મનમાં અરિહંત, સિદ્ધ, સાહુ, અને કેવલિ ભાષિત ધર્મ. એ ચાર શરણ યાદ કરવાં. મનમાં શેત્રુંજાદિકની યાત્રાનો ભાવ રાખવો, અને પછી સુઈ જવું. આ કરણી શ્રાવક બરોબર પાળે તો તેનાં કર્મ પાતળાં પડે, ને અનુક્રમે મોક્ષનું સ્થાનક પામે.

ઇતિ શ્રાવકની કરણી સમાપ્ત.

માર્ગાનુસારીના ૩૫ બોલ.

૧ ન્યાય સંપન્ન વિભવ—ન્યાયથી ધન મેળવવું=સ્વામીદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસીને ઠગવું, ચોરી કરવી, થાપણ ઓળવવી, વિગેરે નિંદવાયોગ્ય કામ ત્યાગ કરીને ધન ઉપાજન કરવું.

૨ શિષ્ટાચાર પ્રશંસા—ઉત્તમ પુરૂષોના આચરણનાં વખાણ કરવાં.

૩ સરખા કુળાચારવાળા પણ અન્યગોત્રી સાથે વિવાહ કરવો.

૪ પાપના કામથી ડરવું.

૫ પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.

૬ કોઈનો અવર્ણવાદ બોલવો નહીં.

૭ જે ઘરમાં પેસવા નિકળવાના અનેક રસ્તા નથી, તથા જે ઘર અતિ ગુપ્ત અને અતિ પ્રગટ ન હોય અને પાડોશી સારા હોય તેવા ઘરમાં રહેવું.

૮ સારા આચરણવાળા પુરૂષોની સોબત કરવી.

૯ માતા તથા પિતાની પૂજા કરવી=તેમનો સર્વ રીતે વિનય સાચવવો, અને તેમને પ્રસન્ન રાખવાં.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો=લડાઈ, દુકાળ, વિગેરે અડચણવાળાં ઠેકાણાં છોડવાં.

૧૧ નિંદિત કામમાં ન પ્રવર્તવું=નિંદવાયોગ્ય કામ ન કરવાં.

૧૨ આવક પ્રમાણે ખરચ રાખવું.

૧૩ ધનને અનુસરતો વેષ રાખવો=પેદાશ પ્રમાણે પોશાકી રાખવી

૧૪ આઠ પ્રકારના બુદ્ધિના ગુણને સેવવા. તે આઠ ગુણનાં નામ.—૧ શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા, ૨ શાસ્ત્ર સાંભળવું, ૩ તેનો અર્થ સમજવો, ૪ તે યાદ રાખવો, ૫ ઉહ=તેમાં તર્ક કરવો તે સામાન્ય જ્ઞાન, ૬ અપોહ=વિશેષ જ્ઞાન, ૭ ઉહાપોહથી સંદેહ ન રાખવો, ૮ તત્વજ્ઞાન=આ વસ્તુ આમજ છે એવો નિશ્ચય કરવો.

૧૫ નિત્ય ધર્મને સાંભળવો, જેથી બુદ્ધિ નિર્મળ થાય.

૧૬ પહેલાં જમેલું ભોજન પચી જાય ત્યાર પછી નવું ભોજન કરવું.

૧૭ જ્યારે ખરી ભુખ લાગે ત્યારે ખાવું, પણ એકવાર ખાધા પછી તરતજ મીઠાઈ વિગેરે આવેલું જોઇ લાલચથી તે ઉપર ખાવું નહીં; કારણ કે અપચો થાય.

૧૮ ધર્મ, અર્થ, અને કામ એ ત્રણ વર્ગને સાધવા.

૧૯ અતિથિ તથા ગરીબને અન્નપાનાદિ આપવું.

૨૦ નિરંતર અભિનિવેષરહિત રહેવું=કોઇને પરાભવ કરવાના પરિણામ કરી અનીતિથી કામનો આરંભ કરવો નહીં તે.

૨૧ ગુણી પુરૂષોનો પક્ષપાત કરવો=તેમનું બહુમાન કરવું.
૨૨ નિષિદ્ધ દેશકાળનો ત્યાગ કરવો=રાજા તથા લોકોએ નિષેધ કરેલા દેશકાળમાં જવું નહીં.
૨૩ પોતાની શક્તિને અનુસરીને કામનો આરંભ કરવો.
૨૪ પોષણ કરવાયોગ્ય જેવાં માતા, પિતા, સ્ત્રી, પુત્રાદિકનું ભરણ પોષણ કરવું.
૨૫ વ્રતને વિષે રહેલા તથા જ્ઞાને કરી મોટા એવા પુરૂષોને પુજવા.
૨૬ દીર્ઘદર્શી=જે કોઈ કામ કરે તેમાં લાંબી દ્રષ્ટી ફેરવી તેનાં શુભાશુભ ફળનો તપાસ કરી ચાલવું.
૨૭ વિશેષજ્ઞ=દરેક વસ્તુનો તફાવત સમજી પોતાના આત્માના ગુણદોષોનો તપાસ કરવો.
૨૮ કૃતજ્ઞ (કર્યા કામનો જાણ)=કરેલા ઉપકારને તથા અપકારને સમજવો.
૨૯ લોકપ્રીય=વિનયાદિ ગુણે કરી લોકપ્રીય થવું.
૩૦ લજ્જાળુ (લાજવાળો)—લાજમર્યાદામાં રહેવું.
૩૧ દયાળુ=દયાભાવ રાખવો.)
૩૨ સુંદર આકૃતિવાન=ક્રૂર આકૃતિનો ત્યાગ કરી શરીરનો સુંદર આકાર રાખવો.
૩૩ પરોપકાર=પરને ઉપકારી થવું.
૩૪ અંતરંગારિજિત=કામ, ક્રોધ, લોભ, માન, મદ, તથા, હર્ષ એ છ અંતરંગ વેરીને જીતવા.
૩૫ વશીકૃતેંદ્રિયગ્રામ=ઇંદ્રિયોના સમુહને વશ કરવા. (સર્વે ઇંદ્રિયોને વશ કરવાનો અભ્યાસ કરવો.

બાળજીવોને મોંઢે કરવા સુગમ પડે માટે ઉપરના માર્ગાનુસારીના પાંત્રીસ બોલ સંક્ષેપથી લખ્યા છે. વિવરણ ગ્રંથાંતરમાંથી જોઈ લેવું. ઇતિ.

ભાગ ૩ જો.

સ્તુતિઓ.

તુભ્યં નમસ્ત્રિ ભુવનાર્ત્તિ હરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ભવોદધિ શોષણાય.

અર્હન્તો ભગવંત ઇંદ્ર મહિતા, સિદ્ધાશ્ચસિદ્ધિસ્થિતા,
આચાર્યા જીન શાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકા;
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકા,
પંચૈતે પરમેષ્ટિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલં.

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમઃ પ્રભુ;
મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ્.

ઓંકાર બિન્દુ સંયુકતં, નિત્યં ધ્યાયન્તિ યોગીન;
કામદં મોક્ષદં ચૈવ, ઓંકારાય નમો નમ.

નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગિરિ;
વીતરાગ સમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ.

પ્રશમરસ નિમગ્નં, દૃષ્ટિ યુગ્મમ્ પ્રસન્નમ્;
વદનકમલ મંકઃ, કામિનિ સંગ શન્યઃ.

કર યુગમપિયત્તે, શસ્ત્ર સબંધ બન્ધં;
તદસિ જગતિ દેવો, વીતરાગ સ્ત્વમેવ.

સુધાસો દરવાગજ્યોત્સ્ના નિર્મલી કૃત દિક્મૂખઃ;
મૃગલક્ષ્મા તમઃ શાંત્યૈ, શાંતિનાથજીનોસ્તુવઃ.
ચિદાનંદૈક રૂપાય, જિનાય પરમાત્મને;
પરમાત્મ પ્રકાશાય, નિત્યં સિદ્ધાત્મવને નમઃ.
અન્યથા શરણું નાસ્તિ, ત્વમેવ શરણું મમ;
તસ્માત કારૂણ્ય ભાવેન, રક્ષ રક્ષ જીનેશ્વર.
પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાની ભૂતલે;
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ, તાનિવંદે નિરંતરમ.

સકલ કર્મ વારી, મોક્ષ માર્ગાધિકારી;
ત્રીભુવન ઉપગારી, કેવલ જ્ઞાન ધારી.
ભવિજન નિત્ય સેવો, દેવ તે ભક્તિ ભાવે;
ઇહજ જીન ભજંતાં, સર્વ સંપત્તિ આવે.
જીનવર પદ સેવા; સર્વ સંપત્તિ દાઇ;
નિશિદીન સુખદાઇ, કલ્પવલ્લી સહાઇ.
નમિ વિનમિ લહીજે, સર્વ વિદ્યા વડાઇ;
રૂષભ જીનહ સેવા, સાધતાં તેહ પાઇ.

સ્વપર સમય જાણે, ધર્મ વાણી વખાણે;
પરમ ગુરૂ કહ્યાથી, તત્વ નિશંક માણે.
ભવિક કજ વિકાસે, ભાનૂ જ્યું તેજ ભાસે;
ઇહ જ ગુરૂ ભજો જે, શુદ્ધ માર્ગ પ્રકાશે.
સુગુરૂ વચન સંગે, નિસ્તરે જીવ રંગે;
નિરમળ નર થાએ, જેમ ગંગા પ્રસંગે.
સુણીઅ સુગુરૂ કેશી, વાણી રાય પ્રદેશી;
લહી સુરભવ વાસી, જે હવે મોક્ષ જાશી.

જળનિધિ જળવેળા, ચંદ્રથી જેમ વાધે;
સકળ વિભવલીલા, ધર્મથી તેમ સાધે.
મનુષ્ય જનમ કેરો, સાર તે ધર્મ જાણી;
ભજ ભજ ભવી ભાવે, ધર્મ તે સૌખ્ય ખાણી.

ઇહ ધર્મ પસાયે, વિક્રમે સત્ય સાધ્યો;
ઈહ ધર્મ પસાયે, શાલીનો શકય વધ્યો;
જસ નિરગ જવાજી, મ્રતીકાનાજી કેઈ;
રણ સમય થયાં તે જીવ સાચાતિ કેઈ.

અથ ભાવનાઓ.

ત્રિજગનાયક તું ધણી, મહા મ્હોટો મહારાજ;
મ્હોટે પુન્યે પામિયો, તુમ દરિશણ હું આજ.
આજ મનોરથ સર્વ ફળ્યા, પ્રગટ્યાં પુન્ય કલોલ;
પાપ કરમ દૂરે ટળ્યાં, નાઠાં દુઃખ દંદોલ.

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવ નિદ્ધ;
પ્રભુ દર્શનથી પામીએ, સકળ પદારથ સિદ્ધ.
ભાવે જીનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવિએ, ભાવે કેવળજ્ઞાન.

જીવડા જીનવર પૂજીએ, પૂજ્યાનાં ફળ હોય;
રાજ નમે પ્રજા નમે, આણ ન લોપે કોય.
વાડી ચંપો મોરીઓ, સોવન પાંખડીએ;
પાસ જીનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ.

આભને વહાલી વીજળી, ધરતીને વહાલો મેહ;
રાજુલ વહાલા નેમજી, આપને વહાલો દેહ.
આખી જલેબી પાતળી, ખૂણે બેશી ખાય;
દેવ ગુરૂની નીંદા કરે, તે સાતમી નરકે જાય.

જગત્ર આધાર કૃપાવતાર, દુર્વાર સંસાર વિકાર વૈદ્ય;
શ્રી વીતરાગ ત્વયિ મુગ્ધ ભાવાત્, વિજ્ઞ પ્રભો વિજ્ઞપયામિ કિંચિત.

દેખીરે અદભૂત તાહરૂ રૂપ, અચરિજે ભવિકારૂપી પદ વરો.
તાહરી ગત તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચકજસ કહે.

તું અકલંકી રૂપ સ્વરૂપી, પરમાનંદ પદ તું દાઇ;
તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વીતરાગ તું નીરમાઈ. ૧
અનોપમ રૂપ દેખી તુજ રીઝે, સુર નરનારી કે વૃંદા;
નમો નિરંજન ફણીપતિ શેવીત, પાસગોડીચા સુખકંદા. ૨
કાને કુંડલ શીર છત્ર બિરાજે, ચક્ષુ ટીકા નિરધારી;
અષ્ટ બીજોરૂં હાથ સોહે, તુમ વંદે સહુ નરનારી. ૩
જળ આવી પ્રભુ નાકે અડીઆં, આસન કંપ્યાં નિરધારી;
નાગ નાગણી છત્ર ધરે છે, જળ વરસાવ્યાં નિરધારી. ૪
રૂપવિજય કહે સુણ મેરી લાવની, એસી શોભા બહુ સારી;
માતપિતા બાંધવ સહુ સાથે, સંજમ લીધાં નરનારી. ૪

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનં;
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં.

શ્રી પ્રભાતસમયે મંગલાચરણ.

॥ શ્લોક ॥

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમપ્રભુ: ॥
મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈનોધર્મોઽસ્તુ મંગલમ્ ॥ ૧ ॥

॥ દોહા ॥ એક જંબુ જગ જાણિયે, બીજા નેમકુમાર ॥ ત્રીજા વયર વખાણિયે, ચોથા ગૌતમ સ્વામિ ॥ ૨ ॥ અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણો ભંડાર ॥ તે ગોયમગુરૂ સમરિયે, વાંછિત ફલ દાતાર ॥ ૩ ॥ શ્લોક ॥ અક્ષીણ મહાનસી લબ્ધિ, કેવલશ્રી: કરાંબુજે ॥ નામલક્ષ્મી મુર્મુખે વાણી, તં ચ શ્રી ગૌતમં સ્તવે ॥ ॥ ૪ ॥ સર્વારિષ્ટ પ્રણાશાય, સર્વાભીષ્ટાર્થ દાયિને ॥ સર્વ લબ્ધિ નિધાનાય, ગૌતમસ્વામિને નમ: ॥ ૫ ॥ દોહા ॥ પુંડરિક ગોયમ પમુહ, ગણધર ગુણસંપન્ન ॥ પ્રહ ઉઠી નિત્ય પ્રણમિયે, ચઉદહસેં બાવન ॥ ૬ ॥ બોરસ કિમરસ કિન્નરસ, ચોથા જસોભદ્રસૂરિ ॥ ત્રણ કાળે સમરતાં, દુરિય પણાસે દૂર ॥ ૭ ॥ જે ચારિત્રે નિર્મલા, તે પંચાયણ સિંહ ॥ વિષયકષાયને ગંજિયા, તે સમરો નિશિ દીહ ॥ ૮ ॥ ગામતણે પેસારણે, નગરતણે સુવિશેષ ॥ અવસર પહેલો સંભારિયે, ગૌતમ નામ ગણેશ ॥ ૯ ॥

॥ શાર્દુલવિક્રિડિતવૃત્તમ્ ॥

બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી, રાજીમતી દ્રૌપદી
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શિવા ॥
કુંતી શીલવતી નલસ્ય દયિતા, ચૂલા પ્રભવત્યપિ,
પદ્માવત્યપિ સુંદરી દિનમુખે, કુર્વંતુ વો મંગલમ્ ॥ ૧૦ ॥
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ ॥
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥ ૧૧ ॥

અથ શ્રી ગૌતમગુરૂની વિનતી.

(ચોપાઈ.)

જયો જયો ગોતમ ગણધાર, મ્હોટી લબ્ધિતણો ભંડાર;
સમરે વાંછિત સુખદાતાર, જયો જયો ગોતમ ગણધાર. ૧
વીર વજીર વડો અણગાર, ચૌદ હજાર મુનિ સિરદાર;
જપતાં નામ હોય જયકાર, જયો જયો ગોતમ ગણધાર. ૨
ગયગમણી રમણી જગિ સાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર;
આવે કનક કોડિ વિસ્તાર, જયો જયો ગોતમ ગણધાર. ૩
ઘરે ઘોડા પાયક નહિ પાર, સુખાસન પાલખી ઉદાર;
વૈરી વિકટ થાય વિસરાલ, જયો જયો ગોતમ ગણધાર. ૪
પ્રહ ઉઠી જપિયે ગણધાર, ઋદ્ધિ સિદ્ધિ કમલા દાતાર;
રૂપ રેખ મયણ અવતાર, જયો જયો ગોતમ ગણધાર. ૫
કવિ રૂપચંદ ગણિ કેરો શિષ્ય, ગોતમ ગુરૂ પ્રણમે નિશદીશ;
કહે ચંદ એ સુમતાગાર, જયો જયો ગોતમ ગણધાર. ૬

સોલ સતીઓનો છંદ.

(ચોપાઇ.)

સરસતિ માતા પ્રણમું મુદા, તું તૂઠી આપે સંપદા;
સોલ સતીનાં લીજે નામ, જેમ મનવાંછિત સીઝે કામ. ૧
બ્રાહ્મી સુંદરી સુલસા સતી, જપતાં પાતક ન રહે રતી;
કોશલ્યા કુંતી સતી સાર, પ્રભાવતી નામે જયકાર. ૨
ભગવતી શીલવતી ભય હરે, સુખસંપત્તિ પદ્માવતી કરે;
દ્રોપદિ પાંડવ ઘરણી જેહ, શિયલ અખંડ વખાણ્યું તેહ. ૩
ચૂલા દમયંતી દુ:ખ હરે, શિવાદેવી નિત સાન્નિધ્ય કરે;
ચંદનબાળા ચઢતી કળા, વીર પાત્ર દીધા બાકુળા. ૪
રાજિમતિ નવિ પરણ્યા નેમ, તોહે રાખ્યો અવિહડ પ્રેમ;
સીતાતણું શીલ જગ જયો, અગ્નિ ટળીને પાણી થયો. ૫

ધનધન સતી સુભદ્રા ધીર, કાચે તાંતણે ચાલણી નીર;
ચંપાપોળ ઉઘાડી ચંગ, મૃગાવતી પ્રણમું મનરંગ. ૬
પ્રહ ઉઠી સતી જપીયે સોલ, જિમ લહિયે ઋદ્ધિબુદ્ધિઘૃતગોલ;
શ્રી વિનયવિજય વાચક સુપસાય, રૂપવિજય ભાવે ગુણગાય. ૭

અથ શ્રી અરિહંત સ્તુતિ.

(મોતીદામ છંદ.)

તુંહી અરિહંત તુંહી ભગવંત, તુંહી જિનરાજ તુંહી જગસંત;
તુંહી જગનાથ તુંહી પ્રતિપાલ, તુંહી મનમોહન ગાંજિ દયાલ.
તુંહી ભવભંજન ભાવસ્વરૂપ, તુંહી અરિગંજન રંજનભૂપ;
તુંહી અવિનાશ તુંહી વીતરાગ, તુંહી મહારાજ તુંહી વડભાગ;
તુંહી ગુણધામ તુંહી વિશરામ, તુંહી નવનિધ તુંહી વડનામ.
તુંહી અઘનાશ તુંહી અવિનાશ, તુંહી અતિવંત તુંહી મનવાસ;
તુંહી ગુણકેવલરૂપ અનંત, તુંહી જગ તરણ તારણ સંત.
તુંહી જગધ્યાય તુંહી જગધ્યાન, તુંહી ચિદરૂપ તુંહી જગભાણ;
તુંહી શરણાગત રાખણ હાર, તુંહી દુઃખ દોહગ ટાલણહાર.

અથ શ્રી ગૌતમસ્વામીનો લઘુ રાસ.

શ્રી ગૌતમ ગુરૂ પરભાત ધુરે, સમરો ભવિકા જન ચિત્ત ખરે ॥ કર કમલા કમલા સુપરે, શ્રી વીર જિનેશ્વર શીશ શીરે ॥ ૧ ॥ અષ્ટાપદ ચઢિયા લબ્ધિબળે, જિન પડિમા વંદી અકલ-કળે ॥ તાપસ પન્નરસેં તિન્ન મળે, પ્રતિબોધ્યા વયણરસે નિશ્ચલે ॥ ૨ ॥ અક્ષીણ મહાનસી લબ્ધિ ઘણી, પંચામૃત પરિગલ અન્ન સુણી ॥ કરિય પારણું વાત ભણી, કેવલસિરિ આવિય તાસ ભ-ણી ॥ ૩ ॥ જસ શિર આતમ હાથ દિયે, સોય કેવલ પદવી તામ લિયે ॥ વાણી સુધારસ જેહ પિયે, ઉત્તમ ફલ મુગતિ તરત લિયે ॥ ૪ ॥ પ્રણવ અક્ષર પહિલો રાજે, માયા બીજ મંત્ર મ-

હિમા કાજે ॥ શ્રી કર ગૌતમ ગુરૂ ગુણ ગાજે, જપતાં જુગતે સંકટ ભાજે ॥ ૫ ॥ કામધેનુ સુરતરૂ સંગે, ચિંતામણિ ચિંતિત દે રંગે ॥ નામાક્ષર ગૌતમ ચંગે, ધ્યાતા હોય દિનપ્રત્યે સુખ અંગે ॥ ૬ ॥ ઇંદ્રભૂતિ જસ નામ કહો, વસુભૂતિ પિતા તુમ્હે ચતુર લહો ॥ પૃથ્વિ માતા ગુણ સંગ્રહો, ગૌતમ ગુરૂ ગાત્રીની આણ વહો ॥ ૭ ॥ અરિ કરિ હરિ સવિ વશ થાએ, વળી રાન વેલાઉલ શુભ હાએ ॥ રોગ સોગ આદ જાએ, ગૌતમ ગુરૂના જે ગુણ ગાએ ॥ ૮ ॥ શાકણ ડાકણ દૂર ટળે, વીંછડિયા પ્રિતમ આવી મળે ॥ ભૂત પ્રેત કબહીં ન છળે, ગૌતમ નામે સવિ આશ ફળે ॥ ૯ ॥ શ્રી ગૌતમ નામે રૂપ કલા, ગજ રથ વર પાયક હય સુભલા ॥ ઠામ ઠામ જસ માન ભલા, મૃગ નયણી ગયગમણી મહિલા ॥ ૧૦ ॥ મૃગમદ ચંદન વસ્ત્ર ધરે, સુત સોહગ સુંદર સુજસ વરે ॥ કંચનમણિ મોતીય રયણ ભરે, ગૌતમ નામે સબ કાજ સરે ॥ ૧૧ ॥ વચન વિલાસ વિદ્યા આવે, મન રૂચતાં ભોજન સવિ પાવે ॥ દુઃખ દારિદ્ર કબહીં નાવે, ગૌતમ ગુરૂ જસ હિયડે ભાવે ॥ ૧૨ ॥ પાપ સકસ વેગે નાસે, નિત ધ્યાન ધરે મન ઉલ્લાસે ॥ શ્રી ગૌતમ ગુરૂ પૂજો વાસે, ગણી વિજયશેખર કહે સુવિલાસે ॥ ૧૩ ॥ ઇતિ ॥

પ્રભાતિયાં.

આવી રૂડી ભગતી મેં પહેલાં ન જાણી, પહેલાં ન જાણીરે પ્રભુ પહેલાં ન જાણી, સંસારની માયામાં મેં વલોવ્યું પાણી. એ આંકણી. કલ્પતરૂનાં ફૂળ લાવીને, જે જિનવર પૂજે; કાળ અનાદિ કર્મ તે સંચિત, સત્તાથી ધ્રુજે. આવી૦ ૧ થાવર તિરિનરયા વચએ દુગં, ઇગવિગલા લીજે; સાધારણ નવમે ગુણઠાણે, ધુર ભાગે છીજે. આવી૦ ૨ કેવળ પામીને શિવગતી ગામી, શૈલેં શીરાણે; ચરમ સમય હાએ માંહે સ્વામી, અંતિમ ગુણઠાણે. આવી૦ ૩ આરી

નામ કરમની પયડી, તે સઘળી જાવે; અજરઅમર નિકલંક સ્વરૂપે, નિઃકર્મા થાવે. આવી૦ ૪ જે સિદ્ધ કેરી પડિમા પૂજે, તે સિદ્ધમયી હોવે; નાહી ધોઈ નિર્મળ ચિત્તે, આરીસો જોવે. આવી૦ ૫ કર્મસુદણ તપ કેરી પૂજા, ફળ તે નર પાવે; શ્રી શુભવીર સ્વરૂપ વિલોકી, શિવવહુ ઘર આવે. આવી રૂડી ભગતી મેં પહેલાં ન જાણી. ૬

પાસ સંખેશ્વરા સાર કર સેવકા, દેવકા એવડી વાર લાગે; કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. ૧ પ્રગટ થા પાસજી મેલી પડદા પરો, મોડ અસુરાણને આપ છોડો; મુજ મહીરાણ મંજુસમાં પેશીને, ખલકના નાથજી બંધ ખોલો. ૨ જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે; મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મોંઘે. ૩ ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષિણ ત્રીકમે તુજ સંભાર્યો; પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભક્તિજન તેહનો ભય નિવાર્યો. ૪ આદિ અનાદિ અરિહંત તું એક છે, દિન દયાળ છે કોણ દૂજો; ઉદયરતન કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભયભંજનો એહ પૂજો. ૫

ચાલોને પ્રિતમજી પ્યારા, શેત્રુંજે જઇએ. શેત્રુંજે જઇએ, ચાલોને પ્રીતમજી૦ એ આંકણી. શું સંસારે રહ્યા છો મુજી, દિન દિન તન છીજે; આઉ આભની છાયા સરખી, પોતાની કીજે. ચાલો૦ ૧ જે કરવુ તે પેલાં કીજે, કાલે શી વાતો; અણચિંતવીઆં આવી પડશે, સબલાની લાતો. ચાલો૦ ૨ ચતુરાઈશું ચિત્તમાં ચેતી, હાથે તે સાથે; મરણ તણાં નિસાણાં મોટાં, ગાજે છે માથે. ચાલો૦ ૩ માત મરૂદેવા નંદન નિરખી, ભવ સફળો કીજે; દાનવીજે સાહેબની શેવા, એ સબલી લીજે. ચાલો૦ ૪

પ્રભાતે પંખીડાં બોલે, રજની થોડી; માતા મરૂદેવા કહે ઉઠો, પુત્ર આળસ મોડી. પ્રભાતે૦ ૧ દેવ દેવી તારૂ મુખ જોવાને, ઉભા સુર કોડી; વાટ જુવે વનિતા નગરીમાં, દિયો દરિશન દોડી. પ્રભાતે૦ ૨ સુર ઇંદ્ર સભામાં આવે, સુર લોક છોડી; નાટક કારણ કિન્નર આવે, દીગ્કુમરી દોડી. પ્રભાતે૦ ૩ સુરજ તો સવારે ઉગે, તિમીર જાળને તોડી; અવસર જાણી ચંદ્ર ઉગ્યો છે, દીયો દરિશન દોડી. પ્રભાતે૦ ૪ નાભિનંદનનો નાહલો નિહાળી, હરખે સુર કોડી; લક્ષ્મીચંદ શિષ્ય રામ પયંપે, વંદુ કર જોડી. પ્રભાતે૦ ૫

શ્રી સીમંધરસ્વામીની વિનતિ.

(નદી યમુનાં કે તીર ઉડે દોય પંખીઆં.—એ દેશી.)

પરમ પુરૂષ જિનરાજ છો ત્રિભુવનપતિ, શ્રી સીમંધરસ્વામી સુણો અમ વિનતી ॥ તુમે છો સર્વ સુજાણ જાણો છો જે છતી, તોપણ નિજ મન વાત કહું છું તુમ પતિ ॥ ૧ ॥ આ મુજ આતમ લાખ ચોરાશી યોનીમાં, રડવડીઓ બહુવાર નિગોદના ભવનમાં ॥ જનમ મરણનાં દુઃખ અનાદી મેં સહ્યાં, કિણવિધ કૃપાનિધાનજી જાએ તે કહ્યાં ॥ ૨ ॥ ઈમ ભમતાં કોઈ કાળ સુકૃત સંયોગથી, પામ્યો મણુંયપણું નિજ અશુભ વિયોગથી ॥ તિહાં પણ દુર્લભ આર્ય દેશ કૂળ મેં લહ્યો, જિહાં કિણ સકળ સુધર્મનું સાધન ન કહ્યો ॥ ૩ ॥ રાગે ઇંદ્રિ પંચતણે રાતો રહ્યો, રામા ધન રસ રંગ હિયડે ગહગહ્યો ॥ પ્રેમે નિજ ગુણ છંડી રમ્યો પર પુદ્ગલે, ઝીલ્યો વાર અનંત વિષયતૃષ્ણા જળે ॥ ૪ ॥ નાચ્યો નવનવ વેશ આશ્રવના નાચમાં, મોહ્યો મુજ નવી મન સંવરના સાચમાં ॥ શ્રી ગુરૂ મુખથી વચનામૃત ધારા જરી, શ્રી જિનવાણી સુણી પણ હિયડે નવ વરી ॥ ૫ ॥ જગતારક જે દેવ ન ધ્યાયો જગરીતથી, રાગી દ્વેષી દેવ સેવન કરી પ્રીતથી ॥ કુ[illegible]ત ધર્મપ્રકાસક કુગુરૂ મતિ ભજ્યા, તેહનાં ભાષિત વાકય સા

યાં કરી પડિવજયાં ॥ ૬ ॥ આરાધન શ્રી સંયમરયણનું નવિ કર્યું, નિપટક્રિયા કરી કપટે પાપે તનુ ભર્યું ॥ લોક મુખે નિજ શ્રી જશવાસ ગવાઇયો, ધન્ય ધન્ય જગે એમ પ્રતિષ્ઠિ પાઇયો ॥ ૭ ॥ ઇમ ભ્રમે ભૂલ્યો ભ્રમર સંસારની વાસમાં, ભ્રમણ કર્યાં ભવ ભવ ગ્રહસ્થાવાસમાં ॥ અવ્યાબાધ અનંતની પ્રાપ્તિ તુમતણી, ચરણાર્થે નમે ઇમ આધીન સાધન એ વીન ॥ ૮ ॥ કરતા કારણ શુદ્ધ લબ્ધિતાએ કરી, કર્તવ્યની કરે સિદ્ધ નિયામક આદરી ॥ જો કાર્યની મુખ્યતી પ્રભુ તાહરે વિષે, તોહિ વગોણની ઇષ્ટતા કુણ મન ઉપે ॥ ૯ ॥ ભોજન ભવ્ય પામીને કટુકને કુણ ભખે, કુણ મૂરખ પિતળને કનકપણે ઓળખે ॥ સ્વપ્નાંતર પિણ સ્વામિ અવર સુર નવિ ગમે, તુમ મુખ ચંદ્ર દેખીને મુજ મન તું રમે ॥ ૧૦ ॥ વચને શ્રી વિતરાગ ઘણું શું દાખીએ, દાસની સુણી અરદાસ સેવક કરી રાખીએ ॥ અંતરયામી શુદ્ધ રયણત્રિક આપજ્યો, ભવભવ એહિજ તવની રૂચી સ્થિર થાપજ્યો ॥ ૧૧ ॥ યુગપ્રધાન શ્રી જયચંદસૂરી પક્ષે વડા, જયવંતા બુધસ્વામીજી મુનીગણ પરવડા ॥ તસુ સેવક શ્રી ગુલાલચંદ કવિરાયનો, બોલે મુનિ ગુણચંદ્ર તવન જિનરાયનો॥૧૨॥

॥ **કળસ** ॥ ઇમ જીન પુરંદર મહિમ સુંદર શ્રી સીમંધર જીનવરો, વિનવ્યો ભક્તે ભાવયુક્તે પરમ દેવ દયા કરો ॥ સંવત સત્તરસેં ત્રાણું વરસે પોષ સમેસ ઉજળી, વિનતી કરતાં શુભ મહોદય ગુણ અધિક આશા ફળી ॥ ૧૩ ॥

॥ ઇતિ શ્રી સીમંધરસ્વામીની વિનતિ. ॥

ચૈત્યવંદનો.

સકળકુશળ વલ્લી પુષ્કરાવર્ત મેઘો, દુરિત તિમિર ભાનું, કલ્પવૃક્ષોપમાનું; ભવજળ નિધિપોત, સવ સંપત્તિ હેતુ; સંભવતુ સતવંત: શ્રેયસે શાંતિનાથ: શ્રેયસે પાર્શ્વનાથ:

જયજય શ્રી જીનરાજ આજ, મળીયો મુજ સ્વામી; અવિનાશી અવિકાર સાર, જગ અંતરજામી. રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી; ચિદાનંદ ચેતન પ્રભુ, શિવલીલા પામી. સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકળ સિદ્ધ વરબુદ્ધ; રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ શુદ્ધ. કાળ બહુ થાવર ગ્રહ્યા ભમીયો ભવમાંહી; વિગળેંદ્રી એળે ગયો, થીરતા નહીં કાંઇ. કરી પંચેંદ્રી દેહમાં, વળી કર્મે હું આવ્યો; કરી કુકર્મ નરકે ગયો, દરશન નવિ પાયો. એમ અનંતા કાળ કરી, પામ્યો નર અવતાર; હવે ભવતારણ તું મળ્યો, ભવજળ પાર ઉતાર.

શ્રી શેત્રુંજય સિદ્ધ ક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે; ભાવ ધરીને જે ચડે, તેને ભવ પાર ઉતારે. ૧ અનંત સિદ્ધનો એ ઠામ, સકલ તિરથનો રાય; પૂરવ નવાણું રીખવદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨ સુરજકુંડ સોહામણો, કવીડ જક્ષભીરામ; નાભિરાયા કૂળ મંડણો, જીનવર કરૂં પ્રણામ. ૩

આજ દેવ અરિહંત નમું, સમરૂં તોરૂં નામ; જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧ શેત્રુંજે શ્રી આદિ દેવ, નેમ નમું ગિરનાર; તારંગે શ્રી અજીતનાથ, આબુ રીખવ જુહાર. ૨ અષ્ટાપદ ગિરિ ઉપરે, જીન ચોવીસી જોઇ; મણીમય મુરત માનસું, ભરતે ભરાવી સોય. ૩ સમેતશિખર તિરથ વડો, જ્યાં વીશે જિન પાય; વૈભાર ગિરિવર ઉપરે, વીર જીનેશ્વર રાય. ૪ માંડવગઢનો રાજીયો, નામે દેવ સુપાસ; રીખવ કહે જીન સમરતાં, પહોંચે મનની આશ. ૫

પદમ પ્રભુને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ; ચંદ્રપ્રભુને સુ-

વધિનાથ, દો ઉજવળ લહીએ. ૧ મલ્લીનાથને પારશ્વનાથ, દો નિલા નિરખા; મુનિસુવ્રતને નેમનાથ, દો અંજન સરિખા. ૨ સોળે જિન કંચન સમાએ, એહુવા જિન ચોવીસ; ધિરવિમળ પંડિતતણો, જ્ઞાનવિમળ કહે શિસ. ૩

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે; સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧ આચારજ ગુણ છત્રીસ, પંચવીશ ઉવઝાય; સત્તાવીશ ગુણ સાધુના, જપતાં સુખ થાય. ૨ અષ્ટોતસરચ ગુણ મળીએ, એમ સમરો નવકાર; ધિરવિમળ પંડિતતણો, નય પ્રણમે નિત સાર. ૩

શ્રી સંખેશ્વર ઈશ્વરં, પ્રણમી ત્રિકરણ યોગ; દેવ નમન ચઉમાસીયે, કરશું વિધિ સંયોગ. ૧ ઋષભ અજીત સંભવ તથા, અભિનંદન જિનચંદ; સુમતિ પદમપ્રભ સાતમા, સ્વામી સુપાસ જિણંદ. ૨ ચંદ્રપ્રભ સુવિધિજીન, શ્રી શીતળ શ્રેયાંસ; વાસુપૂજ્ય વિમલ તથા, અનંત ધર્મ વરવંસ. ૩ શાંતિ કુંથું અરપ્રભુ, મલ્લી સુવ્રતસ્વામી; નમી નેમીશર પારશ્વજીન, વર્દ્ધમાન ગુણ ધામ. ૪ વર્તમાન જિન વંદતાં એ, વંધા દેવ ત્રિકાળ; પ્રભુ શુભ ગુણ મુક્તાતણી, વીર રચે વરમાળ. ૫

શ્રી શ્રી મંદીર વિતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી; શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧ ધન્ય ધન્ય માતા સતકી, જેણે જાયો જયકારી; વૃષભ લંછને બિરાજમાન, વંદે નરનારી. ૨ ધનુષ પાંચસેં દેહડીએ, સોહીએ સોવનવાન; કીરતિ વિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

શ્રી મંદીર પરમાત્મા, શિવસુખના દાતા; પુખલવઈ વિજયે જયો, સર્વ જીવના ત્રાતા. ૧ પુરવ વિદહે પુંડરિગિણી, નયરીએ સોહે; શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણનાં મન મોહે. ૨ ચઉદ સુપન નિર્મળ લહી, સતકીરાણી માત; કુંથુ અરજીન આંતરે, શ્રી મંદિરસ્વામી જાત. ૩ અનુક્રમે પ્રભુજી જન્મીયા, વળી યોવન આવે; માત પિતા હરખે કરી, રૂખમણી પરણાવે. ૪ ભોગવી સુખ સંસારનાં, સંજમ મન ભાવે, મુનીસુવ્રત નમી અંતરે, દીક્ષા પ્રભુ પાવે. ૫ ઘાતીકર્મનો ક્ષય કરી, પામ્યા કેવળ નાણ; રીખભલંછને શોભતા, સર્વ ભાવના જાણ. ૬ ચોરાશી પ્રભુ ગણધરા, મુનિવર એકસો ક્રોડ; ત્રણભુવનમાં જોઇતાં, નહીં કોઇ એની જોડ. ૭ દસ લાખ કહ્યા કેવળી, પ્રભુજીનો પરિવાર; એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર. ૮ ઉદય પેઢાળ જીનાંતરે, થાશે જીનવર સિદ્ધ; જસવિજય ગુરૂ પ્રણમતાં, શુભ વાંછિત ફળ લીધ. ૯

શ્રી સીમંદીર જગધણી, આ ભરતે આવો; કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ૧ સકળ ભક્ત તુમો ધણીએ, જો હોવે અપનાથ; ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨ સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લેઇશું; પાય તુમારા સેવીને, શિવરમણી વરશું. ૩ એ અળજો મુજને ઘણોએ, પુરો શ્રી મંદિર દેવ; ઈહાં થકી હું વિનવું, અવધારો ગુણ ગેહ. ૪

શ્રી આદિનાથજિન ચૈત્યવંદન.

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય;
નાભિરાય કુલ મંડણો, મરૂદેવા માય. ૧
પાંચશેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ;
ચોરાશી લખ્ખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨
વૃષભ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણ મણિ ખાણ;
[illegible] પદ પદ્મ સેવનથકી, લહીએ અવિચળ ઠાણ. ૩

શ્રી શાંતિનાથજિન ચૈત્યવંદન.

શાંતિ જિનેસર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કૂળ નભમણિ, ભવિજન સુખ કંદો ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હથિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ૨
ચાલીશ ધનુષની દેહડીએ, સમચઉરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

શ્રી પાર્શ્વનાથજિન ચૈત્યવંદન.

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહી લંછન જાસ. ૧
અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા;
કાશી દેશ વણારસી, પુન્યે પ્રભુ આયા. ૨
એકસો વરસનું આઉખું એ પાળી પાસ કુમાર;
પદ્મ કહે મુકતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

શ્રી મહાવીરજિન ચૈત્યવંદન.

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિસલાનો જાયો;
ખત્રિકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા;
બહોત્તેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ૨
ખિમાવિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ૩

સ્તવનો.

અથ શ્રી પુન્યપ્રકાશનું સ્તવન.

દુહા.

સકળ સિદ્ધદાયક સદા, ચોવીસે જીનરાય; સહગુરૂ સામિની સરસતી, પ્રેમે પ્રણમું પાય. ૧ ત્રિભુવનપતી ત્રિસલાતણો, નંદન ગુણ ગંભીર; શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨ એક દિન વીર જીણંદને, ચરણે કરી પ્રણામ; ભવિકજીવના હિતભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩ મુક્તિમારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત; સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪ અતિચાર આળોઇએ, વ્રત ધરીએ ગુરૂ શાખ; જીવ ખમાવો સયળ જે, યોનિ ચોરાશી લાખ. ૫ વિધિશું વળિ વોસરાવિએ, પાપકસ્થાન અઢાર; ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬ શુભકરણી અનુમોદિએ, ભાવ ભલો મન આણ; અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭ શુભ ગતિ આરાધનતણા, એ છે દસ અધિકાર; ચિત્ત આણિને આદરો, જેમ પામો ભવપાર. ૮

॥ ઢાળ ૧ લી ॥

(કુમતીએ છેડી કીહાં રાખી.—એ દેશી.)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર; એહ તણા એહ ભવ પરભવના, આલોઇએ અતિચારરે પ્રાણી. જ્ઞાન ભણો ગુણ ખાણી. વીર વદે એમ વાણીરે. પ્રા૦ ૧ એ આંકણી. ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનય, કાળે ધરી બહુ માન; સુત્ર અરથ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે. પ્રા૦ જ્ઞા૦ ૨ જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાળી, તેહ તણી કીધી આશાતના, જ્ઞાન ભક્તિ ન સંભાળીરે. પ્રા૦ જ્ઞા૦ ૩ ઈત્યાદિક

વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ જ્ઞા૦ ૪ પ્રાણી સમકિત હયો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણીરે. પ્રા૦ સ૦ જીનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાખ; સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહમાં રાખરે. પ્રા૦ સ૦ ૫ મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરિએ; સામીને ધરમે કરી થીરતા, ભક્તિપરભાવના કરિએરે. પ્રા૦ સ૦ ૬ સંઘ ચૈત્ય પ્રાસદતણા જે, અવર્ણવાદ મતિ લેખો; દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતો ઉવેખ્યોરે. પ્રા૦ સ૦ ૭ ઇત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડયું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ સ૦ ૮ પ્રાણી ચારિત્ર હયો ચિત્ત આણી, પંચ સુમતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય, સાધુતણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાયરે. પ્રા૦ સ૦ ૯ શ્રાવકને ધર્મે સામાયક, પોસહમાં મન વાળી; જે જયણાપૂર્વક જે આઠે, પ્રવચન માય ન પાળીરે. પ્રા૦ સ૦ ૧૦ ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોળ્યું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ ચા૦ ૧૧ બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે નિજ શકતે; ધર્મે મન વચ કાયા વિરજ, નવિ ફોરવીઉ ભગતેરે. પ્રા૦ ચા૦ ૧૨ તપ વિરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ ચા૦ ૧૩ વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ; વીરજીણેસર વયણ સુણીને, પાપ મેલ સવી ધોઇએરે. પ્રાણી ચારિત્ર હયો ચિત્ત આણી. ૧૪

॥ ઢાળ ૨ જી ॥

(પામી સુગુરૂ પસાય.—એ દેશી.)

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યાએ

૧ કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં; કુવા તળાવ ખણાવી-યાંએ. ૨ ઘર આરંભ અનેક, ટાંકાં ભુઇરાં; મેડી માળ ચણા-વીઆંએ. ૩ લીંપણ ધુંપણ કાજ, એણી પરે પરેપરે; પૃથ્વિકાય વિરાધીયાએ. ૪ ધોયણ નાહણ પાણીરે, ઝીલણ અપકાય; છો-તિ ધોતિ કરી દુહવ્યાએ. ૫ ભાઠીગર કુંભાર, લોહ સુવનગરા; ભાડભુંજા લીહાલાગરાએ. ૬ તાપણ સેકણ કાજ, વસ્ત્ર નિખાર-ણ; રંગણ રાંધણ રસવતિએ. ૭ એણીપરે કર્માદાન, પરે પરે કે-લવી; તેઉ વાયુ વિરાધીયાએ. ૮ વાડી વન આરામ, વાવી વ-નસ્પતી; પાન ફુલ ફળ ચુંટીયાંએ. ૯ પુંહક પાપડી શાક, સે-કયાં સુકવ્યાં; છેદ્યાં છુંદ્યાં આથીયાંએ. ૧૦ અળશી ને એરંડા, ઘાણી ઘાલીને; ઘણા તિલાદિક પીલીયાએ. ૧૧ ઘાલી કોલુ માં-હે, પીલી સેલડી; કંદમૂળ ફળ વેચીયાંએ. ૧૨ એમ એકંદ્રી જીવ, હણ્યા હણાવીયા; હણતાં જે અનુમોદિયાએ. ૧૩ આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે; તે મુજ મિચ્છામિદુક્કડંએ. ૧૪ કુમી સરમીયા કીડા, ગાડર ગંડોલા; ઇઅલ પૂરા ને અલશીયાં એ. ૧૫ વાળા જળો ચુડેલ, વિચલ તરસતણા; વળી અથાણાં પ્રમુખનાંએ. ૧૬ એમ બેરંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડએ. ૧૭ ઉધેહી જુ લીખ, માંકણ મંકોડા; ચાંચડ કીડી કુંથુઆએ. ૧૮ ગધીઆં ધીમેલ, કાનખજુરીઆ; ગીંગોડા ધનેરીયાંએ. ૧૯ એમ તેરંદ્રી જીવ, જે મેં દુહવ્યા; તે મુજ મિ-ચ્છામિદુક્કડંએ. ૨૦ માખી મછર ડાંસ, મસા પતંગીયા; કંસારી કોલિયાવડાએ. ૨૧ ઢીંકણ વિછુ તીડ, ભમરા ભમરીયો; કોતાં-બગ ખડમાંકડીએ. ૨૨ એમ ચૌરંદ્રી જીવ, જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડંએ. ૨૩ જળમાં નાંખી જાળ, જળચર દુહ-વ્યા; વનમાં મૃગ સંતાપીયાએ. ૨૪ પીડયા પંખી જીવ, પાડી પાસમાં; પોપટ ઘાલ્યા પાંજરેએ. ૨૫ એમ પંચેદ્રી જીવ, જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડંએ. ૨૬

॥ ઢાળ ૩ જી ॥

(વાણી પ્રાણી હિતકારીજી.—એ દેશી.)

ક્રોધ લોભ ભય હાંસથીજી, બોલ્યા વચન અસત્ય; કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે; જીનજી મિચ્છામિદુક્કડં આજ. તુમ સાખે મહારાજરે, જીનજી૦ દેઇ સારૂં કાજરે જીનજી મિચ્છામિ દુક્કડં આજ. એ આંકણી. દેવ મનુષ્ય ત્રિજંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ; વિષયારસ લંપટપણેજી, ઘણું વિટંબ્યો દેહ રે. જીનજી૦ ૨ પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ; જે જિહાં તે તિહાં રહ્યુંજી, કોઇ ન આવે સાથરે. જીનજી૦ ૩ રયણીભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ; રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે. જીનજી૦ ૪ વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાગ્યાં પચ્ચખ્ખાણ; કપટ હેતુ કિરીયા કરીજી, કીધાં આપ વખાણરે. જીનજી૦ ૫ ત્રણ ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર; શિવગતિ આરાધનતણોજી, એ પહેલો અધિકારરે. જીનજી મિચ્છામિદુક્કડં આજ. ૬

॥ ઢાળ ૪ થી ॥

(સાહેલડીજી.—એ દેશી.)

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો; યથાશક્તિ વ્રત આદરો સાહેલડીરે, પાળો નિરતિચાર તો. ૧ વ્રત લીધાં સંભારીએ, સા૦ હૈડે ધરીએ વિચાર તો; શિવગતિ આરાધનતણો, સા૦ એ બીજો અધિકાર તો. ૨ જીવ સવે ખમાવીએ, સા૦ યોનિ ચોરાશી લાખ તો; મન શુદ્ધ કરી ખામણાં, સા૦ કોઇશું રોષ ન રાખતો. ૩ સર્વ મિત્ર કરી ચિંતવો, સા૦ કોઇ ન જાણો શત્રુ તો; રાગ દ્વેષ એમ પરિહરો, સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪ સામી સંઘ ખમાવીએ, સા૦ જે ઉપની અપ્રીત તો; સજ્જન કુટુંબ કરી ખામણાં, સા૦ એ જીનશાસન

રીતી તો. ૫ ખમીએ ને ખમાવીએ, સા૦ એહજ ધર્મનું સાર તો; શિવગતિ આરાધન તણો, સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬ મૃષાવાદ હિંસા ચોરી, સા૦ ધન મુરછા મૈથુન તો; ક્રોધ માન માયા તૃષ્ણા, સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭ નિંદા કલહ ન કીજીએ, સા૦ કૂડો ન દીજે આળ તો; રતિ અરતિ મિથ્યા તજો, સા૦ માયા મોહ જંજાળ તો. ૮ ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ, સા૦ પાપસ્થાન અઢાર તો; શિવગતિ આરાધન તણો, સા૦ એ ચોથો અધિકાર તો. ૯

॥ ઢાળ ૫ મી ॥

(હવે નિસુણો ઈહાં આવીયા.—એ દેશી.)

જનમ જરા મરણે કરીએ, આ સંસાર અસાર તો; કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઇ ન રાખણહારતો. ૧ શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો; શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨ અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો; શિવગતિ આરાધન તણોએ, એ પંચમો અધિકાર તો. ૩ આ ભવ પરભવ જે કર્યાંએ, પાપ કર્મ કંઇ લાખ તો, આતમ સાખે તે નંદિએએ, પડિક્કમિએ ગુરૂ સાખ તો. ૪ મિથ્યા મતિ વર્ત્તાવિયાએ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો; કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. ૫ ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરંટી હળ હથિઆર તો; ભવ ભવ મેલી મૂકીયાંએ, કરતાં જીવ સંહાર તો. ૬ પાપ કરીને પોષીયાં એ, જનમ જનમ પરિવાર તો; જનમાંતર પોહોત્યા પછી એ, કોણે ન કીધી સાર તો. ૭ આ ભવ પરભવ જે કર્યાંએ, એમ અધિકરણ અનેક તો; ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ, આણિ હૃદય વિવેક તો. ૮ દુષ્કૃત નિંદા એમ કરી એ, પાપ કરો પરિહાર તો; શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯

॥ ઢાળ ૬ ઠી ॥

(આધે તું જોયને જીવડા. એ દેશી.)

ધન ધન તે દિન માહેરો, જીહાં કીધો ધર્મ; દાન શિયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન૦ ૧ શેત્રુંજાદિક તિર્થની, જે કીધી જાત્ર; જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨ પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીર્ણોદ્ધર જિન ચૈત્ય; સંઘ ચતુર્વીધ સાચવ્યા, એ સાતે ખેત્ર, ધન૦ ૩ પડિકણાં સુપરે કર્યાં, અનુકંપા દાન; સાધુ સુરિ ઉવઝાયને, દીધાં બહુ માન. ધન૦ ૪ ધર્મ કાજ અનુમોદિએ, એમ વારોવાર; શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫ ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ; સમતાભાવે ભાવિએ, એ આતમરામ. ધન૦ ૬ સુખ દુઃખ કારણ જીવને, કોઇ અવર ન હોય; કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ૭ સમતાવિણ જે અનુસરે, પ્રાણિ પુન્યકામ; છારઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮ ભાવ ભલીપરે ભાવીએ, એ ધર્મનો સાર; શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯

॥ ઢાળ ૭ મી ॥

(રેવતગિરી હુઆં, પ્રભુનાં ત્રણ કલ્યાણ.—એ દેશી.)

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર; અણસણ આદરિયે, પચ્ચખી ચારે આહાર; લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ; એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧ ગતિ ચારે કીધાં, આહાર અનંત નિશંક; પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક; દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ; એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨ ધન ધનાશાલિભદ્ર, ખંધો મેઘકુમાર; અણસણ આરાધી, પામ્યા ભવનો પાર; શિવમંદિર જાશે, કરી એક અવતાર આરાધન કેરો, એ નવમો અ-

ધિકાર. ૩ દશમે અધિકારે, મહામંત્ર નવકાર; મનથી નવિ મૂકો, શિવસુખ ફળ સહકાર; એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર; સુપરે એ સમરો, ચૌદ પુરવનું સાર. ૪ જનમાંતર જાતાં, જો પામે નવકાર; તો પાતીક ગાળી, પામે સુર અવતાર; એ નવપદ સરિખો, મંત્ર ન કો સંસાર; એહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫ જ્યું ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય; રાણી રતનવતી બેહુ, પામ્યાં છે સુર ભોગ; એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ. ૬ શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાળ; ફણીધર ફીટીને, પ્રગટ થઇ ફુલમાળ; શિવકુમરે જોગી, સોવનપૂરીશો કીધ; એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭ એ દશ અધિકારે, વીરજીણેસર ભાખ્યો; આરાધન કેરો વિધિ, જેણે ચિત્તમાંહી રાખ્યો; તેણે પાપ પખાળી, ભવભય દૂરે નાંખ્યો; જીન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮

॥ ઢાળ ૮ મી ॥

(નમો ભવિ ભાવશું.—એ દેશી.)

સિધારથ રાજા કૂળ તિલો એ, ત્રિસલા માત મલ્હાર તો; અવનિતળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર તો. જયો જીનવીરજી એ. ૧ મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહુ પાર તો; તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર તો. જયો૦ ૨ આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો; આવ્યા ને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ તો. જયો૦ ૩ કરમ અલુજણ આકરાં એ, જન્મ મરણ જંજાલ તો; હું છું એહથી ઉભગોએ, છોડવ દેવ દયાળ તો. જયો૦ ૪ આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો; તૂઠો જીન ચોવીસમો એ, પ્રગટયાં પુન્ય કલોલ તો. જયો૦ ૫ ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો; દેવ દયા કરી દીજીએ એ, બોધ બીજ સુપસાય તો. જયો જીનવીરજીએ. ૬

॥ કળસ ॥

એહુ તરણુ તારણુ સુગતિ કારણુ, દુઃખનિવારણુ જગજયો; શ્રી વીરજીનવર ચરણુ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧ શ્રી વિજયદેવ સુરિંદ પટધર, તિરથ જંગમ એણી જગે; તપ ગચ્છપતિ શ્રી વિજય પ્રભુસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨ શ્રી હિરવિજય સૂરિ શિષ્ય વાચક, શ્રી કીર્તિવિજય સુરગુરૂ સમો; તસ શિષ્ય વાચક વિનય વિજયે, થુણ્યો જીન ચોવીસમો. ૩ સહસત્તર સંવત ઉગણત્રીશે, રહી રાંદેર ચોમાસુએ; વિજયદશમી વિજય કારણુ, કીયો ગુણુ અભ્યાસ એ. ૪ નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ; નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્યપ્રકાશ એ. ૫ ॥ ઇતિ પુન્યપ્રકાશનું સ્તવન ॥

શ્રી ઋષભદેવનું સ્તવન.

માતા મરૂદેવના નંદ, દેખી તાહરી સુરતિ મારૂં મન લોભાણુંજી ॥ મારૂં દિલ લોભાણુંજી ॥ દેખી૦ ॥ કરૂણાનાગર કરૂણાસાગર, કાયા કંચનવાન ॥ ધોરી લંછન પાઉલે, કાંઇ ધનુષ પાંચસેં માન ॥ માતા૦ ॥ ૧ ॥ ત્રિગડે બેશી ધર્મ કહંતા, સુણે પર્ખદા બાર ॥ જોજનગામીની વાણી મીઠી, વરસંતિ જળધાર ॥ માતા૦ ॥ ૨ ॥ ઉરવશી રૂડી અપચ્છરાને, રામા છે મનરંગ ॥ પાયે નેપુર રણઝણે, કાંઈ કરતી નાટારંભ ॥ માતા૦॥ ॥ ૩ ॥ તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણહાર ॥ તુજ સરીખો નહીં દેવ જગતમાં, રડવડીઆ આધાર ॥ માતા૦ ॥ ૪ ॥ તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તું જગતનો દેવ ॥ સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ ॥ માતા૦ ॥ ૫ ॥ શ્રી સિદ્ધાચળ તિરથ કેરો, રાજા રિષભ જીણંદ ॥ કિર્તી કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવભય ફંદ ॥ માતા૦ ॥ ૬ ॥ ઇતિ ॥

શ્રી શાંતિનાથનું સ્તવન.

સુણ દયાનિધી, તુજ પદ પંકજ મુજ મન મધુકર લીનો ॥ પ્રભુ અચિરામાતાનો જાયો, વિશ્વસેન ઉત્તમકુળ આયો ॥ એક ભવમાં દોય પદવી પાયો ॥ સુણ દયાનિધિ૦ ॥ તું તો રાત દિવસ રહે સુખ ભિનો ॥ સુણ૦ ॥ ૧ ॥ પ્રભુ ચક્રી જીનપદનો ભોગી, શાંતિ નામ થકી થાય નિરોગી ॥ તુજ સમ અવર નહીં દુજો યોગી ॥ સુણ દયાનિધિ૦ ॥ ૨ ॥ ખટ ખંડતણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ રિદ્ધિતણો રાગી ॥ તુજ સમ અવર નહીં વૈરાગી ॥ સુણ દયાનિધિ૦ ॥ ૩ ॥ વડવીર થયા સંજમધારી, લહે કેવળ દુગ કમળા સારી ॥ તુજ સમ અવર નહીં ઉપગારી ॥ ॥ સુણ દયાનિધિ૦ ॥ ૪ ॥ પ્રભુ મેઘરથભવ ગુણ ખાણી, પારેવા ઉપર કરૂણા આણી ॥ નિજ શરણે રાખ્યો સુખ ખાણી ॥ સુણ દયાનિધિ૦ ॥ ૫ ॥ પ્રભુ કર્મ કટક ભવભય ટાળી, નિજ આતમ ગુણને અજુવાળી ॥ પ્રભુ પામ્યા શિવવહુ લટકાળી ॥ સુણ દયાનિધિ૦ ॥ ૬ ॥ સાહેબ એક મુજરો માનીજે, નિજ શેવક ઉત્તમપદ દીજે ॥ રૂપ કીર્તિ કરે તુજ જીવ વિજે ॥ સુણ દયાનિધિ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

શ્રી રિષભજિન સ્તવન.

(સાહેબ બાહુ જીનેશ્વર વિનવું.—એ દેશી.)

હો તારક રિષભ જીનેશ્વર તું મળ્યો, પ્રતક્ષ પોત સમાન હો ॥ હો તારક તુજને જેહ અવિલંબિઆ, તેણે લહ્યું તુજ સ્થાનહો ॥ તારક૦ ॥ ૧ ॥ તારક ગુણ અનંતા તાહરા, કોઈ કહી ન લહે પાર હો ॥ હો તારક કેવળી કોડ મળે કરી, જાણે ન કહે નિરધારહો ॥ તારક૦ ॥ ૨ ॥ તારક તુજ વંદન પૂજન કરી, પવિત્ર કરૂં નિજ દેહહો ॥ હો તારક તુજ ગુણ સ્તવના એ સ્તવી, જીહ્વા કરૂં અગ્રત લેહહો ॥

॥તારક૦ ॥ ૩ ॥ તારક ગણધર મુનિવરે સ્તવ્યો, સ્તવ્યો દેવની ક્રોડ હો ॥ તારક હું પણ તુજને સ્તવું, ભક્તે કરૂં જિનગુણ હોડ હો ॥ તારક૦ ॥ ૪ ॥ તારક મારૂદેવી માતાને નમું, રત્નકુક્ષી ધરનાર હો ॥ તારક નાભિરાયા કૂળ ચાંદલો, સકળ જંતુ હિતકાર હો ॥ તારક૦ ॥ ૫ ॥ તારક સુનંદા સુમંગળાતણા, પ્રીતમ પ્રભુ વિખ્યાત હો ॥ તારક શ્રી પુંડરિક ગણધરતણા, પિતામહ જગગુરૂ તાત હો ॥ તારક૦ ॥ ૬ ॥ તારક તુજ નામે સિદ્ધિ સંપજે, વાધે કિર્તી અપાર હો ॥ તારક શિવલચ્છી સેહેજે મળે, સફળ થાયે અવતાર હો ॥ તારક૦ ॥ ૭ ॥ ઇતિ ॥

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે ॥ વીર મને તારો, મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોનેરે ॥ એ આંકણી ॥ પરિભ્રમણ મેં અનંતારે કીધા, હજુએ ન આવ્યો છેડલોરે ॥ તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, હમે તો અનંતા ભવ ભમ્યારે ॥ વીર૦ ॥ ૧ ॥ તુમે હમે વાર અનંતિ ભેળા, રમીઆ સંસારીપણેરે ॥ તેહ પ્રિત જો પૂરણ પાળો, તો હમને તુમ સમ કરોરે ॥ વીર૦ ॥ ૨ ॥ તુમ સમ હમને જોગ ન જાણો, તો કાંઇ થોડું દીજીએરે ॥ ભવોભવ તુમ ચરણાંની શેવા, પામી હમે ઘણું રીજીયેરે ॥ વીર૦ ॥ ૩ ॥ ઇંદ્રજાળીયો કહેતોરે આવ્યો, ગણધરપદ તેહને દીઓરે ॥ અરજુનમાળી જે ક્રુર પાપી, તેહને જિન તમે ઉધર્યોરે ॥ વીર૦ ॥ ૪ ॥ ચંદનબાળાએ અડદના બાકૂળ, પડિલાભ્યા તુમને પ્રભુરે ॥ તેહને સાહુનીસાચીયે કીધી, શીવવધુ સાથે ભેળવીરે ॥ વીર૦ ॥ ૫ ॥ ચરણે ચંડકોશીયો ડશીયો, કલપ આઠમે તે ગયોરે ॥ ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ રહ્યોરે ॥ વીર૦ ॥ ૬ ॥ નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરખા ગણોરે ॥

ભેદ ભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એકમેકશુંરે ॥ વીર૦ ॥ ॥ ૭ ॥ મોડા વેલા તુમહીજ તારણ, હવે વિલંબ શા કારણેરે ॥ જ્ઞાનતણા ભવના પાપ મીટાવે, વારી જાઉં વીર તોરા વારણેરે ॥ વીરજી સુણો એક વિનતી મોરી ॥ ૮ ॥ ઇતિ ॥

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

આવો આવો પાસજી મુજ મળીયારે, મારા મનના મનોરથ ફળીયા ॥ આવો૦ ॥ એ આંકણી ॥ તારી મુરત મોહનગારીરે, સહુ સંઘને લાગે છે પ્યારી રે ॥ તમને મોહી રહ્યા સુર નર નારી ॥ આવો૦ ॥ ૧ ॥ અલબેલી મુરત પ્રભુ તારીરે, તારા મુખડાઉપર જાઉં વારીરે ॥ નાગ નાગણી જોડ ઉગારી ॥ ॥ આવો૦ ॥ ૨ ॥ ધન્ય ધન્ય દેવાધીદેવારે, સુરલોક કરે છે સેવારે ॥ અમને આપોને શિવપુર મેવા ॥ આવો૦ ॥ ૩ ॥ તમે શિવરમણીના રશીયારે, જઈ મોક્ષપુરીમાં વશિયારે ॥ મારા હૃદયકમળમાં વશિયા ॥ આવો૦ ॥ ૪ ॥ જે કોઈ પાસતણા ગુણ ગાશેરે, ભવ ભવનાં તે પાતિક જાશેરે ॥ તેનાં સમકિત નિર્મળ થાશે ॥ આવો૦ ॥ ૫ ॥ પ્રભુ ત્રેવીશમા જિનરાયારે, માતા વામાદેવીના જાયારે ॥ અમને દરિશન દ્યોને દયાળા ॥ આવો૦ ॥ ॥ ૬ ॥ હું તો લળી લળી લાગું છું પાયરે, મારા ઉરમાં તે હરખ ન માયરે ॥ એમ માણેકવિજય ગુણ ગાય ॥ આવો૦ ॥૭॥

શ્રી પંચતિર્થનું સ્તવન.

(ચોવીશ ચોકની દેશી.)

હે સાહેબજી નેક નજર કરી નાથ શેવકને તારો ॥ હે સાહેબજી મેહેર કરી પૂજાનું ફળ મુને આલો ॥ પ્રભુ તુજ મૂરતી મોહનવેલી, પૂજે સુર અપછરા અલબેલી ॥ વર ઘનસાર કેસરશું ભેળી ॥ હે સાહેબજી૦ ॥ ૧ ॥ સિદ્ધાચળ તિર્થે ભવિ સેવો,

ચોદ ક્ષેત્રે તિરથ નહીં એવો ॥ એમ બોલે દેવાધિ દેવો ॥ હે સાહેબજી૦ ॥ ૨ ॥ ગિરનારે જઇએ નેમ પાસે, ઈહાં ભવિજન સિદ્ધિ જાશે ॥ જસ ધ્યાને પાતિકડાં નાશે ॥ હે સાહેબજી૦ ॥૩॥ આબુગઢે આદિજીનરાયા, નેમનાથ શિવાદેવી જાયા ॥ જસ ચોસઠ ઇંદ્રે ગુણ ગાયા ॥ હે સાહેબજી૦ ॥ ૪ ॥ વળી સમેત-શિખરે જગના ઈશ, ગયા મોક્ષે જિનરાજ વીશ ॥ ધ્યેય ધ્યાવો ભવિજન નિશ દીશ ॥ હે સાહેબજી૦ ॥ ૫ ॥ અષ્ટાપદે સકળ કર્મ ટાળી, પ્રભુ વરીયા શિવવધુ લટકાળી ॥ આદિશ્વર પૂજતાં દિવાળી ॥ હે સાહેબજી૦ ॥ ૬ ॥ એ આદ તિર્થ પ્રણમો મન-રંગે, વળી પૂજો પ્રભુને નવ અંગે ॥ કહે ધર્મચંદ્ર અતિ ઉછ-રંગે ॥ હે સાહેબજી૦ ॥ ૭ ॥ ઇતિ ॥

શ્રી અનંતજિન સ્તવન.

(સાબરમતી આવી છે ભરપૂરજો.—એ દેશી.)

સુજસાનંદન જગદાનંદન નાથજો, નેહે રે નવરંગે નિતનિત ભેટીયે રે લો ॥ ભેટયાથી શું થાયે મોરી સહીઓ જો, ભવ ભવનાં પાતકડાં અલગાં મેટીયે રે લો ॥ ૧ ॥ સુંદર સાડી પહે-રી ચરણાં ચીર જો, આવોને ચોવટડે જિન ગુણ ગાઇએ રે લો ॥ જિન ગુણ ગાયે શું થાય મોરી બહેની રે, પરભવ રે સુર-પદવી સુંદર પામીયે રે લો ॥ ૨ ॥ સહીયર ટોળી ભોળી પ-રીગલ ભાવ રે, ગાવે રે ગુણવંતી ઈહડે ગહગહી રે લો ॥ જય જગનાયક શિવસુખદાયક દેવ જો, લાયક રે તુજ સરિખો જ-ગમાં કો નહીં રે લો ॥ ૩ ॥ પરમ નિરંજન નિર્જિત ભય ભ-ગવંત જો, પાવન રે પરમાતમ શ્રવણે સાંભળ્યો રે લો ॥ પામી હવે મેં તુજ શાસન પરતીત જો, ધ્યાને રે એકતાને પ્રભુ આવી મળ્યો રે લો ॥ ૪ ॥ ઉંચ્ચપણું પંચાશ ધનુષનું માન જો, પાળ્યું

રે વળી આયુષ લાખ બત્રીશનું રે લો ॥ શ્રી ગુરૂ સુમતિવિજય કવિરાય પસાયે જો, અહોનિશ રે દિલ ધ્યાન વસે જગદીશનું રે લો ॥ ૫ ॥ ઇતિ ॥

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

રાતાં જેવાં ફુલડાંને, સામલ જેવો રંગ; આજ તારી આંગીનો, કાંઇ રૂડો બન્યો રંગ. પ્યારા પાસજી હો લાલ, દિનદયાળ મુને નયણે નિહાલ. એ આંકણી. ૧ જોગીવાડે જાગતોને, માતો ધિંગડમલ્લ; શામળો સોહામણોને, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨ તું છે મારો સાહિબોને, હું છું તારો દાસ; આશા પૂરો દાસની કાંઈ, સાંભળી અરદાસ. પ્યારા૦ ૩ દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવલ્લ; લાખેણું છે લટકું તાહરૂં, દેખી રીઝે દિલ્લ. પ્યારા૦ ૪ કોઇ નમે પીરનેને, કોઇ નમે રામ; ઉદયરત્ન કહેરે પ્રભુ, મારે તુમશું કામ. પ્યારા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

શ્રી આદિનાથનું સ્તવન.

આદિનાથજીરે વિનતી કરૂં તે સ્વિકારો, મુને આશરો છે પ્રભુ તારો ॥ રિખવજીરે વિનતી કરૂં તે સ્વિકારો, મુને આશરો છે પ્રભુ તારો ॥ ૧ ॥ મુને મોક્ષમાર્ગ દેખાડોરે, જેથી પામીએ ભવનો પારોરે ॥ જિનવરજીરે કૃપા કરીને બતાવો, મુને આશરો છે પ્રભુ તારો ॥ આદિનાથ૦ ॥ ૨ ॥ મુજને આ ભવમાંથી ઉગારોરે, હવે નથી બીજો કોઈ આરોરે ॥ પ્રભુજીરે પુણ્યનાં દ્વાર ઉઘાડો, મુને આશરો છે પ્રભુ તારો ॥ આદિનાથ૦ ॥ ૩ ॥ મુજ મન છે પ્રભુ વાહલોરે, મારી અરજ તમે અવધારોરે ॥ ગુણવંતારે ગુણ ગાઉં છું તમારો, મુને આશરો છે પ્રભુ તારો ॥ આદિનાથ૦ ॥ ૪ ॥ મારાં કષ્ટ તમે નિવારોરે, તુમે સેવકને વળી તારો

રે ॥ સુખદાતારે જૈનધર્મ છે સારો, મુને આશરો છે પ્રભુ તારો ॥ આદિનાથજીરે વિનતી કરૂં તે સ્વિકારો ॥ ૫ ॥ ઇતિ ॥

શ્રી વાસુપૂજયસ્વામીનું સ્તવન.

(વીરા વેશ્યાના યારી.—એ દેશી.)

વાસુપૂજ્ય વિલાશી, ચંપાના વાશી, પૂરો અમારી આશ ॥ ॥ એ આંકણી ॥ કરૂં પૂજા હું ખાસી, કેસર ઘાસી, પુષ્પ સુવાસી, પૂરો અમારી આશ ॥ ચૈત્યવંદન કરૂં ચિત્તથી પ્રભુજી, ગાઉં ગીત રસાળ ॥ એમ પૂજા કરી વિનતી કરૂં છું, આપો મોક્ષ વિસાળ ॥ દીયો કર્મને ફાંસી, કાઢો કુવાસી, જેમ જાય નાસી, પૂરો અમારી આશ ॥ વાસુપૂજ્ય૦ ॥ ૧ ॥ આ સંસાર ઘોર મહોદધિથી, કાઢો અમને બહાર ॥ સ્વારથનાં સહુ કોઇ સગાં છે, માત પિતા પરિવાર ॥ બાળમિત્ર ઉલ્લાસી, વિનય વિલાસી, અરજી ખાસી, પૂરો અમારી આશ ॥ વાસુપૂજ્ય૦ ॥ ૨ ॥

શ્રી વીરજિન સ્તવન.

(ફૂતમલની દેશી.)

જગપતિ તારક શ્રી જીનદેવ, દાસનો દાસ છું તાહરો; જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ માહરો. ૧ જગપતિ તાહરે તો ભક્ત અનેક, મહારે તો એકજ તું ધણી; જગપતિ વીરમાં તું મહાવીર, સૂરત તાહરી સોહામણી. ૨ જગપતિ ત્રિસલારાણીનો તું તન, ગંધારબંદર ગાજીઓ; જગપતિ સિદ્ધારથ કુળ શણગાર, રાજરાજેસર રાજિયો. ૩ જગપતિ ભગતાંની ભાંગે છે ભીડ, ભીડ પડે પ્રભુ પારિએ; જગપતિ તુંહી પ્રભુ અગમ અપાર, સમજ્યો ન જાયે મુજસારિએ. ૪ જગપતિ ઉદય નમે કરજોડ, સત્તર નેવ્યાશી સમકીયો; જગપતિ ખંભાયત જંબુસર સંઘ, ભગવંત ભાવશું ભેટીયો. ॥ ૫ ॥ ઇતિ ॥

શ્રી પજુષણનું સ્તવન.

પર્વ પજુષણ આવીયાં રે લાલ, કીજે ઘણું ધર્મ ધ્યાનરે ॥ ભવિકજન ॥ આરંભ સકળ નિવારીયેરે લાલ, જીવા દીજે અભયદાનરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૧ ॥ સઘળા માસમાં માસ વડોરે લાલ, ભાદ્રવમાસ સુમાસરે ॥ ભ૦ ॥ તેહમાં આઠ દીન રૂઅડારે લાલ, કીજે સુકૃત ઉલ્લાસરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૨ ॥ ખાંડણ પીસણ ગારનાંરે લાલ, નાવણ ધોવણ જેહરે ॥ ભ૦ ॥ એવા આરંભને ટાળીએરે લાલ, વંછો સુખ અછેહરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૩ ॥ પુસ્તકવાસીને રાખીએરે લાલ, ઓછવ કરીએ અનેકરે ॥ ભ૦ ॥ ઘર સારૂ વિત્ત વાવરોરે લાલ, હડ્ડે આણી વિવેકરે ॥ ભ૦ ॥ ॥ પર્વ૦ ॥ ૪ ॥ પૂજી અર્ચીને આણીએરે લાલ, સદ્‌ગુરૂની પાસરે ॥ ભ૦ ॥ ઢોલ દદામણ ફેરીયારે લાલ, મંગળિક ગાવો ભાસરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૫ ॥ શ્રીફળ સરસ સોપારીયોરે લાલ, દીજે સ્વામીને હાથરે ॥ ભ૦ ॥ લાભ અનંતા બતાવીઆરે લાલ, શ્રી સુખ ત્રિભૂવન નાથરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૬ ॥ નવ વાંચના શ્રી સૂત્રનીરે લાલ, સાંભળો શુદ્ધ ભાવરે ॥ ભ૦ ॥ સ્વામિવત્સળ કીજીએરે લાલ, ભવજળ તરવા નાવરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૭ ॥ ચ્યિત્તે ચૈત્ય જુહારીએરે લાલ, પૂજા સત્તર પ્રકારરે ॥ ભ૦ ॥ અંગપૂજા સદ્‌ગુરૂતણીરે લાલ, કીજીએ હરખ અપારરે ॥ ભ૦ ॥ ॥ પર્વ૦ ॥ ૮ ॥ જીવ અમાર પળાવીએરે લાલ, તેહથી શિવસુખ હોયરે ॥ ભ૦ ॥ દાન સંવત્સરી દીજીએરે લાલ, ઈણ સમો પર્વ ન કોયરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૯ ॥ કાઉસ્સગ્ગ કરી સાંભળોરે લાલ, આગમ આપણે કાનરે ॥ ભ૦ ॥ છઠ્ઠ અઠ્ઠમ તપશા કરોરે લાલ, કીજે ઉજવળ ધ્યાનરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૧૦ ॥ ઇણ વિધ આરાધશેરે લાલ, લેશે સુખની કોડરે ॥ ભ૦ ॥ મુક્તિમંદિરમાં માલશેરે લાલ, મતિ હંસ નમે કરજોડરે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૧૧॥

શ્રી સિદ્ધભગવાનનું સ્તવન.

સિદ્ધ જગત શિરે શોભતા, રમતા આતિમરામ; લક્ષ્મી લીલાની લેહેરમાં, સુખીયા છે શીવ ઠામ. સિદ્ધ૦ ૧ મોહાનંદ અમ્રતપદ નમો, સિદ્ધિ કેવળ નામ; અપુર્નભવ બ્રહ્મપદ વળી, અક્ષય સુખ વિશ્રામ. સિદ્ધ૦ ૨ સંશ્રેય નિશ્રેય અક્ષરા, દુઃખ સમસ્તની હાંણ; નિવૃત્તિ અપ વર્ગતા, મોક્ષ મુગતિ નિરવાણ. સિદ્ધ૦ ૩ અચલ મહોદય પદ લહ્યું, જોતાં જગતના ઠાઠ; નિજ નિજ રૂપેરે જુજુઆં, વિત્યાં કર્મ તે આઠ. સિદ્ધ૦ ૪ અગુરૂ લઘુ અવગાહના, નામે વિકસે વદન; શ્રી શુભવીરને વંદતાં, રહિયે મનમાં મગન. સિદ્ધ જગત શિરે શોભતા. ૫ ઇતિ.

શ્રી બાહુજીનનું સ્તવન.

સાહેબ બાહુ જીનેશ્વર વિનવું, વિનતડી અવધાર હો; સાહેબ ભવ ભયથી હું ઉભગો, હવે ભવપાર ઉતારહો. સાહેબ બાહુ૦ ૧ સાહેબ તુમ સરિખા મુજ શીર છતે, કર્મ કરે કીમ જોરહો; સાહેબ ભુજંગતણો ભય તિહાં નહીં, જીહાં વન વિચરે મોરહો. સાહેબ બાહુ૦ ૨ સાહેબ જીહાં રવી તેજે જળહળે, તિહાં કિમ રહે અંધકાર હો; સાહેબ કેશરી જીહાં ક્રીડા કરે, તિહાં નહીં ગજનો પ્રચારહો. સાહેબ બાહુ૦ ૩ સાહેબ તીમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરિત સંભારહો; સાહેબ વચ્છવિજય સુસીમાપુરી, રાય સુગ્રીવ મલારહો. સાહેબ બાહુ૦ ૪ સાહેબ હરણલંછન એમ મેં સ્તવ્યો, મોહની રાણીનો કંતહો; સાહેબ વિજયાનંદન મુજ દીયો, જસ કહે સુખ અનંત હો. સાહેબ બાહુ૦ ૫ ઇતિ.

શ્રી સીમંદિરસ્વામીનું સ્તવન.

(ઇડર આંબા આંબલીરે.—એ દેશી.)

પુખલવઇ વિજયે જયોરે, નયરી પુંડરગીણી સાર; શ્રી સી-

મંદિર સાહીબારે, રાય શ્રેયાંસ કુમાર. જીણંદરાય ધરજ્યો ધર્મ સ્નેહ. ૧ મોટા નાહાના અંતરોરે, ગીરૂઆ નવિ દાખંત; શશી દરિસણ સાયર વધેરે, કૈરવવન વીકસંત. જીણંદરાય૦ ૨ ઠામ કુઠામ ન લેખવેરે, જગવર સંતજલધાર; કરદોય કુસુમેં વાશીયેરે, છાયા સવી આધાર. જીણંદરાય૦ ૩ રાયને રંક સરિખા ગણ્યારે, ઉદ્યોતે શશિ સુર; ગંગાજળ તે બિહુ તણ્યારે, તાપ કરે સવિ નુર. જીણંદરાય૦ ૪ સરિખા સહુને તારવારે, તીમ તુમે છો માહારાજ; મુજશું અંતર કિમ કરોરે, બાંહિ ગ્રહ્યાની લાજ. જીણંદરાય૦ ૫ મુહ દેખી ટીલું કરેરે, તે નવિ હોય પરમાણ, મુજરો માને સવિતણોરે, સાહિબ તેહ સુજાણ. જીણંદરાય૦ ૬ વૃષભલંછન માતા સતકીરે, નંદન રૂખમણી કંત; વાચકજસ એમ વિનવેરે, ભય ભંજન ભગવંત. જીણંદરાય૦ ૭ ઇતિ.

સિદ્ધાચલનાં સ્તવનો.

સિદ્ધાચળ ગેરી ભેટયારે, ધન્ય ભાગ્ય અમારાં. એ આંકણી. એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા; રાયણ રિખભ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારારે. ધન્ય૦ ૧ મૂળનાયક શ્રી આદિજીનેશ્વર, ચોમુખ પ્રતિમા ચારા; અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિતમૂલ આધારારે. ધન્ય૦ સિ૦ ૨ ભાવ ભગતિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જનમ સુધારા; જાત્રા કરો ભવિજન શુભ ભાવે, નરગતિ દુર્ગતિ વારારે. ધન્ય૦ ૩ દુર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા; પતીત ઉધારોને વિરૂધ તુમારો, એ તિરથ જગ સારારે. ધન્ય૦ ૪ અઢારસેં ત્યાસી માસ અષાડો, વદ આઠમ ભોમવારા; પ્રભુકે ચર્ણ પસાયથી સંઘમાં, ખેમારતન પ્રભુ પ્યારારે. ધન્ય૦ ૫ ઇતિ.

સ્તવન ૨ જું.

શીરે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાયો; રીખવ દેવ પૂજા કરી, લિજે ભવતણો લાહો. શી ૦ મણીમય મુરત શ્રી રીખભની, તે નિપાયે અભિરામ; ભુવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. શીરે૦ ૨ નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધખેત્ર જાણી; શેત્રુંજા સમો તિરથ નહીં, બોલ્યા સીમંદીર વાણી. શીરે૦ ૩ પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી રિખવ જીણંદ; રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ. શીરે૦ ૪ પૂરવ પુન્ય પસાઉલે, પુંડરિક ગીરી પામ્યો; કાંતિવિજય હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો. શીરે સિદ્ધાચળ ભેટવા૦ ૫ ઇતિ.

સ્તવન ૩ જું.

તુમે તો ભલે બિરાજોજી, શ્રી સિદ્ધાચળકે વાસી; સાહીબ ભલે બિરાજોજી. એ આંકણી. મરૂદેવીનો નંદન રૂડો, નાભિનરીંદ મલ્હાર; જુગલાધર્મ નિવારણ આવ્યા, પૂર્વનવાણું વાર. તુમે તો૦ ૧ મૂળદેવને સનમૂખ રાજે, પુંડરિક ગણધાર; પંચ કોડસ્યું ચૈત્રી પુનમ, વરીઆ શિવવધુ સાર. તુમે તો૦ ૨ સહસકુટ દક્ષિણ બિરાજે, જીનવર સહસ ચોવીસ; ચઉદસેં બાવન ગણધરનાં પગલાં, પૂજો વામ જગીશ. તુમે તો૦ ૩ પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ; અષ્ટાપદ ચઉવીસ જીનેશ્વર, સમેત વીસ જીનંદ. તુમે તો૦ ૪ મેરૂપર્વત ચૈત્ય ઘણેરા, ચઉમુખ બિંબ અનેક; બાવનજીનાલાનાં દેવળ નિરખી, હરખ લહુ અતિશેક. તુમે તો૦ ૫ સહેસફણા ને સામળાપાસજી, સમોવસરણ મંડાણ; દીપાવસીને ખડતરવસી કાંઈ, પ્રેમાવસી પરમાણ. તુમે તો૦ ૬ સંવત અઢાર ઓગણી પચાસે, ફાગણ અષ્ટમી દીન; ઉજળપક્ષે ઉજવળ હુઓ, ગિરિ ફરસ્યા મુજ મન. તુમે તો૦ ૭ ઇત્યાદિક જીન બિંબ નિહાળી,સાંભળી સિદ્ધની સેણ; ઉત્તમ ગિરિવર કેણી પેરે વિસરે, પદ્મવિજય કહે જેણ. તુમે તો૦ ૮ ઇતિ.

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન

ગીરૂઆરે ગુણ તુમતણા, શ્રી વર્દ્ધમાન જીનરાયારે; સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિરમલ થાયે કાયારે. ગી૦ ૧ તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિરમળ થાઉંરે; અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉંરે, ગી૦ ૨ ઝીલ્યા જે ગંગાજળે, તે છીલરજળ નવી પેસેરે; જે માલતીફુલે મોહીઆ, તે બાઉલ જઈ નવી બેસેરે. ગી૦ ૩ એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગ રાચ્યા ને વળી માચ્યારે; તે કેમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યારે. ગી૦ ૪ તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે; વાચકજશ કહે માહરે, તું જીવજીવન આધારોરે. ગીરૂઆરે ગુણ તુમ તણા ૫ ॥ ઇતિ ॥

સ્તવન ૨ જું.

(ભોલીડા હંસારે વિષય ન રાચીયે. એ દેશી.)

સીદ્ધારથનારે નંદન વીનવું, વીનતડી અવધા;
ભવમંડપમાંરે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ. સી.૧
ત્રણ રતત મુજ આપો તાતજી, જેમ નાવેરે સંતાપ;
દાન દેઅતાંરે પ્રભુ કસુર કિસિ, આપો પદવી આપ. સી. ૨
ચરણ અંગુઠે તે મેરૂ કંપાવીઓ, તોડયાં સુરનાંજ માન;
અષ્ટ કરમના તે ઝઘડા જીતવા, દીધાં વરસી દાન. સી. ૩
સાસન નાયક સીવ સુખ દાયક, ત્રીસલા કુખે રતન;
સીધારથનોરે તુમે દીપાવીઓઓ, પ્રભુજી વંશ ધન ધન.સી.૪
વાચક શિખર કીર્તિવિજય ગુરૂ, પ્રણમુ તાસ પસાય;
ધરમ તણા એ જીન ચોવીશમા, વિનયવિજય ગુણ ગાય.સી.૫

નાટકના રાગનાં સ્તવનો.

સ્તવન.

(રાજા હું મેં કામકા.—એ દેશી.)

પ્રહ ઉઠી મેં સદા નમું, હાથ જોડકે શામ; ચોવીસે જિનરાજકું હું, નિત્ય કરૂં પ્રણામ. ૧ ઋષભ અજિત સંભવ અભિનંદન, ઔર સુમતિ જિનરાજ; પદ્મ સુપારશ્વ ચંદ્ર પ્રભુસેં, લગન લગી હે આજ. ૨ સુવદ્ધિ સિતળ શ્રી શ્રેયાંસ સવાઈ, દિજે મુક્તિ નાથ; વાસુપૂજ્ય જિન બારમા, વિમળ અનંતનાથ. ૩ ધર્મ શાંતિ અરૂ કુંથું જિનેશ્વર, અર મલ્લિ મહારાજ; મુનિસુવ્રત નમી નેમજી, પારશ્વ વિર જિનરાજ. ૪ પાઠક કલ્યાણિક નિધાન, પૂરો મનની આશ; કર જોડી ગુણ ગાવતાં, ચંદ ગોપાલદાસ. ૫

રિખવદેવનું સ્તવન.

ઋષભ પ્રભુ પદપંકજ મન મોહ્યું, પદપંકજ મન મોહ્યું. ઋષભ૦ એ ટેક. ચોસઠ સુરવર મુગટ ચરણપર, ધરિ ભવ પાતિક ધોયું; તુજ પદ ભવતારક દુઃખહારક, જોઇ જોઇ જગ જોયું. ઋષભ૦ ૧ પ્રેમ થકી જેણે તુજ પદ પૂજ્યા, જન્મ મરણ દુઃખ ખોયું; જૈન સભા કેશવ જીનવર પદ, ભક્તિ વિષે ચિત્ત પ્રોયું. ઋષભ પ્રભુ પદપંકજ મન મોહ્યું. ૨

અજીતનાથનું સ્તવન.

(બાનાની પત રાખ, પ્રભુ તારા.—એ રાહ.)

ભય ભંજન ભગવાન, ભવિ ભજો ભયભંજન ભગવાન. એ ટેક. અજીત જીનેશ્વર આપ કૃપા કરી, આપો ભવ અવસાન.

ભવિ૦ ૧ વૈશાખ સુદની ત્રીયોદસી દિવસે, ચવીયા વિજય વિમાન; ઉપજયા અયોધ્યા નગર નાથજી, વિજયા કુખે ગુણવાન. ભવિ૦ ૨ માહા સુદ અષ્ટમી દીન જિન જન્મ્યા, દીધાં અઢળકદાન; ઘર ઘર તરીઆ તોરણ બાંધ્યાં, ગાય ગુણી ગુણવાન. ભવિ૦ ૩ જીતશત્રુનૃપ આપ પિતા તે, પરિપૂરણ પુન્યવાન; તિર્થંકરસુત પ્રાહ તિમિરહર, સાહિબ સુરજ સમાન. ભવિ૦ ૪ ત્રણ જગતગુરૂ સ્વામી સ્મરણ કરૂં, ધરજો વિનતિ ધ્યાન; જૈન પ્રવર્તક શીવસુત કેશવ, માગે કેવળજ્ઞાન. ભવિ૦ ૫

અભિનંદનજિનનું સ્તવન.

(રાગ ઇંદ્રસભાનો.)

નિરય નિકંદન ભવ ભય ભંજન, પરમ જીનેશ્વરરાય; સંવર નંદન શ્રી અભિનંદન, કંચનવરણી કાય. ૧ માત સિદ્ધારથી જાયા પ્રભુજી, શિવસુખના દાતાર; માઘ શુકલ બીજ દિન પ્રભુ જનમ્યા, રવિ સમ તેજ ઉદાર. ૨ નગરી અયોધ્યાનો જીન સ્વામી, બલીમૂખ લંછન પાય; નિર્લંછન નિરામય જીનના, આખંડળ ગુણ ગાય. ૩ જગ હિતકારી જગ ઉપગારી, અગણિત ગુણના ગ્રામ; માણિકવિજય નમે પદપંકજ, દેજો શિવપુર ધામ. ૪

સુમતીનાથનું સ્તવન.

(લલિત છંદ.)

સુમતિનાથજી અર્જ ઉચરૂં, તુમ પસાયથી પાપને હરૂં; શરણ એક છે નાથ તાહરૂં, જીનપતિ તને વંદના કરૂં. ૧ નરક વેદના મેં લહી ઘણી, ભવ અનંતમાં જીવને હણી; જનમ મર્ણની વાત શી કરૂં, જીનપતિ તને વંદના કરૂં. ૨ અનપરાધિને દુઃખ મેં દીધાં, કપટ આચરી દ્રવ્યને લીધાં; તુમ વિના હવે પુત કિહાં કરૂં, જીનપતિ તને વંદના કરૂં. ૩ અચળ દેવરે દર્શ આપજો,

નિવિડ પાપના ઓઘ કાપજો; પરમ દેવરે ધ્યાન હું ધરૂં, જીનપતિ તને વંદના કરૂં. ૪

પદ્મપ્રભુજીનું સ્તવન.

(રાગ ઇંદ્રસભાનો.)

હે પદમ પ્રભુજી પરમ કૃપાળુ, પ્રણમું ધરી હું પ્રેમ; કિંકર કેરા કર્મ વિદારો, તાર ધરીને રહેમ. ૧ ચારગતિમાં હું ભમી આવ્યો, વાર અનંતિ અનંત; પૂરવ પૂન્ય થકી હવે મળીયો, પુરસોતમ ભગવંત. ૨ સુરપતી પૂજીત શંકર સ્વામી, પરમેશ્વર જીન દેવ; અર્ભક તારો તું ડે માગે, પદ પંકેરૂં હુસેવ. ૩ જૈન પ્રવર્તક મંડળ જીનજી, નિશદિન ગુણ તુજ ગાય; મુનિ માણેક કર જોડી વંદે, જગદિશ્વર તુમ પાય. ૪

સુપાર્શ્વનાથનું સ્તવન.

(ભેખરે ઉતારો રાજા ભરથરી.—એ રાગ.)

તાર પ્રભુ તાર મુજને, જગજીવન જગ રાજજી; શરણે આવ્યોરે વિભુ તાહરે, કર જોડીને આજજી. અરજ સુણોરે શ્રી સુપાસજી. એ આંકણી. ક્ષમારે કરો પ્રભુ માહરા, આવ્યા વાંક અપારજી; કરૂણાનિધિ કરૂણા કરી, આપો ભવજલ પારજી. અરજ૦ ૨ તરણ તારણ જીન તુજને, નમું વાર હજારજી; પરમ પ્રભુ પરમાતમા, મુજ દુરિત પ્રહારજી. અરજ૦ ૩ મુક્તિ આપી જીનનાથજી, સારો સેવક કાજજી; વિશ્વપતિ તુજને નમે, મુનિ માણિક આજજી. અરજ૦ ૪

વાસુપૂજયસ્વામીનું સ્તવન.

હું પાપી પૂરો પ્રણમું પ્રેમે, હે પ્રભુ પરમ કૃપાળ; સદ્દભાવે સમરૂં શીવસુખ સહેજે, સાહેબ સહુ દુઃખ ટાળ. ૧ મન નિરમળ

નવ રાખી નિત નિત, નિરખી નાર નિહાળ; આ ભાગ્યહીન ભમરો ભગતિ ભૂલી, ભટકયો બહુ બહુ કાળ. ૨ જગ તેજ જીન જગભાવ જાણુ જીન, વાસુપૂજય જગપાળ; મુક્તિરમણીને વરીયા રંગે, રમીયા રાસ રસાળ. ૩ અનંત આનંદ અનંત શક્તિ, અનંત ગુણ અજવાળ; દોલત કહે દિન દિન દેજો દરિસણ, દાન હે દિન દયાળ. ૪

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

(હેવી રે રંભા.—એ રાહ.)

સંખેશ્વરસ્વામી, અરજ સુણોને હમારી. એ ટેક. સુંદર મનોહર મુરત પ્યારી, જાણે ઉગ્યો ભાણ; સંખેશ્વરમાં આપ બિરાજે, શું કરૂં વખાણરે. સંખેશ્વર૦ ૧ નામ એકશાત આઠ આપનાં, ઉપગારી અરિહંત; વણારશીનગરીના વાશી, ભય ભંજન ભગવંતરે. સંખેશ્વર૦ ૨ શેવકનાં મન વાંછિત પૂરી, ચિંતા કરશો ચૂર; શા માટે હવે દૂર કરો છો, આવ્યો છું હજૂરરે. સંખેશ્વર૦ ૩ દાદાજી ઘો દરિશણ મુજને, જાણી છોરૂં આજ; તુમ દરિસણથી સિદ્ધિ થાશે, રેહેશે મોરી લાજરે. સંખેશ્વર૦ ૪ શ્રી જીન સંઘ મળી ગુણ ગાવે, આજે વારંવાર; સુત શસિની સંગે સૌને, ભવનિધિ ઉતારરે. સંખેશ્વર૦ ૫

મહાવીરસ્વામીનું સ્તવન.

(રાગ ઈંદ્રસભાનો.)

મહાવીર મહાવીર મેં જપું, ઓર નિત્ય કરૂં પ્રણામ; પ્રભુજી તારૂં મુખડું જોતાં, સફળ થયું સહુ કામ. મહાવીર૦ ૧ તેરે અંગપર પુષ્પ ચડાવું, ભાત ભાતકે જાત; ગુલાબ દાઉદી જાસુદ ડમરો, માલતી મોગર સાથ. મહાવીર૦ ૨ હીરે જડેલો મસ્તકે મુગટ, કાનમેં કુંડળ સાર; બાંહે બાજુબંધ બેરખા, ઓર

ગળે મોતનકો હાર. મહાવીર૦ ૨ એસી આંગી મહાવીર પ્રભુકી, દરિશન કરે નરનાર; પ્રભુ તોરા ચરણ પસાયથી, ભવિજન પામે ભવપાર. મહાવીર૦ ૪ શ્રી લઘુ આદ્ય જૈન ગોષ્ટી, ગાવે ગીત રસાળ; શેવક ઉપર કરૂણા કરી પ્રભુ, દેજો સુખ વિસાળ. મહાવીર૦ ૫

અહો ઇશ જીન તું સદા દિલદાર, અનંતા દુઃખી ભવમાંથી ઉગાર, અતિ હેતકારી સદા સુખકાર, સુખી શિવપુરમાં જવા મુજ તાર. પ્રભુ શેવકોને તમે તારનાર, અહો દેવ હું તો નમું વારંવાર; ભવો લખ ચોરાશી ભમ્યો દુઃખસાર, પૂરવ પૂન્યે પામ્યો હું તારો દેદાર; સભા જૈન વંદે તને કોડવાર, નમે ભક્તા દોલત તરે ભવપાર. અહો ઇશ જીન તું સદા દિલદાર.

પરચુરણ દોઢીયાં.

ક્યા ભરોસા તનકા અબધુ, ક્યા૦ ભિન્ન રૂપ છીન જીનકા. અબધુ૦ એ આંકણી૦ છીનમેં તાતા છીનમેં સીરા, છીનમેં ભૂખા પ્યાસા; છીનમે રંક રંક તે રાજા, છીનમેં હર્ષ ઉદાસા. અબધુ૦ ૧ તીર્થંકર ચક્રી બળદેવા, ઇંદ્ર ચંદ્ર ધરણેંદા; અસુર સુરવર સામાનિક નર, ક્યા રાંણા રાજેંદા. અબધુ૦ ૨ સંસારી જીવ પુદ્ગલ રાતે, પુદ્ગલ ધર્મ પ્રચારક યા સંગત તે જનમ મરણ ગણ, જ્યું જળબીચ પતાસા. અબધુ૦ ૩ ભિન્નભાવ પુદ્ગલ તે ભાવે, તું અનકળ અવિનાશી; જ્ઞાનાચાર નિજ રૂપે માંહી, જનમ મરણ ભવ પાસા. અબધુ૦ ૪

આજકી આંગી જોર બની, ગોડી પાસ જીનેશ્વર કે અંગકી. ટેક. કેસર ચંદન ચરચું અંગે, બીચમાંહે બુટ્ટિ ગુલાબનકી. આજકી૦ ૧ ચંદ્ર જોત તેરો મુખડા બિરાજે, તેરે બદનોકી જાઉં

બલીહારી. આજકી૦ ૨ કહે મલુકચંદ એ પ્રભુ સાચો, પૂજા કરો એ જીનેશ્વરકી. આજકી૦ ૩

રહો રહોરે જાદવરાએ દો ઘડીયાં, દો ઘડીયાં રે અબ ચાર ઘડીયાં. રહો રહોરે૦ એ આંકણી. પ્રેમકા પ્યાલા બોત મશાલા, પિવત મધુરી શેલડીયાં. રહો૦ ૧ હાથશું હાથ મિલાઇ દીયો સાહી, ફુલડાં બિછાવું સેજડીયાં. રહો૦ ૨ રાજુલ છોડી ચલે ગિરનારે, દિપતા મોહન વેલડીયાં. રહો૦ ૩ રૂપચંદ કહે નાથ નિરંજન, મુક્તિવધુ ગુણ શેલડીયાં. રહો૦ ૪

શી ગતિ થાશે અમારી દિનાનાથ, શી ગતિ થાશે અમારી. ટેક. ઇંદ્રીને કાજે હું ઘણો ધાયો, કરમ કીધા બહુ ભારી. દિનાનાથ૦ ૧ બે વાતે મારૂં મન લલચાયું, એક કંચન બીજી નારી. દિનાનાથ૦ ૨ દેશ દેશાંતર હું ભમી આવ્યો, નાઠાની નથી બારી. દિનાનાથ૦ ૩ હું હું કરતાં ગયો જનમારો, ભક્તિ ન જાણી તુમારી. દિનાનાથ૦ ૪ ભવસાગરમાં તારો દાસ બૂડે છે, શ્રી પાર્શ્વનાથ લે તારી. દિનાનાથ૦ ૫

કોન કિસીકો મિત જગતમેં, કોન કિસીકો મિત. એ આંકણી. માત તાત ઓર જાત સજનસેં, કાંઇ રહે નિચિંત. જગતમેં૦ ૧ સબહી અપને સ્વારથકે હે, પરમારથ નહીં પ્રીત; સ્વારથ વિનસે સગો ન હોસી, મિતા મનમેં ચિંત. જગતમેં૦ ૨ ઉઠ ચલેગો આપ એકીલો, તુંહી તું સુવિદિત; કો નહીં તેરો તું નહીં કીસકો, એહ અનાદિ રીત. જગતમેં૦ ૩ તાતે એક ભગવાન ભજનકી, રાખો મનમેં ચિત; ગ્યાનસાર કહે એહ ધનાશરી, ગાયો આતમ ગીત. જગતમેં૦ ૪

થોયો.

સિદ્ધાચળની થોયો.

શ્રી શેત્રુંજો તિરથ સારો, ગિરીવરમાં જેમ મેરૂ ઉદ્ધારો; ઠાકોર રામા પારો. મંત્રમાંહી નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું; જળધર જળમાં જાણું. પંખીમાં ઉત્તમ જેમ હંશ, કૂળમાંહી જેમ રિખવનો વંશ; નાભિતણો એ અંશ. ખેમાવંતમાં શ્રી અરિહંત, તપસુરામાં મહા મુનિવંત; શેત્રુંજે ગયા ગુણવંત.

પુંડરગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ,
વિમળાચળ ભેટી, લહીએ અવિચળ રિદ્ધ;
પંચમગતિ પહોચ્યા, મુનિવર કોડાકોડ,
એણે તિરથે આવી, કર્મ વિપાતક છોડ.

આદિ જીનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવળસિરિ રાયા, મોક્ષનગરે સિધાયા.

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિખેણ દુઃખ વારેજી,
વર્દ્ધમાન જીનવર વળી પ્રણમો, શાશ્વત નામ એ ચ્યારેજી;
ભરતાદિક ખેત્રે મળી હોવે, ચ્યાર નામ એ ચ્યારેજી,
તેણે ચ્યાર એ શાશ્વત જીનવર, નમીએ નિત્ય સવારેજી.

ચિંતામણ ચિંતા ચૂરસે, આશેશ્વર આશા પૂરશે,
શાંતિનાથની સેવા જે કરે, જે જોઇએ તે આવી મળે.

શ્રી સીમંદિરસ્વામીની થોયો.

શ્રી સીમંદિર જીનવર, સુખકર સાહેબ દેવ,
અરિહંત સકળની, ભાવ ધરી કરૂં શેવ;
સકળ આગમ પારક, ગણધર ભાખિત વાણ,
જયવંતી આણા, જ્ઞાનવિમળ ગુણી ખાણ.

મહાવિદેહખેત્રમાં મંદિરસ્વામી, સોનાનું સિંહાસનજી;
રૂપાનું ત્યાં છત્ર બિરાજે, રત્નમણીમાં દીવા સ્યારજી;
કુમકુમવરણી ત્યાં ઘુમરી બિરાજે, મોતીના અક્ષર સારજી;
ત્યાં બેઠા શ્રી મંદિરસ્વામી, બોલે મધુરી વાણીજી;
કેસર ચંદન ભર્યાં કચોળાં, કસ્તુરી બરાસોજી;
પહેલીરે પૂજા મોરી હોજો, ઉગમતે પ્રભાતેજી.

શ્રી પંચતિર્થની થોયો.

શ્રી શત્રુંજય મુખ્ય તીર્થ તિલકં, શ્રી નાભિરાજા ગજં,
વંદે રૈવત શૈલ મૌલિ મુકુટં, શ્રી નેમિનાથં યથા;
તારંગે અજીતં જીનં ભૃગુપુરે, શ્રી સુવ્રતં સ્થંભને,
શ્રી પાર્શ્વં પ્રણમામિ સત્યનગરે, શ્રી વર્ધમાનં ત્રિધા. ૧
વંદેઽનુત્તર કલ્પ તલ્પ ભુવને, ગ્રૈવેયક વ્યંતરા,
જ્યોતિષ્યામર મંદરાદિ વસતીં, સ્તીર્થંકરાનાદરાન્;
જંબુ પૂષ્કર ધાતકીષુ રૂચકે, નંદિશ્વરે કુંડલે,
યે ચાન્યેઽપિ જિના નમામિ સતતં, તાન્ કૃત્રિ કૃત્રિમાન. ૨
શ્રીમદ્વીરજીનસ્ય પદ્મહૃદતો, નિર્ગમ્યતે ગૌતમ,
ગંગાવર્તન મેત્ય યા પ્રવિભિદે, મિથ્યાત્વ વૈતાઢયકં;
ઉત્પત્તિ સ્થિતિ સંહૃતિ ત્રિપથગા, જ્ઞાનાંબુદાવૃદ્ધિગા,
સીમે કર્મમલં હરત્વ વિકલં, શ્રી દ્વાદશાંગી નદી. ૩
શુક્ર શ્ચંદ્ર રવિ ગ્રહાશ્ચ ધરણ, બ્રહ્મેંદ્ર શાંત્યંબિકા,

દિગ્પાલાઃ સકપર્દ્દિ ગોમુખ ગણિ, શ્ચક્રેશ્વરી ભારતી;
યેડન્યે જ્ઞાનતપઃ ક્રિયાવ્રત વિધિ, શ્રી તીર્થયાત્રાદિષુ,
શ્રી સંઘસ્ય તુરા ચતુર્વિધ સુરા, સ્તેસંતુ ભદ્રંકરાઃ ૪

શાંતિનાથની થોયો.

શાંતિ સુહંકર સાહીબો, સંજમ અવધારે, સુમતિને ઘરે પારણું, ભવપાર ઉતારે; વિચરંતાં અવનીતળે, તપ ઉગ્ર વિહારે, જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ૧ પાસ વિર વાસુપૂજ્યજી, નેમ મલ્લિ કુમારી, રાજ્યવિહુણા એ થયા, આપે વ્રતધારી; શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી, મલ્લિ નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨ કનક કમલ પગલાં ઠવે, જગ સાંતિ કરીજે, રયણ સિંહાન બેશીને, ભલી દેશના દીજે; જોગાવંચક પ્રાણિયા, ફળ લેતાં રીજે, પુષ્કલાવ્રતના મેઘમાં, મગસેલ ન ભીજે. ૩ ક્રોડ વદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચ્યાર; હાથ બીજોરૂં કમલ છે, દક્ષણ કર સાર, જક્ષ ગરૂડ વામ પાણીએ, નકુલાક્ષ વખાણે; નિરવાણીની વાત તો, કવિ વિર તે જાણે. ૪

સિદ્ધચક્રની થાયો.

જીન શાસન વંછિત, પૂરણ દેવ રસાળ, ભાવે ભવિ ભણીએ, સિદ્ધચક્ર ગુણ માળ; ત્રીહુ કાળે એહની, પૂજા કરે ઉજમાળ, તે અમર અમરપદ, સુખ પામે સુવિશાળ. ૧ અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવઝાય, મુનિ દરસણ નાણ, ચરણ તપ એ સમુદાય; એ નવ પદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય, એ ધ્યાને ભવિનાં, ભવ કોડી દુઃખ જાય. ૨ આસો ચઇતરમાં, સુદી સાતમથી સાર, પુનમલગી કીજે, નવ આંબિલ નિરધાર; દાય સહસ ગણેવું, પદ સમ સાડાચાર, એકાશી આંબિલ, તવ આગમ અનુસાર. ૩ શ્રી સિદ્ધચક્ર શેવક, શ્રી વિમલેસર દેવ, શ્રીપાળતણી પેરે, સુખ પુરે સ્વયમેવ; દુઃખ દોહુંગ નાવે, જે કરે એહની સેવ, શ્રી સુમતી સુગુરૂનો, રામ કહે નિત મેવ. ૪

પજુષણની થોયો.

સત્તરભેદી જીન પૂજા રચીને, સનાત્ર મહોચ્છવ કીજેજી; ઢાલ દદામા ભેરીને ફેરી, ઝલરી નાદ સુણીજેજી; વિરં જીન આગળ ભાવના ભાવી, માનવભવ ફળ લીજેજી, પરવ પજુષણ પૂરવ પૂન્યે, આવ્યાં એમ ગણીજેજી. ૧ માસ પાસ વળી દસમ દુવાલસ, ચત્તારી અઠ્ઠ કીજેજી, ઉપર વળી દસ દોય કરીને, જીન ચોવીશે પૂજેજી; વડા કલપનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણીજેજી, પડવેને દિન જન્મ મહોચ્છવ, ધવળ મંગળ વરતીજેજી. ૨ આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમનો તપ કીજેજી, નાગકેતુની પરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી; તેલાધર દીન ત્રણ કલ્યાણક, ગણધરવાદ વદીજેજી, પાસ નેમીસર અંતર ત્રીજે, રિખભ ચરિત્ર સુણીજેજી. ૩ બારસેં સુત્ર ને સમાચારી, સંવત્સરી પડિક્રમીએજી, ચૈત્ર પ્રવાડી વિધિસ્યું કીજે, સકળ જંતુને ખામીજેજી; પારણાને દિન સ્વામિવચ્છલ, કીજે અધિક વડાઇજી, માનવિજય કહે સકળ મનોરથ, પૂરે દેવી સિધાઇજી. ૪ ઇતિ.

પરવ પજુષણ પૂન્યે કીજે, સત્તરભેદી જીન પૂજા રચીજે, વાજીંત્ર નાદ સુણીજે; પ્રભાવના શ્રીફળની કીજે, જાચક જનને દાનજ દીજે, જીવ અમાર કરીજે; મનુષ્ય જનમ ફળ લાહો લીજે, ચોથ છઠ્ઠ અઠ્ઠમ તપ કીજે, સ્વામિવચ્છલ કીજે; ઇમ અઠ્ઠાઇ મહોચ્છવ કીજે, કલ્પસૂત્ર ઘેર પધરાવીજે, આદિનાથ પૂજીજે. ૧ વડા કલપ દિન ધુર મંડાણ, દસ કલપ આચાર પ્રમાણ, નાગકેતુ વખાણ; પછે કીજે સૂત્ર મંડાણ, નમોથ્થુણ હોય પ્રથમ વખાણ, મેઘકુમાર અહિઠાણ; દસ અછેરાનો અધિકાર, ઇંદ્ર આદેસે ગર્ભાપહાર, દેખે સુપન ઉદાર, ચોથે સુપને બીજું સાર, સુપનપાઠક આવ્યા દરબાર, ઇમ ત્રીજું જયકાર. ૨ ચોથે વીર જન્મ વખાણ,

દિસીકુમારી સવિ ઈંદ્રને જાણ, દિક્ષા પાંચમું વખાણ; પારણે પરિસહ તપને નાણ, ગણધરવાદ ચઉમાસી પ્રમાણ, તિમ પામ્યા નિરવાણ; એ છઠ્ઠું વખાણે કહિયે, તેલાધર દિવસે એ લહીયે, વીર ચરિત્ર એમ સુણીયે; પાસ નેમિ જિન અંતર સાત, આઠમે રિષભ થીરા અવદાત, સુણતાં હોય સુખ સાત. ૩ સંવચ્છરી દિન સહુ નરનારી, બારસેં સૂત્ર ને સમાચારી, નિસુણો અઠ્ઠમે ધારી; સુણીયે ગુરૂ પટ્ટાવલી સારી, ચૈત્યપ્રવાલી અતિ મનોહારી, ભાવે દેવ જુહારી; સાહમી સાહમણુ ખામણાં કીજે, સમતારસ માંહે ઝીલીજે, દાન સંવચ્છરી દીજે; ઈમ ચક્કેશ્વરી સાનિધ કીજે, જ્ઞાનવિમળ સૂરી જગ જાણીજે, સુજસ મહોદય કીજે. ૪ ઇતિ.

સઝાયો.

ઈલાચીપુત્રની સઝાય.

નામ ઈલાપુત્ર જાણીયે, ધનદત્તશેઠનો પુત્ર; નટવી દેખીને મોહીઓ, જે રાખે ઘર સુત. કરમ ન છૂટેરે પ્રાણીયો. પૂરવ નેહ વિકાર, નિજ કૂળ છંડીરે નટ થયો; નાંણી શરમ લગાર. કરમ૦ ૨ એક પૂર આવ્યોરે નાચવા, ઉંચો વાંસ વિશેષ; તિહાં રાય જોવાને આવીઓ, મળીયા લોક અનેક. કરમ૦ ૩ દોય પગ પહેરીરે પાવડી, વાંસ ચડયો ગજ ગેલ; નિરાધાર ઉપર નાચતો, ખેલે નવ નવા ખેલ. કરમ૦ ૪ ઢોલ બજાવેરે નટવી, ગાવે કિંન્નર સાદ; પાયતલ ઘુઘરારે ઘમઘમે, ગાજે અંબર નાદ. કરમ૦ ૫ તિહાં રાય ચિંતમેરે ચિંતવે, લુબધો નટવીને સાથ; જો નટ પડેરે નાચતો, તો નટવી મુજ હાથ. કરમ૦ ૬ દાન ન આપેરે ભૂપતી, નટ જાણે નૃપ વાત; હું ધન વંછુરે રાયનો, રાય વંછે મુજ ઘાત. કરમ૦ ૭ તવ તિહાં મુનિવર પેખીઓ, ધન ધન સાધુ

નીરાગ; ધિગ્ ધિગ્ વિખયારે જીવને, એમ પામ્યો વઇરાગ. ક-રમ૦ ૮ થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઉભેલાં બાર; લો લો કું છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કરમ૦ ૯ સંવરભાવેરે કેવળી, થયો મુનિ કર્મ ખપાય; કેવળ મહિમાજી સુર કરે, લ-બ્ધીવિજે ગુણ ગાય. કરમ૦ ૧૦ ઇતિ.

ઢંઢણમુનિની સઝાય.

ઢંઢણઋષિને વંદણા હું વારી, ઉત્કૃષ્ટો અણગારરે હું વારી લાલ. અભિગ્રહ લીધો આકરો હું૦ લબ્ધે લેશું આહારરે હું૦ ઢં૦ ૧ દીનપ્રતિ જાવે ગોચરી હું૦ ન મીલે શુદ્ધ આહારરે હું૦ ન લીએ મુલ અસુજતો હું૦ પીંજર હુવો ગાતરે હું૦ ઢં૦ ૨ હરી પૂછે શ્રી નેમને હું૦ મુનિવર સહસ અઢારરે હું૦ ઉત્કૃષ્ટો કુણ એહમાં હું૦ મુજને કહો કૃપાળરે હું૦ ઢં૦ ૩ ઢંઢણ અધિકો દા-ખીયો હું૦ શ્રી મૂખ નેમજીણંદરે હું૦ મન ઉમાહ્યો વાંદવા હું૦ ધન જાદવ કૂળચંદરે હું૦ ઢં૦ ૪ ગલીયારે મુનિવર મીલ્યા હું૦ વાંદે ક્રશ્ન નરેસરે હું૦ કીણહી મિથ્યાત્વી દેખીને હું૦ આયો ભાવ વિશેષરે હું૦ ઢં૦ ૫ આવો મુજ ઘર સાધુજી હું૦ લ્યો મોદીક છે શુદ્ધરે હું૦ ઋષીજી લેઇ આવીયા હું૦ પ્રભુજી પાસ વિશુદ્ધરે હું૦ ઢં૦ ૬ મુજ લબધે મોદીક મિલ્યા હું૦ મુજને કહો કૃપાલરે હું૦ લબધ નહીં વછ તાહરી હું૦ શ્રીપતિ લબધ નિ-હાલરે હું૦ ઢં૦ ૭ તો મુજને લેવો નહીં હું૦ ચાલ્યો પરઠણ કાજરે હું૦ ઇટની વાહે જાયને હું૦ ચુર્યાં કર્મ સમાજરે હું૦ ઢં૦ ૮ આઈ સુધી ભાવના હું૦ પામ્યો કેવળજ્ઞાનરે હું૦ ઢંઢણ ઋષિ મુગતે ગયા હું૦ કહે જીનહરખ સુજાણરે. હું વારી લાલ. ઢંઢણઋષિને વંદણા હું વારી. ૯ ઇતિ.

જીવદયાની સઝાય.

(કપૂર હોય અતિ ઉજળોરે.—એ દેશી.)

ચતૂર નર જીવદયા ધર્મ સાર, જેથી પામીએ ભવનો પાર ॥ ચ૦ ॥ જીવદયા ધર્મ સાર ॥ ૧ ॥ એ આંકણી ॥ ગજભવે સસલો ઉગારીયોર, કરૂણા આણી અપાર ॥ શ્રેણીકને ઘર ઉપન્યોરે, અંગજ મેઘકુમાર ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૨ ॥ વીર વાંદી વાણી સુણીરે, લીધો સંયમ ભાર ॥ વિજય વિમાને ઉપન્યોરે, સિધશે મહાવિદેહ મઝાર ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૩ ॥ નેમ પ્રભુ ગયા પરણવારે, સુણિ પશુડાંનો પોકાર ॥ પશુડાંની કરૂણા ઉપનીરે, તજ્યા રાજીમતિ નાર ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૪ ॥ શરણે પારેવો ઉગારિયોર, જૂઓને મેઘરથરાય ॥ શાંતિનાથ ચક્રી થયારે, દયાતણે સુપસાય ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૪ ॥ માસખમણને પારણેરે, ધર્મરૂચી અણગાર ॥ કીડિયોની કરૂણા ઉપનીરે, કીધો કડવા તું બાનો આહાર ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૬ ॥ સર્વાર્થસિદ્ધમાં ઉપન્યારે, સિધ્યા વિદેહ મોઝાર ॥ ધર્મઘોષના શિષ્ય થયારે, રૂડી દયાતણા એ પસાય ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૭ ॥ અર્જુનમાળી જાણજોરે, લીધો સંયમ ભાર ॥ કર્મ છ માસે ક્ષય કરી રે, પહોચ્યા મુગતિ મઝાર ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૮ ॥ દેવકીનંદન સોહામણારે, નામ તે ગજસુકુમાળ ॥ ધિખ ધિખતી સઘડી સહીરે, આણી દયારે અપાર ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૯ ॥ એ ધર્મ છે સુરતરૂ સમોરે, જેહની શીતળ છાય ॥ સેવક જન નિત સેવજોરે, એહ છે મુગતિનો દાય ॥ ચતુર નર જીવ દયા ધર્મ સાર ॥ ૧૦ ॥ ઇતિ. ॥

ગાવાનાં ગીતો.

સાત વાર.

આદિતે અરિહંત અમ ઘેર આવોરે, મારા શ્યામ સલુણા

નેમ દિલમાં લાવોરે. ૧ સોમે તે શુભ શણગાર સજીએ અંગેરે, મારા જીગજીવનની સાથ રમીએ રંગેરે. ૨ મંગળ શુભ દિન આજ મંગળ ચારૂરે, કાંઈ નવ ભવ કેરો સ્નેહ હું સંભારૂરે. ૩ બુધ ઘેર આવો નાથ બુદ્ધિના બળિઆરે, પ્રભુ એક સેહેંસને આઠ લક્ષણ ભરિઆરે. ૪ ગુરૂ ગિરવા ગુણવંત શિવાદેવીનારે, કાંઇ સમુદ્રવિજય કૂળચંદ નેમ નગીનારે. ૫ શુકર સેહેસાવન ચાલો સજનીરે, મારે સમય થયો પ્રભાત વીતી રજનીરે. ૬ સનિસર સંજમ લીધ પ્રીત વધારીરે, દોનું પામ્યા પરમાનંદ નેમ ને નારીરે. ૭ મુળચંદ કહે એમ આશા ફળશેરે; જે નિરમળ પાળે શીયળ ભવજળ તરશેરે. ૮ અમે નમીએ નેમિ જીણંદ ઘડ ગિરનારરે, રાણી રાજુલ જુવે વાટ સાતે વારરે. ૯ ઇતિ.

ગરબી.

(પડવેની પણ પ્રીત ગટમટ ભુલીરે.—એ રાહ.)

ચાલો સખીઓ મમ સાથ, જીન ઘર જઇએરે; અવલોકી આદિનાથ, પાવન થઇએરે. ૧ મોહન મરૂદેવી નંદ, જગ જયકારીરે; જસુ વદન પુનમનો ચંદ, જાઉં બલિહારીરે. ૨ કંચન ગિરિ હરી જીન રાજ, જઈ નવરાવેરે; કરવાને આતમ કાજ, સચી હુલરાવેરે. ૩ વિનિતાનગરીનો રાય, હરખું નિરખિરે; પણ છે શત ધનુષની કાય, સોવન સરખીરે. ૪ હમ દિલ વશિયા એ દેવ, રંગ રસિલારે; જસ સુરવર સારે શેવ, છેલ છબિલારે. ૫ સ્વામી શિવરમણીના કંથ, કામણગારારે; સુખ આપો સાદી અનંત, પૂરણ પ્યારારે. ૬ પ્રભુ પૂરણ પુન્ય પસાય, અમે દીઠુંરે; આ હરખ મનમાં ન માય, લાગે મીઠુંરે. ૭ રમઝમ કરી જીન ગુણ રાસ, રમીએ રંગેરે; આવો જીનજી આવાસ, સખીઓ સંગેરે. ૮ પૂજો હરિહર શિરતાજ, કેસર ઘોળીરે; અંબોડા લઇએ આજ, સૈયર ટોળીરે. ૯ ઇતિ.

ગીત.

(વાહાલે અમ્રત પાઇ ઉછેર્યાં.—એ દેશી.)

આવો આવો જસોદાના કંથ અમ ઘેર આવોરે, ભગતિવચ્છળ ભગવંત નાથ સેં નાવોરે; એમ ચંદનબાળાના બોલડે પ્રભુ આવીરે, મુઠી બાકૂળ માટે પાછા વળી બોલાવીરે. આવો૦ ૧ સંકેત કરીને સ્વામિ ગયા તુમે વનમાંરે, થઈ કેવળી કેવળી કીધ ધરીને મનમાં રે; એમ કેસર કેરા કીચ કરીને પૂજુંરે, તોએ પેહેલે વ્રત અતિચારથકી હું ધ્રુજુ રે. આવો૦ ૨ જીવ હિંસાના પચ્ચખ્ખાણ થૂળથી કરીએરે, દુવિહિં તિવિહેણં પાઠ સદા અનુસરીએરે; વાશી બોળો વિદલ નિશિભક્ષ હિંસા ટાળુંરે, સવા વિશ્વા કેરી જીવદયા નિત્ય પાળુંરે. આવો૦ ૩ દસ ચંદરવા દસ ઠામ બાંધીને રહીએરે, જીવ જાયે એહવી વાત કેને ન કહીએરે; વધ બંધનને છ વીછેદ ભાર ન ભરીએરે, ભાત પાણીનો વિછેહ પશુને નવિ કરીએરે. આવો૦ ૪ લોકિક દેવ ગુરૂ મિથ્યાત ત્યાસી ભેદરે, તુમ આગમ સુણતાં આજ હોય વિછેદરે; ચોમાસે પણ બહુ કાજ જયણા પાળુંરે, પગલે પગલે મહારાજ વ્રત અજવાળુંરે. આવો૦ ૫ એક સાસ માંહી સો વાર સમરૂ તમનેરે, ચંદન બાળા જેવું સાર આપો અમનેરે; માછી હરિબળ ફળદાય એ વ્રત પાળીરે, શુભ વીર ચરણ સુપસાય નિત્ય દીવાળીરે આવો૦ ૬

ગીત.

રૂડો માસ વસંત ફળી વનરાજીરે, રાયણને સહકાર વાલા, કેતકી જાય ને માલતીરે, ભમર કરે ઝંકાર વાલા; કોયલ મદભર ટહુકતીરે, બેઠી આંબા ડાળ વાલા; હંસ જુગલ જળ ઝીલતાંરે, વિમળ સરોવર પાળ વાલા; મંદ પવનની લહેરમાંરે, માતા સુપન નિહાળ વાલા. એ આંકણી. દીઠો પ્રથમ ગજ ઉજળો , બીજે રિખભ ગુણવંત વાલા; માળ જુગલ ફુલ પાંચમેરે, છઠે રોહણી કંત વાલા; ઉગતો સૂરજ સાતમેરે, આઠમે ધ્વજ લેહકંત વાલા.

રૂડો૦ ૧ નવમે કળસ રૂપાતણોરે, દસમે પદ્મસર જાણુ વાલા; અગ્યારમે રતનાગરૂરે, બારમે દેવવિમાન વાલા; ગંજ રતનનો તેરમેરે, ચઉદમે વાધ્ન વખાણુ વાલા; ઉતરતા આકાશથીરે, પેસતા વદન પ્રણામ વાલા. રૂડો૦ ૨ માતા સુપન લહી જાગીયાંરે, અવધિ જુએ સુરરાજ વાલા; શક્રસ્તવ કરી વંદીયારે, જનની ઉદર જિનરાજ વાલા; એણે સમે ઇંદ્ર તે આવીયારે, મા આગળ ધરી લાજ વાલા; પુણ્યવંત તમે પામસ્યુંરે, ત્રણભુવનનું રાજ વાલા. રૂડો૦ ૩ ચઉદ સુપનના અરથ કરીરે, ઇંદ્ર ગયા નિજ ઠામ વાલા; ચોસઠ ઇંદ્ર મળી ગયારે, નંદિશ્વર જીન ધામ વાલા; ચવન કલ્યાણક ઓછવરે, શ્રીફળ પૂજા ઠામ વાલા; શ્રી શુભવીર તેણુ સમેરે, જગત જીવ વિસરામ વાલા. રૂડો૦ ૪

ગરબો.

અનોપમ આજરે ઓચ્છવ છે મહાવીર મંદિરેરે,
ચાલો જોવા જઇએ હેતે હળી મળી આજ;
વાલા વીરનો જનમ દિવસ છે આજનોરે.
ત્રિસલા કૂખે અવતર્યો, મહાવીરનો અવતાર,
ધન ધન દિવસ તે ઘડી, વરત્યો જય જયકાર.
થાર ભરી ભરી મોતિડે વધાવતીરે,
છપન્નકુમરી સજી સો શણગાર;
ઉભી આરસ પારસમણી ચોકમાંરે. અનોપમ૦ ૨
જિન મનરંજન પારણું, હીરાનો ઝળકાટ;
પોઢયા છે માહી મણી, પુનમ મુખ જણાય.
હેતે હિંચોળે છે કંચનવરણી દોરીએરે,
માતા ત્રિસલા હરખ અપાર;
એવો દિવસ ઉગ્યો છે આનંદનોરે. અનોપમ૦ ૩
મોતી તોરણ બારણે, દિસે ઝાક ઝમાળ;
ઇંદ્રાણી આગે નચે, રણઝણ ઇચ્છો થાય.
ટઉકા કરતી કોયલ, મધૂરા મેણા કંઠનીરે;
વળી બપૈયા ગાવંતા રૂડા રાગ,
એવું આનંદ આનંદ વીર પારણુંરે. અનોપમ૦ ૪

મહાવીરસ્વામિનું હાલરીયું.

છાનો મોરા છબ, છાનો મોરા વીર;
પછે તમારી દોરી તાણું.
મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે. એ ટેક.
હીરના છે હાર, ધૂમે છે મોર;
કોયલડી સૂર નારી. મહાવીર૦ ૧
ઇંદ્રાણી આવે, હાલણ હુલણ લાવે;
વીરને હેતે કરી હુલરાવે. મહાવીર૦ ૨
સુંદર બેહેની આવે, આભૂષણ લાવે;
ખાજાં રૂડાં લાવે, મોતીચ્ચૂરણ ભાવે;
વીરને હેતે કરી જમાડે. મહાવીર૦ ૩
વીર મ્હોટા થાશે, નિશાળે ભણવા જાશે;
એમ ત્રિસલામાતા હરખાશે. મહાવીર૦ ૪
નદિવર્ધન આવે, રાણી રૂડી લાવે;
વીરને હેતે કરી પરણાવે. મહાવીર૦ ૫
વીર મ્હોટા થાશે, જગમાં ગવાશે;
એમ કાંતિવિજય ગુણ ગાશે. મહાવીર૦ ૬

મહાવીરસ્વામિનું પારણું.

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત; સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે ઘુમ ઘુમ રીત. હાલો હાલો હાલો હાલો મારા નંદને. ૧ જિનજી પાસપ્રભુથી વરસ અઢીશેં અંતરે, હોશે ચોવીસમો તિર્થંકર જિન પરિમાણ; કેશી સ્વામિ મુખથી એહવી વાણી સાંભળી, સાચી સાચી હુઇ તે મારે અમૃત વાંણ. હાલો૦ ૨ ચૌદ સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજજી, વિત્યા બારે ચક્રી નહીં

હવે ચક્રીરાજ; જિનજી પાસપ્રભુના શ્રી કેશિ ગણધાર, તેહને વચને જાણ્યા ચોવીસમા જિનરાજ; મારી કૂખે આવ્યા ત્રણભુવન શિરતાજ, મારી કૂખે આવ્યા તરણ તારણ જિનરાજ; હું તો પૂન્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ. હાલો૦ ૩ મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ, સિંહાસનપર બેસું ચામર છત્ર ધરાય; એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય. હાલો૦ ૪ કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ; નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો, મેં તો પહેલે સુપને દીઠો વિશવાવીશ. હાલો૦ ૫ નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે, નંદન ભોજાઇઓના દેવર છો સુકુમાળ; હસશે ભોજાઇઓ કહી લાડકા દિયર માહરા, હસશે રમશેને વળી ચુંટી ખણશે ગાલ; હસશે રમશેને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૬ નંદન નવલા ચેડારાજાના ભાણેજ છો, નંદન નવલી પાંચસેં મામીના ભાણેજ છો; નંદન મામલીઆના ભાણેજા સુકુમાળ, હસશે હાથે ઉછાળી કહીને નાના ભાણેજા, આંખ્યો આંજીને વળી ટબકું કરશે ગાલ. હાલો૦ ૭ નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રતને જડીયાં ઝુલડો મોતી કસબી કોર; નીલાં પીળાંને વળી રાતાં સરવે જાતનાં, પેહેરાવશે મામી મારા નંદ કીશોર. હાલો૦ ૮ નંદન મામા મામી સુખલડી બહુ લાવશે, નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર; નંદન મૂખડાં જોઇને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ૯ નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજીને બેન તમારી નંદ; તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે, તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૦ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો, વળી સૂડા મેનાં પોપટને ગજરાજ; સારસ

હંસ કોયલ તીત્તર ને વળી મોરજી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૧ છપ્પન કુમરી અમરી જળકળશે નવરાવીઆ, નંદને તમને અમને કેલીઘરની માંહે; ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે, બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહ. હાલો ૧૨ તમને મેરૂ ગિરિપર સુરપતિએ નવરાવીઆ, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય; મૂખડાઉપર વારૂં કોટી કોટી ચંદ્રમા, વળી તનપર વારૂં ગ્રહગણ સમુદાય. હાલો૦ ૧૩ નંદને નવલા ભણવા નિશાળે પણ મૂકશું, ગજપરે અંબાડી બેસાડી મોટે સાજ; પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું, સુખડલી લેશું નિશાળીઆને કાજ. હાલો૦ ૧૪ નંદન નવલા મોહોટા થાશોને પરણાવશું, વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઈ વેવાણો પધરાવશું, વરવહુ પોંખી લેશું જોઈ જોઈને દિદાર. હાલો૦ ૧૫ સાસરૂ પીઅર મારા બેહુ પખ નંદન ઉજળા, માહારી કુંખે આવ્યા તાત પનોતા નંદ; માહારે આંગણ વૂઠયા અમૃત દુધે મેહુલા, માહારે આંગણ ફળિયા સુરતરૂ સુખના કંદ. હાલો૦ ૧૬ એણીપરે ગાયું માતા ત્રિસલા સુતનું પારણું, જે કોઇ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ; બિલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં, જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો હાલો હાલો હાલો મારા નંદને. ૧૭

ગહુંળીઓ.

ગહુંળી ૧ લી.

પ્રભુ મારો ભોગ કરમ ક્ષિણ જાણીરે, પ્રભુ મારો પરણ્યા સંજમ જાણીરે; પ્રભુ મારો ત્રીસ વરસ ઘરવાસરે, પ્રભુ મારો સંજમ લેવા ઉલ્લાસરે; પ્રભુ તજે વિહાર દેવાસાં થાયેરે, પ્રભુ

અમને ગમસે નહીં નિરધારરે. ૧ પ્રભુ તુંતો જ્ઞાનાદિક ગુણ દરિયોરે, પ્રભુ હુંતો નિરાશ્રય રહ્યો પડીયોરે; પ્રભુ માહારા માતા પિતાનો નહિ જોગરે, પ્રભુ મારા બંધવનો ન કરો વિજોગરે. ૨ પ્રભુ માહારા તુમ વિના ઘર સુન મેડીરે, પ્રભુ માહારા ન ગમે મોહોલને મેડીરે; પ્રભુ માહારા તુમ આણા વેહેતો ઉલ્લાસરે, પ્રભુ માહારા બંધવ વિન થયો જગદાસરે. ૩ પ્રભુ માહારો ચોસઠ ઈંદ્ર પરવરીયોરે, પ્રભુ માહરો સિદ્ધારથ વન સંચરીયોરે; પ્રભુ માહારો વ્રત ઉચ્ચરી એમ ભાખેરે, બંધવ માહારા કરશું વિહાર ઉલ્લાસેરે. ૪ પ્રભુ માહારો એમ કહી ચાલ્યો તેણી વારરે, પ્રભુ માહારા નયણે આંસુંની ધારરે; પ્રભુ માહારા નિજ નયરી કિમ જાસ્યુંરે, પ્રભુ માહારા મુજ મન થયો ઉદાસરે. ૫ પ્રભુ તુંતો નિરાગી નિશ્ચિંતરે, પ્રભુ માહારા દર્શનથી કરજ્યો પવિત્રરે; પ્રભુ તુંતો કરૂણારસનો કુંપોરે, પ્રભુ મુને એકલડો કિમ મૂકોરે. ૬ પ્રભુ માહારો મણિઉદ્યોતપેરે દીપેરે, પ્રભુ માહારો અસંખ્યા સુરજ તેજ ઝીપેરે; પ્રભુ માહારા વરસીદાને જસ લીધોરે, પ્રભુ માહારા દયા પાળી કારજ સીધોરે. ૭ ઇતિ.

ગહુંળી ૨ જી.

(મહારી સહીરે સમાણી.—એ દેશી.)

પરવ પજુષણ પૂણ્યને યોગે, મલિયા સહ ગુરૂ સંયોગેરે; મારી સહીરે સમાણી. સાત પાંચ ભેળી મળીને ટોળી, ગહુંલી કરે મન ભોળીરે. મા૦ ૧ ઘુંઘટપટ ખોલી ગુરૂ મૂખ જોતી, તન મનના મલ ધોતીરે; મા૦ સમકિત રાગે ને ધર્મની બુદ્ધિ, પરિણતીની વાલી શુદ્ધિરે. મા૦ ૨ વાંદી વધાવી ગુરૂજીની વાણી, નિસુણો ભવિજન પ્રાણીરે; મા૦ ઉપશમ ભાવો ને નિંદા નિવારો, જીવ સહુશું હિત ધારોરે. મા૦ ૩ ગુરૂપગમૂલે સંઘ સહુ ખામો, કષાયતણા મદ વામોરે; મા૦ ઇણદિન આવે વ્રત તપ કીજે, અધિક અધિક લાહો લીજેરે. મા૦ ૪ પૂજા પ્રભાવના મહિમાને

દેખી, હરખે ધરમના ગવેષીરે; મા૦ ચૈત્ય પરવાડી જિનમૂખ જોવો, ભવભવનાં પાપ ખોવોરે. મા૦ ૫ કલપ સુણીજે પ્રભાવના દીજે, અઠ્ઠાઈ મહિમા ઈમ કીજેરે; મા૦ ગહુંલી ગાવો ને વિરજિન ધ્યાવો, મલુક ભાવના ભાવોરે. મારી સહિરે સમાણી. ૬ ઇતિ.

ગહુંળી ૩ જી.

સાહેબા મહારા અરજ કરૂં છું કંત, કહે સુણો કામિનીજી; સાહિબા મહારા ગુરૂ ઉપદેશે હું, સહિયાં માંહે ઉપનીજી. ૧ સા૦ આજ્ઞા આપો, માસખમણ તપ આદરૂંજી; સા૦ અવસર પામી, માનવભવ સફળો કરૂંજી. ૨ ગોરી મહારી હાથ ન ચાલે, મન નવિ ચાલે માહરૂંજી; ગોરી મહારી એ તપ મહોટું, શરીર ખમે નહીં તાહરૂંજી. ૩ સા૦ દયોને આદરૂં, સંવત્સરીના ખોળા પાથરૂંજી; સા૦ માન માગું છું, અંતરાય તમે કાં કરોજી. ૪ ગોરી અમે આજ્ઞા આપી, પચ્ચખ્ખાણ જઇ ઉચ્ચરોજી; સસરા મહારા ઢોલ વજડાવો, ધર્મસ્થાનક ધન વ.વ ાજી. ૫ સાસુ મહારી સાથે આવો, ચોક પૂરાવો ગહુંલી સાથીયેજી; સહીયર મારી સાથે આવો, ગુરૂજી વધાવો ગજ મોતીયેજી. ૬ ગુરૂજી મહારા પચ્ચખ્ખાણ કરાવો, માસખમણનું મન રૂલીજી; જેઠજી મહારા બાજાં વજડાવો, ખેલ નચાવો ખાંતશુંજી. ૭ વીરા મહારા ઘાટ ઘડાવો, પાટ ધરાવો શેરીયેજી; સામણી મહારી સાંગી દેવરાવો, વાજિંત્ર ભુંગળ ભેરિયેજી. ૮ સામણી મહારી આંગી રચાવો, ગુરૂજી સનાવો પાય લાગીનેજી; સામણી મારી પાસે રહીને પોથી પૂજાવો, વાસ નંખાવો માગીનેજી. ૯ ભવિયાં એહવી ભાવના ભાવો, તપે કાયા નિર્મળ કરોજી; તપીને મહારી વંદના હોજો, ઉદયરત્ન એમ ઉચ્ચરેજી. ૧૦ ઇતિ.

ગહુંળી ૪ થી.

જીરે જિનવર વચન સોહંકરૂ, જીરે અવિચળ શાસન વીરદે; ગુણવંતા ગિરૂઆ, વાણી મીઠીરે મહાવીરતણી. જીરે પર્ષદા

બાર મળી તિહાં, જીરે અરથ પ્રકાશે ગુણગંભીરરે, ગુણવંતા ગોતમ પ્રશ્ન પૂછેરે મહાવીર આગળે. ૧ જીરે નિગોદસ્વરૂપ સુજને કહો, જીરે કેમ એ જીવવિચારરે; ગુ૦ વા૦ જીરે મધુર ધ્વનિયે જગગુરૂ કહે, જીરે કરવા ભવિક ઉપકારરે. ગુ૦ વા૦ ૨ જીરે રાજ લોકલોક જાણિયે, જીરે અસંખ્યાતા જોજન કોડાકોડીરે; ગુ૦ વા૦ જીરે જોજન એક એમાં લીજીયેં, જીરે લીજીયે એક એકનો અંશરે. ગુ૦ વા૦ ૩ જીરે એક નિગોદે જીવ અનંત છે, જીરે પુદ્ગલ પરમાણુંઆ અનંતરે; ગુ૦ વા૦ જીરે એક પ્રદેશે જાણીયે, જીરે પ્રદેશે વર્ગણા અનંતરે. ગુ૦ વા૦ ૪ જીરે અસંખ્ય ગોળા સંખ્ય છે, જીરે નિગોદ અસંખ્ય ગોળા શેષરે; ગુ૦ વા૦ જીરે પરમાણુઆ પ્રત્યે ગુણ અનંત છે, જીરે વરણ ગંધ રસ ફરસરે. ગુ૦ વા૦ ૫ જીરે લોક સકલસય ઇમ ભર્યો, જીરે કહે ગોતમ ધન્ય તુમ જ્ઞાનરે; ગુ૦ વા૦ જીરે એવા ગુરૂની આગળ ગહુંઅલી, જીરે ક્રીતેશિખર અમૃતશિવની શ્રેણીરે. ગુ૦ વા૦ ૬ ઇતિ.

ગહુંળી ૫ મી.

બેની અપાપાનયરી ઉદ્યાન કે, વાજાં વાગિયાં રે લોલ; બેની દેવવાજિંત્ર અનેક કે, ઘનાઘન ગાજીયાં રે લોલ. ૧ બેની ઇંદ્રભૂત્યાદિ અગ્યાર કે, બ્રાહ્મણ દિપતારે લોલ; બેની વેદવાદના જાણ કે, બહુ વાદ ઝીંપતારે લોલ. ૨ બેની સંશય છે અતિ ગૂઢ કે, મિથ્યામતિ પૂરિયારે લોલ; બેની શ્રી જિન અમૃત વાણી કે, સુણિ સુખ પામિયારે લોલ. ૩ બેની છાંડી સકળ જંજાળ કે, હુવા વ્રત ભાવિયારે લોલ; બેની ઇંદ્રસભાનો થાળ કે, લેવા જશ આવીયારે લોલ. ૪ બેની અરિહા એ આચાર કે, તિરથ સ્થાપિઆરે લોલ; બેની લાવો ગહુંલી ગેલ કે, હરખે વધાવિયારે લોલ. ૫ બેની વધાવો શ્રી જિનરાજ કે, કરો નિત્ય ભામણાંરે લોલ; બેની ગાવો મંગળ ગીત કે, લીજે વાર-

રણુંરે લોલ. ૬ બેની બાંધો તોરણ બાર કે, સુરતરૂ માલિકારે લોલ; બેની ગાવો મંગલગીત કે, મળી બહુ બાળિકારે લોલ. ૭ બેની ગૌતમ કેવળજ્ઞાન કે, સોહમ ગચ્છધણીરે લોલ; બેની આપી જંબૂને પાટ કે, પહોતા શિવરમણિરે લોલ. ૮ બેની કરતાં એહનું ધ્યાન કે, લહીયે જશ ઘણોરે લોલ; બેની વિબુધ કહે શ્રી વીરને કે, સહુ જય જય ભણોરે લોલ. ૯ ઈતિ.

ગહુંળી ૬ ઠી.

(ભવિ તુમે અષ્ટમી તિથિ સેવોરે.—એ દેશી.)

રહો ગુરૂ રાજનગર ચોમાસુંરે, ગુણનિધિ ગુણ તુમારા ગાસ્યું. રહો ગુરૂ૦ એ આંકણી. તુમે રાગથી નહીં રંગાયારે, નહીં દ્વેષરિપુથી બંધાયારે; મહા મોહથી નહીં લીંપાયા. રહો ગુરૂ૦ ૨ ધન માલ અને રાજધાનીરે, મહા સંકટ આકર જાનીરે; તુમે છોડી દુનિયાં દિવાની. રહો ગુરૂ૦ ૨ પાંચ ઇંદ્રિ સુભટથી સૂરારે, આળસ વિકથાથી દૂરારે; ચાર ચોર કર્યા ચકચૂરા. રહો ગુરૂ૦ ૩ જ્ઞાનદોરીથી મનકપિ બાંધ્યુંરે, તીર તત્વ રમણતામાં સાંધ્યુંરે; જિહાં સમકિત અદ્દભૂત લાધ્યું. રહો ગુરૂ૦ ૪ ગુરૂ વિદ્યા વેલડીયે વિંટાયારે, જેની કલ્પતરૂ સમ કાયારે; એતો સમતાજળથી સીંચાયા. રહો ગુરૂ૦ ૫ તુમે શાસ્ત્ર સુધારસ લીધોરે, મહા મોહરિપુ વશ કીધોરે; તુમે અનુભવ પ્યાલો પીધો. રહો ગુરૂ૦ ૬ તુમે જ્ઞાન રતન ભંડારરે, કરવા હમપર ઉપકારરે; થજો નોંધારાના આધાર. રહો ગુરૂ૦ ૭ તુમ આણા સદા શિર ધરસ્યુંરે, તપ નિયમ વિશેષે કરસ્યુંરે; કહે શાંતિવિજય અનુસરસ્યું. રહો ગુરૂ૦ ૮ ઇતિ.

ગહુંળી ૭ મી.

(જાત્રીડા જાત્રા નવાણું કરીએરે.—એ દેશી.)

સખી સરસ્વતિ ભગવતિ માતારે, કાંઇ પ્રણમીજે સુખશાતારે; કાંઇ વચન સુધારસ દાતા, ગુણવંતા સાંભળો વીર વા-

ણીરે. કાંઇ મોક્ષતણી નિશાણી. ગુ૦ ૧ એ આંકણી. કાંઇ ચોવીસમા જિનરાયારે, સાથે ચૌદસહસ મુનિરાયારે; જેહના સેવે સુરનર પાયા. ગુ૦ સાં૦ ૨ સખી ચતુરંગ ફોજા સાથરે, સખિ આવ્યા શ્રેણિક નર નાથરે; પ્રભુ વંદીને હુઆ સનાથ. ગુ૦ સાં૦ ૩ બહુ સખિયો સંયુત રાણીરે, આવી ચેલણા ગુણ ખાણીરે; એતો ભામંડળમાં ઉજાણી. ગુ૦ સાં૦ ૪ કરે સાથીઆ મોહનવેલરે, કાંઇ પ્રભુને વધાવે રંગરેલરે; કાંઇ ધોવા કર્મના મેલ. ગુ૦ સાં૦ ૫ બારે પર્ષદા નિસુણે વાણીરે, કાંઇ અમૃતરસ સમ જાણીરે; કાંઇ વરવા મુક્તિ પટ્ટરાણી. ગુ૦ સાં૦ ૬ ઇતિ.

વસંત.

વસંત પંચમીને નઉતમ ક્ષેત્ર, લગન લીયો નિરધાર લલના; સઉ સાજન મળી તોરણ આવ્યે, પશુડે માંડયો પોકાર. વસંતરે વિવાહ આદર્યો હો. ૧ લીલા પીળા વાંસ રંગાવો, ચોરી ચીતરાવો ચાર લલના; ભાવે તે દેવતા વેદ ભણે છે, મંગળ ગાવે સખિયાં ચાર. વસંત૦ ૨ આઠ ભવની હું નારી તમારી, રયોરે અમારો વાંક લલના; ભવોભવની હું દાસી તમારી, કાળો છો કામણગારો. વસંત૦ ૩ નેમજી હૈયામાં ક્રોધે ભરાણા, સંસારમાં નહીં સાર લલના; રથવાળી નેમ ગિરનારે ચાલ્યા, રોતી રહે રાજુલ નાર. વસંત૦ ૪ રાજુલ ચાલ્યાં સંજમ લેવા, જઇ ચડયાં ગઢ ગિરનાર લલના; કરજોડી ગૌતમ પાયે લાગુ, સાચો છે દીનદયાળ. વસંતરે વિવાહ આદર્યો. હો. ૫ ઇતિ.

હોરીયો.

મહાવીર એસે જીનવંદનકું, હરી આવત બે કર જોડી. બે કર જોડી, (૨) મહાવીર એસે પ્રભુ વંદનકું; હરી આવત બે કર જોડી. એ આંકણી. ચોદ સહસ તે હસ્તી બનાયે, પાંચસેં

આર મુખોરી; હરી હરી૦ મુખ મુખી અષ્ટ દંતુશળ સોહે, વાવડી હાંરે લાલા વાવડી આઠ લહોરી. મહાવીર૦ ૨ વાવ્ય વાવ્ય બિચ અષ્ટ કમળ હે, પાંખડી લાખ લહોરી; હરી હરી૦ પાંખડી ખાંખડી નાટક રચના, વંશળી હાંરે લાલા વંશળી વેણુ ઝક્કારી. મહાવીર૦ ૩ કમળ કમળ બીચ ઇંદ્રભુવન હે, આઠ ભદ્રાસન જોરી; હરી હરી૦ બિચમેં સિંહાસન ઇંદ્ર બિરાજે, વિર લાલા વિર નમત કર જોડી. મહાવીર૦ ૪ દિશારણભદ્ર દેખી હરી રચના, નિજ અભિમાન તજયોરી; હરી હરી૦ રિદ્ધિ છોડકે ચારિત્ર લીનો, પ્રભુ કે લાલા પ્રભુ કે શરણ રહ્યોરી. મહાવીર૦ ૫ પ્રભુકે બચન સુણી આનંદ પાવે, વંદન મુનિપે કર્યોરી; હરી હરી૦ વિનય ધરત બહુ ભક્તિ કરત હે, હરી નિજ હાંરે લાલા હરી નિજ સ્વર્ગે ગયોરી. મહાવીર એસે જીનવંદનકું. ૬ ઇતિ.

રંગ મચ્યો જિન દ્વારરે, ચાલો ખેલીએ હોરી. પાસજી કે દરબારરે. ચાલો૦ ફાગન કે દિન ચારરે. ચાલો૦ એ આંકણી. કનક કચોળી કેસર ઘોળી, પૂજો વિવિધ પ્રકારરે. ચાલો૦ ૧ કૃષ્ણાગરકો ધૂપ ઘટત હે, પરિમળ બહુકે અપારરે. ચાલો૦ ૨ લાલ ગુલાલ અબીલ ઉડાવત, પાસજી કે દરબારરે. ચાલો૦ ૩ ભરી પિચકારી ગુલાલકી છિરકો, વામાદેવી કુમારરે. ચાલો૦ ૪ તાલ મૃદંગ વેણુ ડફ બાજે, ભેરી ભુંગળ રણકારરે. ચાલો૦ ૫ સબ સખીયન મિલી હુંવાર સુનાવત, ગાવત મંગળ સારરે. ચાલો૦ ૬ રત્નસાગર પ્રભુ ભાવના ભાવે, મુખે બોલે જયકારરે. ચાલો ખેલીએ હોરી. ૭ ઇતિ.

ચંદ્રપ્રભુજીસેં લાલરે, મોરી લાગી લગનવા. ચંદ્ર૦ લાગી લગનવા છોડી ન છૂટે, જબ લગ ઘટમેં પ્રાણરે. મોરી૦ ૧ દાન શિયળ તપ ભાવના ભાવે, જૈન ધરમ પ્રતિપાળરે. મોરી૦ ૨ હાથ જોડ કર અરજ કરત હે, વંદત શેઠ ખુસાલરે. મોરી લાગી લગનવા. ૩

કીન સંગ ખેલું મેં હોરીરે, મેરે પીયુ બ્રહ્મચારી. કીન૦ સમુદ્રવિજય શિવાદેવીકો નંદન, પંચ મહાવ્રત ધારીરે. મેરો૦ ૧ આપ ચલે ગિરનારે ઉપર, પાછળ રાજુલ નારીરે. મેરો૦ ૨ સેસાવનકી કુંજ ગલનમેં, લીનો કેવળ કર્મ નિવારીરે. મેરો૦ ૩ કહે નેમિ પ્રભુ નેમ રાજુલ દોએ, પામ્યા મુક્તિ મોહનગારીરે, મેરો પીયુ બ્રહ્મચારી. ૧

લાવણીઓ.

તુમ જપો મંત્ર નવકાર, ઉનસે ઉતરોગે ભવપાર; હોવે તેરી કાયાકો આધાર, સફળ કરલે અપનો અવતાર; ધ્યાન તુમ મનમાં ધરો નરનાર, ખાણ દુઃખકો એ હે સંસાર; કરો પ્રભુ ન્યાલ જિનદાસ, રખો તેરે ચરણો કે પાસ. ૧

સરક જા કુમતિ નાર કાલી, તેરી સોબતમેં ગઈ લાલી; સોબત સુમતાકી મેં ટાલી, આતમા તપમેં નહીં ઘાલી; અનંત ભવ વીત ગયા ખાલી, વેદના નિગોદકી ઝાલી; અમરપદ જીનદાસ માગે, સદાએ પ્રભુજીકું પાએ લાગે. ૨

શીશ નિત નમું નાભિનંદન, ચરણપર ચડે કેસર ચંદન; કરત સબ ઇંદ્રાદિક બંદન, કટત હે કર્મોકા ફંદન; સાધ્યો તેં શિવપુરકો સાધન, સર્વ જીવનકું સુખ કંદન; જીણંદગુણ જીનદાસ ગાવે, શીશ ચરણોસે નમાવે. ૩

બોલત ક્યા મેરા હસકર, ચડાવું ચંદન ચૂવા ઘસકર; પેઠા મેં ઘરમોમેં ઘસકર, પાપદલ દૂર ગયા ખસકર; ચેતન અબ ખડા કમર કસકર, હઠાવો કર્મોકા લશકર; શ્રી જિનરાજ ઝાઝ ખાસા, સરણે જીનદાસ લીઆ બાસા. ૪

સમજ મન મેરા મતવાલા, તુજે નહીં કોઇ હટકણવાલા, વસ્યા વરે હઇએ કુગુરૂ કાલા, દિયા તેં સુરગતિકુ તાલા; ફરે તો મમતાકી માલા, વાલતો ભગવંતપર ભાલા; દયાકું દે દીયા તાલા, દેખો જીનદાસકા ચાલા. ૫

આદિનાથની લાવણી.

શ્રી આદિનાથ નિવારણી, નમું એશે ધ્યાની; (૨) ભવ જીવ તરણકે કાજ બણાઈ વાણી. આંકણી. તુમ નાભિરાયા કૂલ ધારી બડે અવતારી, (૨) ખૂલ રહી ખલકમે ખૂબ કેસરકી કયારી; તુમ મમતા મનકી મારી આતમા તારી, (૨) તુજ દઇ વિપત વિષયનકી જાન કર ખારી; તુમ કરી મુગટ પટરાણી જગતમેં જાણી. (૨) ભવ૦ ૧ જાણ્યા સુરનર સુખરાસી હુવા હે ઉદાસી, (૨) બસ ગઈ જબલે જંજાલ જનમકી ફાંસી; તુમ જગતપતિ અવિનાશી મુક્તિકે વાસી, (૨) તેરે દરસનસે સબ દુઃખ દૂર ગયે નાસી; પ્રભુ કરી સફળ જીંદગાની મેરે મનમાંની. (૨) ભવ૦ ૨ બડે જાતવંત જિનરાજ જગતમેં બાજે, (૨) તેરે દરસણ હે સુખદાય સુધારે કાજે; તેરી ધૂન ગગનમેં ગાજે સુરપત લાજે, (૨) ગલ ગયા ગરવ પાખંડ કામના ભાજે; નાટક નાચે ઈંદ્રાણી અધિક ધુન આંણી. (૨) ભવ૦ ૩ તેરી મહિમા કહી ન જાવે પાર નહિ પાવે, (૨) ગાંધર્વ સુરપત સબ તેરે ગુણ ગાવે; તેરે ચરણોસેં લપટાવે સરસ લગ લાવે, (૨) નર નાર હીયાકે માંહે ભગતિ તેરી ચ્હાવે; તેરી ત્રષ્ણા સબ વીરલાણી મુગતિકું ઠાણી. (૨) ભવ૦ ૪ મરૂદેવા કૂખકા જાયા અમરપદ પાયા, (૨) છપન્નકુમરી નારી મીલિ જસ ગાયા; દુરગતકો દુઃખ બિરલાયા સફળ કરી કાયા, (૨) જીનદાસ નિરંજન દેખે સરણ તેરે આયા; સમકિતકી સેજ પીછાણી મળી મોહે ઠાણી. (૨) ભવ૦ ૫ ઇતિ.

કેસરીયાજીની લાવણી.

સુનીયોરે બાતા સદાશીવજી, મત ચઢ જાના ધુલદેવા ॥ ગઢપતિ ઉનકા બડા હે ડંકા, મત છેડો તુમે ઉન દેવા ॥ સગતારે પત ચુડાવત બોલે, અમહી નોકર ઇનહુકા ॥ હીંદુપતસેં હાથ જોડકર, તીન ભવનમે હે ટિકા ॥ સુનીયોરે૦ ॥ ૧ ॥ સરગ મરત પાતાળ સુનીયે, સુરિનર મુનિજન ધાવત હે ॥ ઇંદ્ર ચંદ્ર મુનિ દરશન આવે, મનકી મોજા પાવત હે ॥ સુનીયોરે૦ ॥૨॥ ગયા રાજ દિન કેસે આવે, નિરધનીયાકું ધન દેવે ॥ બાજ ખીલાવે સુંદર લડકા, સદા સુખી રહે તુમ સેવે ॥ સુનીયોરે૦ ॥૩॥ તારે ઝાઝ સમુદર માંહે, રોગ નિવારે ભવભવકા ॥ ભુપ રંગકો રંગ દીયો હે, ચોરન બંધન હરી દેવા ॥ સુનીયોરે૦ ॥ ૪ ॥ ધું ધું ધું ધું ધુંસા બાજે, દેશો દેશપર હે ડંકા ॥ ભાઉ તાતીયા સુંકર બોલે, મત બતલાવો બડબંકા ॥ સુનીયોરે૦ ॥ ૫ ॥ રાણાજી કહે ઉમરાવ વજીરને, માનત નહીં અમ એ બાતાં ॥ તારી કરણી તું પાવેગો, મેં નહીં આવું તુમ સાથાં ॥ સુનીયોરે૦ ॥ ૬ ॥ મૂછ મરોડી ચઢે અભિમાને, ઝેર ભર્યા હે નજરોમેં ॥ રીખભદાસ કહે સાહેબ સચા, દેખ તમાસા ફજરોમે ॥ સુનીયોરે બાતા સદાશીવજી. ॥ ૭ ॥ ઇતિ.

અજિતનાથની લાવણી.

શ્રી અજિતનાથ મહારાજ, ગરીબ નિવાજ, જરૂર જિનવરજી; શેવક શિર નામી, તને ઉચ્ચારે અરજી. એ આંકણી. ૧ કર માફી મારા વાંક, રઝળીઓ રાંક, અનંતા ભવમેં, આવ્યો છું તાહારે શર્ણે બલી દુઃખ દવમેં; ક્રોધાદિક કુત્તા ચાર, ખરેખર ખાર; લગ્યા મુજ કેડે, વળી પાપી માહારો નાથ છેક છંછેડે; આ મુજરો મુજ ભગવાન, કરૂં ગુણગાન, ધ્યાનમાં ધરજી. સેવક૦ ૨ મેં પૂર્ણ કર્યાં છે પાપ, સુણજો આપ, કહું કરજોડી, મુજ ભૂંડામાં

ભગવાન ભૂલ નહીં થોડી; જીવહિંસા અપરંપાર, કરી કિરતાર, હવે શું કરવું, જાુઠું બહુ બોલી સાચને શું હરવું; તુજ ખોળામાં મુજ શિશ, જાણ જગદિશ, ગમે તે કરજી. સેવક૦ ૩ મેં કર્યાં બહુ કુકર્મ, ધર્યો નહીં ધર્મ, પૂરણ હું પાપી, અવળો થઇ તહારી આંણ મેંજ ઉત્થાપી; હું મૂરખ નિંદા ઘણી, મુનિવરતણી, કરી હરખાયો; પરદારા દેખી લબાડ હું લલચાયો; કિંકર કહે કેશવલાલ, આણીને વહાલ, દુઃખને હરજી. સેવક૦ ૪ ઇતિ.

સ્વારથની લાવણી.

કોન જગતમેં તારા ચેતન, કોન જગતમેં તારારે; અપને અપને સ્વારથકે સબ, બીન સ્વારથ હોય ન્યારારે. કોન૦ ૧ સ્વારથે મા તસ પુત્ર બોલાવે, જીજી કર કહે દારારે; વીર કહે ભગની નિજ સ્વારથે, લાગે પિતાકું પ્યારારે. કોન૦ ૨ હય ગય રથ પાયક ધન પરધન, કોઇ ન રાખનહારારે; કાલ બેહાલ સબહી કું કરતે, કરતા મૂખ પોકારારે. કોન૦ ૩ ઇંદ્રજાલ સુપના સમ જાના, જૂઠા, જગત પસારારે; સેવો ચરણ કોઇ સંત જનોકે, જીવ હોવે નિશ તારારે. કોન જગતમેં તારા ચેતન. ૪ ઇતિ.

જિન નવ અંગ પૂજાના દોહા.

જળ ભરી સંપૂટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
રિખભ ચરણ અંગૂઠડે, દાયક ભવજળ અંત. ૧
જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨
લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન;
કરકાંડે પ્રભુ પૂજતાં, પૂજો ભવિ બહુમાન. ૩

માન ગયો હોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભુજાબળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત, ૪
સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસીયા તેણે કારણ ભવિ, શિર શિખા પૂજંત, ૫
તિર્થંકરપદ પૂન્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬
સોળ પોહોર પ્રભુ દેશના, કંઠે વિવર વરતુલ;
મધુરધ્વની સુરનર સુણે, તીણે ગળે તિલક અમૂલ. ૭
હૃદય કમળ ઉપસમ બળે, બાળ્યા રાગને રોષ;
હેમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ. ૮
રત્નત્રયી ગુણ ઉજળી, સકળ સુગુણ વિશરામ;
નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ. ૯
ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જીણંદ;
પૂજો બહુ વિધ રાગશું, કહે શુભવીર મુણિંદ. ૧૦

આરતીઓ.

શ્રી ઋષભદેવની આરતી.

અપચ્છરા કરતી આરતી જિન આગે ॥ હાંરે જિન આગેરે જિન આગે ॥ હાંરે એતો અવિચળ સુખડાં માગે ॥ હાંરે નાભિનંદન પાસ. અપચ્છરા કરતી આરતી જિન આગે ॥ ૧ ॥ તાથેઈ નાટક નાચતી પાય ઠમકે ॥ હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે ॥ હાંરે સોવન ઘૂઘરી ઘમકે ॥ હાંરે લેતી ફુદડી બાળ ॥ ॥ અ૦ ॥ ૨ ॥ તાલ મૃદંગને વાંસલી ડફ વીણા ॥ હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા ॥ હાંરે મધુર સુરાસુર નયણા ॥ હાંરે જોતી મુખડું નિહાળ ॥ અ૦ ॥ ૩ ॥ ધન્ય મરૂદેવી માતને પ્રભુ જાયા ॥ હાંરે તારી કંચનવરણી કાયા ॥ હાંરે એતો પૂરવ પુન્યે પાયા ॥

હાંરે દરખ્યો તારો દેદાર ॥ અ૦ ॥ ૪ ॥ પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો ॥ હાંરે પ્રભુ સેવક હું છું તારો ॥ હાંરે ભવોભવનાં દુખડાં વારો ॥ હાંરે તુમે દિનદયાળ ॥ અ૦ ॥ ૫ ॥ સેવક જાણી આપણો ચિત્ત ધરજો ॥ હાંરે મોરી આપદા સઘળી હરજો ॥ હાંરે મુનિ માણક સુખીઓ કરજો ॥ હાંરે જાણી પોતાનો બાળ ! અપરછરા૦ ॥ ૬ ॥ ઇતિ ॥

આરતી.

જે જે આરતી આદિજીનંદા, નાભિરાયા મરૂદેવીકો નંદા. જે જે આરતી૦ ૧ પેહલી આરતી પૂજા કીજે, નરભવ પામી લાવો લીજે. જે જે આરતી૦ ૨ દુસરી આરતી દિન દયાળ, ધુળાવ મંડપમાં જગ અજુવાળયાં. જે જે આરતી૦ ૩ તીસરી આરતી ત્રિભોવન દેવા, સુરિનર ઈંદ્ર કરે તોરી શેવા. જે જે આરતી૦ ૪ ચોથી આરતી ચઉગતિ ચૂરે, મનવંછિત ફળ શીવસુખ પૂરે. જે જે આરતી૦ ૫ પાંચમી આરતી પુન્ય ઉપાયો, મુળચંદજી રિખભ ગુણ ગાયો. જે જે આરતી૦ ૬ ઇતિ.

મહાવીરસ્વામિની આરતી.

જય દેવ જય દેવ, જય સુખના સ્વામી; (પ્રભુ૦) તુજને વંદન કરીએ, (૨) ભવ ભવના ભામી. જય દેવ૦ ૧ સિદ્ધારથના સુત, ત્રિસલાના જાયા; (પ્રભુ૦) જશોદાના છો કંથજી, (૨) ત્રિભુવન જગરાયા. જય દેવ૦ ૨ બાળપણામાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ૦) દેવતાએ દીધો પડછાયો, (૨) બિવરાવવા કાજે. જય દેવ૦ ૩ એકવારનું રૂપ, લીધું છે નાગનું; (પ્રભુ૦) બીજીવારનું રૂપ, (૨) લીધું બાળકનું. જય દેવ૦ ૪ બાળક બિના સઉ, પોતે નથી બિતા; (પ્રભુ૦) દેવતાનું કાંઈ ન ચાલ્યું, (૨) હારી જતા રેતા. જય દેવ૦ ૫ એવા છે ભગવાન, મહાવીર તમે જાણો; (પ્રભુ૦) વંદે છે સઉ તેને, (૨) નમે સચ રાણો. જય૦ ૬

મંગળદીવો.

દીવોરે દીવો મંગળિક દીવો, આરતી ઉતારોને બહુ ચિરંજીવો; સોહામણો ઘેર પરવ દિવાળી, અમર ખેલે અબળા નારી. દીપાળ ભણે એને કળે અજુવાળી, ભાવે ભકતે વદન નિહાળી; દીપાળ ભણે જેણે એ કળીકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે. અમ ઘર મંગળિક તમ ઘર મંગળિક; મંગળિક ચતુર્વિધ સંઘને હોજયો. દીવોરે દીવો મંગળિક દીવો, આરતી ઉતારોને બહુ ચિરંજીવો. ઇતિ.

અથ મંગળચાર.

ચારો મંગળ ચાર, આજ મહારે ચારો મંગળચાર. દેખ્યો દરસ સરસ જીનજીકો, શોભા સુંદર સાર. આજ૦ ૧ છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર. આજ૦ ૨ વિવિધ જાતિકે પૂષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ. આજ૦ ૩ ધૂપ ઉખેવોને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ૦ ૪ હર્ષ ધરી આદિશ્વર પૂજો, ચૌમુખ પ્રતિમા ચાર. આજ૦ ૫ હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવ પાર. આજ૦ ૬ સકળચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર. આજ૦ ૭ ઇતિ.

ઓચ્છવ.

ઓચ્છવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે;
કલ્યાણક ઓચ્છવ કીયો, ચડતે પરિણામે;
સતવર્ષ આયુ જીવીને, અક્ષય સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નહીં રાખું ખામી;
સાચીરે ભક્તિ સાહેબા, રીઝો એક વેળા;
શ્રી શુભવિર હોવે સદા, મન વંછિત મેળા.